CORE

Metadata, citation and similar papers at core.ac.uk

Provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Bhatt, Kalyani R., 2005, "શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં સ્ત્રી પાત્રો - એક સમાજશાસ્ત્રીય અધ્યયન", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/923

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન

**"FEMALE CHARACTERS IN SHRI VARSHA ADALJA'S SHORT STORIES AND NOVELS - A SOCIOLOGICAL STUDY"**

**પીએચ. ડી. (સમાજશાસ્ત્ર)**

## મહાનિબંધ


**: સંશોધક :**

**કલ્યાણી આર. ભટ્ટ**

**: માર્ગદર્શકશ્રી :**

**ડો. પ્રજ્ઞાબહેન બિ. ઝવેરી**

: અધ્યક્ષ :

સમાજશાસ્ત્ર વિભાગ

શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ,

રાજકોટ



**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**રાજકોટ.**

**૨૦૦૫**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે કલ્યાણી આર. ભટ્ટ દ્વારા મારા માર્ગદર્શન પ્રમાણે ''શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન'' – "FEMALE CHARACTERS IN SHRI VARSHA ADALJA'S SHORT STORIES AND NOVELS - A SOCIOLOGICAL STUDY" વિષે આ મહાનિબંધ પીએચ.ડી. (સમાજશાસ્ત્ર) માટે તૈયાર કરવામાં આવ્યો છે. આ તેઓનું મૌલિક સંશોધન અને પ્રદાન છે.

આ મહાનિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે પદવી માટે કોઈ જ અન્ય યુનિવર્સિટીમાં રજૂ કર્યો નથી.

આ મહાનિબંધને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પીએચ.ડી. (સમાજશાસ્ત્ર) પદવી માટે રજૂ કરવામાં આવે છે.

**કલ્યાણી આર. ભટ્ટ**

તા.:

**ડો. પ્રજ્ઞાબહેન બિ. ઝવેરી**
માર્ગદર્શક
અધ્યક્ષ : સમાજશાસ્ત્ર વિભાગ
શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ,
રાજકોટ

# ઋણસ્વીકાર

સંશોધન એક કઠિન કાર્ય અને જટિલ પ્રક્રિયા છે. તે પરિપૂર્ણ થાય ત્યાં સુધી વડીલો, સ્નેહીઓ અને મિત્રોની મદદ તથા માર્ગદર્શન મળતા રહે તો સંશોધનમાં સંશોધકનો ઉત્સાહ સંવર્ધિત થતો રહે. મારા આ સંશોધન કાર્યમાં મદદ અને માર્ગદર્શન આપનાર સર્વેને હું કૃતજ્ઞતાપૂર્વક સ્મરું છું.

સર્વ પ્રથમ આ મહાનિબંધની જ્ઞાનયાત્રામાં દરેક તબકકે હંમેશા પથપ્રદર્શક તો રહયા જ છે, સાથે – સાથે પ્રેરણા અને પ્રોત્સાહન દ્વારા આ સંશોધન કાર્ય પરિપૂર્ણ કરવામાં જેઓના જ્ઞાન, અનુભવ, સલાહ – સૂચનો તથા વાત્સલ્યનો અમૂલ્ય ફાળો રહયો છે તેવા મારા માર્ગદર્શક પ્રા.ડો. પ્રજ્ઞાબહેન બિ. ઝવેરીનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને તેમની ઋણી છું.

મારા જીવન ઘડતર તથા વિકાસમાં પોતાનું સમગ્ર જીવન વ્યતિત કરનારા મારા માતુશ્રી કંચનબહેન તથા પિતાશ્રી રજનીકાંતભાઈના અંતરના આશીર્વાદથી જ મારૂં આ સંશોધનકાર્ય હું પૂર્ણ કરી શકી છું. હું તેઓની આજીવન ઋણી છું. તેમ જ મારી શૈક્ષણિક કારકીર્દિના ઘડતરમાં અને વ્યકિતત્વના વિકાસમાં હંમેશા પ્રેરણા અને પ્રોત્સાહન આપનાર મારા મોટા બહેનો શ્રી નીનાબહેન તથા શ્રી ચેતનાબહેનનો નિર્વ્યાજ પ્રેમ મારૂં પ્રેરક બળ છે. આ તકે તેઓનો હું આભાર માનું છું.

જેમની નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રોનું આ સમાજશાસ્ત્રીય અધ્યયન છે, તેઓ શ્રી વર્ષાબહેન અડાલજા જયારે – જયારે રાજકોટ આવેલા ત્યારે અનેક વ્યસ્તતા વચ્ચે સમય ફાળવીને તેમજ ટેલિફોન – વાતચીત દ્વારા મને માહિતી અને માર્ગદર્શન આપેલ તે બદલ તેઓનો હું આભાર માનું છું.

શ્રી વર્ષાબહેન અડાલજાના મોટા બહેન શ્રી ઈલા આરબ મહેતા પણ જાણીતા લેખિકા ઉપરાંત ગુજરાતી વિષયના પ્રાધ્યાપિકા રહી ચૂકયા છે તેઓએ પણ મારા આ કાર્યમાં યથોચિત માર્ગદર્શન આપેલ છે તે બદલ તેઓની હું આભારી છું.

શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ તથા ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ગ્રંથાલયોના ગ્રંથપાલશ્રીઓનો મારા સંશોધન માટે જરૂરી પુસ્તકો આપવા બદલ તથા ગ્રંથાલયનો ઉપયોગ કરવા દેવા બદલ આ તકે આભાર માનું છું.

મારા આ મહાનિબંધનું સુંદર, સ્વચ્છ, ઝડપથી અને ભૂલરહિત ટાઈપકામ કરી આપવા બદલ હું શ્રી બૈજુભાઈ – અર્ચના કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સની આભારી છું.

મારા સમગ્ર સંશોધન કાર્ય દરમ્યાન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને મદદ કરનાર અને પ્રોત્સાહન આપનાર મારા સર્વે મિત્રોનો આ તકે હૃદયપૂર્વક આભાર માનું છું અને તેઓની ઋણી છું.

– કલ્યાણી આર. ભટ્ટ

# અનુક્રમણિકા


| પ્રકરણ | | પાના નં. |
|---|---|---|
| l | **આમુખ** | **૧ થી ૪** |
| **૧.** | **વિષય પ્રવેશ :** | **૫ થી ૭** |
| l | પ્રાસ્તાવિક | |
| l | ''સાહિત્યના સમાજશાસ્ત્ર'' ના ક્ષેત્રે ખેડાણની જરૂરિયાત | |
| l | સ્ત્રીઓના સામાજિક દરજજા અને ભૂમિકાના અભ્યાસનું મહત્વ | |
| l | સાહિત્યનું સમાજશાસ્ત્રમાં મહત્વ | |
| l | સાહિત્ય સ્વરૂપો–નવલિકા–નવલકથા – ની સંશોધનમાં ઉપયોગિતા | |
| l | સમાજમાં પરંપરાને મહત્વ | |
| l | ભૂમિકા ભજવણીમાં ઉભી થતી મર્યાદાઓ અને ભૂમિકા સંઘર્ષ | |
| l | ઉપસંહાર | |
| **૨.** | **સંશોધન આયોજન :** | **૮ થી ૩૭** |
| l | પ્રાસ્તાવિક | |
| ૨.૧ | સામાજિક સંશોધનનો અર્થ | |
| ૨.૨ | સંશોધન વિષયનો પરિચય | |
| ૨.૩ | સંશોધન વિષયની પસંદગીના કારણો | |
| ૨.૪ | સંશોધન પ્રશ્ન | |
| ૨.૫ | સૈદ્ધાંતિક માળખુ | |
| ૨.૬ | સંશોધનના હેતુઓ | |
| ૨.૭ | સંશોધનની ઉપકલ્પનાઓ | |
| ૨.૮ | સંશોધનના ખ્યાલો | |

| **પ્રકરણ** | | **પાના નં.** |
|---|---|---|
| ૨.૯ | સંશોધનની અભ્યાસ પદ્ધતિઓ અને પ્રવિધિઓ | |
| ૨.૧૦ | માહિતી સ્રોતો | |
| ૨.૧૧ | સંશોધનનું મહત્વ | |
| l | ઉપસંહાર | |
| **૩.** | **સાહિત્યનું સમાજશાસ્ત્ર : પરિચય :** | **૩૮ થી ૭૭** |
| l | પ્રાસ્તાવિક | |
| ૩.૧ | સાહિત્ય એક સંસ્થા તરીકે અને તેના માધ્યમ તરીકે ભાષાનું સમાજશાસ્ત્રીય મહત્વ | |
| ૩.૨ | સાહિત્ય અને સમાજનો સંબંધ | |
| ૩.૩ | સાહિત્યના સમાજશાસ્ત્રનો અર્થ | |
| ૩.૪ | સાહિત્યના સમાજશાસ્ત્રનું લક્ષ્ય અને કાર્ય | |
| ૩.૫ | સાહિત્યના સમાજશાસ્ત્રનો ઉદ્ભવ – વિકાસ | |
| ૩.૬ | સાહિત્યના સમાજશાસ્ત્રનો ઐતિહાસિક વિકાસક્રમ | |
| ૩.૭ | સાહિત્યના સમાજશાસ્ત્રનો ભારતમાં ઉદ્ભવ અને વિકાસ | |
| ૩.૮ | સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસના અભિગમો અને પધ્ધતિઓ | |
| ૩.૯ | સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર | |
| ૩.૧૦ | સાહિત્યના સમાજશાસ્ત્રની મર્યાદાઓ | |
| ૩.૧૧ | સાહિત્યના સમાજશાસ્ત્રનું ભાવિ | |
| l | ઉપસંહાર | |

**પ્રકરણ** **પાના નં.**


## ૪. પુરોગામી સાહિત્યનું વિહંગાવલોકન : ૭૮ થી ૧૦૨

l પ્રાસ્તાવિક

૪.૧ વિશ્વમાં સાહિત્યના સમાજશાસ્ત્રમાં થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન

૪.૨ ભારતમાં સાહિત્યના સમાજશાસ્ત્રમાં થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન

૪.૩ સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકા સંબંધી અભ્યાસોનું વિહંગાવલોકન

૪.૪ સાહિત્યમાં નારી નિરૂપણને લગતા અભ્યાસોનું વિહંગાવલોકન

૪.૫ ગુજરાતમાં સાહિત્યના સમાજશાસ્ત્રમાં થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન

l ઉપસંહાર

## ૫. સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજા : એક પરિચય : ૧૦૩ થી ૧૧૫

l પ્રાસ્તાવિક

૫.૧ શ્રી વર્ષા અડાલજાનો વ્યકિતગત પરિચય

૫.૨ શ્રી વર્ષા અડાલજા : સાહિત્યકાર તરીકે

૫.૩ શ્રી વર્ષા અડાલજાનું સાહિત્ય સર્જન

૫.૪ રૂપાંતરિત સાહિત્ય

૫.૫ પુરસ્કાર અને સન્માન

૫.૬ શ્રી વર્ષા અડાલજાના લેખનની વિશેષતા અને મર્યાદા

l ઉપસંહાર

**<u>પ્રકરણ</u>** **<u>પાના નં.</u>**

## ૬. નવલિકા અને નવલકથા : સાહિત્ય સ્વરૂપો તરીકે પરીચય : ૧૧૬ થી ૧૩૨

l પ્રાસ્તાવિક

૬.૧ નવલિકા : અર્થની સમજૂતી

૬.૨ નવલકથા : અર્થની સમજૂતી

૬.૩ વિશ્વની નવલકથાઓનું સામાજિક દાયિત્વ

૬.૪ ભારતની જુદી–જુદી ભાષાઓની કેટલીક નવલકથાઓમાં પ્રતિબિંબિત સમાજજીવન

૬.૫ ગુજરાતી ભાષાની કેટલીક નવલકથાઓમાં પ્રતિબિંબિત સમાજજીવનના દ્રષ્ટાંતો

૬.૫.૧ સ્ત્રીજીવનના પ્રતિબિંબવાળી કેટલીક ગુજરાતી નવલકથાઓ

૬.૬ ભારતની જુદી–જુદી ભાષાઓની કેટલીક નવલિકાઓમાં પ્રતિબિંબિત સમાજજીવન

૬.૭ ગુજરાતી ભાષાની કેટલીક નવલિકાઓમાં પ્રતિબિંબિત સમાજજીવન

l ઉપસંહાર

## ૭. શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન : ૧૩૩ થી ૨૧૫

l પ્રાસ્તાવિક

૭.૧ નવલિકાઓના સ્ત્રી પાત્રોનો પરિચય અને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

**<u>પ્રકરણ</u>** **<u>પાના નં.</u>**


૭.૧.૧ સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકાના સંદર્ભમાં સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડો

૭.૨ નવલિકાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણ

૭.૨.૧ નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાનું વસ્તુલક્ષી પાસું :

l કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો

l લગ્ન અને સ્ત્રીનો દરજ્જો

l વ્યવસાય અને સ્ત્રીનો દરજ્જો

l ભૂમિકા – સંઘર્ષ અને સ્ત્રીનો દરજ્જો

l પુરુષ દ્વારા થતા વ્યવહારનું સ્વરૂપ અને સ્ત્રીનો દરજ્જો

l શિક્ષણ અને સ્ત્રીનો દરજ્જો

૭.૨.૨ નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાનું આત્મલક્ષી પાસુ
નવલિકાઓના સ્ત્રી પાત્રોની માનસિક સ્થિતિ

૭.૩ સ્ત્રીના દરજ્જા અને ભૂમિકામાં આવેલું પરિવર્તન

૭.૪ સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની પ્રત્યક્ષ મુલાકાતના અંશો અને તેઓનો અભિપ્રાય

l ઉપસંહાર

## ૮. શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓમાં સ્ત્રી પાત્રો–એક સમાજશાસ્ત્રીય અધ્યયન : ૨૧૬ થી ૩૦૩

l પ્રાસ્તાવિક

૮.૧ શ્રી વર્ષા અડાલજાની દસ સામાજિક નવલકથાઓનો સંક્ષિપ્ત પરિચય

૮.૨ નવલકથાઓના સ્ત્રી પાત્રોનો પરિચય અને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

**પ્રકરણ** **પાના નં.**


૮.૨.૧ સ્ત્રીનો દરજજો અને ભૂમિકાના સંદર્ભમાં નકકી કરવામાં આવેલા સ્ત્રી

l પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડો :

૮.૨.૨ સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડોમાં સમાવિષ્ટ થતાં પ્રતિનિધિ સ્ત્રી પાત્રોનો પરિચય તથા વિશ્લેષણ

૮.૩ નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણ

૮.૩.૧ નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજજાનું વસ્તુલક્ષી પાસુ

l કુટુંબમાં સ્ત્રીનો દરજજો

l લગ્ન અને સ્ત્રીનો દરજજો

l વ્યવસાય અને સ્ત્રીનો દરજજો

l શિક્ષણ અને સ્ત્રીનો દરજજો

l સ્ત્રી પાત્રોના લગ્નેતર સંબંધ દર્શાવતુ વિશ્લેષણ

l પુરુષ દ્વારા થતા વ્યવહારનું સ્વરૂપ અને સ્ત્રીનો દરજજો

l આર્થિક સ્થિતિ અને સ્ત્રીનો દરજજો

૮.૩.૨ નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજજાનું આત્મલક્ષી પાસું

l નવલકથાઓના સ્ત્રી પાત્રોની માનસિક સ્થિતિ

૮.૪ સ્ત્રીના દરજજા અને ભૂમિકામાં આવેલું પરિવર્તન

૮.૫ સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની પ્રત્યક્ષ મુલાકાતના અંશો અને તેઓનો અભિપ્રાય

l ઉપસંહાર

## ૯. સંશોધનની ફલશ્રુતિ : ૩૦૪ થી ૩૫૦

l પ્રાસ્તાવિક

૯.૧ શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રી પ્રધાન નવલિકાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અભ્યાસના તારણો

**પ્રકરણ** **પાના નં.**

૯.૧.૧ સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકાના સંદર્ભમાં નવલિકાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડોના આધારે આપવામાં આવેલા તારણો

૯.૧.૨. નવલિકાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણના આધારે આપવામાં આવેલાં તારણો :

૯.૨. શ્રી વર્ષા અડાલજાની સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અભ્યાસના તારણો

૯.૨.૧ સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકાના સંદર્ભમાં નવલકથાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડોના આધારે આપવામાં આવેલા તારણો

૯.૨.૨ નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણના આધારે આપવામાં આવેલાં તારણો

૯.૩ ઉપકલ્પનાઓની ચકાસણી અને તારણો

૯.૪ સમગ્રદર્શી તારણો

૯.૫ ભારતીય સમાજમાં સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકામાં સુધારણા અંગેના સૂચનો

૯.૬ આ સંશોધનની મર્યાદા

૯.૭ ભવિષ્યમાં કરવા જેવા સંશોધનો અંગે સૂચનો

l સમાપન

**પ્રકરણ** **પાના નં.**

- **પરિશિષ્ટ – ૧** I TO XX
- સંદર્ભ ગ્રંથ સૂચિ – ૧ : શ્રી વર્ષા અડાલજાના નવલિકા સંગ્રહો તથા પસંદગીની નવલકથાઓની સૂચિ
- સંદર્ભ ગ્રંથ સૂચિ – ૨ : અન્ય ગુજરાતી સંદર્ભ ગ્રંથો
- સંદર્ભ ગ્રંથ સૂચિ – ૩ : હિન્દી સંદર્ભ ગ્રંથો
- સંદર્ભ ગ્રંથ સૂચિ – ૪ : અંગ્રેજી સંદર્ભ ગ્રંથો

- **પરિશિષ્ટ – ૨** XXI TO XXV
- REPORTS
- Ph.D. THESES
- JOURNALS, ARTICLES AND PAPERS
- CONFERENCES AND PAPERS
- MAGAZINES AND NEWS PAPERS : ARTICLES
- ગુજરાતી સામયિકો

# શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન

## : આમુખ :

સમાજશાસ્ત્ર આધુનિક યુગના જ્ઞાનવૃક્ષની વિકાસશીલ શાખા છે. તે માનવીની સંપૂર્ણ સામાજિકતાને સ્પર્શતુ હોવાથી જીવનના પ્રત્યેક ક્ષેત્રની સાથે તેનો સહજ સંબંધ છે. તેની અનેક શાખાઓના રૂપમાં તેના વિષયવસ્તુનું સંવર્ધન થઈને વિશેષીકરણની પ્રક્રિયા ઝડપી બની છે. એક સમયે જે બાબત સમાજશાસ્ત્રમાં અભ્યાસનો મુદ્દો હતો તે હવે એક સ્વતંત્ર વિજ્ઞાનરૂપે જોવા મળે છે. જેમ કે કુટુંબ, ઉદ્યોગ, ધર્મ, શિક્ષણ કે પરિવર્તન : એક સમયે આ સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રના વિષયો હતાં તેમાંથી આજે કુટુંબનું સમાજશાસ્ત્ર (Sociology of Family), ઔદ્યોગિક સમાજશાસ્ત્ર (Industrial Sociology), ધર્મનું સમાજશાસ્ત્ર (Sociology of Religion), શિક્ષણનું સમાજશાસ્ત્ર (Sociology of Education), કે પરિવર્તનનું સમાજશાસ્ત્ર (Sociology of Change) વગેરે સ્વતંત્ર સામાજિક વિજ્ઞાનો વિકાસ પામ્યા છે.

સમાજશાસ્ત્રમાં વિશેષીકરણની પ્રક્રિયાના ફળસ્વરૂપે "કલાનું સમાજશાસ્ત્ર" (Sociology of Art) વિકાસ પામ્યુ છે. માનવસમાજ ઉપર કલાના વિવિધ ક્ષેત્રો જેવા કે સાહિત્ય, સંગીત, ચલચિત્ર વગેરેની વ્યાપક અસર થાય છે. એ અંગેના વૈજ્ઞાનિક સંશોધનોમાંથી "સાહિત્યનું સમાજશાસ્ત્ર" (Sociology of Literature), સંગીતનું સમાજશાસ્ત્ર (Sociology of Music), અને ચલચિત્રનું સમાજશાસ્ત્ર (Sociology of Film) નો વિકાસ થયો છે.

જેમાં "સાહિત્યના સમાજશાસ્ત્ર" (Sociology of Literature) નો સ્વતંત્ર સામાજિક વિજ્ઞાન તરીકે ઉદ્‌ભવ – વિકાસ યુરોપમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં થયો. આ વિજ્ઞાન સાહિત્યમાં પ્રતિબિંબિત માનવસમાજનો અનેક આયામોનું, સામાજિક વાસ્તવિકતાઓનું અને માનવ આંતરક્રિયાઓનું અર્થપૂર્ણ, વાસ્તવિક, વૈજ્ઞાનિક અને વસ્તુનિષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. તે માનવી અને તેની સામાજિક રચના વચ્ચેના આંતર્‌સંબંધોનો અભ્યાસ કરે છે.

સમાજ અને માનવજીવનને યથાયોગ્ય રજૂ કરવામાં સાહિત્ય અને કલા એ બે મહત્વના માધ્યમો

છે. જયાં–જયાં માનવસમાજ વિકસ્યો છે ત્યાં–ત્યાં સમકાલીન જીવનરહસ્યોનું સાહિત્ય પણ રચાતુ રહયુ છે. સામાન્યતઃ સમાજ વ્યકિતઓની આંતરૂક્રિયાઓના સાતત્યનું વ્યવસ્થાતંત્ર હોય છે. તેના આદર્શો, પ્રવૃત્તિઓ, આકાંક્ષાઓ, આયોજનો વગેરેને વ્યકત કે પ્રતિબિંબિત કરનારી પ્રક્રિયાની અનુભૂતિના માધ્યમ તરીકે સાહિત્ય સર્જાય છે. આમ, સાહિત્ય એ સામાજિક પ્રક્રિયાના પરિબળ તરીકે કામ કરે છે, તે સમાજનું વલણ અને પ્રવાહોનું પ્રતિબિંબ પાડે છે, માનવીની આંતરૂક્રિયાઓને પ્રતિકાત્મક સ્તરે સુગ્રથિત બનાવે છે, સમાજને નવી દિશા બતાવે છે, સંકટના સમયમાં સમાજનું મનોબળ વધારે છે, આકાંક્ષાઓ અને આદર્શોને વ્યકત કરે છે, સંસ્કૃતિનું સંવર્ધન કરે છે, સમાજના સભ્યોમાં નવી ચેતનાનો સંચાર કરે છે અને સામાજિક પરિવર્તનમાં કયારેક સહાયક પણ બને છે. આ રીતે સાહિત્ય અને સમાજ બન્ને પરસ્પરના પૂરક ક્રિયાતત્વો છે. "સાહિત્ય સમાજનું દર્પણ છે." સમાજની અનેક વિગતોનું, રીતરસમોનું અને વૃત્તિઓનું એ ચિત્રણ કરી શકે છે. સાથે–સાથે સૂક્ષ્મ સ્તરે ચાલતા ચૈતસિક આંદોલનોને સુપેરે દર્શાવવાની તેમાં સજજતા છે. સાહિત્યકાર પોતાના સર્જનનું વિષયવસ્તુ સામાજિક વાતાવરણમાંથી મેળવીને સાહિત્યના જુદા–જુદા સ્વરૂપો જેવા કે કવિતા, નાટકો, લઘુનવલો, નવલિકાઓ, લઘુકથાઓ, નવલકથાઓ વગેરેની રચના કરે છે.

ભારતમાં વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં વિપુલ સાહિત્ય સર્જાયુ છે. પ્રસ્તુત અધ્યયનમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રીપ્રધાન નવલિકાઓ અને સામાજિક નવલકથાઓના આલેખનો જેવી ગુણાત્મક સામગ્રીનો ઉપયોગ કરી ભારતીય સમાજવ્યવસ્થા અને તેમાં સ્ત્રીઓનો સામાજિક દરજજો અને ભૂમિકાના ક્ષેત્રને પસંદ કરી સમાજશાસ્ત્રીય ઢબે વિશ્લેષણાત્મક અધ્યયન દ્વારા તારણો મેળવવામાં આવ્યા છે.

માનવસમાજમાં સ્ત્રી અને પુરુષ એવા બે લ ગિક તફાવતો છે. આ બન્ને તફાવતો યુગોથી અનેક સામાજિક–સાંસ્કૃતિક ધોરણો અને મૂલ્યો વડે અસર પામતા રહયા છે, તેના આધારે સ્ત્રીસમાજ અને પુરુષસમાજની આગવી વિશેષતા સર્જાઈ છે. બન્નેમાં સ્ત્રીસમાજને "The Second Sex" ગણવામાં આવે છે. સમાજમાં ગૌણ દરજજો ધરાવતા સ્ત્રીસમાજના અભ્યાસોની ક્ષિતિજો જ્ઞાન અને ચિંતનના ક્ષેત્રે વિસ્તૃત થઈ રહી છે. નારી સમાજના સંશોધનો દ્વારા સામાજિક શાસ્ત્રો, સાંસ્કૃતિક અભ્યાસો (Culture Studies) અને સાહિત્યમાં નવા ખેડાણો અને પડકારો ઊભા થયા છે. ભારતમાં પ્રાચીનકાળથી સ્ત્રીસમાજનું ચિત્ર સાહિત્યમાં રજૂ થતુ રહયુ છે. સ્ત્રીસમાજની ઉગ્રસમસ્યાઓની રજૂઆત સાહિત્ય દ્વારા

થતી રહી છે. કજોડા લગ્નો, બાળલગ્નો, વિધવાઓના દુ:ખોની હૃદયદ્રાવક વિગતો તથા સ્ત્રીઓના સહજ વિકાસને અવરોધતા પરિબળોનું આલેખન સાહિત્યમાં વખતોવખત થતુ રહયુ છે. સમાજના આવા અનિષ્ટોની રજૂઆત જયારે–જયારે સાહિત્ય દ્વારા થઈ છે ત્યારે–ત્યારે સમાજમાં ઓછા–વધતા અંશે તે અંગે જાગૃતિ ઉભી થઈ જ છે. એ રીતે રૂઢિઓની જડતાને હચમચાવવામાં અને સમાજની વૈચારિક પ્રક્રિયાને વેગ આપવામાં સાહિત્યનો ફાળો ઉલ્લેખનીય છે.

સમાજશાસ્ત્રની વિદ્યાર્થિની તરીકે "The Subordinate Sex" ગણાતી સ્ત્રીઓનો અર્વાચીન ભારતીય સમાજમાં શું દરજજો છે ? તેની પાસે સમાજ કેવી ભૂમિકાની અપેક્ષા રાખે છે ? તે પોતે પોતાના સ્વની ઓળખ ઉભી કરી શકે છે ખરી ? સ્વની ઓળખ ઉભી કરવાના સ્ત્રીના પોતાના પ્રયત્નોમાં તેને કેવા અવરોધોનો સામનો કરવો પડે છે ? સ્ત્રીના દરજજા અને ભૂમિકામાં પરિવર્તનો આવ્યા છે ખરા ? જો પરિવર્તનો આવ્યા છે તો તે કેવા પ્રકારના છે ? વગેરે સ્ત્રીસમાજના અનેક પ્રશ્નોએ મને પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન કાર્ય માટે પ્રેરિત કરેલ છે.

મારો આ અભ્યાસ **"સાહિત્યના સમાજશાસ્ત્ર"** માં છે. પરંતુ સમગ્ર ભારત દેશના અને ગુજરાતના બધા જ સાહિત્ય સ્વરૂપો અને સાહિત્યકારોનો ઉલ્લેખ કે અભ્યાસ કરવાનો નથી. મારું આ સંશોધન એક જ સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજા અને તેઓની નવલિકાઓ અને નવલકથાઓમાં આવતા સ્ત્રી પાત્રો પૂરતુ જ મર્યાદિત છે. સમાજશાસ્ત્રમાં અનેક સંશોધનો થાય છે, પરંતુ Sociology of Literature એ બધાની તુલનામાં ઓછુ ખેડાયેલુ ક્ષેત્ર છે, અને તેમાં પણ કથાત્મક સાહિત્ય સ્વરૂપોમાંથી વ્યકત થતા સ્ત્રીસમાજના દરજજા અને ભૂમિકાનો અભ્યાસ એ બહુ પ્રચલિત વિષય નથી રહયો.

સ્ત્રીનો સામાજિક દરજજો અને સામાજિક જીવનના વિવિધ ક્ષેત્રે તેની ભૂમિકા અંગે ક્ષેત્રકાર્ય અને પ્રાથમિક માહિતી પર આધારિત અનેક અભ્યાસો થતા રહે છે. પરંતુ સાહિત્યમાંથી વ્યકત થતા સમાજમાં સ્ત્રીનો દરજજો અને ભૂમિકાનું ક્ષેત્ર ઘણું ઓછુ ખેડાયેલુ છે. અર્વાચીન ભારતમાં સ્ત્રીઓનો સામાજિક દરજજો અને ભૂમિકા બદલાઈ રહયા છે અને સ્ત્રી સમાજની પરિસ્થિતિ સુધારાજનક છે તેવું પ્રથમ દ્રષ્ટિએ જોવા મળે છે. પરંતુ હકીકતમાં શું સ્ત્રીસમાજનો દરજજો ઉંચો આવ્યો છે ? જે સહજતાથી પુરુષ સમાજનો ઉંચો દરજજો અને સત્તા સર્વસ્વીકૃત છે તેટલો સહજ સ્વીકાર સ્ત્રીઓના ઉંચા દરજજાનો થયો છે ? સ્ત્રીઓની ભૂમિકા અને ભૂમિકાસંઘર્ષમાં કોઈ પરિવર્તન આવ્યુ છે ? આવા અનેક પ્રશ્નોના

જવાબ મેળવવા શ્રી વર્ષા અડાલજાની સાહિત્યકૃતિઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. કારણ કે શ્રી વર્ષા અડાલજાએ ગુજરાતી સાહિત્યમાં પોતાના સર્જનમાં નારી પાત્રોને કેન્દ્રમાં રાખીને નવલિકાઓ અને નવલકથાઓનું સર્જન વિશેષ કર્યું છે. ઉપરાંત તેઓ હકીકતલક્ષી અને વાસ્તવવાદી શૈલીથી પોતાની સાહિત્યકૃતિઓમાં અર્વાચીન સ્ત્રીસમાજનું વાસ્તવિક ચિત્ર રજૂ કરી રહયાં છે.

આ અભ્યાસ શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં આવતા સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અધ્યયન પૂરતો સીમિત છે.

# પ્રકરણ – ૧
# વિષય પ્રવેશ

- પ્રાસ્તાવિક
- "સાહિત્યના સમાજશાસ્ત્ર" ના ક્ષેત્રે ખેડાણની જરૂરિયાત
- સ્ત્રીઓના સામાજિક દરજજા અને ભૂમિકાના અભ્યાસનું મહત્વ
- સાહિત્યનું સમાજશાસ્ત્રમાં મહત્વ
- સાહિત્ય સ્વરૂપો–નવલિકા–નવલકથા – ની સંશોધનમાં ઉપયોગિતા
- સમાજમાં પરંપરાને મહત્વ
- ભૂમિકા ભજવણીમાં ઉભી થતી મર્યાદાઓ અને ભૂમિકા સંઘર્ષ
- ઉપસંહાર

# પ્રકરણ – ૧
# વિષય પ્રવેશ

## પ્રાસ્તાવિક :

સમાજશાસ્ત્રની અનેક શાખાઓમાં સંશોધનકર્તાઓ અને સંશોધનોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. સમાજશાસ્ત્રની શાખાઓમાં થતા સંશોધનોમાં Sociology of Literature જાણે કે કંઈક અંગે ઉપેક્ષિત શાખા લાગે છે. બીજા શબ્દોમાં કહીએ તો સમાજશાસ્ત્રમાં કુટુંબ, જ્ઞાતિ, લગ્ન, દલિતો, આદિવાસી, ગ્રામીણસમુદાય, નગરસમુદાય વગેરે ઉપર ભારતમાં જેટલા સંશોધનો થયા છે તેની તુલનામાં આ શાખામાં પ્રમાણમાં ઓછુ ખેડાણ થયુ છે.

આ વિષય ઉપર સંશોધન કરવાનું એક કારણ એ પણ છે કે ઓછી ખેડાયેલી આ શાખામાં કંઈક પ્રદાન થઈ શકે.

પ્રસ્તુત શોધનિબંધમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રીપ્રધાન નવલિકાઓ અને સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી વિશ્લેષણ કરવામાં આવ્યુ છે. સાંપ્રતકાલીન ગુજરાતી સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાએ વર્તમાન સમાજ વ્યવસ્થામાં સ્ત્રીઓના સામાજિક દરજજા અને ભૂમિકાના જુદા–જુદા પાસાંઓનો સ્પષ્ટ ચિતાર આપ્યો છે. તેના સંદર્ભમાં લેખિત સ્રોતો–નવલિકાઓ અને નવલકથાઓ–માંહેના લખાણોના કથાવસ્તુનું (Content Analysis) વિશ્લેષણ કરીને તેના આધારે પ્રાપ્ત થયેલી માહિતીમાંથી સ્ત્રી પાત્રોનો અભ્યાસ કરી વર્તમાન સમાજવ્યવસ્થામાં જુદા–જુદા વર્ગોની અને જુદા–જુદા સમુદાયોની સ્ત્રીઓનો સામાજિક દરજજો અને ભૂમિકા તપાસવામાં આવ્યા છે. આ સંશોધન Secondary Data અને Library Research પર આધારિત છે.

ભારતમાં સાહિત્યના સમાજશાસ્ત્રના જે અભ્યાસો થઈ રહયા છે તેમાં પ્રસ્તુત સંશોધન એક મહત્વનું પ્રદાન બની રહેશે કારણ કે તે સમાજની ૫૦% વસ્તી (સ્ત્રીઓ) ના સામાજિક દરજજા અને ભૂમિકા જેવા મહત્વના વિષય ઉપર પ્રકાશ પાડે છે.

સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે. તેનું અભ્યાસવસ્તુ સમાજ અને સમાજજીવન છે. જેના વિષેની માહિતી સાહિત્યમાંથી પણ મળી શકે છે. સામાજિક સંશોધકો સાહિત્યમાંથી પણ યથાર્થ અને વાસ્તવિક માહિતી મેળવીને જટિલ સમાજવ્યવસ્થાનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી શકે છે. કારણ કે સાહિત્ય

હંમેશા સમાજમાં જીવાતા જીવનના આધારે રચાતુ હોય છે. જે સમાજજીવનની ખાસિયતો, ક્ષતિઓ, પ્રશ્નો, પ્રાપ્તિઓ (સફળતાઓ) વગેરેને વાસ્તવિક ઘટનાઓના આધારે પ્રતિકાત્મક રીતે વ્યકત કરે છે. આમ, સમાજમાંથી જ સાહિત્ય સર્જાતુ હોઈ સમાજ અને સાહિત્ય બન્ને અભિન્ન છે. સાહિત્યકારો પોતાના સાહિત્યસર્જન દ્વારા લોકમત અને લોકમાનસનું ઈચ્છિત ઘડતર કરી શકે છે. સાહિત્યકારો પોતાની કૃતિ દ્વારા પોતે જેવુ સામાજિક પરિવર્તન ઈચ્છતા હોય તે રજૂ કરીને અથવા તો સમાજમાં જે નવા સામાજિક સુધારાઓ લાવવા ઈચ્છતા હોય તેને અનુલક્ષીને તેઓ પોતાની કૃતિમાં પોતાના વિચારો વ્યકત કરતા હોય છે અને સમાજના સભ્યો ઉપર તેની દૂરગામી અસરો પડતી હોય છે. આમ, સામાજિક વિચાર પ્રણાલીને અને સાંપ્રત પ્રવાહોને નિશ્ચિત દિશામાં વાળવામાં સાહિત્યનું આગવુ પ્રદાન છે.

વિવિધ પ્રકારના સાહિત્યિક સર્જનોમાં નવલિકાઓ, નવલકથાઓ, નિબંધો, નાટકો, કાવ્યો વગેરે મુખ્ય છે. જેમાં નવલિકાઓ અને નવલકથાઓ ઘટનાપ્રધાન હોવાથી સમાજજીવનની વિવિધ વાસ્તવિકતાઓનું તેમાં યથાર્થ નિરૂપણ થઈ શકે છે. સમાજશાસ્ત્ર માટે આવી માહિતી સંશોધનમાં ઉપયોગી બની રહે છે.

સાહિત્યના કથાત્મક ગદ્યસ્વરૂપો નવલિકા અને નવલકથામાં શહેર અને ગ્રામ, તેમજ આદિવાસી સમુદાયની પ્રજાનું સમાજજીવન, આંતર્સંબંધોની ઢબ, સામાજિક આંતર્ક્રિયાઓ, વિચારસરણી, આદર્શો અને સામાજિક ધોરણો, પ્રથાઓ અને પરંપરાઓ, લોકરીતિઓ અને સામાજિક રિવાજો, લોકોની જીવનશૈલી વગેરે માનવસમાજની અનેક બાબતોનું નિરૂપણ થયુ હોય છે. સામાજિક સંશોધકો માટે સાહિત્યની આ દરેક બાબતો સમાજને સમજવા માટે ઉપયોગી માહિતી બની રહે છે.

સાહિત્ય સમાજજીવન ઉપર રચાતુ હોય છે. જો કે તેમાં સાહિત્યકારની પોતાની કલ્પનાઓ, ઈચ્છાઓ અને આકાંક્ષાઓ અચૂક સામેલ હોય છે. છતાં તેમાં સમાજના દરેક સ્થળ અને કાળના પરિવર્તનની સાથે પરિવર્તન આવતુ રહેતુ હોય છે. યુગે–યુગે સાહિત્ય સર્જનમાં સમાજના પરિવર્તનની સાથે પરિવર્તન આવે છે. જેમ કે ભારતીય સમાજમાં વૈદિક યુગીન સાહિત્ય, મધ્યકાલીન સાહિત્ય અને અર્વાચીન યુગીન સાહિત્યમાં સ્ત્રીસમાજ, અસ્પૃશ્યો, જ્ઞાતિ કે વર્ણ–વ્યવસ્થા, લગ્ન, શિક્ષણ, રાજયસંસ્થા, ધર્મ વગેરેના સ્વરૂપ, રચના, દરજ્જો અને ભૂમિકામાં આવેલા પરિવર્તનનું સ્પષ્ટ ચિત્ર જોવા મળે છે.

પ્રસ્તુત સંશોધનમાં "સાહિત્યના સમાજશાસ્ત્ર" ની મદદથી અર્વાચીન ભારતીય સમાજમાં વિવિધક્ષેત્રે સ્ત્રીઓનો દરજ્જો કેવો છે, તેઓની કઈ સમસ્યાઓ છે, તેઓ કેવી ભૂમિકાઓ ભજવે છે, તેઓ

કઈ રીતે સમાયોજન સાધે છે, પોતાનો સામાજિક દરજ્જો ઉંચો લઈ જવા સ્ત્રીઓ કેવા સંઘર્ષો કરે છે, જીવનનિર્વાહ માટે સ્ત્રીઓને કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે પ્રશ્નોને તેમ જ લગ્નક્ષેત્રે, કુટુંબક્ષેત્રે અને વ્યવસાયક્ષેત્રે સ્ત્રીઓની ભૂમિકા અને દરજ્જાવિષયક કેવા પરિવર્તનો આવી રહયા છે તેને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

સમાજશાસ્ત્રીય દ્રષ્ટિએ તપાસીએ તો દરજ્જો અને ભૂમિકા અભિન્ન રીતે જોડાયેલા છે. દરજ્જાનું ગત્યાત્મક પાસુ એ ભૂમિકા છે. દરજ્જો ધરાવતી વ્યકિત પાસે સમાજ જે કાર્યોની અપેક્ષા રાખે છે તે તેની ભૂમિકા ગણાય છે. અને તેથી દરજ્જાના સંદર્ભમાં જ ભૂમિકાને જોઈ શકાય છે. દરજ્જા સાથે સંકળાયેલ અપેક્ષિત વર્તન અને વાસ્તવિક વર્તન વચ્ચે ઘણી વખત તફાવત હોય છે. જેમ કે ભારતના રાજયબંધારણ દ્વારા કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના દરેક નાગરિકને સમાન હક અને તક આપવાની ઘોષણા કરવામાં આવી છે. તેનું વાસ્તવિક અમલીકરણ સમાજજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ન પણ થતુ હોય તેવુ જોવા મળે છે. સ્ત્રીઓ પોતાને મળેલા સમાન હકો અને તકના સંદર્ભમાં દરજ્જો ન ભોગવી શકે અને ભૂમિકા ન ભજવી શકે તેવી પરિસ્થિતિ ઘણી વખત જોવા મળે છે. આવા સંજોગોમાં અસમાનતાના પ્રશ્નો તેમ જ ભૂમિકા સંઘર્ષ ઉભો થાય તે સ્વાભાવિક છે. દા.ત. સ્વવિકાસ સાધવા ઈચ્છતી અને આત્મનિર્ભર થવા માટે વ્યવસાય કરતી સ્ત્રીએ પોતાની પરંપરાગત ભૂમિકા સાથે સંકળાયેલ પત્ની, પુત્રવધૂ કે પુત્રીની ભૂમિકાને અગ્રતાક્રમ આપવો જોઈએ અને વ્યાવસાયિક દરજ્જાની ભૂમિકાને અને ફરજોને ગૌણ માનવી જોઈએ તેવી અપેક્ષા કુટુંબના સભ્યો રાખે ત્યારે સ્ત્રી માટે ભૂમિકા સંઘર્ષ સર્જાય છે. આવા ભૂમિકા સંઘર્ષ અને બદલાતા વિચારપ્રવાહ વચ્ચે સ્ત્રીઓના સમાયોજનનું ચિત્ર કેવુ છે તે જાણવાનો પ્રયત્ન પણ સાહિત્યના માધ્યમથી આ સંશોધનમાં કર્યો છે.

## ઉપસંહાર :

સાહિત્યના સમાજશાસ્ત્રમાં સાહિત્યની મદદથી સંશોધન થાય છે. સાહિત્યમાંથી વ્યકત થતા સમાજની અનેકવિધ બાબતોનો અભ્યાસ અને વિશ્લેષણ આ વિજ્ઞાન કરે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધનમાં નવલિકાઓ અને નવલકથાઓમાંથી વ્યકત થતા સ્ત્રી પાત્રોનો અભ્યાસ કરી અર્વાચીન ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

હવે પછીના પ્રકરણમાં સંશોધન આયોજન આપવામાં આવેલ છે.

# પ્રકરણ – ૨
# સંશોધન આયોજન


।     પ્રાસ્તાવિક

૨.૧   સામાજિક સંશોધનનો અર્થ

૨.૨   સંશોધન વિષયનો પરિચય

૨.૩   સંશોધન વિષયની પસંદગીના કારણો

૨.૪   સંશોધન પ્રશ્ન

૨.૫   સૈદ્ધાંતિક માળખુ

૨.૬   સંશોધનના હેતુઓ

૨.૭   સંશોધનની ઉપકલ્પનાઓ

૨.૮   સંશોધનના ખ્યાલો

૨.૯   સંશોધનની અભ્યાસ પદ્ધતિઓ અને પ્રવિધિઓ

૨.૧૦  માહિતી સ્રોતો

૨.૧૧  સંશોધનનું મહત્વ

।     ઉપસંહાર

# પ્રકરણ – ૨
# સંશોધન આયોજન

## પ્રાસ્તાવિક :

વૈજ્ઞાનિક સંશોધન માટે સંશોધન આયોજન એ પાયાની બાબત છે. આ સંશોધન યોજના સંશોધન યાત્રાનું પ્રથમ ચરણ છે. સંશોધન કાર્યને દિશાસૂચન આપવા માટેનું તાર્કિક અને આયોજિત સાધન એટલે સંશોધન આયોજન. સમાજશાસ્ત્રીય પધ્ધતિશાસ્ત્રના નિષ્ણાંત પી.વી. યંગના મતે સંશોધન આયોજન સંપૂર્ણ, ચોકકસ અને ચુસ્ત હોય તેવું બનતુ નથી છતાં સંશોધકને એ પથપ્રદર્શક બને છે. સંશોધન આયોજન એ કામચલાઉ આયોજન છે.[1] ડૉ. વી.પી. શાહ નોંધે છે તેમ કોઈપણ સંશોધન આયોજન સંપૂર્ણ હોતુ નથી કે અંતિમ હોતુ નથી. અલબત્ સંશોધક સંશોધન કાર્ય શરૂ કરે અને સંશોધનના ક્ષેત્રમાં જાય ત્યારે પરિસ્થિતિ મુજબ સંશોધન આયોજનમાં ફેરફાર કરી શકે છે.[2]

પ્રસ્તુત અભ્યાસ "સાહિત્યના સમાજશાસ્ત્ર" માં કરવામાં આવેલો છે. જેમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના અગ્રણી સ્ત્રીસાહિત્યકારોમાંના એક શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રીપ્રધાન નવલિકાઓ અને સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરીને ભારતીય સમાજમાં સ્ત્રીઓનો સામાજિક દરજજો, ભૂમિકા, પ્રશ્નો, પડકારો અને તેમાં આવી રહેલા પરિવર્તનને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; તેમજ એ પરિવર્તનની સાથે સ્ત્રીનું અનુકૂલન કેવા પ્રકારનું છે તેનો અભ્યાસ કરવામાં આવેલો છે.

## ૨.૧ સામાજિક સંશોધનનો અર્થ :

વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા પ્રવર્તમાન જ્ઞાનમાં વૃદ્ધિ કરતુ મૌલિક પ્રદાન એટલે સંશોધન. આ મૌલિક પ્રદાન નવી હકીકતોની શોધ સ્વરૂપનું હોઈ શકે, જૂની હકીકતોની ચકાસણી સ્વરૂપનું હોઈ શકે, હકીકતો વચ્ચેના કાર્યકારણની સમજૂતી આપનારુ પણ હોઈ શકે. એ જ રીતે આ મૌલિક પ્રદાન નવા ખ્યાલોના ઘડતર સ્વરૂપે, સિધ્ધાંતની સ્થાપનાને લગતુ કે પ્રર્વતમાન સિધ્ધાંતનું સ્પષ્ટીકરણ કરવા સ્વરૂપે પણ હોઈ શકે.

---

૧. Young P.V., **Scientific Social Surveys and Research**, 4th edition, Englewood Cliff, N.J. Prentice-Hall, Inc. 1966, Page No. 54.

૨. શાહ વી.પી., **સંશોધન ડિઝાઈન**, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ–૬.

સામાજિક સંશોધનના અર્થની વિશેષ સમજૂતી વ્યાખ્યાઓની મદદથી મેળવીએ.

- એન્સાઈકલોપીડિયા ઓફ સોસીયલ સાયન્સમાં ડોનાલ્ડ સ્લેસીંગર અને મેરી સ્ટીફન્સન જણાવે છે કે, "સંશોધન એ વસ્તુઓ, ખ્યાલો અને પ્રતિકોનો યુકિતપૂર્વકનો માર્ગ છે જે જ્ઞાનના વિસ્તૃતીકરણ અને ચકાસણીના સામાન્યીકરણ માટે હોય છે. તે જ્ઞાન સિધ્ધાંતની રચના કે કલાના અમલીકરણ માટે મદદરૂપ બને છે."[૩]

- એલ.વી. રેડમેન અને એ.વી.એચ.મોરી (૧૯૩૨) : "સંશોધન એટલે નવુ જ્ઞાન મેળવવાનો પધ્ધતિસરનો પ્રયત્ન."[૪] સંક્ષેપમાં 'Re-search' નો શાબ્દિક અર્થ પુનઃ શોધ થાય છે. તે ફરી–ફરી શોધ કરવાની પ્રક્રિયાનો નિર્દેશ કરે છે.[૫]

- પોલીન યંગ (૧૯૬૬) : "સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક સાહસ છે. જે તાર્કિક અને પધ્ધતિસરની પ્રવિધિઓની મદદ વડે નવી હકીકતો શોધવાનું, જૂની હકીકતોની ચકાસણી અને પરીક્ષણ કરવાનું; આ હકીકતોની ક્રમબધ્ધતા, તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધો અને કાર્યકારણની સમજૂતી આપવાનુ; તેમ જ માનવ વર્તનનો વિશ્વસનીય અને યથાર્થ અભ્યાસ કરવાનું સુગમ બનાવતા તથા વૈજ્ઞાનિક ઉપકરણો, ખ્યાલો અને સિધ્ધાંત વિકસાવવાના ધ્યેયો ધરાવે છે."[૬]

સંશોધન પ્રશ્નની શરૂઆત કોઈ બૌધ્ધિક અથવા વ્યવહારલક્ષી પ્રશ્ન કે સમસ્યાથી થાય છે. તપાસ હેઠળના પ્રશ્નનું સ્વરૂપ કેવુ છે, તેની સાથે કયા પરિબળો સંકળાયેલા છે, વગેરે પ્રશ્નોના જવાબો મેળવવા માટે વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરી પુનઃ તપાસ અથવા ખોજ કરવી એટલે સંશોધન.

---

૩. Slesinger Donald and Mary Stephenson, **Encyclopaedia of Social Science**, The MacMillan Co., (1934), Page-330.

૪. Redman, L.V. and A.V.H. Mory, **The Romance of Research, (1932)**, Page-10.

૫. શાહ વી.પી., **સંશોધન ડિઝાઈન**, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ–૬.

૬. Young P.V., **Scientific Social Surveys and Research**, 4th edition, Englewood Cliff, N.J. Prentice-Hall, Inc. 1966, Page No. 50.

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસના હેતુઓની સમજૂતી મેળવી, સંશોધન વિષયના સંદર્ભમાં અભ્યાસ પધ્ધતિનો ઉપયોગ કરીને તથ્યોનું સામાન્યીકરણ કરવામાં આવ્યુ છે. પ્રસ્તુત અભ્યાસનું સંશોધન આયોજન આ મુજબ છે.

## ૨.૨ સંશોધન વિષયનો પરિચય :

સંશોધનનું પ્રથમ સોપાન સંશોધન વિષય પસંદ કરવાનું છે. વિષય પસંદગી વ્યવહારુ બાબતો અથવા તો બૌધ્ધિક કે વૈજ્ઞાનિક રસમાંથી થતી હોય છે. વિષય પસંદગી વ્યકિતગત પરિબળો પર પણ આધાર રાખે છે. સંશોધનું વ્યાવસાયિક ક્ષેત્ર, જ્ઞાનાત્મક માળખુ, વલણો, અંગતરસ વગેરે પર સંશોધન વિષયની પસંદગી અવલંબિત હોય છે. ઘણી વખત સમાજમાં મહત્વના ક્ષેત્રોના અભ્યાસ માટે સરકાર તરફથી નાણાંકીય સહાય આપવામાં આવે છે અને એ ક્ષેત્રોમાં સંશોધનો થતા રહે છે.

"Sociology of Literature" માં હાથ ધરવામાં આવેલુ આ સંશોધન છે. આ ક્ષેત્રમાં બહુ અલ્પ સંશોધનો થયા છે. તેમાં પણ ગુજરાતી સાહિત્યની કૃતિઓને લઈને ગુજરાતમાં આ વિષયમાં બહુ જૂજ સંશોધનો થયા છે.

શ્રી વર્ષા અડાલજા ગુજરાતી સાહિત્યમાં નવા જ ઉન્મેષથી સ્ત્રી સમાજના પ્રશ્નોને, તેના નિમ્ન દરજ્જાને અને ભૂમિકાને પ્રવર્તમાન સમયના સંદર્ભમાં વાચા આપી રહયા છે.

મહાનિબંધનું શીર્ષક, "શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન", વિષયક્ષેત્રની સામાન્ય સ્પષ્ટતા કરે છે. તેમાં સ્ત્રી પાત્રોની સમગ્રદર્શી છણાવટ કેન્દ્રમાં રાખવામાં આવી છે.

આ જ બાબતને સમાજશાસ્ત્રીય પરિભાષામાં અને સંશોધનશાસ્ત્રની ભાષામાં કહીએ તો સંશોધન શીર્ષક અનુસાર ગુજરાતી સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાના અનેકવિધ સાહિત્યસર્જનોમાંથી કેટલીક સ્ત્રી પ્રધાન નવલિકાઓ અને સામાજિક નવલકથાઓમાં વ્યકત થતા સ્ત્રી પાત્રોનો સામાજિક દરજ્જો, ભૂમિકા, પ્રશ્નો, પડકારો અને તેમાં આવી રહેલા પરિવર્તનને ભારતીય સમાજજીવનના પ્રર્વતમાન સામાજિક ધોરણો, મૂલ્યો અને પરંપરાઓના સાંસ્કૃતિક તેમ જ રચનાતંત્રીય માળખામાં તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સાહિત્યકાર દ્વારા નિર્માણ પામતી સાહિત્યકૃતિઓમાં સમાજનું પ્રતિબિંબ પડતુ હોય છે.

"Literature is a mirror of society" એ ઉકિત પ્રમાણે નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રોના સામાજિક સ્થાનને અને સ્ત્રી પાત્રો દ્વારા સમગ્ર સામાજિક વાતાવરણ સાથે સાધવામાં આવતા અનુકૂલનને, સ્ત્રીના મનોવ્યાપારને અને ઉત્પન્ન થતી જુદી–જુદી સમસ્યાઓને સ્ત્રી પાત્રોના સંદર્ભમાં તપાસવી તે આ સંશોધનનો વિષય છે.

આ રીતે અર્વાચીન ભારતીય સમાજના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીનું જીવન, સ્ત્રીનું સામાજિક સ્થાન, ભૂમિકા, કાર્યક્ષેત્ર, સમાજ અને કુટુંબમાં તેનો દરજ્જો, પ્રશ્નો અને પડકારોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ સાહિત્યની મદદથી કરવામાં આવ્યો છે.

આમ, શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં પ્રતિબિંબિત સ્ત્રી પાત્રોનું સ્વાતંત્ર્યોત્તર યુગના સંદર્ભમાં Inter Disciplinary Approach થી કરવામાં આવેલુ આ સમાજશાસ્ત્રીય અધ્યયન છે.

## ૨.૩ સંશોધન વિષયની પસંદગીના કારણો :

પ્રસ્તુત અભ્યાસમાં નીચેની છ–સાત બાબતોને લક્ષ્યમાં રાખીને સંશોધન વિષયની પસંદગી કરી છે.

**૨.૩.૧** પ્રસ્તુત અભ્યાસમાં કેન્દ્રસ્થાને સ્ત્રી પાત્રો છે. "સ્ત્રીસમાજ" એક વિકસતો સમૂહ છે. વિશ્વની વસ્તીનો લગભગ અડધો હિસ્સો હોવા છતા તેની સ્થિતિ નિમ્નકક્ષાની છે. જેનું પ્રતિબિંબ સાહિત્યમાં પડેલુ જોવા મળે છે. તેનો અભ્યાસ આ સંશોધન દ્વારા કરવામાં આવ્યો છે.

**૨.૩.૨** પ્રસ્તુત અભ્યાસમાં એક સ્ત્રી સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રો પસંદ કરવામાં આવ્યા છે. કારણ કે તેઓ પોતે એક સ્ત્રી હોવાથી સ્ત્રીઓના પ્રશ્નો અને સ્ત્રીઓની માનસિક તેમ જ લાગણી વિષયક મનોભૂમિકા સાથે તાદાત્મ્ય અનુભવીને સ્ત્રી સમાજનું ચિત્ર યોગ્ય રીતે રજૂ કરી રહયા છે.

**૨.૩.૩** લેખિકાના વિવિધલક્ષી સાહિત્યસર્જનોમાંથી માત્ર નવલિકાઓ અને નવલકથાઓ જ પસંદ કરવાનું કારણ એ છે કે આ બન્ને કથાત્મક ગદ્યપ્રકાર તરીકે ઘટનાનું વાસ્તવિક પ્રતિબિંબ પાડી શકે છે.

**૨.૩.૪** આ સંશોધન કાર્ય "ગુજરાતી સાહિત્ય અને સમાજશાસ્ત્ર" અર્થાત્ સાહિત્ય અને સમાજવિજ્ઞાન એમ બન્નેની સાથે સંકળાયેલુ છે. સાહિત્યમાંથી સંશોધન વિષય સાથે સંબંધિત માહિતીનું એકત્રીકરણ કરીને તેનું સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી અધ્યયન કર્યુ છે.

**૨.૩.૫** વાસ્તવવાદી, અસ્તિત્વવાદી અને હકીકતલક્ષી સાહિત્યશૈલી ધરાવતી નવલિકાઓ અને નવલકથાઓમાંથી મળતી માહિતી સમાજશાસ્ત્રીય સંશોધનમાં આધારભૂત અને વિશ્વસનીય દસ્તાવેજી માહિતી સ્રોત બની શકે છે.

**૨.૩.૬** આ સંશોધન માટે પસંદ કરેલી નવલિકાઓ અને નવલકથાઓમાં રજૂ થયેલા અનેકવિધ પાત્રોની સૃષ્ટિ દ્વારા સમગ્ર સમાજનું વિશદ્ દર્શન થઈ શકે છે. તેમાં ભારતીય સમાજ અને તેના જુદા–જુદા સામાજિક સ્તરોમાંથી લેવામાં આવેલા સ્ત્રી પાત્રોના હકીકતલક્ષી આલેખનો જોવા મળે છે. તેના આધારે ભારતીય સમાજના સ્ત્રી વર્ગની સામાજિક સ્થિતિનું યથાયોગ્ય સમાજશાસ્ત્રીય અધ્યયન થઈ શકે છે.

**૨.૩.૭** આ સંશોધન વિષય સાહિત્ય સાથે જોડાયેલો છે અને તે સંશોધકના રસ અને અભિરુચિનો વિષય છે.

## ૨.૪ સંશોધન પ્રશ્ન :

આ મહાનિબંધનું કેન્દ્રબિંદુ સ્ત્રી પાત્રો છે. સ્વતંત્રતા પ્રાપ્તિ પછી ભારતના રાજય બંધારણ દ્વારા અને અનેક સામાજિક કાયદાઓની મદદથી ભારતીય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવાના પ્રયત્નો થતા રહયા છે. સ્ત્રીઓને કાયદાની મદદથી સમાન રાજકીય, આર્થિક, વ્યાવસાયિક અને સામાજિક દરજજો આપવાનો પ્રયત્ન થયો છે. જેના કારણે સ્ત્રીસમાજના દરજજા અને ભૂમિકામાં પરિવર્તન આવ્યુ છે. ભારતીય સમાજના બદલાતા પ્રવાહો અને પરિવર્તિત થઈ રહેલી વિચારસરણી વચ્ચે સ્ત્રીઓ પ્રત્યેનું સમાજનું વલણ કેવું છે ? સ્ત્રીઓને મળેલા અધિકારો તે ખરા અર્થમાં ભોગવી શકે છે ખરી ? સ્ત્રીઓ પાસે સમાજ અને કુટુંબ કેવી અપેક્ષાઓ રાખે છે ? સ્ત્રીઓ સમાજ અને કુટુંબ પાસે કેવી અપેક્ષાઓ રાખે છે, તે અપેક્ષાઓ પરિપૂર્ણ થાય છે ખરી ? સ્ત્રીઓ પોતે કેવા પ્રકારનું જીવન ઈચ્છે છે અને તેઓને કેવી પરિસ્થિતિમાં કેવા પ્રકારનું વાસ્તવિક જીવન જીવવું પડે છે, સ્ત્રીઓને પોતાની ઈચ્છાઓ, મહત્વાકાંક્ષાઓ અને લાગણીઓને કેવી પરિસ્થિતિમાં દબાવી દેવા પડે છે, એક વ્યકિત તરીકે સમાજ તેને કઈ દ્રષ્ટિએ મૂલવે છે, તેના વ્યકિતત્વના વિકાસમાં કેવા પરિબળો અવરોધક બને છે, સમાજમાં કેવા પ્રકારના લ ગિકતાના પ્રશ્નો

જોવા મળે છે, સ્ત્રી સમાજમાં અનેક સંઘર્ષોનો સામનો કરીને આત્મગૌરવપૂર્વક જીવન જીવવા ઈચ્છે છે અને પ્રયત્ન કરે છે તેમાં તેને સફળતા અથવા નિષ્ફળતાઓ મળે છે, આ બધા પ્રશ્નોનો જવાબ મેળવવાનો આ સંશોધનમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. કારણ કે એ બાબતોનું આલેખન શ્રી વર્ષાબહેનની કૃતિઓમાં થયું છે.

## ૨.૫ સૈધ્ધાંતિક માળખુ :

દુર્ખિમ નામના સમાજશાસ્ત્રી પોતાના ગ્રંથ "The Rules of Sociological Method" માં જણાવે છે કે, "સમાજશાસ્ત્રીનું કાર્ય કાર્ય–કારણ સંબંધો અને કારણના નિયમોની શોધ કરવાનું છે."[૭] સિધ્ધાંતની રચનામાં તથ્યોનું સામાન્યીકરણ મહત્વની ભૂમિકા ભજવે છે. "તથ્યો વાસ્તવિક અને સત્ય હોય છે તથા તે તથ્યો એક નિશ્ચિત ક્રમ વડે વ્યવસ્થાને તર્કસંગતતાથી ગ્રહણ કરે છે ત્યારે તે એક સિધ્ધાંતનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે."[૮] વૈજ્ઞાનિક સંશોધનોમાં આવા સિધ્ધાંતોનું મહત્વ હોય છે.

समाजशास्त्र विश्वकोश (૧૯૯૮)માં સમાજશાસ્ત્રીય સિધ્ધાંતની વ્યાખ્યા છે કે, "સમાજશાસ્ત્રીય સિધ્ધાંત સામાજિક ઘટનાઓના સંબંધમાં વૈજ્ઞાનિક તથ્યો ઉપર આધારિત કોઈ એવું માન્ય સામાન્યીકરણ છે જેના આધારે વિશ્વસનીય સામાજિક વ્યાખ્યા કરી શકાય છે. એક સમાજશાસ્ત્રીય સિધ્ધાંત માનવીય સામાજિક આંતર્ક્રિયાનું સ્વરૂપ, ઢબ તથા ગત્યાત્મકતાના સંદર્ભમાં સમજૂતી અને ભવિષ્યકથન કરે છે."[૯]

Parsons, Talcott (૧૯૫૧) કહે છે કે, "A Theory is a group of closely interrelated concepts used for interpretation of some experience."[૧૦]

---

૭. Emile Durkheim, **The Rules of Sociological Method**, Translated by Solovey and Mueller, University of Chicago Press, Chicago, 1938.

૮. Goode and Hatt, **Methods in Social Research**, McGraw Hill Book Co., New York, 1952, Page No. 11.

૯. रावत हरिकृष्ण, **समाजशास्त्र विश्वकोश**, रावत पब्लिकेशन, १९९८, पृष्ठ–४०९.

૧૦. Parsons, Talcott, **The Structure of Social Action**, 1951, The Free Press, New York.

સંક્ષેપમાં, "સિધ્ધાંત એ વિધાનોનો એવો સમૂહ છે જે સમસ્યાના ક્ષેત્રને આવરી લે છે. આ વિધાનોનો ઉપયોગ વર્ગીકરણ, વિશ્લેષણ, નિયમોની સમજૂતી તથા યોજનાની વ્યાખ્યાના અર્થઘટનમાં થાય છે."[૧૧]

પ્રસ્તુત અધ્યયન સાહિત્યના સમાજશાસ્ત્રમાં કરવામાં આવ્યુ છે. સાહિત્યનું સમાજશાસ્ત્ર એક ગતિશીલ અને વિકાસશીલ વિજ્ઞાન હોવાના કારણે સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણને કોઈ નિશ્ચિત સૈધ્ધાંતિક માન્યતાઓમાં બધ્ધ કરવામાં જો કે સફળ નથી થઈ શકયુ તો પણ સાહિત્યના સમાજશાસ્ત્રીઓ એવા નિયમોની સ્થાપના કરી શકયા છે જે સૈધ્ધાંતિક રૂપમાં પ્રતિષ્ઠિત થઈ શકયા છે.

સાહિત્ય સમાજશાસ્ત્રી રુસેક સાહિત્યના સમાજશાસ્ત્રની ત્રણ મુખ્ય સૈધ્ધાંતિક માન્યતાઓનું નિરૂપણ કરે છે.[૧૨]

(૧) **પ્રતિચ્છાયા / દર્પણ સિધ્ધાંત** (The Reflection Theory)

(૨) **નિયામક સિધ્ધાંત** (Literature as a means of Social Control or The Control Theory

(૩) **પ્રભાવક સિધ્ધાંત** (The Influence Theory)

સાહિત્ય સમાજશાસ્ત્રી એલન સ્વિંગવુડ સાહિત્યના સમાજશાસ્ત્રીય અધ્યયન માટે ત્રણ માન્યતાઓનું નિરૂપણ કરે છે.[૧૩]

(૧) **દર્પણ સિધ્ધાંત** (The Theory of Reflection)

(૨) **લેખકની સામાજિક સ્થિતિ અને વ્યકિતત્વનો સિધ્ધાંત** (The Theory of Personality)

(૩) **કૃતિનું અસ્તિત્વ અને સ્વીકારનો સિધ્ધાંત** (Reception Theory of Literature)

---

૧૧. Nadel, S.F., **The Theory of Social Structure**, London, 1957, Page No. 1.

૧૨. Roucek J.S., **The Sociology of Literature**, Indian Journal of Social Research, Vol-II, No. 2, July, 1961.

૧૩. Alan Swingewood, **The Sociology of Literature**, MacGibbon & Kee, London, 1971, Page No. 13, 17, 21.

સાહિત્યના સમાજશાસ્ત્રીય અધ્યયનોમાં ઉપર્યુકત રુસેક અને એલન સ્વિંગવુડના સિધ્ધાંતોનો ઉપયોગ કરીને સાહિત્યને સમાજનું દર્પણ અને પ્રતિબિંબ તરીકે સમાજના નિયામક અને પ્રભાવક તરીકેના રૂપમાં તથા લેખકનું વ્યકિતત્વ અને તેની સામાજિક સ્થિતિના સંદર્ભમાં અને કૃતિની સામાજિક સ્વીકૃતિના સંદર્ભમાં તથ્યોનું સંકલન અને ઉપકલ્પનાઓનું નિર્માણ અને પરીક્ષણ થતા રહયા છે. જેનો વિશ્વના સાહિત્યકારો અને સમાજશાસ્ત્રીઓએ સ્વીકાર કર્યો છે. જો કે તેમાં સમયે–સમયે પરિવર્તન અને નાવીન્યપૂર્ણ પરિવર્ધન થતુ રહયુ છે.

સાહિત્ય સમાજશાસ્ત્રીઓ તર્કસંગત નીતિઓ અને નિયમોનું નિર્માણ કરવા માટે અને સાહિત્ય સર્જનની જટિલ પ્રક્રિયા ને બોધગમ્ય બનાવવામાં સહાયક થવા માટે નીચે પ્રમાણે સૈધ્ધાંતિક નિરૂપણ કરીને પણ સાહિત્યનું અધ્યયન કરે છે.

(૧) સાહિત્યમાં વર્ણિત ઘટનાઓ અને સમાજમાં બનતી ઘટનાઓના સહસંબંધોની કારણાત્મક તપાસ.

(૨) સાહિત્યસંસ્થાના ઉદય અને વિકાસની પ્રક્રિયાના કારણોનું નિરૂપણ તથા સમાજની અન્ય સંસ્થાઓની સાથેના તેના સંબંધોનું કારણાત્મક અધ્યયન. (કાર્ય–કારણ સંબંધ)

(૩) સાહિત્યમાં દર્શિત સામાજિક સંરચનાઓ અને સમાજની વિભિન્ન સંરચનાઓના સહસંબંધનું નિરૂપણ.

(૪) સાહિત્ય સંસ્થાની જટિલ સંરચના, તેના કાર્યાત્મક સંબંધો અને સમાજ સાથેના તેના પારસ્પારિક સહસંબંધોનું કારણાત્મક અધ્યયન. (રચનાત્મક – કાર્યાત્મકવાદી સિધ્ધાંત)

(૫) સાહિત્યમાં જોવા મળતી મૂળભૂત એકતાના કારણાત્મક આધારોનું નિરૂપણ. (સામાજિક એકતાનો સિધ્ધાંત)

(૬) સામાજિક – સાંસ્કૃતિક પરિવર્તનો વચ્ચે સાહિત્ય સંસ્થાની રચના અને કાર્યોમાં થનારા પરિવર્તનો, પ્રભાવ અને પરિણામોનું કારણાત્મક અધ્યયન.

(૭) વાચકોના રસરુચિમાં થતા પરિવર્તનોનું કારણાત્મક અધ્યયન

ઉપર્યુકત જુદી–જુદી દ્રષ્ટિથી સાહિત્યમાં વર્ણિત ઘટનાઓ અને સાહિત્યિક તથ્યોનું પ્રયોગસિધ્ધ સામાન્યીકરણ શકય બને છે. ઉદાહરણ માટે કહીએ તો હિન્દી સાહિત્યનો ઈતિહાસ તપાસતા વિદિત થાય

છે કે વિભિન્ન યુગોમાં સાહિત્યના કથાવસ્તુમાં ઘણી વિભિન્નતા રહી છે. જેમ કે વીરગાથા યુગમાં ચારણ કવિઓ દ્વારા યુધ્ધ અને પ્રેમ વિષયક ઘટનાઓને કાવ્યમાં સ્થાન અપાયુ, ભકિતકાળમાં કવિઓ તપોભૂમિની સાધનાને અને આધ્યાત્મિક જ્ઞાન અને ભકિતભાવનાને કાવ્યમાં પ્રવાહિત કરતા રહયા, રીતિકાલીન કવિઓ રાજાના દરબારોમાં સ્થાન પામી રાજાઓની પ્રશંસા કરતી લૌકિક બાબતો અને શૃંગાર રસને કાવ્યમાં પ્રવાહિત કરતા રહયા. આમ, સાહિત્યની આ તથ્યાત્મક બાબત દ્વારા સાહિત્ય એ દેશ–કાળની પરિસ્થિતિઓ અને જનરૂચિનું પ્રતિબિંબ છે તે સાબિત થાય છે. કોઈપણ સમાજની સામાજિક, આર્થિક, રાજકીય પરિસ્થિતિઓ સાહિત્યમાં ચોકકસરૂપે પ્રતિબિંબિત થાય છે.

સાહિત્ય સમાજશાસ્ત્રીઓ એલ. શુકીંગ, મેડમ દ સ્ટેલ, ડાયના લોરેન્સન, એલન સ્વિંગવુડ, વિ. અફનાસ્યેવ, મૈકિસમગોર્કી, લ્યુનાચરસ્કી, એમ.સી. આલબ્રેચ, જે.એસ. રુસેક, સેન્ટ બ્યૂવ, રોબર્ટ એસ્કોરપિટ, એચ.ડી. ડંકન, લુઈસ બોનાલ્ડ, જયોર્જ એ હ્વાકો, સવોસ્ત્યાનોવ, માલ્કમ બ્રેડબરી વગેરેએ ઉપર્યુકત સાહિત્ય સમાજશાસ્ત્રીય સિધ્ધાંતોનું સમર્થન કર્યું છે. ઉપરાંત તેઓએ નીચે પ્રમાણેના અન્ય ત્રણ સિધ્ધાંતો દ્વારા પણ સાહિત્યના સમાજશાસ્ત્રમાં અભ્યાસ થઈ શકે છે તેમ જણાવ્યુ છે :

(૧) સંચારનો સિધ્ધાંત (Theory of Communication)
(૨) સાહિત્યિક તથ્યનો સિધ્ધાંત (Theory of Literary Fact)
(૩) સમાજવાદી યથાર્થવાદનો સિધ્ધાંત (Theory of Socialist Realism)

સાહિત્યના સમાજશાસ્ત્રના સૈધ્ધાંતિક વ્યાપની સંક્ષેપમાં ચર્ચા કર્યા પછી પ્રસ્તુત સંશોધનમાં તેમાંથી કયા સિધ્ધાંતનો મુખ્યત્વે આધાર લેવામાં આવ્યો છે અને સહાયક સિધ્ધાંતો તરીકે કયો આધાર લેવામાં આવ્યો છે તેની સ્પષ્ટતા આ પ્રમાણે કરી શકાય.

**(૧) પ્રતિચ્છાયા / દર્પણ સિધ્ધાંત :** (The Theory of Reflection)

આ સિધ્ધાંત એ બાબતનું પ્રતિપાદન કરે છે કે સાહિત્ય સમાજનું દર્પણ છે. એલન સ્વિંગવુડ આ સિધ્ધાંતના સંસ્થાપક તરીકે લુઈસ બોનાલ્ડ (૧૭૫૪–૧૮૪૦) ને માને છે. સર્વથી પ્રથમ લુઈસ બોનાલ્ડે કહયુ હતુ, "કોઈ પણ દેશના સાહિત્યના અધ્યયન દ્વારા તે દેશના લોકોના જીવન વિશે જાણી શકાય છે."[૧૪]

---

૧૪. Alan Swingewood and Diana Laurenson, **The Sociology of Literature**, MacGibbon & Kee, London, 1971, Page No. 13.

જો કે સમાજશાસ્ત્રીય અર્થમાં સાહિત્યનું વિશ્લેષણ એચ. તેને કર્યુ અને કહયું કે, "સાહિત્ય પ્રજાતિ, યુગ અને પર્યાવરણની નિપજ છે અને તે દરેકનું પ્રતિબિંબ તેમાં પડે છે. તે આર્થિક, કૌટુંબિક સંબંધો, આબોહવા, પ્રાદેશિકતા, રાજકીય ઘટનાઓ, આચારવિચાર, યુધ્ધ, ધર્મ, પર્યાવરણ તથા સામાજિક જીવનના વિભિન્ન પાસાઓને પ્રતિબિંબિત કરે છે."[૧૫]

સાહિત્યના દર્પણમાં કોઈ પણ અધ્યયનકર્તા કોઈપણ યુગના સમાજ અને સંસ્કૃતિ, સામાજિક સંબંધો અને તેમાંથી જન્મતી સામાજિક રચનાઓનું યથાર્થ દર્શન કરી શકે છે.

માર્ક્સવાદી વિચારકો પણ એ બાબતનું સમર્થન કરે છે કે સાહિત્ય સામાજિક વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરે છે. એમ.સી. અલબ્રેચની દ્રષ્ટિએ સાહિત્ય સામાજિક મૂલ્યોનું પોતાનામાં પ્રતિબિંબ પાડે છે. એવી જ રીતે એલન સ્વિંગવુડ કહે છે કે "સાહિત્ય સામાજિક સંરચના, કૌટુંબિક સંબંધો, વર્ગસંઘર્ષ, સંબંધ વિચ્છેદની પ્રવૃત્તિ તથા વસ્તીની રચનાનું પ્રત્યક્ષ પ્રતિબિંબ છે."[૧૬]

જેવી રીતે પાશ્ચાત્ય વિચારકો સાહિત્યને સમાજનું દપર્ણ માને છે તેવી રીતે ભારતીય વિચારકો પણ એ વાતનું સમર્થન કરે છે. જેમ કે આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદી કહે છે કે, "પ્રજાની સામાજિક વ્યવસ્થા જેવી હોય છે તેવું તેના સાહિત્યનું ઘડતર થતુ હોય છે."[૧૭]

ડૉ. શ્યામસુન્દર દાસ કહે છે, "સાહિત્યના અધ્યયનથી કોઈ પ્રજાતિના માનસિક – આધ્યાત્મિક અને નૈતિક વિકાસનો ક્રમિક આલેખ મળી શકે છે."[૧૮] રામચંદ્ર શુકલ, "સાહિત્યને સમાજનું નિર્જીવ દર્પણ નહીં પરંતુ સજીવ દર્પણ માને છે, જેમાં કેવળ વર્તમાન જ નહીં પરંતુ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય ત્રણેયના દર્શન કરી શકાય છે."[૧૯] આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી કહે છે, "સાહિત્ય એ બધી જ હકીકતોનું

---

૧૫. Alan Swingewood and Diana Laurenson, **The Sociology of Literature**, MacGibbon & Kee, London, 1971, Page No. 13.

૧૬. એજન પાના નં. ૧૩.

૧૭. आचार्य महावीर प्रसाद द्विवेदी, **साहित्य की महत्ता**, संक. गद्यमुक्ताहार, शुक्ला प्रकाशन, इलाहाबाद, १९९३.

૧૮. डॉ. श्यामसुन्दर दास, **साहित्यालोचना**, इण्डियन प्रेस पब्लिकेशन्स प्रा. लि., प्रयाग, १९६५, पृष्ठ-३७.

૧૯. रामचंद्र शुक्ल, **कला और आधुनिक प्रवृत्तियाँ**, प्रकाशन शाखा, सूचना विभाग, उत्तरप्रदेश, १९५८, पृष्ठ-२८-२९.

સજીવ વિવરણ હોય છે જેને માનવી એ જોઈ હોય છે, અનુભવી હોય છે અને સમજી હોય છે. જીવનની જે પરિસ્થિતિઓ આપણને નજીકથી અને સ્થાયીરૂપથી પ્રભાવિત કરે છે તેના વિષે માનવીના અનુભવોને સમજવાનું એકમાત્ર સાધન સાહિત્ય છે.''[૨૦]

''સાહિત્યકારના માધ્યમથી યુગ અને સમાજની બધી જ આકાંક્ષાઓ, સંપૂર્ણ ચેતના, સર્વ વિચારધારાઓ, બધા જ આંદોલનો અને તેમાંથી ઉદ્‌ભવતી પ્રવૃત્તિઓ સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે.''[૨૧]

ઉપર્યુકત તથ્યાત્મક પ્રસ્તુતીકરણ સાહિત્યના સમાજશાસ્ત્રના પ્રતિચ્છાયા / દર્પણ સિધ્ધાંતનું ઔચિત્ય અને મહત્વ સ્પષ્ટ કરે છે. જેના આધારે સાહિત્યના સમાજશાસ્ત્રમાં અધ્યયન કરનાર પોતાની ઉપકલ્પનાઓનું નિર્માણ અને પરીક્ષણ કરી શકે છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય અધ્યયનમાં શ્રી વર્ષા અડાલજાની જે કેટલીક નવલિકાઓ અને સામાજિક નવલકથાઓ પસંદ કરવામાં આવી છે; તેમાં અર્વાચીન ભારતીય સમાજનું વિશદ્ દર્શન થાય છે. સ્ત્રી પાત્રોની દરજ્જા અને ભૂમિકા વિષયક પરિસ્થિતિ સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજા દ્વારા પોતાની કૃતિમાં પ્રતિબિંબિત કરવામાં આવી છે, તેનાથી પ્રવર્તમાન ભારતીય સમાજમાં સ્ત્રીઓનું શું સ્થાન છે, તેમાં શું પરિવર્તન આવી રહયું છે, અનેકવિધ સામાજિક સંસ્થાઓમાં સ્ત્રીઓની કઈ સમસ્યાઓ તેઓના દરજજાને ગૌણ બનાવવામાં સહાયક બને છે, તે દરેકનું નવલિકાઓ અને નવલકથાઓના દર્પણમાં પ્રતિબિંબ પડે છે જેના વિશે આ અધ્યયન કરવામાં આવ્યુ છે.

**(૨) સમાજવાદી યથાર્થવાદ (વાસ્તવવાદ) નો સિધ્ધાંત :** (Theory of Socialist Realism)

સાહિત્યકાર દ્વારા પોતાની કૃતિઓમાં વાસ્તવિક અનુભૂતિઓ અને હકીકતોનું યથાવત્ નિરૂપણ કરવામાં આવે તો યથાર્થવાદી સિધ્ધાંતના આધારે અધ્યયનકર્તા ઉપકલ્પનાઓનું ઘડતર કરી શકે છે અને જે તારણો મળે છે તે સમાજનું વાસ્તવિક આલેખન હોય છે.

---

૨૦. आचार्य हजारीप्रसाद द्विवेदी, **साहित्य का साथी**, राष्ट्रभाषा प्रचार समिति, वर्धा, १९५७, पृष्ठ-४.

२१. डॉ. गोविन्द त्रिगुणायत, **साहित्य और समाज**, नवीन साहित्यिक निबंध, पृष्ठ-८१.

કોઈ પણ સાહિત્યકૃતિમાં વર્ણિત વિષય અને વિચારની પૃષ્ઠભૂમિનો આધાર કોઈને કોઈ ઘટના, સત્ય કે આંતર્ક્રિયાઓ હોય છે જ, અને તેથી તે કૃતિ માત્ર કાલ્પનિક, આદર્શાત્મક કે ભાવવાદી જ નહીં પરંતુ યથાર્થ હકીકતોનું પણ વર્ણન કરતી હોય છે.

સાહિત્યમાં યથાર્થવાદ, નગ્ન યથાર્થવાદ, અતિ યથાર્થવાદ, સામાજિક યથાર્થવાદ, ઐતિહાસિક યથાર્થવાદ, સમાજવાદી યથાર્થવાદ વગેરે શબ્દોનો પ્રયોગ વસ્તુલક્ષી ચિત્રણ માટે થતો રહયો છે. વીસમી શતાબ્દિમાં સાહિત્ય વિશ્લેષણમાં 'સમાજવાદી યથાર્થવાદ' ને સમર્થન મળ્યુ છે.

સાહિત્યના સમાજશાસ્ત્રમાં 'સમાજવાદી યથાર્થવાદ' ના સિધ્ધાંતમાં 'સાહિત્ય સમાજનું દર્પણ' છે અને વિચારથી આગળ વધીને સાહિત્ય સમાજની પુનર્સૃષ્ટિ છે, તે 'જન આત્માનું દર્પણ' છે એ બાબતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેમાં સાહિત્યકારને એક 'રચનાકાર' ના રૂપમાં પ્રસ્થાપિત કરીને તેને 'યુગદ્રષ્ટા' જ નહીં પરંતુ 'યુગસ્રષ્ટા' ના રૂપમાં પ્રસ્થાપિત કરતી વિચારધારા જોવા મળે છે. માર્ક્સવાદી વિચારધારામાં આ બાબતને સમર્થન મળેલુ જોવા મળે છે. મૈકિસમ ગોર્કી આ માન્યતાના સંસ્થાપકોમાંના એક છે.

મૈકિસમ ગોર્કીની પહેલા પણ આ દિશામાં પર્યાપ્ત ચિંતન થયેલુ જોવા મળે છે. વેલિંસ્કીના મતે, ''શ્રેષ્ઠ અને સાર્થક સાહિત્યની કસોટી 'સમાજ અને જીવન' ના સજીવ ચિત્રણમાં છે અને તે ત્યારે જ સંભવ બને જયારે લેખક પૂર્ણ અંતરંગતાની સાથે જનજીવન સાથે જોડાયો હોય. તે તેના સારા–માઠા, સત્ય–અસત્ય એવા દરેક પાસાઓનો પૂર્ણ આત્મીયતાથી ચિતાર આપે.''[૨૨] આ સિધ્ધાંતની ઉપર્યુકત માન્યતાનું સમર્થન કરનારાઓમાં ચર્નિશવસ્કી, દોબ્રોલ્યુબોવ,પ્લેખાનોવ, લૂનાચરસ્કી વગરેના નામો ઉલ્લેખનીય છે.

યથાર્થવાદી લેખક માનવીની વ્યકિતગત ક્ષમતાઓ દર્શાવે છે, તેની સાથે–સાથે સુખી અને સમૃધ્ધ જીવન તથા 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાનો પ્રસાર પણ કરે છે. સમાજવાદી યથાર્થવાદના સિધ્ધાંતની પરંપરામાં એલેક્ઝાંડર ફાદયેવ, માઈકલ શોલોખોવ, પોવેલ કોરિન, રૈલ્ફ ફૉકસ, બ્લા. મયાકોવસ્કી, કો. ફેદિન, એ. ઓવચૈરેન્કો, એ. જિસ, વાઈ. લૂકિન વગેરે વિચારકોનું મહત્વપૂર્ણ યોગદાન રહેલું છે. ભારતમાં આ વિચારધારના સમર્થકોમાં ગજાનન માધવ મુકિતબોધ, ડૉ. રામવિલાસ શર્મા, ડૉ. નામવરસિંહ, વગેરે મુખ્ય છે.

---

૨૨. **दर्शन, साहित्य और आलोचना**, पिपुल्स पब्लिशींग हाउस, १९५८, पृष्ठ-११-१२.

સમાજવાદી યથાર્થવાદ (વાસ્તવવાદ) ના સિધ્ધાંતની મુખ્ય વિચારધારા આ પ્રમાણે છે.

(૧) સાહિત્યકાર પરિવર્તનશીલ સમાજને તેની સમગ્રતા અને અનેકવિધતાની સાથે આલેખિત કરે છે. સમાજવાદી યથાર્થવાદી સિધ્ધાંતમાં કલા અને સાહિત્યમાં માનવસમાજના જે બાહયરૂપોને ચિત્રિત કરવામાં આવે છે તેને લક્ષ્યમાં રાખીને અભ્યાસ કરવો તેવું કહેવાયું છે. ઈ.આઈ. સવોસ્ત્યાનોવના મતે, "કલા અને સાહિત્યનો ઉદ્દેશ વાસ્તવિક વિશ્વ તથા માનવીનું સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણ અંકિત કરવાનો હોય છે."૨૩

(૨) સમાજવાદી યથાર્થવાદી અભ્યાસકર્તા સાહિત્યને માત્ર વસ્તુલક્ષી વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરવાવાળુ દર્પણ જ નહીં પરંતુ તેને રચનાત્મક પુનર્સૃષ્ટિનું દર્પણ માને છે. સાહિત્ય દર્પણની જેમ નિર્જીવ તથા નિષ્ક્રિય પ્રતિબિંબ જ નહીં પરંતુ એક સજીવ, સ્વચ્છ અને કલાત્મક પ્રતિબિંબ હોય છે.

(૩) સમાજવાદી વાસ્તવવાદની માન્યતા છે કે સાહિત્યકાર ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની સંભાવનાઓને સમગ્રતા સાથે સાકારરૂપ પ્રદાન કરે છે. માનવજીવનની ગહન અનુભૂતિઓ અને તેના સત્ય–અસત્ય પાસાંઓને ઝીલીને તે પોતાની કૃતિઓમાં દર્શાવે છે.

આમ, સમાજવાદી વાસ્તવવાદી સિધ્ધાંત એ તથ્યનું પ્રતિપાદન કરે છે કે સાહિત્યના સમાજશાસ્ત્રીય અધ્યયન દરમ્યાન અધ્યયનકર્તાએ એ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે સાહિત્યમાં વાસ્તવિક હકીકતોનું યથાયોગ્ય નિરૂપણ થયુ છે ? સાહિત્યકાર માનવીના સામાજિક સંબંધોની વ્યવસ્થા, સામાજિક તથા પ્રાકૃતિક પર્યાવરણ, કે જેમાં માનવીને અનેક સંઘર્ષોનો સામનો કરવો પડે છે તેને યથાયોગ્ય પોતાની કૃતિમાં અંકિત કરી શકયો છે ? સામાજિક પુનર્નિર્માણમાં અને સામાજિક પરિવર્તન લાવવામાં કૃતિ અને સાહિત્યકારનું શું યોગદાન રહયુ છે ? સાહિત્યકારે નવીન મૂલ્યો અને માન્યતાઓનું સર્જન કરીને સમાજ અને માનવજીવનને ગતિશીલ બનાવવામાં કોઈ યોગદાન આપ્યુ છે ?

---

૨૩. E.I. Savostyanov, **The Theory of Reflection and the Arts, Marxist Leninist Aesthetics and the Arts,** Progress Publishers, Moscow, 1980, Page No. 141.

ઉપર્યુકત સૈધ્ધાંતિક સ્પષ્ટતા પછી કહી શકાય કે આ સમાજશાસ્ત્રીય સંશોધનમાં શ્રી વર્ષા અડાલજાની જે કેટલીક નવલિકાઓ અને સામાજિક નવલકથાઓ પસંદ કરવામાં આવી છે તેમાં 'સમાજવાદી વાસ્તવવાદના સિધ્ધાંત' નો આધાર લઈને લેખિકાએ પોતાની કૃતિઓમાં જે વાસ્તવિક હકીકતોના, પોતાના સ્વાનુભવના અને સમાજમાંથી નિરીક્ષિત એવી કેટલીક વાસ્તવિક પરિસ્થિતિઓનું સચોટ નિરૂપણ કર્યુ છે તે બાબતોને ચકાસીને સાહિત્યકૃતિઓમાંથી સ્ત્રી પાત્રોનું અધ્યયન કર્યુ છે. અને તેના આધારે સ્ત્રીઓનો દરજજો અને ભૂમિકા તપાસવામાં આવ્યા છે. 'સમાજવાદી યથાર્થવાદના સિધ્ધાંત' નો આધાર લઈને શ્રી વર્ષા અડાલજાની કથાત્મક સાહિત્યકૃતિઓના સંદર્ભમાં ઉપકલ્પનાઓનું નિર્માણ પણ કરવામાં આવ્યુ છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય અધ્યયનમાં સાહિત્યના સમાજશાસ્ત્રીય સિધ્ધાંતોનો આધાર લેવામાં આવ્યો છે તે ઉપરાંત આ અધ્યયનને વધુ વૈજ્ઞાનિક બનાવવા માટે સમાજશાસ્ત્રના ''રચના–કાર્યવાદી સિધ્ધાંત'' (Structural-Functional Theory) નો આધાર પણ લેવામાં આવ્યો છે.

ભારતીય સમાજમાં વસ્તની દ્રષ્ટિએ દેશની કુલ વસ્તીનો લગભગ અડધો ભાગ સ્ત્રીઓની વસ્તીનો છે. બંધારણ દ્વારા અને કાયદાઓ વડે સ્ત્રીઓને પુરુષોની સમકક્ષ સમાનતા અને સ્વતંત્રતાના અધિકારો આપવામાં આવ્યા છે. છતાં તેનું વાસ્તવિક અમલીકરણ બહુ અલ્પ માત્રામાં થતુ જોવા મળે છે. સમાજની અનેક સંસ્થાઓ જેવી કે કુટુંબ, લગ્ન, રાજય, ધર્મ, શિક્ષણ, આર્થિક વગેરે તેમ જ ગ્રામ, શહેર અને આદિવાસી જેવા સમુદાયોમાં સ્ત્રીઓ અનેકવિધ દરજજાઓ ધરાવે છે અને અનેકવિધ ભૂમિકાઓ પણ ભજવે છે. સાહિત્યના આ સમાજશાસ્ત્રીય અધ્યયનમાં શ્રી વર્ષા અડાલજાની ગદ્યરચનાઓ–નવલિકાઓ અને નવલકથાઓ–માં આલેખિત અનેકવિધ સામાજિક સંસ્થાઓ અને સમુદાયોના માળખામાં સ્ત્રી પાત્રોનો દરજજો અને ભૂમિકા તપાસવામાં 'રચના–કાર્યવાદી સિધ્ધાંત' નો આધાર લેવામાં આવ્યો છે.

સમાજશાસ્ત્રના મહત્વના સિધ્ધાંતોમાં 'રચના–કાર્યવાદી સિધ્ધાંત' ગણાય છે. આ વિચારધારા પ્રમાણે સમાજ એક રચના છે, જેમાં અનેક વિભાગો હોય છે. સમાજરચનાની કેટલીક જરૂરિયાતો હોય છે, તે જરૂરિયાતો સંતોષાય તે સમાજરચનાના અસ્તિત્વ માટે અનિવાર્ય છે. સામાજિક રચનાતંત્રના વિવિધ વિભાગો વચ્ચે આંતરિક પરસ્પરાવલંબન હોય છે. અને તે દરેકની વચ્ચે કાર્યાત્મક સંબંધ હોય છે. સામાજિક રચનાતંત્રના એકમોને સ્વતંત્ર રીતે નહીં પરંતુ 'સમગ્ર' રૂપે જોવામાં આવે છે, કારણ કે તે બધા વચ્ચે આંતરિક સામાજિક સંબંધો હોય છે, આ સંબંધો ચોકકસ સ્વરૂપમાં પધ્ધતિસર રીતે ગોઠવાયેલા હોય છે.

જહોન્સન નોંધે છે કે, "કોઈપણ વસ્તુની રચના એ તેના ભાગો વચ્ચેના મહદંશે સ્થિર અને પારસ્પારિક સંબંધોની બનેલી હોય છે."[૨૪] "વિભિન્ન ઉપજૂથો, વિભિન્ન ભૂમિકાઓ, સંબંધિત અને નિયંત્રિત ધોરણો તેમ જ સાંસ્કૃતિક મૂલ્યોને જહોન્સન સામાજિક રચનાતંત્રના રચનાકીય પાસાં કહે છે. સામાજિક રચનાતંત્રના આ વિભિન્ન ભાગો વચ્ચેના મહદંશે સ્થિર અને પારસ્પારિક સંબંધોની ગોઠવણીને તેઓ "રચના" તરીકે ગણે છે."[૨૫]

રચના સાથે કાર્ય જોડાયેલું છે. કાર્યાત્મકવાદના મૂળ સામાજિક જીવશાસ્ત્રમાં રહેલા છે. ૧૮મી સદીમાં યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ અને ફ્રાંસમાં રાજયક્રાંતિએ પશ્ચિમના દેશોમાં સામાજિક–રાજકીય ફેરફારો સર્જયા, પરિણામે સામાજિક વિચારકોએ સમાજીવનમાં વ્યવસ્થાની જાળવણી અને સુગ્રથન અંગે બૌધ્ધિક ચિંતન કર્યુ. જેમાં સમાજની એક દેહ તરીકે કલ્પના કરી. જીવશાસ્ત્રમાં થયેલી શોધખોળોને કારણે માનવશરીરની રચના અને તેના કાર્યો અંગેની જાણકારી મળી તેના આધારે સામાજિક રચના અંગે ચિંતન કરનારાઓએ સમાજ અને તેના વિવિધ અંગો વચ્ચે પારસ્પારિક કાર્યાત્મક સંબંધો જોવાનો પ્રયાસ કર્યો. જેવી રીતે માનવદેહની રચના વિવિધ અંગોની બનેલી છે, તો પણ આપણે તે અંગોને સ્વતંત્ર એકમ નહીં પરંતુ એક સમગ્ર માનવદેહ તરીકે જ જોઈએ છીએ તેવી જ રીતે સામાજિક રચનાતંત્રમાં જે વિવિધ વિભાગો છે તે પરસ્પર અવલંબિત અને પ્રગાઢ રીતે જોડાયેલા છે, સંબંધિત છે. વિભિન્ન ઉપજૂથો, ભૂમિકાઓ, ધોરણો, સાંસ્કૃતિક મૂલ્યો અને ધ્યેયો વચ્ચે માનવદેહના અંગો જેવો જ કાર્યાત્મક સંબંધ છે. જેવી રીતે વિવિધ માનવઅંગોની ભૂમિકા વડે સમગ્ર માનવદેહનું તંત્ર ચાલે છે તેવી રીતે જ વિવિધ ઉપજૂથોમાં સભ્યો તરીકે ભૂમિકાઓ ભજવતા લોકો ધોરણો અને મૂલ્યોને આત્મસાત્ કરીને સમાજના રચનાતંત્રના સાતત્ય અને સુગ્રથન જાળવી રાખવાના પ્રયત્નો કરે છે જેના વડે સમગ્ર સમાજનું તંત્ર ચાલે છે અને તંગદિલીઓનું નિવારણ થાય છે.

સમાજમાં વિભિન્ન જૂથો આવેલા હોય છે. જહોન્સનના મતે સામાજિક વ્યવસ્થા પોતે જ એક સંગઠિત જૂથ છે, જે જૂથમાં અનેક પેટા જૂથો હોય છે, જેને ઉપજૂથો કહે છે. જેમ કે ભારતીય સમાજ એક વ્યવસ્થા તરીકે જૂથ છે તો તેમાં સ્ત્રી સમાજ, પુરુષ સમાજ, ગ્રામ અને શહેર સમાજ, આદિવાસી સમાજ

---

૨૪. ज्होनसन, हेरी.एम. (अनुवाद : योगेश अटल), **समाजशास्त्र**, कल्यानी पब्लिशर्स, लुधियाना, १९७०.

૨૫. એજન.

વગેરે ઉપજૂથો ગણાશે. જો તે બધાને જૂથ ગણીએ તો તેના પેટા જૂથો કે ઉપજૂથો તરીકે વિવિધ પ્રાદેશિક વિસ્તારોમાં જોવા મળતા સ્ત્રીસમાજો, ગ્રામ અને શહેર સમાજો ઉપજૂથો ગણાશે. તેમજ કુટુંબસંસ્થા, શિક્ષણસંસ્થા, લગ્ન સંસ્થા, વગેરે ઉપજૂથો ગણાશે. આ બધા ઉપજૂથોની આંતરક્રિયાની વ્યવસ્થા જૂથની આંતરક્રિયાનો એક ભાગ બની રહે છે.

ઉપજૂથો સાથે સંકળાયેલા સભ્યો એક ચોકકસ દરજજો ધરાવે છે. દા.ત. સ્ત્રીસમાજનો ચોકકસ દરજજો ભારતીય સમાજના ઉપજૂથ તરીકે છે. જેમાં સ્ત્રી કુટુંબમાં પુત્રી, પત્ની, માતા, બહેન, પુત્રવધૂ, મામી, કાકી, માસી, ફઈ, નાની, દાદી જેવો દરજજો ધરાવે, વ્યવસાય કરતી હોય તો ત્યાં કર્મચારી તરીકે દરજજો ધરાવે, શિક્ષણ સંસ્થામાં અભ્યાસ કરતી હોય તો ત્યાં વિદ્યાર્થિની તરીકે દરજજો ધરાવે. આવા વિભિન્ન ઉપજૂથોમાં સ્ત્રી જે વિભિન્ન દરજજો ધરાવતી હોય તેમાંથી દરજજા–સંકુલ સર્જાય છે. સમાજ વ્યવસ્થામાં દરજજાઓનો કોટિક્રમ જોવા મળે છે, તેના આધારે ઉપજૂથોના સભ્યોનો વ્યવહાર નકકી થતો હોય છે.

સામાજિક રચનાતંત્રનું બીજુ અંગ એટલે ભૂમિકા. જેમ ઉપજૂથોમાં દરજજાની વ્યવસ્થા છે તે રીતે ઉપજૂથોમાં સભ્ય તરીકે વ્યકિત ભૂમિકા ભજવે છે. આ ભૂમિકાઓ એ જવાબદારી કે સામાજિક અપેક્ષાઓની પૂર્તિને પારિભાષિત કરે છે. ભૂમિકાઓ દરજજાઓનું ગત્યાત્મક પાસુ છે. વિભિન્ન ઉપજૂથોમાં વ્યકિત દરજજાનુસાર જે ભૂમિકાઓ ભજવે છે તે સંયુકત રીતે ભૂમિકાસંકુલ સર્જે છે. દા.ત. સ્ત્રી કુટુંબમાં માતા, પુત્રી, પત્ની, બહેન કે પુત્રવધૂની ભૂમિકા ભજવતી હોય, વ્યવસાયના સ્થળે કર્મચારીની ભૂમિકા ભજવતી હોય, કોઈ મહિલામંડળમાં કે જ્ઞાતિમંડળમાં કોઈક પ્રકારની ભૂમિકા ભજવતી હોય. આ વિભિન્ન ભૂમિકાથી ભૂમિકાસંકુલ સર્જાય છે. જે સામાજિક રચનાતંત્રમાં સમાજના આંતરસંબંધોને અને આંતરક્રિયાઓને ગત્યાત્મક બનાવે છે.

સામાજિક રચનાતંત્રના ત્રીજા અંગ તરીકે સમાજશાસ્ત્રી જોન્સન સામાજિક ધોરણોને ગણે છે. તે બે પ્રકારના છે. સંબંધિત ધોરણો અને નિયંત્રિત ધોરણો. જેમાં સંબંધિત ધોરણો ભૂમિકા ભજવનારને અમૂક કાર્ય કરવાની આજ્ઞા આપતા ધોરણો છે. સમાજમાં અમુક પ્રકારનું જ વર્તન થવુ જોઈએ તેવુ સૂચવતા આ ધોરણો વિધેયાત્મક ફરજો સૂચવે છે. વ્યકિતએ ઉપજૂથોના સભ્ય તરીકે ભૂમિકા ભજવતી વખતે આ ધોરણોને અનુસરવાનું રહે છે. જયારે નિયંત્રિત ધોરણો, અમુક પ્રકારના વર્તન પર પ્રતિબંધ મૂકે છે. અમુક વર્તન ન થઈ શકે તેવું આ ધોરણો સૂચવે છે.

સામાજિક રચનાતંત્રના ચોથા અંગ તરીકે સાંસ્કૃતિક મૂલ્યો છે. વિભિન્ન ઉપજૂથોમાં વ્યકિતનો દરજજો, તેની ભૂમિકા, વર્તન, વ્યવહાર, વિચાર વગેરેનું માપદંડ આ સાંસ્કૃતિક મૂલ્યો છે. સામાજિક રચનાતંત્રમાં વ્યકિત જે વર્તન કરે છે, તેનું સમાજની અન્ય વ્યકિતઓ આ સાંસ્કૃતિકમૂલ્યો દ્વારા મૂલ્યાંકન કરે છે. કુટુંબ, લગ્ન, શિક્ષણ, વ્યવસાય કે અન્ય ઉપજૂથના સભ્ય તરીકે સ્ત્રીની ભૂમિકાઓ પણ આવા સાંસ્કૃતિક મૂલ્યો દ્વારા મૂલ્યાંકિત થતી રહે છે. સાંસ્કૃતિ મૂલ્યો આ રીતે વર્તનના માપદંડ બની રહે છે. તે ઉચિત–અનુચિત, સાચુ–ખોટુ, ઉંચો–નીચો વગેરે નકકી કરનારા માપદંડો છે. સમાજના સભ્યો આવા મૂલ્યો સાથે ભાવાત્મક રીતે જોડાયેલા હોય છે. જોન્સનના મતે સમાજ ગત્યાત્મક વ્યવસ્થા છે. સામાજિક પરિવર્તનની સાથે રચનાતંત્રના આ ચારેય અંગોની આંતર્‌સંબંધોની વ્યવસ્થા પણ પરિવર્તિત થઈ શકે છે.

સામાજિક રચનાતંત્રની ઉપર દર્શાવ્યા પ્રમાણેની વિસ્તૃત સમજૂતીના અંતે કહી શકાય કે સામાજિક વ્યવસ્થાના વિભિન્ન અંગો અને તેઓની વચ્ચે રહેલા આંતર્‌સંબંધોની ગોઠવણીથી સામાજિક રચનાનું સર્જન થાય છે. રચનાતંત્રના જે પરિણામો છે તે "કાર્ય" તરીકે ઓળખાય છે. કાર્યનો ખ્યાલ રચનાતંત્રના આધારે જ મેળવી શકાય. રચનાતંત્રનો પ્રત્યેક ભાગ સમગ્રની જાળવણી માટે કાર્ય કરે છે. આમ, સામાજિક રચનાતંત્રના વિવિધ અંગો અને સમગ્ર વચ્ચેનો જે સંબંધ છે, તે કાર્યાત્મક સંબંધ છે. કાર્યો સમાજના સભ્યોની જરૂરિયાતો પૂરી પાડે છે. સમાજના રચનાતંત્રની નિશ્ચિત પ્રવૃત્તિઓ હોય છે. આ પ્રવૃત્તિઓને કાર્ય કહી શકાય.

દરેક વ્યવસ્થાની કેટલીક જરૂરિયાતો હોય છે. જો આ જરૂરિયાતો સંતોષવામાં વ્યવસ્થા નિષ્ફળ નીવડે તો વ્યવસ્થા ટકી શકે નહીં. આવી અનિવાર્ય આવશ્યકતાઓને જહોન્સન 'કાર્યાત્મક સમસ્યાઓ' તરીકે ઓળખાવે છે.

કાર્યાત્મક વાદના સિધ્ધાંતના સંદર્ભમાં ઓગષ્ટ કોંત, હર્બર્ટ સ્પેન્સર, દુર્ખિમ, ટાલકોટ પારસન્સ, મર્ટન રોબર્ટ વગેરેએ જે વિશ્લેષણ કર્યુ છે તે પ્રસ્તુત સમાજશાસ્ત્રીય અધ્યયનના સંદર્ભમાં તપાસવું જરૂરી છે.

ઓગષ્ટ કોંતના કાર્યાત્મકવાદી વિચારો રચના અને કાર્યના સંદર્ભમાં તપાસવા જરૂરી છે. તેઓએ કહયું છે કે સમાજશાસ્ત્રમાં સમાજના સ્થાયીત્વ અને ગત્યાત્મકતા એમ બન્ને પાસાંઓનો અભ્યાસ જરૂરી છે. સમાજરચનાનાં વિવિધ અંગો કે વિભાગો વચ્ચેના પારસ્પારિક સંબંધોનો અભ્યાસ અને તેમાં આવતા

પરિવર્તનોનો અભ્યાસ કરતી વખતે સમાજશાસ્ત્રે જૈવિક દેહના અંગો જે રીતે પરસ્પરાવલંબિત રહીને કાર્ય કરે છે તેને ધ્યાનમાં રાખવું જોઈએ. કોંતે સમાજન એક દૈહિક વ્યવસ્થા સ્વરૂપે ઓળખાવેલ છે.

હર્બર્ટ સ્પેન્સરે સજીવતંત્રની સાથે સમાજ અને તેના વિવિધ વિભાગોને સરખાવ્યા છે. તેઓ કહે છે સમાજના વિભિન્ન અંગોની ગોઠવણીથી બનેલું રચનાતંત્ર નિયંત્રણ, વહેંચણી અને સાતત્ય એમ ત્રણ કાર્યો કરે છે. કુટુંબ, રાજય, વગેરે સંસ્થાઓ તે સમાજના અંગો છે અને તે અંગો રચનાતંત્રની જાળવણીનું કાર્ય કરે છે.

એમિલ દર્ખાઈમ પણ સમાજવ્યવસ્થાને સજીવતંત્ર તરીકે જુએ છે. સમાજના વિવિધ ભાગો વચ્ચે એક સમગ્ર વાસ્તવિકતા છે. આ સમગ્રની જે જરૂરિયાત છે તે તેના કાર્યો છે. જેનો સંતોષ સમગ્રમાં રહેલા અંગો, રચનાઓ અને વિભાગો દ્વારા મેળવવામાં આવે છે. દુર્ખિમે પણ સમાજને એક રચનાતંત્રીય વ્યવસ્થા તરીકે ઓળખાવ્યો છે. તેઓ સામાજિક તથ્યના કાર્યાત્મક અભિગમ દ્વારા વ્યકિતની ક્રિયા સમજાવે છે તેઓના મતે વ્યકિતની ક્રિયા સામાજિક તથ્ય દ્વારા પ્રેરાય છે. સામાજિક તથ્ય વ્યકિતને વર્તન કરવા દબાણ દ્વારા પ્રેરિત કરે છે. તે પ્રમાણે વ્યકિત ભૂમિકા ભજવે છે. સમાજના સભ્યો સ્વીકૃત સામાજિક મૂલ્યોથી પ્રેરાઈને વર્તન કરે છે.

ટાલકોટ પાર્સન્સ પણ સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં સમાજની સમજૂતી આપે છે. સામાજિક વ્યવસ્થાની જાળવણી માટે તેઓ "કાર્યાત્મક પૂર્વ જરૂરિયાતો" નો સંતોષ અનિવાર્ય ગણે છે. સામાજિક વ્યવસ્થાના એકમો તરીકે સામાજિક ક્રિયા, દરજ્જો અને ભૂમિકા તેમ જ ક્રિયા કરનાર આવશ્યક છે. તો જ વ્યવસ્થા બની શકે. તેઓ સામાજિક વ્યવસ્થાના સુગ્રથનાત્મક ક્રિયાતંત્રો તરીકે કાર્ય કરતી અનેકવિધ સંબંધાત્મક, નિયંત્રિત, સુગ્રથનાત્મક અને સાંસ્કૃતિક સંસ્થાઓની સમજૂતી આપે છે. જેના દ્વારા સમાજની એકતા, સુગ્રથન અને સાતત્ય–સ્થિરતા જાળવી શકાય છે.

રોબર્ટ મર્ટનના કાર્યાત્મવાદી વિચારો અને વિશ્લેષણ કાર્યાત્મકવાદના સિધ્ધાંતમાં મહત્વના છે. મર્ટનના મતે કાર્ય એ આત્મલક્ષી ખ્યાલ નથી પરંતુ વસ્તુલક્ષી ખ્યાલ છે. સમાજવ્યવસ્થાની કોઈ એક કે વધુ જરૂરિયાતો જેવી કે રચનાની જાળવણી, તંદદિલી નિવારણ, અનુકૂલન, ધ્યેય પ્રાપ્તિ કે સુગ્રથન સંતોષવામાં ફાળો આપે તેવા વસ્તુલક્ષી પરિણામોને કાર્યો કહેવાય. તેનાથી વિરૂધ્ધનો ખ્યાલ એટલે કે સમાજવ્યવસ્થાની જરૂરિયાતોના સંતોષમાં અવરોધ ઉભો કરે અને સમાજની એકતાને જોખમમાં મૂકે તેવા વસ્તુલક્ષી પરિણામોને

વિકાર્યો કહેવાય. આ બન્ને કાર્ય–વિકાર્ય સાપેક્ષ ખ્યાલો છે. કેટલીક સંસ્થા કે કેટલાક વસ્તુલક્ષી પરિણામો અમુક સંસ્થા કે સમાજવ્યવસ્થા માટે કાર્યાત્મક હોય તો અમુક માટે વિકાર્યાત્મક હોઈ શકે છે. મર્ટને એમ પણ જણાવ્યુ છે કે સમાજવ્યવસ્થામાં સ્વીકૃત, હેતુપૂર્વકના અને અનુકૂલન સાધવામાં ફાળો આપતા વસ્તુલક્ષી પરિણામોને પ્રગટ કાર્યો કહેવાય અને કેટલાક અણધાર્યા વસ્તુલક્ષી પરિણામોને પ્રચ્છન્ન કાર્યો કહેવાય. તે હેતુપૂર્વકના હોતા નથી. તેમ જ સમાજ સ્વીકૃત પણ હોતા નથી. પ્રગટ અને પ્રચ્છન્ન કાર્યો પણ સાપેક્ષ હોય છે. એટલે કે સમાજવ્યવસ્થાના કેટલાક સભ્યો માટે અમુક પરિણામ હેતુપૂર્વકનું અને સ્વીકૃત હોય છે અને એ જ પરિણામ બીજા સભ્યો માટે અણધાર્યુ હોઈ શકે છે. આ રીતે રોબર્ટ મર્ટન કહે છે કે સમાજના રચનાતંત્રમાં જે વિભાગો છે તે બધા કોઈને કોઈ કાર્ય કરે છે તે કાર્ય પ્રગટ કે અપ્રગટ સ્વરૂપે કે વિકાર્ય સ્વરૂપે હોઈ શકે છે. માનવસમાજનું સમાજશાસ્ત્રીય ઢબે વિશ્લેષણ કરવામાં મર્ટનના કાર્યાત્મક વિશ્લેષણના વિચારો મદદરૂપ થાય છે.

માનવવંશશાસ્ત્રી મેલિનોવસ્કીના મતે દરેક રચનાને તેનું કોઈને કોઈ કાર્ય હોય જ છે, કોઈ પણ રચના કાર્ય વગરની હોતી નથી. આ સંદર્ભમાં તેઓએ "સાર્વત્રિક કાર્યવાદ" નો સિધ્ધાંત આપ્યો હતો.

રેડકલીફ બ્રાઉને કાર્યાત્મકવાદને "રચનાતંત્રીય કાર્યાત્મકવાદ" તરીકે પ્રસ્તુત કર્યો છે. તેઓના મતે સમાજ એક આંગિક વ્યવસ્થા છે, તંત્ર છે. જેમાં દરેક અંગ ચોકકસ કાર્ય કરે છે, જેના દ્વારા સમગ્રની જાળવણી થાય છે.

આમ, રચનાતંત્ર એ સમાજવ્યવસ્થાનું સ્થિત્યાત્મક પાસુ છે અને કાર્ય એ ગત્યાત્મક પાસુ છે. આ બન્ને પાસાઓ પરસ્પરાવલંબી છે અને તેઓ વચ્ચે આંતર્‌સંબંધો પણ છે.

પ્રસ્તુત અભ્યાસમાં ભારતીય સમાજવ્યવસ્થાના એક અંગ તરીકે સ્ત્રીસમાજ અને તેનો દરજજો તપાસવાનો પ્રયત્ન સાહિત્યમાંથી વ્યકત થતા સ્ત્રીપાત્રોના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. સ્ત્રીસમાજના દરજજામાં આવી રહેલા પરિવર્તનો, તેમાં સર્જાતા પ્રશ્નો અને પડકારો તેમ જ સ્ત્રીસમાજની ભૂમિકા, ભૂમિકા–સંઘર્ષ અને તે બધામાં આવી રહેલા પરિવર્તનો, અને સર્જાતા પ્રશ્નોની તપાસ કરવામાં આવી છે. ભારતીય સમાજરચનાના અન્ય અંગો જેવા કે કુટુંબ, સંસ્થા, લગ્ન, શિક્ષણ, ધર્મ, રાજય, વ્યવસાય વગેરેમાં સ્ત્રીઓનો દરજજો કેવો છે તેમાં આવી રહેલા પરિવર્તનોને કારણે રચનાતંત્રની જાળવણીમાં કોઈ પ્રશ્નો ઉત્પન્ન થયા છે કે કેમ, વગેરે બાબતોનો અભ્યાસ 'રચના–કાર્યવાદી અભિગમ' દ્વારા કરવામાં આવ્યો છે.

ઉપરાંત સંશોધન કાર્ય દરમ્યાન જયાં આવશ્યક જણાય ત્યાં અન્ય સમાજશાસ્ત્રીય સિધ્ધાંતો જેવા કે સંઘર્ષવાદી સિધ્ધાંત, સામાજિક ક્રિયાનો સિધ્ધાંત, દર્પણ સ્વ–ત્વનો સિધ્ધાંત વગેરેનો સંદર્ભ પણ લેવામાં આવ્યો છે.

અભ્યાસના અંતે તારણો દ્વારા એ પણ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે કે ભારતના રાજયબંધારણ દ્વારા સ્ત્રીઓને આપવામાં આવેલા કોઈ પણ જાતના ભેદભાવ વિનાના, સમાનતા અને સ્વતંત્રતાના અધિકારો એ ફકત કાગળ ઉપરની જ વાત છે કે વાસ્તવિક વ્યવહારમાં તેનો અમલ થાય છે ખરો ?

## ૨.૬ સંશોધનના હેતુઓ :

સામાજિક સંશોધનો સામાજિક હકીકતોને લગતુ વૈજ્ઞાનિક જ્ઞાન પૂરુ પાડે છે. તે સામાજિક જીવનની વૈજ્ઞાનિક તપાસ કરવાનું અને તેની વૈજ્ઞાનિક સમજૂતી આપવાનું ધ્યેય ધરાવે છે. સામાજિક સંશોધનોના મુખ્ય બે હેતુઓ છે : જ્ઞાનપ્રાપ્તિનો હેતુ અને વ્યવહારુ ઉપયોગિતાનો હેતુ.

આ સંશોધનનો એક સામાન્ય હેતુ એ રહયો છે કે સામાજિક જીવનના ક્ષેત્રે આ સંશોધન દ્વારા પ્રાપ્ત નવીન તથ્યો ઉપર પ્રકાશ પાડવો. પી.વી. યંગના મતે, "સામાજિક સંશોધનનો મુખ્ય હેતુ એ છે કે વર્તમાન કે દૂરના સામાજિક જીવનને સમજવુ અને તેના દ્વારા સામાજિક વ્યવહારો ઉપર નિયંત્રણ મૂકવુ."[૨૬]

પ્રસ્તુત અધ્યયનમાં શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં જે સ્ત્રીપાત્રોનું આલેખન થયુ છે તેના અધ્યયનની મદદથી ભારતીય સમાજવ્યવસ્થામાં પ્રવર્તમાન સામાજિક ધોરણો, મૂલ્યો અને પરંપરાઓના સાંસ્કૃતિક તેમ જ રચનાતંત્રીય માળખામાં સ્ત્રીઓના સામાજિક દરજજાને અને સ્ત્રીઓ દ્વારા સમગ્ર સામાજિક વાતાવરણ સાથે સાધવામાં આવતા અનુકૂલનને, ભૂમિકાને સ્ત્રીના મનોવ્યાપારને અને ઉત્પન્ન થતી સમસ્યાઓને તપાસવામાં આવેલ છે.

**૨.૬.૧** સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં તેઓએ આલેખેલા નારી જીવનનું વિશ્લેષણ કરવુ.

---

૨૬. Young P.V., **Scientific Social Surveys and Research**, 4th Edition, Englewood Cliff, N.J. Prentice-Hall, Inc., 1966, Page No. 56.

**૨.૬.૨** નવલિકાઓ અને નવલકથાઓમાં રજૂ થયેલા સ્ત્રી પાત્રો કે જેઓ સ્વાતંત્ર્યોત્તરયુગીન ભારતીય સમાજવ્યવસ્થામાં, સમાજજીવનના વિભિન્ન ક્ષેત્રો, જુદા–જુદા પ્રાદેશિક વિસ્તારો અને સામાજિક–આર્થિક સ્તરોમાંથી લેવામાં આવ્યા છે, તેઓનો સામાજિક દરજ્જો અને ભૂમિકા, ભૂમિકા–સંઘર્ષ, દરજ્જા સંઘર્ષ, તેમાંથી ઉત્પન્ન થતાં અનેક પ્રશ્નો અને પડકારોનું અધ્યયન સાહિત્યની મદદથી કરવાનો હેતુ છે.

**૨.૬.૩** સ્ત્રીઓના સામાજિક, આર્થિક, કૌટુંબિક, રાજકીય અને ધાર્મિક દરજ્જા અને ભૂમિકામાં આવેલા પરિવર્તનને તપાસવાનો હેતુ.

**૨.૬.૪** સ્ત્રીઓ પ્રત્યેના ભારતીય સમાજના વલણો અને અપેક્ષા કેવા છે તે તપાસવું.

**૨.૬.૫** સમાજમાં સ્ત્રીઓના અસમાન દરજ્જાથી ઉભી થતી સમસ્યાઓથી સમાજને સભાન બનાવવાનો હેતુ.

**૨.૬.૬** સ્ત્રીઓને સ્વમાનથી અને સ્વતંત્રતાથી સ્વ–વિકાસ સાધવાની પ્રક્રિયામાં કયા પરિબળો અવરોધક છે તે જાણવું.

**૨.૬.૭** નવલિકાઓ અને નવલકથાઓની મદદથી સમાજના સાતત્ય અને વિકાસમાં અવરોધક બનતી અનિચ્છનીય બાબતોને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી વિશ્લેષિત કરીને તેને દૂર કરવાના સૂચનો થઈ શકે તે હેતુથી આ સંશોધન વિષય પસંદ કર્યો છે.

**૨.૬.૮** સામાન્યતઃ અધ્યયનોનો હેતુ અજ્ઞાત તથ્યોની શોધ અને જ્ઞાત તથ્યોની આવશ્યક નવી સમજ પેદા કરવી તે હોય છે. તેને સિધ્ધ કરવા વૈજ્ઞાનિક પધ્ધતિની મદદ લેવામાં આવે છે. તેમાં મૂળગામી નવી હકીકતોના સંબંધો સ્થાપવા તે તેનું વૈજ્ઞાનિક કાર્ય છે. પ્રસ્તુત સંશોધન દ્વારા સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા સાહિત્યની મદદથી તપાસવાની સાથે તેને આનુષંગિક એવા અને તેની ઉપર પ્રભાવ પાડતા લગ્ન, કુટુંબ, જ્ઞાતિ, રીતરિવાજો, માનવભાવો, સામાજિક સંબંધો, સામાજિક આંતર્ક્રિયાઓ, નેતૃત્વ સંઘર્ષો, યુધ્ધ, પ્રેમ, મૃત્યુ, જાતીયતા (sex), એકાકી જીવન અને વૈધવ્ય, સહજીવન અને છૂટાછેડા, માનસિક અને શારીરિક બિમારી, પ્રણયત્રિકોણ, લગ્નેતર સંબંધ, માતાપિતા અને સંતાનોના સંબંધો, જેલજીવન, ગ્રામીણ અને શહેરી જીવન, સ્થળાંતર, ઉદ્યોગીકરણ, પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ, આધુનીકરણ,

અસ્પૃશ્યતા, સ્ત્રીનું નિરાધારપણુ, ગરીબી, ગંદા વસવાટો, મદ્યપાન, ગુનાખોરી, કૌટુંબિક વિઘટન, અમીર વર્ગના લોકોના ગુનાઓ (White Collar Crimes) વગેરે પરિવર્ત્યો તપાસવાનો હેતુ છે.

**૨.૬.૯** સામગ્રી વિશ્લેષણની સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરીને તેના દ્વારા આવા પ્રકારના સંશોધનોની શકયતા નિર્દેશવી. તેની સાથે ભારતીય સંશોધન ક્ષેત્રે સાહિત્યના સમાજશાસ્ત્રીય અધ્યયનોની વરતાતી ઊણપ પૂરવાને પ્રસ્તુત સંશોધન મારફત યત્કિંચિત ફાળો આપી ભવિષ્યના અધ્યયન કાર્યને દિશાસૂચનો કરતુ ઉદાહરણ પૂરૂ પાડવાનો હેતુ છે.

**૨.૬.૧૦** વિકસતા સામાજિક વિજ્ઞાન "સાહિત્યના સમાજશાસ્ત્ર" નું સમાજશાસ્ત્રીય સંશોધનોમાં મહત્વ તપાસવાનો હેતુ.

## ૨.૭ સંશોધનની ઉપકલ્પનાઓ :

સંશોધનને ચોકકસ અને નિર્ધારિત દિશા આપવા માટે ઉપકલ્પના કેન્દ્રવર્તી ભૂમિકા ભજવે છે. "ઉપકલ્પના એ કામચલાઉ વિધાન છે, જેને સંશોધન દ્વારા તપાસવામાં આવે છે. તેના અભાવમાં સંશોધન નિરૂદ્દેશ્ય અને દિશાહિન છે."[૨૭]

"ઉપકલ્પના સંશોધનના વિશિષ્ટ અર્થમાં બે કે તેથી વધારે પરિવર્ત્યોના આંતર્સંબંધોને વ્યકત કરતુ એવું અસ્થાયી વિધાન અથવા સામાન્યીકરણ છે કે જેને માહિતીના આધારે ચકાસવાનું બાકી છે."[૨૮]

આમ, ઉપકલ્પના એ જેની ચકાસણી બાકી છે તેવા તથ્યોનો પ્રારંભિક ખ્યાલ છે, ઉપકલ્પના સાચી કે ખોટી પડી શકે છે, તેની મદદથી સંશોધન સંબંધી કાર્ય આગળ વધારી શકાય છે.

સામાન્ય રીતે સાહિત્ય વિષયક સમાજશાસ્ત્રીય સંશોધનોમાં ઉપકલ્પના ઘડવાની રીત અત્યાર સુધી થયેલા સંશોધનોમાં ઓછી જોવા મળી છે. પરંતુ પ્રસ્તુત સંશોધનમાં ઉપકલ્પનાઓનું ઘડતર કરવામાં આવ્યુ છે. આ ઉપકલ્પના ઘડતરનો સંદર્ભ ડૉ. વી.ડી. ગુપ્તાના પુસ્તક "Objective Analysis of Literature" (1983) માંથી પ્રાપ્ત થયો છે.

---

૨૭. Goode W.J. and Hatt P.K., **Methods in Social Research**, Mcgraw Hill Book Company, Tokyo, 1952, Page No. 56-57.

૨૮. જોષી વિદ્યુતભાઈ, **પારિભાષિક કોષ : સમાજશાસ્ત્ર**, યુનિવર્સિટી ગ્રંથનિમાર્ણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ–૬

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ સંબંધિત ઉપકલ્પનાઓની રચના આ પ્રમાણે કરવામાં આવેલ છે.

"સ્વતંત્રતા પ્રાપ્તિ પછી ભારતના રાજય બંધારણ દ્વારા કોઈપણ જાતના ભેદભાવ વિના દરેક નાગરિકને મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે છતાં .......

૧. સમાજમાં સ્ત્રીઓ તે અધિકારો નહિવત્ ભોગવી શકે છે.

૨. સ્ત્રીઓ પ્રત્યેના પરંપરાગત વલણો નહિવત્ બદલાયા છે.

૩. તેઓનો ગૌણ દરજજો યથાવત્ જળવાઈ રહયો છે.

૪. સ્ત્રીઓએ પોતાનો દરજજો ઉંચો લાવવા, પોતાની સ્વતંત્ર ઓળખ ઉભી કરવા ઝઝૂમવુ પડે છે.

૫. તેણે પોતાની સમસ્યાઓના નિરાકરણ માટે સ્વયં પ્રયત્નો કરવા પડે છે.

૬. સ્ત્રીઓના વ્યકિતત્વના વિકાસમાં અનેક સામાજિક–કૌટુંબિક પરિસ્થિતિઓ અવરોધક બને છે.

૭. અશિક્ષિત, ગરીબ (નિમ્નવર્ગની) અને પછાત તેમ જ આદિવાસી સમુદાયની સ્ત્રીઓનું જાતીય શોષણ આજે પણ થાય છે.

૮. પુરુષપ્રધાન સમાજની સ્ત્રીઓ પ્રત્યેની પરંપરાગત વર્તણૂંક અને રૂઢિચુસ્ત વિચારધારામાં અલ્પ પરિવર્તન આવ્યુ છે.

૯. સ્ત્રીઓને પોતાની ઈચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓને કુટુંબ અને સમાજ માટે કચડી નાખવી પડે છે.

૧૦. સ્ત્રીઓ સંઘર્ષોનો સામનો કરી આત્મગૌરવપૂર્વક જીવન જીવવા પ્રયત્ન કરે છે.

૧૧. શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રો વ્યકિતગત અને મનોવૈજ્ઞાનિક અભાવાત્મક સ્થિતિ અનુભવતા જોવા મળે છે; જે સમાજની અડધી વસતીની દયનીય સ્થિતિ દર્શાવે છે.

અત્રે એ નોંધવુ જોઈએ કે ઉપરોકત ઉપકલ્પનાઓ માત્ર પ્રસ્તુત સંશોધન વિષયને જ કેન્દ્રમાં રાખીને અને શ્રી વર્ષા અડાલજાની કેટલીક નવલિકાઓ અને નવલકથાઓના સંદર્ભમાં જ રચવામાં આવી છે.

## ૨.૮ સંશોધનના ખ્યાલો :

કોઈપણ વૈજ્ઞાનિક સંશોધનમાં ઘટનાનું વિશ્લેષણ કરવા માટે "ખ્યાલો" મહત્વનું સાધન છે; તેના વગર કોઈ પણ વૈજ્ઞાનિક સંશોધન કરી શકાય નહીં કે સમજી શકાય નહીં. અભ્યાસ હેઠળની બાબતોના

પાસાં સ્પષ્ટ કરવા માટે ખ્યાલોનો ઉપયોગ કરવો જરૂરી છે. "માહિતીને યોગ્ય રીતે ગોઠવીને વિવિધ માહિતી વચ્ચેનો સંબંધ સમજવા માટે સંશોધકે ખ્યાલોનો ઉપયોગ કરવો જ પડે છે."[૨૯]

"ખ્યાલ એ વાસ્તવિક ઘટનામાંથી કરવામાં આવેલી તારવણી રૂપ સારાંશ છે અને તે વાસ્તવિક ઘટનાના અમુક પાસાંને રજૂ કરે છે."[૩૦]

આમ ખ્યાલ એ અભ્યાસની બાબતોને પ્રતિક દ્વારા વ્યકત કરતો શબ્દ છે. દા.ત. વર્ગ, દરજજો, ભૂમિકા, ભૂમિકા–સંઘર્ષ, દરજજા–સંકુલ, મદ્યપાન, બેકારી, જન્મદર વગેરે ખ્યાલો છે. આવા ખ્યાલોના ઉપયોગ વડે જ ઘટનાનો અભ્યાસ, સમજૂતી અને પ્રચાર શકય બને છે.

પ્રસ્તુત સંશોધનને સ્પષ્ટ રીતે સમજવા માટે તેમાં ઉપયોગમાં લેવામાં આવેલા કેટલાક ખ્યાલો કે જેનો શ્રી વર્ષા અડાલજાની કેટલીક નવલિકાઓ અને નવલકથાઓમાંના સ્ત્રી પાત્રોના અધ્યયન દરમ્યાન અનેક વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેની અર્થાત્મક સમજૂતી અહીં પ્રસ્તુત છે.

## ૧. દરજજો અને દરજજા સંકુલ :

દરજજો એ સામાજિક પદ છે જે તેના ધારકના વ્યકિતગત ગુણો અથવા સામાજિક સેવાઓ ઉપરાંત તેના આદર, પ્રતિષ્ઠા, પ્રભાવ, અધિકાર અને કર્તવ્યની સીમાઓનું નિર્ધારણ કરે છે. દરજજો એ શુધ્ધ રૂપમાં એક સંબંધ સૂચક શબ્દ છે. અર્થાત્ પ્રત્યેક દરજજાનું બીજો દરજજો કે દરજજાઓ સાથેના સંબંધના સંદર્ભમાં જ અસ્તિત્વ હોય છે.

સમાજશાસ્ત્ર વિશ્વકોષમાં દરજજાની વ્યાખ્યા છે કે, "કોઈ સમૂહ અથવા સમાજની સંરચનાની અંદર એક ચોકકસ સમયે વ્યકિતને પ્રાપ્ત થયેલું પદ, પ્રતિષ્ઠા કે સન્માન એ તેનો દરજજો છે."[૩૧]

રોબર્ટ બર્સ્ટિડ્ટ કહે છે, "સમાજમાં કે જૂથમાં જે સ્થાન છે તે સ્થાનને દરજજો કહેવાય."[૩૨]

---

૨૯. Goode and Hatt, **Methods in Social Research**, McGraw Hill Book Company, Tokyo, 1952, Page No. 41.

૩૦. એજન પાના નં. ૪૨.

૩૧. रावत हरिकृष्ण, **समाजशास्त्र विश्वकोश**, रावत पब्लिकेशन, १९९८, पृष्ठ–३८५–८६.

૩૨. Biersted Robert, **The Social Order**, Tata Macgraw Hill, 1970.

પ્રા. મર્ટનના મતે, " એક એકલી વ્યકિત દ્વારા ધારણ કરવામાં આવેલા વિભિન્ન અને વિશિષ્ટ દરજ્જાઓને દરજ્જા–સંકુલ કહે છે."[૩૩]

દરેક સમાજમાં અને દરેક જૂથમાં અનેક સ્થાનો હોય છે, અને દરેક વ્યકિત ઘણાં સ્થાનો ધરાવે છે. વ્યકિત જેટલા જૂથોનો સભ્ય હોય તેટલા જૂથોમાં તેના દરજ્જા હોય છે. દા.ત. કુટુંબમાં પુત્ર, જ્ઞાતિમાં જ્ઞાતિનો સભ્ય, કોમમાં હિન્દુ, મુસ્લિમ કે અન્ય, રાજયમાં નાગરિક, કોલેજમાં વિદ્યાર્થી, બોર્ડિંગમાં છાત્રાવાસ કરનાર, કુટુંબમાં બહેનનો ભાઈ, નોકરીના સ્થળે નોકરીયાત વગેરે. આમ, પુત્ર, નાગરિક, વિદ્યાર્થી, છાત્રાવાસ કરનાર, ભાઈ, નોકરીયાત વગેરે જે–તે જૂથોમાં રહેલા સ્થાનને દરજ્જો કહેવાય. અને એક વ્યકિતએ ધારણ કરેલા ઘણા દરજ્જાઓને દરજ્જા–સંકુલ કહેવાય.

## ૨. સામાજિક તથ્ય :

ડોન માર્ટિનડેલ કહે છે, "સમાજમાં વર્તનની રીતો હોય છે. આવી વર્તનની રીતો વ્યકિતથી પર, વ્યકિતથી સ્વતંત્ર અને ભિન્ન હોય છે; અને વ્યકિતને અમુક રીતે જ વર્તનની ફરજ પાડે છે. વર્તનની આવી રીતોને દુર્ખિમે સામાજિક તથ્ય તરીકે ઓળખાવેલ છે."[૩૪]

સમાજશાસ્ત્રી એમિલ દુર્ખિમ નોંધે છે કે, "વર્તનની પ્રત્યેક રીત સામાજિક તથ્ય છે. વ્યકિતને અમુક રીતે જ વર્તન કરવા માટે તે બાધ્ય કરે છે. વ્યકિત પર તેનું નિયંત્રણ રહે છે. સામાજિક તથ્યો 'વસ્તુ' છે અને તે વ્યકિતગત અભિવ્યકિતથી ભિન્ન છે."[૩૫]

રોનાલ્ડ ફ્લેચર કહે છે, "વર્તનની અને વિચારવાની અમુક રીતો એટલે સામાજિક તથ્યો."[૩૬]

---

૩૩. रावत हरिकृष्ण, **समाजशास्त्र विश्वकोश**, रावत पब्लिकेशन, १९९८, पृष्ठ–३८९.

૩૪. Don Martinadale, **Nature and Types of Sociological Theory**, 1960, Page No. 88.

૩૫. Emile Durkheim, **The Rules of Sociological Method,** 1950, Page No. 2 quoted by Coser Lewis in his book - *Masters of Sociological Thought*, 1971, Page No. 129.

૩૬. Ronald Fletcher, **The Making of Sociology**, Vol-2; 1971, Page No. 320.

## ૩. ભૂમિકા :

સમાજશાસ્ત્ર વિશ્વકોષમાં ભૂમિકા વિષે સમજૂતી છે કે, "કોઈ વિશિષ્ટ સમૂહ અથવા સામાજિક પરિસ્થિતિમાં કોઈ વિશિષ્ટ પદ – દરજ્જાની સાથે સંકળાયેલ તથા કોઈ વિશિષ્ટ જવાબદારી અને અધિકારો સાથે જોડાયેલા વ્યવહારના પ્રતિમાનને ભૂમિકા કહે છે."[૩૭]

પ્રો. રાલ્ફ લિંટન કહે છે કે, "દરજ્જો સામાન્ય રીતે અધિકારો અને જવાબદારીઓનું એક સંકલન છે જયારે ભૂમિકા દરજ્જાના ગત્યાત્મક પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે."[૩૮]

કિંગ્સ્લે ડેવિસ નોંધે છે કે, "વ્યકિત પોતાના સામાજિક સ્થાનમાં રહીને તે સ્થાન સાથે સંગઠિત જે ક્રિયાઓ કરે છે તે તેની ભૂમિકા છે."[૩૯]

ટાલકોટ પાર્સન્સ કહે છે, "The Role is a status translated in to action."[૪૦]

આ રીતે ભૂમિકા એ (સ્થાન) દરજ્જા ઉપર રહેલી વ્યકિતની કામગીરી દર્શાવે છે. વ્યકિત જે દરજ્જો ધરાવતી હોય, તે માટે જે કાર્ય કરે તે તેની ભૂમિકા છે.

ભૂમિકા સામાજિક રચનાતંત્રનું અધારભૂત એકમ છે. વ્યકિતના દરજ્જા સાથે ભૂમિકાના તાણાવાણા જોડાયેલા હોય છે. ભૂમિકાના સંદર્ભ વગર દરજ્જાની કલ્પના કરી ન શકાય. દરજ્જાના સંદર્ભ વગર ભૂમિકાનો વિચાર ન કરી શકાય. વ્યકિતની ભૂમિકા સામાજિક વ્યવહારોનું એક માપદંડ છે, કે જે વ્યકિતને સમૂહની જરૂરિયાતો અને અપેક્ષાના સંદર્ભમાં યોગ્ય બનાવે છે. આમ સમાજની અપેક્ષાના સંદર્ભમાં વ્યકિત ફરજ બજાવે છે ત્યારે તે ભૂમિકા ભજવે છે તેમ કહી શકાય.

## ૪. ભૂમિકા–સંઘર્ષ :

સમાજમાં વ્યકિત એક સમયે એક સાથે અનેક દરજ્જાઓ ધરાવતી હોય છે; આ દરજ્જાઓને અનુરૂપ ભૂમિકા પણ ભજવતી હોય છે. સમાજની અપેક્ષા પ્રમાણે એક સાથે જુદી–જુદી ભૂમિકા ભજવતી

---

૩૭. रावत हरिकृष्ण, **समाजशास्त्र विश्वकोश**, रावत पब्लिकेशन, १९९८, पृष्ठ-३९.

૩૮. એજન પૃષ્ઠ નં. ૩૯

૩૯. Davis Kingsley, **Human Society**, MacMillan Co., New York, 1965.

૪૦. Parsons, Talcott, **The System of Modern Societies**, Prentice-Hall, Inc., Englewood Cliffs, New Jersey, 1971.

વખતે વ્યકિત મુશ્કેલી અનુભવે છે. અને તેને ભૂમિકા સંઘર્ષ કહે છે. જહોન્સન ભૂમિકા સંઘર્ષ વિશે જણાવે છે કે, "વ્યકિતની એક જૂથની ભૂમિકા તેના બીજા જૂથની ભૂમિકાથી વિરૂધ્ધની હોય ત્યારે ભૂમિકા સંઘર્ષની પરિસ્થિતિ ઉદ્ભવે છે."[૪૧]

આમ ભૂમિકા સંઘર્ષ એટલે વ્યકિત સમાજમાં જયારે એક કરતા વધારે ભૂમિકા ભજવતી હોય ત્યારે એક ભૂમિકાની ભજવણી બીજી ભૂમિકા ભજવણીમાં અવરોધ કે મુશ્કેલી ઉભી કરે અથવા બીજી ભૂમિકા વ્યકિત યોગ્ય રીતે ન ભજવી શકે તે. દા.ત. સ્ત્રીઓને કુટુંબમાં માતા, પત્ની, પુત્રી, પુત્રવધૂ તરીકેની ભૂમિકા ભજવવાની હોય અને વ્યવસાયમાં કર્મચારી તરીકેની. કુટુંબમાં ભૂમિકા ભજવીને વ્યવસાયના સ્થળે પહોંચે ત્યારે કયારેક મોડુ થઈ જાય, ઘરકામમમાં થાક લાગ્યો હોય તો વ્યવસાયમાં કુશળતાથી કામ ન થઈ શકે. અને સ્ત્રી પોતે માનસિક તાણ અને સંઘર્ષ અનુભવે તેવું બને. આમ, બે ભૂમિકા ભજવણીમાં મુશ્કેલી સર્જાય છે, સંઘર્ષ ઉભો થાય છે. આવી ભિન્ન ભિન્ન ભૂમિકા ભજવવાની આવે ત્યારે માનસિક સંઘર્ષ ઉત્પન્ન થવા લાગે છે. જે પરિસ્થિતિ ભૂમિકા સંઘર્ષ સૂચવે છે.

ભૂમિકાના અને ભૂમિકા સંઘર્ષના આ ખ્યાલના સંદર્ભે પ્રસ્તુત અભ્યાસને જોઈએ તો સ્ત્રીઓને બંધારણ દ્વારા અને કાયદા વડે તેમ જ શિક્ષણના વધેલા વ્યાપને કારણે સમાન હક અને તક મળ્યા છે. સ્ત્રીઓ વ્યવસાય કરતી થઈ છે. સ્વતંત્રતાથી જીવન જીવવા ઈચ્છે છે આમ, પરિવર્તનની સાથે સ્ત્રીઓની ભૂમિકામાં નવીનતા આવી છે તેની સાથે ભારતમાં સ્ત્રીની માતા–પત્નીની પરંપરાગત ભૂમિકાનું મહત્વ જળવાઈ રહયું છે. આથી ભૂમિકા સંઘર્ષ સર્જાય છે અને સ્ત્રી માનસિક તંગદિલી અને તાણ અનુભવે છે. ઉપરાંત સ્ત્રીનો દરજજો જે પરંપરાગત રીતે દ્વિતીય કક્ષાનો છે તે તો જળવાઈ જ રહયો છે. પ્રસ્તુત અભ્યાસમાં સ્ત્રી પાત્રોની મદદથી નવલિકાઓ અને નવલકથાઓમાંથી વ્યકત થતો ભારતીય સ્ત્રી સમાજનો દરજજો અને ભૂમિકા તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ૨.૯ સંશોધનની અભ્યાસ પધ્ધતિ અને પ્રવિધિઓ :

"સાહિત્યનું સમાજશાસ્ત્ર" એક સામાજિક વિજ્ઞાન છે. 'વિજ્ઞાન' એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન. "મર્યાદિત વિષયવસ્તુને લગતુ વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા મેળવેલુ જ્ઞાન એટલે વિજ્ઞાન."[૪૨]

---

૪૧. Harry M. Johnson, **Sociology : A Systematic Introduction**, Allied Publishers Pvt. Ltd., 1966, Page No. 16-20.

૪૨. Young and Mack, **Systematic Sociology**, Affiliated East-West Press Pvt. Ltd., New Delhi 1972, Page No. 3.

ગુડે અને હટ્ટ કહે છે, ''સામાન્ય રીતે વિજ્ઞાનને પધ્ધતિસર રીતે મેળવેલા જ્ઞાનસંચય તરીકે ઓળખાવી શકાય.''[૪૩] જેમાં 'પધ્ધતિસર' અને 'જ્ઞાન' એ બે શબ્દો સમજવા જોઈએ.

'પધ્ધતિસર' શબ્દ વૈજ્ઞાનિક પધ્ધતિનો સૂચક છે. અર્થાત્ વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા મેળવેલુ જ્ઞાન એ જ પધ્ધતિસરનું જ્ઞાન કહેવાય. નિશ્ચિત પધ્ધતિનો ઉપયોગ એ વિજ્ઞાનનું મહત્વનું લક્ષણ છે.

વેબ્સ્ટર શબ્દકોષમાં વિજ્ઞાનની વ્યાખ્યા છે કે, ''પધ્ધતિસરના જ્ઞાનની કોઈ પણ શાખાને વિજ્ઞાન કહેવાય.''

વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર અમર્યાદિત છે. પ્રત્યેક પ્રાકૃતિક ઘટનાઓ, સામાજિક જીવનનો પ્રત્યેક તબકકો, ભૂતકાળ કે વર્તમાન યુગના વિકાસનો પ્રત્યેક તબકકો વિજ્ઞાનનું વિષયવસ્તુ બની રહે છે. એટલે જ્ઞાનની કોઈપણ શાખાને વિજ્ઞાન કહેવાય કે નહીં તેનો માપદંડ તેનું વિષયવસ્તુ નથી, પરંતુ જ્ઞાનની એ શાખા જો વૈજ્ઞાનિક વલણ અપનાવીને વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા જ્ઞાન સંચય કરતી હોય તો તે વિજ્ઞાન છે એમ કહેવાય. તેથી જ સ્ટુઅર્ટ ચેઈઝ કહે છે કે, ''વિજ્ઞાન વિષયવસ્તુમાં નહીં પરંતુ પધ્ધતિમાં રહેલું છે.''

ઉપર્યુકત વિજ્ઞાનના અર્થની સમજૂતીથી એ સિધ્ધ થાય છે કે ''સાહિત્યનું સમાજશાસ્ત્ર'' પણ વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરીને પધ્ધતિસરનું જ્ઞાન મેળવતુ હોવાથી એક વિજ્ઞાન છે. અને તેથી પ્રસ્તુત અભ્યાસમાં વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

જો કે કલા કે સાહિત્ય જેવા વિશિષ્ટ પ્રકારના અધ્યયનો માટે અમુક જ અધ્યયન પધ્ધતિ કામિયાબ નીવડે છે. સામાજિક ઘટનાઓ વિશેષરૂપે ગુણાત્મક અને અમૂર્ત હોય ત્યારે તેનું વિશ્લેષણ જટિલ બને છે.

પ્રસ્તુત સંશોધનમાં વિષયની પસંદગી કર્યા પછી લેખિત સ્ત્રોતો – નવલિકાઓ અને નવલકથાઓ – માંહેના કથાવસ્તુના વિશ્લેષણ માટે સામગ્રી વિશ્લેષણ (Content Analysis) ની પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. અને તેના આધારે વર્તમાન સમાજ વ્યવસ્થાના જુદા–જુદા વર્ગોમાં અને જુદા–જુદા સમુદાયોમાં સ્ત્રીઓનો સામાજિક દરજજો અને ભૂમિકા તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

---

૪૩. Goode and Hatt, **Methods in Social Research**, McGraw Hill Book Co., 1952, Page No. 7.

આ સંશોધનકાર્ય દસ્તાવેજી માહિતી (Secondary Data) અને ગ્રંથાલય સંશોધન પધ્ધતિ (Library Research Method) પર આધારિત છે.

ઉપરાંત લેખિકા પોતે પોતાની કૃતિ દ્વારા શું કહેવા માગે છે તે જાણવા માટે શ્રી વર્ષા અડાલજાની મુલાકાતો લઈને તેઓ સાથેની વાતચીત રેકોર્ડ કરી, તે રેકોર્ડેડ માહિતીનું વિશ્લેષણ કરવાની મૅમોગ્રાફ પધ્ધતિનો ઉપયોગ આ સંશોધનમાં કરવામાં આવ્યો છે.

## ૨.૧૦ માહિતી સ્રોતો :

પ્રસ્તુત અભ્યાસ દસ્તાવેજી માહિતી અને ગ્રંથાલય સંશોધન પધ્ધતિ ઉપર આધારિત હોઈ શ્રી વર્ષા અડાલજાના નવલિકાસંગ્રહો અને નવલકથાઓનો સંશોધનના મુખ્ય માહિતી સ્રોત તરીકે ઉપયોગ કર્યો છે. ઉપરાંત વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થતા શ્રી વર્ષા અડાલજાના લેખોમાંથી માહિતી મેળવવામાં આવી છે. શ્રી વર્ષા અડાલજાએ પોતાના નવલિકા સંગ્રહો અને નવલકથાઓની પ્રસ્તાવનામાં જે વિગતો આપી છે તેનો પણ સંશોધનમાં ઉપયોગ કર્યો છે. લેખિકાની પ્રત્યક્ષ મુલાકાતો લઈને મૅમોગ્રાફ પધ્ધતિ દ્વારા સંશોધન માટે ઉપયોગી સામગ્રી મેળવી છે.

શ્રી વર્ષા અડાલજાના મોટા બહેન શ્રી ઈલા આરબ મહેતા, કે જેઓ ગુજરાતી ભાષાના પ્રાધ્યાપિકા રહી ચૂકયા છે અને ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે લેખનકાર્ય કરી રહયા છે તેઓ સાથેની વાતચીત દ્વારા પણ પ્રસ્તુત સંશોધન માટે ઉપયોગ માહિતી મળી છે.

અભ્યાસ વિષયને સુસંગત માહિતી પ્રાપ્ત કરવા માટે લેખિત સામગ્રી જેવી કે લઘુ તથા મહાશોધ નિબંધો, પુસ્તકો, પ્રગટ–અપ્રગટ લેખો, સંશોધનો, સામયિકો તેમજ વૃત્તપત્રોના લેખો વગેરેનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

## ૨.૧૧ સંશોધનનું મહત્વ :

પ્રાકૃતિક વિજ્ઞાનો હોય કે સામાજિક વિજ્ઞાનો હોય જો તેમાં સંશોધનો થતા રહે તો જ તેમાં નવીન શોધખોળો દ્વારા વિષયક્ષેત્રનો વ્યાપ વધી શકે, તે દ્રષ્ટિએ સંશોધનનું ઘણુ મહત્વ છે. પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનનું મહત્વ આ પ્રમાણે દર્શાવી શકાય :

**૨.૧૧.૧** સમાજશાસ્ત્રમાં વિશેષીકરણની પ્રક્રિયાના ભાગરૂપે "સાહિત્યનું સમાજશાસ્ત્ર" નો ઉદ્ભવ અને વિકાસ થયો છે. ભારતીય સંશોધન ક્ષેત્રે સાહિત્યના સમાજશાસ્ત્રીય સંશોધનની વરતાતી ઊણપ પૂરવામાં પ્રસ્તુત સંશોધનકાર્ય યત્કિંચિત ફાળો આપી તેમાં ભવિષ્યના અધ્યયન કાર્યને દિશાસૂચનો કરતુ ઉદાહરણ

પુરુ પાડે છે તથા નવીન દિશા પ્રદાન કરવાની સાથે સાહિત્યના વૈજ્ઞાનિક અભ્યાસને મજબૂત આધાર પ્રદાન કરે છે.

**૨.૧૧.૨** સાહિત્ય સર્જનોમાં તત્કાલીન સમાજવ્યવસ્થા અને સામાજિક વાતાવરણનું નિરૂપણ થયુ હોય છે. પ્રસ્તુત સંશોધન દ્વારા સાહિત્યની મદદથી ભારતીય સમાજજીવન વિષે તથા તેમાં સ્ત્રીઓના દરજજા વિષેની જાણકારી મળી શકે છે.

**૨.૧૧.૩** ભારતીય સમાજમાં સ્ત્રીઓની ભૂમિકા અને તેની સામેના પડકારો કેવા છે તેની સમજૂતી પ્રસ્તુત સંશોધન દ્વારા મળે છે.

**૨.૧૧.૪** સમાજમાં સ્ત્રીઓનો સામાજિક દરજજો ઉંચો આવે અને તેઓ પોતાની વૈવિધ્યસભર ભૂમિકાઓ અવરોધો વિના ભજવી શકે તે માટે કેવા પ્રયત્નો કરવા જોઈએ તે અંગેની નીતિના ઘડતરમાં પ્રસ્તુત અભ્યાસમાંથી ઉપયોગી માહિતી મળી શકે છે.

**૨.૧૧.૫** એમિલ દુર્ખિમના મતે સમાજશાસ્ત્રમાં સામાજિક તથ્યોનો અભ્યાસ થવો જોઈએ. પ્રસ્તુત સંશોધન દ્વારા સાહિત્યની મદદથી એ સામાજિક તથ્યોનો અભ્યાસ કરવામાં આવ્યો છે જે નવલિકાઓ અને નવલકથાઓ દ્વારા દર્શાવવામાં આવ્યા છે; અને વિવિધ પરિવર્ત્યોની મદદથી ભારતીય સમાજનો હકીકતલક્ષી અભ્યાસ કરી તેનું વાસ્તવિક ચિત્ર રજૂ કરી શકાયુ છે. એ દ્રષ્ટિએ પ્રસ્તુત સંશોધનની ઉપયોગિતા છે.

## ઉપસંહાર :

આ પ્રકરણમાં પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનને દિશાસૂચન આપતું સંશોધન આયોજન દર્શાવવામાં આવ્યું છે. જેમાં સંશોધનનો વિષય અને તેની પસંદગીના કારણો, સંશોધનનો પ્રશ્ન, હેતુઓ, સંશોધનની ઉપકલ્પનાઓ, સંશોધનમાં ઉપયોગમાં લેવામાં આવેલી અભ્યાસ પધ્ધતિઓ અને માહિતી સ્રોતો દર્શાવવામાં આવ્યા છે. આ સંશોધન કયા સમાજશાસ્ત્રીય સિધ્ધાંતોને આધારે હાથ ધરવામાં આવ્યુ છે તે પણ વિસ્તૃત રીતે પ્રકરણમાં દર્શાવ્યુ છે. પ્રસ્તુત સંશોધનનું સમાજશાસ્ત્રમાં શું મહત્વ છે તે પ્રકરણના અંતિમ મુદ્દામાં જણાવવામાં આવ્યુ છે. હવે પછીના પ્રકરણમાં "સાહિત્યના સમાજશાસ્ત્રનો પરિચય" આપવામાં આવ્યો છે.

# પ્રકરણ – ૩
# સાહિત્યનું સમાજશાસ્ત્ર : પરિચય

| | |
|---|---|
| । | પ્રાસ્તાવિક |
| ૩.૧ | સાહિત્ય એક સંસ્થા તરીકે અને તેના માધ્યમ તરીકે ભાષાનું સમાજશાસ્ત્રીય મહત્વ |
| ૩.૨ | સાહિત્ય અને સમાજનો સંબંધ |
| ૩.૩ | સાહિત્યના સમાજશાસ્ત્રનો અર્થ |
| ૩.૪ | સાહિત્યના સમાજશાસ્ત્રનું લક્ષ્ય અને કાર્ય |
| ૩.૫ | સાહિત્યના સમાજશાસ્ત્રનો ઉદ્ભવ – વિકાસ |
| ૩.૬ | સાહિત્યના સમાજશાસ્ત્રનો ઐતિહાસિક વિકાસક્રમ |
| ૩.૭ | સાહિત્યના સમાજશાસ્ત્રનો ભારતમાં ઉદ્ભવ અને વિકાસ |
| ૩.૮ | સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસના અભિગમો અને પધ્ધતિઓ |
| ૩.૯ | સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર |
| ૩.૧૦ | સાહિત્યના સમાજશાસ્ત્રની મર્યાદાઓ |
| ૩.૧૧ | સાહિત્યના સમાજશાસ્ત્રનું ભાવિ |
| । | ઉપસંહાર |

# પ્રકરણ – ૩
# સાહિત્યનું સમાજશાસ્ત્ર : પરિચય

## પ્રાસ્તાવિક :

સમાજશાસ્ત્ર સમાજનું વૈજ્ઞાનિક અધ્યયન કરે છે. મેકાઈવર અને પેજના મતે, "સમાજ વ્યકિતઓનો સમૂહ જ નથી પરંતુ સમૂહના સભ્યોની વચ્ચે જોવા મળતા સંબંધોની એક વ્યવસ્થા છે."[૧] તે સામાજિક રીતિઓ, કાર્યપ્રણાલીઓ, અધિકાર અને પારસ્પારિક સહાય, અનેક સમૂહો તથા તેમના વિભાજન, માનવવ્યવહારના નિયંત્રણો તથા સ્વતંત્રતાઓની વ્યવસ્થા છે. આ હંમેશા પરિવર્તિત થનારી જટિલ વ્યવસ્થાને આપણે સમાજ કહીએ છીએ. તે સામાજિક સંબંધોનું ગૂંફન છે અને સદૈવ પરિવર્તનશીલ છે.[૨] આ સામાજિક સંબંધોની જટિલ વ્યવસ્થા સમાજશાસ્ત્રના અધ્યયન ક્ષેત્રને બહુ વિશાળ સ્વરૂપ આપે છે. પી.એ. સોરોકીન[૩] ના મત અનુસાર સમાજશાસ્ત્ર સામાજિક–સાંસ્કૃતિક ઘટનાઓના સામાન્ય સ્વરૂપો, પ્રકારો અને તેના આંતર્સંબંધોનું સામાન્ય વિજ્ઞાન છે. તે સામાજિક–સાંસ્કૃતિક ઘટનાઓના મુખ્ય સ્વરૂપો જેવા કે ધર્મ, મૂલ્ય, જ્ઞાન, કલા વગેરેનો પણ અભ્યાસ કરે છે. જેના પરીણામે ધર્મનું સમાજશાસ્ત્ર, મૂલ્યોનું સમાજશાસ્ત્ર, જ્ઞાનનું સમાજશાસ્ત્ર, કલાનું સમાજશાસ્ત્ર વગેરેનો વિકાસ થયો છે.

કલાના સમાજશાસ્ત્રની અધ્યયન પધ્ધતિ સફળ થઈ તેના પછી સાહિત્યનું સમાજશાસ્ત્ર, સંગીતનું સમાજશાસ્ત્ર, ચલચિત્રનું સમાજશાસ્ત્ર એમ અનેક શાખાઓનું ક્ષેત્ર વિસ્તૃત થતુ રહયુ છે.[૪] જેમાં 'સાહિત્યનું સમાજશાસ્ત્ર' જ્ઞાનની નવી શાખાના રૂપમાં વિશાળ સમાજશાસ્ત્રની અંતર્ગત પોતાનું મહત્વ સ્થાપિત કરી શકયુ છે. "સાહિત્યના સમાજશાસ્ત્ર" માં સાહિત્યને સામાજિક પ્રક્રિયાના એક પરિબળ તરીકે તપાસવામાં આવે છે.

સાહિત્ય એક સામાજિક–સાંસ્કૃતિક ઘટના છે. તે સમાજની સંસ્કૃતિનું અભિન્ન અંગ છે; તે સ્વયં એક સંસ્થા છે. અને તે માનવ અનુભૂતિઓની રાગાત્મક તથા સૌંદર્યાત્મક આકાંક્ષાઓની ભાવમયી

---

૧. મેકાઈવર અને પેજ, **समाज** (अनु.) रतन प्रकाशन मंदिर, आगरा, १९६८, पृष्ठ–६.

૨. એજન પાના નં. ૬.

૩. P.A. Sorokin, **Society, Culture and Personality**, Harper & Bros., New York, 1948, Page No. 16.

૪. ડૉ. માણેકલાલ પટેલ, **ગુજરાતી નવલકથામાં લગ્ન અને કુટુંબક્ષેત્રના આલેખનો**, આર.આર. શેઠની કંપની, અમદાવાદ, ૧૯૮૩, પાના નં. ૧.

અભિવ્યકિત છે; જે માનવ આંતર્ક્રિયાઓથી પોષિત થઈને સમાજ માટે અભિવ્યકત થાય છે તેના મૂળમાં માનવીની જરૂરિયાતો અને હિતો છે, જેની પૂર્તિ માટે તે અનેક રીતિઓ, સંસ્થાઓ, મૂલ્યો અને આદર્શોથી અસર પામીને વ્યકિત, સમાજ અને સંસ્કૃતિને પ્રભાવિત કરે છે. માનવવ્યવહાર ઉપર તેની પ્રભાવક અને નિર્ણાયક અસર પડે છે. આ દ્રષ્ટિએ સમાજશાસ્ત્રમાં સાહિત્યનું મહત્વ એલેક્સ ઈંકેલ્સ[૫], બોગાર્ડસ[૬], લુન્ડબર્ગ[૭], રુસેક[૮] વગેરે સમાજશાસ્ત્રીઓએ સ્વીકાર્યુ છે.

સાહિત્ય સંસ્થાના માધ્યમથી માનવ આંતર્ક્રિયાઓનું અર્થપૂર્ણ, વાસ્તવિક તથા વસ્તુનિષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરવાના પ્રયત્નના પરીણામે "સાહિત્યના સમાજશાસ્ત્ર" નો ઉદ્‌ભવ–વિકાસ થયો છે. સાહિત્યનું સમાજશાસ્ત્ર સમાજશાસ્ત્રની શાખાના રૂપમાં સ્વીકૃત થઈને સાહિત્ય પરિશીલનને વૈજ્ઞાનિકતા પ્રદાન કરે છે. જેના વડે સાહિત્યનું એક સંસ્થા તરીકે અને તેના માધ્યમ તરીકે ભાષા – એ બન્નેનું સમાજશાસ્ત્રીય મહત્વ પ્રસ્થાપિત થઈ શકયુ છે. આ પ્રકરણમાં સાહિત્યના સમાજશાસ્ત્રનો પરિચય આપવામાં આવ્યો છે. તેમજ સાહિત્ય અને સમાજના સહસંબંધ વિષે સમજૂતી આપવામાં આવી છે.

## ૩.૧ સાહિત્ય એક સંસ્થા તરીકે અને તેના માધ્યમ તરીકે ભાષાનું સમાજશાસ્ત્રીય મહત્વ :

સાહિત્યનો અર્થ થાય છે સહિતનો ભાવ. વ્યુત્પત્તિદર્શક અર્થમાં સાહિત્ય શબ્દની વ્યુત્પત્તિ સહિત્ + યત્ પ્રત્યયના સંયોગથી થઈ છે.[૯] તેનો અર્થ"सहितस्य भावः साहित्यं", અર્થાત્ સહિતનો ભાવ[૧૦]. "સહિત" શબ્દની વ્યાખ્યા બે રીતે કરવામાં આવે છે :

---

૫. Alex Inkeles, **What is Sociology ?**, Prentice-Hall of India, New Delhi, 1971, Page No. 12.

૬. E.S. Bogardus, **Sociology**, MacMillan Co., New York, 1954, P.P. 478-494.

૭. G.A. Lundberg, **Social Research**, Long man's, Green and Co., New York, 1951, Page No. 9.

૮. J.S. Roucek, **The Sociology of Literature**, Vol-II, No.2, July, 1961, P.P. 22-30.

૯. **हिन्दी साहित्य कोश**, स. धीरेन्द्र वर्मा आदि, ज्ञान मण्डल लि. वाराणसी, २०२० संवत, पृष्ठ-९२०.

૧૦. गुलाबराय, **काव्य के रुप**, १९५८, पृष्ठ-३, प्रतिभा प्रकाशन, दिल्ली.

(A) સહ અર્થાત્ સાથે હોવું. અર્થાત્ શબ્દ અને અર્થનો યથાવત્ સમભાવ.[૧૧] આ રીતે સાર્થક શબ્દ માત્રનું નામ જ સાહિત્ય છે. સાહિત્યનો આ અર્થ અત્યંત વ્યાપક છે. જેની અંતર્ગત માનવીય બોધ અને ભાવસમાવિષ્ટ છે.

(B) બીજો અર્થ "हितेन सह सहितं" અર્થાત્ હિતની સાથે હોવું. સાહિત્ય એ છે કે જેના વડે માનવ હિતનું સંપાદન થઈ શકે.[૧૨]

આમ, સાહિત્યનો એક અર્થ છે શબ્દ અને અર્થની સાથે કદમ મેળવીને ચાલવું અને બીજો અર્થ છે વ્યકિત અને સમાજના હિતમાં એકાકાર થવુ. સાહિત્ય રચના સમાજને માટે થાય છે. સાહિત્ય સમાજની માત્ર ભૌતિક કે માનસિક જરૂરિયાતોની પૂર્તિ જ નથીકરતું, તે સમાજની સંભાવના અને ઈચ્છાઓની શોધ છે જે માનવ સમાજને ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ મૂલ્યોને આત્મસાત્ કરવા માટે પ્રેરિત કરે છે, સમાજના આત્માની સંતુષ્ટિને, તેના અહંકારને, તેના દંભ અને તેના જૂઠને તે તોડે છે.

સાહિત્યમાં રચનાત્મક, ક્રિયાત્મક અને અભિનિર્દેશાત્મક શકિતઓ હોવાના કારણે તેનામાં એક સામાજિક સંસ્થા હોવાનો ગુણ પ્રાપ્ત છે. જે રીતે સંસ્થાઓની નિશ્ચિત સંરચના હોય છે, તેના કેટલાક મૂલ્યો અને આદર્શો હોય છે અને તેના સભ્યો તે અનુસાર ભૂમિકા ભજવે છે, અને ભૂમિકાના પ્રતિમાનો અનુસાર વ્યવહાર કરવા પ્રયાસ કરે છે; તેવી જ રીતે સાહિત્ય–સંસ્થાને પણ ચોકકસ સંરચના હોય છે, સીમાઓ હોય છે. બધી લેખિત સામગ્રી સાહિત્ય નથી હોતી, તેની રચનામાં કેટલાક સામાજિક–સાંસ્કૃતિક સંગઠન અને વિઘટનના મૂલ્યોનું દિગ્દર્શન થાય છે, નિર્ધારિત મૂલ્યોના આધારે સત્ય, શિવ અને સૌંદર્યમૂલક આદર્શોની અભિવ્યકિત થાય છે. અને આ મૂલ્યો તથા આદર્શોના આધારે સાહિત્ય વ્યકિતની સમક્ષ ભૂમિકા પ્રતિમાન પ્રસ્તુત કરે છે. જેમ કે રામચરિતમાનસ દ્વારા કવિ એ કહે છે કે સમાજ કેવો હતો, તેમાં માતા–પિતા, પુત્ર, ભાઈ, પત્ની, રાજા, મંત્રી, પ્રજા વગેરેનો શું પ્રસ્થાપિત દરજજો હતો, તેઓના સામાજિક મૂલ્યો અને આદર્શો કેવા હતા અને વિભિન્ન સંબંધોમાં કેવા–કેવા પ્રકારની પ્રતિમાનિત ભૂમિકાઓ હતી. આમ, પ્રત્યક્ષ રૂપમાં જ નહીં પરોક્ષ રૂપે પણ સાહિત્ય સંસ્થાનું કાર્ય કરે છે.

---

૧૧. हिन्दी साहित्य कोश : पृष्ठ-९२०.

૧૨. काव्य के रुप, पृष्ठ-३.

ι **સાહિત્યનું સંસ્થાત્મક સ્વરૂપ :** સાહિત્ય એક એવી સંસ્થા છે જે શબ્દોને માધ્યમ બનાવીને માનવજીવનની વિવિધ વૃત્તિઓ (શૃંગાર, વિનોદ, ઉત્સાહ, ક્રોધ, ભય, ઘૃણા, શોક, આશ્ચર્ય અને નિર્વેદ વગેરે) નું રાગાત્મક ચિત્રણ કરીને મૂલ્ય અને દિશાની સ્થાપના કરે છે. આ ચિત્રણની ત્રણ વિશેષતા છે.

(A) **ગહનતા** (Accuteness) **:** અર્થાત્ સામાન્ય બાબતને પણ એવી રીતે કહેવી જેથી તેનું મહત્વ વધે, તે મર્મસ્પર્શી બની જાય. **દા.ત.** વિરહ વેદનાની અનુભૂતિ અને તેનું સંપ્રેષણ કોઈ ને કોઈ રીતે બધા પ્રિય અને પ્રિયાઓને થાય છે, જે સામાન્ય બાબત છે. પરંતુ "મેઘદૂતમ્" ની નાયિકાએ જે રીતે વિરહ નિવેદન કર્યુ તે સાહિત્યની ગહનતાપૂર્ણ ચિત્રણની વિશેષતા છે જેના કારણે તે બધાના હૃદયની મહાન સંપત્તિ બની ગયું.

(B) **યથાર્થતા** (Accuracy)**:** અર્થાત્ અભિપ્રેત બાબતની અભિવ્યકિત એવી સત્યતાથી થાય છે કે તેના વડે ઘટનાનું પરીક્ષણ થઈ શકે તે પૂર્ણતા પ્રાપ્ત કરી શકે. "લેડી મેકબેથ"નું ચિત્રણ સાહિત્યની યથાર્થતાની આ વિશેષતાથી પૂર્ણતા પામી શકયુ છે.

(C) **મિતવ્યયિતા** (Economy) **:** અર્થાત્ થોડા શબ્દોનો ઉપયોગ કરીને વધુ પ્રભાવશાળી વાત કહી શકાય. **દા.ત.** નાદિરશાહ બાદશાહ દિલ્હીમાં નિર્દયતાથી કત્લેઆમ કરાવી રહયો હતો. કોઈ તેને રોકી શકતુ ન હતુ. પરંતુ તેનો એક મંત્રી હતો તે સાહિત્યિક હતો, તેણે હત્યાકાંડ રોકવા માટે નાદિરશાહ ને કહયુ કે, "તમારા પ્રેમની તલવારે કોઈને જીવિત નથી રાખ્યા. હવે તો આપના માટે એક જ ઉપાય છે કે આપ શબોને ફરીથી જીવિત કરીને તેઓને ફરીથી મારવાનું શરૂ કરો."[૧૩] નાદિરશાહને માટે આ થોડી વાત એવી અસરકારક બની કે તેણે હત્યાકાંડ બંધ કરવાની આજ્ઞા કરી દીધી અને સમાજ સર્વનાશથી બચી ગયો. તલવારની વાણી પાસે હાર થઈ. સમાજની રક્ષા સાહિત્યએ કરી.

---

૧૩. "कसे न मांद कि दीगर ब तेग़ नाज़ कुशी ।
मगर कि ज़िन्दा कुनी ख़ल्क रा व बाज कुशी ।।"

આ સંદર્ભમાં સાહિત્યની પ્રક્રિયા પ્રતીકાત્મક બની જાય છે. પ્રતીક સમાજમાં સંસ્કૃતિના આદર્શો, મૂલ્યો અને વિચારોને પ્રદર્શિત અને નિયંત્રિત કરવાનું માધ્યમ છે. દરેક સંસ્થા પોતાના સભ્યોને મૂલ્ય અને દિશા પ્રદાન કરે છે તે મૂલ્યોના સંદર્ભમાં સભ્યોનો દરજજો અને ભૂમિકા નકકી થાય છે. કુટુંબ, જ્ઞાતિ, લગ્ન જેવી સંસ્થાઓ પ્રત્યક્ષ રીતે સભ્યોને દિશા નિર્દેશિત કરે છે  જયારે વિભિન્ન કલાઓ અને સાહિત્ય જેવી સંસ્થાઓ મૂલ્યોનો નિર્દેશ સૂક્ષ્મ અને ભાવાત્મક રીતે પ્રતીકોની મદદથી કરે છે. સાહિત્ય પ્રતીકોની એ ઢબ છે કે જે નિશ્ચિત અર્થમાં સામાજિક સંગઠન અને સાંસ્કૃતિક વિકાસનું મૂલ્ય પ્રસારિત કરે છે.

સમાજમાં દરેક વ્યકિત પોતાની જરૂરિયાતોની પૂર્તિ માટે અન્ય લોકો સાથે આંતર્ક્રિયા કરે છે જેમાંથી આંતર્સંબંધ સ્થાપિત થાય છે. આ પ્રક્રિયા દરમ્યાન આંતર્ક્રિયા કરનાર વ્યકિતઓના વિચાર, માન્યતા અને મનોવૃત્તિઓ સ્પષ્ટ થાય છે. અને મોટાભાગના લોકો દ્વારા તેનો સ્વીકાર થાય છે. અને તે સામાજિક સંસ્થાનું રૂપ ધારણ કરે છે. આ દ્રષ્ટિએ સાહિત્ય પણ એક સંસ્થાનું રૂપ ગ્રહણ કરી લે છે કેમ કે સાહિત્ય પોતાની સીમામાં ભાવનાઓને વ્યકત કરીને લેખક/કવિ અને પાઠક (વાચક), વ્યકિત અને સમાજની વચ્ચે આંતર્સંબંધ સ્થાપિત કરે છે. આ આંતર્સંબંધને પારસન્સ "સામાજિક વ્યવસ્થા" કહે છે. આ રીતે આંતર્સંબંધ અને આંતર્ક્રિયાનું નિર્માણ કરવામાં સાહિત્ય એક મહત્વપૂર્ણ ભાવનાત્મક સંસ્થાનું કાર્ય કરે છે. સાહિત્ય વસ્તુતઃ એક વિશાળ વિશ્વાત્મક સંસ્થા છે. આથી જ ડૉ. રાધાકમલ મુખર્જી કહે છે કે સાહિત્ય અને કલાનો મુખ્ય ઉદ્દેશ સામાજિક–સાર્વલૌકિક બનવાનો છે (Social - Universal) એ દ્રષ્ટિએ સાહિત્યનું સામાજિક મહત્વ છે. તે અન્ય કલાઓની સરખામણીમાં સમાજ સાથે બે કારણોથી વધારે નજીકનો સંબંધ ધરાવે છે : એક તો સાહિત્યનું માધ્યમ ભાષા છે અને ભાષા એક જૈવ – સામાજિક સત્તા છે. ભાષા સમાજને પારિભાષિત કરવાવાળું સમાજનું એક મુખ્ય પાસુ છે, સમાજના સભ્યોના આંતર્વ્યવહારનું ઉત્કૃષ્ટ સાધન છે. ભાષા અને સમાજનું અસ્તિત્વ એક બીજા વિના શકય નથી. જે ભાષા બોલનાર લોકોની સંખ્યા ઘટતી જાય તે લોકોનો સમાજ પણ અન્ય સમાજમાં વિલીન થઈ જાય છે. અથવા તો તે ભાષા અને ભાષીની અસ્મિતા લુપ્ત થઈ જાય છે. આવી ભાષાઓના મૃત્યુની સાથે–સાથે તેની સાથે સંબંધિત સમાજ પણ માનવ ઈતિહાસમાં લુપ્ત થઈ જાય છે.

વર્તમાન કાળમાં જયારે વિભિન્ન સમાજો અને વિભિન્ન ભાષાઓની વચ્ચે સંપર્ક વધતો જઈ રહયો છે ત્યારે કોઈ ભાષા કે સમાજનું એકાંત અસંભવ છે. સમાજ અને ભાષાનો સંબંધ એક નવું કલેવર ધારણ કરી રહયો છે. તેથી પહેલાની તુલનામાં આજના માનવીનું ભાષિક અને સામાજિક જોડાણ, વધારે

સજાગ અને ઘનિષ્ઠ બન્યુ છે. આનુ પરીણામ એ આવ્યુ છે કે ભાષાનું અધ્યયન તો જ સારી રીતે કરી શકાય જો આપણે ભાષાના સામાજિક દબાણને તેની તમામ જટિલતાઓના પરિપ્રેક્ષ્યમાં તપાસીએ.

વર્તમાનમાં ભાષાના માધ્યમથી સાહિત્યકારનો પોતાનો સમાજ અને અન્ય સમાજોની વિવિધ અસરથી સાહિત્યનું સર્જન થઈ રહયું છે. તેથી તે કોઈ સીમિત સમાજનું સાહિત્ય નથી રહી શકતુ. કારણ કે અન્ય સમાજો દ્વારા અનુવાદના માધ્યમથી તેનું નિરંતર નિરીક્ષણ થતુ રહે છે. આથી આધુનિક સાહિત્ય સામાજિક પ્રક્રિયા સાથે વધારે ઘનિષ્ઠ રીતે સંકળાયેલુ છે.

સમાજના સાહિત્ય સાથેના સંબંધનું બીજુ કારણ એ છે કે સમાજ સાહિત્ય રચનાની પહેલા પણ છે અને સમાજ સાહિત્ય–રચનાની પછી પણ અસ્તિત્વમાં હોય છે. સાહિત્ય રચનાની પહેલા અનુભવ વિષયના રૂપમાં, વ્યકિતની ચેતનાને ઉન્મથિત કરવાવાળા ઘટકના રૂપમાં, સામાજિક સમસ્યાના રૂપમાં અને સાહિત્યરચનાની પછી સમાજ સંબોધ્યના રૂપમાં રહે છે. કારણ કે સાહિત્યની રચના સમાજને માટે થાય છે, સમાજના હિત માટે થાય છે. જો સમાજમાં કોઈ વિરૂપતા–કુરૂપતા હોય તો સાહિત્ય સર્જકે તેને પોતાની કૃતિમાં રજૂ કરવુ જોઈએ જેથી તેનું નિવારણ કરવા વાચકો પ્રયત્ન કરે. આમ, સમાજ સાથે સાહિત્યનો સંબંધ બહુ જટિલ છે. સાહિત્યનું લક્ષ્ય સામાજિક પ્રક્રિયાનું માત્ર વિશ્લેષણ કરવાનું કે મનોરંજન કરવાનું જ નથી હોતુ પરંતુ તેનું લક્ષ્ય સમાજની રસરુચિ અનુસાર તેના માટે બૌધ્ધિક સામગ્રી પૂરી પાડવાનું હોય છે.

સાહિત્ય જીવનના અનુભવોમાંથી રચાય છે. માનવીના ભયો, આશ્ચર્યો, વેરઝેર, ઈર્ષા, કલ્પનાઓ, વિચારો, પ્રેમ, લાગણી, ઘૃણા, વાત્સલ્ય, વિસ્મયો વગેરેનું પ્રતિબિંબ સાહિત્યમાં જોઈ શકાય છે. સાહિત્ય લોકોના સમૂહોના આંતર્સંબંધોનું પ્રતિબિંબ પાડે છે. "Literature is a vital record of what men have seen in life. What they have experienced of it" એવું ડબલ્યુ.એચ. હડસન[૧૪] માને છે.

આથી સ્પષ્ટ થાય છે કે સમાજ અને માનવજીવનને યથાયોગ્ય રજૂ કરવામાં સાહિત્ય અને ભાષા એ બે માધ્યમો મહત્વના છે. અબ્રાહમ કહે છે સાહિત્ય માત્ર સમાજનું દર્પણ નથી તે પથપ્રદર્શક દીપક પણ

---

૧૪. Hudson, W.H., **An Introduction to the Study of Literature**, George G. Harper & Co. Ltd., London, 1958, Page No. 10.

છે. ("Mirror and the lamp") તેથી કહેવાય છે કે, "Literature is a mirror of society" – "સાહિત્ય સમાજની આરસી છે." સાહિત્ય દ્વારા ગુસ્સો, ઈર્ષા વગેરે અનેક પ્રકારની માનવમન અને મગજની ગતિવિધિઓ સમજાવી શકાય છે. મહાન સાહિત્ય કૃતિઓમાં સામાજિક, ધાર્મિક, આર્થિક અને ઘરેલુ મૂલ્યોને જે–તે સમયના સંદર્ભમાં રજૂ કરવામાં આવ્યા છે. અને તે કૃતિઓના રચનાકારો જેવા કે મહર્ષિ વાલ્મિકી, મહર્ષિ વેદવ્યાસ, કવિ કાલિદાસ, શેક્સપિયર, મિલ્ટન, કવિવર રવીન્દ્રનાથ ટાગોર વગેરે અમર થઈ ગયા.

સેલીગ્મેન એડવીન આર.એ. અને જહોન્સન એલ્વિનના મતે "સાહિત્ય એ સંસ્કૃતિનો એક વિભાગ છે. તેનું વિષયવસ્તુ અને સમસ્યાઓ જૂથ પ્રવૃત્તિ અને જૂથની અનુમતિમાંથી ઉદ્ભવે છે. તેનું મહત્વ તેની અસરકારકતામાં છે અને તે સંસ્કૃતિને કઈ રીતે સમૃધ્ધ બનાવે છે તેના ઉપર આધારિત છે."[૧૫]

સાહિત્ય ઉપર સમગ્ર સમાજની ભૌત્તિક–આર્થિક વ્યવસ્થા, ખ્યાલાત્મક અને સંસ્થાકીય વર્ગમાળખુ, પ્રભાવી વિચારો રાજકીય સંગઠનો, મુખ્ય સંસ્થાઓ, સાંપ્રતકાલીન વાસ્તવિકતાઓ અને લોકોની લાગણીઓ, ભાવનાઓ અને મહત્વાકાંક્ષાઓની અસર થાય છે.

પીટ્રીમ સોરોકીન નામના સમાજશાસ્ત્રીએ સાહિત્યને આદર્શાત્મક, ઊર્મિપ્રધાન, રૂપકાત્મક, પ્રતીકાત્મક, વાસ્તવવાદી, પ્રકૃતિવાદી, ધાર્મિક, માર્મિક, બિનસાંપ્રદાયિક, સૈધ્ધાંતિક એવા પ્રકારોમાં વર્ગીકૃત કર્યું છે.[૧૬]

સાહિત્યની સમાજ ઉપર પણ અસર પડે છે. જેમ કે ગ્રીક તત્વજ્ઞાન અને ગ્રીક સાહિત્યની ગ્રીક અને રોમન સમાજ અને સંસ્કૃતિ ઉપર માત્ર અસર જ નહીં પરંતુ તેણે નવજાગૃતિના પરિબળોને પ્રોત્સાહન પણ આપેલુ. રુસોના લખાણો એ ફ્રેંચ ક્રાંતિને પ્રોત્સાહન પૂરુ પાડયુ છે. તોલ્સ્તોયના લખાણોની અસર રશિયન ક્રાંતિમાં જોઈ શકાય છે. રામાયણ–મહાભારત મહાકાવ્ય આજે પણ ભારતીય સમાજના મોટી સંખ્યાના શિક્ષિતો અને અશિક્ષિતોને પ્રેરણા આપે છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર આજે પણ બંગાળની

---

૧૫. Seligman Edwin R.A. & Johnson Alwin (Ed.), **Selections from the Encyclopedia of Social Sciences**, MacMillan, New York, 1957, Page No. 525.

૧૬. Pitirim A Sorokin, **Social and Cultural Dynamics**, Vol-II, American Book Co., New York, 1937, Page No. 157.

જનતાના મનમાં વિદ્યમાન છે. લગભગ ૧૨૫ વર્ષ પહેલા બંગાળના લેખક દીનબંધુ મિત્ર એ "નીલદર્પણ" નામની પ્રખ્યાત નવલકથા લખી હતી. તે આજે પણ તે સમયના બંગાળની સામાજિક પરિસ્થિતિનો ખાતરીબંધ દસ્તાવેજ મનાય છે. સાહિત્યની મદદથી ૧૯મી સદીમાં બંગાળ અને અન્ય રાજયોમાં સમાજ સુધારણાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. શરદ્ચંદ્ર એ રોજિંદા જીવનમાં રહેલા, સમાજવ્યવસ્થામાં ઊંડા મૂળ નાખીને પડેલા દૂષણોનો વિશ્લેષણાત્મક અભ્યાસ કર્યો અને પોતાની સાહિત્ય રચનાઓ દ્વારા બંગાળી સમાજમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો.

આમ, સાહિત્ય સામાજિક વાતાવરણ સાથેનો માનવીનો સહકાર અને સંઘર્ષ દર્શાવે છે, તેમ જ સામાજિક–નૈતિક ધોરણોનું વિશ્લેષણ પણ કરે છે. સમાજ માટે સાહિત્યનું મહત્વ હોવાથી સમાજશાસ્ત્રીય રીતે તેનું અદકેરુ મહત્વ છે. આ સંદર્ભમાં કોઝર લેવિસ નામના સમાજશાસ્ત્રી કહે છે કે, "સાહિત્ય સમાજશાસ્ત્રીય અધ્યયનનો એક મહત્વપૂર્ણ સ્રોત છે. જો સમાજશાસ્ત્રી તેના યોગદાનની અવગણના કરેછે તો તે પોતાના દ્રષ્ટિકોણને સંકુચિત અને સીમિત બનાવે છે."[૧૭]

રિચર્ડ હોગર્ટ કહે છે, "સાહિત્ય સમાજ વૈજ્ઞાનિકની ઉપકલ્પનાઓની યથાર્થતા ચકાસવા માટે એક પ્રયોગશાળાનું કાર્ય કરે છે. સાહિત્ય માત્ર કલ્પનાત્મક અભિવ્યકિત જ નથી તે સામાજિક હકીકતોની અભિવ્યકિત પણ છે. તેમાં વર્ણવવામાં આવેલો સમાજ એક સંગઠિત સમાજ છે જે સામાજિક તથ્યોની પ્રાપ્તિ અને ચકાસણીમાં ઉપયોગી બને છે."[૧૮]

ઉપરાંત તેઓ જણાવે છે કે, "કોઈ લેખકની પાસે એટલા ઉપયોગી તથ્યો હોઈ શકે છે જેટલા કોઈ સમાજવિજ્ઞાની પાસે હોય. અને તે મહત્વપૂર્ણ સંશોધન માટે સચેતન અને નિયંત્રિત સમુચ્ચયમાંથી જ નહીં પરંતુ કલ્પનાત્મક શકિતથી તેને વ્યવસ્થિત કરે છે. તે કલ્પનાત્મક શકિત સમાજ વિજ્ઞાનીની ઉપકલ્પના શકિતની જેવી જ હોય છે. અથવા બીજા શબ્દોમાં સમાજવિજ્ઞાનીની ઉપકલ્પનાની ક્ષમતા તેની કલ્પનાશકિતથી નિર્ધારિત થાય છે."[૧૯]

---

૧૭. Lewis A Coser (Ed.), **Sociology Through Literature**, Prentice-Hall, London, 1902, Page No. 3-4.

૧૮. रीचर्ड होगर्ट, **साहित्यिक कल्पना और समाजशास्त्रीय कल्पना**, आलोचना, अप्रैल–जून, १९७३, पृष्ठ–१७–१९.

૧૯. એજન પાના નં. ૧૭–૧૯.

આમ, સાહિત્યિક કલ્પનાઓ સમાજ વિજ્ઞાનીને સમાજના વિશ્લેષણ કરવાના વિભિન્ન પ્રયત્નોમાં નવીન જાણકારી પ્રદાન કરવામાં સહાયક બની શકે છે. પીટ્રીમ સોરોકીન તથા આર્નોલ્ડ ટોયનબી પણ સાહિત્યને સંસ્કૃતિનો એક અભિન્ન ભાગ ગણે છે.

## ૩.૨ સાહિત્ય અને સમાજનો સંબંધ :

એક કલાત્મક સંસ્થાના રૂપમાં સાહિત્ય સંસ્થાના અસ્તિત્વને સમાજશાસ્ત્રીઓએ સ્વીકાર્યું છે. અઢારમી શતાબ્દિમાં જ સાહિત્યને સંસ્થાના રૂપમાં માન્યતા મળી ચૂકી હતી. અને પ્રા. બર્નેટના મતે સાહિત્ય સંસ્થાના રૂપમાં ક્રિયાશીલ પણ હતુ. સાહિત્યને ધર્મની જેમ સમાજના નિયામક હોવાનો ગુણ પ્રાપ્ત થયો છે.

સાહિત્ય અને સમાજ બન્ને પરસ્પરના પૂરક ક્રિયાતત્વો હોવાથી જયાં–જયાં માનવસમાજ વિકસ્યો છે ત્યાં–ત્યાં સમકાલીન જીવન રહસ્યોનું સાહિત્ય પણ રચાતુ રહયુ છે. સમાજ વ્યકિતઓની આંતરક્રિયાઓના સાતત્યનું વ્યવસ્થાતંત્ર છે. તેના આદર્શો, પ્રવૃત્તિઓ, આકાંક્ષાઓ, આયોજનો વગેરેને વ્યકત કે પ્રતિબિંબિત કરનારી પ્રક્રિયાની અનુભૂતિના માધ્યમ તરીકે સાહિત્ય સર્જાય છે. આમ, સાહિત્ય સામાજિક પ્રક્રિયાના એક પરિબળ તરીકે કામ કરે છે. તેથી સમાજ એ સાહિત્યના તત્વોથી પોષાતુ વ્યવસ્થાતંત્ર છે અને સાહિત્ય એ સમાજની ચેતનાથી ઘડાતુ કલાક્ષેત્ર છે. એક સામાજિક સંસ્થા તરીકે સાહિત્યનો સ્વીકાર રૈને વૈલેક[૨૦], હૈરીલેવિન[૨૧] અને એમ.સી. અલબ્રેખ્તે[૨૨] પણ કર્યો છે.

સાહિત્ય હંમેશા સમાજના જીવાતા જીવનના આધારે રચાતુ હોય છે. જે સમાજજીવનની ખાસિયતો, ક્ષતિઓ, પ્રશ્નો, પ્રાપ્તિઓ (સફળતાઓ) વગેરેને વાસ્તવિક ઘટનાઓના આધારે પ્રતીકાત્મક રીતે વ્યકત કરતુ હોય છે. આમ, સમાજમાંથી સાહિત્ય સર્જાતુ હોઈ બન્ને અભિન્ન છે.

---

૨૦. Cf. Rene Wellek & A. Warren, **Theory of Literature**, Page No. 235.

૨૧. Cf. Harry Levin, **Literature as an Institution, in Sociology of Literature and Drama**, (ed.), Elizabeth and Tom Burns, Penguin Books Ltd., England, 1973, Page No. 56.

૨૨. Cf. M.C. Albercht, **Art as an Institution, in the Sociology of Art and Literature**, (ed.), M.C. Albrecht, James H. Barnett etc., Gerald Duckworth & Co. Ltd., London, 1970, Page No. 1-20.

સાહિત્યની સમાજ ઉપર દીર્ઘકાલીન અસરો થાય છે. સાહિત્યકારો પોતાની કૃતિઓ દ્વારા લોકમાનસનું ઈચ્છિત ઘડતર કરતા હોય છે, લોકમતનું પણ ઘડતર તેઓ કરે છે. આમ, સામાજિક વિચાર પ્રણાલીને અને સાંપ્રત પ્રવાહોને નિશ્ચિત દિશામાં વાળવામાં સાહિત્યનું આગવુ પ્રદાન હોય છે. પોતાની કૃતિ દ્વારા સાહિત્યકાર પોતે જે સામાજિક પરિવર્તન ઝંખતા હોય તે રજૂ કરીને અથવા તો જે સામાજિક સુધારાઓ કરવા ઈચ્છતા હોય તેને અનુલક્ષીને તે પોતાની કૃતિમાં વિચારો વ્યકત કરતા હોય છે અને સમાજના સભ્યો ઉપર તેની દૂરગામી અસરો પડતી હોય છે. સામાજિક પ્રશ્નોનું નિવારણ પણ સાહિત્ય દ્વારા થઈ શકે છે. જેમ કે ગાંધીયુગની સાહિત્ય રચનાઓ મહદંશે ભારતની પ્રજાને સ્વાતંત્ર્ય પ્રાપ્તિની ચળવળમાં જોમ અને જુસ્સો પૂરો પાડતી હતી. સ્વતંત્રતા પ્રાપ્તિના પાયામાં સાહિત્ય કૃતિઓનું યોગદાન ઘણું હતું.

સાહિત્ય સમાજજીવન ઉપર રચાતુ હોય છે. જો કે તેમાં સાહિત્યકારની પોતાની કલ્પનાઓ ઈચ્છાઓ અને આકાંક્ષાઓ અચૂક સામેલ હોય છે. છતાં તેમાં સમાજના દરેક સ્થળ અને કાળના પરિવર્તનની સાથે પરિવર્તન આવતું રહેતું હોય છે. આમ યુગે–યુગે સાહિત્ય સર્જનમાં પણ સમાજના પરિવર્તનની સાથે પરિવર્તન આવતુ રહેતુ હોય છે.

લુસીએ ગોલ્ડમાન અધ્યયનના કેન્દ્રબિંદુના રૂપમાં સાહિત્યિક કૃતિને મહત્વ આપે છે. તેઓ સાહિત્ય અને સમાજના સંબંધને એક જ વ્યાપક ચેતનાની સમગ્રતા કે જે એક સામાજિક વર્ગની વિશ્વદ્રષ્ટિથી નિર્માણ પામે છે, તેને વિશ્લેષિત કરવા ઉપર ભાર મૂકે છે. સાહિત્ય રચનાનું સર્જન માત્ર લેખકનું કાર્ય નથી પરંતુ કૃતિકારને પ્રેરણા આપવાવળી ચેતનાનું કાર્ય છે જેના વડે રચનાકારની કલ્પના સંગઠિત થાય છે. અને તે કોઈ એક વર્ગસમૂહની માનસસંરચનાને અભિવ્યકત કરે છે.[૨૩] કૃતિ લેખકનું માનસ સંતાન હોવા છતાં પણ તેનો ઉદ્‌ભવ, વિકાસ, અસ્તિત્વ તેમ જ સ્વીકૃતિ અને અસ્વીકૃતિમાં સમાજ તથા સંસ્કૃતિનું મહત્વપૂર્ણ યોગદાન હોય છે. સાહિત્ય અને સમાજના સંબંધો, લેખકની વિચારધારા, તત્કાલીન સંસ્કૃતિ તેમજ વ્યકિત અને સમાજ ઉપર સાહિત્યના પ્રભાવોનું અધ્યયન કૃતિના આધારે જ શકય બને છે. સાહિત્ય સમાજની અભિવ્યકિત છે, સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે, પુનઃસૃષ્ટિ છે. તે સમાજનું નિયામક અને પ્રભાવક છે, તે સમાજનો દસ્તાવેજ છે, તે સંસ્કૃતિનું વાહક અને સંરક્ષક પણ છે.

---

૨૩. Lucien Goldmann, **The Sociology of Literature : Status and Problems of Method; in the Sociology of Art and Literature**, (ed.) by Milton C. Albrecht, James H. Barnett and Mason Griff Gerald Duck Worth & Company Limited, London, 1970, Page No. 582-583.

જો કે સાહિત્ય એ સામાજિક–સાંસ્કૃતિક પરંપરાઓ અને ધોરણોની કાર્બન કોપી નથી. અન્ય કલાઓની જેમ તે પણ સામાજિક પરિસ્થિતિઓ અને વ્યકિતના વ્યકિતત્વને ભેગા કરે છે. રચનાકાર ઉપર તેના શિક્ષણ, રસરુચિ, સ્વભાવ, મિજાજ, વિચારો અને વિચારધારા તેમ જ તેના દેશ અને કાળની અસર થાય છે. અત્રે એ નોંધવુ જોઈએ કે પ્રાચીનકાળથી આજપર્યંત વિશ્વના જુદા–જુદા દેશોના લેખકો સમાજની સારી અને ખરાબ બન્ને બાબતોને સાહિત્ય રચનાઓ દ્વારા નિર્દેશિત કરતા આવ્યા છે અને તેમાં અંતે સારી બાબતોને તેઓએ વખાણી હોય છે. **દા.ત.** રામાયણ મહાકાવ્યમાં વાલ્મિકી ઋષિ એ રાવણના પાત્રની અશિસ્તભરી જિંદગી દર્શાવી છે અને રામાયણ વાંચ્યા પછી કોઈપણ વ્યકિત રાવણનું અનુકરણ કરવા ન ઈચ્છે. વાલ્મિકીજીએ કલાત્મકતાથી રામના પાત્ર દ્વારા સારી બાબતોનો ખરાબ બાબતો ઉપર વિજય અપાવ્યો છે.

જોસેફ એસ. રૂસેક કહે છે, "સમાજ અને સંસ્કૃતિ એ બન્ને સાહિત્યની સર્જનાત્મક શકિતઓ છે."[૨૪]

આ રીતે સમાજ અને સાહિત્ય વચ્ચે પ્રગાઢ સંબંધ છે એ સાબિત થાય છે.

સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે. તેનું અભ્યાસવસ્તુ સમાજ અને સમાજજીવન છે. તેના વિષેની માહિતી સાહિત્ય પાસેથી મળી શકે છે. એ રીતે સમાજશાસ્ત્ર માટે સાહિત્ય એ માહિતી પ્રાપ્તિનો મહત્વનો સ્રોત બની રહે છે. સમાજ વૈજ્ઞાનિકો યથાર્થ અને વાસ્તવિક માહિતી સાહિત્યમાંથી મેળવીને જટિલ સમાજવ્યવસ્થાનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી શકે છે.

વિવિધ પ્રકારના સાહિત્યિક સર્જનો જેવા કે નવલિકાઓ, નવલકથાઓ, લઘુનવલો, નિબંધો, નાટકો, કાવ્યો વગેરેમાં નવલિકાઓ, લઘુનવલો અને નવલકથાઓ વિશેષ ઘટનાપ્રધાન હોવાથી તેમાં સમાજજીવનની વિવિધ વાસ્તવિકતાઓનું યથાર્થ નિરૂપણ થયુ હોય છે. સમાજશાસ્ત્રીઓ માટે આવી માહિતી સંશોધનમાં ઉપયોગી બની રહે છે.

---

૨૪. J.S. Roucek, **The Sociology of Literature**, Indian Journal of Social Research, Vol-II, No. 2, July, 1961, Page No. 25.

સાહિત્યના ગદ્ય સ્વરૂપોમાં શહેર, ગ્રામ અને આદિવાસી સમુદાયની પ્રજાનું સામાજિક જીવન, આંતર્સંબંધોની ઢબ, સામાજિક આંતર્ક્રિયાઓ, વિચારસરણી, આદર્શો અને સામાજિક ધોરણો, પ્રથાઓ અને પરંપરાઓ, લોકરીતિઓ અને સામાજિક રિવાજો, લોકોની જીવનશૈલી વગેરેનું નિરૂપણ થયુ હોય છે. સામાજિક સંશોધકો માટે સાહિત્યની આ દરેક બાબતો સમાજને સમજવા માટે ઉપયોગી માહિતી બની રહે છે. ભારતીય સમાજને દ્રષ્ટિમાં રાખીએ તો કહી શકાય કે વૈદિક યુગીન સાહિત્ય, મધ્યકાલીન સાહિત્ય અને અર્વાચીન યુગીન સાહિત્યમાં જ્ઞાતિસંસ્થા, કે વર્ણવ્યવસ્થા, લગ્ન સંસ્થા, કુટુંબ સંસ્થા, શિક્ષણ સંસ્થા, રાજય વ્યવસ્થા, સ્ત્રીઓનો દરજજો અને ભૂમિકા આ દરેકનું અને તેમાં આવતા રહેતા પરિવર્તનોનું સ્પષ્ટ ચિત્ર જોવા મળે છે.

## ૩.૩ સાહિત્યના સમાજશાસ્ત્રનો અર્થ :

સાહિત્યનું સમાજશાસ્ત્ર કલાના સમાજશાસ્ત્રનું અંગ છે. સાહિત્ય એ સંસ્કૃતિનું અભિન્ન અંગ હોવાથી સાહિત્યનું સમાજશાસ્ત્ર 'સંસ્કૃતિના સમાજશાસ્ત્ર' સાથે પણ જોડાયેલું છે. વિશાળ રીતે તેને મનના સમાજશાસ્ત્ર કે જ્ઞાનના સમાજશાસ્ત્રનો અંશ પણ માની શકાય. સંસ્કૃતિના સમાજશાસ્ત્રમાં કલા અને સાહિત્યની શૈલી, વિષય, પ્રકરણ, પ્રસંગમાં પરિવર્તન તથા વૈચારિક સંકુલમાં પરિવર્તન વગેરેનું અધ્યયન થાય છે. આ ક્ષેત્રમાં અને વિશેષ કરીને કલાના ક્ષેત્રમાં સમાજશાસ્ત્રીઓએ બહુ ઓછુ સંશોધન કર્યું છે. તેથી સિધ્ધાંતો બહુ ઓછા બન્યા છે. કાર્લમાર્ક્સ અને એંજલ્સે આ દિશામાં પ્રયત્નો કર્યા હતા. તેઓના મતે કલા અન્ય અધિરચનાઓની જેમ જ આર્થિક સંરચનાના પરિવર્તન સાથે જોડાયેલી છે. "સમાજશાસ્ત્રીઓની દ્રષ્ટિએ સામાજિક સંસ્થાઓ એ મુખ્ય સંરચનાઓ છે જેના અધ્યયનથી માનવીય ક્રિયાઓ સંગઠીત થાય છે તથા માનવીની પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ થાય છે."[૨૫] સંસ્થાઓની રચનાઓ, તેની વિશિષ્ટ વૈયકિતક રચનાઓ, વિશિષ્ટ ભૂમિકાઓ અને ક્રિયાઓ, વિભિન્ન પ્રકારના સમૂહો તથા સંગઠનોથી નકકી થાય છે તથા વિભિન્ન મૂલ્યો, આદર્શો તથા વિશ્વાસોથી નિયમિત બને છે. તેની ઓળખ ઉચિત પ્રતિકો દ્વારા શકય બને છે.[૨૬] આ જટિલ સંરચનાને બોધગમ્ય બનાવવા માટે સાહિત્યનું સમાજશાસ્ત્ર વૈજ્ઞાનિક પધ્ધતિથી અભ્યાસ કરે છે.

---

૨૫. Milton C. Albrecht, **Art as an Institution**, In the Sociology of Art and Literature, (ed.) M.C. Albrecht, James H. Barnett and Mason Griff, Gerald Duckworth & Co. Ltd., London, 1970, Page No. 2.

૨૬. એજન પાના નં. ૨.

l એચ.ડી. ડંકન સાહિત્યના સમાજશાસ્ત્રીય નિરૂપણ વિષે જણાવે છે કે, "સાહિત્ય એક સ્વયંભૂ સંસ્થારૂપ છે. જે ધર્મ, દર્શન, રાજનીતિ વગેરેની જેમ સમાજમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કોઈ પણ સાહિત્યિક કૃતિના વિશ્લેષણના સમાજશાસ્ત્રીય આધાર માટે તે લેખક, વાચક તથા આલોચકની વચ્ચે થતી આંતર્‌ક્રિયાઓના અધ્યયન ઉપર ભાર મૂકે છે."[૨૭] તેઓનું માનવું છે કે સાહિત્યનો પોતાનો એક સ્વતંત્ર સમાજ હોય છે જેના નિર્માણમાં આ ત્રણેય એકમો (લેખક, વાચક અને આલોચક) ના આંતર્‌સંબંધોનું મહત્વપૂર્ણ યોગદાન હોય છે.

l એલન સ્વિંગવુડના મતે, "સાહિત્યનું સમાજશાસ્ત્ર એક વ્યાવસાયિક સમૂહ – લેખક, તેની જીવનશૈલી, આદર્શ સામાજિક પૃષ્ઠભૂમિ અને વ્યવહાર નીતિઓ–નું સમાજશાસ્ત્ર નથી. પરંતુ કોઈ લેખકની કૃતિનો અર્થપૂર્ણ રીતે વિશિષ્ટ ઐતિહાસિક પરિસ્થિતિઓ સાથે સંબંધ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે."[૨૮] તેઓનું માનવું છે કે વિષયવસ્તુની દ્રષ્ટિએ સાહિત્ય અને સમાજશાસ્ત્ર સમાન સ્તર ઉપર છે.

l સમાજવિજ્ઞાન કોશ (A Dictionary of Sociology) માં સાહિત્યના સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપવામાં આવી છે કે, "સમાજવિજ્ઞાનની એ શાખા જેમાં સાહિત્ય અને સમાજના પરસ્પરના સંબંધનું અધ્યયન કરવામાં આવે છે. વિશેષતઃ સાહિત્યના સમાજશાસ્ત્રમાં એ શોધવાનો પ્રયત્ન કરવામાં આવે છે કે સાહિત્યકાર પોતાની કૃતિઓની રચના કરતી વખતે સમાજની પ્રચલિત સંરચનાઓ, માન્યતાઓ અને ચેતના વગેરે દ્વારા કઈ રીતે પ્રભાવિત થાય છે અને પોતાના સાહિત્યથી સમાજને કઈ રીતે પ્રભાવિત કરે છે. એમાં કોઈ દેશના યુગવિશેષના સાહિત્યના માધ્યમ વડે તત્કાલીન સમાજની વ્યવસ્થાનો પરિચય કરવામાં આવે છે."[૨૯અ]

---

૨૭. H.D. Duncan, **Language and Literature in Society,** University of Chicago Press, Chicago, 1953.

૨૮. Alan Swingewood, **The Sociology of Literature**, MacGibbon & Kee, London, 1917, Page No. 81.

**૨૯અ.** डॉ. ओमप्रकाश गाबा, **समाजविज्ञान कोश**, बी.आर. पब्लिशींग कोर्पोरेशन, दिल्ली, पृष्ठ-२८३.

l કોઝર લેવિસના મતે "સાહિત્યનું સમાજશાસ્ત્ર અધ્યયનનું એક વિશિષ્ટ ક્ષેત્ર છે જે કલાકૃતિ, લોકો અને સામાજિક સંરચના (વ્યવસ્થા)ની વચ્ચેના સંબંધોને સ્પષ્ટ કરે છે."[૨૯બ]

l રોબર્ટ એસ્કોરપિટના પુસ્તક 'સોસ્યોલોજી ઓફ લિટરેચર' ની અનુવાદકીય ટીપ્પણીમાં અર્નેસ્ટપિક લખે છે, "સાહિત્યનું સમાજશાસ્ત્ર સાહિત્યિક સમાજની ઉત્પત્તિ, ઈતિહાસ અને નિર્માણના અધ્યયનનું એક યથાર્થ નામ છે, પરંતુ તે એ દરેક તત્વો કે જેનાથી તેની રચના થઈ છે તેને તે કોઈ પણ રીતે પૂર્ણરૂપે સીમિત નથી કરતું. સાહિત્યનો પોતાનો સમાજ છે જેની ઉત્પત્તિ, ઈતિહાસ અને નિર્માણનું અધ્યયન સાહિત્યનું સમાજશાસ્ત્ર કરે છે. આ સાહિત્યિક સમાજની રચનામાં સહાયક તત્વોની ભૂમિકાનું અધ્યયન સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસનો વિષય છે.[૨૯ક]

સાહિત્યસર્જનો એ સાહિત્યકાર અને સમાજ વચ્ચે થતી આંતરક્રિયાના પરિણામ સ્વરૂપ હોય છે, તેનું વસ્તુલક્ષી અધ્યયન કરનાર સામાજિક વિજ્ઞાનને સાહિત્યના સમાજશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે.

સાહિત્યના સમાજશાસ્ત્રમાં સમાજશાસ્ત્રીય સિધ્ધાંતો અને સંદર્ભોના માળખામાં રહીને સાહિત્યનું પધ્ધતિસર અધ્યયન કરવામાં આવે છે.

l "એ મોર્ડન ડીક્શનરી ઓફ સોસ્યોલોજી" માં વ્યાખ્યા છે કે, "સાહિત્યનું સમાજશાસ્ત્રીય અધ્યયન એ કાં તો લેખકની સમાજના સંદર્ભમાં સમજણ છે અથવા સામાજિક માળખાનો સાહિત્ય સાથેનો સંબંધ જ્ઞાનના સમાજશાસ્ત્રની રીતે તપાસવાનો પ્રયત્ન છે. પહેલાના શિક્ષિત સમાજો અથવા વર્તમાનકાલીન સમાજો કે જેના સીધી રીતે કે પૂર્ણ રીતે અભ્યાસો થયા નથી તેના વિષે તુલનાત્મક સમાજશાસ્ત્રી વિશ્લેષણના પાયા ઉપર કંઈક શીખવા માટે સાહિત્ય આપણને સક્ષમ બનાવે છે."[૩૦]

---

૨૯બ. L.A. Coser, **Sociology Through Literature**, Prentice-Hall, London, 1902, P.P.-3-4.

૨૯ક. Earnest Pick, **Translator's Note, in Sociology of Literature**, Robert Escarpit Frank Cass & Co. Ltd., 1971, P. VII.

૩૦. George A. Theodorson & Achilles G. Theodorson, **A Modern Dictionary of Sociology**, Barnes & Noble Books, A division of Harper & Row Publishers, New York.

l સમાજશાસ્ત્રના વિશ્વકોષમાં સાહિત્યના સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપવામાં આવી છે કે, "કૃતિ, કૃતિકાર અને સમાજની વચ્ચે થનારી આંતર્ક્રિયાઓના પરીણામ સ્વરૂપે રચાયેલી એવી સંરચનાઓ કે જેના આધારે કોઈ કૃતિ પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. તે વસ્તુનિષ્ઠ અધ્યયન કરવાવાળી જ્ઞાનની શાખાને સાહિત્યનું સમાજશાસ્ત્ર કહે છે."[૩૧]

l આમ, સાહિત્ય પ્રત્યેનો સમાજશાસ્ત્રીય અભિગમ એ સરળ કાર્ય નથી. ધર્મ, જાતિ (લિંગ) અને કલાની જેમ સાહિત્ય પણ અસંખ્ય અને શકિતશાળી નિષેધોથી રક્ષાયેલું છે. સાહિત્યને જો અનેક સામાજિક સંસ્થાઓમાંની એક સંસ્થા ગણીએ તો જ સાહિત્યના સમાજશાસ્ત્રની વ્યાખ્યા અંગે સ્પષ્ટતા થઈ શકે. નિયંત્રાત્મક ધોરણો, માન્યતાઓ, અને મૂલ્યો કે જે સાહિત્યિક કૃતિઓમાં પ્રગટ થાય છે, તેમને વિશાળ સમાજના ફલક ઉપર તેમના ઉત્પત્તિ બિંદુ સુધી શોધવા જોઈએ. તેમ જ સાહિત્યિક પ્રવૃત્તિઓ, સાહિત્યિક પ્રવૃત્તિઓનું સંગઠન અને વાચકોને "સાહિત્યના કાર્યો" તરીકે સમજાવવા જોઈએ. ધર્મ, શિક્ષણ અને કૌટુંબિક જીવનની જેમ સાહિત્યએ પણ પોતાના મૂલ્યો અને ધોરણો વિકસાવ્યા હોય તેમ જોઈ શકાય પણ એ બધા કાં તો સમકાલીન સામાજિક ધોરણો અને મૂલ્યો ઉપર અવલંબતા હોય અથવા તેમાંથી નિષ્પન્ન થતાં હોય એ મૂલ્યો અને ધોરણો વચ્ચેની કડીઓ સમાજમાં સ્પષ્ટ દેખાય છે. જયારે બીજી કેટલીક કડીઓ અમુક સાહિત્યિક પ્રકારો, સંપ્રદાયો અને લેખકોની આગવી વિશેષતાઓ સાથે સંકળાયેલી હોવાથી ગ્રહણ કરવી મુશ્કેલ છે. આ કડીઓ લેખકો અને વાચકો વચ્ચેના કરારનામા જેવી છે જેના લીધે સાહિત્યકાર વાચકને પોતાની કૃતિ ઉપર વધારે એકાગ્ર બનાવી શકે છે.[૩૨અ]

l આમ, સાહિત્યનું સમાજશાસ્ત્ર સાહિત્યની સામાજિક ઉત્પત્તિ અને વિકાસ, સાહિત્યની ગતિશીલતા અને નિરંતરતા; સાહિત્ય સર્જનની સંપૂર્ણ પ્રક્રિયા, તેની સંરચના અને કાર્યો, સાહિત્યના સામાજિક પ્રભાવો અને પરિણામોનું ક્રમબધ્ધ અધ્યયન છે.

---

૩૧. हरिकृष्ण रावत, **समाजशास्त्र विश्वकोश**, रावत पब्लिकेशन, जयपुर, १९९८, पुनःमुद्रित - २००२.

૩૨અ. **International Encyclopedia of the Social Sciences**, Vol-9, Editor-David L. Sills, MacMillan Company and Free Press, Page No. 417-418.

આ ક્રમબધ્ધ અધ્યયનના હેતુથી તે વૈજ્ઞાનિક પધ્ધતિ, એટલે કે સમસ્યાનું નિર્ધારણ, ઉપકલ્પનાઓનું નિર્માણ, નિરીક્ષણ, તથ્યોનું સંકલન, વર્ગીકરણ, વિશ્લેષણ અને સામાન્યીકરણ વગેરેની માન્ય પ્રણાલીઓને ગ્રહણ કરીને સાહિત્ય અને સમાજની અર્થપૂર્ણ, વસ્તુનિષ્ઠ અને કારણાત્મક સમજૂતી આપવાનો પ્રયત્ન કરે છે.

૮ "उपन्यास का समाजशास्त्र" ગ્રંથના આમુખમાં ડૉ. એલ.પી. વિદ્યાર્થી સાહિત્યના સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપતા જણાવે છે કે, "સાહિત્યનું સમાજશાસ્ત્ર સાહિત્યને સંસ્થાના રૂપમાં તપાસીને તેની સંરચનાત્મક–પ્રકાર્યાત્મક બાબતોનું તથ્યાત્મક અધ્યયન કરવાનો પ્રયત્ન કરે છે. જેના મૂળમાં કૃતિ, કૃતિકાર, વાચક, પ્રકાશન વ્યવસ્થા, સંપૂર્ણ સામાજિક પર્યાવરણ અને સાહિત્યના પ્રભાવનું વિવેચન હોય છે."[૩૨બ]

## ૩.૪ સાહિત્યના સમાજશાસ્ત્રનું લક્ષ્ય અને કાર્ય :

સાહિત્યના સમાજશાસ્ત્રનું લક્ષ્ય સમાજશાસ્ત્રના સિધ્ધાંતો અને સંદર્ભોના પરિપ્રેક્ષ્યમાં સાહિત્યનું અધ્યયન કરવું તે છે.

સાહિત્ય પોતાના વ્યકત અથવા મૂર્ત રૂપમાં એક રચના અને કૃતિ છે. પરંતુ તેના અવ્યકતરૂપમાં કૃતિની પાછળ કૃતિકારનું વ્યકિતત્વ અને તેના વ્યકિતત્વ પાછળ તેનુ સામાજિક વાતાવરણ રહે છે. એટલે સાહિત્યના પૂર્ણ અધ્યયન માટે તેના સામાજિક આયામો (પહેલુઓ) તથા સંદર્ભોનું અધ્યયન આવશ્યક છે. જે તેના અસ્તિત્વ અને મહત્તાને પ્રભાવિત કરે છે. સાહિત્યકારના કૃતિત્વનો જે રૂપોમાં વિકાસ થાય છે તથા જે દશાઓમાં તે સાહિત્યની રચના કરે છે તે સાહિત્યકારનો સામાજિક પરિવેશ છે. જે સામાજિક સંદર્ભોને આધાર બનાવીને અને જે વિશેષ સામાજિક પરિસ્થિતિઓમાં સાહિત્યિક કૃતિનું સર્જન પૂર્ણ થાય છે, તે કૃતિનો સામાજિક પરિવેશ છે. સ્વભાવતઃ કૃતિ અને કૃતિકાર બન્નેને સામાજિક વાતાવરણ સાથે ઘનિષ્ઠ સંબંધ હોય છે, પરંતુ બન્ને સદા–સર્વદા એક નથી હોતા. સાહિત્યના સમાજશાસ્ત્રનું લક્ષ્ય સાહિત્ય અને સમાજના પારસ્પરિક સંબંધોનું અધ્યયન કરવાનું છે.[૩૩]

---

૩૨બ. ડૉ. લલિત પ્રસાદ વિદ્યાર્થી, **आमुख : उपन्यास का समाजशास्त्र**, वी.डी. गुप्ता सीता प्रकाशन, हाथरस, १९८०.

૩૩. हरिकृष्ण रावत, **समाजशास्त्र विश्वकोश**, रावत पब्लिकेशन, जयपुर, १९९८.

સાહિત્યના સમાજશાસ્ત્રીનું એ કાર્ય છે કે તે સાહિત્ય સંસ્થાની જટિલ સંરચના, સંરચનાને નિર્મિત કરવાવાળી પરંપરાઓ, મૂલ્યો અને પ્રતિમાનોની જટિલ વ્યવસ્થા, તેને જન્મ દેવા વાળા વિભિન્ન સમૂહોની સ્થિતિ અને ભૂમિકા તથા તેના પ્રકાર્યો, તેમાંથી ઉદ્ભવતી સામાજિક વ્યવસ્થા, સામાજિક એકતા, સાંસ્કૃતિક મૂલ્યોનું સંપ્રેષણ, સામાજિક વ્યવહારો ઉપર પડવાવાળા પ્રભાવો અને વિચલનોના અધ્યયન વગેરે દ્વારા સાહિત્ય અને સમાજ, વ્યકિત અને સમાજ, સાહિત્ય, વ્યકિત અને સમૂહોના પારસ્પરિક સંબંધો તથા સાહિત્યિક સમાજ ઉપર કૃતિના યોગદાનનું અધ્યયન અને વિશ્લેષણ કરે. સમાજશાસ્ત્રીય અધ્યયનોની ઉપયોગિતા અને જવાબદારી સામાજિક સંબંધોના વિશ્લેષણમાં જ છે. મેકાઈવર અને પેજ પણ આ બાબતનું સમર્થન કરે છે.[૩૪] આમ, કૃતિમાં પ્રતિબિંબિત સામાજિક સંરચનાનું અધ્યયન સાહિત્યના સમાજશાસ્ત્રનું કાર્ય છે.

## ૩.૫ સાહિત્યના સમાજશાસ્ત્રનો ઉદ્ભવ – વિકાસ :

ઈ.સ. ૧૮૩૮માં ઑગસ્ટ કોંત દ્વારા સમાજશાસ્ત્રના નામકરણ પછી આ વિજ્ઞાન નિરંતર વિકાસશીલ અને વિભિન્ન શાખાઓના રૂપમાં પોતાના વિષયવસ્તુનું સંવર્ધન કરતુ રહયું છે. તે એક એવું સામાજિક વિજ્ઞાન છે કે જે સમાજની દરેક બાબતોનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે. તેની અનેક શાખાઓમાં "કલાનું સમાજશાસ્ત્ર" નામની એક શાખા વિકાસ પામી છે. તેનો જેમ–જેમ વિકાસ થતો ગયો તેમ–તેમ તેના અભ્યાસક્ષેત્રના વિવિધ અભ્યાસ મુદ્દાઓનો વ્યવસ્થિત અભ્યાસ થઈ શકે તે હેતુથી તેની વિવિધ પેટા શાખાઓનો વિકાસ થયો છે. કલાના વિવિધ ક્ષેત્રો જેવા કે સાહિત્ય, સંગીત, ચલચિત્ર વગેરે અંગેના વૈજ્ઞાનિક સંશોધનો થઈ રહયા છે. અને સાહિત્યનું સમાજશાસ્ત્ર, સંગીતનું સમાજશાસ્ત્ર, ચલચિત્રનું સમાજશાસ્ત્ર વગેરે સ્વતંત્ર શાખાઓ વિકસી છે.

૧૯મી સદીના ઉત્તરાર્ધથી યુરોપ– અમેરિકામાં સાહિત્યકલાના સમાજશાસ્ત્રીય અભ્યાસોની પરંપરા વિકસી છે. જેમાં સાહિત્ય દ્વારા સમાજના આંતર્સંબંધોનું સંશોધનકાર્ય થઈ રહયુ છે. સાહિત્યવિષયક સમાજશાસ્ત્રીય અભ્યાસનો દ્રષ્ટિકોણ આપનાર બોનાલ્ડ (૧૭૯૬) હતો. તેના મત પ્રમાણે સામાજિક રચનાતંત્ર, કૌટુંબિક સંબંધો, વર્ગસંઘર્ષ, લગ્ન વિચ્છેદ અંગે યોગ્ય વલણ, વસ્તી વિષયક ગોઠવણ

---

૩૪. આર.એમ. મેકાઈવર અને ચાર્લ્સ એચ. પેજ, **સમાજ**, રતન પ્રકાશન મંદિર, આગરા, ૧૯૬૪, પાના નં. ૪૪.

વગેરે બાબતોના સીધા પ્રતિબિંબો ઝીલનાર સાહિત્ય હોય છે. દરેક રાષ્ટ્રના સાહિત્યના આલેખનો ઉપરથી તેના લોકો શું છે તે જાણી શકાય છે.[૩૫] જો કે બોનાલ્ડનો આ દ્રષ્ટિકોણ સાહિત્ય અને સમાજના સંબંધો સ્પષ્ટ કરવા માટેનો પ્રારંભનો પ્રયાસ હતો તેથી મોટેભાગે તે તત્વજ્ઞાન ઉપર આધારિત હતો. પરંતુ સમાજશાસ્ત્રીય વલણનો પ્રારંભ કરનાર તરીકે તેને યાદ કરાય છે.

સાહિત્ય અને સમાજના સંબંધોનું સૈધ્ધાંતિક અર્થઘટન આપનાર ટેઈન(૧૮૭૧) નામનો વિદ્વાન હતો.[૩૬] તેનો મત હતો કે માણસના મનની સામાન્ય સ્થિતિ અને તેની આસપાસના સંજોગોના સરવાળા વડે દરેક કલાકૃતિ સર્જાય છે, તે માટે સામાજિક ઘટનાઓના માધ્યમનું વિશેષ મહત્વ હોય છે.

ઓગણીસમી સદીના સંધ્યાકાળે સાહિત્ય અને સમાજના સંબંધોને તપાસનારાઓમાં ગુયેયુ (૧૮૮૭) અને પ્લીખાનોવ (૧૮૯૯) ને આ વિષયના અભ્યાસીઓ વિશેષ યાદ કરે છે. ગુયેયુએ કલામાં સામાજિક સંગઠનનું આલેખન કઈ રીતે થતું હોય છે તે સમજાવવા પ્રયાસ કરેલો. તેના મતે મહાન કલા હમેશા સામાજિક જ હોઈ શકે.[૩૭] પ્લીખાનોવે સાહિત્ય અને સમાજના સંબંધો વચ્ચે વૈજ્ઞાનિક અભિગમો કઈ રીતે કામ કરતા રહે છે તે સમજાવવા પ્રયત્ન કર્યો હતો. તેના મતે સાહિત્યના અભ્યાસની મુખ્ય દિશા સમાજશાસ્ત્રીય હોઈ શકે.[૩૮] આવા પ્રયત્નોના પરીણામે સાહિત્યના સમાજશાસ્ત્રીય અભ્યાસ અંગેના નવા દ્રષ્ટિકોણો વિકાસ પામ્યા હતા.

વીસમી સદીના પ્રારંભે સામાજિક શાસ્ત્રોનાં અભ્યાસક્ષેત્રો વિવિધ અભ્યાસ પધ્ધતિઓ યોજીને પેટાશાખાઓ ઉભી કરી રહયા હતા. સમાજશાસ્ત્રના ક્ષેત્રે પણ પેટાશાખાઓ ઊભી થતી રહી છે. તેમાંની એક તે 'કલાનું સમાજશાસ્ત્ર' છે. એમાંથી ''સાહિત્યના સમાજશાસ્ત્ર'' ના સ્વતંત્ર અભ્યાસક્ષેત્રનો પહેલો અભ્યાસી શુકિંગ (૧૯૩૧) મનાય છે. તેણે સાહિત્યનાં સામાજિક તથ્યોનો અભ્યાસ ઐતિહાસિક દ્રષ્ટિકોણથી કરવાનો ખ્યાલ પૂરો પાડયો છે.[૩૯] તેના પ્રયાસથી સાહિત્યના સમાજશાસ્ત્રીય અભ્યાસની દિશા પ્રાપ્ત થઈ છે તેમ કહી શકાય.

---

૩૫. Bonald, Louis De, **Literature as Expression of Society**, Paris, 1796.

૩૬. Taine Hippolyte, **History of English Literature**, Vol-1, London, 1871.

૩૭. Guyau, Jean Marie, **Art from the Point of View of Sociology**, Paris, 1926.

૩૮. Plekhanov, George, **Art and Social Life**, London, 1953.

૩૯. Schucking, Levin, **The sociology of Literary Taste**, London, 1950.

ત્યારબાદ સાહિત્યના સમાજશાસ્ત્રની શાસ્ત્રીય ભૂમિકા બાંધવાનો એડમંડે (૧૯૫૨) પ્રયાસ હાથધર્યો. તેણે સાહિત્યમાં થયેલા સમીક્ષાત્મક કાર્યો ઉપરથી ઐતિહાસિક અર્થઘટનોની અભ્યાસ પધ્ધતિ ગોઠવવાનું કાર્ય કર્યુ છે. ઐતિહાસિક અર્થઘટનમાં સામાજિક, આર્થિક અને રાજકીય એવા દરેક પાસાંનો સાહિત્ય સાથે સંબંધ કઈ રીતે ગૂંથાતો રહયો અને વિકસતો ગયો તે અંગે વૈજ્ઞાનિક રીતો વાપરવાની પ્રયુકિતઓ પ્રાપ્ત થતી ગઈ છે. તે માટે તેણે તુલનાત્મક વિવેચન પ્રણાલી અને અર્થઘટનાત્મક વિવેચન પ્રણાલી એવા તફાવતો પાડયા છે.[૪૦]

એલિઝાબેથ અને ટૉમબર્ન્સના મતે સાહિત્યના સમાજશાસ્ત્રીય અધ્યયનનો પ્રથમ પ્રયત્ન કરવાવાળાઓમાં ફ્રેંચ વિદુષી મેડમ દ સ્ટેલ (૧૭૬૬–૧૮૧૭) છે. તેઓએ "સાહિત્ય ઉપર ધર્મ અને કાનૂનના પ્રભાવની તથા ધર્મ, પ્રથાઓ અને કાનૂન ઉપર સાહિત્યના પ્રભાવ" નો અભ્યાસ કર્યો હતો. [૪૧અ] જયારે ફ્રાન્સીસી વિદ્વાન એચ. તેને સાહિત્યના સમાજશાસ્ત્રના વૈજ્ઞાનિક નિરૂપણ કરવાની દિશામાં પહેલ કરી. જેમ્સ બર્નેટ, એચ. તેનને સમકાલીન કલાના સમાજશાસ્ત્રના પ્રભાવકારી અગ્રદૂત માને છે.[૪૧બ] તેઓ પોતાના પુસ્તક "History of English Literature" (૧૮૭૧) માં જણાવે છે કે, "કલાકૃતિનું નિર્ધારણ મસ્તિષ્કની સામાન્ય સ્થિતિ અને સંપૂર્ણ પર્યાવરણ દ્વારા થાય છે. એચ.તેને પોતાના આ પુસ્તકમાં સાહિત્યની સામગ્રીના વિશ્લેષણ માટે એક ફોર્મ્યુલાનો ઉપયોગ કર્યો હતો. સાહિત્યના સામાજિક તત્વો કઈ રીતે પરિવર્તનશીલ રહે છે તે પણ તેણે તારવી આપ્યુ હતુ.[૪૧ક] તેઓ સાહિત્યમાં આલેખાતાં સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય વગેરે પાસાની વિશ્લેષણાત્મક કાર્યપધ્ધતિનો પાયો નાખનાર પ્રથમ અભ્યાસી હતા.

એચ. તેન (૧૮૨૮–૯૩) પહેલા એવી વ્યકિત હતી જેઓને સમાજશાસ્ત્ર અને આલોચનાનો સંબંધ સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. રોબર્ટ એસ્કોરપિટ અને હેરી લેવિન પણ તે વાતનું સમર્થન કરે છે. 'તેન' દ્વારા ભૌગોલિક અને ઐતિહાસિક કારકોના સંદર્ભમાં સમાજશાસ્ત્રીય અભિગમનું સર્જન કરવામાં

---

૪૦. Edmund, Wilson, **The Triple Thinkers**, London, 1952.

૪૧અ. Elizabeth and Tom Burns, **Sociology of Literature and Drama**.

૪૧બ. James H. Barnett, **The Sociology of Art**, Page No. 623.

૪૧ક. Hippolyte Taine, **History of English Literature**, Henry Holt, New York, 1886, I, Page No. 30.

આવ્યુ હતુ. એલન સ્વિંગવુડ એચ. તેનને સાહિત્યના સમાજશાસ્ત્રના સંસ્થાપક માને છે.[૪૨] કારણ કે એચ. તેને સાહિત્ય અને સમાજના સંબંધોના વિશ્લેષણને અન્ય વિજ્ઞાનોની જેમ વૈજ્ઞાનિક આધાર પ્રદાન કર્યો છે.

એક મત એવો છે કે કેટલાક વિચારકો સાહિત્યના સમાજશાસ્ત્રના ઉદ્દભવના મૂળ ૧૭મી શતાબ્દીમાં માને છે. સત્તરમી શતાબ્દિ પહેલાનું સાહિત્ય કલ્પના, ધર્મ અને અલૌકિક પ્રતિભાનું ફળ માનવામાં આવતુ હતું. અને ભૌતિક મૂલ્યોના સંદર્ભમાં સાહિત્યનાં અધ્યયનને બહુ ઓછુ મહત્વ મળતુ હતું.

ઈ.સ. ૧૬૯૯માં જેમ્સ રાઈટે એ તથ્ય પ્રસ્તુત કર્યું કે જૂના નાટકોનું મહત્વ એ દ્રષ્ટિએ છે કે તેના અધ્યયનથી વિભિન્ન યુગોના આચાર–વ્યવહાર તથા તેમાં આવેલા પરિવર્તનોની જાણકારી મેળવી શકાય છે.[૪૩]

આ રીતે સત્તરમી સદીમાં જ સાહિત્યમાં યુગીન વિચારધારાઓને પ્રતિબિંબિત થવાનો સ્વીકાર થઈ ચૂકયો હતો.

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં બે મુખ્ય વિચારકો એડમ સ્મિથ (૧૭૨૩ થી ૯૦) અને એડમ ફરગ્યૂસને (૧૭૨૩ થી ૧૮૧૬) સાહિત્યને યથાર્થવાદી મૂલ્યો ઉપર સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો.

એલન સ્વિંગવુડ કહે છે કે માર્ક્સ અને એંજલ્સના અનુયાયીઓએ તેઓના વિચારોમાંથી પ્રેરણા ગ્રહણ કરીને એક વ્યવસ્થિત અને સંપન્ન માર્ક્સવાદી સાહિત્યના સમાજશાસ્ત્રને વિકસિત કરવામાં ફાળો આપ્યો છે.[૪૪]

---

૪૨. Alan Swingewood, **The Sociology of Literature,** MacGibbon & Kee, London, 1971, Page No. 23 & 31.

૪૩. James Wright, Quoted by R. Wellek, **A History of Modern Criticism**, Jonathan Cape, London, Page No. 33.

૪૪. Alan Swingewood, **The Sociology of Literature,** MacGibbon & Kee, London, 1971, Page No. 40.

## ૩.૬ સાહિત્યના સમાજશાસ્ત્રનો ઐતિહાસિક વિકાસક્રમ :

વીસમી સદીમાં અમેરિકન અને યુરોપિયન દેશોમાં સાહિત્યના સમાજશાસ્ત્રને વ્યાપક સમર્થન મળ્યું.

સાહિત્યના સમાજશાસ્ત્રમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપનારા વિદ્વાનોમાં લુસિએ ગોલ્ડમૅન, લેવિન એલ. શૂકીંગ, રૈને વેલેક, વોરન ઑસ્ટિન, લિયોલાવેન્થલ, ફ્રાંસીસી વિચારક રોબર્ટ એસ્કોરપીટ, મૉલ્કમ બ્રેડબરી, જોસેફ એસ. રુસેક, ડાયના લોરેન્સન, એલન સ્વિંગવુડ, એચ.ડી. ડંકન, જયોર્જ એ. હ્વાકો, એમ. સી. અલબ્રેખ્ત, એલેકઝાંડર કર્ન, હેરી લેવિન, જયોર્જ ગુરવિચ, મિચૈલ જેરફા વગેરે મુખ્ય છે. તેઓએ સાહિત્યનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરીને ઘણુ ખેડાણ કર્યુ છે.

સાહિત્યના સમાજશાસ્ત્રનો ઐતિહાસિક વિકાસક્રમ આ પ્રમાણે વર્ગીકૃત કરી શકાય :

### ૧. વિચારકોની દ્રષ્ટિએ :

સાહિત્ય અને સમાજના સંબંધમાં તથ્યોનું નિરીક્ષણ સમાજશાસ્ત્રીય રીતે વિચારકોને બે પ્રકારમાં વર્ગીકૃત કરે છે.[૪૫]

(A) જે વિચારકો સાહિત્ય અને સમાજના સંબંધોની વ્યાખ્યા તો કરે છે તેની સાથે એક સ્વતંત્ર વિષયના રૂપમાં "સાહિત્યનું સમાજશાસ્ત્ર" અને સાહિત્ય વિશ્લેષણની સમાજશાસ્ત્રીય પધ્ધતિનું નામકરણ નથી કરતા એવા વિચારકોમાં ડી. બોનાલ્ડ, જેમ્સ રાઈટ, વીસો, હર્ડર, મેડમ દ સ્ટેલ, માર્ક્સ અને એન્જલ્સ, પ્લેખાનોવ વગેરેનો સમાવેશ કરી શકાય

(B) એ વિચારકો જેઓ સાહિત્ય અને સમાજના સંબંધો ઉપર વિચાર કરીને "સાહિત્યનું સમાજશાસ્ત્ર" વિષયની સ્થાપના અને "સાહિત્ય વિશ્લેષણની સમાજશાસ્ત્રીય પધ્ધતિ" નું પણ નિરૂપણ કરે છે. આ વિચારકોમાં કાડવેલ, રૈને વેલેક, જેમ્સ એચ. બર્નેટ, રૉબર્ટ એસ્કૉરપિટ, જોસેફ રુસેક, એલન સ્વિંગવુડ, ડાયના લૉરેન્સન વગેરે મુખ્ય છે.

---

૪૫. गुप्ता वी.डी., **उपन्यास का समाजशास्त्र**, श्री पब्लिशिंग हाउस, नई दिल्ली, १९७९, पृष्ठ-१.

**૨. વિશ્લેષણમૂલક પધ્ધતિની દ્રષ્ટિએ :**

સાહિત્ય સર્જનની મૂળ પ્રવૃત્તિની સાથે–સાથે સાહિત્ય–આસ્વાદન અને વિવેચન (આલોચના)ની પ્રવૃતિ માનવી પ્રાચીન કાળથી કરતો રહયો છે. આ સાહિત્ય વિશ્લેષણની આજ સુધીની યાત્રામાં અનેક ચઢાવ–ઉતાર આવ્યા છે.

તેને સંક્ષેપમાં નિમ્ન પ્રકારોમાં દર્શાવી શકાય :

(A) પ્રારંભિક વિચારધારા સાહિત્ય સર્જનને દૈવી અથવા અલૌકિક શકિતઓની પ્રેરણાનું પરીણામ માનતી હતી. તેથી તેનું વિશ્લેષણ પણ આધ્યાત્મિક પરિપ્રેક્ષ્યથી – ધર્મ અને અલૌકિક પ્રતિભાના સંદર્ભમાં કરવામાં આવતું હતુ. જો કે વર્તમાનમાં કોઈ આ વાત સ્વીકારવા તૈયાર નથી.

(B) બીજા તબકકાની વિચારધારા સાહિત્યને માનવીય સૃષ્ટિ અને સામાજિક વાતાવરણની નિપજ માને છે. સાહિત્ય સર્જન પ્રક્રિયા પણ એક સામાજિક ઘટના છે, તેથી તેના અધ્યયનનો આધાર સમાજ અને તેનું પર્યાવરણ છે. આ વિચારધારા સાહિત્ય વિશ્લેષણને તર્કસંગત આધાર પ્રદાન કરે છે. આ વિચારધારાને બે વિભાગમાં વર્ગીકૃત કરી છે :

(i) સાહિત્ય અધ્યયનનું બાહય કારકોના સંદર્ભમાં વિશ્લેષણ કરનારી વૈચારિક પરંપરા.

(ii) સાહિત્ય અધ્યયનનું કૃતિ અને તેની આંતરિક સંરચનાના સંદર્ભમાં વિશ્લેષણ કરનારી વૈચારિક પરંપરા.

આ રીતે સાહિત્યના સમાજશાસ્ત્રની વિકાસ પ્રક્રિયા ૨૦મી સદીમાં ઝડપી બની.

## ૩.૭ સાહિત્યના સમાજશાસ્ત્રનો ભારતમાં ઉદ્દ્ભવ અને વિકાસ :

"સાહિત્યનું સમાજશાસ્ત્ર" સમાજશાસ્ત્રની નવવિકસિત શાખાના રૂપમાં વીસમી સદીમાં નિરંતર વિકાસ પામી રહયુ છે. અમેરિકન અને યૂરોપીય દેશોમાં જ્ઞાનની આ શાખા ઘણી પ્રગતિ કરી શકી છે. ભારતવર્ષમાં હજુ આ વિષય નવો છે. જો કે તેના અભ્યાસમાં લોકોની રુચિ વધી છે.

ભારતીય સાહિત્યની એક સમૃધ્ધ પરંપરા જોવા મળે છે. સાહિત્યિક વિવેચકોએ કાવ્યશાસ્ત્રીય, સામાજિક, દાર્શનિક, સાંસ્કૃતિક અને મનોવૈજ્ઞાનિક આધાર ઉપર સાહિત્ય સર્જનની પ્રક્રિયાનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો છે. સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી પણ આવું વિશ્લેષણ શરૂ થઈ ચૂકયુ છે. હિન્દી સાહિત્યના લેખકો અને વિચારકો એ સાહિત્ય અને સમાજના સંબંધો ઉપર વ્યાપકરૂપે ચર્ચાઓ અને લેખન કાર્ય કર્યુ છે.

બાલકૃષ્ણ ભટ્ટનો સાહિત્યિક નિબંધ "साहित्य जनसमूह के हृदय का विकास है"[૪૬], આચાર્ય મહાવીર પ્રસાદ દ્વિવેદી દ્વારા લિખિત "साहित्य की महत्ता"[૪૭], મુન્શી પ્રેમચંદ કૃત "कुछ विचार"[૪૮] માં સાહિત્ય અને સમાજના સંબંધ, સાહિત્યના પ્રભાવક અને નિયામક મહત્વની સ્વીકૃતિ તથા જ્ઞાતિ–કોમની બાહય અને અભ્યંતર સંરચનાની માહિતી સાહિત્યના માધ્યમ દ્વારા મળી શકે છે; સાહિત્ય માનવ સમાજના પર્યાવરણની પેદાશ છે એ વાતનું સમર્થન કરવામાં આવ્યું છે.

શ્યામસુંદર દાસ અને રામકુમાર વર્માની વિચારધારા ઉપર એચ. ટેઈનની વિચારધારાનો પ્રભાવ જોવા મળે છે. તેઓ એ સ્વીકારે છે કે કૃતિની સ્થિરતામાં જાતિ, સ્થિતિ અને સમય (કાળ) નો પ્રભાવ જોવા મળે છે. અને કયારેક મહાન લેખક જાતિ, કાળ, અને સ્થિતિનું નિર્માણ પણ પોતાની કૃતિ દ્વારા કરી શકે છે અર્થાત્ સાહિત્ય કૃતિ સામાજિક પરિવર્તન અને નવસંરચનામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.[૪૯]

ગુલાબરાય સાહિત્યકારને સમાજનું મુખ અને મસ્તિષ્ક બન્ને માને છે. સાહિત્યના માધ્યમથી સમાજના હ્દય સુધી પહોંચી શકાય છે.[૫૦] તથા સાંપ્રતકાલીન પરિસ્થિતિઓ અને જાતીય (Race) વિશેષતાઓનું જ્ઞાન મેળવી શકાય છે. સમાજ કવિ અને લેખકો બનાવે છે તો લેખક અને કવિ સમાજને ઘડે છે – બનાવે છે.[૫૧]

---

૪૬. बालकृष्ण भट्ट, **साहित्य जनसमूह के हृदय का विकास है**, (संकलित), हिन्दी गद्यकुसुम, आगरा विश्वविद्यालय प्रकाशन, १९६९.

૪૭. आचार्य महावीर प्रसाद द्विवेदी, **साहित्यकी महत्ता**, (संकलित), गद्यमुक्ताहार, शुक्ला प्रकाशन, इलाहाबाद, १९७३.

૪૮. प्रेमचन्द, **कुछ विचार**, सरस्वती प्रेस, इलाहाबाद, १९७३.

૪૯. डॉ. श्यामसुन्दरदास, **साहित्यलोचन**, इण्डियन प्रेस पब्लिकेशन्स प्रा.लि., प्रयाग, १९६५, पृष्ठ-४१.

૫૦. गुलाबराय, **काव्य के रूप**, प्रतिभा प्रकाशन, दिल्ली, १९५४, पृष्ठ-६.

૫૧. એજન પાના નં. ૭.

આચાર્ય રામચંદ્ર શુકલની દ્રષ્ટિએ સાહિત્યનો મુખ્ય વિષય લોકચરિત્ર જ છે.[૫૨] તેઓની દ્રષ્ટિએ દરેક દેશનું સાહિત્ય ત્યાંની જનતાની ચિત્તવૃત્તિનું સંચિત પ્રતિબિંબ હોય છે. તેથી એ નિશ્ચિત છે કે જનતાની ચિત્તવૃત્તિના પરિવર્તનની સાથે સાહિત્યના સ્વરૂપમાં પણ પરિવર્તન આવે છે.[૫૩]

આમ, શુકૂલ, અને અન્ય સાહિત્યકારો અને વિવેચકો સાહિત્ય, સમાજ લેખક અને પાઠકનું મહત્વ દર્શાવે છે.

આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદીના વિચારોમાં આધુનિક સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણ જોવા મળે છે. તેઓ કહે છે, "સાહિત્ય એ બધી બાબતોનું વિવરણ છે કે જેને માનવી જુએ છે, અનુભવે છે, વિચારે છે અને સમજે છે. જીવનની જે બાબતો (પાસાઓ) માનવીને નજીકથી અને સ્થાયીરૂપે પ્રભાવિત કરે છે, તે બાબતના મનુષ્યના અનુભવોને સમજવાનું એકમાત્ર સાધન સાહિત્ય છે."[૫૪]

નામવરસિંહ, રામવિલાસ શર્મા, ડૉ. રાંગેયરાઘવ, ગજાનન માધવ મુકિતબોધ, ડૉ. શિવકુમાર મિશ્ર વગેરેના વિચારોમાં સાહિત્ય અને સમાજશાસ્ત્રના સંબંધનો પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વીકાર થયેલો જોવા મળે છે. આ વિચારકો સમાજવાદી યથાર્થવાદને સાહિત્ય વિવેચનાનો મુખ્ય આધાર માને છે. ડૉ. નામવરસિંહ સાહિત્યમાં રૂપ વિધાન (સ્વરૂપ) કરતાં વિષયવસ્તુનુ મહત્વ સ્વીકારે છે.[૫૫]

આ રીતે ભારતીય સાહિત્ય વિવેચકો અને પશ્ચિમના વિચારકોમાં અનેક વિષયોમાં વિચાર સામ્ય જોવા મળે છે. પ્રજાતિ, પર્યાવરણ, કાળ, લેખકનું વ્યકિતત્વ, પાઠકની ચિત્તવૃત્તિ અને તેનો સાહિત્ય ઉપરનો પ્રભાવ, વર્ગ અને તેની વિશ્વદ્રષ્ટિ તથા સાહિત્યની પ્રભાવક, નિયામક અને પુનર્નિર્માણની પ્રવૃત્તિ સાહિત્યના સમાજશાસ્ત્રીય તત્વોનો આધાર પ્રસ્તુત કરે છે. તો પણ પશ્ચિમના દેશોની જેમ સાહિત્યના સમાજશાસ્ત્રનું મહત્વ પ્રસ્થાપિત કરવામાં હજુ ભારતીયો સફળ નથી થઈ શકયા.

---

૫૨. आचार्य रामचंद्र शुक्ल, **कविता क्या है**, संक. चिन्तामणि (प्र. भाग) इण्डियन प्रेस पब्लिकेशन्स प्रा.लि., प्रयाग, १९६३, पृष्ठ-१४६.

૫૩. आचार्य रामचंद्र शुक्ल, **हिन्दी साहित्य का इतिहास**, नागरी प्रचारणी सभा काशी, संवत-२०२२, पृष्ठ-४.

૫૪. आचार्य हजारीप्रसाद द्विवेदी, **साहित्य का साथी**, राष्ट्रभाषा प्रचार समिति, वर्धा, १९५७, पृष्ठ-४.

૫૫. डॉ. नामवरसिंह, **साहित्य और समाज के बीच की कड़ी : लेखक का व्यक्तित्व**, पृष्ठ-३८.

ભારતમાં સાહિત્યના સમાજશાસ્ત્રના અધ્યયનનો પ્રારંભ કરનાર વિચારકોમાં ડૉ. ડી.પી. મુકર્જી અને ડૉ. રાધાકમલ મુકર્જીના નામો વિશેષ રૂપથી ઉલ્લેખનીય છે. ડૉ. ડી.પી. મુકર્જી ભારતીય સાહિત્યના સમાજશાસ્ત્રની જરૂરિયાતનો સ્વીકાર કરતા કહે છે કે, "સંચારનું માધ્યમ હોવાથી સાહિત્ય દ્વારા સંપૂર્ણ સામાજિક પ્રક્રિયાની જાણકારી મળી શકે છે."[૫૬] ડૉ. રાધાકમલ મુકર્જીએ "કલાના સમાજશાસ્ત્ર" ઉપર કેટલાક સંશોધન લેખો આપ્યા છે. તેમાં તેઓએ કલાના સમાજશાસ્ત્રીય અધ્યયનના દ્રષ્ટિકોણના એક ભાગરૂપે સાહિત્યના સમાજશાસ્ત્રીય અભ્યાસને સાંકળી લીધો છે.

ભારતમાં લોકસાહિત્ય ઉપર અનેક અધ્યયનો સાહિત્યશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ કર્યા છે. જેના વડે માનવીના પ્રાચીનકાળના ચિંતન સ્વરૂપો, પ્રાચીન સંસ્કૃતિ અને સંસ્થાઓનું સ્વરૂપ સમજી શકાય છે. પ્રેસની શોધ, જ્ઞાન, વિજ્ઞાન અને ઔદ્યોગીકરણનો વિકાસ તથા શ્રમવિભાજન અને વિશેષીકરણના યુગે સાહિત્યના સ્વરૂપ અને રચના ઉપર વ્યાપક પ્રભાવ પાડયો છે. ઉત્પાદન, ઉપભોગ અને વિતરણની નવી વ્યવસ્થાને કારણે સામાજિક વર્ગો ઉપર અસર પડી છે. નવો વાચકવર્ગ, મધ્યમવર્ગીય માનસિકતા ધરાવતો વર્ગ અને ઉત્પાદનની મૂડીવાદી પધ્ધતિએ સાહિત્યકાર, વાચક, કૃતિ અને અન્ય સાહિત્યિક ક્ષેત્રે જોડાયેલા લોકો ઉપર અસર કરી છે. એ કારણે સાહિત્ય વિવેચનના પ્રાચીન માપદંડોના મહત્વની સાથોસાથ સમાજવિજ્ઞાનો પ્રત્યેનો ઝોક (વલણ) વધતો જાય છે.

ભારતમાં અર્વાચીન સાહિત્યશાસ્ત્રીઓ હવે સાહિત્ય અધ્યયનનું સમાજશાસ્ત્રીય મહત્વ સ્વીકારવા લાગ્યા છે. શ્રી રામ મેહરોત્રા એ લખેલુ "साहित्य का समाजशास्त्र" પુસ્તક આ દિશામાં એક સ્તુત્ય પ્રયાસ ગણી શકાય. એ પછી ડૉ. ચંડીપ્રસાદ જોષી, ડૉ. લાજપતરાય ગુપ્ત, ચિત્રા શર્મા, રઘુવીર સિન્હા વગેરેએ "સાહિત્યના સમાજશાસ્ત્ર" માં સારુ એવુ પ્રદાન કર્યુ છે.

સાહિત્યમાં જ નહીં, સમાજશાસ્ત્રમાં પણ સાહિત્યની ચર્ચા થઈ છે. અપરાધશાસ્ત્રીઓએ પણ સાહિત્યના માનવ વ્યવહારો ઉપર પડતા પ્રભાવ ઉપર ધ્યાન આપ્યુ છે. અને તેના પ્રભાવો અને પરિણામોનું વિશ્લેષણ કર્યુ છે.

---

૫૬. Mukerji D.P., **Sociology of Indian Literature : In Diversities**, Peoples Publishing House, New Delhi, 1958, Page No. 298.

ડૉ. લલિતપ્રસાદ વિદ્યાર્થી નામના સમાજશાસ્ત્રના અભ્યાસી કહે છે કે સાહિત્યનું સમાજશાસ્ત્ર એ સાહિત્યના માધ્યમથી સમાજને જાણવાની દિશામાં મદદરૂપ થતુ શાસ્ત્ર છે. ઉપરાંત ડૉ. રાજેશ્વરપ્રસાદ, ડૉ. શંકર સહાય શ્રીવાસ્તવ, ડૉ. ઈન્દ્રદેવ, ડૉ. વિશ્વંભર દયાલ ગુપ્તા વગેરેએ ભારતમાં સાહિત્યના સમાજશાસ્ત્રના ક્ષેત્રે અધ્યયનો કર્યા છે. ડૉ. થૂથી તથા ડૉ. ઘૂર્યેએ પણ આ ક્ષેત્રમાં અભ્યાસો વિકસાવવા પ્રયત્ન કર્યો છે. ઈ.સ. ૧૯૭૪માં દિપ્તીકુમાર બિશ્વાસનું "બંગાળી નવલકથાઓનું સમાજશાસ્ત્ર"[૫૭] એ નામે એક પુસ્તક પ્રસિધ્ધ થયુ છે તેમાં તેઓએ સામગ્રી વિશ્લેષણ પધ્ધતિનો ઉપયોગ કરીને ઈ.સ. ૧૯૨૦ થી ૧૯૬૦ સુધીના સમયગાળાની બંગાળી નવલકથાઓ પસંદ કરીને બંગાળી સમાજજીવનનું તાદશ નિરૂપણ કર્યુ છે.

આગ્રા વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગમાં સાહિત્યના સમાજશાસ્ત્ર અંગે ત્રણ–ચાર શોધ નિબંધો રજૂ થયા છે. શૈક્ષણિક સ્તર ઉપર કેન્દ્રીય વિશ્વવિદ્યાલય–હૈદ્રાબાદ, વાલ્ટેર વિશ્વવિદ્યાલય–આંધ્રપ્રદેશ, કે.એમ.મુનશી હિન્દી વિદ્યાપીઠ–આગ્રામાં એમ.ફીલ. અને એમ.એ.ના અભ્યાસક્રમોમાં; મુંબઈ વિશ્વવિદ્યાલય–મહારાષ્ટ્ર તથા સમાજ વિજ્ઞાન સંસ્થાન–આગ્રામાં "સોસ્યોલોજી ઓફ આર્ટ" ના રૂપમાં આ વિષય પાઠયક્રમમાં દાખલ કરાયો છે. ઘણા વિશ્વવિદ્યાલયોમાં સમાજશાસ્ત્ર વિષય અંતર્ગત આ વિષય ઉપર સંશોધન કાર્ય થઈ રહયુ છે. પરંતુ તે પર્યાપ્ત ન કહી શકાય.

સ્વતંત્ર વિજ્ઞાન શાખાના રૂપમાં તેના વિષયવસ્તુ, ક્ષેત્ર, સ્વરૂપ અને સીમાઓનું નિરૂપણ આવશ્યક છે. સમાજશાસ્ત્રીય પધ્ધતિઓના આધારે સંશોધન અને સમાજશાસ્ત્રીય અધ્યયન સ્વરૂપોનું નિર્માણ અપેક્ષિત છે. ઉપરાંત સાહિત્ય અને સમાજશાસ્ત્રનું સૂક્ષ્મ વિશ્લેષણ અને તે બન્નેના સમાન તત્વોની શોધ જરૂરી છે કે જે સાહિત્યના સમાજશાસ્ત્રીય અધ્યયનને વેગ આપી શકે.

## ૩.૮ સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસના અભિગમો અને પધ્ધતિઓ :

સાહિત્યનું સમાજશાસ્ત્ર સાહિતયના વિવિધ સ્વરૂપોમાં વિદ્યમાન સત્યની શોધ માટે વ્યવસ્થિત પયત્ન કરે છે. સાહિત્ય જટિલ, ગુણાત્મક અને પરિવર્તનશીલ છે, તે માનવીની અનુભૂતિઓની રાગાત્મક અભિવ્યકિત છે. સાહિત્યના સમાજશાસ્ત્રીનું એ કાર્ય છે કે તે આ જટિલ સાહિત્ય સંરચનાની ઉત્પતિ,

---

૫૭. Biswas Diptikumar, **Sociology of Major Bengali Novels**, The Academic Press, Haryana, 1974.

વિકાસ અને કાર્યોની સાથે–સાથે તેની પ્રકાર્યાત્મક વ્યવસ્થાનું વસ્તુનિષ્ઠ અને તટસ્થ અધ્યયન કરે. તે માટે સમાજશાસ્ત્રની અને સાહિત્યની જુદી–જુદી અભ્યાસ પધ્ધતિનો સાહિત્યનો સમાજશાસ્ત્રી ઉપયોગ કરી શકે છે. જેમાં સામાજિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક, રાજનીતિક, મનોવૈજ્ઞાનિક પધ્ધતિઓનો સમાવેશ થઈ શકે.

જેમ કે **સામાજિક પધ્ધતિ** સાહિત્ય માં પ્રતિબિંબિત સમાજ, સામાજિક સમસ્યાઓ અને તેના ઉકેલ શોધવામાં સહાયક બને છે. **સાંસ્કૃતિક પધ્ધતિ** સાહિત્યકારનું વ્યકિતત્વ નિર્માણ અને સંસ્કૃતિના ભૌતિક અને અભૌતિક પાસાંઓ, તેમના પ્રભાવો અને પરિણામો, પરિવર્તન અને ક્રમિક વિકાસના અધ્યયન ઉપર કેન્દ્રીત છે અને કોઈ પણ સમાજની સંસ્કૃતિની યોગ્ય પરખ મેળવી શકાય છે.

**ઐતિહાસિક અધ્યયન પ્રવિધિ** સાહિત્યનો ક્રમિક વિકાસ, સાહિત્યનું સમય (યુગ) મુજબ વિભાજન, સાહિત્યની મુખ્ય ધારાઓનો સાહિત્યના વિકાસ ઉપર પ્રભાવ અને પરીણામો વગેરેના અધ્યયન ઉપર ભાર મૂકે છે. આ પ્રવિધિ સમાજને ભૂતકાળના માધ્યમથી વર્તમાનને સમજવામાં સંશોધકને સહાય કરે છે. સાહિત્યની પ્રગતિ અને પતન, ઐતિહાસિક ઘટનાઓનું વિવરણ, સમાજ અને તેની સંરચનાના ઘડતરમાં ભાગ ભજવતાં તત્વોનું સ્વરૂપ, ઉદ્‌ભવ અને વિકાસ ને સમજવામાં **ઐતિહાસિક પધ્ધતિ** ઉપયોગી બને છે.

વિભિન્ન દેશ, પ્રજાતિ, કાળ, ભાષાઓ વગેરેના સાહિત્યનું **તુલનાત્મક અધ્યયન** કરતી વખતે રાજનૈતિક પરિપ્રેક્ષ્યથી તપાસવું પડે. જેમાં રાજકીય સ્થિતિ, રાજકીય વિચારધારાઓનો પ્રભાવ અને પરીણામો, રાજકીય વિકૃતિઓનું વિશ્લેષણ અને રાજકીય માન્યતાઓ અને મતનો પ્રચાર–પ્રસારનું પણ વિવેચનમાં સ્થાન હોય છે. આમ, **રાજકીય પધ્ધતિ** પણ સાહિત્યનો સમાજશાસ્ત્રી ઉપયોગમાં લઈ શકે છે.

ગુલાબરાય નામના વિદ્વાન "સાહિત્યને સમાજ વિષેની સાહિત્યકારની માનસિક પ્રતિક્રિયા અર્થાત્ વિચારો, ભાવો અને સંબંધોની શાબ્દિક અભિવ્યકિત માને છે."[૫૮]

ડૉ. રામકુમાર વર્મા કહે છે, "સાહિત્ય એ જીવાતા જીવનમાંથી પ્રેરણા લીધી હોય છે. જીવનનો

---

૫૮. गुलाबराय, **काव्य के रूप**, प्रतिभा प्रकाशन, दिल्ली, १९५४, पृष्ठ–२.

૫૯. डॉ. रामकुमार वर्मा, **साहित्यशास्त्र**, भारतीय विद्याभवन, इलाहाबाद, १९५६, पृष्ठ–१००.

વિકાસ મનોવિકાર ઉપર આધારિત છે અને આ મનોવિકારોનો મૂળ આધાર મનોવિજ્ઞાન છે."[૫૯] મનોવિજ્ઞાનની મદદથી સાહિત્યસર્જનની મૂળ પ્રેરણાઓની શોધ થઈ શકે છે. આધુનિક સાહિત્યમાં વ્યકિતનો સંઘર્ષ, કુંઠીત લાગણીઓ અને ભાવનાઓ, સંઘર્ષ, કૌટુંબિક ત્રાસ, અતૃપ્ત અને દમન પામેલી ઈચ્છાઓનું પ્રતિબિંબ પડે છે તે સમજવા માટે મનોવિજ્ઞાનની મદદ લેવી પડે છે. ફ્રોઈડ કહે છે કે સાહિત્યકાર પોતાની સાહિત્યકૃતિ દ્વારા દમિત વાસનાઓની અભિવ્યકિત કરે છે. જે પાઠક, વિવેચકને સમાન રીતે આનંદિત કરે છે. સાહિત્ય દ્વારા આ વાસનાઓનું ઉર્ધ્વીકરણ થઈ શકે છે. લેખકની જવાબદારી, કૃતિની રચના, પ્રમુખ પાત્રોની મનોદશા અને માનસિક પૃષ્ઠભૂમિનું વિશ્લેષણ **મનોવૈજ્ઞાનિક પધ્ધતિ** ની મદદથી થઈ શકે છે.

ઉપર દર્શાવેલી સાહિત્ય વિશ્લેષણની મુખ્ય પ્રવિધિઓમાં તટસ્થતાનો અભાવ, વ્યકિત પરકતા, વિવેચકનો ભાવનાત્મક લગાવ, અને પક્ષપાત વગેરે રહી જવાનો સંભવ છે. તેથી સાહિત્ય અધ્યયનને વૈજ્ઞાનિક આધાર આપવા માટે સમાજશાસ્ત્રીય પધ્ધતિનો સહારો લેવો જોઈએ. કારણ કે તે 'સાહિત્ય'ને એક સામાજિક તથ્યના રૂપમાં જુએ છે, તેથી વ્યકિતનિષ્ઠ નહીં પરંતુ વસ્તુનિષ્ઠ નિષ્કર્ષ મેળવી શકાય છે. આ પ્રયત્નો વીસમી સદીમાં શરૂ થયા છે. સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન હોવાથી તેની પધ્ધતિમાં વૈજ્ઞાનિકતા જોવા મળે છે. સમાજશાસ્ત્રમાં **ઑગસ્ટ કોંતે પ્રત્યક્ષવાદી સિધ્ધાંત** આપ્યો છે. સાહિત્યનો સમાજશાસ્ત્રી સાહિત્યનો વૈજ્ઞાનિક અભ્યાસ કરતી વખતે સાહિત્યને કોઈ અલૌકિક કે કાલ્પનિક ઘટના ન માને અને "કૃતિ" અને "કૃતિકાર", તેમનો પ્રભાવ અને પરિણામ, તથા સર્જન પ્રક્રિયાનું વૈજ્ઞાનિકતાથી વિવેચન કરી શકે છે જેમાં સાહિત્ય રચનાના વિવિધ પાસાને સંપૂર્ણ વ્યવસ્થાના રૂપમાં તપાસીને તેની પ્રગતિ અને સાતત્યનું અધ્યયન કરીને સત્ય શોધી શકે છે.

એમિલ દર્ખાઈમ નામના સમાજશાસ્ત્રી એ પોતાના પુસ્તક "The Rules of Sociological Method"[૬૦] માં જણાવ્યુ છે કે સામાજિક ઘટનાઓનું અધ્યયન કરતી વખતે કલ્પના અને વ્યકિતનિષ્ઠાને બદલે વસ્તુનિષ્ઠ તથ્યો (Objective Facts) પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ માટે તેઓ **તુલનાત્મક પધ્ધતિ** ઉપર વિશેષ ભાર મૂકે છે. તેની મદદથી કાર્યકારણ સંબંધ તપાસી શકાય છે. સાહિત્યનો સમાજશાસ્ત્રી આ પધ્ધતિની મદદથી સાહિત્યનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરી શકે છે. તે સાહિત્યનું વિશ્લેષણ કરીને, સામાજિક અનુભૂતિનું વસ્તુગત પ્રગટીકરણ કે જે "કૃતિ" દ્વારા થતુ હોય છે તેને જાણી શકે છે; અને કૃતિને જન્મ આપવાવાળા કારકો અને તેના દ્વારા થતા કાર્યોનું વસ્તુનિષ્ઠ અધ્યયન આ પધ્ધતિથી સંભવી શકે છે. તુલનાત્મક પધ્ધતિની મદદથી તુલનાત્મક અધ્યયન દ્વારા સાહિત્યના સ્વરૂપ, પ્રભાવ અને

---

૬૦. Emile Durkheim, **The Rules of Sociological Method**, The Free Press, New York, 1969.

પરીણામ સમજવામાં વસ્તુનિષ્ઠ મદદ મળે છે. સાહિત્યકારની ચેતનાનું નિર્માણ વ્યકિતગત ચેતનાની આંતર્ક્રિયાઓ અને તેના પારસ્પારિક પ્રભાવના પરીણામે થાય છે તથા સામાજિક વર્ગનું પ્રતિનિધિત્વ કરનારી વિચારધારા, ભાવના વગેરે લેખકની કૃતિમાં આવીને તેનું આંતરિક માળખુ રચાય છે. જેની સમજૂતી આ પધ્ધતિથી મેળવી શકાય છે.

સમાજશાસ્ત્રી કાર્લમાર્ક્સ દ્વારા સામાજિક સંશોધન માટે **દ્વંદ્વાત્મક સિધ્ધાંત** આપવામાં આવ્યો છે. તેઓ કહે છે કે વિવિધ ઘટનાઓ સાવયવી રૂપમાં પરસ્પર સંબંધિત તથા પરસ્પર આશ્રિત હોય છે. દરેક ઘટના અન્યને પ્રભાવિત કરે છે. તેથી ઘટનાનું વિશ્લેષણ કરતી વખતે તેનો સમય, તેની ગતિ, પરિવર્તન, વિકાસ, ઉદ્ભવ અને વિઘટનને ધ્યાનમાં લેવું પડે છે. પરિવર્તન એ ઘટનાઓના આંતરિક વિરોધાભાસનું પરિણામ છે. પ્રત્યેક વિકાસમાં વાદ, પ્રતિવાદ અને સંવાદની પ્રક્રિયા થતી રહે છે. સંવાદની નવી વ્યવસ્થા વાદ અને પ્રતિવાદના સંઘર્ષનું પરીણામ છે. તેઓ માને છે કે ઉત્પાદન માળખા ઉપર સમાજની અન્ય સંરચનાઓ આધારિત છે. અને સમાજની આર્થિક રચનામાં થતા પરિવર્તનની અસર સમાજની અન્ય રચનાઓ અને સંસ્થાઓ જેવી કે નૈતિક, ધાર્મિક, રાજનૈતિક, કલાત્મક, સાહિત્યિક વગેરે ઉપર થાય છે.[૬૧]

પરંપરાગત મૂલ્યો અને નવા મૂલ્યો વચ્ચે વિરોધ અને સંઘર્ષ થાય તેમાંથી નવા સામાજિક મૂલ્યો, સાહિત્યિક મૂલ્યો પ્રસ્થાપિત થાય છે. સાહિત્યનો વિકાસ આંતરિક વિરોધનું જ પરીણામ છે. ઉત્પાદન અને આર્થિક બાબતોની અસર સાહિત્ય રચના ઉપર શું થાય છે ? માનવસંબંધો ઉપર કેવી પડે છે ? સાહિત્યમાં વ્યાવસાયિકતાનો વધતો જતો પ્રભાવ, વ્યાપારિક પ્રવૃત્તિ વગેરે સાહિત્ય–સર્જનની પ્રક્રિયાને આદિકાળથી પ્રભાવિત કરતી રહી છે. સાહિત્યકારની માનસિકતા, પાઠકોની પ્રકૃત્તિ, સાહિત્યનું વર્ગીય સ્વરૂપ વગેરેનું વિશ્લેષણ કરવા માટે માર્કસના દ્વંદ્વાત્મક સિધ્ધાંત દ્વારા વસ્તુનિષ્ઠ સંશોધન થઈ શકે.

મેકસવેબરના આદર્શ પ્રરૂપનો સિધ્ધાંત અને તેના આધારે તુલનાત્મક પધ્ધતિ નો ઉપયોગ સાહિત્યના સમાજશાસ્ત્રમાં થઈ શકે. સાહિત્યકારનું આદર્શ પ્રરૂપ નિર્માણ કરીને કૃતિકારની તેની સાથે તુલના, પાઠક કે વાચકના આદર્શ પ્રરૂપનું નિર્માણ કરીને વાચકની તેની સાથે તુલના, સમાજ અને તેના એકમોનું આદર્શ પ્રરૂપ બનાવીને કૃતિમાં વર્ણવાયેલા સમાજ અને તેના એકમોની તેની સાથે તુલના કરીને સાહિત્ય–સમાજશાસ્ત્રી વસ્તુનિષ્ઠ અધ્યયન કરી શકે છે.

---

૬૧. Karl Marx and F. Engels, **Literature and Art**, Current Book House, Bombay, 1956, Page No. 2

આ ઉપરાંત સમાજશાસ્ત્રની વિશ્વસનીય અને પ્રયોગ સિધ્ધ પધ્ધતિઓ : **ઐતિહાસિક પધ્ધતિ**, **તુલનાત્મક પધ્ધતિ** અને **રચના–કાર્યવાદી અભિગમ** (Structural-Functional Approach) નો સાહિત્યના સમાજશાસ્ત્રમાં ઉપયોગ કરીને વૈજ્ઞાનિક સંશોધનાત્મક તારણો તારવી શકાય છે.

1 **ઐતિહાસિક પધ્ધતિ :** સાહિત્ય એક સંસ્થા છે. તેથી ઐતિહાસિક પધ્ધતિની મદદથી સાહિત્ય સંસ્થાની ઉત્પત્તિ, વિકાસ અને પરિવર્તન તથા અન્ય સંસ્થાઓ સાથેના સંબંધનો અભ્યાસ કરી શકાય છે. યથાર્થ રીતે સાહિત્યનો ઈતિહાસ જાણીને સામાજિક–સાંસ્કૃતિક ઉત્થાન–પતન અને પરિવર્તનની તથા સામાજિક સંસ્થાઓની ઉત્પતિ અને વિકાસની વૈજ્ઞાનિક માહિતી મેળવી શકાય છે. સાહિત્યના ભૂતકાળના આધારે વર્તમાનને સમજવા માટે તથા ભવિષ્યની દિશા નકકી કરવા માટે મહત્વપૂર્ણ તથ્યો શોધીને સત્યની શોધ કરી શકાય છે. સાહિત્યિક કૃતિઓ લેખિત સ્ત્રોતરૂપે દસ્તાવેજી માહિતી બની શકે છે. અને તેની મદદથી સાહિત્યમાં વર્ણવવામાં આવેલો સમાજ, તેની ઉત્પત્તિ તથા વિકાસ અને વર્તમાન સ્વરૂપનું નિરૂપણ કરવામાં તથ્યાત્મક અધ્યયન કરી શકાય છે.

1 **તુલનાત્મક પધ્ધતિ :** સમાજની મુખ્ય સંસ્થાઓના પારસ્પારિક સંબંધો, પરિવર્તનો અને તેઓના પ્રભાવોની વ્યવસ્થિત જાણકારીમાં આ પધ્ધતિ ઉપયોગી છે. સાહિત્ય અને સામાજિક વર્ગના પારસ્પારિક સંબંધો, સાહિત્ય અને પ્રકાશનની અન્યોન્યાશ્રિતતા, નગરીયજીવન અને નવલકથા, નારીની સ્થિતિ અને નવલકથા વગેરે ક્ષેત્રોમાં વ્યવસ્થિત તુલનાઓ લાભપ્રદ થઈ શકે છે. આ પધ્ધતિ દ્વારા બે રાષ્ટ્રોના સાહિત્યિક વિકાસની સમાનાન્તર પ્રવાહો, તેઓની વચ્ચેના તફાવતો વગેરેનો અભ્યાસ કરી શકાય છે. ઉપરાંત સમકાલીન વિવિધ સાહિત્યિક પ્રવાહોના સ્ત્રોત, પારસ્પારિક સંબંધ, લોકપ્રિયતા અને પ્રભાવના કારકોનું અધ્યયન, વિભિન્ન ભાષાઓ, વિવિધ ક્ષેત્રીય અને વિવિધયુગોના સાહિત્યમાં જોવા મળતી સામાન્ય પ્રવૃત્તિ અને સમાન પ્રવાહોની શોધ અને તેની ઉત્પત્તિના પરિબળોની તપાસ, વિવિધ સ્વરૂપોના સાહિત્યનો અભ્યાસ, સાહિત્યના પારસ્પારિક પ્રભાવો અને પરીણામોનો તુલનાત્મક અભ્યાસ, તેમ જ તુલનાત્મક અધ્યયન દ્વારા વિશ્વ સાહિત્ય અને ઈતિહાસના વૈશ્વિક (Universal) આધારની શોધ કરી શકાય છે.

l **રચના – કાર્યવાદી અભિગમ :** (સંરચનાત્મક–પ્રકાર્યાત્મક અભિગમ) આધુનિક યુગમાં સમાજશાસ્ત્રીય સિધ્ધાંતો સ્થાપવામાં આ અભિગમનું મહત્વપૂર્ણ યોગદાન છે. સાહિત્યના સમાજશાસ્ત્રમાં પણ આ અભિગમ વડે સંશોધન કરી શકાય. જયોર્જ એ હ્વાકોએ સાહિત્ય સંસ્થાને અધિસંરચના (Super Structure) અને વૈયકિતક સંરચનાઓથી આવૃત માની છે.[૬૨] સાહિત્યના સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે એચ.ડી. ડંકને સર્વપ્રથમ સાહિત્યસંસ્થાના રચનાકીય પાસાઓ અને તેઓની આંતર્ક્રિયાઓના અભ્યાસનો આધાર પ્રસ્તુત કર્યો.[૬૩] લુસિએ ગોલ્ડમાન પણ પોતાના 'ઉત્પત્તિમૂલક સંરચનાવાદ' ની સંકલ્પનાને કૃતિની આંતરિક સંરચનાઓના વિશ્લેષણ ઉપર કેન્દ્રિત કરે છે.[૬૪] એમ.સી. અલબ્રેખ્ત પોતાના "આર્ટ એઝ એન ઈન્સ્ટીટયૂશન" નિબંધમાં સાહિત્યની રચના અને કાર્ય વિશ્લેષણનો સૈધ્ધાંતિક આધાર આપીને સંરચનાત્મક – પ્રકાર્યાત્મક સંશોધન માટે પ્રેરિત કરે છે.[૬૫]

આમ, સાહિત્ય સંસ્થાને પોતાની સંરચના છે, તે સંરચના નિર્મિત કરવા વાળા પાસાંઓ છે, જે પરસ્પર આંતર સંબંધિત છે, પ્રત્યેક અંગની પોતાની સ્થિતિ (દરજ્જો) અને ભૂમિકા છે, આ દરેકનું રચના–કાર્યવાદી અભિગમથી અધ્યયન થઈ શકે. ઉપરાંત સાહિત્ય એક સંસ્થા તરીકે માનવ સમાજની કઈ જરૂરિયાતોની પૂર્તિમાં સહાયક થઈ શકે છે ? અથવા સામાજિક વિચલન કે ધોરણવિહીનતાના વિસ્તારમાં સહાયક થાય છે ? એમ તેના **પ્રકાર્ય, અકાર્ય અને વિકાર્ય**નું વિશ્લેષણ સાહિત્યના સામાજિક પ્રભાવો અને પરીણામોના મૂલ્યાંકન માટે જરૂરી છે.

આમ, ઉપર પ્રમાણે દર્શાવેલી વિભિન્ન પધ્ધતિઓ અને અભિગમોની મદદથી સાહિત્યના સમાજશાસ્ત્રમાં સંશોધન થઈ શકે. અને એ ઉપરાંત અન્ય વિવિધ અનુભવજન્ય સંશોધન પધ્ધતિઓ જેવી

---

૬૨. George A. Huaco, **The Sociology of Film Art**, Basic Book's, New York, 1965, P.P. 18-22.

૬૩. H.D. Duncan, **Language and Literature in Society**, University of Chicago Press, Chicago, Page No. 67.

૬૪. L. Goldmann, **The Sociology of Literature : Status and Problems of Method**, Op.Cit.

૬૫. M.C. Albrecht, **Art as an Institution, in the Sociology of Art and Literature**, Op.Cit.

કે મુલાકાત, વૈયકિતક અધ્યયન, સર્વેક્ષણ, આંકડાકીય વગેરે પધ્ધતિની મદદથી સંશોધન થઈ શકે. સંશોધન પ્રયુકિતઓમાં પ્રશ્નાવલી, અનુસૂચિ, વિષય–વિશ્લેષણ, પ્રક્ષેપણ વગેરેનો તથ્ય સંકલન માટે ઉપયોગ કરી શકાય. ઉપકલ્પનાના નિર્માણ અને પરીક્ષણ માટે સાહિત્યિક કૃતિ તથા સાહિત્ય રચનાના વિવિધ પાસાંઓ તેમ જ પાઠકો, વિવેચકો, અન્ય સાહિત્યકારોની મુલાકાત લઈ શકાય.

સાહિત્યના સમાજશાસ્ત્રીઓમાં મુખ્ય ગણાતા ટેઈન (૧૮૭૧)[૬૬] નામના વિદ્વાને સાહિત્યની સામગ્રીના વિશ્લેષણની પધ્ધતિ આપી છે. આલબ્રેચ (૧૯૫૩ : ૧૯૫૬)[૬૭] નામના વિદ્વાને પણ આ પધ્ધતિની મદદથી સાહિત્ય અને સમાજના સુગ્રથિત સંબંધોને રજૂ કરતી જે વિચારસરણીઓ પ્રચલિત હતી તે તમામના લક્ષણો તારવી આપ્યા. અને સાથે–સાથે તેની અધ્યયનની સામગ્રીના વિશ્લેષણની પધ્ધતિનો ઉપયોગ શોધી આપ્યો. આ માટે તેઓએ સામયિકોમાંથી ૧૫૩ ટૂંકી વાર્તાઓ પસંદ કરીને તેનું તુલનાત્મક અધ્યયન કર્યુ.

લોવેન્થલ (૧૯૫૭)[૬૮] નામના વિદ્વાને પણ આ પધ્ધતિની મદદથી ઈ.સ. ૧૬૦૦ થી ૧૯૦૦ના સમયગાળાની રચનાઓ પસંદ કરી તેનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ આપ્યુ.

ઉપરાંત સ્વેતર (૧૯૩૫)[૬૯], મનરો (૧૯૪૯)[૭૦], ઈસ્કારપીટ (૧૯૫૮)[૭૧], લ્યૂરેન્સન અને સ્વીન્ગવૂડ (૧૯૭૨)[૭૨] વગેરેના પ્રયાસો વિશ્લેષણનો સમાજશાસ્ત્રીય અભિગમ સમજાવવામાં મદદરૂપ બન્યા.

---

૬૬. Taine Hippolyte, **History of English Literature**, Vol-1, London.

૬૭. Albrecht Milton C., **The Relationship of Literature and Society**, American Journal of Sociology, Vol-59, 1953.

૬૮. Lowenthal Leo, **Literature and the Image of Man**, Boston, 1957.

૬૯. Sweter A.C., **The Possibilities of a Sociology of Art**, Social Review, Vol-27, 1935.

૭૦. Munro Thomas, **The Art and their Interrelations**, New York, 1949.

૭૧. Escarpit Robert, **Sociology of Literature**, Ohio, 1958.

૭૨. Laurenson, Diana and Swingewood, Alan, **The Sociology of Literature**, London, 1972.

અત્યાર સુધી થયેલા અભ્યાસોમાંથી એવું ફલિત થાય છે કે સાહિત્ય એ પ્રતિબિંબિત થયા કરતા સામાજિક તથ્યોનો ઈતિહાસ નથી પરંતુ સમ–સામયિક તથ્યોના અર્થઘટનોનું સંયોજન છે.

નવલકથાઓ, નવલિકાઓ, નાટકો, કવિતાઓ એ સર્જનાત્મક સાહિત્યના એવા પ્રકારો છે કે જેમાં મહદંશે સમાજજીવનનું વાસ્તવિક અને હકીકતલક્ષી ચિત્ર રજૂ થયુ હોય છે. સમાજશાસ્ત્રીઓ આવી સાહિત્યકૃતિઓમાંથી જે માહિતી મળે તેનો વિશ્લેષણાત્મક અભિગમ વડે અભ્યાસ કરી, સમાજજીવનને સમજાવવાનો પ્રયત્ન કરી શકે. નવલકથાઓ અને નવલિકાઓમાં આવું હકીકતલક્ષી નિરૂપણ વિશેષ હોવાથી સાહિત્યના સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં તે વધારે ઉપયોગી નીવડે છે.

## ૩.૯ સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર :

જ્ઞાનની એક નવવિકસિત શાખા તરીકે સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર શું છે ? સમાજશાસ્ત્રી, સાહિત્યમાંથી કઈ સામગ્રીનો ઉપયોગ પોતાના અભ્યાસમાં કરે ? વગેરે પ્રશ્નોનો કોઈ અંતિમ જવાબ આપવો સંભવ નથી. જયારે સમાજશાસ્ત્રનું વિષયક્ષેત્ર લાંબા સમયથી વિવાદાસ્પદ છે તથા સાહિત્યનું અધ્યયન માત્ર સમાજશાસ્ત્રી જ નહીં પરંતુ સાહિત્યકાર, સાહિત્ય સમીક્ષક અને આલોચક વગેરે પણ કરી રહયા છે ત્યારે સાહિત્યના સમાજશાસ્ત્રનું અધ્યયનક્ષેત્ર નકકી કરવું તે એક ભગીરથ કાર્ય છે.

સાહિત્યના સમાજશાસ્ત્રના વિષયવસ્તુનો આધાર સાહિત્ય છે. જેમાં પદ્ય, નાટક, અને ગદ્યમાં નવલિકા, નવલકથા, વગેરેનો સમાવેશ થાય છે. સાહિત્યની ઉત્પત્તિ, વિકાસ, ઈતિહાસ વગેરેનો સમાવેશ પણ તેમાં થાય છે. સાહિત્ય સમાજનું ફોટોગ્રાફિક પ્રતિબિંબ નથી પરંતુ સ્વયં એક સંકુલ છે.[૭૩] આ સંકુલ રચનાને ઘડનારી અન્ય સંરચનાઓ, આંતરક્રિયાઓ અને વ્યવસ્થાને શોધવી તે સાહિત્યના સમાજશાસ્ત્રીનું કાર્ય છે.

મૉલ્કમ બ્રેડબરી[૭૪] કહે છે, સાહિત્યના સમાજશાસ્ત્રમાં સાહિત્યના સમાજમાં પ્રેરણાત્મક રૂપનું અધ્યયન અને તેના આધારે વિશ્વની સમજણ તથા પ્રભાવનું મૂલ્યાંકન થઈ શકે છે. તેઓ સાહિત્યને

---

૭૩. મૉલ્કમ બ્રેડબરી, **साहित्य और समाजशास्त्र**, पृष्ठ–८.

૭૪. એજન પૃષ્ઠ નં. ૮.

સમાજની અભિવ્યકિતના રૂપમાં અધ્યયન કરવાની બાબત ઉપર ભાર મૂકે છે. તેઓ કહે છે કે "સાહિત્ય સર્જનની પ્રક્રિયા સામાજિક આંતર્ક્રિયાઓનું પરીણામ છે જે માનવ વ્યવહારને પ્રભાવિત કરે છે, અને તે લેખક અને પાઠકોની વચ્ચે સંબંધ સ્થાપે છે."[૭૫] તેથી ચોકકસ યુગ (સમય) માં એક ચોકકસ સમાજ પોતાના લેખકો સાથે કેવો વ્યવહાર કરે છે અને સાહિત્યિક ગતિવિધિઓનું શું કાર્ય છે, અને તેનું પરીણામ શું આવે છે,[૭૬] વગેરેનો વિચાર સાહિત્યના સમાજશાસ્ત્રના અધ્યયનક્ષેત્રમાં આવે.

અમેરીકન સમાજશાસ્ત્રી જોસેફ રુસેક સાહિત્યના સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં કૃતિની ઉત્પત્તિ, તે કૃતિનો સમક્ષેત્રીય તથા ભિન્ન ક્ષેત્રીય કૃતિઓ સાથે સંબંધ, ચોકકસ કાળ (યુગ)માં કૃતિની સ્વીકૃતિ કે અસ્વીકૃતિ, સંસ્કૃતિના પ્રાથમિક મૂલ્યોની અભિવ્યકિત, કલાનું કોઈ વિશિષ્ટ સ્વરૂપ ગ્રહણ કરવું, સાંસ્કૃતિક મૂલ્યોનું રક્ષણ કરવામાં સફળતા, કૃતિની સર્જનાત્મક ભૂમિકામાં સમાજ અને સંસ્કૃતિની ભૂમિકા, લેખકનું વ્યકિતત્વ, પ્રવર્તમાન પ્રકાશન વ્યવસ્થા, તથા સાહિત્યના સામાજિક પ્રભાવના અધ્યયનનો સમાવેશ કરે છે.[૭૭]

સાહિત્યકૃતિ માનવીય સંબંધોનું સ્વરૂપ નકકી કરવામાં સહાયક થાય છે. તેની જટિલ સંરચનાથી સાહિત્યિક સમાજનું નિર્માણ થાય છે. તથા કૃતિમાં પ્રતિબિંબિત સામાજિક સંરચનાનું અધ્યયન સાહિત્યના સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં આવે છે. અને સાહિત્યના સમાજશાસ્ત્રીનું કાર્ય ઉપલબ્ધ સાહિત્યિક કૃતિઓમાંથી વૈજ્ઞાનિક ઉપયોગના તથ્યોને ટૂંકમાં પ્રસ્તુત કરવાનું છે.[૭૮]

સાહિત્યના સમાજશાસ્ત્રીનું એ કાર્ય છે કે તે એવા આંતર્સંબંધની શોધ કરે જે લેખક, પાઠક અને કૃતિને એક જટિલ વ્યવસ્થામાં બાંધે છે. તે કૃતિ અને લેખકોની ઉત્પત્તિ અને વિસ્તરણ તથા તેમાં સહાયક તત્વોની શોધ કરીને સાહિત્ય સર્જનની પ્રક્રિયાને સજાવવાનો પ્રયત્ન કરે.

---

૭૫. એજન પાના નં. ૭.

૭૬. એજન પાના નં. ૧૧.

૭૭. J.S. Roucek, **The Sociology of Literature**, Indian Journal of Research, Vol-11, No.2, July, 1961, Page No. 26-27.

૭૮. P.G. Forster and Celia Kenneford, **Sociological Theory and Sociology of Literature**, British Journal of Sociology, Vol-XXIV, No.9, Sept., 1973, Page No. 358.

સાહિત્યના સમાજશાસ્ત્રે માનવીના સમાજજીવન સાથે સંબંધિત એવી ઘટનાઓ અને વિભિન્ન વર્તન વ્યવહારોનું અધ્યયન કાર્ય હાથ ધર્યુ છે. આમ, સાહિત્યના આલેખનોની વિષયસામગ્રી સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર બન્યુ છે.

જુદા–જુદા વિદ્વાનોએ સાહિત્યના સમાજશાસ્ત્રના વિષયક્ષેત્ર વિશે પોતાનો મત આપ્યો છે. તેના સંદર્ભમાં સાહિત્યના સમાજશાસ્ત્રની વિષયસામગ્રી (અભ્યાસક્ષેત્ર) નીચે પ્રમાણે દર્શાવી શકાય :

૧. સાહિત્યની સામાજિક ઉત્પત્તિ, વિકાસ અને ઈતિહાસનું અધ્યયન કરવું.

૨. સાહિત્યના આંતરિક અને સાર્વત્રિક મૂલ્યો, સાહિત્યિક પરંપરાઓ અને સામાજિક–સાંસ્કૃતિક પ્રતિમાનોનો અભ્યાસ કરવો.

૩. સાહિત્યના વિવિધ સ્વરૂપોની ઉત્પત્તિ, વિકાસ અને તેમની સામાજિક સ્વીકૃતિ અને અસ્વીકૃતિના આધારોનો અભ્યાસ.

૪. સાહિત્યિક વિચારધારાઓનો ઉદ્‌ભવ, વિકાસ અને સાહિત્ય ઉપર તેના પ્રભાવનો અભ્યાસ કરવો.

૫. સાહિત્યને સાર્વત્રિકતા, શાશ્વતતા અને સાર્વભૌમિકતા પ્રદાન કરવા વાળા તત્વોનો અભ્યાસ કરવો.

૬. સાહિત્યમાં વર્ણવાયેલી બાબતોનો અભ્યાસ જેમ કે સમાજ અને સંસ્કૃતિના પ્રતિબિંબોનું સ્વરૂપ, સામાજિક રચનાતંત્ર, સામાજિક સંસ્થાઓ, સામાજિક પરિવર્તન, સામાજિક વિકાસ, પ્રગતિ અને સામાજિક વિચલન, સામાજિક નિયંત્રણના સ્વરૂપો, વ્યકિત અને સમાજના સંબંધો, સામાજિક પ્રક્રિયાઓ વગેરેનો અભ્યાસ કરવો.

૭. સાહિત્ય સંસ્થાની સંરચનાત્મક બાબતોનું અધ્યયન કરવું જેમ કે

(i) સાહિત્યિક મૂલ્યો, રીતિઓ, પરંપરાઓ અને સામાજિક મૂલ્યો તથા પરંપરાઓમાંથી સર્જાયેલી જટિલ અધિસંરચનાનો અભ્યાસ કરવો.

(ii) વૈયકિતક સંરચનાને નકકી કરતી વિભિન્ન બાબતો જેવીકે, લેખકો, પાઠકો, આલોચકો, પ્રકાશકો, વગેરેની વચ્ચે થતી આંતર્ક્રિયાઓ, તેઓની સામાજિક ભૂમિકા અને દરજજો, એ દરજજા–ભૂમિકામાં આવતા રહેતા ચઢાવ–ઉતાર, સામાજીકરણ, સંદર્ભજૂથ, વ્યકિતમત્તા, પારસ્પારિક વ્યવહાર પ્રતિમાન, પુરસ્કાર વ્યવસ્થા (બદલો) અને તેનું મનોવિજ્ઞાન, સામાજિક સ્વીકૃતિ કે અસ્વીકૃતિ, પારસ્પારિક સહકાર અને સંઘર્ષનો અભ્યાસ કરવો.

(iii) લેખક, પાઠક, પ્રકાશક અને આલોચક વગેરેના સંબંધોની જટિલ સંરચના ઘડનારી આર્થિક, સામાજિક, રાજકીય અને કાયદાકીય બાબતો–પરીબળોનો અભ્યાસ.

૮. સાહિત્ય સંસ્થાની કાર્યાત્મક બાબતોનો અભ્યાસ, સાહિત્યનો ઉદ્દેશ્ય, મધ્યવર્તી વિચાર (Motif) અને વિષય (Theme) નો અભ્યાસ, ધ્યેયસિધ્ધિમાં સફળતા, સાહિત્યની સામાજિક ઉપયોગિતા, સામાજિક વ્યવસ્થા, નિયંત્રણ અને સામાજિક પુનર્નિર્માણમાં સાહિત્યનું યોગદાન વગેરેનો અભ્યાસ કરવો.

૯. કૃતિની ભાષાશૈલી, પ્રતીકાત્મકતા, વગેરેનો કૃતિકારના વ્યકિતગત તથા સામાજિક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કરવો.

૧૦. સમાજશાસ્ત્રીય માન્યતાઓના આધારે સાહિત્યના અસ્તિત્વ અને ઔચિત્યનું નિર્ધારણ તથા વર્ગીકરણ કરવું.

૧૧. સાહિત્ય–ઈતિહાસના ઔચિત્યનું નિરૂપણ તથા ઐતિહાસિક વિકાસક્રમમાં સમાજ અને તેની સંસ્થાઓના ક્રમિક વિકાસનું અધ્યયન કરવું.

૧૨. સાહિત્યનો સમાજશાસ્ત્રીય ઢબે અને પરિપ્રેક્ષ્યથી અભ્યાસ કરીને સાહિત્યમાં વ્યકત થતી સામાજિક સમસ્યાઓ, સામાજિક વિચારસરણી, વલણો, અને તેમાં આવતા પરિવર્તનો, સમાજની રચના અને તેમાં આવી રહેલા પરિવર્તનોની સમીક્ષા કરવી.

આમ, સાહિત્યના સમાજશાસ્ત્રએ માનવીના સમાજજીવન સાથે સંબંધિત એવી ઘટનાઓ અને વિભિન્ન વર્તનવ્યવહારોનું અધ્યયન કાર્ય કરવાનું રહે છે એ રીતે સાહિત્યની વિષયસામગ્રી સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર બન્યુ છે.

સાહિત્યમાં રજુ થતા રહેલા સામાજિક પાસાં, સ્વરૂપો, માળખાં, કાર્યો, નિયંત્રણો, પરિવર્તનો, આયોજનો વગેરે તેના અભ્યાસક્ષેત્રને નકકી કરે છે. આવા અનેકવિધ પરીબળો પેઢી દર પેઢી, એક સમુદાયથી બીજો સમુદાય, એક સંસ્કૃતિથી બીજી સંસ્કૃતિ વગેરે સાહિત્યક્ષેત્રની સામગ્રી બનીને આલેખિત થાય કરે છે. આમ, સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર ઘણુ વિશાળ છે. તેમાં વિશ્લેષણની પધ્ધતિના ઉપયોગથી સંરચનાત્મક, કાર્યાત્મક, તુલનાત્મક, સમસામયિક, નિયતકાલીન, ગત્યાત્મક એમ વિભિન્ન અભિગમો, પધ્ધતિઓ અને દ્રષ્ટિકોણથી અભ્યાસો થઈ રહયા છે. અને નાના–નાના વિષયવસ્તુના સઘન અભ્યાસો દ્વારા સુગ્રથનાત્મક અભ્યાસની પધ્ધતિ (Integrating Study) સ્થપાઈ રહી છે. તે દરેકની મદદથી સમાજજીવનના કૌટુંબિક, ધાર્મિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક વગેરે પાસાઓને આવરી લઈને અભ્યાસો થાય છે; સામાજિક પરિવર્તનો, સામાજિક સમસ્યાઓ, સામાજિક સંબંધોની પારસ્પારિક ઢ બનો પણ અભ્યાસ થાય છે.

સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં જટિલ સમાજવ્યવસ્થાની વિવિધ સામાજિક ઘટનાઓ, પરીબળો અને તેની સમાજજીવન ઉપર થતી અસરો, સામાજિક સમસ્યાઓ અને તેના નિવારણના ઉપાયો વગેરેનો સમાવેશ કરી શકાય. આ રીતે સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર સતત વિકસી રહયુ છે.

## ૩.૧૦ સાહિત્યના સમાજશાસ્ત્રની મર્યાદાઓ :

"સાહિત્યનું સમાજશાસ્ત્ર" સમાજશાસ્ત્રની અન્ય શાખાઓની સરખામણીએ નવુ વિકસતુ શાસ્ત્ર છે. તેથી તેની કેટલીક મર્યાદાઓ પણ છે. જે આ પ્રમાણે દર્શાવી શકાય :

૧. તેના આલેખનોમાં કપોળકલ્પિત ઉડ્ડયનવાળા વર્ણનો કે જે વાસ્તવિકતાથી પર હોય ત્યારે તેનું વિશ્લેષણ કરતી વખતે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેની સત્યતા પૂરવાર કરવી એ કઠિન કાર્ય બને છે.

૨. સાહિત્યમાં આદર્શો પણ હોય છે. તેના આધારે પારલૌકિક રજૂઆતવાળા વર્ણનો કે જે વાસ્તવિક હકીકતોથી વેગળા હોય છે તેનું અર્થઘટન કે વિશ્લેષણ કરવું મુશ્કેલ બને છે.

૩. સાહિત્ય એ ગ્રંથાલય કાર્ય – સંશોધન (Library Research Work) સાથે સંબંધિત બાબત હોઈ ગૌણ માહિતી (Secondary Data) ની સત્યતાની પુનઃ ચકાસણી કે કસોટી કરવાની ક્રિયા લગભગ અશકય જેવી બને છે. તેથી કલ્પનાઓને વાસ્તવિક ગણીને સંશોધન / અભ્યાસમાં આગળ વધવાનું હોઈ ખામીયુકત રહેવા સંભવ છે.

૪. સાહિત્યના આધારે થતા સંશોધનમાં મર્યાદિત માત્રામાં માહિતી ઉપલબ્ધ થાય છે તેથી પ્રાથમિક–ક્ષેત્રકાર્ય પર આધારિત – માહિતીની જેટલી સ્પષ્ટતા વિષયને અનુલક્ષીને ન થઈ શકે તે સહજ છે તેથી અપૂરતી માહિતી કે અનુમાનો વડે સંશોધકે કામ કરવુ પડતુ હોઈ સંશોધન ખામીયુકત રહેવાનો સંભવ છે.

૫. સાહિત્યકાર કૃતિની રચના કરતી વખતે જે અંગત લાગણીઓ, પસંદ–નાપસંદ, અંગત વિચારો, પૂર્વગ્રહો, દ્રષ્ટિબિંદુના આધારે સાહિત્યકૃતિની રચના કરતો હોય છે તેમાં ઘટના કે સામાજિક તથ્યની રજૂઆત કયારેક રહી જાય કે તેનું મૂલ્યનિરપેક્ષ વિશ્લેષણ કે રજૂઆત ન થઈ શકે તેવુ બને છે. આવી કૃતિના આધારે સંશોધક સમાજજીવનના કોઈ પાસા અંગે સંશોધન કરવા જાય તો તેના અર્થઘટનો મૂલ્યનિરપેક્ષ ન હોતા સંશોધન ખામી ભરેલુ બનવા સંભવ છે, અથવા તે સંશોધનની વૈજ્ઞાનિકતામાં ક્ષતિ રહેવા સંભવ છે. અને તેથી સાહિત્યના સમાજશાસ્ત્રમાં કયારેક સંશોધન પૂરેપુરુ વિશ્વસનીય અને તટસ્થ ન રહે તેવી શકયતા છે.

જો કે દરેક નવજાત ગણાતા વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર એ પ્રકારની મથામણમાંથી પસાર થયા પછી જ પોતાનું વૈજ્ઞાનિક સ્વરૂપ ધારણ કરી શકે છે. તેથી સાહિત્યના સમાજશાસ્ત્રની કેટલીક મર્યાદાઓ હોવા છતાં તે જે ઝડપે વિકાસ પામી રહયુ છે તે જોતા આ મર્યાદાઓ પણ દૂર થશે જ.

## ૩.૧૧ સાહિત્યના સમાજશાસ્ત્રનું ભાવિ :

સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રે સાહિત્યના વિવિધ સ્વરૂપોનો અલગ–અલગ અભ્યાસ વિકસાવીને તેના ક્ષેત્રો અંગેના નિયમો અને પધ્ધતિઓ ઘડવાના જે પ્રયાસો થઈ રહયા છે, તે ઉપરથી એવી ધારણા બંધાય છે કે તેનું સ્વતંત્ર અને સમૃધ્ધ એવું સંશોધન ક્ષેત્ર રચાવાની પૂરેપૂરી શકયતા છે. બૂર[૭૯] અને બર્નાર્ડ[૮૦] ની ધારણાઓએ આ શાસ્ત્રના વિકાસ અંગે દિશા સંકેતો આપ્યા છે. બીજી તરફ સાહિત્યિક કૃતિની ચર્ચા કરતી વખતે સામાજિક ઘટનાઓનું અવલોકન કરવાનું વલણ વધી રહયુ છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે સાહિત્ય એ માત્ર કલા નથી પણ સામાજિક સર્જન છે. તેથી તેના અન્ય સામાજિક શાસ્ત્રોના અધ્યયનક્ષેત્રો સાથેના સુગ્રથિત સંબંધો તપાસવાનું કાર્ય અનિવાર્ય ગણાવા લાગ્યુ છે. એ અંગેના સ્કૉટ[૮૧] અને વૉટસન[૮૨] ના પ્રયાસો નોંધપાત્ર છે. આ પ્રયાસોના ફળ સ્વરૂપે સાહિત્યના સમાજશાસ્ત્રના અધ્યયનક્ષેત્રને સાહિત્યના વિવેચનક્ષેત્રે સ્થાન મળવાની પૂરી સંભાવના છે.

આજે સાહિત્યનું સમાજશાસ્ત્ર સમાજશાસ્ત્રની એક શાખા સ્વરૂપે વિકસી રહયુ છે. તેને અંગેના જુદા–જુદા સંશોધન થઈ રહયા છે. હોકૉર્ટ[૮૩], ગિટલર[૮૪], વિલ્સન[૮૫], મૅકેન્ઝી, મર્ટન[૮૬] વગેરેના સંશોધનોમાં કલા અને સાહિત્ય અંગેના લેખો સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓને સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસની રસલક્ષી સામગ્રી પૂરી પાડે છે.

---

૭૯. Baur, John J.H., **Revolution and Tradion in Modern American Art**, Harvard, 1951, page No. 5.

૮૦. Bernard, Myers S., **Problems of the Younger American Artist**, New York, 1957, Chapter-2.

૮૧. Scott, Wilbour, **Five Approaches of Literary Criticism**, New York, 1962, Page No. 123.

૮૨. Watson, George, **The Study of Literature**, London, 1961, Page No. 172.

૮૩. Harcourt, Brace, **The Foundation of Literary Judgement**, New York, 1948, Page No.546.

૮૪. Gittler, Joseph B., **Review of Sociology**, New York, 1957, Page No. 561.

૮૫. Wilson Robert N., **the Arts in Society**, New York, 1964, Page No. 299.

૮૬. Merton, Robert K., **Sociology Today : Problems and prospects**, Vol-1, New York, 1965, Page No. 197.

સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર અને તેના ભાવિ અંગે કરેલી ચર્ચા પરથી ફલિત થાય છે કે તેનો વ્યાપ (Scope) સામાજિક ભૂમિકા સાથે વિસ્તૃત છે. તેના અધ્યયન કાર્યને કોઈ સ્થળકાળના બંધન હોતા નથી. માનવીના જગતવ્યાપી એવા સમાજજીવનના સાહિત્યિક આલેખનોનું સમાજશાસ્ત્રીય અધ્યયન થઈ શકે છે.

**ઉપસંહાર :**

પ્રસ્તુત પ્રકરણમાં સમાજશાસ્ત્રની એક વિકસતી જતી શાખા તરીકે "સાહિત્યના સમાજશાસ્ત્ર"ની વિકાસયાત્રા વર્ણવી છે. સાહિત્યનું સમાજશાસ્ત્ર એક ઉપયોગી સામાજિક વિજ્ઞાન તરીકે જે રીતે વર્તમાનમાં પોતાના અભ્યાસક્ષેત્રનો વ્યાપ વધારી રહયું છે તે તપાસતાં એમ સાબિત થાય છે કે તેનું ભાવિ ઉજજવળ છે. હવે પછીના પ્રકરણ નં.–૪માં "પુરોગામી સાહિત્યનું વિહંગાવલોકન" રજૂ કરવામાં આવેલ છે.

# પ્રકરણ – ૪
# પુરોગામી સાહિત્યનું વિહંગાવલોકન

। પ્રાસ્તાવિક

૪.૧ વિશ્વમાં સાહિત્યના સમાજશાસ્ત્રમાં થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન

૪.૨ ભારતમાં સાહિત્યના સમાજશાસ્ત્રમાં થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન

૪.૩ સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકા સંબંધી અભ્યાસોનું વિહંગાવલોકન

૪.૪ સાહિત્યમાં નારી નિરૂપણને લગતા અભ્યાસોનું વિહંગાવલોકન

૪.૫ ગુજરાતમાં સાહિત્યના સમાજશાસ્ત્રમાં થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન

। ઉપસંહાર

# પ્રકરણ – ૪
# પુરોગામી સાહિત્યનું વિહંગાવલોકન

## પ્રાસ્તાવિક :

સંશોધક જે વિષય ઉપર સંશોધન કરે છે તે વિષયના પૂર્વે થયેલા અભ્યાસોનો તલસ્પર્શી અભ્યાસ કરે તે સંશોધક માટે પોતાના વિષયમાં સંશોધનની દિશા પ્રાપ્ત કરવા તેમ જ વધારે સજજતા કેળવવા માટે અતિ આવશ્યક છે. પૂર્વ અભ્યાસોની માહિતી મેળવવાથી સંશોધક પોતાના ક્ષેત્રમાં વણખેડાયેલી બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે, અને પોતાના અભ્યાસને નવીનતા તથા મૌલિકતા બક્ષી શકે છે. ઉપરાંત પૂર્વસાહિત્યની મદદ વડે અન્ય પૂર્વ અભ્યાસોમાં રહેલી ક્ષતિઓ પોતે જયારે સંશોધન કરે ત્યારે પોતાના સંશોધનમાંથી દૂર કરી શકે છે. આમ, સંશોધનની ક્ષતિઓ નિવારવા, સંશોધનને મૌલિકતા તથા નવીનતા આપવા, સંશોધનની નવીન કેડી કંડારવા અને તુલનાત્મક અધ્યયન કરવા માટે સંશોધકે પૂર્વસાહિત્યનું અધ્યયન કરવુ જરૂરી છે.

પ્રસ્તુત અધ્યયન "સાહિત્યના સમાજશાસ્ત્ર" માં કરવામાં આવ્યુ છે. સમાજશાસ્ત્રની આ વિકાસશીલ શાખામાં વૈશ્વિક ફલક ઉપર તેમ જ ભારતમાં અને ગુજરાતમાં જે વિવિધ અભ્યાસો થયા છે તેમાંથી પ્રાપ્ત માહિતી ઉપયોગી થઈ શકે તે હેતુથી આ સંશોધનમાં પુરોગામી સાહિત્યનો પરિચયાત્મક અભ્યાસ યોગ્ય ગણાશે.

આ પ્રકરણમાં સાહિત્યના સમાજશાસ્ત્રમાં થયેલા અભ્યાસો, નવલકથાના સમાજશાસ્ત્રીય ઢબે થયેલા અભ્યાસો તેમ જ સ્ત્રીઓના દરજજા અને ભૂમિકા સંબંધી સાહિત્યના અભ્યાસો તથા સાહિત્યમાં નારી નિરૂપણને લગતા અભ્યાસો પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

## ૪.૧ વિશ્વમાં સાહિત્યના સમાજશાસ્ત્રમાં થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન :

સાહિત્યના સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં અભ્યાસોની શરૂઆત વિશ્વમાં ૧૯મી સદીથી થઈ, અને વીસમી સદીમાં અમેરિકામાં અને યુરોપીયન દેશોમાં સાહિત્યના સમાજશાસ્ત્રને વ્યાપક સમર્થન અને લોકપ્રિયતા પ્રાપ્ત થઈ જેના પરિણામે વિદ્વાનોએ તે ક્ષેત્રમાં સંશોધનો શરૂ કર્યા.

આવા કેટલાક "સાહિત્યના સમાજશાસ્ત્ર" ના મહત્વના પુરોગામી અભ્યાસો આ પ્રમાણે છે :

**૧. Taine, Hippolyte,**
**History of English Literature, Vol-1, London, 1871.**

ફ્રાંસીસી વિચારક એચ. ટેઈન કે જેઓને સાહિત્યના સમાજશાસ્ત્રના જનક માનવામાં આવે છે તેઓએ પોતાના ઉપરોકત પુસ્તકમાં એ પ્રસ્થાપિત કર્યુ છે કે કલાકૃતિની રચના મસ્તિષ્કની સામાન્ય સ્થિતિ તથા સંપૂર્ણ પર્યાવરણ દ્વારા થાય છે. સામાજિક માધ્યમ કે પર્યાવરણ જ કલાત્મક સર્જન માટે માનસિક સ્થિતિનું નિર્માણ કરે છે. તેઓના મતે કલા સમાજની સામૂહિક અભિવ્યકિત છે, એક એવું દર્પણ છે જેને કોઈપણ સ્થળે લઈ જઈ શકાય છે. તથા તેમાં પ્રકૃતિ અને જીવનના બધા જ પ્રતિબિંબો ઝીલી શકાય છે. એચ. ટેઈને સાહિત્યના મૂલ્યાંકનને જાતિ, કાળ અને પર્યાવરણ પર આધારિત કર્યું છે. જાતિને વંશગત વિશેષતાઓ, સ્વભાવ અને શારીરિક સંરચનાના રૂપમાં, કાળને યુગ અને યુગ–ચેતનાના રૂપમાં તથા પર્યાવરણને હવા પાણી, ભૌગોલિક તથા સામાજિક પરિસ્થિતિના રૂપમાં ગ્રહણ કર્યુ છે. આ ત્રણેય તત્વો પરસ્પર આશ્રિત છે. તેઓએ પોતાના પુસ્તકમાં જણાવ્યુ છે કે સાહિત્ય સર્જનમાં આ ત્રણેયની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. આ રીતે સાહિત્ય જાતિ, કાળ અને પર્યાવરણનું પ્રતિબિંબ છે. એચ. ટેઈન પ્રથમ વિદ્વાન છે કે જેઓએ કલાકારનો પોતાનો સમાજ, મિત્રોના સંબંધો તથા કલાકારના દ્રષ્ટિકોણ પર સમાજના લોકોના પ્રભાવનું વિશ્લેષણ કર્યુ છે. સાહિત્ય હંમેશા એવા લોકોની રુચિ અને રસ સાથે અનુકૂલન કરવાનો પ્રયત્ન કરે છે જે તેને પ્રશંસા અને મહત્વ પ્રદાન કરે. આ રીતે એચ. ટેઈને સાહિત્યના સમાજશાસ્ત્રના વૈજ્ઞાનિક નિરૂપણ કરવાની દિશામાં પહેલ કરી અને જણાવ્યુ કે સાહિત્યના વિષયવસ્તુ અને સ્વરૂપનો સંબંધ લોકો સાથે છે. સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રે વિશ્લેષણની પધ્ધતિનો પાયો નાખનાર એચ. ટેઈન ગણાય છે. તેઓએ સાહિત્યની સામગ્રીના વિશ્લેષણ માટે એક સૂત્રનો ઉપયોગ કર્યો હતો તેના પ્રયત્નને કારણે સાહિત્યમાં આલેખાતા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય વગેરે પાસાની વિશ્લેષણાત્મક કાર્યપધ્ધતિ ફલિત કરી હતી. સાહિત્યના સામાજિક તત્વો કઈ રીતે પરિવર્તનશીલ રહે છે તે પણ તેણે તારવી આપ્યુ હતુ.

**૨. Milton C. Albrecht, James H. Barnett and Mason Griff. (Edited) The Sociology of Art & Literature : A Reader. Gerald Duckworth & Company Limited (Sedond Edition), London, 1982.**

આ પુસ્તકમાં લુસિએ ગોલ્ડમોન દ્વારા લિખિત નિબંધ "સોસ્યોલોજી ઓફ લિટરેચર : સ્ટેટસ એન્ડ પ્રોબ્લેમ્સ ઓફ મેથડ" કે જે ઈન્ટરનેશનલ સોસીયલ સાયન્સ જર્નલ, Vol-XIX, નં.–૪, ૧૯૬૭માં પ્રકાશિત થયો હતો તેને ઉપરોકત સંપાદકોએ પુનઃ પ્રકાશિત કર્યો છે.

આ નિબંધમાં ગોલ્ડમેને સાહિત્યના સમાજશાસ્ત્રીય સંશોધનોમાં અનુભવાતી કેટલીક મુશ્કેલીઓનું વર્ણન કર્યું છે અને કઈ પધ્ધતિથી સંશોધન કરવું એ અંગે સંશોધકોની દ્વિધા વ્યકત કરી છે.

આ નિબંધમાં તેઓએ કહયુ છે કે કૃતિને કેવળ કૃતિકારના સંદર્ભમાં જોવાને બદલે એક સામાજિક વર્ગની વિશ્વદ્રષ્ટિથી કે 'સમગ્રતા' થી જોવી જોઈએ. તેઓ કહે છે કે કૃતિકારના દ્રષ્ટિકોણ અને માનવસંરચનાઓના નિર્માણમાં કૃતિ સહાયક બને છે. તેઓએ જણાવ્યુ છે કે સાહિત્યનું સમાજશાસ્ત્ર માત્ર એક વ્યાવસાયિક સમૂહ (લેખકો) અને તેઓની જીવનશૈલી, આદર્શો, સામાજિક પૃષ્ઠભૂમિ અને વ્યવહારના માપદંડોનું જ સમાજશાસ્ત્ર નથી; તે કોઈ લેખકની કૃતિને અર્થપૂર્ણ રીતે વિશિષ્ટ ઐતિહાસિક પરિસ્થિતિઓ સાથે સંબંધિત કરવાનો પણ પ્રયત્ન કરે છે. તેઓએ પોતાના આ વિચારોનો પ્રયોગ પોતાના પુસ્તકો "The Hidden God" (૧૯૫૬) અને "Towards a Sociology of the Novel" (૧૯૭૫)માં કર્યો છે.

**૩. Diana Laurenson,**
**"The Writer and Society, in the Sociology of Literature", MacGibben & Kee, London, 1971.**

આ પુસ્તકમાં ડાયના લોરેન્સન સાહિત્યની સમાજશાસ્ત્રીય વિચારધારાને બહુકારકીય પરિપ્રેક્ષ્ય (Multi Dimention) માં સમજવી જોઈએ તેમ જણાવે છે. તેઓ કહે છે કે કોઈપણ કૃતિ આકસ્મિક રીતે કે માત્ર બાહય કારકોના પરિણામે ઉત્પન્ન થતી નથી. પરંતુ તેની ઉત્પત્તિ, સ્વરૂપ, વિષયવસ્તુ વગેરેના નિર્ધારણમાં અનેક પરીબળો સહાયક બને છે. સાહિત્યના સમાજશાસ્ત્રીય અધ્યયનમાં લેખક જે સમાજ અને આર્થિક સ્તરમાંથી આવે છે તે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે સામાજિક વર્ગો અને સમૂહો સાથે સંબંધિત હોય છે, તેનું પોતાનું માનસિક સ્તર, તે જે સાહિત્યક પરંપરાઓ વચ્ચે કાર્ય કરી રહયો છે, તેનો વાચક વર્ગ કેવો છે, વગેરેનું અધ્યયન પણ જરૂરી છે. આમ, સાહિત્યિક કૃતિના સમાજશાસ્ત્રીય વિશ્લેષણ વખતે અનેક બાબતો ધ્યાનમાં લેવી જોઈએ તેમ તેઓ જણાવે છે.

**૪. Diana Laurenson અને Alan Swingewood,**
**The Sociology of Literature, MacGibben & Kee, London, 1971.**

આ પુસ્તક એક નવીન કૃતિ છે. જે સાહિત્યના સમાજશાસ્ત્રની પધ્ધતિની સમસ્યાઓ અને સૈધ્ધાંતિક માન્યતાઓનું સૂક્ષ્મ અને ગહન અધ્યયન પ્રસ્તુત કરે છે. આ પુસ્તકમાં લેખકો એચ. ટેઈનથી

માંડીને માર્ક્સવાદી વિચારક લુસિએ ગોલ્ડમેન સુધીની વિચારધારાઓનું વિશ્લેષણ કરીને સાહિત્યના સમાજશાસ્ત્રીય અધ્યયનને કૃતિ ઉપર કેન્દ્રિત કરે છે.

**૫. Levin L. Schucking,**
**The Sociology of Literary Taste, Routledge & Kegan Paul Ltd., London, 1950.**

શૂકીંગ પોતાના પુસ્તકમાં સાહિત્યિક રુચિનો વિકાસ અને પરિવર્તનનો સમાજશાસ્ત્રીય આધાર રજૂ કરે છે, તેઓએ સાહિત્યના સામાજિક તથ્યોનો અભ્યાસ ઐતિહાસિક દ્રષ્ટિકોણથી કરવાનો ખ્યાલ રજૂ કર્યો છે. તેઓના આ પ્રયાસથી સાહિત્યના સમાજશાસ્ત્રીય અભ્યાસને દિશા પ્રાપ્ત થઈ.

**૬. Leo Lowenthal,**
**Literature and the Image of man, Boston, 1957.**

આ પુસ્તકમાં લિયો લૉવેન્થલે ઈ.સ. ૧૬૦૦ થી ૧૯૦૦ની વચ્ચેની યુરોપિયન લેખકોની નવલકથાઓ અને નાટકોનો અભ્યાસ કરીને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ આપ્યુ છે. તે માટે તેઓએ વિવિધ ભાષાના લેખકો જેવા કે સ્પેનિશ, ફ્રેન્ચ, જર્મન, અંગ્રેજ વગેરે પસંદ કર્યા હતા. આ અભ્યાસના તારણ રૂપે તેઓએ દર્શાવ્યુ છે કે સર્જનાત્મક લેખકો કથાવસ્તુ, પાત્રાલેખન, મૂલ્યો વગેરેમાં સમયાનુસારી આલેખનો કરે છે અને તે દ્વારા સમાજ અને સમય સાથેના માનવીના સંબંધોને અભિવ્યકિત આપે છે. સર્જનાત્મક સાહિત્ય સામાજિક માળખાં અને સામાજિક કાર્યોના અભ્યાસ માટે જરૂરી માહિતી પૂરી પાડે છે. સર્જનાત્મક લેખકો માનવસમાજ સાથેના સંબંધોમાં સર્જાતા પરિવર્તનો પ્રત્યે સવિશેષ સંવેદનશીલ રહે છે અને તેને રચનાઓનાં આલેખનોમાં સ્થાન આપે છે. તેથી સામાજિક પરિવર્તનના અભ્યાસ માટે આ અભિગમ ઉપયોગી થાય છે. આમ, લિયો લૉવેન્થલ પોતાના ઉપરોકત પુસ્તકમાં જણાવે છે કે, "સર્જનાત્મક સાહિત્ય દસ્તાવેજી સ્ત્રોત બની શકે છે."

**૭. Louis De Bonald,**
**Literature as Expression of Society, Paris, 1796.**

બોનાલ્ડ લૂઈસ જણાવે છે કે સામાજિક રચનાતંત્ર, કૌટુંબિક સંબંધો, વર્ગસંઘર્ષ, લગ્ન વિચ્છેદ અંગેનું યોગ્ય વલણ, વસ્તીવિષયક ગોઠવણી વગેરે બાબતોના સીધા પ્રતિબિંબો સાહિત્ય ઝીલે છે. આ પુસ્તકમાં તેઓએ સાહિત્ય વિષયક સમાજશાસ્ત્રીય અભ્યાસના દ્રષ્ટિકોણની સ્પષ્ટતા કરી છે.

**૮. Milton C. Albrecht,**

**The Relationship of Literature and Society, American Journal of Sociology, V0l-59, 1953-54.**

સાહિત્યના સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કાર્યના ક્ષેત્રે એમ.સી. આલ્બ્રેચે મહત્વનું કાર્ય કર્યુ છે. તેઓએ પોતાના ઉપરોકત પુસ્તકમાં સાહિત્ય અને સમાજના સુગ્રથિત સંબંધોને રજૂ કરતી જે વિચારસરણીઓ ચાલતી રહી છે તે તમામના મહત્વના લક્ષણો તારવી આપ્યા છે. તે સાથે તેની અધ્યયનની સામગ્રીના વિશ્લેષણની પધ્ધતિનો ઉપયોગ શોધી આપ્યો છે. એ કાર્ય માટે તેઓએ સામયિકોમાંથી ૧૫૩ ટૂંકી વાર્તાઓ પસંદ કરી તેનું તુલનાત્મક અધ્યયન આપ્યુ છે. આમ, પધ્ધતિ અંગેનો તેઓનો પ્રયત્ન ગણનાપાત્ર છે.

**૯. Inglis Ruth,**

**An Objective Approach to the Relationships between Fiction and Society, American Sociological Review - 3:4, 1938.**

સમાજશાસ્ત્રીય રીતે નવલકથાના આલેખનોનો વિશ્લેષણાત્મક અભ્યાસ આપનાર સૌથી પહેલા ઈંગ્લીશ રૂથને માનવામાં આવે છે. તેઓએ પોતાના સમયના ૩૫ વર્ષના ગાળાના સામયિકોની નવલકથાઓ પસંદ કરી હતી. જેમાં તેઓએ નાયિકાઓની આર્થિક અને ધંધાકીય પરિસ્થિતિ અને દરજજાના કેટલાક લક્ષણોનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમાંથી પ્રાપ્ત થયેલા તારણોનો તુલનાત્મક અભ્યાસ એ જ સમયગાળાની વસ્તી ગણતરીની માહિતી સાથે જોડીને પ્રાપ્ત થયેલા તફાવતોની ચર્ચા કરી હતી. સાહિત્ય સામાજિક પરિવર્તનના, પ્રતિબિંબ ઝીલે છે તે માન્યતાને આ અભ્યાસે સમર્થન આપ્યુ હતુ.

**૧૦. Frederick J. Hoffman,**

**The Modern Novel in America 1900 - 1950, Chicage, 1951.**

હોફમેને ઈ.સ. ૧૯૦૦ થી ૧૯૫૦ના સમય દરમ્યાનની અમેરિકન નવલકથાઓના આલેખનોનું સામાજિક પરીક્ષણ કર્યુ છે, અને સામાજિક પ્રશ્નો અને કલાના આંતરિક તંત્રના સ્વરૂપની છણાવટના ફળસ્વરૂપે કેટલાક તારણો આપ્યા છે. તેઓના આ તારણો દ્વારા સમસામયિક સામાજિક પ્રવાહોના પ્રભાવો માપવાની પધ્ધતિ પ્રાપ્ત થઈ છે.

**૧૧. Levin CF. H.,**

**Toward a Sociology of the Novel, New York, 1966.**

લેવિને પોતાના પુસ્તકમાં નવલકથાના સમાજશાસ્ત્રીય અભ્યાસની શકયતા તપાસી આપી છે. તેમાં તેઓએ વર્ણનાત્મક આંતરક્રિયાઓની છણાવટ કરી છે. તેની સાથે કથાવસ્તુ કઈ રીતે સામાજિક ઘટનાઓ રૂપે હોય છે તેની સમજૂતી આપી છે. ઉપરાંત નવલકથાના રચના સ્વરૂપમાં જે કલા નિરૂપણના નિયમો કામ કરે છે તે વાસ્તવમાં કઈ રીતે સામાજિક અભિવ્યકિતના ખ્યાલો હોય છે તેનું અર્થઘટન કરી આપ્યુ છે. તેઓએ નવલકથાકારો અને વાચકો વચ્ચે સામાજિક ચેતનાનું સૂક્ષ્મ તત્વ કઈ રીતે ઐકય સાધે છે તેનું સ્પષ્ટીકરણ પુસ્તકમાં આપ્યુ છે.

**૧૨. James Bernett and Grean Rhoda,**

**Recent American Divorce Novels : 1938 - 45 - A Study in Sociology of Literature, Social Forces Vol-26, 1947-48.**

ઉપરોકત પુસ્તકમાં અમેરિકાની ઈ.સ. ૧૯૩૮ થી ૧૯૪૫ સુધીની છૂટાછેડા વિષયક ૨૫ નવલકથાઓ લઈને તેનો તુલનાત્મક વિશ્લેષણથી અભ્યાસ આપ્યો છે. તે દ્વારા વાસ્તવિક છૂટાછેડાની સામાજિક ભૂમિકાની સામગ્રી પ્રાપ્ત થાય છે. આ અભ્યાસમાં વિશ્લેષણ પ્રયુકિતનો ઉપયોગ થયો છે.

**૧૩. Vincent Malvin,**

**Fiction Merriors the War, Sociology and Social Research Vol-30, 1945-46.**

પોતાના પુસ્તકમાં વિન્સેન્ટે બીજા વિશ્વયુધ્ધને કેન્દ્રમાં રાખીને રચાયેલી નવલકથાઓના પરિસ્થિતિજન્ય આલેખનોનો અભ્યાસ આપ્યો છે, જેમાં તેણે વિશ્વયુધ્ધની સમાજ ઉપરની અસરો તપાસી છે. આ સંશોધનમાં વિશ્લેષણ પ્રયુકિતની મદદ લેવામાં આવી છે.

**૧૪. Dinkel Robert M.,**

**The Influence of Child Development, Sociology and Social Research, Vol-31, 1946-47.**

ડીંકેલે પોતાના પુસ્તકમાં બાળકના વિકાસ અને સામાજીકરણની પ્રક્રિયામાં બાળસાહિત્યનો શો ફાળો છે તે અંગેનો અભ્યાસ રજૂ કર્યો છે. તેઓના મતે બાળકના સર્વાંગી વિકાસમાં બાળસાહિત્ય ખૂબ મદદરૂપ થઈ શકે છે. આ અભ્યાસ વિશ્લેષણ પ્રયુકિતની મદદ વડે કરવામાં આવ્યો છે.

**૧૫. Downer, Alan S.,**
**Fifty years of American Drama, Chicago, 1951.**

વીસમી સદીના અમેરિકન નાટકોના વિકાસના પ્રવાહોની સામાજિક ભૂમિકાના ઐતિહાસિક આલેખનોનો ડાઉનરનો અભ્યાસ સમાજ અને નાટકો (સાહિત્ય) વચ્ચે પ્રગાઢ સંબંધ રજૂ કરે છે. આ સંશોધનની માહિતી વિશ્લેષણ પ્રયુકિતની મદદ વડે મેળવવામાં આવી છે.

**૧૬. Emory S. Bogardus,**
**Social Distance in Poetry, Sociology and Social Research, V0l-36, 1951-52.**

બોગાર્ડસે કવિતામાં આલેખાતી સામાજિક નિકટતા અને દૂરતા વિશેનો અભ્યાસ આપ્યો છે. તેના વડે તેઓએ સાબિત કર્યુ છે કે સાહિત્યમાં સમાજની પ્રત્યેક બાબત પ્રતિબિંબિત થાય છે. એ રીતે સમાજનો અભ્યાસ કરવામાં સાહિત્યનું કોઈપણ સ્વરૂપ ઉપયોગી બની શકે છે. સંશોધનની વિશ્લેષણ પ્રયુકિતનો ઉપયોગ આ સંશોધનમાં થયો છે.

**૧૭. વિશ્લેષણનો સમાજશાસ્ત્રીય અભિગમ સમજાવતા પુસ્તકોમાં .....**

(i) Sweter, A. C. ,
The Possibilities of a Sociology of Art. Social Review - Vol-27, 1935-36.

(ii) Munro Thomas,
The Arts and their Interrelations, New York, 1949.

(iii) Escarpit Robert,
Sociology of Literature, Ohio, 1965.

(iv) Laurenson Diana and Swingewood Alan,
The Sociology & Literature, London, 1972.

વગેરે નોંધપાત્ર પુસ્તકો છે. આ પુસ્તકો દ્વારા સાહિત્ય અને સમાજના સુગ્રથિત સંબંધો અને તેના સમાજશાસ્ત્રીય અધ્યયનની પધ્ધતિ વિષે કોઈને કોઈ પ્રકારનું પ્રદાન થયુ છે.

**૧૮. Escarpit Robert,**

**Sociology of Literature, Frank Cass & Co. Ltd., 1958.**

ફ્રાંસીસી વિચારક રોબર્ટ ઈસ્કૉરપિટ્ પોતાના પુસ્તકમાં જણાવે છે કે સાહિત્યના સમાજશાસ્ત્રીનું એ કાર્ય છે કે લેખક, પાઠક અને વિવેચકના આંતર્‌સંબંધો શોધી કાઢે.

**૧૯. Guyau Jean Marie,**

**Art From the Point of View of Sociology, Paris, 1926.**

ગુયેયુ ઉપરોકત પુસ્તકમાં કલામાં સામાજિક સંગઠનનું આલેખન કઈ રીતે થતુ હોય છે તે દર્શાવ્યુ છે. તેઓના મતે મહાન કલા હંમેશા સામાજિક જ કોઈ શકે.

**૨૦. Plekhanov George,**

**Art and Social Life, London, 1953.**

પ્લીખાનૉવે પોતાના ઉપરોકત પુસ્તકમાં સાહિત્ય અને સમાજના સંબંધો વચ્ચે વૈજ્ઞાનિક અભિગમો કઈ રીતે કામ કરતા રહે છે તે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. તેઓએ આ પુસ્તકમાં દર્શાવ્યુ છે કે સાહિત્યના અભ્યાસની મુખ્ય દિશા સમાજશાસ્ત્રીય હોઈ શકે. તેઓના આ પ્રયત્નને કારણે સાહિત્યના સમાજશાસ્ત્રીય અભ્યાસ પરત્વે નવા દ્રષ્ટિકોણનો વિકાસ થયો.

**૨૧. Edmund Wilson,**

**The Triple Thinkers, London, 1952.**

વિલ્સન એડમંડે પોતાના પુસ્તકમાં સાહિત્યના સમાજશાસ્ત્રની શાસ્ત્રીય ભૂમિકા બાંધવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકમાં સાહિત્યમાં થયેલા સમીક્ષાત્મક કાર્યો ઉપરથી ઐતિહાસિક અર્થઘટનોની અભ્યાસપધ્ધતિ ગોઠવવાનો પ્રયત્ન જોવા મળે છે. એડમંડે ઐતિહાસિક અર્થઘટનમાં સામાજિક, આર્થિક અને રાજકીય એમ દરેક પાસાનો સાહિત્ય સાથે સમુચિત સંબંધ કઈ રીતે ગૂંથાઈ શકે તે અંગે વૈજ્ઞાનિક રીતે વાપરવાની પ્રયુકિતઓમાં તુલનાત્મક વિવેચન પ્રણાલી અને અર્થઘટનાત્મક વિવેચન પ્રણાલીઓ વિષે સમજૂતી આપી છે.

**૨૨. Fox Ralph,**

**The Novel and The People, Calcutta, 1944.**

નવલકથા વિષે રાલ્ફ ફોક્સ પોતાના ઉપરોકત પુસ્તકમાં જણાવે છે કે નવલકથા એ વાસ્તવિક જીવન અને રીતિઓનું આલેખન છે. અને તેમાં જે–તે રચનાકાળ પણ સમાવિષ્ટ હોય છે. નવલકથા એ માત્ર કથાકીય ગદ્ય જ નથી, પરંતુ તે સંપૂર્ણ માનવજીવનનું ગદ્ય છે. સમગ્ર માનવસમાજને લઈને ચાલવાનો અને તેને વાચા આપવાનો પ્રયત્ન કરનાર તે પ્રથમ કળા છે.

**૨૩. નવલકથાના સમાજશાસ્ત્રીય અધ્યયનના દ્રષ્ટિકોણ સમજવામાં ઉપયોગી એવા .....**

(i) Watt Ian,
The Rise of the Novel, London, 1963.

(ii) Fraser G. S.,
The Modern Writer and His World, London, 1964.

(iii) Spearman D.,
The Novel and Society, London, 1966.

ઉપરોકત ત્રણ અભ્યાસો સાહિત્યના સમાજશાસ્ત્રીય અભ્યાસોની દિશા સમજવામાં મદદરૂપ થાય છે. આ પુસ્તકોમાં એવું ફલિત થયુ છે કે સાહિત્યના અન્ય પ્રકારો કરતા નવલકથાઓમાંથી સમાજજીવન અને તેની વિવિધ વાસ્તવિકતાઓને રજૂ કરતી આધારભૂત માહિતી પ્રાપ્ત થાય છે.

**૨૪. Rene Wellek and Warren Austin,**

**Theory of Literature, London, 1970.**

ઉપરોકત પુસ્તકના લેખકો સાહિત્યના સંસ્થાત્મક સ્વરૂપનો સ્વીકાર કરે છે. અને સાહિત્ય સંસ્થાના અભ્યાસ માટેના સિધ્ધાંતોની સમજૂતી આપે છે. ઉપરાંત તેઓ કહે છે કે કૃતિકાર, વ્યવસાય અને સાહિત્યની સંસ્થાઓનું સમાજશાસ્ત્ર, સાહિત્યિક કૃતિનો આર્થિક આધાર, લેખકની સામાજિક સ્થિતિ, કૃતિનું વિષયવસ્તુ તથા સાહિત્યનું પ્રયોજન વગેરે બાબતોને સાહિત્યના સમાજશાસ્ત્રની મદદથી કરવામાં આવતા સાહિત્યકૃતિના અભ્યાસ વખતે ધ્યાનમાં રાખવી જોઈએ.

**૨૫. J. S. Roucek,**

**The Sociology of Literature; Indian Journal of Social Research, Vol-II, No-2, July, 1961.**

"સાહિત્યનું સમાજશાસ્ત્ર" નામના નિબંધમાં રુસેક જોસેફ જણાવે છે કે સાહિત્યનું સમાજશાસ્ત્રીય ઔચિત્ય પ્રતિપાદિત કરતી વખતે કૃતિ, અન્ય યુગોની કૃતિ સાથેનો તેનો સંબંધ, અને સમાજમાં તેની સ્વીકૃતિ તથા અસ્વીકૃતિનો અભ્યાસ પણ કરવો જોઈએ. ઉપરાંત સાહિત્યના સમાજશાસ્ત્રીય અધ્યયન માટે કૃતિ, લેખકનું વ્યકિતત્વ અને પ્રકાશન વ્યવસ્થાનો અભ્યાસ પણ અપેક્ષિત છે.

પ્રસ્તુત મહાનિબંધમાં જયાં સંદર્ભની આવશ્યકતા જણાઈ ત્યાં ઉપરોકત પુસ્તકો અને નિબંધોની સહાય લેવામાં આવી છે. અને તે માટે તે પુસ્તકોનું અધ્યયન સંદર્ભની જરૂરિયાત પ્રમાણે કરવામાં આવ્યુ છે.

## ૪.૨ ભારતમાં સાહિત્યના સમાજશાસ્ત્રમાં થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન :

ભારતમાં સાહિત્યના સમાજશાસ્ત્રને લગતા અભ્યાસો કરનારા વિદ્વાનોમાં સૌ પ્રથમ ડૉ. ડી. પી. મુકર્જી તથા ડૉ. આર. કે. મુકર્જીના નામો વિશેષરૂપે ઉલ્લેખનીય છે. ઉપરાંત ડૉ. થૂથી તથા ડૉ. ધૂર્યેએ પણ આ ક્ષેત્રમાં અભ્યાસો વિકસાવવાનો પ્રયત્ન કર્યો છે. ભારતમાં સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસોની વિગતો આ પ્રમાણે છે :

**૧. D. P. Mukerji,**

**Sociology of Indian Literature; in Diversities, Peoples Publishing House, New Delhi, 1958.**

ઉપરોકત પુસ્તકમાં ડી. પી. મુકર્જી જણાવે છે કે સંચારનું માધ્યમ હોવાના કારણે સાહિત્ય દ્વારા સંપૂર્ણ સામાજિક પ્રક્રિયાની જાણકારી મળી શકે છે. સાહિત્યના અધ્યયન માટે એક સાર્વત્રિક અને સર્વમાન્ય પધ્ધતિની આવશ્યકતા છે.

**૨. Radhakamal Mukerji,**

**The Social Function of Art, Hind Kitab Ltd., Bombay, 1951.**

રાધાકમલ મુકર્જી કલાના સમાજશાસ્ત્રનું મહત્વ તથા કલાના સામાજિક કાર્યોનું વિશ્લેષણ પોતાના ઉપરોકત પુસ્તકમાં કરે છે. અને જણાવે છે કે તે માટે કલાકારની સામાજિક અને વૈચારિક પૃષ્ઠભૂમિ,

કલાની પરંપરા, કલાકારની મૌલિક વિશેષતાઓ તથા કલાની સ્વીકૃતિ અને અસ્વીકૃતિનું અધ્યયન જરૂરી છે. તેઓ જણાવે છે કે કલાનું સમાજશાસ્ત્ર કલાકૃતિની સામાજિક ઉત્પત્તિ અને કાર્યો, તેના સ્વરૂપો, વિચારો, લક્ષણો અને ઉદેશ્યોનું નિરૂપણ કરનારા વિવિધ કારકોનું અધ્યયન કરે છે.

**૩. श्री राम मेहरोत्रा,**
**साहित्यका समाजशास्त्र - मान्यता और स्थापना, रचना प्रकाशन, वाराणसी, १९७०.**

શ્રીરામ મેહરોત્રાના હિન્દીમાં લખેલા આ પુસ્તકમાં જણાવાયુ છે કે "સાહિત્યનું સમાજશાસ્ત્ર" સાહિત્ય માટે સમીક્ષાનો એક પ્રણાલી વિષય છે અને સમાજશાસ્ત્ર માટે એક સ્વતંત્ર શાખા વિષય છે. પ્રાચીન શાસ્ત્રીય માન્યતાઓમાંથી બહાર નીકળીને સાહિત્ય હવે નવીન દ્રષ્ટિ પ્રાપ્ત કરી ચૂકયુ છે. સાહિત્ય સમીક્ષકો પણ સમાજશાસ્ત્રનું નામ લઈને સાહિત્યની સમાજશાસ્ત્રીય સમીક્ષા તથા વિવેચન કરવા લાગ્યા છે.

**૪. गजानन माधव मुक्तिबोध,**
**समाज और साहित्य, संक., नये साहित्यका सौंदर्यशास्त्र राधाकृष्ण प्रकाशन, दिल्ली, १९७१.**

ગજાનન માધવ મુકિતબોધના મતે સાહિત્યનું અધ્યયન એક રીતે માનવ સત્તાનું અધ્યયન છે. સાહિત્યના વિશ્લેષણ દરમ્યાન ઐતિહાસિક, સમાજશાસ્ત્રીય, મનોવૈજ્ઞાનિક તથા સૌંદર્યાત્મક વિવેચનમાં એકરૂપતા રહે તે જરૂરી છે. આ રીતે સાહિત્યની એકાંગી વિવેચનાને બદલે તેઓ બહુપક્ષીય સમન્વયાત્મક આલોચનાના હિમાયતી છે. તેઓની દ્રષ્ટિએ સાહિત્યજગતનો મૂળ આધાર માનવ ચેતના છે, જે માનવીય સંબંધોના પાયા ઉપર આધારિત છે. આ માનવસંબંધો વડે વિશ્વદ્રષ્ટિનું નિર્માણ થાય છે, જેનું પ્રતિબિંબ સાહિત્યમાં પડે છે. તેમ 'समाज और साहित्य' નામના પુસ્તકમાં તેઓ જણાવે છે.

**૫. डॉ. विश्वंभर दयाल गुप्ता,**
**उपन्यास का समाजशास्त्र, श्री पब्लिशींग हाउस, दिल्ली, १९७९.**

ઉપરોકત હિન્દી પુસ્તકમાં લેખકે નવલકથા સ્વરૂપને સમાજશાસ્ત્રીય રીતે તપાસવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકમાં તેઓએ આધુનિક હિન્દી સાહિત્યને; સાહિત્યને અનુરૂપ સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી

તપાસ્યુ છે. તેઓએ એ સ્પષ્ટ કર્યુ છે કે સાહિત્યની એક વિશિષ્ટ પ્રકારની સામાજિક જવાબદારી છે. સાહિત્ય માત્ર સામાજિક સંબંધો તથા સમાજશાસ્ત્રીય વિચારોનું જ નિરૂપણ નથી પરંતુ તે સમાજની આંતરિક અને બાહય અભિવ્યકિત છે. જેથી સાહિત્ય સમાજની જડ અને સીમિત સ્થિતિથી બહાર જઈને સમાજનું નિરૂપણ કરે છે તે સાહિત્યિક કળા, યંત્રવિજ્ઞાન તથા વ્યવસાયને પરસ્પર સંબંધિત કરે છે. અને સાહિત્યનું સમાજશાસ્ત્ર સાહિત્યમાં સમાજનું જે પ્રતિબિંબ પડે છે તેનું ચિત્રાંકન કરી સમાજ વિષે હકીકતો એકઠી કરે છે; હકીકતોનું વિશ્લેષણ અને પૃથકકરણ કરી તારણો તારવે છે.

## ૬. डॉ. विश्वंभर दयाल गुप्ता,
## साहित्य का समाजशास्त्र, सीता प्रकाशन, हाथरस, १९८२.

આ પુસ્તકમાં ડૉ. વિશ્વંભર દયાલ ગુપ્તાએ સાહિત્યના સમાજશાસ્ત્રને એક સંપૂર્ણ વિષય તરીકે પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકમાં સાહિત્યના સમાજશાસ્ત્રના અર્થની સમજૂતી, તેની ઉપયોગિતા, તેની પધ્ધતિઓ અને તેના સિધ્ધાંતોની વૈજ્ઞાનિક ચર્ચા કરવામાં આવી છે. પ્રસ્તુત પુસ્તકમાં લેખકે સાહિત્યના સમાજશાસ્ત્રની વિકાસયાત્રા વર્ણવી છે. આ પુસ્તક ડૉ. ગુપ્તાનું સાહિત્યના સમાજશાસ્ત્રના ક્ષેત્રે મહત્વનું પ્રદાન ગણી શકાય તેમ છે.

## ૭. डॉ. विश्वंभर दयाल गुप्ता,
## साहित्यका वस्तुपरक विश्लेषण, सीता प्रकाशन, हाथरस, १९८३.

સાહિત્યના વસ્તુલક્ષી અધ્યયન અંગે ઝીણવટભરી ચર્ચા ડૉ. ગુપ્તાએ પોતાના ઉપરોકત પુસ્તકમાં કરી છે. આ પુસ્તકમાં તેઓએ સાહિત્યનું સમાજશાસ્ત્ર અને તેના અભ્યાસની વૈજ્ઞાનિક પધ્ધતિ, સંશોધન યોજના, તથ્યોનું વર્ગીકરણ અને વિશ્લેષણ, અને ઉપકલ્પનાની ચકાસણી તેમ જ પસંદ કરેલી નવલકથાઓના વિષયવસ્તુ તથા સામાજિક પરિવર્તનની વિગતવાર ચર્ચા કરી છે. જેવી રીતે અન્ય સામાજિક વિજ્ઞાનોમાં નિશ્ચિત સંશોધન પધ્ધતિઓ તથા સિધ્ધાંતો હોય છે, તેવી જ રીતે સાહિત્યના સમાજશાસ્ત્રમાં સિધ્ધાંતો તથા પધ્ધતિઓ સંશોધનોના અંતે નકકી થઈ શકે તેમ છે તેમ તેઓએ પોતાના પુસ્તકમાં સાબિત કર્યુ છે. આમ, ડૉ. વિશ્વંભર દયાલ ગુપ્તાનું ઉપરોકત પુસ્તક સાહિત્યના સમાજશાસ્ત્રીઓ તથા સંશોધકો માટે ઘણી ઉપયોગી માહિતી પૂરી પાડે છે. સાહિત્યના સમાજશાસ્ત્રમાં સંશોધનની એક નવી દિશા ઉપરોકત પુસ્તક દ્વારા પ્રાપ્ત થાય છે.

૮. **Dr. Diptikumar Biswas**
**Sociology of Major Bengali Novels, The Academic Press, Haryana, 1974.**

ડૉ. દિપ્તીકુમાર બિશ્વાસે ઈ.સ. ૧૯૭૪માં "બંગાળી નવલકથાઓનું સમાજશાસ્ત્ર" નામના પોતાના પુસ્તકમાં નવલકથાના સાહિત્યસ્વરૂપને સામાજિક ઉપાદાન તરીકે લઈને 'સાહિત્યના સમાજશાસ્ત્ર'માં મહત્વનું સંશોધન કાર્ય કર્યુ છે. તે માટેનો નવલકથાઓનો સમયગાળો તેઓએ ઈ.સ. ૧૯૨૦ થી ૧૯૬૦નો પસંદ કર્યો છે. તેઓએ સામગ્રી વિશ્લેષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. આ સંશોધન દ્વારા તેઓએ બંગાળી સમાજજીવનમાં સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય સંરચનાઓ, આદર્શવાદ તથા વાસ્તવવાદના વિચારોનો સમાજજીવન ઉપરનો પ્રભાવ, તથા બંગાળી સમાજજીવનના માળખામાં આવેલા પરિવર્તનોને તપાસવાનો પ્રયત્ન કર્યો છે. ઉપરાંત માર્ક્સ અને ફ્રોઈડની અસરો, તેમ જ દેશની રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની ચળવળો અને ગાંધીજીની અસર બંગાળી નવલકથાઓના આલેખનોમાં કેવી છે તે તપાસવાનો પ્રયત્ન આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે.

## ૪.૩ સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકા સંબંધી અભ્યાસોનું વિહંગાવલોકન :

૧. **શાહ કલ્પના,**
**સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ, ૧૯૮૯.**

કલ્પના શાહના ઉપરોકત પુસ્તકમાં જણાવવામાં આવ્યુ છે કે સ્ત્રીની પરંપરાગત ભૂમિકામાં કોઈ નોંધપાત્ર પરિવર્તન નથી આવ્યુ. જે પરિવર્તનો આવેલા જણાય છે તે પણ ઉપરછલ્લા અને માત્ર કહેવાતા જે છે; મૂળમાંથી આવેલા ક્રાંતિકારી પરિવર્તનો નથી.

સમાજમાં કોઈપણ જૂથ કે વિભાગના લોકોનો દરજજો તેની આર્થિક સ્થિતિ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. વિકાસશીલ દેશોમાં આર્થિક અને સામાજિક દરજજો કાર્યકારણનો સંબંધ ધરાવે છે. સ્ત્રીઓની આર્થિક પ્રવૃત્તિઓ ઉપર સામાજિક વલણો અને સંસ્થાઓની ઘેરી અસર હોય છે. સ્ત્રીની ગૃહકાર્યની તમામ ભૂમિકાને આર્થિક રીતે મૂલવવામાં નથી આવતી. અને તેની તે ભૂમિકા પુરુષની આર્થિક પ્રવૃત્તિની સરખામણીમાં ગૌણ અને ઊતરતી ગણવામાં આવે છે. જેને જાણીતા અર્થશાસ્ત્રી ઈન્દિરા હિરવે(૧૯૮૭) સ્ત્રીઓને થતો આર્થિક અન્યાય ગણે છે.

ભારતીય સમાજમાં બંધારણ દ્વારા અને કાયદા દ્વારા સ્ત્રીઓના દરજજાક્ષેત્રે પરિવર્તન લાવવાના પ્રયત્નો થયા છે પરંતુ તેમ છતાં સ્ત્રીઓનો આર્થિક, સામાજિક કે રાજકીય ક્ષેત્રે દરજજો અને ભૂમિકા સંતોષકારક નથી.

ભારતમાં લોકશાહી શાસનવ્યવસ્થા આજે જયારે મજબૂત બની રહી છે ત્યારે સ્ત્રીઓને દરજજા અને ભૂમિકા વિષયક પુરુષોની સમાજ હક અને તક મળે તે સામાજિક જરૂરિયાત બની ગઈ છે તેવું પ્રસ્તુત પુસ્તકમાં લેખિકા જણાવે છે.

**૨. પેટલીકર ઈશ્વર,**
**સ્ત્રી સમાનતાની સમસ્યા, આર. આર. શેઠની કંપની, મુંબઈ, ૧૯૮૧.**

આ પુસ્તકમાં પુરુષપ્રધાન સમાજરચનાને કારણે સ્ત્રીની અસમાનતાના પ્રશ્નની ચર્ચા કરવામાં આવી છે. સ્ત્રી શિક્ષિત થશે, આર્થિક રીતે સ્વાશ્રયી થશે એટલે તે સમાનતા પ્રાપ્ત કરશે એમ સુધારકોએ માન્યુ હતુ; છતાં શિક્ષિત અને સ્વાશ્રયી સ્ત્રી પણ પુરુષની જોહુકમી સહી લેતી જોવા મળે છે. કોઈ પણ હિસાબે લગ્ન નિભાવી લેવાની સામાજિક સ્થિતિને કારણે તેને લાચારી વેઠી લેવી પડે છે. પશ્ચિમના દેશોમાં લગ્ન નિભાવી લેવુ પડે તેવી જૂની પરંપરા રહી નથી. ત્યાં સ્ત્રી છૂટાછેડા લઈને બીજા લગ્ન સરળતાથી કરી લે છે, છતાં પણ ત્યાંના સમાજોમાં સ્ત્રીને પુરુષની જોહુકમી વેઠી લેવી પડે છે અને સમાનતા નજરે પડતી નથી.

આ પુસ્તકમાં લગ્નક્ષેત્રે અસમાનતા, સ્ત્રીનુ ભોકતા સ્વરૂપ, પિંજરના પક્ષી જેવી સ્ત્રીની સ્થિતિ, સ્ત્રીને માટે લગ્નજીવનનું સર્વસ્વ, સ્ત્રી ઉપર પુરુષનું અબાધિત માલિકીપણું, શાળાઓમાં અસમાનતામૂલક શિક્ષણ, કાયદા અને પરંપરામાં અસમાનતા, વગેરેનું આલેખન છે. સ્ત્રીએ આર્થિક રીતે સ્વાવલંબી બનવુ જરૂરી છે તેની સાથે આત્મવિશ્વાસ કેળવવો પણ જરૂરી છે. અને માત્ર બહારના ક્ષેત્રે કામ કરવુ એ પૂરતુ નથી; પરંતુ સંગઠિત બનીને પોતાના પ્રશ્નોને પહોંચી વળવા સક્ષમ બનવું પડશે. સ્ત્રી સમાનતા એટલે કેવળ પુરુષની ભૂમિકાએ પહોંચવાનું ધ્યેય નહિ પણ માનવ તરીકે માનવતાની ભૂમિકાએ સ્ત્રી–પુરુષે ઉભા રહેવાની સમાનતા એ સમાનતા માનવતામૂલક અભિપ્રેત છે. ઉદાત્ત સમાનતાની વિરૂધ્ધ દિશાની પ્રકૃતિ કક્ષાની સ્થૂલ પશુવૃત્તિની સમાનતા એનું ધ્યેય હોવું ન જોઈએ. એમ પુસ્તકમાં કહેવામાં આવ્યુ છે.

**૩. નીરા દેસાઈ,**
**ભારતીય સમાજમાં સ્ત્રી જીવન, આર. આર. શેઠની કંપની, મુંબઈ–૨, ૧૯૭૪.**

આ પુસ્તકમાં ડૉ. નીરા દેસાઈ જણાવે છે કે સમાજના માળખામાં અન્ય સંબંધોની માફક સ્ત્રી–પુરુષના સંબંધો પણ નિશ્ચિત સ્વરૂપ ધારણ કરે છે. સામાજિક, આર્થિક તથા સંસ્કારિક પાર્શ્વભૂમિકાને અનુરૂપ પ્રત્યેક સમાજમાં સ્ત્રીનું સ્થાન નિર્ણિત થાય છે. પ્રત્યેક સમાજરચના સ્ત્રીવર્ગ પાસે ચોકકસ પ્રકારની ફરજોની અપેક્ષા રાખે છે; સમાજની સ્થિરતા જાળવવા માટે તથા પ્રગતિ માટે સ્ત્રીએ શું ફાળો આપવો તે પણ સામાજિક રૂઢિ કે પરંપરા દ્વારા નકકી થાય છે. ભારતીય સમાજમાં પણ, ભૂતકાળના વિવિધ યુગોમાં સ્ત્રીનું સમાજમાં વિશિષ્ટ સ્થાન હતુ; ભારતીય નારી પાસે વિશિષ્ટ પ્રકારના કાર્યની અપેક્ષા રાખવામાં આવતી હતી. આ પુસ્તકમાં ભારતીય સ્ત્રીના સ્થાનમાં વખતોવખત કેવુ પરિવર્તન આવતુ ગયુ છે તે આલેખવામાં આવ્યુ છે.

આઝાદીની પ્રાપ્તિ બાદ સ્ત્રી–પુરુષની સમાનતાનો બંધારણમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. અન્ય દેશોની સ્ત્રીઓની માફક ભારતીય સ્ત્રીનો પ્રશ્ન હવે એ ન રહયો કે સ્ત્રીનું સમાજમાં કેવું સ્થાન હોવું જોઈએ ? હવે તો નવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે. સમાનતાની સ્વીકૃતિ કેટલાક મહત્વના પ્રશ્નો જન્માવે છે. ભારતના સમાજની વિવિધ સંસ્થાઓ અને માળખામાં સમાનતાની ભૂમિકા ઉપર સ્ત્રીનું કાર્યક્ષેત્ર શું હોઈ શકે ? આ પુસ્તકમાં ભારતીય સ્ત્રી સમક્ષ ઉત્પન્ન થતી સમસ્યાઓને રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બ્રિટિશ હકૂમત પૂર્વે, બ્રિટિશ હકૂમત દરમ્યાન, સામાજિક સુધારણાની લડત દરમ્યાન અને રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ચળવળ દરમ્યાન ભારતની સ્ત્રીના સામાજિક દરજજાની આ પુસ્તકમાં ચર્ચા કરવામાં આવી છે.

ઉપરાંત સામાજિક કાયદાઓ તથા સ્ત્રીઓનો દરજજો, સ્ત્રીઓ અને કેળવણી, ભારતીય સ્ત્રીઓના રાજકીય હકો, સ્ત્રીઓ અને વ્યવસાય, ભારતીય સ્ત્રીઓના વિચાવલણોમાં આવેલું પરિવર્તન તથા સ્ત્રીઓના વિકાસના માર્ગમાં અવરોધક તત્વોની સવિસ્તાર રજૂઆત આ પુસ્તકમાં કરવામાં આવી છે.

**૪. શાહ કલ્પના,**
**સ્ત્રીઓ અને વિકાસ, આર. આર. શેઠની કંપની, મુંબઈ, ૨૦૦૦.**

આ પુસ્તકમાં સ્ત્રીઓ અંગે વિકાસના નીતિવિષયક અભિગમો, વિકાસના સિધ્ધાંતો, વિકાસ અંગે કેળવાતો સ્ત્રી દ્રષ્ટિકોણ, વિકાસમાં સ્ત્રીઓના સવાલો, સ્ત્રી વિકાસના સૂચિતાંકો અને વૈકલ્પિક વિકાસ પ્રયુકિતઓની ચર્ચા કરવામાં આવી છે.

વિશાળ અર્થમાં વિકાસ સામાજિક પરિવર્તનની બહુવ્યાપી પ્રક્રિયા છે. સ્ત્રીજૂથને પછાત ગણી વિકાસના કાર્યક્રમોમાં સ્ત્રીવિકાસની વાત કરવામાં આવે છે. સ્ત્રીજૂથના વિકાસ તથા પરિવર્તનને માટે શિબિરો અને કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવે છે, સ્ત્રીજાગૃતિના કાર્યક્રમો થાય છે. સમાજની પુરુષપ્રધાન વ્યવસ્થા, કાર્યપધ્ધતિ, વર્ચસ્વ, ઉત્પાદન પ્રક્રિયા વગેરે જેમના તેમ રાખી સ્ત્રીઓને તે પ્રમાણે અનુકૂળ કરવાના પ્રયત્નો એટલે સ્ત્રી વિકાસના કાર્યક્રમો તેવી સમજથી સ્ત્રી વિકાસના કાર્યક્રમો થાય છે. આનુ પરીણામ એ આવ્યુ છે કે સ્ત્રીઓની જવાબદારીઓ અને કામોનો ગુણાકાર થતો જ ચાલ્યો છે. વળી પંચાયતીરાજમાં તેમની સામેલગીરીથી તેમની જવાબદારીઓમાં વધારો થયો. નવી ઈચ્છિત સમાજરચના અને પરિવર્તનમાં પુરુષોએ પણ અનુકૂળ થવાનું છે તે વાત કયાંય આવી નથી. ઘરની જવાબદારી અને બાળઉછેરમાં પુરુષની ભાગીદારીની વાતનો તો હજુ જન્મ પણ નથી થયો. વિકાસની પ્રક્રિયાએ ભારતમાં ઘણી જુદા–જુદા પ્રકારની સામાજિક અસમાનતાને જન્મ આપ્યો છે.

આ પુસ્તકમાં કહેવામાં આવ્યુ છે કે વિકાસની ચર્ચામાં ધીરે ધીરે સ્ત્રીઓ એક વિશિષ્ટ શ્રેણી તરીકે ગણાવા લાગી છે. સંયુકત રાષ્ટ્રસંઘે ૧૯૭૫ની મહિલા વર્ષ તરીકે ઘોષણા કરી હતી. ૧૯૬૧ થી ૧૯૭૦ના દાયકામાં વિકાસની પ્રક્રિયામાં 'સ્ત્રીવિકાસ'ની વાત વણી લેવામાં આવી ન હતી. ૧૯૭૧ થી ૧૯૮૦ના દાયકામાં વિકાસની સમગ્ર વાતમાં સ્ત્રીઓને સમાવી લેવાનો ઉલ્લેખ માત્ર જ કરવામાં આવ્યો હતો. ૧૯૮૧ થી ૧૯૯૦ના દાયકામાં સ્ત્રીઓને વિકાસના તમામ ક્ષેત્રે અને કક્ષાએ લાભાર્થી તરીકે સામેલ કરવામાં આવી હતી. અને ૧૯૯૦ના દાયકામાં સ્ત્રીઓને સામર્થ્ય પૂરુ પાડવાની વાત કેન્દ્રમાં રાખવામાં આવી છે. આમ, વિકાસ પ્રક્રિયાની પ્રગતિ સાથે ધીરે ધીરે સ્ત્રીની સામેલગીરીની વાત જરૂરી અને મહત્વની બની છે.

આ પુસ્તકમાં સ્ત્રીઓ અને વિકાસની વિશદ્ ચર્ચા જોવા મળે છે.

## ૪.૪ સાહિત્યમાં નારી નિરૂપણને લગતા અભ્યાસોનું વિહંગાવલોકન :

### ૧. શેલત હિમાંશી,
### ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના (૧૯૭૫–૧૯૯૯), આર. આર. શેઠની કંપની, મુંબઈ, ૨૦૦૦.

અનુઆધુનિક યુગની બે પ્રબળ વિચારધારાઓ – દલિત વિચારધારા અને નારીવાદી વિચારધારાએ પોતાના વિશિષ્ટ અભિગમોની રજૂઆત માટે સાહિત્યનો ઉપયોગ વિશેષ કર્યો છે. નારીની જે છબિ આપણી સામે ધીમે ધીમે ઊઘડી રહી છે તેમાં પ્રાચીનકાળથી માંડીને અત્યાર સુધીના અનેક રંગો ભળેલા છે. ૧૯૭૦ પછી જે તબકકો આવ્યો તેમાં સ્ત્રીઓની પોતાના અસ્તિત્વ વિષયક જાગૃતિમાં એકાએક ભરતી અનુભવાય છે. પરિવર્તનનો આરંભ થઈ ચૂકયો છે પણ હજુ દિશા જોઈએ એટલે સ્પષ્ટ નથી, એમ આ પુસ્તકમાં કહેવામાં આવ્યુ છે.

પુસ્તકમાં કહેવામાં આવ્યુ છે કે નારીચેતનાનું સુરેખ પ્રતિબિંબ આપણા કથાસાહિત્યમાં જે રીતે જોવા મળે છે તે રીતે અન્ય સાહિત્ય સ્વરૂપોમાં જોવા મળતું નથી. જેમ કે ગોવર્ધનરામ 'સરસ્વતીચંદ્ર' માં કુમુદના પુનર્લગ્ન વિશે વિચારી શકયા હતા, પણ નવલકથામાં એ એવું બતાવી શકયા નહિ. કુમુદ પાસે ગુણ અને રૂપ બન્ને હોવા છતા એને માટે બિલકુલ લાયક ન હોય તેવા પ્રમાદધન સાથે જ એણે જીવવું પડયુ. પોતાના કોઈ અપરાધ વગર સરસ્વતીચંદ્ર એને છોડી શકયો છે એ વાતની પીડા જ કુમુદને અવસાદમાં ડૂબાડી દેવા માટે પૂરતી લેખાય છતાં આ અંગે કશો અસરકારક કે જલદ પ્રતિભાવ આપવા એ સમર્થ નથી. પોતાના પુનર્લગ્ન વિશે પણ એ ચોકકસ અભિપ્રાય આપી શકતી નથી. કુમુદમાં પૂર્ણપણે વિકસવાની બધી જ શકયતાઓ છે, એ તેજસ્વી પણ છે અને દઢ મનોબળ ધરાવે છે છતાં એક ચોકકસ બિંદુએ આવીને આ બધુ જ અટકી જાય છે, ઠીંગરાઈ જાય છે. એ સમયનો સમાજ જોતાં પુનર્લગ્નનો વિચાર અમલમાં મૂકવો એ એક સાહસ ગણાતુ અને આવુ સાહસ સર્જક ગોવર્ધનરામે ટાળ્યુ. સમાજની માનસિકતાનું સીધુ પ્રતિબિંબ અહીં કથામાં પડેલુ હોય તેમ જોઈ શકાય છે.

આમ, આ પુસ્તકમાં સમાજ–પરિવર્તન અને નારીચેતનાની વાત, નવલકથાઓમાં નારીચેતનાના ઉદાહરણો તથા નવલિકાઓમાં નારીચેતનાના ઉદાહરણો આપીને લેખિકાએ 'ગુજરાતી કથાસાહિત્યમાં નારી ચેતના' નું નિરૂપણ કર્યુ છે. જેને ''સાહિત્યના સમાજશાસ્ત્ર'' નું મહત્વનું પ્રદાન ગણી શકાય.

૨. **શાહ કલ્પના,**

**સાહિત્યમાં નારીચેતના, સેન્ટર ફોર સોસ્યલ સ્ટડીઝ, સુરત, ૧૯૯૭.**

આ પુસ્તકમાં લેખિકા જણાવે છે કે નારીવાદી દ્રષ્ટિ નારીના નિજી અનુભવો, ભાવનાઓ, ઊર્મિઓ, વલણો, વર્તનો કે અભિવ્યકિતઓને અલગ તારવી શકે છે. તે વડે "સાચુકલી સ્ત્રી" ને જોઈ શકાય છે. તેની ચેતનાના સ્પંદનને માપી શકાય છે. તેના આગવા અસ્તિત્વ અને ઓળખને છતાં કરી શકાય છે. નારીવાદી દ્રષ્ટિ સ્ત્રીને પુરુષપ્રધાન સમાજની દ્રષ્ટિ વડે જોવા તપાસવાનો ઈન્કાર કરે છે કારણ કે તેમાં સાચુકલી સ્ત્રી ખાસ ઝિલાઈ નથી હોતી સાહિત્યને સમાજનું પ્રતિબિંબ ગણવામાં આવે છે. સમાજના સામાજિક, આર્થિક કે રાજકીય પ્રવાહો જે તે સમયના સાહિત્યમાં ડોકાય છે. તો વળી સાહિત્ય દ્વારા સમાજસુધારાનો દાવો પણ કરાય છે. સાહિત્યને આથી સમાજ પરિવર્તનનું સાધન ગણવામાં આવ્યું છે. આમ, સાહિત્ય અને સમાજનો નાતો અરસ–પરસના વ્યવહારનો રહેલો છે. ઉપરાંત પુસ્તકમાં કલ્પના શાહ જણાવે છે કે આપણાં સાહિત્યમાં નારીજીવનની છબીનું સ્વરૂપ કેવું છે તે તપાસનો વિષય બને છે. કારણ કે મહદંશે નારીનું ચિત્રણ અપેક્ષિત રૂપરેખામાં જ કંડારાયેલું જોવા મળે છે. સ્ત્રીના મનોવ્યાપાર, મનોમંથન, મથામણ, મનોકામના, મહેચ્છા વગેરે ભાવો સાહિત્યમાં અસરકારક રીતે ઉપસાવવામાં આવ્યા છે ખરાં ? સ્ત્રીઓનો સંઘર્ષ, તેમની ભીતરી તાકાત, આગવી સમજ વગેરે સાહિત્યમાં ધારદાર રીતે રજૂ થયા છે ? નારીત્વની ગરિમા જળવાય તેવા નારી કેન્દ્રી અભિગમ વડે શું આપણી સાહિત્યકૃતિઓ લખાઈ છે ? વગેરે વિશે તપાસ જરૂરી છે.

આ પુસ્તકમાં ગુજરાતી નવલકથાઓમાં સ્ફુટ થતો લેખકોનો નારી પ્રત્યેનો અભિગમ, ટૂંકી વાર્તાઓમાં નારી પ્રતિમા, ગુજરાતી ભાષામાં સ્ત્રીઓનું આત્મકથન, ગુજરાતી રંગભૂમિમાં સ્ત્રીચિત્રણ ગુજરાતી નાટકોમાં નારી પાત્રોનું નિરૂપણ, સાહિત્યમાં નારીચેતના : પ્રશ્નો અને પડકારો, સ્ત્રી વિષયક સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરી સાહિત્યમાં નિરૂપણ કરતી વખતે અનુભવાતી દ્વિધાઓ વગેરે બાબતોનું તલસ્પર્શી આલેખન કરવામાં આવ્યુ છે.

લગ્નજીવન અને ગૃહજીવન, વૈધવ્ય, માતૃત્વ, અન્ય સ્ત્રી સાથેના પતિના સંબંધો, કાર્ય અને વ્યવસાય, અપરિણીતાવસ્થા, પ્રેમની અભિવ્યકિત, ઉપેક્ષિતા પત્ની, અત્યાચાર, મુકિત, વગેરે બાબતોને ધ્યાનમાં લઈને આ પુસ્તકમાં ૧ ૬ ૬ નવલિકાઓનાં સ્ત્રીલક્ષી કથાનકની મુદ્દાસર ચર્ચા કરવામાં આવી છે.

### ૩. પરબ, જૂલાઈ, ૧૯૯૦. વર્ષ–૩૧, અંક–૭
### પાઠક ઈલા, નારીવાદી સાહિત્ય અને સાહિત્યમાં નારી.

પ્રસ્તુત લેખમાં નારીવાદી સાહિત્ય અને સાહિત્યમાં નારીની ચર્ચા કરવામાં આવી છે. નારીવાદે પૂરા પાડેલા વૈચારિક બળને કારણે ગુજરાતી નવલકથાના ઘટનાક્રમમાં અને પાત્રપ્રતિભાવ નિરૂપણમાં જે કંઈ ફેરફારો થયા છે તે સમાજના પરંપરાગત મૂલ્યોથી અળગા થઈને સ્ત્રીના વ્યકિતત્વને એક અલગ અસ્તિત્વ તરીકે સ્થાપે છે. આ જ એક નવી વાત છે કેમ કે સામાન્યતઃ ગુજરાતી નવલકથામાં જે સ્ત્રી–પાત્રો નિરૂપાયાં છે તે સર્વને અલગ અસ્તિત્વ બક્ષવામાં આવ્યુ નથી. સામાન્ય રીતે પુરુષસર્જક નાયિકાને સુંદર કલ્પે છે, સાંપ્રતયુગમાં તે ભણેલી પણ હોય તેમ છતાં તેને લાગણીવેડામાં સરી પડીને રડવાનો હક અપાય પણ બુદ્ધિપૂર્વક વિચાર કરીને પોતાનું જીવન ગોઠવવાનો હક ન અપાય એવું બધું નિરૂપાતુ આવ્યુ છે. એવું નિરૂપણ થાય છે તેનું કારણ દેખીતી રીતે સમાજનાં સ્વીકારાયેલાં, સ્ત્રીનો અનાદર કરતાં, જૂનવાણી મૂલ્યો છે. લોકોના માનસ તેના થકી ઉછર્યાં છે અને જે ઊંડે પડેલું છે તે જ પાત્રચિત્રણમાં અને ઘટના આલેખનમાં પ્રતિબિંબિત થાય છે.

અંગ્રેજી સાહિત્યની અસર નીચે આપણું સાહિત્ય રચાતુ ત્યારે ઈંગ્લેંડમાં ચાલેલી સ્ત્રી વિષયક ચળવળ અને ઉદારમતવાદી વલણોનો પડઘો અહીંના સાહિત્યમાં ઝીલાયો હતો. મુનશીના કે ર.વ. દેસાઈના સ્ત્રીપાત્રો તેમને આશ્રિત કે દલિત નથી રહેવુ, 'પૂજય' કે 'દેવી' નથી બનવું પણ માનવી તરીકે ઊંચા ઊઠવુ છે તે સભાનતા સાથે સર્જાયા જણાય છે. પંડિતયુગ અને ગાંધીયુગની સર્જકતાને અને આધુનિક યુગની સર્જકતાને સ્ત્રી તરફના અભિગમની બાબતમાં ઘણુ છેટુ પડી ગયુ છે.

નારીવાદ નારીના આગવા વ્યકિતત્વના સ્વીકારને સ્પર્શતુ ચિંતન છે. જયાં–જયાં તેનો સ્વીકાર થાય ત્યાં–ત્યાં સ્વસ્થ નારીપાત્રો પ્રગટવાની તેમ જ સમાદર અને સ્નેહભર્યા સંબંધો પાંગરે તેવા ઘટનાક્રમનું ચિત્રણ થવાની સંભાવના ઊભી થાય. એટલે જ કોઈ એક કૃતિને 'નારીવાદી' વિશેષણથી ઓળખવાની જરૂર નહીં, અને સાહિત્યના કોઈક વિભાગને 'નારીવાદી' કહેવાની આવશ્યકતા પણ નહીં. આમ, આ લેખમાં લેખિકાએ નારીવાદી સાહિત્ય અને સાહિત્યમાં નારી એમ બન્ને વાતની વિશદ્ ચર્ચા કરી છે.

## ૪. પરબ, જૂલાઈ, ૧૯૯૦, વર્ષ–૩૧, અંક–૭

## મહેતા જયા : મધ્યકાળથી આધુનિકકાળ સુધી ગુજરાતી સાહિત્યમાં બદલાતુ આવતુ નારી નિરૂપણ

આ લેખમાં જણાવાયુ છે કે સાહિત્યકૃતિઓમાં નારી કાં તો આત્માનું પ્રતીક બની, કાં તો પ્રેમના પ્રતીક તરીકે કે પ્રેમને કારણે કે પ્રેમને નામે થતાં સંઘર્ષો અને યુધ્ધો વગેરેનું નિમિત્ત બનાવીને તેનું આલેખન થયુ. નારીનું નિરૂપણ કેવુ થયું એ સાહિત્યનો પ્રશ્ન નથી, સમાજશાસ્ત્રનો પ્રશ્ન છે.

આજ સુધીના સાહિત્યના ઈતિહાસ તરફ નજર નાખીએ તો જણાય છે કે સંખ્યાની દ્રષ્ટિએ પુરુષસર્જક કરતાં સ્ત્રીસર્જકોની સંખ્યા ઘણી ઓછી છે. નૃત્યકલા બાદ કરીએ તો બીજી બધી કલાઓનાં ક્ષેત્રોમાં પણ નારીની સંખ્યા ઓછી જ છે. સંખ્યા કેમ ઓછી છે એ સમાજશાસ્ત્રનો વિષય છે. નારીની પ્રતિભાને અભિવ્યકિત માટે પૂરેપૂરો અવકાશ સમાજે કદાચ પૂરો પાડયો નથી, એટલે આપમેળે એ સર્જકો લઘુમતીમાં આવી જાય છે ને એ જ રીતે તેના પ્રત્યે જોવાય છે.

ગોવર્ધનરામે પોતાની નવલકથાનું શીર્ષક 'સરસ્વતીચંદ્ર' (ઈ.સ. ૧૮૮૭) આપ્યુ તેમાં જ સૂચિત થઈ ગયુ કે પુરુષ જ પ્રધાન છે, નારી તો સદ્‌ગુણ–દુર્ગુણોનાં પ્રતીક છે, નમૂનારૂપ છે કે સુધારા–કુધારાનાં નિમિત્ત છે. રઘુવીર ચૌધરીની 'અમૃતા' નવલકથા (ઈ.સ. ૧૯૬૫)ની નાયિકા બે પુરુષોને નચાવતી કે બે પુરુષો વચ્ચે રાચતી રહી, પણ પોતાનો નિર્ણય પોતે લઈ શકવાની શકિત દાખવી શકતી નથી.

સાહિત્ય ઘણીવાર સમાજ કરતા પાછળ રહે છે. આજે પણ પચાસેક વર્ષની વયની સ્ત્રીઓ પતિને તું કહેતી હોય એવું સમાજમાં જોવા મળે છે, સાહિત્યમાં જોવા નથી મળતુ.

આપણી સર્જકચેતના અને નારી પ્રત્યેના અભિગમનો મેળ ખાતો નથી. વિનોદિની નિલકંઠ જેવા પ્રતિબધ્ધ લેખિકા જાગૃત નારીનો આવિષ્કાર જુએ છે, પણ સર્જનાત્મકતાથી આલેખી શકયા નથી. ધીરૂબેન અને સરોજ પાઠક જેવાં લેખિકા એ તરફ થોડા ઘણાં વળેલાં જણાય છે, કુંદનિકા કાપડિયા અંતિમ છેડે જઈ વાત લખે છે ત્યારે સર્જનાત્મકતા કરતા અને સાચા અભિગમ કરતા, આવેશ જ વધુ પ્રગટ થાય છે.

## ૫. પરબ, ૧૯૮૩ : ૨–૩, વિભાગ–૩
## પાઠક ઈલા, અર્વાચીન સાહિત્યમાં સ્ત્રી : નવલકથામાં

પ્રસ્તુત લેખમાં કહેવામાં આવ્યુ છે કે આધુનિક લેખકોની દ્રષ્ટિ સાંપ્રત સમાજની સ્ત્રીને સ્પર્શે છે. સ્ત્રી આધુનિક યુગમાં ખૂબ આગળ વધી છે, એવું સાંભળવા મળે છે. સ્ત્રી ઈચ્છે તેટલું ભણી શકે તેવું નવલકથાઓમાં પણ દર્શાવાયુ છે પરંતુ તે ભણેલી સ્ત્રીનું ભણતર નવલકથામાં વિસારે પાડવામાં આવે છે. તેનું વર્તન, અન્ય પાત્રોનું તેની સાથેનું વર્તન અને કથામાં અંત તરફ જતાં તેનું અસ્તિત્વ–સઘળુ મધ્યયુગીન મૂલ્યો દ્વારા જ ઘડાય છે. સ્ત્રીને જે ખીલે બાંધી છે તેનો ગાળીયો નાનો હતો તે થોડો વિસ્તર્યો જણાય છે. પણ ખીલો તો તે જ છે, જડ, બંધનદ્યોતક અને મુકતવિહારનો ઉપહાસ કરતો. દા.ત. ચંદ્રકાંત બક્ષીની નવલકથા 'પેરાલીસીસ' – તેની આધુનિક નિરૂપણ રીત માટે જાણીતી છે. તેમાં અનેક 'મોર્ડન' કહેવાય તેવા ખ્યાલો ઘૂમરાય છે. જેમ કે જીવનરીતિ કાચબા જેવી ધીમી નહિં પરંતુ રેસના ઘોડા જેવી ગતિશીલ હોવી જોઈએ તેવું કહેવાયુ છે. પિતા–પુત્રીના સહશયનનું એક દ્રશ્ય પણ આયોજવામાં આવ્યુ છે, જેની સંકલનાની દ્રષ્ટિએ કોઈ જરૂર નથી. કદાચ આધુનિકતાના ખ્યાલો રજૂ કરવા જ લેખકે આમ કર્યુ હશે. કથાનો નાયક અરામ શાહ છે. રામ નહિ તે અરામ એવુ ચોકકસ સૂચવાયુ છે. પુરુષને રામ નથી થવું પણ સ્ત્રીને ? અરામની દીકરી મારીશા પરણે છે. દીકરીને મુકતવિહારની છૂટ આપી છે પણ તે પાત્ર પસંદગી કરી લાવે છે ત્યારે તેના પિતાને સખત આંચકો લાગે છે. મુકતવિહાર એટલે આ નહીં તેવું પિતાશ્રી બનેલા પાત્રના મનમાં – એટલે કે તેને આંચકો ખાતા બતાવતા લેખકના મનમાં હશે. પિતા સંમતિ આપે છે, પુત્રી પરણે છે પછી તેનો પતિ મૂળ વતનમાં જવાનું કહે છે. તેથી પત્ની મુંઝવણ અનુભવે છે. પણ પિતાશ્રી, તેનો પત્ની ધર્મ આગળ કરીને તેને પતિદેવ સાથે મોકલી આપે છે. પતિ વનવાસ જતો હોય તોય જવુ જોઈએ ત્યારે આ તો ફકત વતન તરફ જ જાય છે ! દીકરી ગુંગળાય છે અને આત્મહત્યા કરે છે. દીકરીએ રેસના ઘોડાની જેમ દોડીને જિંદગી પૂરી કરી એવું અરામ નોંધે છે. મારીશાની જિંદગી પૂરી થવાનું કારણ તેને રેસના ઘોડાની ગતિ જોઈતી હતી તે જ ? પતિનો જુલમ નહીં ? તેને પતિ પાસે કમને ધકેલી દેતા પિતાનું કોઈ દાયિત્વ નહીં ? મારીશા માટે વર્તનના નિયમો મધ્યયુગી હોવા જોઈએ ? વાતો કરવી આધુનિકતાની અને સ્ત્રીની વાત આવે ત્યારે એકદમ રૂઢિગત માન્યતાનું ચિત્રણ કરવું તે આધુનિક નવલકથાનું વ્યાપક લક્ષણ થઈ પડયુ છે.

### ૬. પરબ, ૧૯૮૩ : ૨–૩
### ઈલા આરબ મહેતા, અર્વાચીન સાહિત્યમાં સ્ત્રી : નવલિકામાં

આ લેખમાં લેખિકા જણાવે છે કે અર્વાચીન સાહિત્ય સમાજસુધારાના યુગ સાથે પ્રારંભાય છે. સમાજના પંડિતો અને સાહિત્યકારોનું લક્ષ તત્કાલીન સમાજમાં પ્રવર્તતી નારીની દુર્દશા તરફ ખેંચાયેલુ છે. બાળલગ્ન, કજોડાં, સ્ત્રીઓમાં શિક્ષણનો અભાવ, વૈધવ્ય, આદિ પ્રશ્નોને ગૂંથી લેતા નાટકો, કાવ્યો અને નવલકથાઓ લખાયાં, વંચાયા. સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીથી સર્વથા સભાન એવા સાહિત્યકારોએ નારીજીવનના અનેક પ્રશ્નોને પોતપોતાની રીતે સમજીને આલેખ્યા છે. નવલિકાના ઉદ્‌ગમ સાથે–સાથે ગાંધીયુગ શરૂ થયો એટલે ગુજરાતની જે નવલિકાઓમાં નારીજીવન નિરૂપાયેલુ જોવા મળે છે તે દરેકમાં ઊંચી ભાવનામયતા અને કપરી વાસ્તવિકતા બન્નેનું દર્શન થાય છે.

સાથે એ પણ તપાસવું પડશે કે થોડા બળવાખોર ગણાતા લેખકોના નારીપાત્રો બહુ બળવાખોર જણાતા નથી. પાત્રોના નામો નવા છે, વર્તન સામાન્ય સ્ત્રીથી કદાચ થોડું જુદું છે, પણ એના મૂળમાં કોઈ આધુનિકતાનો સ્પર્શ જણાતો નથી. જેમ કે સુરેશ જોશીની કૃતિઓ 'વૈશાખ સુદ અગિયારસ' અને 'નળ દમયંતી' ના નારી પાત્રોમાં એ જ સહનશીલતા, દુઃખ અને ત્યાગભાવના દેખાય છે. પરપુરુષના સ્પર્શથી એક ખાસ આનંદ માણતી ચિત્રા 'આખરે તો બિમાર પતિની માંદગી અર્થે' જ આ સઘળું કરે છે એવું લેખક જણાવે છે. અને એ રીતે ચિત્રા અને દમયંતીની સતીત્વની સમાન ભૂમિકા રજૂ કરે છે.

આમ, હજુ જોઈએ તેવું નવલિકાના આલેખનમાં સ્ત્રીઓનું ચિત્રણ વર્તમાન યુગને અનુલક્ષીને થતુ નથી તેવું લેખના લેખિકા કહેવા માગે છે. આ યુગની નારીને પોતાના સ્વતંત્ર અસ્તિત્વની ખોજ કરવી છે. એને આલેખવામાં ગુજરાતીના સમર્થ સાહિત્યકારો હજુ જોઈએ તેટલા સફળ થયા નથી તેવું આ લેખમાં લેખિકા જણાવે છે.

## ૪.૫ ગુજરાતમાં સાહિત્યના સમાજશાસ્ત્રમાં થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન :

### ૧. ડૉ. માણેકલાલ પટેલ,
### ગુજરાતી નવલકથામાં લગ્ન અને કુટુંબ ક્ષેત્રનાં આલેખનો (પીએચ.ડી. શોધનિબંધ), ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૭૬.

ડૉ. માણેકલાલ પટેલનો ઉપરોકત પીએચ.ડી.નો મહાનિબંધ ઈ.સ. ૧૯૮૩માં પુસ્તકરૂપે પ્રકાશિત થયો છે. આ પુસ્તકમાં ગુજરાતમાં "સાહિત્યના સમાજશાસ્ત્ર" ના ક્ષેત્રે થયેલુ પ્રથમ મહત્વનું

સંશોધન આલેખિત કરવામાં આવ્યુ છે. આ અધ્યયનમાં લગ્ન અને કુટુંબના ક્ષેત્રને પસંદગી આપવામાં આવી છે. તેના વિશ્લેષણ માટે સામાજિક પરિવર્તનના બહુલક્ષી કારણોના સિધ્ધાંતને લક્ષ્યમાં રાખીને ચર્ચા કરવામાં આવી છે. સામાજિક નવલકથાઓનાં આલેખનો જેવી ગુણાત્મક સામગ્રીનો ઉપયોગ કરી તારણો મેળવવામાં આવ્યા છે.

ઈ.સ. ૧૯૨૦ થી ૧૯૫૦ના ત્રણ દાયકાના સમયગાળા દરમ્યાન રચાયેલી નવલકથાઓમાંથી પસંદ કરેલી ૧૦૩ નવલકથાઓની મદદથી તે ગાળાનો સામાજિક ઈતિહાસ, લગ્ન અને કુટુંબ સંસ્થાના રીતરિવાજો, તેમાં આવતા પરિવર્તનો, વગેરેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. ૧૦૩ નવલકથાઓમાંથી લગ્નક્ષેત્રે વર્તન અને મૂલ્યોમાં આવતાં પરિવર્તનોની કેવી માહિતી મળે છે તેનું વિશદ્ ચિત્રણ કરવામાં આવ્યુ છે. લગ્નક્ષેત્રના વિવિધ પાસાઓ જેમ કે લગ્નના પ્રકાર, જ્ઞાતિવ્યવસ્થા અને પેટાજ્ઞાતિના વ્યવહારો, રીતરિવાજો, લગ્નની વય, જીવનસાથીની પસંદગી, આર્થિક રિવાજો, લગ્નવિચ્છેદ, આંતરજ્ઞાતીય લગ્નો, પુનર્લગ્નો, પ્રેમલગ્નો, વગેરેનું આલેખન છે.

ઉપરાંત કુટુંબ સંસ્થાના વિવિધ પાસાં, હિન્દુ કુટુંબ વ્યવસ્થાના પરંપરાગત કુટુંબો, સુધારાગત કુટુંબો, અદ્યતન કુટુંબો એવા ત્રણ સ્વરૂપોમાં તેઓએ કુટુંબ સંસ્થાનું અધ્યયન કર્યુ છે. કુટુંબ વ્યવસ્થાના ધારાધોરણો, સંયુકત વિભકત કુટુંબ જીવન, વાલીઓ વારસદારોના સંબંધો વગેરેમાં પરિવર્તન, કુટુંબમાં સ્ત્રીઓનું સ્થાન, સભ્યોના દરજ્જા, કુટુંબ નિયોજન અને દાંપત્યનું સમાયોજન વગેરે બાબતોનો અભ્યાસ નવલકથાઓ દ્વારા ડૉ. માણેકલાલ પટેલે કર્યો છે. આ પુસ્તકને "સાહિત્યના સમાજશાસ્ત્ર"ની એક મહત્વની કેડી પાડનાર તરીકે ગણી શકાય તેમ છે.

## ૨. ડૉ. દક્ષા ઠાકર,
## શ્રી શરદબાબુની નવલકથાઓમાં સ્ત્રીઓનું સામાજિક સ્થાન (પીએચ.ડી. શોધનિબંધ), ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૮૬.

ડૉ. દક્ષા ઠાકરના પીએચ.ડી.ના આ મહાનિબંધમાં તેઓએ કુટુંબમાં પુત્રી, પત્ની તથા માતા તરીકે સ્ત્રીનું સ્થાન તપાસ્યુ છે, કુટુંબમાં પુરુષો સાથેના વિવિધ પ્રકારના સંબંધો જેવા કે ભાઈ સાથ, જેઠ સાથે, દિયર સાથેના સંબંધોની ચર્ચા કરી છે, પુરુષો સાથેના લગ્નેતર સંબંધો તપાસ્યા છે, લગ્ન અને તેમાં થતી લેવડદેવડ, લગ્નવય, લગ્નમાં સાથીદારોની સંખ્યા, પાત્ર પસંદગી પર અંકુશ, ત્યકતાપણુ, લગ્નવિચ્છેદ, ઘૂમટાપ્રથા, વિધવાપ્રથા, ગણિકાપ્રથા, દાસીપ્રથા, શિક્ષણ અને વારસો વગેરે સ્ત્રી જીવન

સાથે સંકળાયેલી અને કૌટુંબિક, લગ્નવિષયક તથા સામાજિક બાબતોનું અધ્યયન શરદબાબુની નવલકથાઓના આધારે કર્યુ છે. આ દરેક બાબતો સ્ત્રીના સામાજિક સ્થાન ઉપર શું અસર કરે છે તે આ મહાનિબંધમાં સ્પષ્ટ કરવામાં આવ્યુ છે.

**૩. ડૉ. રેખા મોઢા,**

**શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથાઓમાં નારી પાત્રોનું નિરૂપણ – એક સમાજશાસ્ત્રીય સંશોધન (પીએચ.ડી. શોધનિબંધ), ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર, ૧૯૯૫.**

ડૉ. રેખા મોઢાએ પોતાના ડૉકટ્રેટ કક્ષાના મહાનિબંધમાં શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથાઓના નારીપાત્રોના નિરૂપણ દ્વારા તે જમાનાના નારીના સામાજિક જીવનની સમાજશાસ્ત્રીય તસવીર ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે. તેઓએ શ્રી ર.વ. દેસાઈની કુલ ૩૩ નવલકથાઓનો અભ્યાસ કર્યો છે. ગાંધીયુગ–બ્રિટિશયુગમાં વિશાળ પરિપ્રેક્ષ્ય (ભારત) અને ખાસ કરીને ગુજરાતી સમાજમાં નારી જીવન : તેનું સામાજિક સ્થાન, દરજ્જો, ભૂમિકા, કાર્યક્ષેત્ર અને સમગ્ર સમાજ તથા કુટુંબમાં તેની પરિસ્થિતિ, પ્રશ્નો અને પડકારો કેવા હતા તેનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કર્યો છે. તેઓએ પોતાના અભ્યાસના તારણોમાં જણાવ્યુ છે કે કુટુંબ સંગઠનમાં પુત્ર–પુત્રીના, પતિ–પત્નીના, પુત્રવધૂ અને ઘરની અન્ય સ્ત્રીઓના, સામાજિક સ્થાનમાં અસમાનતા હતી. વિધવા નારી પણ કુટુંબમાં ઉતરતુ સ્થાન ધરાવતી હતી. લગ્નક્ષેત્રે જીવનસાથીની પસંદગીની બાબતમાં પુરુષની સરખામણીમાં નારીને ઓછી સ્વતંત્રતા મળતી, જાહેરજીવન સાથે સંકળાયેલા પુરુષોની સંખ્યાની તુલનામાં જાહેર જીવન સાથે સંકળાયેલી સ્ત્રીઓની સંખ્યા ઘણી ઓછી હતી. જો કે ગાંધીયુગ દરમ્યાન નારીએ 'પુરુષ સમોવડી' બનીને જાહેર જીવનમાં ભાગ લેવાની માનસિક સજ્જતા કેળવવાની શરૂઆત કરી દીધી હતી. અને મધ્યયુગની સરખામણીમાં ગાંધીયુગ દરમ્યાન નારીના સામાજિક સ્થાનમાં સુધારો થયેલો દેખાય છે. આમ ગાંધીયુગના સ્ત્રીજીવનનું વિશદ્ નિરૂપણ આ અભ્યાસમાં થયેલુ છે.

**૪. ડૉ. નયના ત્રિવેદી,**
**ચંદ્રકાંત બક્ષીની નવલિકાઓ અને નવલકથાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન (પીએચ.ડી. શોધનિબંધ), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૧૯૯૮.**

સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી ચંદ્રકાંત બક્ષીની – સ્ત્રી પાત્રોની ભૂમિકા કેન્દ્રિય હોય તેવી – નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રોનું આ અધ્યયન છે. ડૉ. નયના ત્રિવેદીએ પોતાના અભ્યાસના તારણોમાં જણાવ્યુ છે કે ઉચ્ચ શિક્ષણ પામેલી સ્ત્રીઓ આર્થિક રીતે સ્વાવલંબી હોય છે, પત્નીની સામાજિક ભૂમિકા બદલાઈ છે; તે પતિ પાસેથી ગૃહકાર્યમાં મદદની અપેક્ષા રાખે છે, પતિ–પત્નીના સંબંધો સત્તા અને તાબેદારીને બદલે સમાનતાના પાયા ઉપર રચાયેલા હોય તેવુ સ્ત્રી ઈચ્છે છે, તે જાતીય સંકોચ ધરાવતી નથી, લગ્ન વિના પુરુષ મિત્ર સાથે રહે છે, જીવનસાથીની પસંદગીમાં ભૌત્તિક સંપત્તિને નિર્ણાયક ગણે છે, પુત્રી તરીકે પિતા સાથે હળવાશભર્યા સંબંધો ધરાવે છે, ટુંકું અને ગુણવત્તાવાળુ જીવન પસંદ કરે છે, લગ્નને અતૂટ બંધન ગણતી નથી; છૂટાછેડા પણ લઈ લે છે, ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરે છે પરંતુ ખોટી ધાર્મિક માન્યતાઓ કે અંધશ્રધ્ધાનો અસ્વીકાર કરે છે, પોતાની સ્વ–જિંદગીમાં કોઈનો હસ્તક્ષેપ પસંદ નથી કરતી, લગ્નવય ઉંચી જવા પામી છે, સ્વ–પસંદગીના લગ્નનું પ્રમાણ આયોજિત લગ્ન કરતા ઉંચુ છે, કુટુંબનિયોજનના એક જ સંતાનના આધુનિક અભિગમમાં માને છે. શિક્ષિત સ્ત્રીઓમાં પણ પુત્ર જન્મ તરફી વલણો પ્રવર્તે છે, આમ, ડૉ. નયના ત્રિવેદીએ ચંદ્રકાંત બક્ષીની નવલિકાઓ અને નવલકથાઓની મદદથી પોતાના અભ્યાસમાં આધુનિક સ્ત્રીજીવનનું આલેખન કર્યુ છે.

## ઉપસંહાર

આ પ્રકરણ–૪ માં વિશ્વમાં તથા ભારતમાં "સાહિત્યના સમાજશાસ્ત્ર" વિષે જે અભ્યાસો થયા છે તેનું વિહંગાવલોકન પ્રસ્તુત કરવામાં આવ્યુ છે. ઉપરાંત આ મહાનિબંધમાં નવલિકાઓ અને નવલકથાઓમાંના સ્ત્રી પાત્રોના દરજજા અને ભૂમિકા વિષે તપાસ કરી હોવાથી 'સ્ત્રીઓના દરજજા અને ભૂમિકા સંબંધી' અભ્યાસો તેમ જ 'સાહિત્યમાં નારી નિરૂપણ' કેવા પ્રકારે થાય છે તે અંગેના અભ્યાસોનું વિહંગાવલોકન પણ રજૂ કરવામાં આવ્યુ છે. ગુજરાતમાં "સાહિત્યના સમાજશાસ્ત્ર" માં થયેલા પીએચ.ડી. સંશોધનોનું વિહંગાવલોકન પણ પ્રકરણના અંતિમ વિભાગમાં રજૂ કર્યુ છે. હવે પછીના પ્રકરણમાં 'શ્રી વર્ષા અડાલજાનો સાહિત્યકાર તરીકે' પરિચય આપવામાં આવ્યો છે.

# પ્રકરણ – ૫
# સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજા : એક પરિચય


। પ્રાસ્તાવિક

૫.૧ શ્રી વર્ષા અડાલજાનો વ્યકિતગત પરિચય

૫.૨ શ્રી વર્ષા અડાલજા : સાહિત્યકાર તરીકે

૫.૩ શ્રી વર્ષા અડાલજાનું સાહિત્ય સર્જન

૫.૪ રૂપાંતરિત સાહિત્ય

૫.૫ પુરસ્કાર અને સન્માન

૫.૬ શ્રી વર્ષા અડાલજાના લેખનની વિશેષતા અને મર્યાદા

। ઉપસંહાર

# પ્રકરણ – ૫
# સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજા : એક પરિચય

## પ્રાસ્તાવિક :

સાહિત્યકાર સમાજથી અલિપ્ત નથી રહી શકતો. સમાજની પ્રત્યેક ગતિવિધિઓ અને આસપાસનું પર્યાવરણ તેની ઉપર પ્રભાવાત્મક અસર કરે છે. સાહિત્યકાર પોતાના વિચારો અને અનુભવોને સાહિત્યના માધ્યમથી રજૂ કરે છે. કોઈપણ રચનાકાર પોતાના વિચારોને લિપિબધ્ધ કરીને સીધો જ સમાજ–સન્મુખ રજૂ નથી કરતો, લેખન પૂર્વે એક લાંબી સાધના અને ચિંતન તે કરતો હોય છે. તે સામાજિક વ્યવહારોને નિભાવતો પોતાના વિચારોને સાહિત્યિકરૂપ પ્રદાન કરે છે. પ્રસ્તુત મહાનિબંધ શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રીપ્રધાન નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રો વિષેનું સમાજશાસ્ત્રીય અધ્યયન છે. તેથી તેઓનો એક સાહિત્યકાર તરીકે સામાજિક તથા સાહિત્યિક વ્યકિતત્વનો પરિચય પ્રાપ્ત કરવો જરૂરી છે.

અર્વાચીન ગુજરાતી મહિલા સાહિત્યકારોમાં શ્રી વર્ષા અડાલજાનું મહત્વપૂર્ણ સ્થાન છે. હકીકતલક્ષી શૈલીથી ભરેલી તેઓની નવલિકાઓ અને નવલકથાઓ સામાજિક ઘટનાઓનો મહત્વપૂર્ણ દસ્તાવેજ બની ગઈ છે. તેઓનું સાહિત્યિક ચિંતન વ્યકિત અને સમષ્ટિ બન્ને તરફનું છે. તેઓમાં યથાર્થને ઓળખવાની સાર્થકતા, જીવનનો નવો દ્રષ્ટિકોણ તથા યુગ–બોધને આત્મસાત્ કરવાની સૂક્ષ્મ અંતર્દ્રષ્ટિ છે. તેના કારણે અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં તેઓની અમીટ છાપ ઊભી થઈ છે તેઓનું સાહિત્ય જ તેઓની ઓળખ છે.

## ૫.૧ શ્રી વર્ષા અડાલજાનો વ્યકિતગત પરિચય :

શ્રી વર્ષા અડાલજાનો જન્મ ૧૦મી એપ્રિલ ઈ.સ. ૧૯૪૦માં મુંબઈમાં થયો હતો. તેઓના માતાનું નામ લલિતાબહેન તથા પિતાનું નામ ગુણવંતરાય આચાર્ય હતુ.

પિતા ગુણવંતરાય આચાર્ય એક સિધ્ધહસ્ત સાહિત્યકાર હતાં. તેઓ એ બોમ્બે ક્રોનિકલ, મુંબઈ સમાચાર, ફૂલછાબ તથા ગુજરાત સમાચાર જેવા લોકપ્રિય વર્તમાનપત્રોમાં તંત્રીવિભાગનું સફળ સંચાલન કર્યુ હતુ. તેઓએ વિશ્વસાહિત્યમાં ઉત્તમ કહી શકાય તેવી ''દરિયાલાલ'' સાગરકથા રચી હતી.

તેઓ એ "સકકરબાર" શ્રેણીમાં વર્ણિત સાગરકથા અત્યંત લોકપ્રિય અને સફળ રહી છે. ગુજરાતી સાહિત્યમાં સાગરકથા લખવાનું શ્રેય શ્રી ગુણવંતરાય આચાર્યને જ મળશે. તેઓની પ્રથમ નવલકથા "પીરમનો બાદશાહ" હતી. ગુજરાતી સાહિત્યના વાઙમયને શ્રી ગુણવંતરાય આચાર્યએ ૨૯ દરિયાઈ નવલકથાઓ, ૨૦ ઐતિહાસિક નવલકથાઓ, ૭ હિન્દુપત પાદશાહી ગ્રંથાવલિઓ, ૭ વિજયનગર સામ્રાજય ગ્રંથાવલિઓ, ૫ વાઘેલાયુગ ગ્રંથાવલિઓ, ૬ ગુજરાત ગ્રંથાવલિઓ, ૨૨ રહસ્યકથાઓ, ૩૨ સામાજિક નવલકથાઓ, ૧૪ નવલિકા સંગ્રહો, ૮ તરંગ, ૬ નાટકો, ૨ સંપાદિત ગ્રંથો અને ૧૦ અન્ય પ્રકાશનોથી સમૃધ્ધ કર્યું છે. તેઓની સાહિત્યસર્જન શકિત અદ્‌ભૂત હતી. તેઓએ 'શાયર' નામની નવલકથા સતત ત્રણ દિવસ લખીને અને 'કોરી કિતાબ' નવલકથાનું સર્જન માત્ર એક રાત્રિમાં જ પૂરુ કર્યુ હતુ. શ્રી ગુણવંતરાય આચાર્ય એક પ્રખર સાહિત્યસર્જક હતા એ બાબત તેમના વિપુલ સાહિત્યસર્જનથી સિધ્ધ થાય છે.

શ્રી વર્ષા અડાલજા એ સિધ્ધહસ્ત સાહિત્યસર્જક પિતાના પુત્રી છે. તેઓને લેખનકાર્ય વારસામાં મળ્યુ છે. તેઓના મોટાબહેન શ્રી ઈલા આરબ મહેતા પણ ગુજરાતી સાહિત્યના સુપ્રસિધ્ધ લેખિકા છે. તેઓએ ગુજરાતી સાહિત્યજગતને પોતાની નવલિકાઓ અને નવલકથાઓથી સમૃધ્ધ કર્યુ છે.

- **અભ્યાસ :**

  શ્રી વર્ષાબહેને પ્રાથમિક શિક્ષણ જામનગરની શાળામાં અને રાજકોટની શાળામાં લીધુ હતુ અને મુંબઈની શાળામાંથી તેઓ મેટ્રીક પાસ થયા. સંસ્કૃત અને ગુજરાતી સાથે તેઓએ બી.એ. પાસ કર્યું. મુંબઈ યુનિવર્સિટીમાંથી એન્ટાયર સમાજશાસ્ત્ર સાથે એમ.એ. થયા અને મુંબઈ ખાતેથી ડ્રામેટીક્સનો ડીપ્લોમા (ડ્રામા વર્કશોપમાં) મેળવ્યો.

- **વ્યવસાય :**

  શ્રી વર્ષાબહેનના પિતાએ પોતાની પુત્રીઓનો ઉછેર સ્વતંત્ર વાતાવરણમાં કર્યો છે. તેઓને અભિનય, લેખન અને પત્રકારત્વના આનુવંશિક ગુણો પિતા પાસેથી પ્રાપ્ત થયા છે. તેઓના પિતા અવેતન નાટયસંસ્થા ચલાવતા હતા તેનું નામ 'રંગભૂમિ' હતુ. શ્રી વર્ષાબહેનને નાટયક્ષેત્રે વિશેષ રુચિ હતી. તેઓએ બાળપણમાં રંગમંચ ઉપર

નાટકોમાં કામ કર્યુ છે. ત્યારબાદ તેઓએ રંગમંચને અલવિદા કહી અને પત્રકાર તથા લેખિકા તરીકેની વ્યાવસાયિક કારકીર્દિ પસંદ કરી. તેઓએ મુંબઈ રેડિયો કેન્દ્ર ઉપર ઉદ્‌ઘોષિકા તરીકે પણ કામ કર્યુ છે. તેઓ પોતાના વિચારોને વર્તમાનપત્રો, પત્રિકા તથા સાહિત્યકૃતિઓના માધ્યમથી પ્રકાશિત કરી રહયા છે. વર્તમાનમાં તેઓ "સંદેશ" દૈનિકપત્રમાં 'ચંદરવો' શીર્ષક હેઠળ લઘુકથા લખી રહયા છે.

## ૫.૨ શ્રી વર્ષા અડાલજા : સાહિત્યકાર તરીકે :

શ્રી વર્ષાબહેનના પિતા ગુણવંતરાય આચાર્ય એક વિદ્વાન સાહિત્યકાર હતા. તેઓનો પ્રભાવ પુત્રી ઉપર પડયો છે. કુટુંબમાં પિતાજીની મુલાકાતે આવતા અનેક લોકો સાથેની પિતાજીની સાહિત્યિક ચર્ચાઓના તેઓ મૂક સાક્ષી બની રહેતા. શ્રી વર્ષાબહેનની સાહિત્યિક અભિરુચિના વિકાસના મૂળ તેઓના કુટુંબના વાતાવરણમાં રહેલા છે.

શ્રી વર્ષાબહેન – એક સર્જક તરીકે જયારે તપાસીએ ત્યારે એ બાબતની નોંધ કરવી જોઈએ કે સાહિત્યિક પરિવેશ તેઓએ ગળથૂથીમાંથી જ મેળવ્યો છે. બાળપણથી તેઓ સાહિત્યના સંસ્કારમાં ઉછર્યા છે.

બાળપણમાં કુટુંબની આર્થિક કટોકટી વખતે માતા–પિતાએ જે રીતે સમાયોજન સાધ્યુ હતુ તે જોઈને તેઓ ગંભીર અને સૌમ્ય બન્યા હતા. તેઓના ગંભીર ચિંતન તથા આર્થિક સમસ્યાની અસર તેઓની સાહિત્યકૃતિઓમાં સ્પષ્ટ જોવા મળે છે.

શ્રી વર્ષાબહેને કયારેય પણ રચનાકારના રૂપમાં કોઈ ઘટના કે પ્રસંગો લઈને પોતાને સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો નથી. તેઓ ખરા અર્થમાં અભિનયને પ્રાધાન્ય આપવાનું પોતાનું લક્ષ્ય સમજતા હતા. તેઓ પણ આ બાબતનો સ્વીકાર કરે છે કે, "મેં કદી પણ લેખિકા બનવાનો વિચાર કર્યો ન હતો." તેઓના પિતાજીના મૃત્યુ પછી રંગભૂમિ નાટયસંસ્થા વિલીન થઈ ગઈ. ધનોપાર્જનના હેતુથી બીજી ઘણી નાટયમંડળીઓ ઉદ્‌ભવી તેથી તેઓએ રંગમંચને કાયમને માટે તિલાંજલી આપી દીધી. નાટયજગતને અલવિદા કહયા પછી દોઢ વર્ષ સુધી તેઓ દિશાશૂન્ય રહયા. તેઓને ચીલાચાલુ કામ નહોતુ કરવુ, શિક્ષિકા પણ નહોતુ થવુ, ઘરમાં બેસી રહી માત્ર રસોઈકામ નહોતુ કરવું, ૯ થી ૫ ઓફીસમાં બેસીને કારકૂનીનું કામ નહોતુ કરવું, પરંતુ કંઈક નવું જ કામ કરવાની ઈચ્છા હતી. આમ શ્રી વર્ષાબહેન સ્વભાવે નવીનતાના

આગ્રહી રહયા છે, કુટુંબમાં તેઓના માતા–પિતાએ પૂર્ણ સ્વતંત્રતા સાથે એક "વ્યકિત" તરીકે પોતાની પુત્રીઓનો ઉછેર કર્યો છે. સમાજમાં પરંપરાઓ, રિવાજો અને રૂઢિઓના જે બંધનો સ્ત્રીઓ ઉપર લાદવામાં આવ્યા છે તેવા કોઈ બંધનો શ્રી વર્ષાબહેને કુટુંબના સભ્યો દ્વારા અનુભવ્યા નથી. તેથી જ શ્રી વર્ષાબહેનની કલમ દ્વારા સ્ત્રી સ્વતંત્રતા અને સ્ત્રી સમાનતાની વાત સતત તેઓની સાહિત્યકૃતિઓમાં અંકિત થતી રહે છે.

સાહિત્યકાર તરીકે શ્રી વર્ષાબહેનનો પરિવેશ સ્વતંત્રતા અને સમાનતાનો રહયો છે. તેઓએ પિતાને ત્યાં અને લગ્ન પછી તેઓના પતિના કુટુંબમાં પૂર્ણ સ્વતંત્રતા અને સમાનતા અનુભવી છે અને તેથી જ સમાજમાં જયારે–જયારે તેઓએ સ્ત્રીઓની કચડાયેલી અને શોષિત સ્થિતિ જોઈ ત્યારે પોતાની કલમ દ્વારા તેને આલેખિત કરી સમાનતા અને સ્વતંત્રતાની હિમાયત કૃતિના સ્ત્રીપાત્રોની મદદથી કરી છે.

શ્રી વર્ષા અડાલજાની સાહિત્યકૃતિઓમાં મુખ્યત્વે સ્ત્રીનું સમાજના દરેક સ્તરે જે જાતીય, આર્થિક, શારીરિક, માનસિક અને સામાજિક રીતે શોષણ થઈ રહયુ છે; એક "વ્યકિત" (Human Being) તરીકે સ્ત્રીને ન જોવાનું સમાજનું જે વલણ છે તેની સચોટ અભિવ્યકિત વાસ્તવિક ઘટનાઓમાંથી વિષયવસ્તુ પસંદ કરીને કરવામાં આવેલ છે. તેઓની સાહિત્યરચનાઓનો મુખ્ય સૂર એ રહયો છે કે નારી હંમેશા શોષિત રહી છે અને તે શોષણમાંથી બહાર આવવાનું વલણ દરેક સ્ત્રી પાત્રમાં દેખાય છે.

શ્રી વર્ષા અડાલજા પોતાના સાહિત્યકાર તરીકેના પ્રારંભિક દિવસોમાં ખૂબ ચિંતન કરતા. શું પોતે લેખનકાર્ય વડે સામાજિક–દાયિત્વ નિભાવી શકશે ? વાચકોને આકર્ષિત કરી તૃપ્ત કરી શકશે ? લેખિકા તરીકેની તેઓની સતત જાગૃતિ અને સાવધાનીને કારણે તેઓની કૃતિઓ આસ્વાદ્ય બની રહી છે.

લેખિકા તરીકે કોઈપણ સાહિત્યકૃતિની રચના પહેલા તેઓ ઊંડુ ચિંતન અને મનન કરે છે. લાંબી નવલકથાઓ લખવા માટે ખૂબ પરિશ્રમ ઉઠાવે છે. તેઓ પોતાની વાત કહેતા પહેલા તેના સંદર્ભમાં માહિતી એકત્ર કરે છે, જરૂર પડે તો સ્થળની મુલાકાત પણ લે છે, લોકોની મુલાકાત પણ લે છે અને ત્યાર પછી તેઓ કથારૂપે પોતે મેળવેલી માહિતી રજૂ કરે છે. તેઓને યથાર્થ નિરૂપણમાં વિશ્વાસ છે. આમ, ચિંતન, મનન અને સખત પરિશ્રમ પછી પોતે મેળવેલી હકીકતોને નવલિકા, નવલકથા, લઘુકથા કે એકાંકીના રૂપમાં રજૂ કરે છે.

તેઓનું સઘનવાંચન બહુ નાની ઉંમરથી પિતાની પ્રેરણાથી શરૂ થયુ. એમ.એ.માં સમાજશાસ્ત્ર વિષયનો અભ્યાસ કરતી વખતે સામાજિક સમસ્યાના પ્રશ્નપત્ર માટે ક્ષેત્રકાર્ય કરવા મુંબઈ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ શ્રી અક્ષયકુમાર દેસાઈ વિદ્યાર્થીઓને રેસ્કયુ હોમ, બાળઅપરાધીઓની સંસ્થા, રીમાન્ડ હોમ વગેરે સ્થળોએ લઈ જતા ત્યારે ત્યાં રહેતા બહેનોને તેઓની સમસ્યાઓ વિશે સમાજશાસ્ત્રને અનુલક્ષીને પ્રશ્નો પૂછતા, એ રીતે તેઓના વિચારોનો સમાજશાસ્ત્રીય પાયો એમ.એ.ના અભ્યાસ દરમ્યાન નંખાયો. ડૉ. અક્ષયકુમાર દેસાઈના પત્ની ડૉ. નીરા દેસાઈ પણ પ્રોફેસર ઉપરાંત એક અગ્રણી લેખિકા છે. તેઓ પાસે પણ શ્રી વર્ષાબહેને અભ્યાસ કર્યો છે. તેથી તેઓની પાસેથી પ્રેરણા મેળવી સમાજમાં જે સમસ્યાઓ છે તેને વિષયનો મુદ્દો બનાવીને વર્ષાબહેન પોતાની નવલિકાઓ અને નવલકથાઓમાં તેનું તાદશ ઘટનાલક્ષી આલેખન કરે છે. જુદી–જુદી સામાજિક સમસ્યાઓ, ભ્રષ્ટાચાર, સ્ત્રીની શોષિત સ્થિતિ, સ્ત્રીની સંવેદના અને અનુભૂતિઓને તેઓ વિવિધ રીતે પોતાની સાહિત્યકૃતિઓમાં રજૂ કરતા રહયા છે. તેઓએ સાંપ્રતકાલીન ઘટનાઓને અને પરિસ્થિતિઓને યથાર્થ રીતે પોતાની રચનાઓમાં નિરૂપિત કરી છે.

સાહિત્યકૃતિની મદદથી સમાજનું સાચુ ચિત્ર રજૂ કરવા માટે સમાજનું લેખકે યથાર્થ અધ્યયન કરવું જોઈએ તેમ તેઓ માને છે. સાહિત્યની મદદથી યથાર્થનું નિરૂપણ કરીને સામાજિક સુધારણા લાવી શકાય છે. જેમ કે ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં સામાજિક સુધારણાની બાબતને જુદી–જુદી રીતે દર્શાવવામાં આવી છે તેમ શ્રી વર્ષા અડાલજાએ પણ પોતાની સાહિત્યકૃતિઓ દ્વારા સમાજમાં ગૌણ દરજજો ધરાવતા સ્ત્રીવર્ગની સમાનતા અને સ્વતંત્રતા પ્રાપ્તિનો અવાજ ઉઠાવ્યો છે. જયાં અને જયારે તેઓને સમાજમાં અસમાનતા અને શોષણના દર્શન થયા છે ત્યારે તરત જ પોતાની કૃતિમાં તેઓએ તે દર્શાવ્યું છે અને "માનવ અધિકાર" ના રક્ષણની ઝુંબેશ પોતાની કલમ દ્વારા ઉઠાવી છે. ઉચ્ચવર્ગના લોકો મધ્યમ કે નિમ્ન વર્ગના લોકોનું શોષણ કરતા હોય, પુરુષવર્ગ સ્ત્રી વર્ગનું શોષણ કરતો હોય, કુટુંબના સભ્યોમાં જેઓની પાસે સત્તા છે તેઓ અન્ય સભ્યોનું શોષણ કરતા હોય ત્યાં શ્રી વર્ષા અડાલજાએ પોતાની કલમ ચલાવીને તેમાંથી મુકિતની પ્રાપ્તિ અને શોષણવિહીન સમાજ રચના સ્થાપવાની એક સર્જક તરીકેની પોતાની ઈચ્છા વ્યકત કરી છે. ભારતીય સમાજમાં સર્વત્ર 'બળિયાના બે ભાગ' જેવી સ્થિતિ આજે પણ પ્રવર્તે છે. સમાજમાં જેઓ વંચિતો છે, ઉપેક્ષિતો છે, શોષિત અને દબાયેલા–કચડાયેલા છે તેઓ પ્રત્યે કોણ ધ્યાન આપે ? શ્રી વર્ષા અડાલજાએ સમાજશાસ્ત્રના અભ્યાસીની જેમ સમાજની અસમાનતા, શોષણ અને સમસ્યાઓને પોતાની સાહિત્ય રચનાઓ દ્વારા વાચા આપીને તેની સામે અવાજ ઉઠાવ્યો છે.

## ૫.૨.૧ શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રો :

શ્રી વર્ષા અડાલજા સ્ત્રીને એક 'સહજ સ્વતંત્ર વ્યકિત' તરીકે પોતાની કૃતિઓમાં રજૂ કરવાનો પ્રયત્ન કરી રહયા છે. તેઓએ ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન, એમ ત્રણેય વર્ગના સ્ત્રી પાત્રો પોતાની કૃતિઓમાં લીધા છે; ત્રણેય વર્ગોની આર્થિક સ્થિતિ અને સામાજિક દરજ્જાને અનુરૂપ સ્ત્રી પાત્રોનું આલેખન કર્યુ છે.

તેઓએ આધુનિક શિક્ષિત, વિચારવંત, બુધ્ધિશાળી અને આર્થિક રીતે સ્વાવલંબી સ્ત્રી પાત્રોનું સર્જન પણ કર્યુ છે.

તેઓએ ગ્રામીણ અને શહેરી એમ બન્ને વિસ્તારોમાં વસતા સ્ત્રી પાત્રો પોતાની સાહિત્યકૃતિઓમાં રજૂ કર્યા છે. મધ્યમવર્ગની ગૃહિણીની ભૂમિકા ભજવતી સ્ત્રીને આખો દિવસ ઘરકામ કર્યા પછી 'રાત્રે દૂધ મેળવતી અને ઢોકળાનો આથો નાખતી' અવશ્ય દર્શાવી છે.

મોટાભાગે મુંબઈ મહાનગરની ઝૂંપડપટ્ટી અને મધ્યમવર્ગની ચાલી તથા આલિશાન ફ્લેટમાં રહેતી ત્રણેય વર્ગની સ્ત્રીઓ તેઓની કૃતિઓમાં અંકિત છે.

ઉપરાંત પતિની ઉપેક્ષા તથા પતિના લગ્નેતર સંબંધને ન નિભાવે અને તેનાથી છૂટા પડીને સ્વમાનથી જીવન જીવતી, વ્યવસાય અને ગૃહકાર્યની બેવડી ભૂમિકાથી ત્રસ્ત થયેલી, પતિથી દબાતી અને સતત ફફડતી, મધ્યમવર્ગની, અપરિણિત અને વ્યવસાય કરતી, પતિ કે અન્ય પુરુષના અત્યાચાર કે બળાત્કાર સામે પ્રતિકાર કરી તેની હત્યા કરતી, સમાજથી શોષિત, જીવનમાં જાતીય શોષણનો ભોગ બનતી, અશિક્ષિત એમ અનેક પ્રકારના સ્ત્રી પાત્રોનું સર્જન કર્યુ છે.

તેઓના સ્ત્રી પાત્રો અન્યાય અને શોષણ સામે બંડ પોકારતા કે બળવાખોર બનતા, સ્વમાની અને સ્વતંત્રતાને ચાહનારા, પોતાનું 'સ્ત્રી' તરીકેનું એક અલગ અસ્તિત્વ ઉભુ કરવાના સ્વભાવવાળા, જીવનમાં કંઈક કરી બતાવવાની ઈચ્છા ધરાવતા અને સમાજમાં પોતાનું અલગ સ્થાન અને ગૌરવ સ્થાપવા અને જાળવવા સતત પ્રયત્ન કરતા પણ જોવા મળે છે.

તેઓએ ઉચ્ચ વર્ગના સાધન સંપન્ન અને ઈબ્સનના અંગ્રેજી નાટક "Doll's House' ની 'નોરા' ના પાત્ર જેવી ભૂમિકા ભજવતા સ્ત્રી પાત્રોનું પણ સર્જન કર્યુ છે.

આ રીતે શ્રી વર્ષા અડાલજાના સ્ત્રી પાત્રો વિવિધ ભૂમિકા ભજવતા જોવા મળે છે. એકધારા બીબાઢાળ સ્ત્રી પાત્રો કે એકધારી બીબાઢાળ સામાજિક પરિસ્થિતિ નહીં પરંતુ સમાજનું સર્વતોમુખી અને સર્વાંગી દર્શન થાય તે પ્રકારે કૃતિઓનું કથાવસ્તુ તથા તેના સ્ત્રી પાત્રોનું આલેખન તેઓએ પોતાની સાહિત્ય રચનાઓમાં કર્યુ છે.

એ જ રીતે તેઓએ પોતાની નવલિકાઓ, નવલકથાઓ અને અન્ય સાહિત્ય રચનાઓમાં સમાજના પ્રત્યેક સ્તરના માનવીના વાસ્તવિક જીવનનું અને જીવન સંઘર્ષનું નિરૂપણ કર્યુ છે. ગુનાખોરી, શારીરિક–માનસિક બિમારી, શોષક–શોષિત વર્ગ, યુધ્ધ, મંદબુધ્ધિના બાળકોની સ્થિતિ, જેલજીવન, સામાજિક–માનસિક સંઘર્ષ, સ્ત્રીની વિવિધ સમસ્યાઓ જેવી કે અતૃપ્ત જાતીય ઈચ્છાઓ, સામાજિક–આર્થિક અસલામતી, મનોવૈજ્ઞાનિક પ્રશ્નો વગેરેનું વૈવિધ્યપૂર્ણ આલેખન કર્યુ છે.

શ્રી વર્ષા અડલજાની સાહિત્ય રચનાઓમાં સમાજશાસ્ત્રીય અભિગમ દ્રષ્ટિગોચર થાય છે. તેઓના પાત્રોનું નિરૂપણ તદ્દ્ન વાસ્તવિકતા સાથે સંબંધિત છે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી જોઈએ તો પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓના ગૌણ દરજ્જા અને ભૂમિકાનું ચિત્ર તેઓની કૃતિઓમાંથી ઉપસે છે. લગ્ન, કુટુંબ, શિક્ષણ, વ્યવસાય વગેરે દરેક ક્ષેત્રે સ્ત્રીઓનો નિર્ણય અન્યના નિર્ણય ઉપર અવલંબિત હોય છે તે બાબતનું આલેખન પણ તેઓની કૃતિઓમાં છે.

જો કે સ્ત્રીઓમાં ધીમે–ધીમે સ્વ–સભાનતા વિકસી રહી છે. તેમાં સ્ત્રીનો શિક્ષણ વિકાસ અને તેઓનું આર્થિક સ્વાવલંબન મદદરૂપ થઈ રહયુ છે. સ્ત્રી પોતાના દરજ્જા વિષે સભાન બની રહી છે. તેના સામાજિક દરજ્જા અને ભૂમિકામાં આવેલા પરિવર્તનનું આલેખન શ્રી વર્ષા અડાલજાની સાહિત્ય રચનાઓમાં અને તેમાં પણ ખાસ કરીને નવલિકાઓ અને નવલકથાઓમાં થયેલુ જોવા મળે છે.

## ૫.૩ શ્રી વર્ષા અડાલજાનું સાહિત્યસર્જન :

### ૫.૩.૧ નવલકથા સર્જન :

સાહિત્ય જગતમાં શ્રી વર્ષા અડાલજાનું આગમન થયુ તે પહેલા તેઓ રંગમંચના કલાકાર હતા. તેઓની પ્રથમ નવલકથા "શ્રાવણ તારા સરવડાં" ઈ.સ. ૧૯૬૮માં પ્રકાશિત થઈ. ત્યાર બાદ તેઓએ જે નવલકથાઓનું લેખન – પ્રકાશન કર્યુ તેનો ક્રમ આ પ્રમાણે છે. "શ્રાવણ તારા સરવડાં" ઉપરાંત "પાંચ ને એક પાંચ", "તિમિરના પડછાયા", "મારે પણ એક ઘર હોય", "છેવટનું છેવટ", "રેત પંખી",

''અવાજનો આકાર'', ''આતશ'', ''આનંદધારા'', ''નીલિમા મૃત્યુ પામી છે'', ''પાછા ફરતાં'', ''પગલાં'', ''ખરી પડેલો ટહુકો'', ''ગાંઠ છૂટયાની વેળા'', ''બંદીવાન'', ''એની સુગંધ'', ''માટીનું ઘર'', ''અણસાર'', ''મૃત્યુદંડ'', ''ત્રીજો કિનારો'', ''શગ રે સંકોરુ'', આ એકવીસ નવલકથાઓમાંથી કેટલીક રહસ્યકથાઓ પણ છે. તેઓની પ્રથમ સામાજિક નવલકથા ''આતશ'' છે. જે યુધ્ધની સત્યઘટના ઉપર આધારિત છે.

## ૫.૩.૨ નવલિકા સંગ્રહો :

તેઓનો પ્રથમ નવલિકા સંગ્રહ ''એ'' ઈ.સ. ૧૯૭૯માં પ્રકાશિત થયો તેમાં ૨૩ નવલિકાઓ છે.

ઈ.સ. ૧૯૮૩માં 'સાંજને ઉંબરે' નામનો નવલિકા સંગ્રહ પ્રકાશિત થયો. તેમાં ૨૧ નવલિકાઓ છે.

તેઓનો ત્રીજો નવલિકા સંગ્રહ ઈ.સ. ૧૯૮૯માં પ્રકાશિત થયો જેનું શીર્ષક તેઓએ ''એંધાણી'' રાખ્યુ. આ નવલિકાસંગ્રહમાં કુલ ૨૨ નવલિકાઓ છે.

શ્રી વર્ષાબહેનનો ચોથો નવલિકા સંગ્રહ ''બિલીપત્રનં ચોથુ પાન'' શીર્ષકથી પ્રકાશિત થયો. ઈ.સ. ૧૯૯૪માં પ્રકાશિત થયેલા આ સંગ્રહમાં ૨૨ નવલિકાઓ સંગ્રહિત છે.

તેઓનો પાંચમો નવલિકા સંગ્રહ ઈ.સ. ૧૯૯૮માં ''ગાંઠે બાંધ્યુ આકાશ'' શીર્ષક હેઠળ પ્રકાશિત થયો છે. જેમાં ૧૮ નવલિકાઓ છે.

તેઓન છઠ્ઠો નવલિકા સંગ્રહ ''અનુરાધા'' ઈ.સ. ૨૦૦૩માં પ્રકાશિત થયો છે. તેમાં ૨૦ નવલિકાઓ સંગ્રહિત છે.

આ રીતે તેઓના છ નવલિકા સંગ્રહો સમયાંતરે પ્રકાશિત થયા છે. જેમાં કુલ ૧૨૬ નવલિકાઓ છે. તે ઉપરાંત ''વર્ષા અડાલજાની શ્રેષ્ઠ વાર્તાઓ'', ''વર્ષા અડાલજા : સદાબહાર વાર્તાઓ'' નામના બે સંગ્રહો પણ પ્રકાશિત થયા છે.

### ૫.૩.૩ નાટક સાહિત્ય :

શ્રી વર્ષાબહેનને રંગમંચ ઉપર અભિનય કરવાનો પણ બાળપણમાં અનુભવ મળ્યો છે. તેઓએ એક દ્વિઅંકી નાટક 'આ છે કારાગાર' તથા એકાંકી સંગ્રહો મંદોદરી, શહીદ, અને તિરાડનું લેખન કાર્ય કર્યું છે. 'શારદા' નામનું દ્વિઅંકી નાટક હવે પછી પ્રકાશિત થનાર છે.

### ૫.૪.૪ નિબંધ સાહિત્ય :

તેઓના ''પૃથ્વી તીર્થ'' તથા ''ન જાને સંસાર'' એ બે નિબંધ સંગ્રહો પ્રકાશિત થયા છે.

### ૫.૩.૫ પ્રસંગલેખ :

શ્રી વર્ષાબહેને વિવિધ પ્રસંગ–ચિત્રો એકત્ર કરીને ''વાંસનો સૂર'' નામના સંગ્રહમાં પ્રસંગલેખોનું આલેખન કર્યુ છે.

### ૫.૩.૬ પ્રવાસવર્ણન :

શ્રી વર્ષાબહેને હોંગકોંગ, બેંગકોક, બિજીંગ, પેરિસ, લંડન અને ઈઝરાયલ જેવા વિશ્વના સ્થળોએ પ્રવાસ કર્યો છે અને તેના ઉપરથી બે પ્રવાસવર્ણનો ''ઘૂઘવે છે જળ'' અને ''નભ ઝૂકયુ'' શીર્ષક હેઠળ પ્રકાશિત થયા છે.

### ૫.૩.૭ જીવનપ્રસંગ :

શ્રી વર્ષાબહેને ''આખુ આકાશ એક પિંજરમાં'' નામના જીવનપ્રસંગો લખ્યા છે.

### ૫.૩.૮ પ્રકીર્ણ :

શ્રી વર્ષાબહેને ''મિત્રોમરજાની'' નામનો અનુવાદ (લેખક – કૃષ્ણા સોબતી) કર્યો છે; ''અમર પ્રેમકથાઓ'' નું સંપાદન કર્યુ છે, અને ''ઘરે બાહિરે'' નામની પરિચય પુસ્તિકા છપાઈ છે.

ઉપરાંત હવે પછી પ્રકાશિત થનાર સાહિત્યકૃતિઓમાં ''ચંદરવો'' નામનો નિબંધ સંગ્રહ અને ''વખ'' નામનો નવલિકા સંગ્રહ તેઓએ લખ્યા છે.

શ્રી વર્ષાબહેનની ગુજરાતી સાહિત્યકૃતિઓનું અન્ય ભાષાઓમાં પણ પ્રકાશન થયુ છે જેમાં .....

૧. હિન્દીમાં પ્રકાશિત આતશ નામની નવલકથા,

૨. સિન્ધીમાં પ્રકાશિત મુસાફરી (એ),

૩. મરાઠીમાં પ્રકાશિત અણસાર, રેતપંખી અને ખરી પડેલો ટહુકો નામની નવલકથાઓ અને હવે પછી ત્રીજો કિનારો નવલકથા પણ મરાઠીમાં પ્રકાશિત થશે.

૪. અંગ્રેજીમાં પ્રકાશિત થનાર 'મારે પણ એક ઘર હોય' અને 'ખરી પડેલો ટહુકો' નામની બે નવલકથાઓ છે.

આ રીતે શ્રી વર્ષા અડાલજાએ વિવિધ સાહિત્ય સ્વરૂપો ઉપર પોતાની કલમ ચલાવીને પોતાની ગહન અધ્યયનશીલતા તથા વિચારશકિતનો પરિચય કરાવ્યો છે. તેઓ ગુજરાતી સાહિત્યના સફળ અને લોકપ્રિય લેખિકા છે.

## ૫.૪ રૂપાંતરિત સાહિત્ય :

શ્રી વર્ષા અડાલજાની સાહિત્યકૃતિઓમાં ઊંડાણ છે. વાચકને આકર્ષિત કરવાની તથા સામાજિક સમસ્યાઓને નિરૂપિત કરવાની અદ્‌ભુત શકિત છે. તેઓની ઘણી કૃતિઓને અભ્યાસક્રમોમાં સ્થાન મળ્યુ છે. લોકપ્રિય અને સફળ કૃતિઓના અન્ય ભાષાઓમાં અનુવાદ પણ થયા છે.

તેઓની નવલકથા ''મારે પણ એક ઘર હોય'' નું આકાશવાણી દ્વારા નાટયરૂપાંતરણ થયુ છે અને દૂરદર્શન ઉપરથી ધારાવાહિકના રૂપમાં પ્રસારિત થઈ છે. તેના ઉપરથી ગુજરાતી ફિલ્મ તથા ટેલી–પ્લે પણ બન્યા છે.

''ચંદ્રનું અજવાળુ', 'મુકત કારાગાર', 'અવાજોનું ઘર' વગેરે નવલિકાઓને ટેલી–પ્લેના રૂપમાં દૂરદર્શને પ્રસારિત કરી છે. ''હરિ મને આપો એકાદિ એંધાણી'' ઉપર અમદાવાદ દૂરદર્શન માટે શ્રી વર્ષાબહેને એક કલાકની ટેલિફિલ્મ બનાવી હતી. આમ, દૂરદર્શન ઉપર રજૂ કરવા માટે તેઓની ઘણી નવલકથાઓના આધારે ધારાવાહિકોનું નિર્માણ થયુ છે.

''તિમિરના પડછાયા'' નામની નવલકથામાંથી નાટય રૂપાંતરણ પછી ૧૯૭૪માં મુંબઈમાં ઘણા શો ભજવાયા હતા. 'ધર્મયુધ્ધ' નામનું નાટક તેના ઉપરથી બન્યુ છે. ઈંગ્લેંડ–અમેરિકામાં પણ તેના શો ભજવાયા હતા.

## ૫.૫ પુરસ્કાર અને સન્માન :

શ્રી વર્ષાબહેનની સાહિત્યકૃતિઓની ઘણી પ્રશંસા થઈ છે. ગુજરાતી સાહિત્યની સફળ લેખિકાના રૂપમાં સાહિત્ય જગતમાં તેઓને યથોચિત સન્માન અને પુસ્કાર મળ્યા છે.

તેઓની નવલકથા "ગાંઠ છૂટયાની વેળા" ને અમરેલી જિલ્લા પંચાયતે "ભગિની નિવેદિતા પારિતોષિક" આપીને શ્રેષ્ઠ પુસ્તક ઘોષિત કર્યુ હતુ.

ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા ઈ.સ. ૧૯૯૮માં શ્રેષ્ઠ કૃતિના રૂપમાં "મંદોદરી" એકાંકી સંગ્રહને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયુ છે.

આશા પારેખ કૃત "જયોતિ" નામની દૂરદર્શનની ધારાવાહિક માટે પટકથા અને સંવાદ લખવાની સન્માનનીય જવાબદારી તેઓએ સફળતાપૂર્વક નિભાવી છે.

આ ઉપરાંત "ઢીંગલીઘર", "વેવિશાળ", "ઝેર તો પીધા જાણી જાણી", "મૃચ્છકટિક", "ગ્લાસ મેનેજરી", "અલ્લાબેલી", "ડોલ્સ હાઉસ", "પૂર્ણિમા" જેવા નાટકોમાં શ્રેષ્ઠ અભિનય કરવા બદલ અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યા હતા.

તેઓએ ઈબ્સનના ડોલ્સ હાઉસ નાટકમાં "નોરા" નું પાત્ર ભજવ્યુ હતુ. શ્રી ર.વ. દેસાઈની નવલકથા 'પૂર્ણિમા' ઉપરથી ભજવેલા નાટકમાં માત્ર ૧૭ વર્ષની વયે 'રાજેશ્વરી' નામની ગણિકાનું પાત્ર ભજવ્યુ હતુ. ઈ.સ. ૧૯૫૮–૫૯ની સાલમાં ગણિકાના પાત્રને રંગમંચ ઉપર કુશળતાપૂર્વક રજૂ કરવું તે એ સમયનું ક્રાંતિકારી પગલું કહેવાય; જેમાં કોઠા ઉપર નૃત્ય તથા ગણિકાનો અભિનય કરવાનો હોય !

શ્રી વર્ષા અડાલજાના મતે નાટકમાં અભિનય કરનાર તેમ જ કૃતિની રચના કરનાર લેખક પાત્રની સૃષ્ટિમાં પરકાયા પ્રવેશ કરતો હોય છે, પોતે જે પાત્રનો અભિનય કરે છે અથવા કૃતિમાં પાત્ર સર્જન કરે છે તેની લાગણીઓ અનુભવે છે અને દર્શકો તેમ જ વાચકોમાં તેનો ભાવ સંક્રાંત કરે છે.

શ્રી વર્ષા અડાલજાએ 'સુધા' તેમ જ 'ફેમિના' પત્રિકામાં તંત્રી તરીકેની જવાબદારી નિભાવી હતી. "ગુજરાતી સાહિત્ય પરિષદ સમિતિ" માં પણ તેઓએ મહત્વપૂર્ણ સૂચનો તથા સેવાઓ પ્રદાન કરી છે.

શ્રી વર્ષાબહેનનો વિશાળ વાચક વર્ગ છે. પત્ર દ્વારા તેઓ પોતાની ભાવનાઓ અને લાગણીઓની અભિવ્યકિત કરતા રહે છે. આજે પણ અનેક પાઠકોના પ્રશંસા–પત્ર તેઓના સરનામા ઉપર મળતા રહે છે. શ્રી વર્ષાબહેન માને છે કે એ જ તેઓનું સૌથી મોટું સન્માન અને પુરસ્કાર છે.

## ૫.૬ શ્રી વર્ષા અડાલજાના લેખનની વિશેષતા અને મર્યાદા :

**વિશેષતા :** શ્રી વર્ષા અડાલજાના લખાણોની વિશેષતા એ છે કે તેઓ ઘટનાને યથાર્થરૂપમાં રજૂ કરે છે. તેઓના સ્ત્રી પાત્રો ઉચ્ચ, મધ્યમ, નિમ્ન, શોષિત એવા દરેક વર્ગમાંથી આવે છે. આ બધા સ્ત્રી પાત્રો પાસે તેઓ સ્ત્રી સ્વતંત્રતા અને સમાનતાની ઈચ્છા વ્યકત કરાવે છે. ઘણી વખત સ્ત્રી પાત્રોને સ્ત્રીવાદી પણ બનાવે છે. તેઓએ સ્ત્રી પાત્રોને પુરુષ સમાજ દ્વારા થતા જાતીય શોષણ અને અત્યાચાર સામે પ્રતિકાર કરતા પણ દર્શાવ્યા છે. શ્રી વર્ષા અડાલજાના સ્ત્રી પાત્રોમાં 'સ્વ' ની જાગૃતિની ઝલક જોવા મળે છે. પતિ દ્વારા થતી ઉપેક્ષા કે અપમાન લાંબા સમય સુધી સહન કર્યા પછી પતિથી જુદા થવાના આકરા નિર્ણયો પણ તેઓ પોતાના સ્ત્રી પાત્રો પાસે કૃતિના અંતમાં લેવડાવે છે. તે બાબત સ્વતંત્રતા–સમાનતાની દ્યોતક છે.

તેઓ સમાજશાસ્ત્રના વિદ્યાર્થિની હતા. તેથી સામાજિક ઘટનાઓની અનુભવજન્ય હકીકતો દ્વારા સત્યતા તપાસીને પછી તેમાંથી કૃતિના કથાનકનું ઘડતર કરે છે. તેથી સમાજશાસ્ત્રમાં તેઓની રચનાઓનો અભ્યાસ કરીને જે તારણો તારવવામાં આવે તેમાં યથાર્થની સંભાવના રહેલી હોય છે.

**મર્યાદા :** શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં મહદંશે દબાયેલી, કચડાયેલી, શોષિત, અત્યાચારોથી પીડિત સ્ત્રીઓ દર્શાવવામાં આવી છે. તેઓના સ્ત્રી પાત્રો ગૃહજીવનથી સુખી હોય પુરુષ સમાજ દ્વારા માન, સ્નેહ અને ઔદાર્ય દર્શાવાતુ હોય તેવા અનુભવમાંથી પસાર થતા ઓછા જોવા મળે છે. હકીકતમાં સમાજમાં હંમેશા સ્ત્રીઓ ઉપર પુરુષો દ્વારા ૧૦૦% અત્યાચારો જ થતા હોય છે તેવું નથી. ઘણી વખત સ્ત્રીઓ પણ કુટુંબ કલેશ માટે અથવા તેઓ ઉપર થતા અત્યાચારો માટે પોતે જવાબદાર હોય છે. ઘણી વખત પુરુષોના સારા

અનુભવો પણ સ્ત્રીઓને થતા હોય, કુટુંબમાં પતિ, પિતા કે ભાઈ તરીકે તેઓ સ્ત્રીઓ સાથે ઉમદા વર્તન કરતા હોય તેવું પણ સમાજમાં જોવા મળે છે. જેની નોંધ તેઓના લખાણોમાં ઓછી થઈ છે.

બીજું તેઓએ મહદંશે મુંબઈ મહાનગરીની આસપાસ વાર્તાના કથાનકને વણી લઈ મહાનગરની મધ્યમ, ઉચ્ચમધ્યમ અને નિમ્નવર્ગની સ્ત્રીઓના જીવન વિષે લખાણો આપ્યા છે. નાના અને ઓછી વસ્તીવાળા શહેરો, ગ્રામસમુદાયો વગેરેમાં સુખેથી, માનપૂર્વક જીવન વ્યતીત કરતી સ્ત્રીઓના આલેખનો બહુ ઓછા આપ્યા છે.

આમ, તેઓએ આધુનિક ભારતીય સમાજમાં પણ સ્ત્રીઓ સતત ભય, અસુરક્ષા, સંઘર્ષ, અત્યાચારો અને જાતીય શોષણનો જન્મથી મૃત્યુ સુધી સામનો કરતી રહે છે તેવું પ્રતિપાદિત કરવાનો મહદંશે પ્રયત્ન કર્યો છે. આવું હંમેશા બનતુ નથી હોતુ. સ્ત્રી એક સ્વતંત્ર વ્યકિત તરીકે આધુનિક સમયમાં શાંતિથી, સુખેથી, માનપૂર્વક જીવન જીવી શકતી હોય તેવું પણ સમાજમાં જોવા મળે છે. જેનો ઉલ્લેખ તેઓના લખાણોમાં બહુ ઓછો થયો છે.

## ઉપસંહાર :

સમગ્ર દ્રષ્ટિથી જોઈએ તો શ્રી વર્ષા અડાલજાનું ગુજરાતી સાહિત્યમાં મહત્વપૂર્ણ યોગદાન છે. ભારતીય સ્ત્રી સમાજ વિષે પુરુષ સાહિત્યકારો જે રજૂ નથી કરી શકયા તે તેઓની રચનાઓમાં અસરકારક રીતે રજૂ થયુ છે. સ્ત્રી નું એક "વ્યકિત" હોવું, સ્ત્રીના પોતાના પસંદ–નાપસંદ, રસ–રુચિ હોવા, સ્ત્રીને પણ જાતીયવૃત્તિનો સંતોષ મેળવવો હોય; તે અંગેના વિશિષ્ટ ગમા–અણગમા હોય વગેરે વિષે પુરુષ સાહિત્યકારો દ્વારા ઓછી રજૂઆત થઈ છે. ભારતીય સમાજમાં અર્વાચીન સમયમાં અનેક પ્રકારના પરિવર્તનો આવી રહયા છે છતાં સ્ત્રીનું શોષણ અનેક સ્તરે થાય છે તેનું દુઃખ અને સ્ત્રી પ્રત્યેની સંવેદના તેઓની કૃતિઓમાંથી ટપકે છે. સ્ત્રીની વેદના સાથે તેઓ પોતે સ્ત્રી હોવાથી કદાચ વધારે તાદાત્મ્ય અનુભવી શકે છે. આમ, ભારતીય સ્ત્રી સમાજનો એક બુલંદ અવાજ શ્રી વર્ષા અડાલજાની સાહિત્યકૃતિઓમાંથી સંભળાઈ રહયો છે.

# પ્રકરણ – ૬

# નવલિકા અને નવલકથા : સાહિત્ય સ્વરૂપો તરીકે પરીચય


। પ્રાસ્તાવિક

૬.૧ નવલિકા : અર્થની સમજૂતી

૬.૨ નવલકથા : અર્થની સમજૂતી

૬.૩ વિશ્વની નવલકથાઓનું સામાજિક દાયિત્વ

૬.૪ ભારતની જુદી–જુદી ભાષાઓની કેટલીક નવલકથાઓમાં પ્રતિબિંબિત સમાજજીવન

૬.૫ ગુજરાતી ભાષાની કેટલીક નવલકથાઓમાં પ્રતિબિંબિત સમાજજીવનના દ્રષ્ટાંતો

૬.૫.૧ સ્ત્રીજીવનના પ્રતિબિંબવાળી કેટલીક ગુજરાતી નવલકથાઓ

૬.૬ ભારતની જુદી–જુદી ભાષાઓની કેટલીક નવલિકાઓમાં પ્રતિબિંબિત સમાજજીવન

૬.૭ ગુજરાતી ભાષાની કેટલીક નવલિકાઓમાં પ્રતિબિંબિત સમાજજીવન

। ઉપસંહાર

# પ્રકરણ – ૬
# નવલિકા અને નવલકથા : સાહિત્ય સ્વરૂપો તરીકે પરીચય

## પ્રાસ્તાવિક :

સાહિત્ય અને સમાજ વચ્ચેના પ્રગાઢ સંબંધને આધારે સાહિત્યના સમાજશાસ્ત્રીઓ વિવિધ સાહિત્ય સ્વરૂપોના અધ્યયનમાંથી સમાજશાસ્ત્રીય તથ્યો શોધવા પ્રયત્નશીલ છે. શકિતશાળી સાહિત્ય સર્જકો કોઈ એક પેઢીને કે એક યુગને જ નહિ પરંતુ અનેક પેઢીઓને સર્વકાળે પ્રભાવિત કરવાનું કાર્ય કરતા હોય છે. સામાજિક વિજ્ઞાનોને માટે ઉપયોગી એવી સમાજની માહિતી એકત્રિત કરવાના અનેક સ્રોતો કે માધ્યમોમાં સાહિત્ય એક મહત્વનું માધ્યમ છે. આજે એ સાબિત થઈ ચૂકયુ છે કે સર્જનાત્મક સાહિત્ય માત્ર કલ્પનાત્મક કે કલાત્મક અભિવ્યકિત જ નથી પરંતુ તેનો આધાર સામાજિક વાસ્તવિકતા છે. તેથી સમાજશાસ્ત્રીઓ સાહિત્યને સામાજિક સર્જન માને છે.

Sociology of Literature માં હાથ ધરવામાં આવેલા આ સંશોધનમાં Inter Disciplinary Approach થી નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરવામાં આવેલું છે. સાહિત્યમાં કવિતા, નાટક, નિબંધ, મહાકાવ્ય, પ્રવાસવર્ણન, નવલિકા, નવલકથા વગેરે અનેક સ્વરૂપો છે કે જેમાંથી સમાજજીવન અંગે માહિતી મળી શકે છે. તેમાંથી નવલિકા અને નવલકથાના કથાત્મક ગદ્યપ્રકારો દ્વારા સ્ત્રી સમસ્યા, સમાજની અનેક સમસ્યાઓ, સમાજના રીતરિવાજો, ઉત્સવો, સમગ્ર સામાજિક રચનાતંત્રની અનેકવિધ સંસ્થાઓ તેમાં ઉત્પન્ન થતા પરિવર્તનો અને પડકારોની સશકત અભિવ્યકિત થઈ શકે છે. તેથી જ પ્રાચીન કાળથી સાહિત્યક્ષેત્રે તેમાં સવિશેષ ખેડાણ થઈ રહયુ છે.

સમાજશાસ્ત્રમાં ક્ષેત્રીય સંશોધન અને દસ્તાવેજી સંશોધન, એમ મુખ્યત્વે બે પ્રકારે સંશોધનો થાય છે. તેમાં ક્ષેત્રીય સંશોધનોમાં અભ્યાસનું જે ક્ષેત્ર પસંદ કરવામાં આવે તેનો સામાન્ય પરિચય, ભૌગોલિક વિસ્તાર, ઐતિહાસિક મહત્વ વગેરે સંશોધનની શરૂઆતમાં આપવામાં આવે છે. તેવી જ રીતે દસ્તાવેજી સંશોધનોમાં પણ સંશોધનના ક્ષેત્ર તરીકે પસંદ કરેલા વિષયનો અર્થ, મહત્વ તથા પ્રદાન તપાસવુ જરૂરી છે.

"સાહિત્યના સમાજશાસ્ત્ર" માં કરવામાં આવેલા આ સંશોધનમાં શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રી પ્રધાન નવલિકાઓ અને સામાજિક નવલકથાઓમાં સ્ત્રી પાત્રોનું અધ્યયન કરવામાં આવેલ છે. તેથી પ્રસ્તુત દસ્તાવેજી સંશોધનનું ક્ષેત્ર 'નવલિકા અને નવલકથા' કહી શકાય. તે કારણે નવલિકા અને નવલકથાનો અર્થ, મહત્વ, તેમાંથી વ્યકત થતુ સમાજજીવન તથા તેનું સામાજિક દાયિત્વ તપાસવું આવશ્યક છે. તેથી આ પ્રકરણમાં નવલિકા અને નવલકથાનો અર્થ, તે બન્નેમાંથી વ્યકત થતા સમાજજીવનના પ્રતિબિંબના કેટલાક ઉદાહરણો અને તેનું સામાજિક દાયિત્વ દર્શાવીને એ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે નવલિકા અને નવલકથાના માધ્યમથી સાહિત્યકાર સમાજનું વિશદ્ દર્શન કરાવે છે, તેથી તે બન્ને કથાત્મક ગદ્યસ્વરૂપો સમાજશાસ્ત્રીય સંશોધનો માટે સબળ દસ્તાવેજી સંશોધન ક્ષેત્રો બની શકે છે. તેની મદદથી સમાજનું વૈજ્ઞાનિક અધ્યયન કરવામાં આવે તો તેમાંથી મળતી માહિતી તથ્યાત્મક હોઈ, સંશોધનના અંતે તારવવામાં આવતા તારણો વૈજ્ઞાનિક અને વાસ્તવદર્શી હોય છે.

## ૬.૧ નવલિકા : અર્થની સમજૂતી

વ્યકિત અને સમાજના મિલન અને ઘર્ષણમાંથી અનેકાનેક ભાવો જાગે અને એ ભાવો ભાષામાં સચોટ રીતે ઉતરે ત્યારે સાહિત્ય સર્જન થાય.[૧] સાહિત્યના અનેકવિધ સ્વરૂપોમાં નવલિકા બહુ પ્રાચીન સ્વરૂપ છે. આલ્બ્રાઈટ કહે છે કે, "The short story is very much older than the novel."[૨] ઈ.સ. ૧૯૪૬માં લખાયેલા પુસ્તક "Indian Short Stories" માં નોંધ છે કે, "ટૂંકીવાર્તા ભારતનું સૌથી પ્રાચીન અને સૌથી નવીન સાહિત્ય સ્વરૂપ છે."[૩]

'નવલિકા' એ શબ્દ 'નવલ' ને 'ઈકા' પ્રત્યય લગાડીને બનાવવામાં આવ્યો છે. સંસ્કૃત વ્યાકરણની દ્રષ્ટિએ તે શુધ્ધ ન કહેવાય. 'નવલ' એટલે 'નવી' અને તે વિશેષણના રૂપને 'ઈકા' પ્રત્યય ન લગાડી શકાય. પણ 'નવલ' એ અંગ્રેજી શબ્દ 'Novel' ના પર્યાયરૂપે છે. એટલે તેને નામ ગણીએ તો તેના લઘુરૂપના અર્થમાં 'ઈકા' પ્રત્યય લાગી શકે. આમ, વ્યાકરણની દ્રષ્ટિએ વાંધો ન લેવામાં આવે તો 'નવલિકા' નો અર્થ 'નાની નવલ' એવો થાય. ખરું જોતા 'નવલિકા' એ 'નાની નવલ' નથી કે નવલકથાનું ટૂંકું રૂપ નથી. આથી 'નવલિકા' શબ્દથી એક સ્વતંત્ર, સ્વાયત્ત, સ્વયંપર્યાપ્ત સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

---

૧. દેસાઈ, રમણલાલ વસંતલાલ, **જીવન અને સાહિત્ય**, પૃષ્ઠ નં. ૩૩.

૨. Albright, **The Short Story**, Page No. 4

૩. મુલ્કરાજ આનંદ અને ઈકબાલ સિંહ (સંપાદકો), **Indian Short Stories**, 1946, પ્રસ્તાવનાનું પ્રથમ વાકય.

વાર્તામાં ઘટનાનો જે વિસ્તાર હોય છે તે દ્રષ્ટિએ વાર્તાના સ્વરૂપોની શ્રેણી ગોઠવીએ તો ટૂચકો (Short-Short Story), ટૂંકીવાર્તા કે નવલિકા, લાંબી નવલિકા અથવા લઘુનવલ (Novelette), નવલકથા, મહાનવલ એવો ક્રમ ગણી શકાય.

ટૂંકીવાર્તા અને નવલિકા બન્ને શબ્દો સમાનાર્થી છે. જો કે કેટલાક સૂક્ષ્મદર્શી વિદ્વાનો એ બન્ને વચ્ચે ભેદ દર્શાવે છે અને કહે છે કે ટૂંકીવાર્તા ટૂંકી હોય છે, એનું સ્વરૂપ નાનુ હોય છે, તેમાં વસ્તુની લઘુતા હોય છે, નવલિકા પણ ટૂંકી હોય છે, પરંતુ ટૂંકીવાર્તા કરતા નવલિકાનો ઘાટ વધારે સુનિશ્ચિત હોય છે; અને દરેક નવલિકા એ ટૂંકીવાર્તા હોય છે, પરંતુ દરેક ટૂંકીવાર્તા નવલિકા ન પણ હોય. પરંતુ આજે ટૂંકીવાર્તા અને નવલિકા એ બન્ને શબ્દો એકબીજાના પર્યાયરૂપે વાપરવામાં આવે છે. અંગ્રેજી શબ્દ "Short Story"ના પર્યાયરૂપે ટૂંકીવાર્તા કે નવલિકા એ શબ્દ આપણે વાપરીએ છીએ. હિન્દીમાં 'कहानी' શબ્દ તેના પર્યાય તરીકે વપરાય છે.

શ્રી રા.વિ. પાઠક કહે છે કે, "ટૂંકીવાર્તા કે નવલિકા જીવનના કોઈ રહસ્યને ઓછામાં ઓછા પાત્રોથી, ઓછામાં ઓછા બનાવોથી, ઓછામાં ઓછા શબ્દોમાં નિરૂપિત કરે છે."[૪]

શ્રી હજારીપ્રસાદ દ્વિવેદી કહે છે તેમ, "નવલકથા એક શાખા પ્રશાખાવાળું વિશાળ વૃક્ષ છે, જયારે નવલિકા એક સુકુમાર લતા છે."[૫]

શ્રી ગુલાબરાય કહે છે તેમ, "નવલિકા તેના પ્રાચીનરૂપમાં નવલકથાની મોટી બહેન છે અને નવીનરૂપમાં તે નવલકથાની નાની બહેન છે."[૬]

શ્રી બ.ક. ઠાકોર કહે છે તેમ, "એક જ પલાંઠીએ વાંચી લેવાય તે નવલિકા."[૭] શ્રી વિજયરાય વૈદ્ય કહે છે કે, " એક જ સંપૂર્ણ સંસ્કાર મન પર પાડે તે નવલિકા"[૮] શ્રી આલ્બ્રાઈટ કહે છે કે, "નવલિકામાં

---

૪. પાઠક, રામનારાયણ વિશ્વનાથ, **સાહિત્ય વિમર્શ**, પૃષ્ઠ નં. ૧૫૫.

૫. દ્વિવેદી, હજારીપ્રસાદ, **साहित्यका साथी**, राष्ट्रभाषा प्रचार समिति, वर्धा, १९५७.

૬. गुलाबराय, **काव्यके रुप**, प्रतिभा प्रकाशन, दिल्ली, १९५४.

૭. ઠાકોર, બ.ક., **દર્શનિયુ** ની પ્રસ્તાવના.

૮. વૈદ્ય, વિજયરાય ક., **જૂઈ અને કેતકી**, પૃષ્ઠ નં. ૧૬૬.

સ્પષ્ટ રીતે સ્પર્શે તેવી એકલક્ષિતા હોવી જોઈએ."[૯] હડસન કહે છે કે, "ટૂંકીવાર્તામાં એક જ વિચાર બોધ થવો જોઈએ."[૧૦] શ્રી વિશ્વનાથ ભટ્ટ કહે છે કે, "નવલિકા એ ગદ્યદેહે વિચરતુ મનોરમ ઊર્મિકાવ્ય છે."[૧૧]

ટૂંકીવાર્તા કે નવલિકામાં એકાગ્રતા જોઈએ, સીધાપણું જોઈએ, એટલા માટે શ્રી રા.વિ. પાઠકે ટૂંકીવાર્તાની ગતિને નદીના પૂરનો ધસમસતો પ્રવાહ હોવા છતાં સીધી લીટીમાં જ નદી પાર કરતા વાઘની ગતિ સાથે સરખાવી છે."[૧૨]

નવલિકા એ વીજળીનો ઝબકારો છે; એ ઝબકારામાં જગતના એક વિશિષ્ટ રૂપનું દર્શન થાય છે. એનો વ્યાપ મોટો નથી, પણ દ્રષ્ટિ વેધક છે.

શ્રી ધૂમકેતુ તણખા મંડળ–૧માં નવલિકા વિષે સમજૂતી આપતા જણાવે છે કે, "જે વીજળીના ચમકારા પેઠે એક દ્રષ્ટિબિંદુ રજૂ કરતા–કરતા સોંસરવી નીકળી જાય, અને બીજી લપછપ કર્યા વિના અંગુલિનિર્દેશ કરીને સૂતેલી લાગણીઓ જગાડી વાંચનારની આસપાસ એક નવી જ કલ્પનાસૃષ્ટિ ઘડી કાઢે તે ટૂંકીવાર્તા. નવલકથા જે કહેવાનું હોય તે કહી નાખે છે જયારે ટૂંકીવાર્તા (નવલિકા) કલ્પના અને લાગણીઓ જગાડીને જે કહેવાનું હોય તેનો માત્ર ધ્વનિ જ, તણખો જ મૂકે છે.[૧૩]

આમ, નવલિકામાં ધ્વનિની કલા – સૂચનની કલા રહેલી છે. લેખકની નવલિકા પુસ્તકમાં પૂરી થાય ત્યાં તે વાચકના ચિત્તમાં શરૂ થાય છે. વાચકના ચિત્તને તે સ્પંદિત, સંવેદિત કરે છે. આથી નવલિકામાં રહસ્ય ધ્વનિત રહેવુ જોઈએ. નવલિકાનું કદ ટૂંકુ હોવુ જોઈએ. અર્થાત્ તેમાં એક જ વિચાર કે ભાવનું શરૂઆતથી અંત સુધી સળંગ આલેખન કરે તેવા પ્રસંગ, પાત્ર કે વાતાવરણ ચીતરતુ આલેખન થવુ જોઈએ. બે કે તેથી વધારે કેન્દ્રસ્થ વિચારો, તેને અનુરૂપ વિસ્તૃત વસ્તુ અને વિશાળ પાત્ર સમૂહ નવલિકામાં ન આવે. નવલિકાની ખૂબી તેના સંક્ષિપ્ત સ્વરૂપમાં રહેલી છે.

---

૯. આલ્બ્રાઈટ, **The Short Story**, Page No. 5.

૧૦. Hudson, **Introduction to the Study of Literature**, Page No. 454.

૧૧. ભટ્ટ, વિશ્વનાથ, **રવિકિરણો** નો ઉપોદ્‌ઘાત.

૧૨. પાઠક, રામનારાયણ વિશ્વનાથ, **સાહિત્ય વિમર્શ**, પૃષ્ઠ નં. ૧૪૨.

૧૩. ધૂમકેતુ, **તણખામંડળ–૧**, પ્રસ્તાવના, પૃષ્ઠ નં. ૯

માનવીને માનવજીવનમાં કે સમગ્રજીવનમાં જે રસ છે, આસપાસના જગતમાં જે રસ છે, પોતાના જીવનમાં જે રસ છે, તેમાં નવલિકાના ઊંડા મૂળ રહેલા છે. માનવીની અંતર્મુખ અને બહિર્મુખ બન્ને વૃત્તિઓ વાર્તાના રસ અને સર્જનમાં પ્રગટ થાય છે.

ટૂંકીવાર્તા કે નવલિકા સાહિત્યનું તદ્દન નવીન સ્વરૂપ નથી. 'ઉપનિષદ્' ની કેટલીક તત્વદર્શી કથાઓ (સત્યકામની કે નચિકેતાની વાર્તા), 'બાઈબલ' ની કેટલીક ધર્મકથાઓ, 'પંચતંત્ર'ની કેટલીક ઉદેશકથાઓ, બૌધ્ધ 'જાતક કથાઓ', કે ઈસપની કેટલીક નીતિબોધક વાતો પરથી જણાય છે કે, નવલિકા – ટૂંકીવાર્તા ઘણી પ્રાચીન છે. 'કથાસરિત્સાગર' અને 'મહાભારત'ની કથાઓમાં પણ ટૂંકીવાર્તાના કથાનકો રહેલા છે.

નવલિકાનું આજનું સ્વરૂપ પશ્ચિમના સાહિત્યના પ્રભાવથી ઉદ્દ્વ્યુ છે. તેની સામગ્રી ભારતીય જીવન મુજબની છે. અને રજૂઆત પાશ્ચાત્ય વાર્તાકળાએ અપનાવેલી પધ્ધતિ પ્રમાણે કરવામાં આવે છે. આજનો યુગ વેગ અને ત્વરાનો યુગ છે. તેથી નવલિકા આજના યુગમાં વધારે લખાય છે. આમ, આજના યુગની ગતિપરાયણતાના કારણે નવલિકાના વિકાસને ઘણુ પ્રોત્સાહન મળ્યુ છે.

શ્રી ઉમાશંકર જોષી કહે છે કે, ''ટૂંકીવાર્તા એટલે અનુભૂતિ કણ. એ અનુભૂતિમાં ચમત્કૃતિ હોવી જોઈએ.''[૧૪]

નવલિકા અને નવલકથાના ઘટકતત્વો સમાન છે પરંતુ એ પ્રયોજવાની રીત નિરાળી છે. તેના ઘટકતત્વોમાં સ્થળ અને કાળનું વાતાવરણ, ભાષાશૈલી, રસનિષ્પત્તિ, જીવનસમીક્ષા, સ્થિતિસ્થાપકતા, સંવાદકલા, પાત્રનિરૂપણ, વાર્તાનિરૂપણની વિવિધ પધ્ધતિઓ અને વસ્તુવિધાન વગેરેને ધ્યાનમાં રાખીને નવલિકાની રચના થાય છે.

## ૬.૨ નવલકથા : અર્થની સમજૂતી

નવલકથા એ નૉવેલ – 'Novel' શબ્દનો પડઘો છે. Novel એટલે અપૂર્વ. તેમાં લેખક કંઈક અપૂર્વ રજૂઆત કરવા ઈચ્છે છે. આલ્બર્ટ એમ. કઝિન્સના શબ્દોમાં, ''નવલકથા એક સામાજિક ઘટના

---

૧૪. જોષી, ઉમાશંકર, **શૈલી અને સ્વરૂપ**, પૃષ્ઠ નં. ૧૧૫ (''ટૂંકીવાર્તા એટલે અનુભૂતિ કણ'' નામનો લેખ)

છે. તે સામજિક સંરચના, સામાજિક પ્રકાર્ય, સમૂહોના પ્રકાર, સામુદાયિક બંધનો, વ્યકિત અને સમાજ તથા સામાજિક પરિવર્તનોનું કારણ તથા પરિણામ છે.''[૧૫]

જયોર્જ લુકાચ નામના વિદ્વાન કહે છે, ''નવલકથાકાર કોઈપણ સમાજની સમસ્યાઓ અને પરિવર્તનો પ્રત્યે ઉદાસીન નથી રહી શકતો. નવલકથાની ઉત્પત્તિ અને વિકાસ, પ્રગતિ અને પતન સામાજિક પરિવર્તનો સાથે સંબંધિત હોય છે. એ દ્રષ્ટિએ નવલકથા સામાજિક પરિવર્તનોને સમજવામાં સહાયક બને છે.''[૧૬]

નવલકથા એ મહત્વનું સાંસ્કૃતિક તત્વ છે – ઘટના (Event) છે. જે–તે યુગની નવલકથા જે–તે યુગની આરસી છે. તેમાં માનવજીવનની ક્રિયાઓ, ઘટનાઓ અને વસ્તુઓનું ચિત્ર જોવા મળે છે. તેમાં માનવજીવનની સમસ્યાઓ અને જીવનના ચોકકસ પાસાઓ ચિત્રિત થાય છે. તે નાટકની જેમ સીધી જીવન સાથે જોડાયેલી છે. જેમાં સ્ત્રી અને પુરુષો, તેઓના સંબંધો, તેઓના વિચારો અને લાગણીઓ, આવેગો અને પ્રેરકો, તેઓના આનંદો અને દુઃખો, તેઓના સંઘર્ષો, સફળતાઓ અને અસફળતાઓ વગેરેનું ચિત્રણ થાય છે.

ઉપરાંત નવલકથા સમૂહ શિક્ષણ – સાક્ષરતાનું માધ્યમ છે, અને કલાનું સ્વરૂપ છે. તેમાં અવાસ્તવિકતાને કોઈ અવકાશ નથી. તે માનવજીવનની અભિવ્યકિત છે. તે એક એવું કથાત્મક ગદ્ય છે કે જે જીવનની સંપૂર્ણ ગતિવિધિઓ, સામાજિક પ્રક્રિયાઓ, માનવજીવનના વિવિધ પ્રરૂપો, માનવીની આંતરક્રિયાઓ, સંસ્થાઓ, સામાજિક સંબંધો અને પરિવર્તન વગેરેના ચિત્રણમાં સક્ષમ છે. વિદ્વાનોની દ્રષ્ટિએ આપણે, ''પ્રત્યેક નવલકથામાં સમાજશાસ્ત્રની સામગ્રી અને સમાજશાસ્ત્રના પ્રત્યેક ક્ષેત્રમાં નવલકથાના અંકૂર શોધી શકીએ છીએ.''[૧૭]

---

૧૫. Albert N. Cousins, **The Sociology of War Novel**, Indian Journal of Social Research, July, 1961, Page No. 83.

૧૬. G. Lukacs, **The Historical Novel**, Merlin Press, London, 1962, Page No. 17.

૧૭. डॉ. श्रीनारायण अग्निहोत्री, **हिन्दी उपन्यास का शास्त्रीय विवेचन**, सरस्वती सदन, आगरा, १९६९, पृष्ठ नं. १३६.

રેલ્ફ ફોક્સની દ્રષ્ટિએ "નવલકથા આપણી સભ્યતાની મહાન લોકકલા છે. તે માત્ર કલ્પનાત્મક ગદ્ય જ નથી પરંતુ જીવનનું ગદ્ય છે."[૧૮] તેમાં સામાજિક તથ્ય પોતાના વસ્તુગત–સ્વાભાવિક રૂપમાં પ્રતિબિંબિત થાય છે.

હેન્રી જેમ્સ કહે છે કે, "A novel is in its broadest definition a personal, a direct impression of life."[૧૯]

મેયર અને વોર્ડ કહે છે, "નવલકથા એ સાંપ્રતકાલીન ઈતિહાસ છે. અને આપણે જે યુગમાં જીવન જીવી રહયા હોઈએ તે યુગના સામાજિક વાતાવરણનું સચોટ અને સંપૂર્ણ સર્જન છે."૨૦

સ્કોટ જેમ્સ કહે છે, "નવલકથા એક કળા છે. કારણ કે તે જિંદગી કેવી હોવી જોઈએ અને વાસ્તવિક જિંદગી કેવી છે તે બન્ને બાબતોને દર્શાવે છે. અને એ બન્ને તત્વોને સાથે વણી લઈને તેમાંથી કેમ આનંદ મેળવવો તે દર્શાવે છે."૨૧

"નવલકથા ઈતિહાસ સમજાવવાનું માધ્યમ બને છે, કારણો દર્શાવે છે અને જાતીયતાના દુરુપયોગો અને રહસ્યોને દર્શાવે છે."[૨૨]

આમ, નવલકથા એ સાહિત્યનો એવો પ્રકાર છે જેનો સમાજશાસ્ત્રીય, વસ્તુનિષ્ઠ અને વૈજ્ઞાનિક અભ્યાસ શકય છે. તેથી ડેનિશ નામના વિદ્વાન કહે છે, "નવલકથાકાર માનવજીવનનો વૈજ્ઞાનિક નિરીક્ષક બન્યો છે."[૨૩]

---

૧૮. रेल्फ फोकस, **उपन्यास और लोकजीवन**, पीपुल्स पब्लिशींग हाउस, नई दिल्ली, १९५७, पृष्ठ नं. २.

૧૯. James Henry, **The Art of the Novel**, 1934.

૨૦. Mair, G.H. and Ward, A.C., **Modern English Literature**, Oxford University Press, London, 1960, Page No. 195.

૨૧. James Scott, R.A., **The Making of Literature**, Seeker & Wartburg, London, 1962 (Reprint), Page No. 366.

૨૨. એજન પૃષ્ઠ નં. ૩૬૩.

૨૩. Denis, Stuart, **Modern French Literature**, London, 1936, Page No. 30.

નવલકથાના લક્ષણોમાં તેનું વિશાળકદ, નવીનતા, આનંદપ્રદતા, જીવનના મૂલ્યો અને સનાતન સત્યોની રજૂઆત, કલ્પનાની વિપુલતા, સ્થળ–કાળ પ્રમાણે વૈવિધ્ય અને માનવજીવન તથા માનવસમાજની ઘટનાઓની રજૂઆત વગેરે મુખ્ય છે.

આ રીતે નવલકથા એક ઉપયોગી કથાત્મક ગદ્ય છે જેના આધારે સમાજશાસ્ત્રીય સંશોધનો થઈ શકે છે. તેનો અર્વાચીન સાહિત્ય સ્વરૂપ તરીકે ઉદય થયો ત્યારથી લેખકો સામાજિક અને નૈત્તિક પ્રશ્નોના નવા દ્રષ્ટિબિંદુઓ રજૂ કરવાના સાધન તરીકે તેનો ઉપયોગ કરતા આવ્યા છે. તે માનવજીવનની કથા છે. તેનું કથાવસ્તુ સમાજમાંથી પસંદ કરવામાં આવે છે તેથી તેમાં વાસ્તવિકતાનું આલેખન થતુ હોય છે અને છતાં કલ્પનાને પણ તેમાં સ્થાન છે સમાજશાસ્ત્રમાં તેના ઘટનાત્મક વર્ણનોમાંથી વૈજ્ઞાનિક સંશોધન થઈ શકે છે. તેથી જ "નવલકથાનું સમાજશાસ્ત્ર" નામની સાહિત્યના સમાજશાસ્ત્રની એક શાખા પણ વિકાસ પામી છે.

## ૬.૩ વિશ્વની નવલકથાઓનું સામાજિક દાયિત્વ :

વિશ્વની ઘણી ભાષાઓમાં રચાયેલી ઘણી નવલકથાઓ સાર્વત્રિક રીતે ચિરંજીવી સ્થાન પામી છે. સમીક્ષકો તેને કાળવહી જેવી નવલકથાઓ (Chronicle Novels) કહે છે. તેમાં વ્યકિત અને સમાજના વિચાર–વ્યવહારો સાર્વત્રિક ધોરણોને લાગુ પડે તે રીતે આલેખાયેલા હોય છે. જગપ્રસિધ્ધ નવલકથાઓ પ્રદેશ કે સમયથી (દેશ–કાળ) પર રહેતી હોય છે, અને તેનો પ્રભાવ કોઈને કોઈ સ્વરૂપે સામાજિક વ્યવહારની દિશામાં સતત ગતિશીલ રહે છે.

જેમ કે ફ્રેન્ચ નવલકથાકાર વિક્ટર હયુગોની "La Miserable" નવલકથાએ વ્યકિતની પતિત અવસ્થા માટે સમાજના વ્યવસ્થાતંત્રની જવાબદારી છે તેવુ જણાવ્યુ છે. આ નવલકથાની અસરથી અભ્યાસીઓ ગુનો અને ગરીબી વચ્ચેના કારણો તપાસવા પ્રેરાયા.

બીજા ફ્રેન્ચ નવલકથાકાર એનીલ ઝોલાની "Ani Gamrinal" નામની નવલકથાએ કોલસાની ખાણોના મજૂરોની પરિસ્થિતિ પ્રત્યે માનવીય કરુણા જગાડી હતી. તેના આલેખનોને કારણે "શ્રમજીવીઓનું કલ્યાણ" એ ખ્યાલ વિશે વિચારવાનું શરૂ થયુ હતું.

અંગ્રેજ નવલકથાકાર ગાલ્સ વર્ધીની Forsyte Saga" નામની નવલકથાએ અમીર વર્ગના વિવર્તશીલ સમાજજીવનને રજૂ કર્યુ હતુ.

જર્મન નવલકથાકાર રેમાર્કની "All Queit on the Western Front" નવલકથાએ યુધ્ધકાળની સમાજવ્યવસ્થા આલેખી હતી.

રશિયન નવલકથાકાર લિઓ તોલ્સ્તોયની "War and Peace" નવલકથાએ આક્રમણોના પરિણામની સામાજિક વિષમતા ચીતરી હતી. તેની વાસ્તવિકતાએ સાચા રાજકીય વિચારકોને શાંતિની આવશ્યકતા સમજાવી હતી.

બીજા રશિયન નવલકથાકાર ફયોદોર દોસ્તોયેવસ્કીની "Crime and Punishment" નવલકથાએ સમાજની જટીલ વ્યવસ્થાને કારણે વ્યકિતમાં જન્મતી વિકૃતિના પાસાંની રજૂઆત કરી હતી. તેના કારણે સમાજવ્યવસ્થા અને સામાજિક પ્રશ્નોનો અભ્યાસ કરવાના ખ્યાલે વેગ પકડયો હતો.

અમેરિકન નવલકથાકાર સ્ટોવની "Uncle Tom's Cabin" નવલકથાએ હબસી ગુલામોની સામાજિક પરિસ્થિતિ અને પ્રશ્નોની ચર્ચા કરી હતી. તેને લીધે ગુલામી નાબૂદીની ચળવળને વેગ મળ્યો હતો. આમ, માનવજીવનના વિવિધ પાસાઓના આલેખનો આપતી નવલકથાઓ વિશ્વની દરેક ભાષામાં લખાઈ છે. નવલકથાના વાસ્તવિક આલેખનો વ્યાપક પ્રભાવ પેદા કરતા રહે છે. અને તેનાથી સામાજિક સુધારણા કે પ્રગતિ જેવા પરિણામનિષ્ઠ પરિવર્તનો જન્મતા રહે છે.

અર્વાચીન યુગમાં નૂતન સમાજરચનાની વિચારસરણીઓ વિશ્વની સાર્વત્રિક ઘટનાઓમાં સંક્રાંત થઈ રહી છે, તે માટે અસ્તિત્વવાદના ખ્યાલ નીચે નવા ધોરણો અને મૂલ્યોની ચર્ચા કરતુ સાહિત્ય પણ સર્જાઈ રહયુ છે. તેમાં નવલકથાનું ક્ષેત્ર અગ્રણી રહયુ છે. ખાસ કરીને ફ્રેંચ નવલકથાકારોએ તેનું નેતૃત્વ લીધુ છે.

ઓસામુ દાઝાઈની 'The Setting Sun' કે કાફકાની 'The Tiral', અથવા કામૂની 'The Outsider' જેવી નવલકથાઓ આંતર પ્રજાકીય માનસપ્રવાહો બનીને સમયાનુસારી પરિવર્તનોની પ્રક્રિયા પેદા કરી રહી છે.

બબ્બે વિશ્વયુધ્ધો પછીના સમાજજીવન માટે બદલાયેલી પરિસ્થિતિમાં પરંપરાગત જીવનવ્યવસ્થા ચાલી શકે તેમ નથી, તેથી અસ્તિત્વવાદની જીવનવ્યવસ્થા સર્જવા નવા મૂલ્યો, નવા ધોરણો, નવી વ્યવસ્થાની ધારણાઓને સાહિત્યના આલેખનોમાં રજૂ કરવામાં આવી રહયા છે. સાહિત્યના

સમાજશાસ્ત્રના અભ્યાસીઓ માટે આધુનિકતાના સંદર્ભમાં આ પ્રકારનું અધ્યયન આવશ્યક અને મહત્વનું બનતુ જાય છે.

## ૬.૪ ભારતની જુદી–જુદી ભાષાઓની કેટલીક નવલકથાઓમાં પ્રતિબિંબિત સમાજજીવન :

નવલિકાઓ અને નવલકથાઓના કથાવસ્તુમાં વ્યકિત અને સમાજ અભિન્ન રીતે વ્યકત થાય છે. પાત્રરૂપે વ્યકિત તેનું એકમ બને છે અને વાતાવરણરૂપે સમાજ તેની ઘટના બને છે. કાર્યકારણ સાથે પ્રગટતા માનવભાવો તેના આલેખનો બને છે. તેમાં સામાજિક સંબંધો, સંપર્કો, પ્રસંગો, અંતરો, સમાધાનો, સંઘર્ષો વગેરે સામાજિક આંતરૂક્રિયાઓના આલેખનો હોય છે. સ્થળ, સમય, પરિસ્થિતિઓ, પ્રવૃત્તિઓ, પ્રવાહો, પરિવર્તનો, રચનાઓ વગેરે સામાજિક ગત્યાત્મકતાના આલેખનો હોય છે. માન્યતા, વલણો, વર્તન, પ્રભાવ, દરજ્જો, નેતૃત્વ વગેરે વ્યકિતમત્તાના આલેખનો હોય છે. રહસ્ય, દર્શન, ચિંતન, આદર્શ, પ્રચાર, ભવિષ્યકથન, વગેરે જીવનદ્રષ્ટિના તત્વદર્શી આલેખનો હોય છે. આ દરેક વાચકની મનોસૃષ્ટિમાં સમાજલક્ષી ભાવોદ્દીપન ઉત્પન્ન કરે છે. તેમાં સમાજના વાતાવરણને અનુલક્ષીને રીતરિવાજો, વર્તણૂંકો, વ્યવહારો, અભિલાષાઓ, વગેરેનું આલેખન કથનક્ષમ હોય છે.

નવલિકાકારો અને નવલકથાકારોની રચનાઓ સામાજિક પરિવર્તનોના પ્રતિબિંબો ઝીલે છે. તેમાં રજૂ થતાં વિચારો સમાજજીવનના મૂલ્યોને એક તબકકાથી બીજા તબકકામાં મૂર્ત કરી પરિવર્તનની ભૂમિકા દર્શાવે છે. સામાજિક કાર્ય તરીકે તે નવલકથાઓ અને નવલિકાઓનું મહત્વનું પ્રદાન કહી શકાય.

ભારતીય નવલકથાક્ષેત્ર અને નવલિકાક્ષેત્ર અર્વાચીન સાહિત્યની દ્રષ્ટિએ નવુ ખેડાણ છે. બ્રિટિશશાસનકાળમાં અંગ્રેજી શિક્ષણ સાથે તેનું સાહિત્ય પણ પ્રજાજીવનમાં પ્રવેશ્યુ છે. તેના વાંચન દ્વારા પરોક્ષ પ્રભાવોથી ભારતની તમામ ભાષાઓનું સાહિત્યસર્જન નવી અભિવ્યકિત કરવા પ્રત્યે વળ્યુ હતું, તેના એક અંશરૂપે નવલકથા અને નવલિકા સાહિત્ય સ્વરૂપોનો ઉદ્‌ભવ–વિકાસ થયો છે. ભારતમાં નવલકથા લેખનનો પ્રારંભ સૌથી પહેલો બંગાળી સાહિત્યમાં થયેલો છે. અને છેક છેલ્લે ઊડિયા સાહિત્ય સુધી તેનો વિસ્તાર થયો છે. આમ, સમગ્ર ભારતમાં બધી ભાષાઓમાં તેનું પ્રસરણ થતાં ત્રીસ–બત્રીસ વર્ષોનો સમયગાળો લાગ્યો છે. ભારતમાં તેના ઊગમકાળે સમાજ સુધારણાનો જુવાળ ચાલતો હતો તેથી તેને સામાજિક પ્રતિબિંબો ઝીલનાર સાહિત્ય સ્વરૂપ તરીકે આવકાર મળ્યો હતો.

ભારતની જુદી–જુદી ભાષાઓની કેટલીક નવલકથાઓના દ્રષ્ટાંતો ઉપરથી તેમાં સમાજજીવનનું પ્રતિબિંબ પડે છે તે જાણી શકાય.

## ભારતની જુદી–જુદી ભાષાઓની નવલકથાઓમાં પ્રતિબિંબિત સમાજજીવનના દ્રષ્ટાંતો

| ક્રમ | ભાષા | પ્રકાશન વર્ષ | લેખક | કૃતિનું નામ | પ્રતિબિંબિત સમાજજીવન |
|---|---|---|---|---|---|
| ૧ | બંગાળી | ૧૮૭૮ | બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય | કૃષ્ણકાંતારવીલ | વારસા પ્રાપ્તિની રીતરસમ, પરિણીત પુરુષનો વિધવા સ્ત્રી સાથેનો પ્રેમ, સમાજ સુધારણાનું ચિત્રણ. |
| ૨ | બંગાળી | ૧૯૦૨ | રવીન્દ્રનાથ ટાગોર | ચોખેરવાલી | વિધવાજીવનની સમાજ વિરોધી વાત અને સંયુકત કુટુંબના સંસ્કારોનો નવોન્મેષ આલેખિત. |
| ૩ | બંગાળી | ૧૯૧૪ | શરદબાબુ | પરિણીતા | લગ્નસંસ્થામાંથી જન્મતી કરુણતાનું આલેખન |
| ૪ | હિન્દી | ૧૯૫૪ | ફણીશ્વરનાથ રેણુ | મૈલા આંચલ | ગામડાનું સમાજજીવન, જ્ઞાતિસંઘર્ષ, રાજકીય જાગૃતિ, ગરીબી, રૂઢિવાદિતા,નવામૂલ્યો, ગામડાનો આંતરિક સંઘર્ષ |
| ૫ | હિન્દી | ૧૯૬૦ | રાજેન્દ્ર યાદવ | સારા આકાશ | મધ્યમવર્ગનું સંઘર્ષપૂર્ણ જીવન, ગરીબી–બેકારી, કૌટુંબિક સંઘર્ષ, સંયુકત કુટુંબનું ઘર્ષણ |
| ૬ | અસમીયા | ૧૮૯૫ | રજનીકાંત બરદલૈ | મિરિ જીયરી | મીર આદિજાતિનું જીવન, રિવાજો, લગ્ન પ્રથા, લોકગીતો વગેરેનું આલેખન |
| ૭ | ઓડિયા | ૧૯૦૧ | ફકીરમોહન સેનાપતિ | છમાણ આઠગુંઠ | ગ્રામજીવન, જમીનદારો–શાહુકારો દ્વારા શોષણ, અંધશ્રધ્ધા, સત્તાલાલસા વગેરેનું આલેખન છે. |
| ૮ | મરાઠી | ૧૯૫૦ | બા.ભ. બોરકર | ભાવીણ | ગણિકાપુત્રી સાથે સભ્ય સમાજના યુવકના લગ્ન, સુખી ગૃહસ્થોનું ગણિકાગમન, રીતરિવાજોનું પ્રભુત્વ |
| ૯ | તેલુગુ | ૧૯૬૨ | શ્રીમતી મુપ્પાળ રંગનાયકમ્મા | પેક મેડલુ (પત્તાનો મહેલ) | સ્ત્રીના ગૌરવને પ્રતિષ્ઠિત કરવાની અને સ્ત્રીજીવનના પ્રશ્નોના નિરાકરણ શોધવાની વાત |

જુદી–જુદી ભાષાઓની નવલકથાઓના દ્રષ્ટાંતો ઉપરથી એ સાબિત થાય છે કે નવલકથાના સાહિત્ય સ્વરૂપ દ્વારા સાહિત્યકારો સામાજિક કુપ્રથાઓ, કુરિવાજો, સામાજિક રચનાતંત્રમાં પ્રવેશેલી જડતા અને બંધિયારપણુ, સ્ત્રીઓનો નિમ્ન કક્ષાનો દરજજો અને ભૂમિકાઓ, સ્ત્રીજીવન સાથે સંકળાયેલી અનેકવિધ સમસ્યાઓ, દાંપત્યના પ્રશ્નો, વિધવાજીવન અને તેના પ્રશ્નો, સુધારાવાદી લગ્નો, ગ્રામ–શહેર જીવન, સંયુકત–વિભકત કુટુંબ, વારસો, પ્રેમ, પૂર–દુષ્કાળ જેવી કુદરતી આફતો, ગરીબી–બેકારી, અંધશ્રધ્ધા, જમીનદારો અને શાહુકારોની સત્તાની ઈજારાશાહી, સ્વાતંત્ર્ય ચળવળ, સ્ત્રીજાગૃતિ, સ્ત્રી સ્વતંત્રતા અને સમાનતાની બાબત, શહેરીકરણ, ઔદ્યોગીકરણ, આદિવાસીઓની સંસ્કૃતિ અને સમાજજીવન, રાજકારણ, ભ્રષ્ટાચાર, બાળલગ્ન, અસ્પૃશ્યતાની સમસ્યા, સ્ત્રીની ભાવનાઓ અને લાગણીઓની અભિવ્યકિત વગેરે જેવી અનેક બાબતો કે જે માનવજીવન અને સમાજમાં દ્રષ્ટિગોચર થાય છે તેનું વાસ્તવદર્શી આલેખન તેઓ કરતા રહયા છે.

## ૬.૫ ગુજરાતી ભાષાની કેટલીક નવલકથાઓમાં પ્રતિબિંબિત સમાજજીવનના દ્રષ્ટાંતો :

ઈ.સ. ૧૯૬૧માં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના એકવીસમા અધિવેશનમાં પ્રમુખસ્થાનેથી શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કહયુ હતુ કે, "અર્વાચીન નવલકથાઓનું સામાજિક વિવેચન તરીકે ઘણુ મૂલય છે એમ સ્વીકારવુ જોઈએ."[૨૪] આ વિધાનના સંદર્ભમાં કેટલીક ગુજરાતી નવલકથાઓમાં પ્રતિબિંબિત સમાજજીવનનો પરિચય દ્રષ્ટાંતો દ્વારા મેળવીએ :

---

૨૪. ત્રિવેદી, વિષ્ણુપ્રસાદ, **કલકત્તા અધિવેશનનો હેવાલ**, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૬૧.

# ગુજરાતી નવલકથાઓમાં પ્રતિબિંબિત સમાજજીવનના દ્રષ્ટાંતો

| ક્રમ | પ્રકાશન વર્ષ | લેખક | કૃતિનું નામ | પ્રતિબિંબિત સમાજજીવન |
|---|---|---|---|---|
| ૧ | ૧૮૮૭ | ગોવર્ધનરામ ત્રિપાઠી | સરસ્વતીચંદ્ર | સ્ત્રી શિક્ષણ, ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચાર પુરુષાર્થોનું ચિત્રણ છે. કુટુંબ, રાજય અને સમાજવ્યવસ્થાનું આલેખન છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, પાશ્ચાત્ય સંસ્કૃતિ અને અર્વાચીન સંસ્કૃતિના સમન્વયના સમયગાળાનું ભારતીય સમાજ દર્શન છે. તથા પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિ કથા આલેખિત છે. |
| ૨ | ૧૯૨૪ | કનૈયાલાલ મુનશી | સ્વપ્નદ્રષ્ટા | લગ્નક્ષેત્રે સુધારાની વાત, કોમી એકતા, રાષ્ટ્રીયશિક્ષણ, સ્ત્રી–ઉન્નતિનું આલેખન છે. |
| ૩ | ૧૯૩૨ | ત્રિવેદી અમૃતલાલ રતનજી | સમાજનો સડો | લગ્નના રીતરિવાજો અને પરંપરાનું આલેખન તથા તેમાં સુધારણાની વાત છે. |
| ૪ | ૧૯૩૦ | રમણલાલ વસંતલાલ દેસાઈ | હૃદયનાથ | વિધવા સ્ત્રીના યુવક કાર્યકર સાથેના પુનર્લગ્નની વાતનું આલેખન છે. |
| ૫ | ૧૯૩૫ | આચાર્ય ગુણવંતરાય | કોરી કિતાબ | કન્યાવિક્રય, લગ્નમાં લેવડદેવડ, કજોડા લગ્નો, કુલીન શાહી લગ્નનું આલેખન અને તેમાં સુધારણાની વાત છે. |
| ૬ | ૧૯૪૦ | જોષી ઉમાશંકર | પારકા જણ્યા | શહેર–ગ્રામના કુટુંબજીવનની સુધારણા, રૂઢિરિવાજમાં પરિવર્તન અને નવી વિકાસશીલ વિચારધારાનું ચિત્રણ |
| ૭ | ૧૯૪૪ | મનુભાઈ પંચોળી 'દર્શક' | પ્રેમ અને પૂજા | સ્ત્રી–પુરુષ સમાનતા, સ્વ–પસંદગીના લગ્ન, સંયુકત કુટુંબ, ખેડુતોનું શિક્ષણ, રાષ્ટ્રભાષા પ્રચાર વગેરેનું આલેખન છે. |
| ૮ | ૧૯૪૬ | પુષ્કર ચંદરવાકર | રાંકના રતન | ભાલપ્રદેશના લોકજીવનનું આલેખન |
| ૯ | ૧૯૪૭ | પટેલ પન્નાલાલ | માનવીની ભવાઈ | દુષ્કાળની કારમી પરિસ્થિતિનું આલેખન |
| ૧૦ | ૧૯૫૦ | ઈશ્વર પેટલીકર | મારી હૈયા સગડી | સ્ત્રીઓના દરજ્જા વિષયક આલેખન છે; કુટુંબજીવન દર્શાવાયુ છે. |

કેટલીક ગુજરાતી નવલકથાઓના દ્રષ્ટાંતોથી એ સાબિત થાય છે કે ભારતની અન્ય ભાષાઓની જેમ ગુજરાતમાં પણ માનવસમાજના અનેકવિધ પાસાંઓનુ આલેખન નવલકથાઓ મારફત કરવામાં આવી રહયુ છે.

## ૬.૫.૧ સ્ત્રીજીવનના પ્રતિબિંબવાળી કેટલીક ગુજરાતી નવલકથાઓ :

સ્ત્રીજીવનને કેન્દ્રમાં રાખી લખવામાં આવેલી નવલકથાઓમાં સ્ત્રીનું માનસદર્શન, સ્ત્રી ઉપર થતા અત્યાચારો, કુટુંબમાં સ્ત્રીનું થતુ શોષણ, પરંપરાગત સંયુકતકુટુંબમાં સ્ત્રીઓનું નિમ્ન સ્થાન, તેના વ્યકિતત્વના વિકાસમાં અવરોધક બનતા સામાજિક રીતરિવાજો, સ્ત્રીની ઊર્મિઓની અભિવ્યકિતમાં બાધક બનતી પ્રથાઓ અને પરંપરાઓ, વડીલોની સત્તાની ઈજારાશાહી, સ્ત્રીશિક્ષણનો વધતો વ્યાપ અને સ્ત્રીના દરજજામાં થઈ રહેલો સુધારો વગેરે અનેક પાસાંઓનું પ્રતિબિંબ ગુજરાતી નવલકથાઓમાં પડી રહયું છે.

સ્ત્રીજીવનના પ્રતિબિંબવાળી નવલકથાઓમાં ગોવર્ધનરામ ત્રિપાઠી કૃત 'સરસ્વતીચંદ્ર', પ્રમાનંદ કૃત 'કુંવરબાઈનું મામેરુ', ઉમાશંકર જોષીની 'સાપના ભારા', ઝવેરચંદ મેઘાણીની 'વસુંધરાના વહાલા દવલા', રમણલાલ વસંતલાલ દેસાઈ કૃત 'કોકિલા', 'પૂર્ણિમા' અને 'શોભના', પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ', 'ભાંગ્યાના ભેરુ' અને 'ઘમ્મર વલોણુ ભાગ ૧–૨', મનુભાઈ પંચોળી 'દર્શક' કૃત 'ઝેર તો પીધા છે જાણી–જાણી', વગેરેના દ્રષ્ટાંતો આપી શકાય.

શ્રી વર્ષા અડાલજાની મોટાભાગની નવલકથાઓમાં સ્ત્રી વિષયક આલેખનો કેન્દ્રમાં રહેલા છે. જેનું સમાજશાસ્ત્રીય અધ્યયન આ મહાનિબંધમાં કરવામાં આવ્યુ છે.

## ૬.૬ ભારતની જુદી–જુદી ભાષાઓની કેટલીક નવલિકાઓમાં પ્રતિબિંબિત સમાજજીવન :

| ક્રમ | ભાષા | લેખક | કૃતિનું નામ | પ્રતિબિંબિત સમાજજીવન |
|---|---|---|---|---|
| ૧ | બંગાળી | રવીન્દ્રનાથ ટાગોર | નષ્ટનીડ | પતિની અન્યમનસ્કતાના કારણે પત્નીનું દૂરના દિયર પ્રત્યેનું ખેંચાણ – લગ્નેતર પ્રેમ |
| ૨ | બંગાળી | તારાશંકર બેનરજી | 'બોબાકાન્ના' (મૂંગુ રુદન) | નદીના પૂર પછી ફેલાતી મહામારી, દુષ્કાળ, મુંગી વિધવા સ્ત્રી, ગ્રામમાનસ, અંધશ્રધ્ધા, બ્રાહ્મણોના ચુસ્ત આચારો વગેરે |
| ૩ | ઓડિયા | બંકનિધિ પટનાયક | લચ્છમનજી | માતાપિતા દ્વારા આયોજિત લગ્નના શિક્ષિત યુવક દ્વારા વિરોધની વાત છે. |
| ૪ | અસમીયા | સૈયદ અબ્દુલ મલિક | શિખરે–શિખરે | સભ્ય અને ઉચ્ચ ગણાતા પરિવારની આંતરિક નગ્નતાનું ચિત્રણ છે. |
| ૫ | હિન્દી | યશપાલ | ધર્મરક્ષા | સ્ત્રીપુરુષના જાતીય આકર્ષણની વાત છે. મૃત પત્નીની યાદ આવતા ચુસ્ત આર્યસમાજી પિતા પુત્રી પર મોહિત થાય છે તેનુ આલેખન છે. |
| ૬ | હિન્દી | પ્રેમચંદજી | કફન | ગરીબી, ભૂખમરો, નશાખોરીથી કુટુંબીજનોમાં પણ લાગણી અને માનવતા દૂર થઈ જાય છે તેનુ આલેખન છે. |
| ૭ | પંજાબી | ગુરબખ્શસિંહ | મેનાભાભી | યુવાન વિધવા સ્ત્રીનું એક કિશોર પ્રત્યેનું ખેંચાણ, અને વિધવાઓની સમાજમાં સ્થિતિનું ચિત્રણ છે. |
| ૮ | સિન્ધી | ગોવિંદ પંજાબી | 'મકાઈ અજો સંગુ' (મકાઈનો ડોડો) | મજૂરવર્ગની ગરીબીની વેદના અને તેઓનું સ્વાવલંબન આલેખિત છે. |
| ૯ | મરાઠી | શ્રીપાદ જોશી | રાક્ષસ | નગરજીવનની સંકુલતાથી જન્મેલી વિષમતા તથા બેકારીના કારણે માનવીય સંબંધોમાં આવતુ પરિવર્તન દર્શાવાયુ છે. |
| ૧૦ | કન્નડ | માસ્તી વેંકટેશ આયંગર | મંગમ્મા | પરંપરાગત સંયુકત કુટુંબના તૂટવા–સંધાવાની પ્રક્રિયા, સાસુ–પુત્રવધૂનો સંઘર્ષ, વગેરેનું આલેખન છે. |
| ૧૧ | તમિળ | ચક્રવર્તી રાજગોપાલાચારી (રાજાજી) | દેવાનૈ | આર્થિક ભીંસ અનુભવતી સ્ત્રીની દેહનો વેપાર કરવાની મજબૂરી, ભિક્ષુકોની લાચારી, આદ્યોગીકરણની વિપરિત અસરનું આલેખન છે. |

## ૬.૭ ગુજરાતી ભાષાની કેટલીક નવલિકાઓમાં પ્રતિબિંબિત સમાજજીવન :

વીસમી સદીમાં નવલિકા અને નવલકથાનું ખેડાણ ખૂબ થયુ છે. જો કે તેની શરૂઆત તો પ્રાચીન કાળથી જ થઈ છે છતાં લોકપ્રિયતા વીસમી સદીમાં મળી છે. તેવું નવલિકા અને નવલકથાનો ઈતિહાસ તપાસતા જાણવા મળે છે. માનવસમાજજીવનના વિવિધ પાસાઓનું તથા સમાજની પરિવર્તિત થઈ રહેલી રચનાનું આલેખન સાહિત્યમાં થાય છે, તેના તારણો પ્રાપ્ત કરવા માટે "સાહિત્યના સમાજશાસ્ત્ર" માં સંશોધન પધ્ધતિઓની મદદથી સંશોધન થઈ શકે છે.

અહીં ગુજરાતી નવલિકાઓમાં પ્રતિબિંબિત સમાજજીવનના કેટલાક ઉદાહરણો તપાસીએ :

| ક્રમ | લેખક | કૃતિનું નામ | પ્રતિબિંબિત સમાજજીવન |
|---|---|---|---|
| ૧ | કનૈયાલાલ મુનશી | શામળશાનો વિવાહ | વૃધ્ધ લગ્ન અને બાળલગ્નની કુપ્રથાઓનું આલેખન છે. |
| ૨ | ધૂમકેતુ | ગોવિંદનું ખેતર | ગ્રામજીવન, શહેરીકરણ અને ઔદ્યોગીકરણના ગેરલાભો અને ભયસ્થાનોનું ચિત્રણ. |
| ૩ | રામનારાયણ વિશ્વનાથ પાઠક | મુકુંદરાય | બે પેઢી વચ્ચે વિચારભેદ, બાળવિધવાની સમસ્યા, ભાઈની સ્વાર્થીવૃત્તિનું ચિત્રણ છે. |
| ૪ | પન્નાલાલ પટેલ | સુખદુ:ખના સાથી | ભિક્ષુકોનું જીવન, તેઓની સુખદુ:ખમાં સહભાગી બનવાની પારસ્પરિક ભાવનાનું આલેખન છે. |
| ૫ | ચંદ્રકાંત બક્ષી | 'એક સાંજની મુલાકાત', 'પ્યાર', 'મીરા', નવલિકા સંગ્રહોમાં | મજૂરોના પ્રશ્નો, જાતીય જીવનના આવેગો, શહેરીજીવનની આર્થિક ભીંસ, યાંત્રિક જીવન, કૃત્રિમ પ્રેમ, માનવીનું ઘટતુ જતુ મૂલ્ય વગેરેના આલેખનોવાળી નવલિકાઓ છે. |
| ૬ | જોષી ઉમાશંકર | શ્રાવણી મેળો | ઈડર પ્રદેશમાં ભરાતા રંગીન લોકમેળાનું આલેખન. |
| ૭ | ઝવેરચંદ મેઘાણી | ઓળીપો | પતિના ઘરને ઓળીપો કરતી પ્રેમાળ પત્ની, કુટુંબજીવન અને દાંપત્યજીવનનું આલેખન છે. |
| ૮ | સુંદરમ્ | જમીનદાર | શહેરીકરણના કારણે ભાંગી રહેલા ગામડાઓનું ચિત્રણ છે. |
| ૯ | સુંદરમ્ | બીડીઓ | સમાજમાં અમીર–ગરીબ વર્ગોની સામાજિક–આર્થિક અસમાનતાનું આલેખન છે. |
| ૧૦ | કંચનલાલ વાસુદેવ મહેતા | ગોવાલણી | પરિણીત પુરુષનું પરસ્ત્રી તરફનું ખેંચાણ અને તેને સ્ત્રી પાત્ર દ્વારા મળતો બોધપાઠ આલેખિત છે. |

આ પ્રકરણના ૬.૬ મુદ્દામાં ભારતની જુદી–જુદી ભાષાઓની કેટલીક નવલિકાઓના દ્રષ્ટાંતો તેમજ ૬.૭ મુદ્દાની કેટલીક ગુજરાતી નવલિકાઓમાં પ્રતિબિંબિત સમાજજીવનના દ્રષ્ટાંતો એ સાબિત કરે છે કે નવલિકાસ્વરૂપને પણ "સાહિત્યના સમાજશાસ્ત્ર" માં સંશોધન માટેનું એક સબળ અને આધારભૂત ક્ષેત્ર ગણી શકાય તેમ છે. તેથી જ આ મહાનિબંધમાં શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓ બન્નેને સંશોધન માટેનાં ક્ષેત્ર તરીકે પસંદ કરવામાં આવેલ છે.

## ઉપસંહાર :

પ્રસ્તુત પ્રકરણમાં કથાત્મક અને ઘટનાલક્ષી સાહિત્યસ્વરૂપો તરીકે નવલકથા તથા નવલિકાની સમજૂતી આપવામાં આવી છે. પ્રાચીન કાળથી આ બન્ને સાહિત્યસ્વરૂપો અસ્તિત્વમાં છે અને અર્વાચીન ભારતીય સાહિત્યના વાઙ્મયમાં નવા ઉન્મેષથી પ્રચાર–પ્રસાર પામ્યા છે. નવલકથાઓ તથા નવલિકાઓમાં સમાજની વાસ્તવિકતાઓનું તાદશ ચિત્રણ કરવામાં આવે છે, તેથી સમાજશાસ્ત્રીય સંશોધનમાં તે દસ્તાવેજી સંશોધન ક્ષેત્ર તરીકે ઉપયોગી બની શકે છે. તેની મદદથી જે સંશોધન થાય તે અભ્યાસ હકીકતલક્ષી બની રહે છે.

પ્રસ્તુત સંશોધન "સાહિત્યના સમાજશાસ્ત્ર" માં કરવામાં આવેલ છે, અને સંશોધનના દસ્તાવેજી ક્ષેત્ર તરીકે નવલિકાઓ અને નવલકથાઓ પસંદ કરેલી હોવાથી તેની અર્થાત્મક સમજૂતી તથા તે બન્નેનું પ્રદાન આ પ્રકરણમાં તપાસવામાં આવ્યુ.

હવે પછીના પ્રકરણ–૭માં શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓમાં સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન પ્રસ્તુત કરવામાં આવેલ છે.

# પ્રકરણ – ૭

# શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન

I પ્રાસ્તાવિક

૭.૧ નવલિકાઓના સ્ત્રી પાત્રોનો પરિચય અને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

૭.૧.૧ સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકાના સંદર્ભમાં સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડો :

(A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક – માનસિક ત્રાસ (Domestic violence and wife battering)

(B) પરંપરાગત નિમ્ન દરજ્જો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય

(C) પરંપરાગત દરજ્જો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રી પાત્રોના સ્વયં પ્રયત્નો

(D) પરંપરાગત દરજ્જો અને ભૂમિકાના કયા પાસાંમાં, કેટલું અને કયા પરિબળોની અસરથી પરિવર્તન આવ્યું છે :

- A પતિના લગ્નેતર સંબંધને ન સ્વીકારવો : દરજ્જાના આત્મલક્ષી પાસામાં આવેલું પરિવર્તન
- A આત્મસન્માન જાગૃત થતાં અધિકારપૂર્વક જીવન જીવવું
- A શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું

A આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવન જીવવું

A શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય તેવા સ્ત્રી પાત્રના વિજાતીય પાત્ર પ્રત્યેના વલણમાં પરિવર્તન

(E) સ્ત્રીઓ દ્વારા અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ

(F) ભૂમિકા – સંઘર્ષ અને સ્ત્રીનો દ્વિતીયકક્ષાનો દરજજો

(G) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય હુમલા અને સ્ત્રીનો નિમ્ન દરજજો

૭.૨ નવલિકાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણ

૭.૨.૧ નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજજાનું વસ્તુલક્ષી પાસું :

I કુટુંબમાં સ્ત્રીનો દરજજો

(૧) માતા તરીકે કુટુંબમાં દરજજો

(૨) પુત્રી તરીકે કુટુંબમાં દરજજો

(૩) પત્ની તરીકે કુટુંબમાં દરજજો

(૪) પુત્રવધૂ તરીકે કુટુંબમાં દરજજો

(૫) સાસુ તરીકે કુટુંબમાં દરજજો

(૬) ફોઈબા તરીકે કુટુંબમાં દરજજો

(૭) ફઈજી તરીકે કુટુંબમાં દરજજો

I લગ્ન અને સ્ત્રીનો દરજજો

(૧) અપરિણીતાવસ્થા

(૨) પરિણીતાવસ્થા

(૩) વિધવા અવસ્થા

(૪) ત્યકતા અવસ્થા

(૫) છૂટાછેડા

। વ્યવસાય અને સ્ત્રીનો દરજ્જો

। ભૂમિકા – સંઘર્ષ અને સ્ત્રીનો દરજ્જો

। પુરુષ દ્વારા થતા વ્યવહારનું સ્વરૂપ અને સ્ત્રીનો દરજ્જો

। શિક્ષણ અને સ્ત્રીનો દરજ્જો

૭.૨.૨ નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાનું આત્મલક્ષી પાસુ

નવલિકાઓના સ્ત્રી પાત્રોની માનસિક સ્થિતિ

૭.૩ સ્ત્રીના દરજ્જા અને ભૂમિકામાં આવેલું પરિવર્તન

૭.૪ સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની પ્રત્યક્ષ મુલાકાતના અંશો અને તેઓનો અભિપ્રાય

। ઉપસંહાર

# પ્રકરણ – ૭
# શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન

**પ્રાસ્તાવિક :**

'સાહિત્યનું સમાજશાસ્ત્ર' સાહિત્યની મદદથી સામાજિક હકીકતોનું વૈજ્ઞાનિક અધ્યયન કરે છે. પ્રસ્તુત સંશોધનમાં અર્વાચીન ગુજરાતી મહિલા સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રીપ્રધાન નવલિકાઓ અને સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરવામાં આવ્યુ છે. જેમાં ભારતીય સમાજમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો, ભૂમિકા, પ્રશ્નો, પડકારો અને તેમાં આવી રહેલા પરિવર્તનને તપાસવાના પ્રયત્નની સાથે બદલાતા સામાજિક વાતાવરણમાં સ્ત્રીઓનું અનુકૂલન કેવા પ્રકારનું છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી ભારતના રાજય બંધારણે આપેલા સમાનતા અને સ્વતંત્રતાના મૂળભૂત અધિકારો અને સ્ત્રીઓને જુદા–જુદા અધિકારો આપતા સામાજિક કાયદાઓની સ્ત્રીઓના જીવનમાં કોઈ અસર પડી છે ખરી ? તે સમાજશાસ્ત્રીઓની તપાસનો વિષય છે. સ્ત્રી વિષયક સંશોધનો અને અભ્યાસો કરતી સમાજશાસ્ત્રની એક સ્વતંત્ર શાખા "સ્ત્રીઓનું સમાજશાસ્ત્ર" પણ આ જ કારણથી વિકાસ પામી છે અને તેમાં ભારત તેમજ વિશ્વકક્ષાએ સંશોધનો થઈ રહયા છે.

વિશ્વની કુલ વસ્તીમાં સ્ત્રીઓની વસતી લગભગ પચાસ ટકા જેટલી છે. કોઈ પણ સમાજની પ્રગતિ, વિકાસ અને ગતિશીલતાના અનેક માપદંડોમાં તે સમાજની સ્ત્રીઓની સામાજિક સ્થિતિ અને ભૂમિકાનો પણ સમાવેશ થાય છે. તેથી કોઈપણ સમાજ 'સ્ત્રીસમાજ' ને અવગણી ન શકે.

ભારતમાં સ્વતંત્રતા પછી દરેક ક્ષેત્રે સામાજિક પરિવર્તન આવી રહયું છે. સમાજની મૂળભૂત સંસ્થાઓ જેવી કે કુટુંબ, લગ્ન, ધર્મ, શિક્ષણ, જ્ઞાતિ અને આર્થિક સંસ્થામાં આમૂલ પરિવર્તનો આવી રહયાં છે. વૈશ્વીકરણ અને ઉદારમતવાદ તેમજ પશ્ચિમીકરણ અને આધુનીકરણની સાથે વૈજ્ઞાનિક અને યંત્રવૈજ્ઞાનિક પરિબળો ભારતીય સમાજના પરંપરાગત મૂલ્યો, પ્રથાઓ અને પરંપરાઓમાં પરિવર્તન લાવવામાં પાયાની ભૂમિકા ભજવી રહયાં છે; જૂના મૂલ્યોના સ્થાને નવા મૂલ્યોનો પ્રસાર થઈ રહયો છે. આ નવા અને જૂના મૂલ્યોનો સંઘર્ષ અને તે બે વચ્ચેનું અંતર આધુનિક સાહિત્યનો પ્રમુખ સ્વર બન્યો છે.

સાહિત્ય રચનાઓમાં સાંપ્રતકાલીન ઘટનાઓ અને હકીકતોનું આલેખન થતુ હોય છે. તેથી સાહિત્યની મદદથી સમાજનો યથાર્થ અભ્યાસ કરી શકાય છે. સાહિત્યને સમાજનું દર્પણ ગણવામાં આવે છે. સમાજના સામાજિક, આર્થિક કે રાજકીય પ્રવાહો જે–તે સમયના સાહિત્યમાં અંકિત થતાં જ રહે છે.

સાહિત્યને સમાજસુધારણાનું અને સમાજ પરિવર્તનનું સાધન પણ ગણવામાં આવે છે. આમ, સાહિત્ય અને સમાજ વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે.

સાહિત્યમાં અનેક સામાજિક પાસાંઓની ચર્ચા થતી હોય છે. તેમાં નારીજીવનની છબિ પણ અંકિત કરવામાં આવે છે. ભારતીય સાહિત્યમાં પ્રાચીનકાળથી સ્ત્રીના મનોવ્યાપાર, મનોમંથન, મથામણ, મનોકામના અને મહત્વાકાંક્ષા જેવા ભાવો તેમજ સ્ત્રીનો સામાજિક દરજજો અને ભૂમિકા દરેક યુગની સામાજિક પરિસ્થિતિ અને પરંપરાઓ મુજબ આલેખિત કરવામાં આવી રહયા છે. સ્ત્રીઓનો જીવનસંઘર્ષ, તેઓની આંતરિક શકિત અને તાકાત, આગવી સમજ, આત્મસૂઝ, વગેરેનું આલેખન પણ સાહિત્યકૃતિઓમાં અવાર–નવાર થતું રહે છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનના આ પ્રકરણ – ૭માં અર્વાચીન ગુજરાતી સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાના કુલ છ નવલિકાસંગ્રહોમાંની ૧૨૬ નવલિકાઓમાંથી ૩૦ સ્ત્રીપ્રધાન નવલિકાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરવામાં આવ્યુ છે. શ્રી વર્ષા અડાલજાએ પોતાની નવલિકાઓમાં ભારતીય સમાજનું વાસ્તવિક ચિત્ર આલેખિત કર્યુ છે. તેઓ પોતે સ્ત્રી હોવાથી સ્ત્રી પાત્રોના આલેખનમાં ભારતીય સમાજની સ્ત્રીઓની સ્થિતિ, ભૂમિકા અને દરજજા સંઘર્ષો, સ્ત્રીઓની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ સચોટ રીતે રજૂ કરી શકયા છે.

સમાજના રચનાતંત્રમાં વિભિન્ન ઉપજૂથોમાં દરજજાની વ્યવસ્થાની સાથે ભૂમિકાઓ, સામાજિક ધોરણો અને સાંસ્કૃતિક મૂલ્યો પણ જોડાયેલા હોય છે. સ્ત્રી કુટુંબ અને સમાજમાં અનેક ભૂમિકાઓ ભજવતી હોય છે. આ વિભિન્ન ભૂમિકાઓ ભૂમિકાસંકુલ સર્જે છે. જે સામાજિક રચનાતંત્રની ગોઠવણીમાં સમાજના આંતર્સંબંધોને અને આંતર્ક્રિયાઓને ગત્યાત્મક બનાવે છે. કયારેક ભૂમિકા–સંઘર્ષ અને દરજજા–સંઘર્ષ સર્જાય છે, ત્યારે સ્ત્રી માનસિક તાણ અનુભવે છે. સાહિત્યમાં આવી પરિસ્થિતિઓનું આલેખન પણ થતુ રહે છે. શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રીપ્રધાન નવલિકાઓમાં આવતા સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અધ્યયન દરમ્યાન રચના–કાર્યવાદી સિધ્ધાંતને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે.

આ પ્રકરણમાં નવલિકાઓના સ્ત્રી પાત્રોનો સામાજિક દરજજો અને ભૂમિકાના સંદર્ભમાં સમાજશાસ્ત્રીય અધ્યયનના આધારે અર્વાચીનયુગમાં ભારતીય સમાજમાં સ્ત્રીનું શું સ્થાન છે, તેના પ્રશ્નો અને સમસ્યાઓ કઈ છે, તેના વ્યકિતત્વના વિકાસમાં કયા પરિબળો અવરોધક બને છે, તેના દરજજા અને ભૂમિકામાં પરિવર્તન આવ્યુ છે ખરું ? સ્ત્રી પોતે કેવી આકાંક્ષાઓ, ઈચ્છાઓ અને લાગણીઓ ધરાવે છે, સ્ત્રીને બંધારણની જોગવાઈઓ અને કાયદાઓએ જે હકો આપ્યા છે તે સમાજના વાસ્તવિક જીવનમાં સ્ત્રીને ફાયદાકારક બની શકયા છે કે કેમ વગેરે અનેક બાબતોને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો છે.

## ૭.૧ નવલિકાઓના સ્ત્રી પાત્રોનો પરિચય અને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ :

### કોષ્ટક – ૧

### શ્રી વર્ષા અડાલજાના છ નવલિકાસંગ્રહોમાંની કુલ ૧૨૬ નવલિકાઓમાંથી પસંદ કરેલી ૩૦ સ્ત્રી પ્રધાન નવલિકાઓ

| ક્રમ | નવલિકાસંગ્રહનું નામ | પ્રકાશન વર્ષ | ક્રમ | નવલિકાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | 'એ' | ૧૯૭૯ | ૧ | મદદગાર |
| | | | ૨ | બિચારી ચમ્પૂડી |
| | | | ૩ | રેણુ |
| | | | ૪ | એક ચપટી સુખ |
| | | | ૫ | ચક્ર |
| ૨ | સાંજને ઉંબરે | ૧૯૮૩ | ૬ | કોયલનો ટહુકાર |
| | | | ૭ | અનુરાધા |
| | | | ૮ | મુક્ત કારાગાર |
| | | | ૯ | કોઈ અજાણ્યા પ્રદેશની સફર |
| | | | ૧૦ | સંબંધ અથવા બીજુ કશું નહીં |
| ૩ | એંધાણી | ૧૯૮૯ | ૧૧ | રીતુ નામની એક છોકરી |
| | | | ૧૨ | બે ને પાંચ મિનિટ |
| | | | ૧૩ | મારી નીની |
| | | | ૧૪ | ભાગ્યનું લખત |
| ૪ | બિલીપત્રનું ચોથુ પાન | ૧૯૯૪ | ૧૫ | બે સ્ત્રીઓ |
| | | | ૧૬ | કુંડાળામાં પગ |
| | | | ૧૭ | ચંપાનું વૃક્ષ |
| | | | ૧૮ | શીરો |
| | | | ૧૯ | ડ્રીમલેન્ડ |
| ૫ | ગાંઠે બાંધ્યુ આકાશ | ૧૯૯૮ | ૨૦ | ગાંઠે બાંધ્યુ આકાશ |
| | | | ૨૧ | દરિયામાં નાવ |
| | | | ૨૨ | સાતવારની હોડી |
| | | | ૨૩ | બટમોગરો |
| | | | ૨૪ | ઘંટી |
| | | | ૨૫ | શાંતિ |
| ૬ | અનુરાધા | ૨૦૦૩ | ૨૬ | બાવળનું ફુલ |
| | | | ૨૭ | ઔરત સબ એકસ્ટ્રા |
| | | | ૨૮ | વરખ |
| | | | ૨૯ | લાંબી ધીમી તપતી બપોર |
| | | | ૩૦ | એક જાત અસ્ત્રીની |

## કોષ્ટક – ૨
## નવલિકાઓના સ્ત્રી પાત્રોની સંખ્યા

| ક્રમ | નવલિકાનું નામ | મુખ્ય સ્ત્રી પાત્રો | ગૌણ સ્ત્રી પાત્રો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મદદગાર | ૧ | – | ૧ |
| ૨ | બિચારી ચમ્પૂડી | ૧ | ૧ | ૨ |
| ૩ | રેણુ | ૧ | – | ૧ |
| ૪ | એક ચપટી સુખ | ૧ | ૧ | ૨ |
| ૫ | ચક્ર | ૧ | ૧ | ૨ |
| ૬ | કોયલનો ટહુકાર | ૧ | – | ૧ |
| ૭ | અનુરાધા | ૧ | ૫ | ૬ |
| ૮ | મુકત કારાગાર | ૧ | ૧ | ૨ |
| ૯ | કોઈ અજાણ્યા પ્રદેશની સફર | ૨ | ૪ | ૬ |
| ૧૦ | સંબંધ અથવા બીજુ કશુ નહિ | ૧ | – | ૧ |
| ૧૧ | રીતુ નામની એક છોકરી | ૧ | – | ૧ |
| ૧૨ | બે ને પાંચ મિનિટ | ૧ | ૩ | ૪ |
| ૧૩ | મારી નીની | ૧ | ૨ | ૩ |
| ૧૪ | ભાગ્યનું લખત | ૧ | ૨ | ૩ |
| ૧૫ | બે સ્ત્રીઓ | ૨ | – | ૨ |
| ૧૬ | કુંડાળામાં પગ | ૧ | ૩ | ૪ |
| ૧૭ | ચંપાનું વૃક્ષ | ૧ | ૨ | ૩ |
| ૧૮ | શીરો | ૨ | ૧ | ૩ |
| ૧૯ | ડ્રીમલેન્ડ | ૧ | ૧ | ૨ |
| ૨૦ | ગાંઠે બાંધ્યુ આકાશ | ૧ | – | ૧ |
| ૨૧ | દરિયામાં નાવ | ૧ | – | ૧ |
| ૨૨ | સાત વારની હોડી | ૨ | – | ૨ |
| ૨૩ | બટમોગરો | ૨ | – | ૨ |
| ૨૪ | ઘંટી | ૧ | – | ૧ |
| ૨૫ | શાંતિ | ૧ | – | ૧ |
| ૨૬ | બાવળનું ફુલ | ૨ | – | ૨ |
| ૨૭ | ઔરત સબ એકસ્ટ્રા | ૧ | – | ૧ |
| ૨૮ | વરખ | ૧ | – | ૧ |
| ૨૯ | લાંબી ધીમી તપતી બપોર | ૨ | – | ૨ |
| ૩૦ | એક જાત અસ્ત્રીની | ૨ | – | ૨ |
| | કુલ સ્ત્રી પાત્રો | ૩૮ | ૨૭ | ૬૫ |

કોષ્ટક નંબર–૨માં દર્શાવ્યા પ્રમાણે ૩૦ સ્ત્રી પ્રધાન નવલિકાઓમાં ૩૮ સ્ત્રી પાત્રો મુખ્ય છે અને ૨૭ સ્ત્રી પાત્રો ગૌણ છે. કુલ ૬૫ સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરીને ભારતીય સમાજમાં આધુનિક યુગમાં સ્ત્રીનો સામાજિક દરજ્જો અને ભૂમિકા તપાસવામાં આવેલ છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન માટે પસંદ કરવામાં આવેલી શ્રી વર્ષા અડાલજાની ૩૦ નવલિકાઓના સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ નીચે પ્રમાણે ૭ માપદંડોને આધારે આપવામાં આવેલ છે.

## ૭.૧.૧ સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકાના સંદર્ભમાં સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડો :

(A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic violence and wife battering)

(B) પરંપરાગત નિમ્ન દરજ્જો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય.

(C) પરંપરાગત દરજ્જો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો.

(D) પરંપરાગત દરજ્જો અને ભૂમિકાના કયા પાસામાં, કેટલું અને કયા પરિબળોની અસરથી પરિવર્તન આવ્યું છે.

(E) સ્ત્રીઓ દ્વારા અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ.

(F) ભૂમિકા–સંઘર્ષ અને સ્ત્રીનો નિમ્ન દરજ્જો.

(G) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજ્જો.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન સમાજશાસ્ત્રના રચના–કાર્યવાદી સિધ્ધાંતને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે તે ઉપરાંત સાહિત્યના સમાજશાસ્ત્રના સિધ્ધાંતો પ્રતિચ્છાયા સિધ્ધાંત તથા સમાજવાદી યથાર્થવાદના સિધ્ધાંતની પણ અભ્યાસ દરમ્યાન મદદ લેવામાં આવી છે. આ સિધ્ધાંતોની વિગતપૂર્ણ સમજૂતી પ્રકરણ–૨ના "સૈધ્ધાંતિક માળખુ" એ મુદ્દામાં આપવામાં આવી છે.

સંશોધન માટે જે હેતુઓ નકકી કરવામાં આવ્યા છે તથા જે ઉપકલ્પનાઓ ઘડવામાં આવી છે તેને ધ્યાનમાં રાખીને નવલિકાઓના સ્ત્રી પાત્રોનો પરિચય તથા વિશ્લેષણના પાયામાં 'સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકા' ને રાખવામાં આવેલ છે; અને તે માટે ૭ માપદંડો નકકી કરી તેનો આધાર લેવામાં આવેલ છે.

આમ, પ્રકરણ–૭ માં શ્રી વર્ષા અડલાજાની નવલિકાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન બે તબકકામાં કરવામાં આવ્યું છે :

પ્રથમ તબકકામાં ૭ માપદંડોના પરિઘમાં આવતી નવલિકાઓ અને તેના સ્ત્રી પાત્રોનો પરિચય તથા તેનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરવામાં આવેલ છે, જે વર્ણનાત્મક તથા સમીક્ષાત્મક છે.

બીજા તબકકામાં કુલ ૬૫ સ્ત્રી પાત્રોનું દરજ્જાના વસ્તુલક્ષી અને આત્મલક્ષી પાસા તથા ભૂમિકા–સંઘર્ષના સંદર્ભમાં આંકડાકીય વિશ્લેષણ તથા વર્ગીકરણ કરીને સમાજશાસ્ત્રીય અધ્યયન પ્રસ્તુત કરવામાં આવ્યુ છે.

આ કાર્ય માટે શ્રી વર્ષા અડાલજાના ૬ નવલિકાસંગ્રહોમાંથી પસંદ કરેલી ૩૦ નવલિકાઓનું વારંવાર વાંચન કરવામાં આવ્યુ છે તથા અનેક સંદર્ભ પુસ્તકોનું વાંચન કરવામાં આવ્યું છે; ઉપરાંત લેખિકા પોતે પોતાની કૃતિઓ વિશે શું કહેવા માગે છે તે જાણવા તેઓની પ્રત્યક્ષ મુલાકાતો લેવામાં આવી છે.

સ્ત્રીનો દરજજો અને ભૂમિકાના સંદર્ભમાં સ્ત્રી પાત્રોનો પરિચય અને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ નીચે પ્રમાણે ૭ માપદંડોને આધારે પ્રસ્તુત છે :

## (A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic violence and wife battering) :

ઘરેલુ હિંસા કૌટુંબિક વિસંવાદિતાની પરિસ્થિતિના પરિણામરૂપ સામાજિક સમસ્યા છે. કુટુંબ એ સભ્યોના રોજિંદા જીવનનું એકમ છે. તે લાગણીઓ, ભાવનાઓ અને પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. પારસ્પારિક વાત્સલ્ય, જોડાણ અને લોહીના સંબંધો કુટુંબની એકતાના બંધનો છે. કુટુંબના સભ્યોને એકબીજા સાથે બાંધતા તત્વોમાં પ્રેમ અને આદર મહત્વના તત્વો છે. તેના સભ્યો પરસ્પર ફરજ અને જવાબદારીની ભાવનાથી જોડાયેલા હોય છે, પરંતુ સામાજિક વિઘટનની પ્રક્રિયામાં પેદા થતી કૌટુંબિક અને વ્યકિતગત વિઘટનની સ્થિતિમાં કુટુંબના સભ્યો હતાશા, બેચેની, ક્રોધ, આવેશ, વૈમનસ્ય અને બદલાની લાગણી અનુભવે છે ત્યારે તેઓ સારાસાર, વિવેકબુદ્ધિ, ફરજ અને જવાબદારી, તથા સામાજિક ધોરણો અને મૂલ્યો પ્રત્યેની સભાનતા ગુમાવી બેસે છે અને પોતાના કુટુંબના સભ્યો પ્રત્યે હિંસાત્મક આચરણ કરે છે. આવા હિંસાત્મક આચરણમાં મારઝૂડ, દુર્વ્યવહાર, માનસિક ત્રાસ, ખૂન, બળજબરીથી અમુક પ્રવૃત્તિ

કરવા ફરજ પાડવી વગેરેનો સમાવેશ થાય છે. ઘરેલુ હિંસાના અમુક અપવાદ બાદ કરતા મોટાભાગના કિસ્સાઓમાં કુટુંબની સ્ત્રી સભ્ય (પત્ની, પુત્રવધૂ, બહેન, પુત્રી, માતા, સાસુ) ભોગ બનતી હોય છે.

સ્ત્રીઓ પરના અત્યાચાર એ નવી ઘટના નથી. ભારતીય સમાજમાં પરાપૂર્વથી સ્ત્રીઓ અપમાન, ત્રાસ, જુલમ, રિબામણી કે મારકૂટ અને શારીરિક – જાતીય શોષણનો ભોગ બનતી આવી છે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ભારતમાં સ્ત્રીઓ માટે જુદા–જુદા કાયદાઓ ઘડવામાં આવ્યા છે, શિક્ષણ પ્રસાર થયો છે, સ્ત્રીઓ આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત કરવા લાગી છે છતાં અસંખ્ય સ્ત્રીઓ હિંસા અને અત્યાચારનો ભોગ બનતી હોવાના બનાવો બનતા જ રહે છે.

શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓમાં સ્ત્રીઓ ઉપર ભારતીય સમાજમાં, આધુનિક યુગમાં થતાં અત્યાચારોનું આલેખન થયેલું જોવા મળે છે. પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન માટે પસંદ કરેલી ૩૦ નવલિકાઓમાંની ૬ નવલિકાઓનાં ૭ સ્ત્રી પાત્રો કુટુંબમાં અત્યાચાર, મારકૂટ, શારીરિક–માનસિક ત્રાસ અને આક્રમક જાતીય વ્યવહારનો ભોગ બનતા જોવા મળ્યા છે. જે આ પ્રમાણે છે :

જેમાં

| | નવલિકા | સ્ત્રી પાત્ર |
|---|---|---|
| (૧) | 'મદદગાર' | સીતા |
| (૨) | 'શીરો' | કુસુમ |
| (૩) | 'બાવળનું ફુલ' | સુષમાની માતા |
| (૪) | 'લાંબી ધીમી તપતી બપોર' | વંદના |
| (૫) | 'એક જાત અસ્ત્રીની' | લક્ષ્મી અને સ્મિતા |
| (૬) | 'મુકત કારાગાર' | કેદી સ્ત્રી |

નો સમાવેશ થાય છે. તેઓનો પરિચય તથા વિશ્લેષણ આ પ્રમાણે છે :

(૧) 'મદદગાર' નવલિકામાં 'સીતા'નું એક જ સ્ત્રી પાત્ર છે. સીતા મુંબઈની નિમ્ન મધ્યમવર્ગના લોકો રહેતા હોય તેવા બિસમાર 'ચંપાનિવાસ'ની નાનકડી ઓરડીમાં પતિ વિજય સાથે રહે છે. તેનો પતિ દારૂડિયો, જુગારી અને ચોર છે. પતિ ખરાબ અને અપમાનજનક શબ્દોથી તેને સતત

હડધૂત કરતો રહે છે. તેને સખત માર પણ મારે છે. પત્ની સીતા સતત શારીરિક–માનસિક અત્યાચારનો ભોગ બનતી રહે છે. જેમ કે,

"આજે તને નહીં છોડું, તારું ખૂન કરીશ, મારી મુટ્ઠીમાંથી તને કોઈ નહીં છોડાવી શકે, સતની પૂંછડી, જા તારા રામ પાસે." ('એ', 'મદદગાર', પાના નં. ૩૦)

પતિ વિજયના ઉપરોકત વિધાનો એ સાબિત કરે છે કે સીતાના એક વ્યકિત તરીકેના સ્વતંત્ર અસ્તિત્વ અને વ્યકિતત્વને તે જુલમ કરીને કચડી રહયો છે. સીતા આર્થિક રીતે પરાવલંબી છે, તે ઘર છોડીને કયાંય જઈ શકે તેમ નથી. તે પતિનો જુલમ મુંગા મોઢે સહન કરતી રહે છે.

સમાજમાં સ્ત્રીના સ્વતંત્ર વ્યકિત તરીકેના અસ્તિત્વને પતિ કે અન્ય કુટુંબીજનો સ્વકારે નહીં અને તેને સતત દબાયેલી કે શોષિત જ રાખવામાં આવે તેવી ઘટનાઓ અર્વાચીન યુગમાં ભારતીય સમાજમાં આજે પણ બની રહી છે તેનું આલેખન લેખિકાએ નવલિકામાં કર્યું છે.

(૨) 'શીરો' નવલિકાના મુખ્ય પાત્ર 'કુસુમ' ઉપર તેનો પતિ અસહય અત્યાચાર ગુજારે છે. તે અતિ કામી છે. પત્ની ઉપર દિવસ કે રાત્રિ જોયા વિના બળાત્કાર ગુજારતો રહે છે. તે કારખાનામાં કામદાર તરીકે મજૂરી કરે છે. પતિના જાતીયશોષણ અને અસહય શારીરિક–માનસિક ત્રાસનો ભોગ કુસુમ બનતી રહે છે. જેમ કે,

"બે–ચાર લૂગડાં અને ખાવાનું ભાડુ ભરતી હોય તેમ ધણી શરીર ચૂંથે ત્યારે પડયા રહેવાનું ચૂપચાપ. રોજેરોજ. રાત હોય કે દિવસ, ઊગ્યો કે આથમ્યો, માસિક હોય કે કોરીધાકોર." ('બિલીપત્રનું ચોથુ પાન', 'શીરો', પાના નં. ૧૭૩–૧૭૪)

કુસુમની સાથે તેનો પતિ અપમાનજનક શબ્દો વાપરીને જ વાત કરે છે. એક દિવસતો તેના ચારિત્ર્ય ઉપર આક્ષેપ કરીને કુસુમને સળગતી બીડીનો હાથ ઉપર ડામ પણ તેણે આપ્યો. આમ, કુસુમ પતિનો સતત શારીરિક–માનસિક ત્રાસ સહન કરતી રહે છે.

એ સાબિત કરે છે કે આધુનિક યુગમાં પણ સ્ત્રીને માત્ર એક ભોગની વસ્તુ માનતા પતિઓ છે. સ્ત્રીનું શોષણ કરવું તેને પતિ પોતાનો અધિકાર માને છે. પુરુષની સત્તા અને આધિપત્ય સદીઓથી ભારતમાં સમાજમાન્ય છે. પત્ની ઉપર પતિનું 'ધણીપણું' સદીઓથી સમાજસ્વીકૃત છે ! નવલિકાની 'કુસુમ' તેનો ભોગ બની રહી છે.

(૩) 'બાવળનું ફુલ' નવલિકામાં સુષમાની બાએ યુવાનીમાં પતિનો અસહય ત્રાસ સહન કર્યો છે. પતિ ધનવાન હતો. પરંતુ તેને અન્ય સ્ત્રી સાથે લગ્નેતર સંબંધ હોવાથી અને પત્ની તે સંબંધનો વિરોધ કરતી તેથી ક્રોધિત બનીને પતિ નેને માર મારતો જેમ કે,

પતિ ઘોડાગાડીના ચાબુકથી મારતો અને ડામ પણ આપતો. તેના કારણે બાની છાતી ઉપર મોટા કાળાં ચકામાં અને પીઠ ઉપર જનોઈવઢ સોળના તતડેલી ચામડીના ડાઘ કાયમને માટે પડી ગયા હતાં.

બા સ્વમાની સ્ત્રી છે. પતિને બીજી સ્ત્રી સાથે સંબંધ હોવાથી તેનો તે વિરોધ કરતી તેથી પતિ તેને અમાનુષી ત્રાસ આપતો. ઘરમાંથી એક દિવસ બાને પતિએ કાઢી મૂકી, તેણે આખી જિંદગી એકલા સંઘર્ષ કર્યો અને સંતાનોને મોટાં કર્યા.

ભારતીય સમાજમાં અર્વાચીનકાળમાં પણ પતિને પત્ની ઉપર ત્રાસ ગુજારવાનો અબાધિત હક છે અથવા તો 'પતિ' હોવાના નાતે પુરુષે તે હક પોતાની જાતે પ્રાપ્ત કરી લીધો છે. પત્ની ઉપર શારીરિક–માનસિક અત્યાચાર એ પુરુષનું સર્વસામાન્ય, પતિ તરીકેનું, લક્ષણ થઈ પડયું છે. અને સ્ત્રીએ 'ધણી તો મારે' એ પ્રકારે સમાધાન સાધી લીધું છે. આવુ વર્તન સદીઓથી થતું રહયું છે. જેમાં પત્ની તરીકેનો દરજજો પતિથી નિમ્ન કક્ષાનો છે તેમ સાબિત થાય છે.

(૪) 'લાંબી ધીમી તપતી બપોર' નવલિકાની વંદનાના પિતાએ તેનું કોલેજનું શિક્ષણ અધવચ્ચેથી છોડાવીને પરણાવી દીધી. પતિ શાંતિલાલ રોજમદારી ઉપર કામ કરતો. કોઈક દિવસ પૈસા મળે કોઈક દિવસ ન પણ મળે.

વંદનાની સાસુ કઠોર સ્વભાવની હતી. અને પતિ પણ વંદનાની સાથે દુર્વ્યવહાર કરતો. જેમ કે,

''દિવસભર એ કામના ઢસરડા કરતી અને રાત્રે શાંતિલાલના શરીરની ભડભડતી ભૂખ તેને કાચી જ ખાઈ જાય. એની ઈચ્છા થતાં જ શરીર ન ધરી દે તો એ ઢીબી પણ નાંખતો.'' ('અનુરાધા', 'લાંબી ધીમી તપતી બપોર', પાના નં. ૧૩૪)

અહીં શારીરિક અત્યાચાર ઉપરાંત સ્ત્રીનું પતિ દ્વારા જાતીય શોષણ પણ દર્શાવવામાં આવ્યું છે. ઉપરાંત પિતાએ પુત્રી વંદનાનો અભ્યાસ પૂરો ન થવા દીધો અને ઝડપથી અયોગ્ય પાત્ર સાથે પરણાવી દીધી, એ ઘટનાથી સાબિત થાય છે કે,

આધુનિક યુગમાં પણ માતાપિતાને પુત્રીનો જન્મ અકળાવનારો લાગે છે તેથી તેના ઉછેરમાં અને વ્યકિતત્વના વિકાસમાં તેઓ બેદરકાર રહે છે. પુત્રીની અવહેલના એ કુટુંબમાં સ્ત્રીનો નિમ્ન દરજ્જો સૂચવે છે.

(૫) 'એક જાત અસ્ત્રીની' નવલિકામાં બે મુખ્ય સ્ત્રી પાત્રો છે – લક્ષ્મી અને સ્મિતા. બન્ને પતિના અત્યાચારનો ભોગ બની રહે છે.

(i) **લક્ષ્મી :** લક્ષ્મી મુંબઈની ઝૂંપડપટ્ટીમાં રહે છે. અને ધનવાન લોકોના ઘરે ઘરકામ કરીને રોજી મેળવે છે. લક્ષ્મીના પતિને તેના ચારિત્ર્ય વિશે શંકા છે. લક્ષ્મી તેના ગામના મોહન સાથે વાત કરે એટલે તેનો પતિ તેને મારે જેમ કે,

લક્ષ્મીને આવેલી જોતાં, ''મોહન હડપ ઊભો થઈ ગયો, એને ઘસડી આણીને પોટલાની જેમ નીચે નાંખી તૂટી પડયો એની ઉપર.''

એ રીતે લક્ષ્મીને પતિ બેરહેમીથી માર મારતો રહે છે.

(ii) **સ્મિતા :** સ્મિતા વ્યવસાય કરતી ઉચ્ચ મધ્યમ વર્ગની સ્ત્રી છે. લક્ષ્મી તેના ઘરે ઘરકામ કરે છે. એક દિવસ સ્મિતાને પતિએ મારી હશે તેથી લક્ષ્મી સાથે તેણે વાત ન કરી પરંતુ સાંજે લક્ષ્મીની ઝૂંપડીએ તેની ખબર કાઢવા ગઈ ત્યારે લક્ષ્મીએ જોયું કે,

''તેના વાળ ખસી ગયા ત્યારે લાલચોળ, સૂજેલો કાન દેખાયો.''

નવલિકામાં લક્ષ્મી નિમ્નવર્ગની સ્ત્રી છે અને સ્મિતા ઉચ્ચ મધ્યમવર્ગની વ્યવસાયી મહિલા છે, છતાં બન્ને ને પતિનો શારીરિક–માનસિક ત્રાસ છે તેથી સાબિત થાય છે કે ભારતીય સમાજમાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન એમ ત્રણેય વર્ગોમાં, કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો પતિથી ઉતરતી

કક્ષાનો છે. આધુનિક યુગમાં પણ પતિ પત્નીને માર મારે છે. અને અપશબ્દો દ્વારા તેનું અપમાન પણ કરે છે. પતિ તરીકે પત્ની સાથે તે જોહુકમી કરતો રહે છે.

લક્ષ્મી સ્મિતાને કહે છે કે, ''આપણી અસ્ત્રીની જાત. મીઠાની પૂતળી. નસીબમાં ઓગળવાનું.'' ('અનુરાધા', 'એક જાત અસ્ત્રીની', પાના નં. ૧૮૧)

લક્ષ્મીના ઉદ્‌ગારોમાં સમગ્ર સ્ત્રી જાતિની વેદનાને વાચા મળી છે. સ્ત્રીને પતિનો માર ખાઈને પણ તેના ઘરમાં જ રહેવું પડે. કયાં જાય ? પુરુષના આશ્રય વિના સ્ત્રી રહી જ ન શકે. સમાજ તેને ફોલી ખાય !

મનુસ્મૃતિમાં સદીઓ પહેલા કહેવાયું છે કે, ''સ્ત્રીનું બાળપણમાં પિતા, યૌવનમાં પતિ, અને વૃધ્ધાવસ્થામાં પુત્ર રક્ષણ કરે. અને તેના આશ્રયે સ્ત્રી એ રહેવું પડે !'' આ કથનનું આધુનિક યુગમાં ભારતીય સમાજમાં યથાવત્ અનુસરણ થાય છે. સ્ત્રી 'પરાશ્રિતા' જ છે, તેવું જણાય છે.

આધુનિક યુગમાં બીજા ઘણા સામાજિક પરિવર્તનો આવી રહયા છે પરંતુ સ્ત્રીનો દરજજો અને ભૂમિકા યથાવત્ નિમ્ન જ છે તે હકીકતનું નિરૂપણ નવલિકામાં કરવામાં આવ્યું છે.

(૬) 'મુકત કારાગાર' ની કેદી સ્ત્રીએ પતિનો લાંબા સમય સુધી શારીરિક–માનસિક અત્યાચાર સહન કર્યો છે. જેમ કે,

''સારા દિન સાલ્લા દારૂ પીતા થા. હમકો પીટતા થા. બાઈ કે કોઠેમેં ભી ઘૂસતા થા. એકદમ ખરાબ આદમી થા. વો હમકો રોજ મારતા થા.'' ('સાંજને ઉંબરે', 'મુકત કારાગાર', પાના નં. ૪૭)

અહીં રજૂ કરવામાં આવેલા ૭ સ્ત્રી પાત્રોના પરિચય ઉપરથી સાબિત થાય છે કે સ્ત્રી સદીઓથી ભારતમાં પતિ કે અન્ય સગાઓ દ્વારા ઘરેલુ હિંસાનો ભોગ બનતી આવી છે. સ્ત્રી પુરુષના શાસનને આધિન છે. તે પિતૃપરક સંસ્કૃતિનું દ્યોતક છે. જેમાં સ્ત્રીનો સામાજિક દરજજો પુરુષના સામાજિક દરજજાથી નિમ્નકક્ષાનો છે તે સ્પષ્ટ થાય છે.

૧૯૮૮માં નૉબેલ પુરસ્કાર મેળવનાર ઈજિપ્તના નવલકથાકાર નજીબ મહફજની ૧૯૫૨ પહેલા લખાયેલી નવલકથાનો અનુવાદ ''ધ પેલેસ વૉક'' માં મુખ્ય નાયક અલ સૈયદ અહમદનો દીકરો યાસીન એની પત્નીને કહે છે : ''પુરુષને તે જે ઈચ્છે એ કરવાનો અબાધિત અધિકાર છે અને સ્ત્રીની ફરજ એનું કહયું કરવાની અને નિયમોમાં બંધાયેલા રહેવાની છે ! સ્ત્રી બીજા પ્રકારનું પાલતુ પ્રાણી છે અને એ જ રીતે એની સાથે વ્યવહાર થવો જોઈએ.''

જગતના ઈતિહાસમાં એવો કોઈ યુગ નથી કે જેમાં અડધા ઉપરાંતની મનુષ્યજાતિને આ રીતે ન્યૂન, હીન, ઊતરતી કે પશુકક્ષાની ન ગણી હોય.

સ્ત્રીને 'મિલકત' ગણવાની માનસિકતા હજુ પણ જળવાઈ રહી છે, તેને 'વ્યકિત' માનવાના કિસ્સા બહુ ઓછા જોવા મળે છે. સ્ત્રીને સહધર્મચારિણી કહેવામાં આવી છે, ગણવામાં ભાગ્યે જ આવી છે. સ્ત્રી મુખ્યત્વે શરીર છે, ભોગનું સાધન છે, સ્ત્રી એ સુખ અને સંતાન પ્રાપ્તિનું માધ્યમ કે યંત્ર છે.[૧]

સ્ત્રીના સામાજિક દરજ્જા વિષે સ્પષ્ટતા કરતાં કહી શકાય કે જયાં પત્ની ઉપર અત્યાચાર ગૂજારવામાં આવે છે, તેનું શારીરિક–જાતીય શોષણ થાય છે, તેવા કિસ્સાઓમાં સ્ત્રીના દરજ્જાની પરંપરાગત નિમ્નતા કે પુરુષ કરતાં ઊતરતાપણું થયાવત્ છે.

ઘરેલુ હિંસામાં સ્ત્રી ઘરમાં જ, ઘરના સભ્યો દ્વારા જ ગૂંગળાઈ જાય તેવું વાતાવરણ ઉભું કરવામાં આવે છે. આધુનિક યુગમાં ભારતીય સમાજમાં પતિનું દારૂ–જુગારનું વ્યસન, ગરીબી, બેકારી, પતિના લગ્નેતર સંબંધો, પતિનો શંકાશીલ સ્વભાવ વગેરેના કારણે પત્ની ઉપર અત્યાચાર ગૂજારવામાં આવે છે તેવું નવલિકાઓના સ્ત્રી પાત્રોનો અભ્યાસ કર્યા પછી તારણ તારવી શકાય.

## (B) પરંપરાગત નિમ્ન દરજ્જો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય :

શ્રી વર્ષા અડાલજાની ૩૦ સ્ત્રી પ્રધાન નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૬૨ સ્ત્રી પાત્રો પરંપરાગત ગૃહિણીની ભૂમિકામાં બાળપણથી તાલીમ પામેલા છે. અને ગૃહિણીના દરજ્જા અનુસાર ભૂમિકા ભજવી રહયાં છે. માત્ર ૩ સ્ત્રી પાત્રો ઉચ્ચ શિક્ષણ લઈને, વ્યવસાય કરીને, સ્વતંત્ર રીતે જીવન જીવી

૧. 'પરબ' – નારીવાદ વિશેષાંક, સંપાદકીય – ચંદ્રકાંત ટોપીવાળા, વર્ષ – ૩૧, અંક – ૭, ૧૯૯૦, જૂલાઈ, પાના નં. ૧–૨.

રહયાં છે. તેઓની સમાજના રૂઢિચુસ્ત સગાં–સંબંધીઓ અને આડોશ–પાડોશના લોકો ટીકા કરે છે અને તેઓની તરફ નારાજગી દાખવે છે.

કુલ ૬૫ સ્ત્રી પાત્રોના અભ્યાસના અંતે એ જાણવા મળેલ છે કે અભ્યાસ હેઠળના ૫૫.૩૮% સ્ત્રી પાત્રોએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે, ૯.૨૩% સ્ત્રી પાત્રોએ મધ્યમ કક્ષા સુધીનું શિક્ષણ મેળવ્યું છે, ૨૩% સ્ત્રી પાત્રો અશિક્ષિત છે.

કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૯ સ્ત્રી પાત્રો ઉચ્ચ ગણાતો – સારી આવક ધરાવતો – વ્યવસાય કરે છે. ૯ સ્ત્રી પાત્રો મધ્યમ આવકવાળો વ્યવસાય કરે છે. અને ૧૦ સ્ત્રી પાત્રો નિમ્ન આવકવાળા વ્યવસાય સાથે સંકળાયેલા છે. આમ, ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રી પાત્રો જ આર્થિક પ્રવૃત્તિ કરે છે.

સ્ત્રી પાત્રોના શિક્ષણ અને વ્યવસાયની કક્ષાના આંકડાકીય વિશ્લેષણના આધારે કહી શકાય કે આધુનિક યુગમાં ભારતીય સ્ત્રીમાં શિક્ષણ પ્રસાર મધ્યમ કક્ષાનો છે અને આધુનિક યુગની માંગ પ્રમાણેના વ્યવસાય પ્રવેશ અને આર્થિક સ્વાવલંબનની બાબતમાં ભારતીય સ્ત્રી ઘણી પછાત છે. તેને સ્વતંત્રતાની, સમાનતાની કે ૨૧મી સદીની હવા હજુ સુધી નહીંવત્ સ્પર્શી છે.

આથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રીનો પરંપરાગત નિમ્ન દરજ્જો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકામાં અર્વાચીન સમયમાં નહીંવત્ પરિવર્તન આવ્યુ છે તેના ઘણા કારણોમાં અલ્પ શિક્ષણ અને આર્થિક પરાવલંબન મુખ્ય છે.

સ્ત્રીનો પરંપરાગત નિમ્ન દરજ્જો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય તેવી પ્રતિનિધિપૂર્ણ નવલિકાઓના ૩ સ્ત્રી પાત્રો, પસંદ કરવામાં આવેલ છે. જે આ પ્રમાણે છે :

| | નવલિકા | સ્ત્રી પાત્ર |
|---|---|---|
| (૧) | 'કોઈ અજાણ્યા પ્રદેશની સફર' નવલિકા | શીલા |
| (૨) | 'ગાંઠે બાંધ્યુ આકાશ' | રૂક્ષ્મણિબહેન |
| (૩) | 'ઘંટી' નવલિકા | હેમા |

નો સમાવેશ થાય છે. કારણ કે આ ત્રણ સ્ત્રી પાત્રો પરંપરાગત ગૃહિણીની ભૂમિકા અને પરંપરાગત નિમ્નદરજ્જાની એકદમ બંધબેસતી લાક્ષણિકતા ધરાવે છે. (Typical, perfect and appropriate characteristics of a house wife) તેઓનો પરિચય તથા વિશ્લેષણ આ પ્રમાણે છે.

(૧) 'કોઈ અજાણ્યા પ્રદેશની સફર' નવલિકાના મુખ્ય સ્ત્રી પાત્ર તરીકે 'શીલા' છે.

તેનું કોલેજનું ઉચ્ચશિક્ષણ અધૂરુ રખાવીને જ્ઞાતિના પ્રતિષ્ઠિત કુટુંબના યુવક સાથે માતા–પિતાએ તેના લગ્ન કરી દીધા છે. તેની પસંદ–નાપસંદ કે રસ–રુચિનું વડીલોના નિર્ણય સામે કોઈ જ મહત્વ નથી. તેવી સ્વતંત્રતા જ કયાં ?

લગ્ન પછી બીજા જ વર્ષે પુત્ર જન્મ્યો અને ત્યાર પછીના બે વર્ષે પુત્રી. તે ગૃહસ્થીમાં 'ગોઠવાઈ' ગઈ છે. તેના સાસુએ આખા ઘરનો વ્યવહાર શીલાને શીખવી દીધો છે !

તે વહેલી ઉઠે, નહાઈને તુલસીએ પાણી રેડે, ચહા–પાણી, નાસ્તા; રોજ જુદી–જુદી રસોઈ, બધાને જુદા–જુદા સમયે જુદું–જુદું જમાડવું ..... વગેરે પ્રકારની ભૂમિકા પૂત્રવધૂ તરીકે, ગૃહિણી તરીકે તે ભજવ્યા કરે છે.

શીલા ગૃહિણી તરીકે સવારથી સાંજ સુધી ઘરની ચાર દિવાલો વચ્ચે કુટુંબના બધાં જ સભ્યોની અવિરત સેવા કર્યા કરે છે. ઘર એટલે – સાસુ, સસરા, દેર, નણંદ, વૃધ્ધ ફોઈજી અને ઘરના બે નોકરો સુધ્ધાં ! એ સઘળાંનો એની પર અધિકાર હતો – એના સમય પર, વાણી વિચાર પર, અને તેના સમગ્ર અસ્તિત્વ પર. તેને પોતાના વ્યકિતગત જીવન જેવું જ કશુ ન હતું. જાણે કે બીજાઓ માટે જીવતી ન હોય ?

તેની સેવાના અને પુત્રવધૂ તરીકેના ગૃહકાર્યના સહુ ખૂબ વખાણ કરતા. તેના માતાપિતા માનતા કે પુત્રીને રાજરાણીનું સુખ મળ્યુ છે.

વર્તમાન સમયમાં સંયુકત કુટુંબોમાં પુત્રવધૂઓની સ્થિતિ શીલા જેવી જ હોય છે તેનું આલેખન લેખિકાએ નવલિકા દ્વારા કર્યું છે. પુત્રવધૂ એટલે બધાની ચોવીસ કલાક સેવા કરનારી વ્યકિત. તેનો સમાજમાં અને કુટુંબમાં સામાજિક દરજજો અતિ નિમ્ન કક્ષાનો હોય છે.

(૨) 'ગાંઠે બાંધ્યુ આકાશ' નવલિકાના રૂક્ષ્મણિબહેન માત્ર ૧૫ વર્ષની ઉંમરે પરણીને ઘરમાં આવ્યાં હતાં. પતિને બધું જ સમયસર તૈયાર જોઈએ તેવી ટેવ હોવાથી હંમેશા તેઓ પતિના ગુસ્સાની બીકમાં હાંફળાફાંફળા થઈને ઘરમાં ઉંચા શ્વાસે કામ કરતા રહેતા. જેમ કે,

બપોરે તેઓ છાપુ લઈ આડા પડે ત્યારેય છાતીમાં એક ઊંડો ધ્રાસકો રહેતો, હમણાં ઓફિસેથી પતિ આવશે, ચંપલ કાઢતાં જ બૂમ મારશે, 'થાળી પીરસો; અને ભોજનમાં પણ કંઈને કંઈ વાંક કે ખામી શોધ્યા કરશે. તેઓ બપોરે થોડી વાર આરામ કરતા હોય તો પણ પતિ ટીકા કરે અને અપમાન કરે. રાત્રે બેડરૂમમાં રૂક્ષ્મણિબહેન પતિની આશાએ રાહ જોયા કરે પરંતુ પતિ તો સરસ તૈયાર થઈને કયાંક ચાલ્યા જાય અને રૂક્ષ્મણિબહેન હતાશ થઈને એકલા સૂઈ રહે.

પતિ રૂક્ષ્મણિબહેનની ટીકા તેઓની પુત્રવધૂની સામે કરતા રહે તેથી પુત્રવધૂ પાસે પણ રૂક્ષ્મણિબહેનને નામોશી ભરેલી સ્થિતિમાં મુકાવું પડે.

પતિ તેઓને માટે 'ગમાર' શબ્દ વાપરે. એ રીતે જિંદગીના ત્રેપન વર્ષો રૂક્ષ્મણિબહેને પતિની જોહુકમી અને તિરસ્કાર, અપમાન અને અવહેલના વચ્ચે ગુલામની જેમ વીતાવી દીધાં. પતિની જોહુકમી અને અપમાનના કારણે રૂક્ષ્મણિબહેનની બધી જ શકિતઓ, અરમાનો, ઈચ્છાઓ અને આકાંક્ષાઓ કુંઠિત થઈ ગઈ છે.

પતિનું અહંવાદી માનસ તથા વર્તન પત્નીના વ્યકિતત્વને છિન્ન–ભિન્ન કરી નાખે છે, પત્ની જાણે કે ગુલામ હોય તેવો વ્યવહાર ઘણી વખત સમાજમાં પ્રતિષ્ઠિત ગણાતા પુરુષો પણ ઘરમાં પત્ની સાથે કરતા હોય છે. આધુનિક યુગમાં પણ કુટુંબમાં નિમ્ન દરજજો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયાં હોય તેવા સામાજિક – કૌટુંબિક વાતાવરણની અંદર સ્ત્રીઓ ઘરની ચાર દિવાલો વચ્ચે આખી જિંદગી કાઢી નાખતી જોવા મળે છે. આ પ્રકારનો સ્ત્રી સાથેનો વ્યવહાર ભારતીય સમાજમાં સદીઓથી થતો આવ્યો છે અને આધુનિક યુગમાં પણ તે અસ્તિત્વમાં છે તેવું રૂક્ષ્મણિબહેનના પાત્ર દ્વારા લેખિકા જણાવવા ઈચ્છે છે.

(૩) 'ઘંટી' નવલિકાનું મુખ્ય સ્ત્રી પાત્ર 'હેમા' ગૃહિણી તરીકે જાણે કે ઘંટીના બે પડ વચ્ચે આખો દિવસ સતત પીસાતું રહેતું હોય તેમ સવારથી રાત્રી સુધી પતિ–બાળકોની સેવા ચાકરી કર્યા કરે છે, તેના કારણે હેમા પોતાની જાત માટે જરાપણ સમય ફાળવી શકતી નથી.

તેને કમ્મરમાં સતત કળતર થયા કરતું. સિઝેરીયન ઓપરેશન પછી આ ઉપાધિ થઈ હતી. છતાં તે પોતાની કાળજી રાખી શકતી ન હતી. જયારે કામનો બોજો વધી જતો ત્યારે કમ્મર

દુ:ખતી. ડૉકટરે કહયુ હતું કે મહિનો દિવસ પૂર્ણ આરામ કરવો. નહીંતર ભવિષ્યમાં તકલીફ વધી જશે તો વધારે હેરાન થવું પડશે. પરંતુ તેને આરામ કરવાનો સમય જ મળતો ન હતો.

'ઘંટી' નવલિકામાં વહેલી સવારથી રાત્રી સુધી હેમા માતા અને પત્નીની પરંપરાગત ભૂમિકા ભજવ્યા કરે છે. મધ્યમ વર્ગનું કુટુંબ છે તેથી ઘરના બધાં જ કામ તેને પોતાને કરવા પડે છે. પતિ નોકરી કરે છે; તે ઘરમાં હોય ત્યારે પત્નીને જરાપણ મદદ કરતો નથી.

બન્ને પુત્રીઓને નિશાળે જવા માટે તૈયાર કરવી, બન્નેને માટે નાસ્તો તૈયાર કરવો, પતિ માટે ટિફિન તૈયાર કરવું અને ઘરના બીજા બધાં જ કામ કરતી રહેતી હેમા મોડી રાત્રી સુધી કામમાંથી પરવારી શકતી નહીં. તેનો પતિ નિરાંતે ઓફીસથી આવીને ટેલિવિઝન જોયા કરે, અને અધીરતાથી બૂમ પાડે ''હેમા ! તું અત્યારે (મોડી રાત્રી સુધી) કામ કર્યા કરે છે તો આખો દિવસ શું કરે છે ? !''

ભારતીય મધ્યમ વર્ગના કુટુંબોમાં અપૂરતી આવકના કારણે સ્ત્રીએ ગૃહિણી તરીકે ઘરના બધાં જ કામ જાતે જ કરવા પડે છે તેને સ્વાસ્થ્ય વિષય તકલીફો હોય છતાં પણ ઘરકામમાંથી તેને મુકિત મળતી નથી. સ્ત્રીને 'રસોડાની રાણી' કહેવામાં આવે છે પરંતુ તેના ભાગ્યમાં તો કુટુંબના બધા સભ્યો જમી લે પછી વધ્યુ ઘટયુ જમવાનું જ લખાયેલું હોય છે !

પત્ની ઈચ્છતી હોય છે કે તેનો પતિ તેને ઘરકામમાં થોડી–ઘણી મદદ કરે પરંતુ તેની એ ઈચ્છા ફળીભૂત થતી નથી. પતિ કે કુટુંબના અન્ય સભ્યો તેના પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ બે શબ્દો પણ કહેતા નથી ત્યાં સ્ત્રીના કામની કદરની અપેક્ષા તો કયાં રાખવી ? પતિ પત્નીની મુશ્કેલી સમજવાનો પ્રયત્ન જરા પણ કરતો નથી.

નવલિકામાં 'હેમા'ના પાત્રમાં ભારતીય સમાજની મોટાભાગની ગૃહિણીઓની વ્યથા વ્યકત થઈ છે. સ્ત્રીએ પતિ કહે તેમ કરતા રહેવાનું, તેમાં કયાંય કચાશ રહી જાય તો પતિ નારાજ થઈ જાય. પત્નીને કોઈ દુ:ખદર્દ, ઈચ્છા, અપેક્ષા કે સ્વપસંદગી જેવું હોઈ જ ન શકે ! તેણે પોતાની જાત ઘસીને અન્ય માટે ન્યોછાવર થતા રહેવાનું ! અહીં પત્નીનો ગૃહિણી તરીકે પતિ કરતા નિમ્ન દરજજો દર્શાવવામાં આવ્યો છે.

આમ, માપદંડ–B માં રજૂ કરવામાં આવેલા ૩ સ્ત્રી પાત્રોના પરિચય અને વિશ્લેષણ ઉપરથી સાબિત થાય છે કે સ્ત્રીનું કાર્યક્ષેત્ર અને ભૂમિકા પ્રાચીન કાળથી ગૃહિણી તરીકેની રહી છે. ભારતીય ધર્મશાસ્ત્રોમાં સ્ત્રીને પતિની અર્ધાંગિની તથા ભાર્યા કહેવામાં આવી છે. "ગૃહિણી ગૃહમ્ ઉચ્યતે" એવું કહેવાયું છે, "યત્ર નાર્યસ્તુ પૂજયન્તે, રમન્તે તત્ર દેવતા" એવું મૂલ્ય ધર્મશાસ્ત્રોમાં સ્વીકારાયુ છે છતાં વાસ્તવિક જીવનમાં પ્રાચનીકાળથી ભારતીય સ્ત્રી ગૃહિણી તરીકે દબાયેલી, કચડાયેલી અને શોષિત છે. પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રી ગૃહિણી તરીકે કુટુંબમાં નિમ્ન અને દ્વિતીયકક્ષાનો દરજજો ધરાવે છે તે અભ્યાસ હેઠળની નવલિકાઓમાં દર્શાવવામાં આવ્યું છે.

"ઈન્ડિયન સોશિયલ રીફોર્મર" ના તંત્રીએ જણાવ્યું હતું કે, "પ્રજાસત્તાક ભારતે જે આદર્શ રજૂ કર્યો છે તે પ્રમાણે સ્ત્રીને વ્યકિતગત ઈચ્છા પ્રમાણે જે રાહ પસંદ કરવો હોય તેને માટેની સ્વતંત્રતા અને તક હોવી જોઈએ. પ્રત્યાઘાતી પરિબળો ઘર એ જ સ્ત્રીનું ક્ષેત્ર છે એવી દલીલો કરે છે પરંતુ તેનો સામનો નીડરતાથી કરવો જ જોઈએ."[૨]

ભારત દેશ સ્વતંત્ર થયો ત્યાર પછી સ્ત્રીના સર્વાંગી વિકાસ માટે ઘણા પ્રયત્નો થઈ રહયા છે પરંતુ જયાં સુધી જનમાનસમાં પરિવર્તન ન આવે ત્યાં સુધી તે બધા પ્રયત્નો વ્યર્થ બની રહેશે.

## (C) પરંપરાગત દરજજો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો :

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં શ્રી વર્ષા અડલાજાની પસંદ કરવામાં આવેલી ૩૦ સ્ત્રીપ્રધાન નવલિકાઓના ૬૫ સ્ત્રી પાત્રોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી પ્રસ્તુત માપદંડના પરિઘમાં ૪ પાત્રોનો સમાવેશ થાય છે. કારણ કે તે પાત્રો સ્ત્રી તરીકેનો પરંપરાગત દરજજો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્વયં પ્રયત્નો કરી રહયા છે, ઝઝૂમી રહયાં છે – પોતાના સર્વાંગી વિકાસ માટે. જે આ પ્રમાણે છે :

---

૨. ડૉ. દેસાઈ નીરા, **ભારતીય સમાજમાં સ્ત્રી–જીવન**, આર.આર. શેઠની કંપની, મુંબઈ–૨, જૂન, ૧૯૬૩, પાના નં. ૩૫૦.

| | નવલિકા | સ્ત્રી પાત્ર |
|---|---|---|
| (૧) | 'અનુરાધા' | અનુરાધા |
| (૨) | 'કોઈ અજાણ્યા પ્રદેશની સફર' | રત્ના |
| (૩) | 'રીતુ નામની એક છોકરી' | રીતુ |
| (૪) | 'સાત વારની હોડી' | નંદિતા |

તેઓ પોતાના પરંપરાગત દરજજો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરી રહયાં છે. તેઓનો પરિચય અને વિશ્લેષણ આ પ્રમાણે છે :

(૧) 'અનુરાધા' નવલિકામાં મુખ્ય પાત્ર તરીકે 'અનુરાધા' છે. તેનો ઉછેર તેના પિતાએ એક 'વ્યકિત' તરીકે કર્યો છે. પિતાના સહકારભર્યા વર્તનથી અનુરાધાના વ્યકિતત્વનો સર્વાંગી વિકાસ થઈ શકયો છે.

અનુરાધાએ માનસશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે અને કોલેજમાં વ્યાખ્યાતાનો વ્યવસાય કરે છે. તે અપરિણીત છે અને સ્વતંત્ર મકાન લઈને રહે છે.

કોલેજના અધ્યાપન કાર્ય દરમ્યાન તે તેની વિદ્યાર્થિનીઓને સલાહ આપે છે કે, ''લગ્ન પછી પોતાનું અસ્તિત્વ જ ન રહે તેમ ન જીવવું; જીવનનો એકાદ ટુકડો માત્ર પોતાની જાત માટે જ વાપરવો.'' ('સાંજને ઉંબરે', 'અનુરાધા', પાના નં. ૩૫)

અનુરાધાએ લગ્ન માટે એક ડૉક્ટર પાત્ર સાથે થોડી મુલાકાતો યોજી હતી પરંતુ ડૉક્ટર સાથેની વાતચીત દરમ્યાન અનુરાધાને ડૉક્ટરની રૂઢિચુસ્ત વિચારધારાનો પરિચય થયો. તે યુવક ઉચ્ચશિક્ષિત હોવા છતાં સ્ત્રીનું કાર્યક્ષેત્ર તથા ભૂમિકા લગ્ન, પતિ, કુટુંબ અને બાળકો પૂરતા સીમિત છે તેમ માનતો હતો, તેથી અનુરાધાએ તેને કહી દીધું કે, ''ડૉકટર, આપણને સાથે નહીં ફાવે. જિંદગીને જોવાની આપણી દ્રષ્ટિમાં જ ફરે છે ત્યાં આપણે સાથીદાર શી રીતે બની શકીએ ?'' ('સાંજને ઉંબરે', 'અનુરાધા', પાના નં. ૩૮–૩૯)

'અનુરાધા' એક ઉચ્ચશિક્ષિત અને વ્યાવસાયિક સ્ત્રી છે. તે સ્વતંત્ર રીતે, આત્મનિર્ભરતાથી અને ખુમારીથી ખૂબ સરસ રીતે જીવન જીવે છે. તેને એક વ્યકિત તરીકે

સ્વીકારે તથા પત્નીના સર્વાંગી વિકાસમાં સહભાગી થાય તેવો યુવક હજુ સુધી મળ્યો નથી તેથી તે અપરિણીત રહી છે, કારણ કે તે ગમે તે યુવક સાથે લગ્નથી જોડાઈને પોતાનું 'વ્યકિત' તરીકેનું અસ્તિત્વ જોખમાય તેમ નથી ઈચ્છતી.

પરંતુ તેની અપરિણીતાવસ્થાના કારણે તેણે તેની રૂઢિચુસ્ત માતા, પડોશમાં રહેતી સ્ત્રી, અને સહઅધ્યાપિકા મિસિસ મહેતાની તરફથી કંઈ ને કંઈ સાંભળતા રહેવું પડે છે. બધાં તેના તરફ કંઈક વિચિત્ર દ્રષ્ટિથી જુએ છે, તેને અપરિણીત રહેવા અંગે અનેક પ્રશ્નો પૂછે છે, પરંતુ અનુરાધા તે બધાંને ગણકારતી નથી.

ભારતીય સમાજમાં આજે પણ રૂઢિચુસ્તતા યથાવત્ જળવાઈ રહી છે. સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકા પતિ સાથે જોડાયેલા છે, તેના લગ્ન સાથે જોડાયેલા છે, 'અપરિણીત સ્ત્રીમાં કાંઈક ખામી કે એબ હોય તો જ તે લગ્ન ન કરી શકી હોય' – તેવું ભારતીય સમાજમાં આજે પણ લોકો માને છે. લગ્ન એ સ્ત્રીના જીવનનું એક માત્ર મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ તેવું સર્વસ્વીકાર્ય મૂલ્ય છે.

'અનુરાધા' ના પાત્ર દ્વારા લેખિકાએ સ્ત્રીના પરંપરાગત ગૃહિણીના દરજ્જા અને ભૂમિકાની બહાર પણ એક વિશાળ ક્ષેત્ર છે અને તેમાં સ્ત્રી પોતાનો સ્વતંત્ર વ્યકિત તરીકે વિકાસ કરી શકે તેમ છે તે દર્શાવ્યું છે. તેઓએ સ્ત્રીના પરંપરાગત દરજ્જા અને ભૂમિકામાં સુધારાની પ્રબળ ઈચ્છા વ્યકત કરી છે.

ભારતીય સમાજમાં અનુરાધાના પિતા જેવા સુધારાવાદી વિચારો ધરાવતા તથા પુત્રીને સ્વવિકાસની યોગ્ય તક આપતા વડીલો પણ છે ખરા તે નવલિકા દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

નવલિકામાં એ પણ દર્શાવાયું છે કે સ્ત્રી જયારે તેના પરંપરાગત દરજ્જા અને ભૂમિકાની બહાર પગ મૂકશે ત્યારે તેણે સમાજના રૂઢિચુસ્ત અને પરંપરાવાદી માનસ ધરાવતા લોકોનો સમાનો કરવો પડશે અને તે માટે સ્ત્રીએ સક્ષમ બનવું પડશે, ધીરજ તથા હિંમત કેળવવા પડશે તો જ તે સર્વાંગી વિકાસ સાધી શકશે.

(૨) 'કોઈ અજાણ્યા પ્રદેશની સફર' નવલિકામાં 'રત્ના' નું પાત્ર છે. રત્ના સ્વતંત્ર વિચારધારા ધરાવતી આધુનિક યુવતી છે. કોલેજમાં માનસશાસ્ત્ર વિષયમાં અધ્યાપન કાર્ય કરી રહી છે. તેને ફોટોગ્રાફી

કલા પસંદ હોઈ તેનું શિક્ષણ લઈ રહી છે. તે છ મહિના માટે સ્કોલરશીપ મેળવીને જર્મની જઈ આવી છે.

આધુનિક પહેરવેશ અને નિર્બંધ–મુકત હાસ્ય તેના વિકસિત વ્યકિતત્વના પરિચાયક છે. તે કુટુંબમાં માતા–પિતા તથા ભાઈ–ભાભીની સાથે રહે છે. તેને વાંચનનો શોખ છે.

તેને તેના બાળપણની સહેલી શીલા એક વખત રસ્તામાં મળી જાય છે. શીલા એક આદર્શ ગૃહિણી તથા કહયાગરી, કૂળવાન પુત્રવધૂ છે.

શીલાને રત્નાની દરેક વાત નવીન લાગે છે. રત્ના શીલાને ઘરની ચાર દિવાલની બહાર પણ એક મુકત વિશ્વ છે તેની ઝાંખી કરાવે છે; ત્યારે શીલાને સમજાય છે કે તે હંમેશા બીજા (કુટુંબના સભ્યો) ને માટે જ સતત જીવી રહી છે, પોતાને માટે તો તેને સમય જ કયાં છે ? !

આમ, રત્નાએ સ્ત્રીની પરંપરાગત ગૃહિણીની ભૂમિકા અને દરજજાની બહાર આવવાનું શીખી લીધું છે અને બાળપણની સખી શીલાને પણ તેણે જીવન જીવવાની એક નવીન દ્રષ્ટિ આપી છે.

(૩) 'રીતુ નામની એક છોકરી' નવલિકામાં 'રીતુ' નું મુખ્ય પાત્ર છે. તે માતાપિતાની એકની એક લાડકી પુત્રી છે. તેનો ઉછેર એક 'વ્યકિત' તરીકે સ્વતંત્રતાવાળા કૌટુંબિક વાતાવરણમાં થયો છે તેથી,

રીતુની સખીઓ કૂકીંગ કલાસ, મહેંદી કલાસ, સાડી શોપીંગ, થમ્સ અપ, પરદેશનો મુરતિયો વગેરે વિષયો ઉપર વાતો કરતી હોય ત્યારે રીતુ ઝાંસીની રાણીની શૂરવીરતા ભરેલી લડાઈ, માઉન્ટ એવરેસ્ટ સર કરનાર બચેન્દ્રીપાલ, અનેક ગ્રહો ઉપર જનાર અવકાશયાત્રી, પ્રયોગશાળામાં વૈજ્ઞાનિક સંશોધન કરનાર, ઘનઘોર જંગલોમાં ફરનાર વગેરેના સ્વપ્ન સેવતી હોય; તે બધાંની જેમ રીતુને પણ કંઈક પ્રસિધ્ધિ અપાવે તેવું, આત્મસંતોષ થાય તેવું, નવું, ઠોસ કામ કરવાની ઈચ્છા છે.

બહેનપણીઓ સુંદર, સ્વાદિષ્ટ વાનગીઓ બનાવતા શીખીને વરને ખુશ કરવાની વાત કરે તો રીતુ કહેતી, ''ખુશ કરવો પડે એવા વરને હું પરણીશ જ નહીં ને ! ખુશ કરવો પડે એવો વર મને ન ગમે.'' ('એંધાણી', 'રીતુ નામની એક છોકરી', પાના નં. ૫૯)

રીતુને ગૃહિણીની બંધિયાર, પરંપરાગત ભૂમિકા – કે જેમાં ઘર, વર, રસોઈ, સંતાનો અને એકધારી જિંદગી હોય તેવી ભૂમિકા ભજવવી ન હતી. તે પતિ પણ એવો ઈચ્છતી હતી કે જે તેના વ્યકિતત્વના વિકાસમાં અવરોધક ન બને પરંતુ સહાયક બને.

ભારતીય સમાજમાં બાળપણથી જ છોકરીઓના મનમાં દઢ વિચાર ભરી દેવામાં આવે છે કે તેણે લગ્ન કરીને બીજા ઘરે જવાનું છે. અને ત્યાં પતિની ઈચ્છા અને સુખસુવિધાઓનું ધ્યાન રાખવાનું છે. છોકરીને પણ પોતાના સ્વપ્ન અને અરમાનો હોય છે તેવી સમજણ બહુ ઓછા કુટુંબોમાં જોવા મળે છે. અર્વાચીન યુગમાં પણ ભારતીય સમાજની સ્ત્રીના જીવનની ઈતિશ્રી 'લગ્ન' માં છે, તેની ઈચ્છા અને આકાંક્ષાઓ ઉપર મોટાભાગના માતાપિતાઓ ધ્યાન આપતા નથી. પરીણામે સ્ત્રીનો વિકાસ થઈ શકતો નથી. અને સ્ત્રીની ઉન્નતિ વિના રાષ્ટ્ર કે સમાજની ઉન્નતિ કયાંથી થઈ શકે ?

રૂઢિચુસ્તતામાં શ્વાસ લઈ રહેલા ભારતીય સમાજને જાગૃત કરતી અને 'રીતુ' ના પાત્ર દ્વારા પુત્રીનો ઉછેર એક સ્વતંત્ર વ્યકિત તરીકે કરવો જોઈએ તે દર્શાવતી આ નવલિકા લેખિકાની પ્રગતિશીલ રચના છે. સ્ત્રી તેના પતિને પરમેશ્વર નહીં પરંતુ જીવનસાથી માને તે તેના સ્વવિકાસ અને વ્યકિતત્વવિકાસ માટે જરૂરી છે. તે બાબતનું આલેખન આ નવલિકામાં કરવામાં આવ્યું છે.

(૪) 'સાત વારની હોડી' માં 'નંદિતા' નું સ્ત્રી પાત્ર છે. તે એક એડ. કંપનીમાં વિજયુલાઈઝર તરીકે વ્યવસાય કરે છે. તેનું કુટુંબ કલકત્તામાં રહે છે, તે પપ્પાની લાડકી પુત્રી છે અને જીદ કરીને પોતે મેળવેલા શિક્ષણનો ઉપયોગ થાય અને વિશાળ દુનિયાનો પરિચય થાય તે માટે બહારગામ નોકરી કરવા આવી છે. તે મુકતમને જીવન જીવે છે, તેના જીવનમાં શિસ્ત તથા નિયમના નામે પ્રવેશતી યાંત્રિકતાને સ્થાન નથી. તે સુંદર ચિત્રકામ કરી શકે છે. તેણે મકાનમાં જરૂર પૂરતું રાચરચીલું રાખ્યું છે.

સ્ત્રી હોવાથી માત્ર ઘરની ચાર દિવાલ વચ્ચે ગૃહસંભાળમાં અને પતિસંભાળમાં જ જીવન પસાર કરી દેવામાં તે નથી માનતી. સ્ત્રીને પણ પોતાનો 'સ્વ' હોય છે, તે સ્વના વિકાસ માટે, વ્યકિતત્વ વિકાસ માટે અને પોતાની જાત માટે જીવન જીવવાનો પ્રયત્ન નંદિતા કરી રહી છે.

નંદિતા તેની પડોશમાં રહેતી સુજાતાના પ્રશ્નના જવાબમાં કહે છે કે, ''એકલા જ રહેવું હતું અને જિંદગીનો અનુભવ મેળવવો હતો. મા–બાપ અને ભાઈઓ જિંદગી ગોઠવી આપે તેમ જીવવું નહોતું. પપ્પાને ઘરે નોકર–આયાઓનું સુરક્ષાચક્ર તથા ગાડીઓના કાફલાથી ભાગી છૂટીને સીધી અહીં આવી છું.'' ('ગાંઠે બાંધ્યુ આકાશ', 'સાત વારની હોડી', પાના નં. ૩૩)

'નંદિતા' સ્ત્રી સ્વતંત્રતા અને સમાનતાનું પ્રતીક છે. સતત કુટુંબના સભ્યો માટે જીવન જીવતી અને પરાશ્રયી રહીને ઘરની ચાર દિવાલો વચ્ચે ગૃહસુશોભન તથા સ્વાદિષ્ટ રસોઈ બનાવીને આનંદ અનુભવતી ગૃહિણીઓને આ નવલિકાના 'નંદિતા' ના પાત્ર દ્વારા 'સ્વ' વિકાસનો સંદેશ મળે છે.

આમ, અનુરાધા, રત્ના, રીતુ તથા નંદિતાના પાત્રો સમાજે સ્ત્રી માટે નકકી કરેલા ધોરણો, મર્યાદા, ભૂમિકા અને દરજજાના ચોકઠાંમાંથી બહાર આવીને પોતાની ઈચ્છા મુજબ પોતાનો સ્વવિકાસ સાધવાના પ્રયત્નો કરી રહયાં છે. તેઓના એ પ્રયત્નોમાં સમાજના લોકો અવરોધક બને છે. તેઓને સમાજના રૂઢિચુસ્ત લોકોની ટીકાનો ભોગ બનવું પડે છે. પરંતુ તે ટીકાઓ વચ્ચે પણ તેઓ પોતાની રીતે જીવન જીવતા રહે છે.

આધુનિક યુગમાં જે સ્ત્રીઓ સ્વતંત્રતાવાળા કૌટુંબિક વાતાવરણમાં ઉછરે છે, શિક્ષિત બની શકે છે, જેઓનો ઉછેર એક 'વ્યકિત' તરીકે થયો હોય છે, તેઓ પરંપરાગત ભૂમિકા અને દરજજામાં બંધબેસતું યંત્રવત્ જીવન જીવવાના બદલે તેમાં પરિવર્તન લાવવાના પ્રયત્નો કરે છે. તેઓને પોતાના એ પ્રયત્નોમાં ઘણા અવરોધોનો સામનો કરવો પડે છે, છતાં તેઓ પોતાના પ્રયત્નો ચાલુ જ રાખે છે. તે બાબતની રજૂઆત લેખિકાએ નવલિકાઓમાં કરી છે.

## (D) પરંપરાગત દરજજો અને ભૂમિકાના કયા પાસાંમાં, કેટલું અને કયા પરિબળોની અસરથી પરિવર્તન આવ્યું છે :

શ્રી વર્ષાબહેન આધુનિક યુગના ગુજરાતી સાહિત્યકાર છે. તેઓએ નવલિકાઓનું સર્જન સમાજનો અભ્યાસ કર્યા પછી કર્યું છે, કારણ કે તેઓ સમાજશાસ્ત્ર વિષયના વિદ્યાર્થિની રહી ચૂકયા છે.

સમાજમાં હંમેશા પરિવર્તન આવતું રહે છે. ભારતીય સમાજમાં પણ યુગે–યુગે પરિવર્તન આવ્યુ છે. આ પરિવર્તન સ્ત્રીના સામાજિક દરજજામાં અને ભૂમિકામાં પણ આવેલું દેખાય છે. તે કેટલું, કયા પાસાંમાં, કેવી રીતે, આવ્યું છે તેની રજૂઆત શ્રી વર્ષાબહેનની નવલિકાઓમાં થઈ છે.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં અને એકવીસમી સદીની શરૂઆતમાં સ્ત્રીના માનસમાં જુદા–જુદા પરિબળો જેવા કે આધુનીકરણ, શિક્ષણનો પ્રસાર, આર્થિક સ્વાવલંબન, સંદેશા – સંચારના માધ્યમોનો વિકાસ, શહેરીકરણ, બંધારણના મૂળભૂત અધિકારો અને તેની જોગવાઈઓના સંદર્ભમાં સ્ત્રીઓ માટે ઘડવામાં આવેલા સામાજિક કાયદાઓ, સ્ત્રી કલ્યાણના કાર્યક્રમો અને તે અંગેની નીતિ વગેરેને કારણે પરિવર્તન આવ્યું છે. સ્ત્રીએ દીનતાથી રડવાનું પ્રાયઃ બંધ કરી દીધું છે. તેનું સ્થાન જીવન સંઘર્ષોએ લઈ લીધું છે. લગ્નનું બંધન જો ત્રાસરૂપ લાગે તો જૂના વસ્ત્રની માફક તેને ઉતારીને ફેંકી દેતા આજની સ્ત્રી શીખી ગઈ છે. જીવનની કરુણતાને તેણે કરુણહાસ્યના રૂપમાં લેવાનું શીખી લીધું છે.

પ્રસ્તુત માપદંડના પરિઘમાં જુદાં–જુદાં પાસાંઓ આવરી લેવામાં આવ્યાં છે જેમ કે,

- પતિના લગ્નેતર સંબંધને ન સ્વીકારવો : દરજજાના આત્મલક્ષી પાસામાં આવેલું પરિવર્તન
- આત્મસન્માન જાગૃત થતાં અધિકારપૂર્વક જીવન જીવવું
- શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું
- આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવન જીવવું
- શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય તેવા સ્ત્રી પાત્રના વિજાતીય પાત્ર પ્રત્યેના વલણમાં પરિવર્તન

ઉપરોકત દરેક પાસાં અંતર્ગત નવલિકાઓના સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ આપવામાં આવેલ છે. જે આ પ્રમાણે છે.

## ।	પતિના લગ્નેતર સંબંધને ન સ્વીકારવો : દરજ્જાના આત્મલક્ષી પાસાંમાં આવેલું પરિવર્તન :

ભારતમાં સદીઓથી બહુપત્નીત્વ લગ્નપ્રથા સમાજમાન્ય રહી છે. પુરુષનું બહુગામીત્વપણું પ્રાચીનકાળથી સમાજસ્વીકૃત રહયું છે. પરંતુ ૧૯મી સદીના સુધારણા આંદોલનોના કારણે પ્રજામાં આવેલી જાગૃતિના પરીણામે ભારતમાં પુરુષનો અનેક સ્ત્રીઓ સાથે લગ્ન કરવાનો હક કાયદાની મદદથી બંધ કરવાના પ્રયત્નો થયાં. મુંબઈ રાજયમાં ઈ.સ. ૧૯૪૬માં ઘડવામાં આવેલા 'દ્વિપત્ની પ્રતિબંધક' કાનૂનથી તથા સ્વતંત્રતા પછી ઈ.સ. ૧૯૫૫માં ઘડવામાં આવેલા 'હિન્દુ મેરેજ એક્ટ' થી આધુનિક યુગમાં હિન્દુ પુરુષ બહુપત્ની સાથે લગ્ન કરી શકતો નથી. ફોજદારી કાયદા અન્વયે પણ એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવી તે ગુનો ગણાય છે. છતાં પુરુષો તક મળે તો પત્ની ઉપરાંત અન્ય સ્ત્રી સાથે લગ્નેતર સંબંધ વિકસાવે છે.

આધુનિક યુગની સ્ત્રી પતિના લગ્નેતર સંબંધનો વિરોધ કરે છે. અને જો પતિ તેવો સંબંધ ચાલુ જ રાખે તો સ્ત્રી પતિનું ઘર ખુમારીપૂર્વક છોડી દે છે. પછી ભલે તેને સમાજમાં અનેક સંઘર્ષોનો સામનો કરવો પડે તો પણ સ્વમાનના ભોગે તે પતિના ઘરમાં રહેવા નથી ઈચ્છતી. આ બાબત આધુનિક સ્ત્રીના વિચારમાં આવેલું પરિવર્તન દર્શાવે છે. પ્રાચીન તથા મધ્યકાલીન સ્ત્રી પતિના બહુપત્નીત્વને સહજતાથી સ્વીકારી લેતી હતી.

શ્રી વર્ષાબહેને પતિના લગ્નેતર સંબંધનો અસ્વીકાર કરીને ખુમારીથી જીવન જીવતા સ્ત્રી પાત્રોનું સર્જન પોતાની નવલિકાઓમાં કર્યું છે. જે આ પ્રમાણે છે :

| | **નવલિકા** | **સ્ત્રી પાત્ર** |
|---|---|---|
| (૧) | 'સંબંધ અથવા બીજું કશું નહિ' નવલિકા | પુષ્પાબહેન |
| (૨) | 'બે ને પાંચ મિનિટ' નવલિકા | કેતકી |
| (૩) | 'મારી નીની' નવલિકા | નંદિતાની માતા |
| (૪) | 'બે સ્ત્રીઓ' નવલિકા | ચંદ્રાબહેન અને સુમતિ |
| (૫) | 'દરિયામાં નાવ' નવલિકા | પૂર્વી |
| (૬) | 'બાવળનું ફુલ' નવલિકા | સુષમાની માતા |

પતિના લગ્નેતર સંબંધનો અસ્વીકાર કરે છે.

પસંદ કરેલી ૩૦ નવલિકાઓમાંથી ૬ નવલિકાઓના ૭ સ્ત્રી પાત્રો પ્રસ્તુત માપદંડના પ્રથમ પાસાંના ક્ષેત્રમાં સમાવિષ્ટ છે. તેઓનો પરિચય તથા વિશ્લેષણ આ પ્રમાણે છે :

(૧) 'સંબંધ અથવા બીજું કશું નહીં' નવલિકાના પુષ્પાબહેનની નજર સામે ઘરમાં બ્રાહ્મણને બોલાવીને તેઓના પતિએ બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યા. અને સાસુએ તેમને વેવિશાળ વખતે આપેલો હાર તેમના જ હાથે તે સ્ત્રીને પહેરાવવાની ફરજ પાડી.

શબ્દોથી તેઓને કોઈએ ઘરમાંથી ચાલી જવાનું નહોતું કહયું પરંતુ ઉપેક્ષિત તથા અપમાનિત અવસ્થામાં એક જ ઘરમાં શી રીતે રહેવું ? તેથી તેઓએ નકકી કર્યું કે સમાધાન તો કયારેય નથી કરવું, છેલ્લા શ્વાસ સુધી નહીં. ભલે પિયરમાં કોઈ ઓથ ન હતી. એ અભણ હતા. પણ જયારે નાનકડા રજતને લઈને તેઓએ પતિનું ઘર છોડયું ત્યારે મનમાં ગાંઠ વાળીને નીકળ્યા હતાં કે હવે પતિના ઘરમાં કયારેય પગ નથી મૂકવો.

આમ, મકકમતાથી પુષ્પાબહેને પુત્રને લઈને પતિનું ઘર છોડી દીધું. સ્ત્રીઓને આશ્રય આપતી અને પગભર બનાવતી એક સંસ્થામાં રહયાં, ઘણો સંઘર્ષ કર્યો, એકલા હાથે જિંદગીના વીસ વર્ષો સુધી કષ્ટ વેઠીને પુત્રને મોટો કર્યો. તેણે તેના પતિને કદી પણ માફ ન કર્યો.

લેખિકાએ પુરુષને એક પત્ની હોવા છતાં બીજી સ્ત્રી સાથેના લગ્નની વાત નવલિકામાં રજૂ કરીને ભારતીય સમાજમાં સ્ત્રીનો પત્ની તરીકેનો ગૌણ અને નિમ્ન દરજજો દર્શાવ્યો છે. સ્ત્રી વિશ્વાસથી લગ્ન કરીને પતિના ઘરમાં આવતી હોય છે. પરંતુ જયારે અન્ય સ્ત્રી સાથે પતિ લગ્ન કરે કે લગ્નેતર સંબંધ રાખે અને તેની જાણ પ્રથમ પત્નીને થાય ત્યારે તે પતિને કદી માફ કરતી નથી, તેના પ્રેમ અને લાગણીઓનો બદલો પતિ વિશ્વાસઘાત દ્વારા આપે છે ત્યારે ઊંડા આઘાતમાં તે પતિનું ઘર છોડી દે છે સ્ત્રીનું આત્મસન્માન જાગૃત થઈ જાય છે. તે આજના આધુનિક યુગમાં સ્ત્રીમાં આવેલું પરિવર્તન કહી શકાય, કારણ કે છેક ૧૯મી સદી સુધી ભારતમાં બહુપત્ની પ્રથા સમાજમાન્ય હતી તેથી સ્ત્રી પતિની અનેક પત્નીઓની સાથે સહજતાથી રહેતી હતી.

આધુનિક યુગમાં સ્ત્રીના વિચારોમાં પરિવર્તન આવ્યું છે તે સ્વમાની બની છે. છતાં સમાજમાં પત્ની તરીકેનો દરજજો તો દ્વિતીય કક્ષાનો જ છે. કેમ કે પતિ ગમે ત્યારે બીજી સ્ત્રી

સાથે સંબંધ બાંધીને પ્રથમ પત્નીની ઉપેક્ષા શરૂ કરી શકે તેવી ઘટનાઓ સમાજમાં બનતી રહે છે. પુરુષની બહુસ્ત્રીગામિતાના કારણે સ્ત્રીનો પત્ની તરીકેનો દરજજો સતત અસાલમત રહે છે.

(૨) 'બે ને પાંચ મિનિટ' નવલિકામાં 'કેતકી' નું પાત્ર મુખ્ય છે. તેની કોઈએ હત્યા કરી નાખી છે. પરંતુ જયારે તે જીવિત હતી ત્યારે તેના પતિ યોગેશના તેની ઓફીસની સ્ત્રીકર્મચારી શીલા સાથેના લગ્નેતર સંબંધની તેને જાણ હતી. તેથી પતિએ લાવી આપેલી એક પણ સાડી, પરફયુમ, પર્સ, નેઈલ પોલીશ વગેરે તેણે વાપર્યુ ન હતું. તે સ્વમાની સ્ત્રી હતી. તેણે પતિના લગ્નેતર સંબંધના કારણે પોતે ગર્ભવતી છે તેની જાણ પણ તેને કરી ન હતી. કારણ કે તે આવનારું બાળક માત્ર કેતકીનું હતું; એ બાળકના આનંદમાં તે બેવફા પતિને સહભાગી બનાવવા માગતી ન હતી. તેને પતિના લગ્નેતર સંબંધનો રોષ હતો.

પતિ–પત્ની વચ્ચે જયારે 'બીજી સ્ત્રી' આવી જાય છે ત્યારે પ્રસન્ન દાંપત્ય જીવનમાં કટુતા પ્રસરી જાય છે. કેતકીની હત્યાના મૂળમાં પણ પતિનો લગ્નેતર સંબંધ કારણભૂત છે તેવું લેખિકા જણાવવા માટે છે.

ભારતીય સમાજમાં આધુનિક યુગમાં પતિ અથવા પત્નીના લગ્નેતર સંબંધો જોવા મળે છે પરંતુ મોટાભાગે પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોના ઉદાહરણો વધારે જોવા મળે છે. તેની વિપરિત અસર લગ્નવ્યવસ્થા ઉપર પડે છે.

ભારતીય સમાજમાં પુરુષનું બહુગામીપણું સદીઓથી ચાલ્યુ આવે છે. કાં તો પત્ની પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધો નવલિકાની સ્વમાની નાયિકા કેતકીની જેમ મુંગા મોંએ ચલાવી લે છે અથવા કુટુંબમાં સંઘર્ષ શરૂ થાય છે અથવા સ્ત્રી પતિનું ઘર છોડી દે છે. આ બધી બાબતો સ્ત્રીનો પત્ની તરીકેનો નિમ્ન દરજજો સૂચિત કરે છે, અને સાથે–સાથે સ્ત્રીના સ્વમાનની જાગૃતિ સૂચવે છે.

(૩) 'મારી નીની' નવલિકાની નંદિતાની આધુનિક શિક્ષિત માતા તેના પતિના લગ્નેતર સંબંધને સ્વીકારતી નથી. તેનો પતિ અન્ય સ્ત્રી સાથે સંબંધ ધરાવે છે તેથી તેણે છૂટાછેડા માટે અદાલતમાં કેસ દાખલ કર્યો છે. તે સ્વમાની સ્ત્રી છે તેથી પતિનું ઘર છોડીને અલગ રહે છે.

આમ, નંદિતાની માતા આધુનિક શિક્ષિત સ્ત્રી છે અને પતિના લગ્નેતર સંબંધથી નારાજ છે. અર્વાચીન યુગમાં શિક્ષિત સ્ત્રી પતિનું કોઈપણ ગેરવર્તન સ્વીકારી લેતી નથી. તે સ્વમાન

જાળવવા પતિથી છૂટી પડી જાય છે અને સ્વતંત્ર રીતે ગૌરવભેર જીવન જીવે છે. સ્ત્રીના વિચારોમાં આવેલું આ પરિવર્તન ભારતીય લગ્ન સંસ્થાની રચના અને કાર્યમાં પરિવર્તન સૂચવે છે.

પરંપરાગત ભારતીય સમાજમાં મોટાભાગે પત્ની અશિક્ષિત તથા પરાવલંબી રહેતી તેથી આત્મગૌરવને હાનિ પહોંચે તો પણ તેણે અનિચ્છાએ પતિ સાથે રહેવું પડતું. આધુનિક યુગમાં પતિના વાણી–વર્તન વડે પોતાના સ્વમાનને ઠેસ પહોંચે તો તરત જ પત્ની પતિ સાથેના લગ્નસંબંધનો અંત લાવી દે છે. તે પતિનું 'પતિપણું' કે લગ્નેતર સંબંધો સહન કરતી નથી. આ બાબત શિક્ષિત ભારતીય સ્ત્રીમાં આવેલું પરિવર્તન સૂચવે છે.

(૪) 'બે સ્ત્રીઓ' નવલિકાના 'ચંદ્રાબહેન' બેંકમાં અધિકારી તરીકે વ્યવસાય કરે છે. લગ્ન પછીના એક જ વર્ષમાં તેઓને પતિના અનેક લગ્નેતર સંબંધોની જાણ થઈ અને તેથી તેઓ એક દિવસ નાનકડા પુત્ર અનિલને લઈને પતિનું ઘર છોડીને નીકળી ગયાં. અને તે સ્વમાની સ્ત્રીએ એકલે હાથે પુત્રનો ઉછેર કર્યો, જિંદગીના ઘણા ઉંચાનીચા રસ્તા ઉપર થઈને પ્રૌઢ વયે પહોંચ્યા.

પુત્ર અનિલ યુવાન થયો અને ઉચ્ચ વ્યવસાયમાં જોડાયો. અનિલ એક સુમતિ નામની યુવતીને ભાવિ પત્ની તરીકે પસંદ કરીને માતા ચંદ્રાબહેનને મળવા લઈ આવ્યો. પરંતુ સમય જતાં ચંદ્રાબહેનને પુત્રનું વર્તન બદલાયેલું લાગ્યું. એક વખત અનિલનો કબાટ તપાસતાં તેમાંથી તેના વિલાસી જીવનની સાબિતીરૂપે સુંદર યુવતીઓના પ્રેમપત્રો, દારૂની બોટલો, વિદેશ પ્રવાસની પાસપોર્ટ ઉપર વિસા સ્ટેમ્પ વગેરે જોવા મળ્યું.

ચંદ્રાબહેનને જેવો આઘાત યુવાનીમાં પતિના વર્તનથી લાગ્યો હતો તેવો જ આઘાત પતિના જેવું જ વર્તન પુત્રનું થવા લાગ્યું છે તે જાણીને લાગ્યો.

પુત્ર અનિલને દિલ્હીનો વિશાળ બંગલો રહેવા મળ્યો તેથી તેની ચાવી માતાને તેણે આપી અને આનંદપૂર્વક કહયું કે મા તું અને સુમતિ ખુશ થઈ જશો, બંગલો ખૂબ જ સરસ છે. પરંતુ ચંદ્રાબહેનને પુત્રની પ્રવૃત્તિઓની ખબર હોવાથી, તેમજ પુત્ર હવે સુમતિ સાથે લગ્ન નહીં કરે તેવી તેઓને ખાતરી થઈ ગઈ હતી તેથી પુત્રની વાતથી તેઓ જરા પણ હર્ષિત ન થયાં અને ચાવી પુત્ર તરફ ફેંકીને પુત્રને કહયું કે, "હું અને સુમી તારા બંગલામાં રહીશું તો તારી પત્ની કયાં રહેશે ?" એમ કહી તેઓએ પુત્રની સાથે દિલ્હી જવાની વાત ઠુકરાવી દીધી.

સુમતિ પણ સ્વમાની યુવતી છે તેણે પણ અનિલનો ત્યાગ કર્યો અને તેણે ચંદ્રાબહેનની સાથે રહેવાનો નિર્ણય કર્યો. તે બોલી, ''આપણે બહારના ઓરડામાં મારી લેબોરેટરી કરીશું ? મા, હું શું અહીં ન રહી શકું ? સંબંધો શું લોહી કે સગપણના આધારે જ ઘડાતા હશે ?'' ('બિલીપત્રનું ચોથુ પાન', 'બે સ્ત્રીઓ', પાના નં. ૭૮)

જેવી રીતે પતિનો વૈભવ ચંદ્રાબહેને આત્મગૌરવ જાળવવા ભરયુવાનીમાં છોડી દીધો હતો તેવી જ રીતે પુત્રના વૈભવશાળી બંગલાનો મોહ પણ તેઓએ છોડી દીધો, સુમતિએ પણ સ્વમાન ખાતર અનિલ સાથે સંબંધ તોડી નાંખ્યો. અનિલની સાથે દિલ્હીના બંગલામાં રહેવા ચંદ્રાબહેન કે સુમતિ બેમાંથી કોઈ ન ગયાં.

પુરુષ પ્રધાન સમાજમાં સદીઓથી સ્ત્રી પુરુષના અન્યાયનો શિકાર થતી આવી છે. સ્ત્રીનો પ્રેમ તથા તેના ત્યાગનો વિલાસી પુરુષો ઉપર કોઈ પ્રભાવ પડતો નથી. વિલાસીતામાં અંધ પુરુષ માટે માતા કે પત્નીનું કોઈ મૂલ્ય હોતું નથી.

સ્ત્રી જયારે પોતાનું સ્વમાન હણાતુ અનુભવે ત્યારે, પોતાના વિશ્વાસનો ભંગ પતિ કરી રહયો છે તેવું અનુભવે ત્યારે, તે આઘાત અનુભવે છે અને આત્મગૌરવપૂર્વક તેવો સંબંધ તે તોડી નાખે છે.

પુરુષના લગ્નેતર સંબંધને આધુનિક સ્ત્રી સ્વીકારતી નથી એ હકીકતની રજૂઆત આ નવલિકામાં કરવામાં આવી છે.

(૫) 'દરિયામાં નાવ' નવલિકાના મુખ્ય પાત્ર તરીકે 'પૂવી' છે. તે એક પ્રેમાળ પત્ની છે. પરંતુ તેને પતિના અન્ય સ્ત્રી સાથેના લગ્નેતર સંબંધની જયારે જાણ થઈ ત્યારે તેને પતિ પ્રત્યે સખત નફરત થઈ ગઈ.

તે દિવસે પૂર્વી લાંબા સમય સુધી નહાતી રહી. જાણે શરીરમાંથી ઘસી–ઘસીને પતિના સ્પર્શને કાઢી નાખતી ન હોય ! અને પોતાની પુત્રી પલાશને લઈને તેણે પતિનું ઘર છોડી દીધું.

ત્યારબાદ એક હોસ્પીટલમાં સુપરવાઈઝર તરીકે નોકરીએ રહી ગઈ. તે જ હોસ્પીટલમાં તેના પતિને હૃદયરોગના હુમલાની સારવાર માટે દાખલ કરવામાં આવેલા. સ્વસ્થ થયા પછી પતિએ તેની સાથે વાત કરવાના પ્રયત્નો કર્યા પરંતુ પૂર્વીએ તેની સાથે જરા પણ વાત ન કરી અને તેને ઓળખવાની જ ના પાડી દીધી.

પૂર્વી એક સ્વમાની સ્ત્રી છે. પતિએ તેના નિર્મળ પ્રેમનો બદલો બેવફાઈથી આપ્યો તેનો તેને આઘાત લાગ્યો છે, તેના પ્રત્યે તેને તિરસ્કાર ઉદ્‌ભવ્યો છે.

મોટાભાગે પતિ પત્ની પાસે એવી અપેક્ષા રાખતો હોય છે કે તેના લગ્નેતર સંબંધનો પત્ની સ્વીકાર કરી લે, ચલાવી લે. સ્ત્રી ઉપભોગની વસ્તુ હોય તેમ પતિ તેની સાથે વ્યવહાર કરે છે. અહીં પત્નીનો ગૌણ દરજ્જો વ્યકત થાય છે. પરંતુ આધુનિક શિક્ષિત સ્ત્રી પોતાના સ્વમાન અને વિશ્વાસના ભોગે પતિના લગ્નેતર સંબંધો ચલાવી લેતી નથી. તે તેના દરજજાના આત્મલક્ષી પાસાંમાં અને ભૂમિકામાં આવેલું પરિવર્તન ગણી શકાય.

(૬) 'બાવળનું ફુલ' નવલિકાની સુષમાની માતાને જયારે ખબર પડી કે તેના પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ છે ત્યારે અનેક વખત તેણે વિરોધ કર્યો હતો, તે માટે તેના પતિએ તેને અમાનુષી માર માર્યો હતો. એક દિવસ પતિએ તેને ઘરમાંથી ચાલ્યા જવાનું પણ કહી દીધું.

તે સ્વમાની સ્ત્રી પોતાના બધાં જ બાળકોને લઈને ઘર છોડી ચાલી નીકળી હતી. બાળકોને મોટા કરવામાં એકલા હાથે તેણે ઘણો સંઘર્ષ કર્યો, બહુ મુશ્કેલીઓ વેઠી, પરંતુ કદી પણ પતિ પાસે તેણે હાથ લાંબો કર્યો નહીં.

શ્રી વર્ષાબહેને સ્ત્રીના દરજજાના આત્મલક્ષી પાસામાં આવેલા પરિવર્તનને પુષ્પાબહેન, કેતકી, નંદિતાની માતા, ચંદ્રાબહેન, સુમતિ, પૂર્વી અને સુષમાની માતાના પાત્રો દ્વારા દર્શાવ્યું છે. આધુનિક યુગની સ્ત્રી પોતાના સ્વમાનને હાનિ થાય તેવું કશું સ્વીકારતી નથી. પતિના લગ્નેતર સંબંધો કે બીજા લગ્નને કારણે આ ૭ સ્ત્રી પાત્રો દઢ મન કરીને પતિનું ઘર છોડી કાં તો નીકળી ગયા છે અથવા પતિને છૂટાછેડા આપી દીધા છે અથવા પતિ સાથે વાત કરવાનું બંધ કરી દીધું છે.

## I આત્મસન્માન જાગૃત થતાં અધિકારપૂર્વક જીવન જીવવું :

આત્મસન્માન જાગૃત થતાં સ્ત્રી પરિસ્થિતિ સામે અને કુટુંબના સભ્યોની સામે અધિકારપૂર્વક અવાજ ઉઠાવી શકે છે. તે આધુનિક યુગનું લક્ષણ છે અને તેને સ્ત્રીના દરજજા–ભૂમિકામાં આવેલું પરિવર્તન ગણી શકાય.

અભ્યાસ હેઠળની ૩૦ નવલિકાઓમાંથી ૪ નવલિકાઓના ૪ સ્ત્રી પાત્રો આ પાસાંના ક્ષેત્રમાં સમાવિષ્ટ છે. જેમાં

| | નવલિકા | સ્ત્રી પાત્ર |
|---|---|---|
| (૧) | 'ગાંઠે બાંધ્યુ આકાશ' નવલિકા | રૂક્ષ્મણિબહેન |
| (૨) | 'ઘંટી' નવલિકા | હેમા |
| (૩) | 'શાંતિ' નવલિકા | શાંતિ |
| (૪) | 'એક જાત અસ્ત્રીની' નવલિકા | સ્મિતા |

નું આત્મસન્માન જાગૃત થતાં અધિકારપૂર્વક જીવન જીવવાનો પ્રયત્ન કરતા જોવા મળે છે. તેઓનો પરિચય તથા વિશ્લેષણ આ પ્રમાણે છે.

(૧) 'ગાંઠે બાંધ્યુ આકાશ' નવલિકાના રૂક્ષ્મણિબહેન ૧૪ વર્ષની વયે પરણીને આવ્યાં ત્યારથી પતિની જોહુકમી, અવહેલના, ઉપેક્ષા તથા તિરસ્કાર – અપમાનને સહન કરતાં રહયાં તેથી પતિનું મૃત્યુ થયું ત્યારે તેઓ જરા પણ રડયા નહીં.

પડોશના નયનાબહેનની સાથે એક સામાજિક સંસ્થામાં જવા લાગ્યા ત્યારે તેઓને ખ્યાલ આવ્યો કે દુનિયા કેટલી વિશાળ છે. પોતે તો આખી જિંદગી ઘરની ચાર દિવાલો વચ્ચે પતિથી ફફડતાં રહીને વિતાવી દીધી હતી.

પતિના મૃત્યુ પછી તેઓ પુત્ર અને પુત્રવધૂથી દબાતા અને ફફડતાં રહેતાં હતાં. તેઓ ઘરની બહાર જવા લાગતાં આત્મવિશ્વાસ જન્મ્યો, તેઓના પડોશી નયનાબહેને તેઓને પુત્ર–પુત્રવધૂથી દબાતા ન રહેવાનું, બેંકમાં પોતાનું સ્વતંત્ર ખાતુ રાખવાનું, અને પોતાના પતિના પૈસા સ્વમાનથી પોતાના માટે વાપરતા શીખવ્યું.

તેઓએ હિંમતપૂર્વક અને સ્વસ્થતાથી પુત્રને પોતાના નામે બેંકમાં ખાતુ ખોલવાનું કહી દીધુ, પુત્રવધૂ રોજ તેની નાની પુત્રી જૂઈની જવાબદારી રૂક્ષ્મણિબહેનને સોંપીને બહાર ચાલી જતી હતી તેથી રૂક્ષ્મણિબહેને પુત્રવધૂને કહી દીધું કે, ''જૂઈ શાળાએથી આવે ત્યારે તેને તારી જરૂર હોય મારી નહીં.''

આમ, રૂક્ષ્મણિબહેનનું આત્મસન્માન જાગૃત થતાં તેઓએ હિંમતપૂર્વક પુત્ર–પુત્રવધૂ સાથે વાતચીત કરવાનું અને માતા તરીકે પોતાના દરજજાનું ભાન કરાવવાનું શરૂ કર્યું.

(૨) 'ઘંટી' નવલિકાની હેમા પત્ની તરીકે પતિનું સતત કામ કરતી રહે છે, પતિથી ફફડતી રહે છે. પતિ હોસ્પીટલમાં પગના ફ્રેકચરના કારણે દાખલ થયેલ છે. પતિનો આગ્રહ છે કે દરરોજ હેમાએ ઘરનું ભોજન હોસ્પીટલમાં પહોંચાડવું. હેમા બન્ને પુત્રીઓને નિશાળે મોકલી, ભોજન બનાવી પતિને દરરોજ પહોંચાડે છે. પરંતુ પતિને હેમા ખૂબ કામ કરીને થાકી જાય છે અને તેને કમ્મરનો અસહય દુઃખાવો થાય છે તેની લેશમાત્ર પરવા નથી.

ઉપરાંત તેની નણંદ હોસ્પીટલમાં ભાઈની ખબર કાઢવા તેના સાસરેથી આવે છે ત્યારે તે ભાભી હેમાને કહે છે કે ભાઈને માટે પૌષ્ટિક ખોરાક, દૂધ વગેરે ઘરેથી લેતા આવજો જેથી ઝડપથી ભાઈ સાજા થઈ જાય.

નણંદ અને પતિ બન્નેને હેમાની તકલીફ અને મુશ્કેલીઓનો કોઈ અંદાજ જ નથી, તેઓ હેમાને માટે સહાનુભૂતિના બે શબ્દો પણ કહેતા નથી. તેથી હેમાના આત્મસન્માનને ઠેસ પહોંચે છે તેનું સ્વમાન જાગૃત થઈ જાય છે અને તે પતિ તથા નણંદને સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, ''કાલથી તમારે હોસ્પીટલનું ભોજન જમવાનું છે. કારણ કે કાલથી શિલ્પા (પુત્રી) ને યુનિટ ટેસ્ટ છે. સીમા (પુત્રી) ને ડ્રોઈંગ કોમ્પીટીશન છે, એટલે એ લોકોને તેડવા–મુકવાના સ્કૂલના ધકકા છે અને મને પણ કમ્મરની તકલીફ છે ને ! ચાલો ત્યારે હું જાઉં. તમે શીરો અને દૂધ ભાઈને માટે આપી જજો અને ભઈલાની ખબર કાઢતા રહેજો.'' ('ગાંઠે બાંધ્યુ આકાશ', 'ઘંટી', પાના નં. ૧૪૨)

આમ 'ઘંટી' નવલિકાની 'હેમા' નો પતિ તેની પાસેથી વધુ પડતી અપેક્ષા રાખે છે, અને પત્નીની શારીરિક–માનસિક તકલીફોની પ્રત્યે બેદરકારી દાખવે છે તે જાણીને હેમા પણ આત્મવિશ્વાસપૂર્વક પતિની પાસે પોતાની મુશ્કેલી રજૂ કરે છે, પોતાની પ્રત્યે પતિ બેદરકાર છે તે જાણીને હેમા પણ 'જેવા સાથે તેવા' બનવાનું નકકી કરે છે.

(૩) 'શાંતિ' નવલિકાની વિધવા પુત્રવધૂ 'શાંતિ' ની પાસે તેના સાસરિયા લોકો આખો દિવસ ઘરના કામ કરાવ્યા કરે છે. શાંતિ રસોઈ સારી બનાવી શકે છે. એક દિવસ તેની નણંદની બહેનપણીએ તેને કહયું કે તમે રસોઈ ઘણી સારી બનાવો છો તો 'ફુડ બિઝનેસ' શરૂ કરો. તેમાં ખૂબ કમાણી થઈ શકે છે. શાંતિની આંખો ખુલી ગઈ. તેણે વિચાર્યું કે પોતે તો સાસરિયામાં આશરો લેતી

બિચ્ચારી સ્ત્રી ગણાય છે. જે લોકોના કામ તે આખો દિવસ કર્યા કરે છે તે લોકો તેના સ્વજનો નથી તે જે ઘરમાં રહે છે તે ઘર તેનું નથી. તેની કોઈ કમાણી નથી. શાંતિને પોતાની પાસે પોતાના પૈસા ન હોવાનો રંજ થયો. તેણે પોતે કંઈક આર્થિક ઉપાર્જન કરવાનું નકકી કરી લીધું.

શાંતિનું આત્મસન્માન જાગૃત થયું. એક રાત્રીએ બધાંએ જમી લીધા પછી છેલ્લે વધ્યુ–ઘટયું ખાઈને તે ઉઠી ત્યારે તેના સાસુએ તેને કહયું કે આજે કામવાળી આવવાની નથી. દરરોજ તો શાંતિ મુંગા મોંએ કામ કરી લેતી હતી પણ તે દિવસે તેણે સ્વસ્થતાથી એઠી થાળી ચોકડીમાં મૂકી દીધી, રસોડાની બત્તી બંધ કરીને તે બહાર નીકળી ગઈ. તરત જ તેના સાસુએ તેને રસોડુ સાફ કરવા અને વાસણ સાફ કરવા કહયું તે વખતે દઢતાપૂર્વક શાંતિએ 'સવારે કામવાળી આવીને કરશે' એવો જવાબ આપી દીધો. જે તેના સાસુ માટે આશ્ચર્યની ઘટના હતી. શાંતિ સ્વસ્થતાથી દિવાનખાનામાં જયાં તેના જેઠાણી અને ઘરના અન્ય સભ્યો ટેલિવિઝનનો કાર્યક્રમ જોતા હતાં ત્યાં આવીને બેસી ગઈ.

શાંતિએ જેઠાણીને કહયું કે મારે સવારે બહાર જવું છે. તમે તો ઘરે હશો જ ને ? હું મોડેથી ઘરે આવીશ અને જેઠને કહયું કે ટેલિવિઝનનો અવાજ જરા મોટો કરો. સરસ કાર્યક્રમ આવે છે. અને તે આજુબાજુ જોયા વિના શાંતિથી કાર્યક્રમ જોવા લાગી.

શાંતિ હંમેશા ઘરકામ જ કર્યા કરતી બીજા સભ્યો તેને કામ સોંપ્યા કરતાં. કદીપણ તેણે નિરાંતે બીજા સભ્યોની જેમ ટેલિવિઝનનો કાર્યક્રમ જોયો ન હતો.

પ્રસ્તુત નવલિકામાં શાંતિનું આત્મસન્માન જાગૃત થતાં, આખી જિંદગી તેણે બીજાઓ માટે કામનો ઢસરડો જ કર્યો છે તે સમજાઈ જતાં તેણે જાગૃત થઈને કુટુંબના સભ્ય તરીકે પોતાનો પણ ઘરમાં અધિકારપૂર્વક રહેવાનો, મનોરંજન મેળવવાનો બધાની સમકક્ષ હક છે તે પોતાના વર્તનથી જણાવ્યું.

જયાં સુધી સ્ત્રી પોતે દબાયેલી, કચડાયેલી રહે અને પોતાના અધિકારો માટે પોતે જયાં સુધી જાગૃત ન થાય ત્યાં સુધી તેની પાસે કુટુંબના સભ્યો સેવા કરાવ્યા જ કરે. સ્ત્રીએ તે માટે જાગૃત થવું જ પડે તો જ તેને તે હક મળે, અન્યથા નહીં તે બાબતને પુષ્ટિ રૂક્ષ્મણિબહેન, હેમા તથા શાંતિના પાત્રો દ્વારા મળે છે.

(૪) 'એક જાત અસ્ત્રીની' નવલિકામાં મુખ્ય પાત્ર તરીકે સ્મિતા વ્યવસાયી મહિલા છે, ઉચ્ચ–મધ્યમ વર્ગની છે. તેને પતિએ મારકૂટ કરી છે તથા તેના ઘરે કામ કરવા આવતી લક્ષ્મી નામની સ્ત્રીને પણ પતિએ મારી છે. તેથી નવલિકાના અંતમાં સ્મિતા લક્ષ્મીને કહે છે કે, ''લક્ષ્મી ચાલ મારા ઘરે. હવેથી મારી સાથે રહેજે. બહુ ડરી લીધું. કશોક રસ્તો કાઢીશું. પોલીસમાં કે કોઈ સંસ્થામાં ફરિયાદ કરશું.'' ('અનુરાધા', 'એક જાત અસ્ત્રીની', પાના નં. ૧૮૨)

શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓમાં પોતાનું આત્મસન્માન જાગૃત થતાં સ્ત્રી પરિસ્થિતિ સામે અને કુટુંબના સભ્યોની સામે અધિકારપૂર્વક અવાજ ઉઠાવીને 'નારી ચેતના' અને 'નારી જાગૃતિ' ની મશાલ જગાવે છે.

રૂક્ષ્મણિબહેન, હેમા, શાંતિ અને સ્મિતાના પાત્રો દ્વારા તેઓએ સ્ત્રીના અધિકારપ્રાપ્તિના પ્રયત્નો દર્શાવ્યા છે. જે સ્ત્રીના સામાજિક દરજ્જાના આત્મલક્ષી પાસાંમાં પરિવર્તન સૂચવે છે; તેમજ સ્વતંત્રતા અને સમાનતા પ્રાપ્તિ માટેના તથા પરંપરાગત ભૂમિકામાં પરિવર્તન માટેના સ્ત્રીના પ્રયત્નો સૂચવે છે.

## I શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું :

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી ભારતમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે. સામાજિક પરિવર્તનના ખ્યાલ સાથે શિક્ષણમાં કેટલાક પ્રગતિશીલ વિચારો અને મૂલ્યોને આવરી લેવાયાં છે. સ્વતંત્રતા પછી શરૂઆતમાં સ્ત્રી શિક્ષણની ગતિ ધીમી હતી. પરંતુ શહેરી વિસ્તારોમાં, ખાસ કરીને મોટા શહેરોમાં ઉચ્ચ જ્ઞાતિ અને ઉચ્ચ વર્ગમાં સ્ત્રી શિક્ષણની શરૂઆત સારી રહી છે.

સ્ત્રી શિક્ષણનો વેગ વધારવા સ્ત્રી શિક્ષકો માટે ખાસ તાલીમ કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી અને સ્ત્રી શિક્ષકોની ઉપલબ્ધિ સરળ બનાવાઈ, ઉપરાંત લગ્નવયમાં વધારો કરતો કાયદો, દેશભરમાં શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના, શહેરીકરણ, ઔદ્યોગીકરણ અને લગ્નની બજારમાં શિક્ષિત કન્યાઓની માંગ જેવા કારણોસર સ્ત્રી શિક્ષણમાં ૧૯૫૧થી સતત વધારો નોંધાયો છે. જે કોષ્ટક નં.–૩ ઉપરથી સ્પષ્ટ થઈ શકે છે.

## કોષ્ટક નં. – ૩
## સ્ત્રી શિક્ષણ ટકાવારીમાં[૩] (૧૯૫૧ થી ૨૦૦૧)

| ક્રમ | વર્ષ | સ્ત્રી શિક્ષણની ટકાવારી | નોંધ : ક્રમ ૧ થી ૫ સંદર્ભ – ૩ પ્રમાણે અને ક્રમ – ૬નો સંદર્ભ આ પમાણે છે : |
|---|---|---|---|
| ૧ | ૧૯૫૧ | ૦૭.૯૩% | Bureau of the Census, (2001), Census of India, Government of India, Publications Division, Delhi. |
| ૨ | ૧૯૬૧ | ૧૨.૯૫% | |
| ૩ | ૧૯૭૧ | ૧૮.૬૯% | |
| ૪ | ૧૯૮૧ | ૨૪.૮૮% | |
| ૫ | ૧૯૯૧ | ૩૯.૩% | |
| *૬ | ૨૦૦૧ | ૫૪.૨% | |

કોષ્ટક–૩માંથી ઉત્તરોત્તર સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ વધતુ ગયુ છે તે જાણવા મળે છે. ૧૯૯૧માં સ્ત્રી શિક્ષણની ટકાવારી ૩૯.૩% હતી જે ૨૦૦૧ની વસ્તીગણતરીના આંકડા પ્રમાણે વધીને ૫૪.૨% જેટલી થઈ છે.

સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધ્યો છે તેની સાથે સ્ત્રીઓના વિચારોમાં અને તેઓની સ્વતંત્રતા તથા સમાનતા પ્રાપ્તિની જાગૃત પ્રવૃત્તિઓ પણ વધતી જઈ રહી છે.

માતાપિતા પુત્રીનો ઉછેર એક 'વ્યકિત' તરીકે કરતાં થયાં છે. પુત્રીને સ્વતંત્ર રીતે વિચારોની અભિવ્યકિતની તક આધુનિક ભારતમાં કુટુંબોમાં આપવામાં આવે છે તે તેના સામાજિક દરજજામાં પરિવર્તન સૂચવે છે.

જો કે કુટુંબમાં પુત્રીના સ્વાંગી વિકાસમાં મદદરૂપ થતા હોય તેવા માતાપિતા કે અન્ય સગાંઓ અભ્યાસ હેઠળની ૩૦ નવલિકાઓના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૧૧ સ્ત્રી પાત્રો પ્રાપ્ત થયાં છે. તે એમ દર્શાવે છે કે કુટુંબમાં સ્ત્રીના સર્વાંગી વિકાસની મંઝિલ હજુ ઘણી દૂર છે, છતાં ચિત્ર આશાસ્પદ છે.

શ્રી વર્ષા અડાલજાની પસંદ કરવામાં આવેલી ૩૦ નવલિકાઓમાંથી પાંચ નવલિકાઓના પાંચ સ્ત્રી પાત્રો કુટુંબના સહકારથી શિક્ષિત થઈ શકયા છે અને તેઓના વ્યકિતત્વનો યોગ્ય વિકાસ થઈ શકયો છે. જેઓનો પરિચય આ પ્રમાણે આપી શકાય :

---

૩. ડૉ. શાહ કલ્પના, **સ્ત્રીનો બદલાતો દરજજો અને ભૂમિકા**, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ, ૧૯૯૭, પાના નં.–૪૭.

| | નવલિકા | સ્ત્રી પાત્ર |
|---|---|---|
| (૧) | 'અનુરાધા' નવલિકા | અનુરાધા |
| (૨) | 'કોઈ અજાણ્યા પ્રદેશની સફર' નવલિકા | રત્ના |
| (૩) | 'સાતવારની હોડી' નવલિકા | નંદિતા |
| (૪) | 'રીતુ નામની એક છોકરી' નવલિકા | રીતુ |
| (૫) | 'બટમોગરો' નવલિકા | શશી |

(૧) 'અનુરાધા' નવલિકાની 'અનુરાધા' એ માનસશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. તેના સર્વાંગી વિકાસમાં તેના પિતાએ સહયોગ આપ્યો છે. અનુરાધાએ પોતે પોતાની કમાણીમાંથી મકાન લીધું છે.

અનુરાધા શિક્ષિત હોવાથી પોતાના જીવનનો નિર્ણય પોતે કરે છે. એક ઉચ્ચશિક્ષિત – ડૉકટર યુવકને તેણે તેના રૂઢિચુસ્ત વિચારોના કારણે લગ્નના પાત્ર તરીકે ના પાડી દીધી હતી, અને હજુ સુધી તેના 'સ્વતંત્ર અસ્તિત્વને' સ્વીકારી શકે તેવું પાત્ર નથી મળ્યું તેથી તે અપરિણીત રહી છે.

અનુરાધા તેની વિદ્યાર્થિનીઓને પણ તેઓનું એક 'વ્યકિત' તરીકેનું અસ્તિત્વ ભૂંસાઈ ન જાય તેવું જીવન જીવવાનું શીખવે છે. તે વિદ્યાર્થિનીઓના અરમાનો અને મહત્વાકાંક્ષાઓ જગાવવાનો પ્રયત્ન કરે છે અને પરિણીત જીવનમાં પોતાનું અસ્તિત્વ જ ન રહે તેમ ઓગળી ન જતાં જીવનનો એક ટુકડો પોતાની પાસે અનામત રાખવો જેની ઉપર બીજા કોઈનો હકક ન હોય તે રીતે જીવન જીવવાનું શીખવે છે.

અનુરાધા કોલેજમાં અભ્યાસ કરતી હતી ત્યારે તેની માતા તેને ઝડપથી પરણાવી દેવા ઈચ્છતી હતી તે વખતે તેના પિતાએ તેને કહયું હતું કે, ''જો બેટા, લગ્ન કરવા ખાતર કદી ન કરતી. જેની સાથે મનમેળ થાય એની સાથે જ લગ્ન કરજે. જિંદગી ખૂબ મૂલ્યવાન છે. એને વેડફી નહીં દેતી.'' ('સાંજને ઉંબરે', 'અનુરાધા', પાના નં. ૩૮)

'અનુરાધા' ના પાત્ર દ્વારા સ્ત્રી શિક્ષણના કારણે સ્ત્રીના વ્યકિતત્વમાં કેવું પરિવર્તન આવે છે તે જાણવા મળે છે. તેના પિતા પણ પુત્રીને સ્વતંત્રતાની હવામાં શ્વાસ લેવા દેતા હતા.

આમ, જો કુટુંબમાં માતાપિતા પુત્રીઓને યોગ્ય વાતાવરણ પૂરું પાડે તો તેઓના વ્યકિતત્વનો સર્વાંગી વિકાસ થઈ શકે. તે બાબત લેખિકાએ દર્શાવી છે.

(૨) 'રત્ના' નું પાત્ર 'કોઈ અજાણ્યા પ્રદેશની સફર' નવલિકામાં છે.

રત્ના પણ ઉચ્ચશિક્ષણ લઈને કોલેજમાં 'માનસશાસ્ત્ર' ના વ્યાખ્યાતા તરીકે વ્યવસાય કરે છે. તેની વિચારધારા આધુનિક છે. તેની બાળપણની બહેનપણી શીલા એક વખત તેને રસ્તામાં મળી ગઈ તે એક આદર્શ ગૃહિણી બની ગઈ છે તેથી રત્નાનો પહેરવેશ અને મુકત હાસ્યથી તે નવાઈ પામે છે અને રત્નાને પૂછે છે કે તારા લગ્ન થઈ ગયા કે નહીં ? રત્ના તેના જવાબમાં ખડખડાટ હસતા કહે છે કે,

''હજી તો મને ચોવીસ વર્ષ જ થયાં છે. મારી પસંદગીનો યોગ્ય છોકરો મળશે તો પરણી જઈશ. ત્યાં સુધી બસ ફકકડરામ. હમણાં તો હું ફોટોગ્રાફી શીખું છું અને ગયા વર્ષે છ મહિના માટે સ્કોલરશીપ પર જર્મની ગઈ હતી.'' ('સાંજને ઉંબરે', 'કોઈ અજાણ્યા પ્રદેશની સફર', પાના નં. ૭૦)

રત્ના અને શીલા બન્ને શાળાના સમયની બહેનપણીઓ છે પરંતુ શીલાનો અભ્યાસ તેના માતાપિતાએ અધવચ્ચેથી છોડાવી દઈને તેને પ્રતિષ્ઠિત કુટુંબમાં પરણાવી દીધી છે, જયારે રત્નાનો અભ્યાસ પૂરો થઈ શકયો છે અને શિક્ષણની મદદથી તે આર્થિક રીતે સ્વાવલંબી બની શકી છે, તેના વિચારો પ્રગતિશીલ છે.

(૩) 'નંદિતા' નું પાત્ર 'સાતવારની હોડી' નવલિકામાં છે.

નંદિતા ખૂબ જ ધનાઢય પિતાની લાડકી પુત્રી છે. તેણે ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે. અને દુનિયાનો પ્રત્યક્ષ અનુભવ મેળવવા માટે ઘરમાં હઠ કરીને કલકત્તાથી બહારગામ નોકરી માટે એકલી આવીને રહે છે. તે એક એડ. કંપનીમાં વિજયુલાઈઝર તરીકે નોકરી કરે છે.

તેની પડોશમાં એક આદર્શ ગૃહિણી સુજાતા રહે છે. સુજાતાને નંદિતા સાવ બગડી ગયેલી યુવતી લાગે છે. કારણ કે નંદિતાની દિનચર્યા બિલકુલ અનિયમિત છે. ગમે ત્યારે ઉઠવું, ગમે ત્યારે સૂવું, મોટા અવાજથી સંગીત સાંભળવું, પોતાના ઘરે આખી રાત્રી મિત્રોને બોલાવીને સંગીત પાર્ટી રાખવી, જેમાં યુવતીઓ કરતાં યુવકોની સંખ્યા વધારે હોય !

સુજાતા અને પડોશની અન્ય સ્ત્રીઓ, જેઓ સમાજે સ્ત્રી માટે નકકી કરેલા નિશ્ચિત ચોકઠામાં ગૃહિણી તરીકે અને પતિ નામની ધરીની આસપાસ ફર્યા કરે છે તેઓ નંદિતાની ટીકા કરે છે.

નંદિતાને તેઓની ટીકાની કોઈ જ પડી નથી તે તો પોતાની મસ્તીમાં જીવે છે.

સ્ત્રી ઉચ્ચ શિક્ષણ મેળવે તો પુરુષની સમકક્ષ સ્વતંત્રતા અને સમાનતા માટે પ્રયત્ન કરે છે. કુટુંબમાં માતા–પિતા અને અન્ય સભ્યો જો તેને સહકાર આપે તો એક 'પૂર્ણ વિકસિત, વિચારશીલ વ્યકિત' તરીકે સ્ત્રીનું સર્જન થઈ શકે છે. તેવું લેખિકા જણાવવા ઈચ્છે છે.

આધુનિક યુગમાં ઘણી સ્ત્રીઓને શિક્ષણનો લાભ મળ્યો છે જે તેના દરજજા અને ભૂમિકામાં પરિવર્તન સૂચવે છે.

(૪) 'રીતુ' નું પાત્ર 'રીતુ નામની એક છોકરી' નવલિકામાં છે.

રીતુ માતાપિતા, ભાઈ–ભાભી તથા દાદાજીની લાડકી પુત્રી છે. તે બી.એસસી. ના ડિગ્રી કોર્સના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. તેને લગ્ન, ઘર, રસોઈ, એવી એકધારી જિંદગી જીવવી નથી. તેનો ઉછેર સ્વતંત્રતાવાળા કૌટુંબિક વાતાવરણમાં થયો છે. તેની કોલેજની બહેનપણીઓ જયારે કૂકીંગ કલાસ, મહેંદીના કલાસ, થમ્સઅપ, પરદેશનો મૂરતીયો વગેરે વાતો કરતી હોય; ત્યારે રીતુને ઝાંસીની રાણીની જેમ પોતાના અધિકાર માટે લડવું, કુ. બચેન્દ્રીપાલની જેમ એવરેસ્ટ શિખર સર કરવું, અવકાશયાત્રી બનવું, વૈજ્ઞાનિક બનીને નવા સંશોધનો કરવા વગેરે જીવનમાં કંઈક વિશિષ્ટ પ્રવૃત્તિ કરવી છે. તેને ભણવાનો શોખ છે, તેના રસરુચિ સામાન્ય યુવતીઓ કરતાં જુદાં છે. તે હંમેશા ઉચ્ચ સપનાઓ જોયા કરે છે.

જયારે બહેનપણીઓ વરને ખુશ કરવા વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ શીખવાનું કહે છે ત્યારે રીતુ કહે છે કે, ''ખુશ કરવો પડે એવા વરને હું પરણીશ જ નહીં, ખુશ કરવો પડે તેવો વર મને ન ગમે.'' ('એંધાણી', 'રીતુ નામની એક છોકરી', પાના નં. ૫૯)

શિક્ષણ અને કુટુંબનું સ્વતંત્રતાવાળું વાતાવરણ સ્ત્રીના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થાય છે અને તેના દરજજા અને ભૂમિકામાં પરિવર્તન લાવે છે, જે 'રીતુ' ના પાત્ર દ્વારા પણ સ્પષ્ટ થાય છે.

(૫) 'બટમોગરો' નવલિકામાં મુખ્ય સ્ત્રી પાત્ર તરીકે 'શશી' છે.

તેણે ઈતિહાસ–ભૂગોળ સાથે બી.એ. સુધીનો અભ્યાસ પોતાના ગામમાં જ કર્યો છે. તેના કુટુંબમાં તે અને તેની માતા બે જ સભ્યો છે. તેની માતા પણ શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે.

બી.એ. પછી આગળ અભ્યાસની તેના ગામમાં વ્યવસ્થા નથી તેથી શશીની બા ઈચ્છે છે કે તેની પુત્રી વડોદરા હોસ્ટેલમાં રહીને એમ.એ., બી.એડ., સાથે બીજા એક બે ડિપ્લોમાનો અભ્યાસ કરે. પરંતુ શશી બાને એકલી મૂકીને જવા તૈયાર નથી. પરંતુ બા તેને સમજાવે છે કે, "મારું જીવન તો ખાબોચિયામાં ગયું. નાનું શહેર, જૂની નોકરી. પણ તારે શું કામ જૂના ચીલે ચાલવું ? નવું નવું ભણવાની, આગળ વધવાની તક છે ત્યાં મોટા શહેરમાં. ને જો બેટા, તને જીવનમાં સાથ આપે તેવો યુવાન ત્યાં મળવાની તક પણ વધુ. બાકી ..... તું ..... મારું જીવન કયાં જોતી નથી ?" ('ગાંઠે બાંધ્યુ આકાશ', 'બટમોગરો', પાના નં. ૬૪–૬૫)

પ્રસ્તુત નવલિકામાં માતા પોતાની પુત્રી ઉચ્ચ શિક્ષણ મેળવીને જીવનમાં પ્રગતિ કરે તેવું ઈચ્છી રહી છે.

શિક્ષણની મદદથી પ્રગતિ કરી શકાય તે અંગે સ્ત્રીને કુટુંબના સભ્યો સહકાર અને પ્રોત્સાહન આપતાં હોય તેવુ આધુનિક યુગમાં જોવા મળે છે. તે સ્ત્રીના દરજજા અને ભૂમિકામાં આવેલું પરિવર્તન સૂચવે છે. સ્ત્રી શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરી શકે છે તે બાબતને અભ્યાસ હેઠળની નવલિકાઓ – અનુરાધા, કોઈ અજાણ્યા પ્રદેશની સફર, સાતવારની હોડી, રીતુ નામની એક છોકરી અને બટમોગરો – ના સ્ત્રી પાત્રો અનુરાધા, રત્ના, નંદિતા, રીતુ અને શશી તથા તેની માતાના પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ દ્વારા સમર્થન મળે છે.

## I આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવન જીવવું :

સ્ત્રીનું આર્થિક સ્વાવલંબન તેનામાં આત્મવિશ્વાસ જન્માવે છે, તે જીવનની મુશ્કેલીઓનો સામનો કરી શકે છે અને પરંપરાગત વિચાર ધરાવતા વડીલો અને સમાજના લોકોને પણ પોતાને 'વ્યકિત' તરીકે સ્વીકારવા સમજાવી શકે છે. આ અભ્યાસના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રીઓ વ્યવસાય કરી રહી છે.

તેમાંથી ૧૨ સ્ત્રી પાત્રો જ ખુમારીપૂર્વક આર્થિક સ્વાવલંબનવાળું જીવન જીવે છે. બાકીના ૧૬ સ્ત્રી પાત્રો કુટુંબની આર્થિક મુશ્કેલીમાં મદદરૂપ થવા માટે વ્યવસાય કરી રહયાં છે.

અભ્યાસ હેઠળની નવલિકા 'કૂંડાળામાં પગ' ની 'લતા' નોકરી કરીને મધ્યમવર્ગના પિતાને ઘરના સભ્યોનું ગુજરાન ચલાવવામાં મદદરૂપ થાય છે. છતાં પણ તેની માતા તેના ઝડપથી ગમે ત્યાં લગ્ન કરી દેવા ઈચ્છે છે કારણ કે તેની પછી બીજી બે નાની બહેનો પણ યુવાન થઈ ગઈ છે અને મોટીબહેનના લગ્ન થાય પછી જ નાની બહેનોના લગ્ન થઈ શકે તેવા સમાજમાં રિવાજ છે.

પરંતુ લતા બાને સમજાવે છે કે, ''શું ગમે તેને સોંપી દેવા જ તેં મને મોટી કરી છે, બા ? આખી જિંદગીનો સવાલ હોય ત્યાં આંધળો ભરોસો હું ન રાખુ. પારકે ઘરે ખાલી કામ કરવા અને કમાઈને ખવડાવવા જ જવાનું હોય તો લગ્નનો કોઈ અર્થ નથી. હું મારા માટે અને તારા માટે ન કમાઉં બા ?'' ('બીલીપત્રનું ચોથુ પાન', 'કૂંડાળામાં પગ', પાના નં. ૯૦–૯૧)

અહીં 'લતા'ના પાત્ર દ્વારા શિક્ષણ અને આર્થિક સ્વાવલંબન સ્ત્રીમાં કેવો આત્મવિશ્વાસ અને આત્મસન્માન ઉત્પન્ન કરે છે તે દર્શાવાયું છે. આર્થિક સ્વાવલંબનના કારણે પુરુષની તાબેદારીમાંથી મુકત થવાની તેને તક મળે છે. તે સ્વમાનભેર પોતાનું જીવન જીવી શકે છે, પોતાને થતાં અન્યાયોનો મુકાબલો કરવા સમર્થ બની શકે છે.

સ્ત્રી શિક્ષણની અને આર્થિક આત્મનિર્ભરતાની જયારે તેને તક નહોતી મળતી ત્યારે તેના જીવનનો સમગ્ર આધાર પતિ ઉપર રહેતો, તેણે તે કારણે કુટુંબમાં દબાયેલા અને શોષાયેલા રહેવું પડતું, પોતાના સ્વમાનનો ભોગ આપવો પડતો. અને આર્થિક સ્વાવલંબન દ્વારા સ્ત્રીને ભાવિ જીવનની ચિંતામાંથી મુકિત મળી છે. તેનો આર્થિક, સામાજિક અને કૌટુંબિક દરજજો ઉંચો આવ્યો છે.

જો કે વસતી પત્રકના આંકડાના આધારે કહી શકાય કે દેશની રોજગારી કરતી સ્ત્રીઓના ૯૪ ટકા સ્ત્રીઓ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. ફકત ૬ ટકા સ્ત્રીઓ જ પ્રમાણમાં સલામત અને ઓછી અસમાનતાવાળી સંગઠિત ક્ષેત્રની નોકરીઓમાં છે. આર્થિક ક્ષેત્રે સ્ત્રીઓની ભાગીદારીનું સ્વરૂપ તપાસતા માલૂમ પડે છે કે, એમને બહું ઓછો સમય આરામ માટે કે તેમની વ્યાવસાયિક કુશળતા વધારવા માટે મળે છે. ઘરકામ, બાળઉછેર, પતિસંભાળ તથા સાસરિયા લોકોની સેવા કરતા–કરતાં નોકરી કે વ્યવસાય કરવો તે બેવડી ભૂમિકા છે. તેના કારણે સ્ત્રી ભૂમિકા–સંઘર્ષ અનુભવે છે. જે સ્ત્રીને શારીરિક અને માનસિક રીતે થકવી નાખે છે.

છતાં આધુનિક યુગની સ્ત્રીએ જે–જે વ્યાવસાયિક ક્ષેત્રમાં પુરુષ કામ કરે છે તે–તે દરેક ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે, અને કુશળતાપૂર્વક પોતાની ભૂમિકા તે ભજવે છે. "સ્ત્રીની ભૂમિકા ઘરની ચાર દિવાલોની અંદર જ સીમિત છે" તેવો પરંપરાગત ખ્યાલ આધુનિક સમયમાં બદલાવા લાગ્યો છે. મધ્યમવર્ગના શિક્ષિત કુટુંબોમાં સ્ત્રીઓની વ્યાવસાયિક ભૂમિકાને પ્રોત્સાહન આપવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધન હેઠળની ૩૦ નવલિકાઓના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રી પાત્રો કોઈને કોઈ વ્યવસાયમાં જોડાયેલા છે.

વ્યવસાય કરતી સ્ત્રી સ્વતંત્ર વિચારધારા ધરાવતી હોય છે. તે વિચારે છે કે લગ્ન ત્યારે જ કરાય જયારે પૂરેપૂરું શિક્ષણ લઈ લીધુ હોય, પોતે આર્થિક રીતે પગભર હોય અને સુપાત્ર યુવક મળે ; અન્યથા દુઃખી થવા અને પતિ–સાસરિયાઓની તાબેદારી માટે તો લગ્ન ન જ કરવા.

## I શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય તેવા સ્ત્રી પાત્રના વિજાતીય પાત્ર પ્રત્યેના વલણમાં પરિવર્તન :

'ડ્રીમલેન્ડ' નવલિકાની કાનન માતાપિતા તથા દાદીમાની લાડકી પુત્રી છે. તેણે ઉચ્ચ અભ્યાસ કર્યો છે અને શોખ ખાતર નોકરી સ્વીકારે છે. પરંતુ તેના પિતાનું અવસાન થતાં શોખથી સ્વીકારેલી નોકરી કુટુંબના ગુજરાનનું માધ્યમ બની જાય છે, ધીમે–ધીમે તે અધિકારી બની જાય છે. પરંતુ પાંત્રીસ વર્ષની ઉંમર સુધી તે અપરિણીત છે. કારણ કે પિતાનું અવસાન થતાં ઘરની જવાબદારી તેની ઉપર છે. માતા અને દાદીમા તેના આધારે જીવે છે. આમ, કુટુંબના સભ્યો પ્રત્યે ફરજ બજાવતાં તેની લગ્નની ઉંમર વીતી ગઈ. હવે યોગ્ય પાત્ર મળવું મુશ્કેલ છે.

કાનનની બદલી પ્રમોશન સાથે દૂરના શહેરમાં થઈ. તેની પડોશમાં એક સિંઘ નામનો ઓફિસર એકલો રહેતો હતો, તેના કુટુંબીજનો તેના ગામ રહેતા હતા.

કાનનને શરૂઆતમાં સિંઘસાહેબનો દેખાવ અને રીતભાત ઉપર સૂગ ચડતી હતી. પરંતુ ધીમે–ધીમે કાનન સિંઘસાહેબ સાથેની દોસ્તી સ્વીકારી લે છે. કારણ કે તે ઈચ્છતી હતી કે કોઈ પુરુષ તેને સાથ આપે, પ્રેમ અને સંભાળ રાખે. તેને એકલતા સતાવતી હતી. તેથી તે સિંઘસાહેબ સાથે પત્તાં રમવા, સાથે જમવું અને સાથે રાત્રે ફિલ્મ જોવા જવાનું શરૂ કરે છે. જો કે સિંઘ તેને પસંદ ન હતો પરંતુ કોઈ જ ન હોય તેના કરતાં ગમે તેવો મિત્ર હોય તો સ્વીકારી લેવા માટે તેનું મન તેને દબાણ કરતું હતું.

'કાનન' ના પાત્ર દ્વારા વ્યવસાય કરતી અને મોટી ઉંમર સુધી અપરિણીત રહેલી સ્ત્રીના વલણમાં અને વર્તનમાં આવેલું પરિવર્તન દર્શાવવામાં આવ્યું છે. કાનનને શરૂઆતમાં તે પુરુષ સાથે વાતચીત કરતાં સંકોચ થતો હતો પરંતુ ધીમે–ધીમે તેના વ્યવહારમાં ફેરફાર થયો છે.

આર્થિક આત્મનિર્ભરતાને પરીણામે સ્ત્રીઓ સ્વમાની બની છે, જૂના રૂઢિવાદી મૂલ્યોને છોડીને આધુનિક મૂલ્યો સ્વીકારતી થઈ છે. સ્ત્રી હવે પુરુષની તાબેદારી, પતિસેવા, અને કુટુંબના સાસુ–સસરાની સત્તાને બદલે સ્વતંત્રતા, સમાનતા, ઉદારમતવાદ, સ્વપસંદગીના લગ્ન, પુખ્તવયે લગ્ન વગેરે નવા મૂલ્યો અપનાવવા લાગી છે. પુરુષમિત્ર સાથે દોસ્તી રાખવામાં હવે તેને કોઈ સંકોચ રહયો નથી. તેવું પ્રથમ દ્રષ્ટિએ જણાય.

પરંતુ પ્રસ્તુત સંશોધન હેઠળની ૩૦ નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી માત્ર ૧ સ્ત્રી જ વિજાતીય મૈત્રી રાખતી જોવા મળી છે જે પ્રમાણ નહિવત્ છે. આધુનિક યુગમાં પણ સ્ત્રીઓ જાતીય પવિત્રતાના મૂલ્યને સ્વીકારે છે . ઉચ્ચશિક્ષણ મેળવ્યું હોય અને આર્થિક રીતે આત્મનિર્ભર હોય તેવી મોટી ઉંમર સુધી અપરિણીત રહેલી આધુનિક યુગની સ્ત્રીઓ પણ વિજાતીય મૈત્રી કે લગ્ન પહેલાના જાતીય સંબંધો રાખતી નથી. પ્રાચીનકાળથી સ્ત્રીને માટે ભારતીય સમાજે નકકી કરેલા ધોરણો અને આદર્શોમાં આધુનિક યુગમાં નહિવત્ પરિવર્તન આવ્યું છે તેવું આ અભ્યાસમાંથી જાણવા મળે છે.

ઉપરાંત સ્ત્રી ઉચ્ચ શિક્ષિત હોય, ઉચ્ચ વ્યવસાયમાં અધિકારી તરીકે હોય તો પણ પુરુષ કરતાં તો તેનો દરજજો દ્વિતીય કક્ષાનો જ છે તેવું આ નવલિકામાં સિંઘના કાનન સાથેના સંવાદ ઉપરથી સાબિત થાય છે.

સિંઘ કહે છે, ''ગુસ્તાખી માફ. મૈંને સોચા ઓફિસર આ રહા હૈ – મતલબ કોઈ આદમી આયેગા. કંપની રહેગી. આઈ એમ સોરી.''

તેના જવાબમાં કાનન તેને કહે છે, ''આપ સોરી ઈસ લિયે હૈ કિ મૈં સ્ત્રી હૂં ?'' ('બિલીપત્રનું ચોથુ પાન', 'ડ્રીમલેન્ડ', પાના નં. ૨૨૫)

ઉપરોકત સંવાદથી સ્પષ્ટ થાય છે કે ઓફિસર તો પુરુષ જ હોઈ શકે, એક 'સ્ત્રી ઓફીસર હોય' તેને ઉચ્ચ શિક્ષિત લોકો પણ ઝડપથી નથી સ્વીકારી શકતા, આશ્ચર્ય અનુભવે છે !! આમ, ભારતીય સમાજમાં આજે પણ સ્ત્રીઓનો દરજજો પુરુષો કરતા નિમ્નકક્ષાનો છે તે નવલિકામાંથી સિધ્ધ થાય છે.

## (E) સ્ત્રીઓ દ્વારા અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ :

પ્રાચીન કે મધ્યયુગમાં સ્ત્રી પોતાની ઉપર થતાં અત્યાચારનો જવાબ આપી શકતી નહીં. આધુનિક યુગમાં સ્ત્રી અત્યાચાર કે અપમાનનો સામનો કરતી થઈ છે.

પતિ કે સાસરિયાનો ત્રાસ સહન ન થાય ત્યારે કોર્ટમાં અરજી કરીને તે લગ્નનો અંત લાવી શકે છે, પતિનું ઘર છોડી દે છે, કયારેક તો અસહય શારીરિક–માનસિક ત્રાસ ગુજારતા પતિની હત્યા પણ તે વિદ્રોહિણી બનીને કરી નાખતા અચકાતી નથી. બદલો લેવામાં અને પ્રેમ કરવામાં તે પુરુષથી ઘણી આગળ નીકળી ગઈ છે.

પતિની પ્રાથમિક ફરજ અને જવાબદારી તેની પત્નીને પ્રેમ અને રક્ષણ પૂરું પાડવાની છે. જે પુરુષ ઉપર સ્ત્રીએ વિશ્વાસ મૂકયો હોય, પોતાનું જીવન સમર્પિત કર્યું હોય, શકય તેટલી સેવા પૂરી પાડતી હોય તે જ પુરુષ જયારે તેને મારકૂટ કરે, લગ્નેતર સંબંધો રાખીને પત્નીની અવહેલના કરે, માનસિક ત્રાસ આપે, જાતીય અત્યાચાર કરે, સ્ત્રી મૃતઃ પ્રાય થઈ જાય તે હદે તેને શારીરિક ત્રાસ આપે તેવી ઘટનાઓ આધુનિક યુગમાં પણ ભારતમાં બનતી રહે છે.

સ્ત્રીઓ આધુનિક યુગમાં પણ કુટુંબીજનો દ્વારા આચરવામાં આવતા શારીરિક–માનસિક ત્રાસ શકય હોય ત્યાં સુધી સહન કર્યા કરે છે. તેની રજૂઆત અને વિશ્લેષણ પ્રસ્તુત પ્રકરણના ૭.૧.૧ મુદ્દાના પેટા વિભાગ (A) માં 'ઘરેલુ હિંસા' માં દર્શાવવામાં આવેલ છે.

પરંતુ સ્ત્રીની સહનશકિતની મર્યાદા આવી જાય ત્યારે તે અત્યાચારનો અને અપમાનનો સામનો કરે છે અને કયારેક તે ત્રાસમાંથી હંમેશને માટે મુકત થવા વિદ્રોહિણી પણ બને છે. અને ત્રાસ આપનાર વ્યકિતની હત્યા પણ કરી નાખે છે.

મુદ્દા (A) માં 'ઘરેલુ હિંસા' ના મુદ્દામાં 'મદદગાર' નવલિકાની 'સીતા' પતિનો અસહય શારીરિક–માનસિક ત્રાસ સહન કરે છે તે દર્શાવ્યું છે. તે સીતાએ એક દિવસ પતિની હત્યા વિદ્રોહિણી બનીને કરી નાખી અને ત્રાસમાંથી કાયમ માટે મુકિત મેળવી.

તેવી જ રીતે 'શીરો' નવલિકાની 'કુસુમ' પણ પતિની જંગલીયત ભરેલી કામુકતા અને અમાનુષી શારીરિક–માનસિક ત્રાસમાંથી એક દિવસ ચટણી વાટવાના પથ્થરથી પતિને મારી નાંખીને છૂટી ગઈ અને મુકિતનો શ્વાસ લઈ પોતાને અત્યંત પ્રિય વાનગી 'શીરો' શેકવા બેઠી.

'મુકત કારાગાર' ની કેદી સ્ત્રીને પણ પતિ ખૂબ માર મારતો તેથી એક દિવસ તેણે પતિને મારી નાખ્યો અને જેલની સજા ભોગવવાનું પસંદ કર્યું !

તે જ નવલિકાના મુખ્ય સ્ત્રી પાત્ર તરીકે રહેલી 'અવનિ' ઉપર પતિના મિત્રએ દારૂ પીધેલી હાલતમાં બળાત્કારની કોશિશ કરી ત્યારે તેના સંકજામાંથી છૂટવા અવનિએ પોતાની પાસે રહેલી રસોડાની છરીથી તેની ઉપર ઉપરા–ઉપરી ઘા કર્યા અને પતિના મિત્રની હત્યા કરી નાખી, તેને પણ જેલમાં જવું પડયું.

આ રીતે 'મદદગાર', 'શીરો' અને 'મુકત કારાગાર' ના સ્ત્રી પાત્રો સીતા, કુસુમ, કેદી સ્ત્રી અને અવનિએ તેઓની ઉપર થતાં અત્યાચારને કારણે વિદ્રોહિણી બનીને અત્યાચાર આચરનારાઓની હત્યા કરી નાખી.

અહીં સ્ત્રીનો જીવન સંઘર્ષ વ્યકત થાય છે. લેખિકાની કલમે લખાયેલી આ નવલિકાઓમાં 'નારીમુકિત' ની વાત સ્પષ્ટ છે. જયારે વ્યકિતની સહન કરવાની મર્યાદા આવી જાય છે ત્યારે તે કોઈ પણ પ્રકારનો ગુનો કરી બેસે છે. ગુનાના સિધ્ધાંતમાં એ બાબત સ્વીકારવામાં આવી છે કે માત્ર વ્યકિતગત માનસિક વિકૃતિ જ નહીં પરંતુ વ્યકિતની આસપાસનું વાતાવરણ અને કૌટુંબિક પશ્ચાદ્‌ભૂમિકા પણ કોઈપણ પ્રકારના ગુનામાં કારણરૂપ હોય છે. વ્યકિત આસપાસના વાતાવરણની સાથે અનુકૂલનની મર્યાદારેખાએ ગુનો આચરી બેસે છે.

સ્ત્રીનો દરજજો અને ભૂમિકા તપાસતા એ સત્ય સાબિત થાય છે કે આધુનિક યુગમાં પણ પતિનો ત્રાસ સહન કરીને કુટુંબમાં હસતે મોઢે જીવન જીવતી સ્ત્રીઓ છે. તેઓ પોતાની વ્યથા કે દુઃખ નવલિકાની નાયિકાઓની જેમ અડોસ–પડોસના કોઈને પણ કહેતી નથી હોતી તેની મનોવેદનાને તે હૃદયના ઊંડાણમાં ધરબી રાખે છે. જો કે આ વેદનાનો લાવારસ જયારે ઉકળી ઉઠે છે ત્યારે ''આ પાર કે પેલે પાર'' કરી ત્રાસમુકિતની હવા શ્વાસમાં ભરે છે.

નવલિકાઓની નાયિકાઓ કેટલી યાતનામાંથી પસાર થઈ હશે ત્યારે તે પોતાના પતિ કે જેની સાથે સહજીવનનું તેણે સ્વપ્ન જોયું હતું તેની હત્યા કરી બેસે છે ! સ્ત્રીનું આ ક્રાંતિકારી પગલું ગણાય.

કાર્લમાર્કસ પોતાના વર્ગ સિધ્ધાંતની ચર્ચામાં કહે છે કે, ''આજ સુધીના તમામ માનવ સમાજોનો ઈતિહાસ વર્ગસંઘર્ષનો જ ઈતિહાસ છે'' અને તે વર્ગસંઘર્ષના પાયામાં શોષણ છે. માર્કસે વિશ્વના શોષિત

કામદારોને સંગઠિત થવાની હાકલ કરીને કહયું છે કે, ''જો તમે બધા કામદારો સંગઠિત થશો તો તમારે બીજુ કશુ જ ગુમાવવાનું નથી માત્ર તમારી ગુલામીની ઝંઝીરો જ ગુમાવશો.''

પ્રસ્તુત નવલિકાઓની નાયિકાઓએ વ્યકિત તરીકે આત્મસન્માન અને આત્મગૌરવ ફરીથી પ્રાપ્ત કરવા માટે, જુલમી પતિની ગુલામીમાંથી હંમેશને માટે મુકિત મેળવવા માટે પતિની હત્યા કરી મુકિતની ક્રાંતિના બીજ વાવ્યા છે.

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી સ્ત્રીને આપવામાં આવેલા સમાનતા અને સ્વતંત્રતાના અધિકારો તથા બદલાયેલા સામાજિક વાતાવરણને કારણે ભારતીય સ્ત્રીના વિચારો અને વલણોમાં પરિવર્તન આવ્યું છે. ઉપરાંત સંયુકત કુટુંબોના બદલે વિભકત કુટુંબોના વિભકત વસવાટોએ પણ તે માટે અનુકૂળ વાતાવરણ સર્જ્યું છે.

મધ્યયુગની સ્ત્રી અત્યાચારો સહન કરતી–કરતી મૃત્યુ પામતી પરંતુ આધુનિક યુગની સ્ત્રી પોતાના શોષણ સામે અવાજ ઉઠાવે છે, બંડ પોકારે છે અને 'નારી ચેતના' તથા 'નારી જાગૃતિ' ની મશાલ પ્રગટાવે છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય અધ્યયન માટે પસંદ કરવામાં આવેલી ૩૦ નવલિકાઓમાંથી 'સંબંધ અથવા બીજુ કશુ નહી' ના પુષ્પાબહેન, 'દરિયામાં નાવ'ની પૂર્વી, 'બે સ્ત્રીઓ'ના ચંદ્રાબહેન, 'મારી નીની' નવલિકાની નંદિતાની માતા, 'બાવળનું ફુલ' નવલિકાની સુષમાની માતા તથા 'બે ને પાંચ મિનિટ' નવલિકાની કેતકી એ પતિના લગ્નેતર સંબંધના કારણે થતું અપમાન અને શારીરિક માનસિક ત્રાસમાંથી મુકત થવા કાં તો પતિનું ઘર કાયમને માટે છોડી દીધુ છે અથવા પતિ સાથે છૂટાછેડા લઈ લીધા છે અથવા તો પતિ સાથે વાત કરવાનું બંધ કરી દીધું છે. તે બધાં સ્ત્રી પાત્રોએ પોતાના 'સ્ત્રીત્વ'ના અપમાનની સામે અવાજ ઉઠાવ્યો છે અને સ્વમાન જાળવવા લડત આપી છે. પત્ની તરીકેનો અધિકાર જાળવવાનો પ્રયત્ન કર્યો છે.

## (F) ભૂમિકા – સંઘર્ષ અને સ્ત્રીનો દ્વિતીય કક્ષાનો દરજજો :

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં પસંદ કરવામાં આવેલી ૩૦ સ્ત્રી પ્રધાન નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૩ સ્ત્રી પાત્રો (૩૫.૩૮%) ભૂમિકા–સંઘર્ષ અનુભવે છે.

સ્ત્રી જયારે ઘરકામ અને વ્યવસાય એમ બન્ને ક્ષેત્રે ફરજ બજાવે છે ત્યારે તેને સમય અને શકિતની ઉણપ વરતાય છે. સ્ત્રી પૂરી શકિતથી બન્ને ક્ષેત્રે ભૂમિકા ભજવતી હોવા છતાં તે બન્ને

જવાબદારીઓ નિભાવતી વખતે શારીરિક–માનસિક થાક અનુભવે છે. તેને સમય ઓછો પડે છે, ત્યારે તે માનસિક તંગદિલી અનુભવે છે.

પ્રસ્તુત મુદ્દામાં ૩ નવલિકાઓ

| | **નવલિકા** | **સ્ત્રી પાત્ર** |
|---|---|---|
| (૧) | 'એક ચપટી સુખ' નવલિકા | વિદ્યા |
| (૨) | 'સંબંધ અથવા બીજું કશું નહીં' નવલિકા | પુષ્પાબહેન |
| (૩) | 'કુંડાળામાં પગ' નવલિકા | લતા |

જેઓ ભૂમિકા–સંઘર્ષ અનુભવે છે, તેઓનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ આપવામાં આવ્યું છે. કારણ કે ૨૩ માંથી તે ૩ સ્ત્રી પાત્રો તીવ્ર ભૂમિકા–સંઘર્ષ અનુભવી રહયાં છે.

(૧) 'એક ચપટી સુખ' ની 'વિદ્યા' નવલિકામાં મુખ્ય સ્ત્રી પાત્ર તરીકે છે. તેણે બી.એ. સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. તે શાળામાં શિક્ષિકા તરીકે કામ કરે છે. મધ્યમવર્ગની ગૃહિણી તથા વ્યવસાયી મહિલા એમ બેવડી ભૂમિકા તે ભજવે છે તેથી શારીરિક–માનસિક થાક તથા તાણ અનુભવે છે.

તે સવારે નવ વાગે થોડું ઘણું જમીને શાળાએ જાય અને સાંજે ઘરે આવે ત્યારે સાંજની રસોઈ પણ તેણે કરવાની હોય. ઘરમાં તેના સાસુ તેને જરાપણ મદદ ન કરે. બધાં જમીલે પછી સૂઈ શકાય. તેનો પુત્ર ગણિત વિષયમાં નબળો છે, વિદ્યા ગણિતની જ શિક્ષિકા છે છતાં પુત્રને સમયના અભાવે તે ગણિત શીખવી શકતી નથી !

ભારતીય સમાજમાં સ્ત્રીની ભૂમિકા પરંપરાગત રીતે ઘરસંભાળ અને બાળઉછેરની ગણાય છે. તેથી સ્ત્રી જો તે ઉપરાંત વ્યવસાય કરે તો તે વધારાની ભૂમિકા પ્રત્યે તેના કુટુંબીજનો કોઈ મહત્વ ન દર્શાવે. તેનો પગાર અને વ્યાવસાયિક જવાબદારી કુટુંબમાં ગૌણ ગણાય. તેથી વ્યવસાય ઉપરાંત ગૃહકાર્ય તો તેણે કરવાનું જ હોય ! તેમાંથી તેને મુકિત કે રાહત આપવામાં કુટુંબમાંથી કોઈનો સહકાર ન મળે.

આ પ્રકારનું રૂઢિચુસ્ત વલણ ભારતીય સમાજમાં આધુનિક યુગમાં પણ મોટાભાગના કુટુંબોમાં જોવા મળે છે. સ્ત્રી ગમે તેટલી શિક્ષણ કે વ્યવસાયમાં પ્રગતિ કરે, ઉચ્ચ દરજજો મેળવે તો પણ તેણે 'ચૂલો તો સંભાળવો' જ પડે. સમાજના આ પ્રસ્થાપિત મૂલ્યમાં કોઈ પરિવર્તન નથી આવ્યું.

'વિદ્યા' નામનું પાત્ર ભારતીય સમાજમાં બેવડી ભૂમિકાના ભાર નીચે કચડાતી સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ કરે છે. સ્ત્રી બન્ને ભૂમિકા પોતાની તમામ શકિતઓ ખર્ચીને યોગ્ય રીતે ભજવતી હોય તો પણ તેના એ કાર્ય માટે કુટુંબના સભ્યો તેને બે શબ્દો પણ સ્નેહ કે સહાનુભૂતિના કહેતા નથી. તેને પ્રોત્સાહન મળે કે ઉત્સાહ ટકી રહે તેવી વાત પણ કોઈ કરતું નથી હોતુ.

'વિદ્યા' કુટુંબમાં પુત્રવધૂ છે, સંયુકત કુટુંબમાં રહે છે. ભારતીય સમાજમાં પુત્રવધૂ એટલે કુટુંબમાં બધાં માટે પોતાની જાતને ઘસનારું પાત્ર, તેને કોઈ વ્યકિતગત ઈચ્છા, આકાંક્ષા, મહેચ્છા, મનોરથ, સ્વપ્ન, ઝંખના, પ્રેમની આશા જેવું કંઈ હોઈ શકે જ નહીં !! પુત્રવધૂ એટલે કુટુંબની ચોવીસ કલાકની સેવિકા ! આવું એક સ્વીકૃત વલણ ભારતીય સમાજમાં આજે પણ અસ્તિત્વમાં છે તેનું આલેખન નવલિકામાં કરવામાં આવ્યું છે.

(૨) 'સંબંધ અથવા બીજું કશું નહીં' ના મુખ્ય સ્ત્રી પાત્રમાં પુષ્પાબહેન છે. તેઓએ પતિના બીજા લગ્નના કારણે પતિનું ઘર છોડી દીધું છે. એક સ્ત્રીસંસ્થામાં ગૃહઉદ્યોગની વસ્તુઓના સ્ટોરમાં નોકરી કરે છે. તેને એક પુત્ર છે. પુત્રને મુશ્કેલીઓ વેઠીને મોટો કર્યો છે. જિંદગીના વીસ વર્ષ એકલા હાથે વ્યવસાય, પુત્રને ઉછેરવો અને ગૃહસંભાળનું કામ તેઓ કરતાં રહયાં છે. તેઓ વ્યવસાય અને ઘરસંભાળની બેવડી ભૂમિકાથી થાક અનુભવે છે.

(૩) 'કુંડાળામાં પગ' નવલિકામાં મુખ્ય પાત્ર તરીકે 'લતા' છે. તે નોકરી કરે છે અને મધ્યમવર્ગના પિતાને કુટુંબનું ગુજરાન ચલાવવામાં મદદરૂપ થાય છે. ત્રણ બહેનોમાં તે સૌથી મોટી પુત્રી છે. સવારે વહેલા ઊઠી, થોડું ઘરકામ કરાવી, રસોઈ બનાવી, કામથી પરવારીને જતાં એને મોડું થતું, એટલે પૂરું તૈયાર થવાનો પણ સમય મળતો નહીં. નાની બે બહેનો ઘરકામમાં સહાયક નહોતી થતી. સાંજે આવીને પણ તેણે જ રસોઈ કરવાની હોય. નવલિકામાં 'લતા' નું પાત્ર ભૂમિકા–સંઘર્ષ અનુભવે છે.

ઉપરોકત ત્રણેય સ્ત્રી પાત્રોમાં એક પુત્રવધૂ છે, એક માતા છે અને એક પુત્રી છે. જો કુટુંબના બીજા સભ્યો સહકાર ન આપે અને વ્યવસાય કરતી સ્ત્રીની ભૂમિકા તરફના વલણો ન બદલે તો સ્ત્રી શારીરિક અને માનસિક તંગદિલી અનુભવે છે. એક તરફ એકલે હાથે ઘરની બધી જવાબદારીઓ નિભાવવી અને બીજી બાજુ વ્યવસાયના સ્થળે પોતાની ફરજો બજાવવી એવી બેવડી કામગીરી સ્ત્રીને માટે અત્યંત તનાવપૂર્ણ અને થકવી નાખનારી નીવડે છે.

ભૂમિકા–સંઘર્ષ સ્ત્રીના નિમ્ન સામાજિક દરજ્જાનો દ્યોતક છે. કારણ કે સ્ત્રીની ગૃહકાર્યની ભૂમિકા તથા વ્યવસાયની ભૂમિકાનું કુટુંબના સભ્યો માટે કોઈ જ મહત્વ હોતુ નથી. પુરુષના વ્યવસાયની તુલનામાં સ્ત્રીનો વ્યવસાય ગૌણ ગણવામાં આવે છે.

## (G) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય હુમલા અને સ્ત્રીનો નિમ્ન દરજ્જો :

ભારતમાં સ્ત્રી તરીકેનો દરજ્જો પુરુષ કરતાં નિમ્નકક્ષાનો છે, તેની સાથે પુરુષ ઉપેક્ષાભર્યું અને અપમાનજનક વર્તન કરી શકે છે, સ્ત્રી ઉપર થતાં જાતીય હુમલાઓ અને શોષણ પણ સ્ત્રીના નિમ્ન દરજ્જાના દ્યોતક છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન માટે પસંદ કરવામાં આવેલી શ્રી વર્ષા અડાલજાની કુલ ૩૦ સ્ત્રી પ્રધાન નવલિકાઓમાંથી ૩ નવલિકાઓમાં સ્ત્રી ઉપર જાતીય અત્યાચારો પતિ સિવાયના પુરુષો દ્વારા થતાં જોવા મળ્યા છે.

| | નવલિકા | સ્ત્રી પાત્ર |
|---|---|---|
| (૧) | 'ભાગ્યનું લખત' નવલિકા | રાજરાણી, રામવતી અને ઈન્દ્રાનિયા |
| (૨) | 'વરખ' નવલિકા | રમુ |
| (૩) | 'ઔરત સબ એકસ્ટ્રા' | સુનીતા ઉર્ફે રોશની અને મોના |

પતિ સિવાયના પુરુષો દ્વારા બળાત્કારનો ભોગ બન્યા છે તેઓનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ આ પ્રમાણે છે.

(૧) 'ભાગ્યનું લખત' નવલિકામાં પૂર્વ ભારતના એક રાજયની પશ્ચાદ્‌ભૂમિકામાં ગામના બ્રાહ્મણ જમીનદાર અને તેના માણસો દ્વારા ગામના હરિજનોની સ્ત્રીઓ ઉપર આચરવામાં આવતા જાતીય અત્યાચારોનું આલેખન થયું છે.

રાજરાણી સોળ વર્ષની યુવતી છે અને તેની ભાભી સાથે ગામના જમીનદારના ખેતરમાં ખેતમજૂરીએ ગઈ છે. ત્યાં જમીનદાર લાલમાનના માણસો તે બન્ને નણંદ–ભાભીને બાંધીને જમીનદારની ખેતરની ઓરડીમાં લઈ ગયા. અને ભાભીના દેખતાં જ રાજરાણી ઉપર તે બધાંએ બળાત્કાર કર્યો.

"લાલમાન ખેતરની ઓરડીમાં ખાઈ પી, દારૂની બે બાટલી સાથે પ્રતીક્ષા કરતો હતો. રાજરાણીના રૂપને જોતાં તે અવાક્ થઈ ગયો. ખરેખર રાણી અને પાછી સોળ વર્ષની અહા ! ફટાફટ દારૂના ગ્લાસ ભરાવા લાગ્યા અને ખાલી થવાં લાગ્યાં."

વહેલી સવારના આછા ઉજાસમાં નણંદ–ભાભી ધીમા પગલે વાસ તરફ ચાલતા હતા. જન્મજન્માંતરની વેદના માત્ર એક જ રાતમાં બોજ બનીને બન્નેને ચગદી નાખતી હતી ! ('એંધાણી', 'ભાગ્યનું લખત', પાના નં. ૧૯૪)

રાજરાણીની માતા ઈન્દ્રાનિયા પણ જયારે યુવાન હતી અને નવી પરણીને આવી હતી ત્યારે લાલમાનના બાપના માણસો તેને ઉપાડી ગયા હતાં. તેના પતિને પણ મારપીટ કરી હતી, ધગધગતા ડામ દીધા હતાં અને પતિની સામે જ પત્ની ઉપર ત્રણ રાત્રી સુધી બળાત્કાર કર્યો હતો. ત્યાર પછી પતિ પત્નીને સરકારી દવાખાને સર્ટીફીકેટ લેવા લઈ ગયો તો દાકતરે ત્યાંથી તેઓને કાઢી મૂકયા, ત્યાંથી તેઓ પોલીસ થાણે ફરીયાદ કરવા ગયાં તો પોલીસે બન્નેને પૂરી દીધા અને ત્યાં રડતી–કકળતી ઈન્દ્રાનિયા ઉપર ફરીથી પોલીસોએ બળાત્કાર કર્યો હતો.

(૨) 'વરખ' નવલિકાની 'રમુ' ગામડેથી મા પાસે મુંબઈ રહેવા આવી છે. તે યુવાન થતી જઈ રહી છે. મુંબઈમાં ધનવાન લોકોના ઘરે ઘરકામ કરવા જાય છે. તે જે કુટુંબમાં કામ કરવા જતી હતી તે કુટુંબના વડીલ પુરુષે તેની પુત્રી જેવડી રમુની ઉપર બળાત્કાર કર્યો. ઘરનો કોઈ સભ્ય હાજર ન હતો તેથી એકાંતનો અને રમુની ગરીબીનો તે પુરુષે ગેરલાભ લીધો.

"ધગધગતી રેતી ઉપર ચાલીને આવી હોય તેમ બળુ બળુ તાપ છાતીમાં ભરી તે માંડ ઘર સુધી પહોંચી." ('અનુરાધા', 'વરખ', પાના નં. ૧૧૯)

(૩) "ઔરત સબ એકસ્ટ્રા" નવલિકામાં સુનીતા ઉર્ફે રોશની મુંબઈની ઝુંપડપટ્ટીમાં માતા અને નાના ભાઈ–બહેન સાથે રહે છે. તે ફિલ્મમાં એકસ્ટ્રા કલાકાર તરીકે કામ કરે છે. કયારેક તેને લાયક કોઈ રોલ હોય તો કામ મળે અન્યથા રાહ જોવી પડે.

એક વખત આઉટડોર શૂટીંગ માટે હૈદ્રાબાદ જવાનું બન્યું. બધા એકસ્ટ્રા કલાકારો અને ફિલ્મના મુખ્ય કલાકારો ફિલ્મસીટી ખાતે પહોંચ્યા. સુનીતાને ફિલ્મ માટે પસંદ કરનાર

પુરુષ ''તને ફિલ્મમાં બીજો રોલ આપવા માટે બોસ બોલાવે છે'' એમ કહીને બોસના મોટા બંગલામાં લઈ ગયો. ત્યાં બોસે તેની ઉપર બળાત્કાર કર્યો અને તે જયારે મોડી રાત્રે ઓરડામાંથી બહાર નીકળી ત્યારે બીજા ઓરડામાંથી કપડાં સરખા કરતી ફિલ્મની મુખ્ય અભિનેત્રી 'મોના' પણ નીકળી. અંદરના ઓરડામાંથી એક ગાળ સંભળાઈ, ''બડી સુપરસ્ટાર બનતી હૈ સાલી. ઔરત સબ એકસ્ટ્રા.'' ('અનુરાધા', 'ઔરત સબ એકસ્ટ્રા', પાના નં. ૬૯)

આ રીતે ભારતમાં સ્ત્રીઓની ઉપર જાતીય અત્યાચારો સદીઓથી થતાં રહયાં છે. સવર્ણો દ્વારા નિમ્ન જ્ઞાતિના લોકો ઉપર જુદા–જુદા અત્યાચારો થાય છે તેમાં તેઓની સ્ત્રીઓ તો સવર્ણ પુરુષો માટે ભોગ ભોગવવાનું સૌથી સુલભ 'સાધન' ગણાય છે. ધાકધમકી, મારકૂટ, બળાત્કાર વગેરે દ્વારા દલિત સ્ત્રીઓનું જાતીય શોષણ થતું રહે છે. 'ભાગ્યનું લખત' નવલિકામાં માતા અને પુત્રી બન્ને ઉપર સામૂહિક બળાત્કારો થયા છે.

સ્ત્રીઓ ઉપર બળાત્કાર કરનારાઓ સમાજમાં વગવાળા અને પ્રતિષ્ઠિત હોવાથી ભોગ બનેલી સ્ત્રીઓનું પોલીસ, કાયદો કે ન્યાયતંત્ર રક્ષણ કરી શકતા નથી.

'વરખ' નવલિકામાં ઘરે કામ કરવા આવતી તેની પુત્રીની ઉંમરની નિમ્ન વર્ગની ગરીબ યુવતી ઉપર ધનવાન શેઠે બળાત્કાર કર્યો છે. જેવી રીતે ભારતમાં દલિત જ્ઞાતિની સ્ત્રીઓ ઉપર બળાત્કારો બહુ સરળતાથી થઈ શકે છે તેવી જ રીતે ગરીબ સ્ત્રીઓ પણ જાતીય શોષણનો ભોગ સરળતાથી બને છે.

'ઔરત સબ એકસ્ટ્રા' નવલિકાની મુખ્ય અભિનેત્રી 'મોના' અને એકસ્ટ્રા કલાકાર 'રોશની' બન્ને બળાત્કારનો ભોગ બન્યાં છે. બન્નેને ફિલ્મમાં કામ મેળવવાના બદલામાં ચારિત્ર્યનો ભોગ આપવો પડયો છે.

બળાત્કાર એ સ્ત્રીઓ સાથેનો જઘન્ય અપરાધ છે. બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓની ઉપર ઘણી દૂરગામી માનસિક અસર પડે છે. તેનામાં મનોવિકૃતિઓ પણ સર્જાઈ શકે છે. તેઓ અસહય માનસિક વ્યથા અનુભવે છે. તેને સમાજમાં ફરીથી અનુકૂલન સાધવામાં મુશ્કેલી પડે છે. બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓ કયારેક અસહય માનસિક પીડાના કારણે આત્મહત્યા પણ કરે છે; તો કયારેક વેશ્યાવૃત્તિ તરફ પણ વળી જાય છે.

આમ, બળાત્કાર સ્ત્રીની સમગ્ર વ્યકિતમત્તાને છિન્નભિન્ન કરી નાખે છે. સ્ત્રી આખી જિંદગી અપરાધભાવનાથી પીડાતી રહે છે.

બળાત્કારના સરકારી આંકડા પ્રમાણે ૧૯૮૩–૮૮ ના સમયગાળા દરમ્યાન ભારતમાં દર ચાર કલાકે ત્રણ કિસ્સા નોંધાયા હતા. એટલે કે સરેરાશ વર્ષે ૭,૫૦૦ ઘટના નોંધાઈ હતી. ૧૯૯૧માં ૯,૭૯૪ કિસ્સા નોંધાયા હતા. તેમાંથી ૨૦% એટલે કે ૨,૪૮૯ કિસ્સા સગીર અને કુમળી વયની બાળાઓના હતા. ૧૯૯૩માં ભારતમાં બળાત્કારના ૧૧,૧૧૭ કિસ્સા નોંધાયા હતા.[૪]

પ્રો. આહુજાના અભ્યાસ અનુસાર બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓમાં ૧૬ થી ૩૦ વર્ષના વયજૂથની સ્ત્રીઓ વધુ હોય છે. ઉપરાંત ૧૨ થી ૨૧ વર્ષની ઉંમરની સ્ત્રીઓ ઉપર પણ સવિશેષ બળાત્કારો થાય છે. આ તથ્ય ગુજરાત પોલીસના વાર્ષિક અહેવાલ ઉપરથી જાણવા મળ્યું છે.

આધુનિક યુગમાં સ્ત્રી ઉપરના બળાત્કારના બનાવો વધતા જાય છે. તેનો ભોગ બનનારી સ્ત્રીઓ મોટે ભાગે અપરિણીત હોય છે, ગરીબ કુટુંબની કે મધ્યમ વર્ગની હોય છે. તેઓ જયાં નોકરી કરતી હોય છે ત્યાં તેના માલિકો દ્વારા બળાત્કારો થતાં રહે છે. જેમાં સ્ત્રીની આર્થિક લાચારીનો લાભ લેવાની વૃત્તિ હોય છે. આવા બળાત્કારોને પરિસ્થિતિજન્ય ગણી શકાય. તેમાં એકાંત, તક, લાચારી, પરાધીનતા જેવા સંજોગો એકઠા થતા હોય છે. પ્રો. આહુજાના અભ્યાસ અનુસાર મોટાભાગના કિસ્સામાં પ્રલોભન કે શાબ્દિક ધમકીનો ઉપયોગ કરીને સ્ત્રીને તાબે કરવામાં આવતી હોય છે. પ્રસ્તુત અભયાસમાં પસંદ કરવામાં આવેલી નવલિકાઓમાં બે સ્ત્રી પાત્રો ઉપરના બળાત્કારોમાં શારીરિક બળ અને થોડી ધોલધપાટનો ઉપયોગ થયો જણાય છે.

સ્ત્રીનું પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ દર્શાવતી ત્રણ નવલિકાઓના સ્ત્રી પાત્રોની ઉપરના બળાત્કારની પરિસ્થિતિના આલેખન દ્વારા એમ કહી શકાય કે સ્ત્રીને પુરુષ ઉપભોગની 'વસ્તુ' માને છે અને જયારે તક મળે ત્યારે તેનો ઉપભોગ કરી લે છે. તે બાબત સ્ત્રીનો સામાજિક દરજજો પુરુષના દરજજા કરતાં નિમ્ન કક્ષાનો છે તેમ સૂચવે છે.

હવે પછીના મુદ્દા નં. ૭.૨માં નવલિકાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણ આપવામાં આવેલ છે.

---

૪. Sachchidananda & Ramesh Sinha, **Women's Rights : Myth and Reality**, 1984.

## ૭.૨ નવલિકાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણ :

પ્રસ્તુત મુદ્દામાં નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજ્જા અને ભૂમિકાને લક્ષ્યમાં રાખીને સમાજશાસ્ત્રીય અધ્યયન કરવામાં આવેલ છે. જે આ પ્રમાણે છે :

## ૭.૨.૧ નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાનું વસ્તુલક્ષી પાસુ :

### I કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો :

કુટુંબસંસ્થા સમાજની પાયાની સંસ્થા છે. માનવીની સંસ્કૃતિ અને સમાજરચનાની તે પેદાશ છે. સમાજશાસ્ત્રીઓએ કુટુંબની સમજૂતી આપતાં આ રીતે અર્થઘટન કર્યું છે, ''કુટુંબ એ લગ્ન, લોહી અથવા દત્તકના સંબંધોથી જોડાયેલી વ્યકિતઓનું એક જૂથ છે, આ જૂથ એક જ નિવાસસ્થાનમાં રહે છે. જૂથના સભ્યો પતિ–પત્ની, માતા–પિતા, પુત્ર–પુત્રી તથા ભાઈ–બહેનની સામાજિક ભૂમિકા દ્વારા પારસ્પારિક આંતર્ક્રિયા અને આંતર્સંબંધોથી જોડાયેલા હોય છે; અને એક સમાન સંસ્કૃતિનું સર્જન અને જાળવણી કરે છે.''[૫]

હિન્દુ ધર્મશાસ્ત્રમાં કુટુંબજીવનનું ઘણુ મહત્વ છે. ભારતીય સમાજવ્યવસ્થામાં કુટુંબના સામાજિક પાસાં આ પ્રમાણે નકકી થયાં છે :

- કુટુંબમાં પેઢીની ગણતરી રકતસંબંધ ઉપર આધારિત હોય છે.
- કુટુંબમાં અધિકારની વહેંચણી લિંગ, વય અને રકતસંબંધના આધારે થઈ હોય છે.
- મોટાભાગે કુટુંબમાં પિતૃપ્રધાનતા જોવા મળે છે.
- કુટુંબમાં પત્ની અને પુત્રવધૂનો દરજ્જો દ્વિતીય કક્ષાનો – ગૌણ હોય છે.
- કુટુંબની સંપત્તિના વારસદાર પુત્રો અને પૌત્રો ગણાય છે.
- કુટુંબમાં પુત્રસંતાનની ગેરહાજરીમાં પુત્રી મિલકતની વારસદાર ગણાય છે.

શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓમાં કુટુંબ અંગેના જે કાંઈ આલેખનો જોવા મળે છે તેમાં કુટુંબજીવનને સ્પર્શતા પ્રવાહો, પ્રશ્નો અને સામાજિક વાસ્તવિકતાઓ અંગેનું સ્પષ્ટ નિરૂપણ જોઈ શકાય

---

૫. અમેરીકન બ્યૂરો ઓફ સેન્સસ.

છે. આ મુદ્દામાં તેઓની નવલિકાઓમાં કુટુંબમાં સ્ત્રી, માતા, પુત્રી, પત્ની, પુત્રવધૂ, સાસુ, ફોઈબા, ફઈજી, વગેરે તરીકે કેવો દરજ્જો ધરાવે છે ? તેની ચર્ચા કરવામાં આવી છે.

## કોષ્ટક – ૪
## કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો

| ક્રમ | નવલિકાઓમાંના સ્ત્રી પાત્રોનો કુટુંબમાં દરજ્જો | ઉચ્ચ | મધ્યમ | નિમ્ન |
|---|---|---|---|---|
| | | ગૌરવવંતો, માનવંતો દરજ્જો ધરાવતા સ્ત્રી પાત્રોની સંખ્યા આંકડામાં અને ટકાવારીમાં | દરજ્જો ધરાવતા સ્ત્રી પાત્રોની સંખ્યા આંકડામાં અને ટકાવારીમાં | શોષિત, ઉપેક્ષિત કચડાયેલો દરજ્જો ધરાવતા સ્ત્રી પાત્રોની સંખ્યા આંકડામાં અને ટકાવારીમાં |
| ૧ | માતા તરીકે કુટુંબમાં દરજ્જો | ૧ / ૧.૫૩% | ૮ / ૧૨.૩૧% | – |
| ૨ | પુત્રી તરીકે કુટુંબમાં દરજ્જો | ૮ / ૧૨.૩૧% | ૭ / ૧૦.૭૭% | ૭ / ૧૦.૭૭% |
| ૩ | પત્ની તરીકે કુટુંબમાં દરજ્જો | ૨ / ૩.૦૭% | ૪ / ૬.૧૫% | ૧૬ / ૨૪.૬૨% |
| ૪ | પુત્રવધૂ તરીકે કુટુંબમાં દરજ્જો | ૨ / ૩.૦૭% | ૨ / ૩.૦૭% | ૬ / ૯.૨૩% |
| ૫ | સાસુ તરીકે કુટુંબમાં દરજ્જો | ૪ / ૬.૧૫% | – | – |
| ૬ | ફોઈબા તરીકે કુટુંબમાં દરજ્જો | ૧ / ૧.૫૩% | – | – |
| ૭ | ફોઈજી તરીકે કુટુંબમાં દરજ્જો | – | ૧ / ૧.૫૩% | – |

અભ્યાસ હેઠળની સ્ત્રી પ્રધાન નવલિકાઓમાં આવતા ૬૫ સ્ત્રી પાત્રોમાંથી કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે .....

## (૧) માતા તરીકેનો કુટુંબમાં દરજજો :

મધ્યમ કક્ષાનો વધારે જોવા મળે છે. મોટાભાગે પિતાનું જ કુટુંબમાં વર્ચસ્વ હોવાથી સંતાનો પણ પિતાને વધારે મહત્વ આપતા હોય છે. નવલિકાઓમાં નિમ્ન સામાજિક દરજજો ધરાવતી માતાનું એક પણ પાત્ર નથી જોવા મળ્યું નથી.

છેક પ્રાચીન વૈદિકકાળથી માતા તરીકેનો સામાજિક દરજજો પૂજનીય ગણાય છે. માતા સંતાનો માટે આદર્શ ગણાય છે.

## (૨) પુત્રી તરીકે કુટુંબમાં દરજજો :

ભારતીય સમાજમાં વૈદિક કાળમાં પુત્ર–પુત્રીનો ઉછેર સમાન રીતે થતો હતો. ક્રમશઃ પુત્રી જન્મ બિનઆવકારદાયક ગણાવા લાગ્યો. મધ્યયુગમાં તો પુત્રીની સ્થિતિ દયનીય હતી. આધુનિક યુગમાં સ્વતંત્રતા પછી ઘડવામાં આવેલા સ્ત્રી વિષયક સામાજિક કાનૂનોની અસરથી, શિક્ષણનો વ્યાપ વધવાથી, સામાજિક સુધારકો અને સામાજિક પુનરુત્થાનવાદીઓના પ્રયત્નોથી, પૂ. ગાંધીજીના સ્ત્રી ઉત્થાનના પ્રયત્નોથી સ્ત્રીનો પુત્રી તરીકેનો દરજજો કુટુંબમાં કંઈક અંશે સુધર્યો છે.

કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે પુત્રી તરીકે ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન એમ ત્રણેય કક્ષાનો દરજજો ધરાવતા સ્ત્રી પાત્રો શ્રી વર્ષાબહેનની નવલિકાઓમાં જોવા મળ્યા છે. પિતા અને કુટુંબના સભ્યોએ પુત્રી–ઉછેરમાં રસ દાખવ્યો હોય તેવી પુત્રીઓના દ્રષ્ટાંતો નવલિકાઓમાં ૮ છે. તે બધી પુત્રીઓ સ્વતંત્ર જીવન જીવી શકે છે, વ્યવસાય કરી શકે છે અને જીવનસાથી પસંદગીની બાબતમાં તેને કુટુંબીજનોએ સ્વતંત્રતા આપી છે, તેઓએ ઉચ્ચ શિક્ષણ લીધુ છે, કુટુંબના સભ્યોનો યથોચિત પ્રેમ–આદર તેમજ વાત્સલ્ય પામી શકી છે. તેના વ્યકિતત્વનો સુંદર વિકાસ થઈ શકયો છે.

નવલિકાઓમાં ૭–૭ સ્ત્રી પાત્રો પુત્રી તરીકે મધ્યમ અને નિમ્ન સામાજિક દરજજો ધરાવતા જોવા મળ્યા છે. તેઓને પિતા કે ભાઈનું કહયું કરવું પડે છે, પિતા ઈચ્છે ત્યારે અભ્યાસમાંથી તેને ઉઠાડી મૂકી તેની ઈચ્છા ન હોવા છતાં લગ્ન કરી દે છે, પુત્રીએ કુટુંબના સભ્યોના ભરણપોષણ માટે નોકરી કે છૂટક નાનો વ્યવસાય કરવો પડે છે, તે મોટી ઉંમર સુધી

અપરિણીત રહી જાય તો ઘરના સભ્યો તેનાથી મોટી ઉંમરના અને તેને ન ગમતા પાત્ર સાથે જલદીથી લગ્ન કરી લેવા દબાણ કરે છે, તેણે પુત્રી તરીકે ઘરના બધાજ કામ કરવા પડે છે અને સાથે નોકરી પણ કરવી પડે છે, છતાં કુટુંબના સભ્યો તેની નોકરીને ગૌણ ગણતા હોય તેવું જોવા મળ્યું છે. પુત્રી માટે લગ્ન એ એક અંતિમ જીવન લક્ષ્ય છે તેવું મોટાભાગના માતાપિતા અને કુટુંબીજનો માને છે. પુત્રીને પણ પોતાની ઈચ્છા, અરમાનો, પસંદ–નાપસંદ છે, તેને પણ ઈચ્છા પ્રમાણે ઉચ્ચ શિક્ષણ મેળવવું છે, જુદા–જુદા શોખના વિષયો જેવા કે સંગીત, નૃત્ય, ચિત્રકળા વગેરેમાં પારંગત થવુ છે. પરંતુ લગ્નની ઉંમર થાય એટલે માતાપિતા પુત્રીનો અભ્યાસ વચ્ચેથી છોડાવીને સારો મુરતિયો મળે તો ઝડપથી લગ્ન કરી નાખે છે. માતાપિતાને પુત્રીના લગ્નની ચિંતા હંમેશા રહયા કરે છે. પુત્રીનું સામાજીકરણ જ એવી રીતે થયુ હોય છે કે તેને સારો વર અને ઘર મળે તો તેની સરખામણીમાં સ્વવિકાસ અને શિક્ષણ–વ્યવસાય ગૌણ બાબત બની જાય છે.

અર્વાચીન યુગમાં પણ મોટાભાગના ભારતીય કુટુંબોમાં પુત્રીઓનો ઉછેર એક નિશ્ચિત સામાજિક ચોકઠામાં થાય છે જેનું અંતિમ લક્ષ્ય પુત્રીના લગ્નનું હોય છે.

જો તે પરિસ્થિતિમાં પુત્રી લગ્ન કરવાની ના કહે તો કુટુંબના સહુને ચિંતા થવા લાગે છે કે, "કયાંક તેનો પગ કુંડાળામાં તો નહીં પડી ગયો હોય ને ? !"

નવલિકાઓમાંથી એ સ્પષ્ટ થાય છે કે પુત્રી તરીકે સ્ત્રીએ 'સ્વવિકાસ'ની યાત્રામાં ઘણા કૌટુંબિક અવરોધો કુનેહથી અને સ્વપ્રયત્નોથી પાર કરવાના બાકી છે. અથવા તો આમૂલ સામાજિક પરિવર્તન આવે અને માતા–પિતાની વિચારસરણીમાં પુત્ર–પુત્રી સમકક્ષ છે એવી વાત સ્વીકાર્ય બને તો જ પુત્રીનો એક 'વ્યકિત' તરીકે વિકાસ થઈ શકે.

## (૩) પત્ની તરીકે કુટુંબમાં દરજજો :

કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે નવલિકાઓના ૧૬ સ્ત્રી પાત્રો પત્ની તરીકે નિમ્ન, ઉપેક્ષિત, કચડાયેલો અને શોષિત દરજજો ધરાવે છે. ઉચ્ચ દરજજો ધરાવતા સ્ત્રી પાત્રો માત્ર ૨ જ છે. અને મધ્યમ કક્ષાનો દરજજો ધરાવતા સ્ત્રી પાત્રો ૪ છે. તે એમ સાબિત કરે છે કે આધુનિક યુગમાં પણ પુરુષપ્રધાન સામાજિક–કૌટુંબિક રચનામાં સ્ત્રીનું પત્ની તરીકેનું સ્થાન દ્વિતીય–ગૌણ છે. માત્ર દ્વિતીય જ નહીં, ઉપેક્ષિત, શોષિત અને કચડાયેલું છે !!

સમાજના ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન એમ ત્રણેય વર્ગોમાં પત્ની સાથે પતિનો વાણી, વર્તન–વ્યવહાર સત્તા–તાબેદારીના સંબંધ ઉપર રચાયેલો જોવા મળે છે. પતિ–પત્નીના 'સાથી' સ્વરૂપના સંબંધો ભારતીય કુટુંબસંસ્થામાં આવિષ્કાર પામતા કદાચ સદીઓ વહી જશે !

પતિનું 'પતિપણું' સમાજના દરેક સ્તરના કુટુંબોમાં વધતા–ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

વૈદિક યુગમાં સ્ત્રી પત્ની તરીકે પુરુષની સમકક્ષ અધિકારો ભોગવતી અર્ધાંગિની તરીકે ઓળખાતી. ઉત્તરવૈદિક કાળથી ધીમે–ધીમે પત્નીનો સામાજિક દરજજો નીચો જવાની શરૂઆત થઈ. મધ્યયુગમાં તો માત્ર ભરણ–પોષણ સિવાય બધા જ અધિકારોથી તેને વંચિત બનાવી દેવામાં આવી. તે સમયે સ્ત્રીઓ, શુદ્રો અને ગુલામોની સ્થિતિ સમાન હતી.

બ્રિટિશયુગ દરમ્યાન સમાજસુધારકોના પ્રયત્નોથી સ્ત્રીઓની સામાજિક સ્થિતિમાં સુધાર આવવાની શરૂઆત થઈ. સ્વતંત્રતા પછી તો રાજય બંધારણે જ મૂળભૂત અધિકારો ભારતના દરેક નાગરિકને આપ્યા છતાં "ઢોલ, ગંવાર, શુદ્ર, પશુ, નારી; યે સબ તાડન કે અધિકારી." એ ૧૫–૧૬મી સદીમાં તુલસીદાસજી કૃત 'રામચરિત માનસ'ની ઉકિત આધુનિક સમયમાં પણ સાર્થક થતી જોવા મળે છે.

દારૂડિયો, બેકાર, અનૈતિક પ્રવૃત્તિઓ કરતો, લગ્નેતર સંબંધો ધરાવતો, જાતીય વિકૃતિ તથા અતિ કામુકતા ધરાવતો, પત્નીની કુશળતાની ઈર્ષા કરતો, પત્નીને દાબમાં રાખવી જોઈએ તેવું માનતો, "પત્ની એટલે પરપુરુષની દ્રષ્ટિથી બચાવવા યોગ્ય પ્રાણી" એવો ખ્યાલ ધરાવતો પતિ આજે એકવીસમી સદીમાં પણ મળી આવે છે; જેને મન પત્ની ગૃહસામ્રાજ્ઞી કે અર્ધાંગિની નથી માત્ર ઘરકામ કરનારી કામવાળી અને તેની વિકૃત કામુકતા સંતોષનારી ગુલામ સ્ત્રી જ છે!

આજના યુગમાં પણ સ્ત્રીને પત્ની તરીકે એક 'વ્યકિત' ની જેમ નહીં પરંતુ 'પ્રાણી' કે 'ઉપભોગની વસ્તુ' તરીકે જોવામાં આવતી હોય તેવા દ્રષ્ટાંતો સમાજમાં ઘણા મળી આવે છે.

"પતિ તો મારે, અને પત્નીએ તો માર સહન કરવાનો જ હોય !" "ધણી માટે ત્યારે દેહ તો ધરવો જ પડે ને !" આવી માન્યતા ભારતીય સમાજમાં દઢ થઈ ગયેલી છે. પત્ની તરીકે સ્ત્રીને પોતાના જીવન સંબંધી કે પતિ સંબંધી કોઈ ફરિયાદ કરવાનો અધિકાર નહીં.

શ્રી વર્ષાબહેનની નવલિકાના સ્ત્રી પાત્રોનો પત્ની તરીકેનો દરજજો મોટાભાગે નિમ્નકક્ષાનો જોવા મળે છે.

## (૪) પુત્રવધૂ તરીકે કુટુંબમાં દરજજો :

શ્રી વર્ષાબહેનની પસંદ કરેલી ૩૦ સ્ત્રી પ્રધાન નવલિકાઓમાં પુત્રવધૂ તરીકેનો કુટુંબમાં દરજજો ધરાવતા કુલ ૧૦ સ્ત્રી પાત્રો છે. જેમાં ૯ સ્ત્રી પાત્રોનો સામાજિક દરજજો નિમ્ન, શોષિત, દબાયેલો અને કચડાયેલો જોવા મળ્યો છે.

મોટાભાગની પુત્રવધૂઓ કુટુંબના બધા સભ્યોની સવારથી સાંજ સુધી સેવા કરતી રહે છે. મોટા કુટુંબની 'વહુ' થી નિશ્ચિત ચોકઠામાં જ વર્તન–વાણી–વ્યવહાર દાખવી શકાય. કુટુંબની પ્રતિષ્ઠાને આંચ ન આવે તેવી રીતે તેણે જીવન જીવવાનું. તે પોતાની જાત માટે આખા દિવસમાં થોડો પણ સમય ફાળવી ન શકે. તેના સમય ઉપર કુટુંબીજનોની સત્તા ચાલે. તેને પોતાના રસ–રુચિ, પસંદ–નાપસંદ, ગમા–અણગમા, બિમારી, થકાવટ, ઈચ્છાઓ, અરમાનો વગેરે પ્રત્યે દુર્લક્ષ્ય જ સેવવાનું. તેણે બીજાઓને માટે આખી જિંદગી ખર્ચી નાખવાની. ગૃહકાર્યની તમામ જવાબદારી તેના શિરે જ હોય.

ઉપરાંત જો પુત્રવધૂ વ્યવસાય કરતી હોય તો ગૃહકાર્ય અને વ્યવસાય એમ બેવડી ભૂમિકામાં તેને જબરો ઘસારો લાગે. વળી તેના વ્યવસાયની કોઈ કિંમત નહીં !, તેની આવક ગૌણ ગણાય !, તે વ્યવસાય કરે છે તેથી ગૃહકાર્યમાં કુટુંબના અન્ય સભ્યો તેને મદદરૂપ થાય તે આશા તેણે રાખવાની જ નહીં !

જો પુત્રવધૂ વિધવા હોય અને નિઃસંતાન હોય તો તેની સતત અવિરત સેવા લેવાનો કુટુંબીજનોને અબાધિત અધિકાર મળી જાય. "બિચ્ચારી" વિધવા પુત્રવધૂ બધાની સેવિકા (ગુલામ). તેને માત્ર ભરણ–પોષણ તથા બે જોડી કપડાં મેળવવાનો હક વિધવા પુત્રવધૂને પોતાને કોઈ સ્વતંત્ર ઈચ્છા કે રસરુચિ હોઈ જ ન શકે ! કુટુંબના બધા સભ્યો ભોજન કરી લે પછી વધ્યુ–ઘટયુ જમવાનું અને ઢગલો વાસણ સાફ કરવાના !

શ્રી વર્ષાબહેનની નવલિકાઓમાં ધનવાન કુટુંબની એક જ પુત્રવધૂનો દરજજો કુટુંબમાં ગૌરવવંતો છે. એક પુત્રવધૂના મુત્યુ (હત્યા) પછી કુટંબના સભ્યો તેની આવડત, કુશળતા તથા

પ્રેમાળ સ્વભાવને યાદ કરીને પ્રશંસા કરે છે. અન્ય બે સ્ત્રી પાત્રોનો દરજ્જો પુત્રવધૂ તરીકે મધ્યમ કક્ષાનો જોવા મળે છે.

ઉપરના વર્ગીકરણથી એ સાબિત થાય છે કે ભારતીય સમાજમાં અર્વાચીન યુગમાં પણ સ્ત્રીનો પુત્રવધૂ તરીકેનો દરજ્જો નિમ્ન કક્ષાનો મહદંશે જોવા મળે છે. તેમાં પણ જો કુટુંબમાં દહેજપ્રથા હોય તો પુત્રવધૂની સ્થિતિ ઘણીજ દયાજનક હોય છે. દહેજપ્રથાના કારણે પુત્રવધૂની હત્યા અને આત્મહત્યા તેમજ શારીરિક–માનસિક ત્રાસ, કાઢી મૂકવી વગેરે અનેક સામાજિક સમસ્યાઓ ભારતમાં આજે પણ પ્રવર્તમાન છે જે સમાજશાસ્ત્રીઓના અભ્યાસનો વિષય છે અને નીતિના ઘડવૈયાઓ માટે પડકારરૂપ છે.

## (૫) સાસુ તરીકે કુટુંબમાં દરજ્જો :

પતિની માતા તરીકે સાસુનો દરજ્જો ધરાવતા ૪ સ્ત્રી પાત્રો નવલિકાઓમાં છે. સાસુ તરીકે કુટુંબમાં તેઓ ઉચ્ચ, ગૌરવવંતો અને માનવંતો દરજ્જો ધરાવે છે.

## (૬) ફોઈબા તરીકે કુટુંબમાં દરજ્જો :

નવલિકાઓમાં એક જ સ્ત્રી પાત્ર ફોઈબાનું છે. જે કુટુંબમાં માનવંતો દરજ્જો ધરાવે છે. ભત્રીજીના ઉછેરમાં પણ તેઓની મહત્વની ભૂમિકા છે.

## (૭) ફોઈજી તરીકે કુટુંબમાં દરજ્જો :

ફોઈજી એટલે પતિના ફોઈબા. એક જ નવલિકામાં ફોઈજીનું સ્ત્રી પાત્ર છે. જેઓ અપંગ છે, વૃધ્ધ છે, વ્હીલચેરમાં જ ફરી શકે છે. તેઓ કુટુંબમાં મધ્યમકક્ષાનો દરજ્જો ધરાવે છે. તેઓના સૂચનથી તેઓના ભાઈના પુત્ર માટે સારા કુટુંબની સંસ્કારી કન્યા પુત્રવધૂ તરીકે પ્રાપ્ત થઈ શકી છે તે બાબતનો યશ તેઓ લેવા ઈચ્છે છે. તેઓ ભાઈના કુટુંબીજનોની સાથે જ રહે છે. ધનવાન ભાઈ હોવાથી તેઓની બધી જ સગવડો સચવાય છે.

ભારતીય સમાજમાં ઘણા કુટુંબોમાં વિધવા, અપરિણિત કે અપંગ બહેનનો સમાવેશ ભાઈના કુટુંબમાં થઈ જતો હોય છે. આખી જિંદગી બહેન ભાઈના કુટુંબ સાથે હળીમળીને રહેતી હોય છે. તે ભાઈને સામાજિક રીતે પણ ઉપયોગી થવાનો પ્રયત્ન કરતી હોય છે. સામાન્ય

રીતે ફોઈજીનું મધ્યમ કક્ષાનું સ્થાન કુટંબોમાં જોવા મળતુ હોય છે. બધા નાની ઉંમરના ભત્રીજા–ભત્રીજીઓ તેઓનું વડીલ તરીકે માન રાખતા હોય છે. કયારેક કુટુંબના મહત્વના પ્રસંગોમાં તેઓનો અભિપ્રાય લેવામાં આવતો હોય છે.

## I લગ્ન અને સ્ત્રીનો દરજ્જો :

લગ્નસંસ્થા કુટુંબસંસ્થાની સાથે જોડાયેલી સમાજની પાયાની સંસ્થા છે. તેની મદદ વડે સમાજના રચનાતંત્રમાં માનવીની જાતીયવૃત્તિનું નિયંત્રણ થાય છે, અને એક ચોકકસ ધોરણાત્મક વ્યવસ્થાના માળખામાં સમાજ અને સંસ્કૃતિનું સાતત્ય જળવાઈ રહે તે માટે લગ્નસંસ્થાની મદદથી પ્રજનન અને બાળ ઉછેરનું કાર્ય થાય છે.

વિશ્વના સભ્ય સમાજોની લગ્ન પ્રથામાં હિંદુ લગ્ન પ્રથા એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. કારણ કે તે એક સંસ્કાર ગણાય છે. તેની સાથે સ્ત્રી–પુરુષની ધાર્મિક ફરજોના પાલનનો હેતુ જોડાયેલો છે.

લગ્ન એક સ્થિર સામાજિક સંબંધ છે. સમાજની પ્રગતિનો અને સાતત્યનો આધાર કુટુંબ અને લગ્નની સ્થિરતા ઉપર છે. લગ્નમાં હક અને ફરજનું સુંદર મિલન જોવા મળે છે.

પ્રો. વેસ્ટરમાર્ક લગ્નની વ્યાખ્યા આપતા જણાવે છે કે "લગ્ન એ એક કે વધારે પુરુષોનો એક કે વધારે સ્ત્રીઓ સાથેનો સંબંધ છે. સમાજના રિવાજો કે કાયદા દ્વારા આવા સંબંધનો સ્વીકાર થયો હોય છે, તથા આ પ્રકારના સંબંધમાં લગ્ન કરનાર વ્યકિતઓ અને થનારાં બાળકોના પારસ્પારિક હકો તથા ફરજોનો પણ સમાવેશ થાય છે."[૬]

લગ્નની કેટલીક આવશ્યક માગણીઓમાં પ્રેમ, સહકાર, પરસ્પર માન આપવું, સહૃદયતા, સહાનુભૂતિ વગેરેનો સમાવેશ થાય છે. લગ્નનું ધાર્મિક અને સામાજિક મહત્વ છે. ભારતમાં લગ્નસંસ્થામાં સમયાનુસાર કેટલાક પરિવર્તનો આવ્યા છે. પ્રાચીનકાળમાં લગ્ન જન્મોજન્મનું બંધન ગણાતુ તેથી તેનો અંત લાવી શકાતો નહીં. આધુનિક સમયમાં કાયદા દ્વારા છૂટાછેડા સમાજમાન્ય બન્યા છે. જોકે છૂટાછેડાની બાબતને હિંદુસમાજમાં અવગણવામાં આવે છે અને સમાધાનકારી વલણ દ્વારા તૂટતા લગ્નસંબંધને બચાવી લેવાના પ્રયત્નો કરવામાં આવે છે.

---

૬. Wester Marck, **A short history of Marriage**.

સાહિત્યકારો દ્વારા લગ્નના વિવિધ પાસાઓ સાહિત્યકૃતિઓમાં હંમેશા ચર્ચાતા રહયા છે.

શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓમાં લગ્ન વ્યવસ્થા સાથે સંકળાયેલી ઘણી બાબતોનું આલેખન જોવા મળે છે. લગ્નજીવનને સ્પર્શતા પ્રવાહો, પ્રશ્નો અને સામાજિક વાસ્તવિકતાઓ અંગેનું નિરૂપણ જોવા મળે છે. આ મુદ્દામાં તેઓની નવલિકાઓમાં સ્ત્રીનો પરિણિત, અપરિણિત, વિધવા, ત્યકતા, છૂટાછેડા, અને પતિના લગ્નેતરસંબંધો સાથે સંકળાયેલો સામાજિક દરજ્જો દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**કોષ્ટક – ૫**

**લગ્ન અને સ્ત્રીનો દરજ્જો**

| ક્રમ | લગ્નનો દરજ્જો | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | અપરિણીત | ૨૩ | ૩૫.૩૯% |
| ૨ | પરિણીત | ૩૦ | ૪૬.૧૫% |
| ૩ | વિધવા | ૦૪ | ૬.૧૫% |
| ૪ | ત્યકતા | ૦૫ | ૭.૬૯% |
| ૫ | છૂટાછેડા | ૦૩ | ૪.૬૨% |
| | કુલ | ૬૫ | ૧૦૦.૦૦% |

## (૧) અપરિણીતાવસ્થા :

અભ્યાસ હેઠળની નવલિકાઓમાં આવતા ૬૫ સ્ત્રી પાત્રોમાંથી કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે ૨૩ સ્ત્રી પાત્રો અપરિણીત છે. સમાજની પરંપરા અનુસાર નારી જીવનનું મહત્વનું લક્ષ્ય લગ્ન હોય છે. સ્ત્રીનું સામાજીકરણ એવા વાતાવરણમાં થયુ હોય છે કે કુટુંબના સર્વે સભ્યો અને સમાજના લોકો સ્ત્રી અપરિણીત હોય તો તિરસ્કાર, ઉપેક્ષા અને શંકાથી તેના પ્રત્યે વર્તન દાખવે છે, સ્ત્રી શા માટે અપરિણીત છે તે દરેકની જિજ્ઞાસાનો વિષય બને છે. ભારતીય સમાજનું માળખુ એવા પ્રકારનું સદીઓથી ગોઠવાયેલું છે કે સ્ત્રી માટે પત્નીત્વ અને માતૃત્વની મહત્તા કેન્દ્રસ્થાને રહી છે.

પરંતુ તેની બહાર જઈને સ્ત્રી પોતાના અસ્તિત્વની શોધમાં અપરિણીત રહીને સ્વવિકાસ સાધવાનો પ્રયત્ન કરે તો સમાજના રૂઢિચુસ્ત અને પરંપરાવાદીઓનો તેણે સામનો કરવો પડે છે. જો કે તે શિક્ષિત હોય, આત્મનિર્ભર હોય તો તે દરેકનો સામનો કરતા શીખી જાય છે. આવા સ્ત્રી પાત્રો અભ્યાસ હેઠળની નવલિકાઓમાં ૦૮ છે.

૨૩ અપરિણીત સ્ત્રી પાત્રોમાંથી ૧૧ સ્ત્રી પાત્રો વ્યવસાય કરી રહયાં છે તે ૧૧ સ્ત્રી પાત્રો માંથી ૦૮ સ્ત્રી પાત્રો ખુમારીપૂર્વક વ્યવસાય કરે છે. ૦૩ સ્ત્રી પાત્રોને આર્થિક લાચારીના કારણે વ્યવસાય કરવો પડી રહયો છે.

કયારેક સ્ત્રીને સંજોગોવશાત્ અનિચ્છાએ મોટી ઉંમર સુધી ફરજીયાત અપરિણીત રહેવું પડે છે અને યોગ્ય પસંદગીનો મુરતિયો ન મળે તો તે માનસિક અશાંતિ અનુભવે છે. કુટુંબના સભ્યો તેને જેવું મળે તેવા પાત્ર સાથે ગોઠવાઈ જવા દબાણ કરે છે આવા સ્ત્રી પાત્રો નવલિકાઓમાં ૩ છે.

૦૪ અપરિણીત સ્ત્રી પાત્રોની હજુ લગ્નની ઉંમર નથી થઈ, ૦૮ સ્ત્રી પાત્રો અભ્યાસ કરી રહયાં છે અને કુટુંબીજનો તેમના માટે યોગ્ય પાત્રની શોધ ચલાવી રહયા છે.

અપરિણીત અને મોટી ઉંમર થઈ જવા છતાં કુટુંબની જવાદારીઓના કારણે લગ્ન ન થઈ શકયા હોય તેવી સ્ત્રીને શારીરિક જરૂરિયાતની ઈચ્છા પીડા આપે છે. કોઈ પુરુષ તેને પ્રેમ કરે તેવું તે ઈચ્છે છે. આવા સંજોગોમાં તે કોઈપણ પુરુષ સાથે માનસિક, શારીરિક અને એકલતામાંથી બહાર આવવાની જરૂરીયાત સંતોષવા કામચલાઉ ધોરણે મિત્રતા શરૂ કરે છે. નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી માત્ર ૧ જ સ્ત્રી પાત્રએ આવુ વલણ અપનાવેલ છે.

અપરિણીત સ્ત્રીને તે જયાં વ્યવસાય કરતી હોય ત્યાં અને જયાં રહેતી હોય ત્યાં ખૂબ સાવચેત અને સતર્ક રહેવું પડે છે. કારણ કે બધા પુરુષો તેની સાથે મિત્રતા શરૂ કરવા બહુ ઈચ્છુક હોય છે અથવા સ્ત્રીની એકલતાની અને આર્થિક લાચારીની તકનો લાભ લેવા પણ ઘણા પુરુષો આતુર હોય છે. ફિલ્મમાં કામ કરતી સુનીતા ઉપર તેના બોસે તથા રમુ જયાં ઘરકામ કરતી હતી ત્યાં તેના શેઠે બળાત્કાર કર્યો હતો.

## (૨) પરિણીતાવસ્થા :

અભ્યાસ હેઠળની નવલિકાઓમાં ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૩૦ સ્ત્રી પાત્રો પરિણીત છે. જેમાંથી સુખી દાંપત્યજીવન જીવતા સ્ત્રી પાત્રો ૧૨ છે. પતિથી સંતુષ્ટ પરંતુ સાસરિયાની સેવામાં આખો દિવસ પસાર થઈ જતો હોય તેવા, કામનો ઢસરડો કરતાં સ્ત્રી પાત્રો ૦૭ છે. પતિ દ્વારા દબાયેલા ૦૮ સ્ત્રી પાત્રો છે. ૦૩ સ્ત્રી પાત્રો પતિનો ત્રાસ અને અત્યાચાર, અતિકામુકતા વગેરેને સતત સહન કરવા પડતા હોય તેવા છે. પતિ દ્વારા પત્ની ઉપર થતો બળાત્કાર અને સહજીવનમાં

શરીરનો ઉપયોગ પુરુષો પોતાના સ્ત્રીઓ ઉપરના વર્ચસ્વની સાબિતી આપવા માટે કરે છે. અને આ સ્થિતિ વેઠવાનું સ્ત્રીઓ માટે કેટલું કંટાળાજનક અને પીડાદાયક હશે તે વિચારવું મુશ્કેલ નથી.

'રેણુ' નવલિકાની નાયિકાનો પતિ રેણુનું પ્રેમ પ્રદર્શન સહન નથી કરી શકતો તેને સતત ઉતારી પાડે છે. પતિની ઈચ્છાથી સ્વતંત્ર એવી પત્નીની કોઈપણ ઈચ્છા હોઈ જ ન શકે અને પ્રેમ તથા જાતીયતાની બાબતમાં તો નહીં જ નહીં !

પતિ બેકાર હોય, બિમાર હોય, દારૂડિયો હોય, રોજ ત્રાસ આપતો હોય, મારકૂટ કરતો હોય, તો પણ સ્ત્રી ઘરને ભાંગતુ બચાવી લે છે. બધુ જ સહન કરીને કારમી તંગીમાં પણ પોતે મજૂરી કે બીજાના ઘરકામ કરીને પરિવારના સભ્યોનું પેટ ભરવાનું કામ તે કરે છે. અને જયારે પોતાના 'વ્યકિત' તરીકેના અસ્તિત્વ ઉપર પતિ કે અન્ય કુટુંબીજનો દ્વારા આક્રમણ થતુ હોય ત્યારે તેવી પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર આવવું તેની પણ સ્ત્રીને ખબર હોય છે. સામાન્ય દેખાતી સ્ત્રીમાં પણ ઘણી વખત અસામાન્ય શકિત અને સ્વસ્થતા ભર્યા હોય છે, જેની પ્રસંગ આવે ત્યારે જ ખબર પડે.

'મદદગાર' નવલિકાની નાયિકા સીતા, 'મુકત કારાગાર' નવલિકાની કેદી સ્ત્રી, અને 'શીરો' નવલિકાની નાયિકા કુસુમ વિસ્ફોટક પરિસ્થિતિમાં સ્ત્રી મુકિતની મશાલ ઉપાડનારા સ્ત્રી પાત્રો છે. સતત સંતાપ આપતા, સતત અત્યાચાર, જુલમ તથા શારીરિક પીડા આપતા તેમજ અતિશય કામુક પતિથી વાજ આવી ગયેલી આ ત્રણેય સ્ત્રીઓએ પતિની હત્યા કરી છે. કુસુમ તો પોતાના વૈધવ્યને મુકિતપર્વ ગણીને એને સત્કારવા 'શીરો' શેકવા બેસે છે ! કયારેક સમાજમાં આવી ક્રાંતિ થઈ જતી હોય છે; પરંતુ સામાન્ય સંજોગોમાં તો નઘરોળ અને બેતમા પતિને સાચવતી, છોકરાં મોટા કરતી, કામ કરી–કરીને તૂટી જતી સ્ત્રી જ મહદંશે જોવા મળે છે. એ હકીકત આજથી સદીઓ પહેલા જેટલી સાચી હતી એટલી જ આજે પણ સાચી છે.

પોતાના માટે જીવવું એટલે શું એ ઘણે ભાગે તો સ્ત્રીઓને યાદ જ નથી રહેતુ. કુટુંબની પ્રત્યેક વ્યકિતની સગવડ સાચવવાની એની જવાબદારી હોય એમ એ તૂટી પડીને પણ પોતાની

જવાબદારી અદા કરે છે. બધાં સભ્યોનું મન સાચવવાનું અને પોતાનો વિચાર સાવ છેલ્લે કરવાનું જ એને શીખવવામાં આવ્યુ હોય છે. આ દઢ સામાજિક સંસ્કારમાંથી મુકત થવાનું અને જરૂર પડે તો એ માટે વિરોધ કરવાનું એના સ્વભાવમાં નથી હોતું. એ લક્ષણ એણે કેળવવું પડે છે. 'એક અજાણ્યા પ્રદેશની સફર' તથા 'સાતવારની હોડી' ની નાયિકાઓ શીલા અને સુજાતા તેનું ઉદાહરણ છે. અને 'રત્ના' અને 'નંદિતા' નામની બે મુકતપંખિણીઓ તે બન્નેને 'સ્વ' માટે જીવતા શીખવે છે.

'કેતકી' નામના પાત્રના પતિની સાથે નોકરી કરતી ચારિત્ર્યહીન સ્ત્રી સાથેના પતિના લગ્નેતર સંબંધના કારણે હત્યા થઈ ગઈ છે; તે જીવિત હતી ત્યારે કદી પણ તેનો પતિ ઓળખી ન શકયો કે તે કેટલી પરોપકારી, મિલનસાર અને ઉદાર સ્ત્રી હતી !

કુલ ૩૦ પરિણીત સ્ત્રી પાત્રોનો સામાજિક દરજજો પતિથી ઉતરતી કક્ષાનો છે. પછી તેનું દાંપત્ય જીવન સુખી હોય કે દુઃખી હોય. ભારતીય સમાજમાં પુરુષોનો દરજજો સ્ત્રીઓ કરતા દરેક ક્ષેત્રમાં ઉંચો છે.

પરિણીત સ્ત્રી વ્યવસાય કરતી હોય તો પણ તેણે ગૃહકાર્યની તેની પરંપરાગત ભૂમિકા તો ભજવવી જ પડે છે. તેમાં તેના કુટુંબના સભ્યો લેશ માત્ર મદદરૂપ થતા નથી. તેથી સ્ત્રીને બેવડી ભૂમિકાથી ઘણો થાક લાગે છે ઉપરાંત તેનો વ્યવસાય અને આવક બન્ને ગૌણ ગણાય છે. વ્યવસાય કરતી પરિણીત સ્ત્રીનો દરજજો પણ કુટુંબમાં ગૌણ–દ્વિતીય કક્ષાનો જ રહે છે. પત્ની શિક્ષિત હોય, વ્યવસાય કરતી હોય તો પણ તે પતિથી નીચી જ ગણાય છે ! આધુનિક યુગમાં પણ ભારતીય સમાજમાં આ પ્રકારનું વલણ મહદંશે જોવા મળે છે. નવલિકાઓમાં બેવડી ભૂમિકા ભજવતી પરિણીત સ્ત્રીઓની સંખ્યા ૦૮ છે.

### (૩) વિધવા અવસ્થા :

કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૪ વિધવા સ્ત્રીઓ છે. જેમાં ૨ સ્ત્રીઓ માતાનો દરજજો ધરાવે છે. તેઓની સ્થિતિ કંઈક સારી કહી શકાય તેવી છે. ૧ જેલની કેદી સ્ત્રીએ પતિના અમાનુષી

અત્યાચારથી ત્રાસીને તેની હત્યા કરી નાખી છે અને તે જેલમાં છે. ૧ વિધવા પુત્રવધૂ છે તે નિ:સંતાન છે. તેથી સાસરિયાઓની પૂરા સમયની તે કામવાળી કે ગુલામ સ્ત્રી જેવો દરજ્જો ધરાવે છે. તે આખો દિવસ કામનો ઢસરડો કર્યા કરે છે અને વધ્યુ–ઘટયુ ખાવા પામે છે. તે પોતાના હોવાનો અહેસાસ પણ ખોઈ બેઠી છે. પરંતુ તે આંખ–કાન ખુલ્લા રાખીને અન્ય સાહસિક સ્ત્રીઓને જુએ છે. કોઈ વ્યવસાય કરે છે, કોઈ અન્ય કામો કરે છે, મુકિતનો શ્વાસ લે છે અને આનંદ માણે છે. નાયિકા 'શાંતિ' પણ પોતાના અધિકારનો આનંદ મેળવવા નવલિકાના અંતમાં પ્રયત્ન શરૂ કરે છે.

## (૪) ત્યકતાવસ્થા :

અભ્યાસ હેઠળની નવલિકાઓમાં ૫ સ્ત્રી પાત્રો ત્યકતા છે. જેમાંથી ૩ સ્ત્રી પાત્રોના પતિને લગ્નેતર સંબંધ છે. ત્રણમાંથી બે સ્ત્રીઓએ સ્વમાન માટે પતિનું ઘર છોડી દીધું છે. અને એક સ્ત્રીને પતિ શારીરિક–માનસિક ત્રાસ આપતો હતો, અને એક દિવસ ઘરમાંથી ચાલી જવાનું કહેતા તેણે પોતાના સંતાનો સાથે પતિનું ઘર છોડી દીધુ છે. ૧ સ્ત્રીને સાસુ અને કાકીસાસુ પિયરમાં ધમકાવીને મૂકી ગયા છે અને સ્ત્રીના પતિને ધંધો શરૂ કરવા સ્ત્રીના પિતા પૈસા આપે તો જ પાછી મોકલવાનું કહેતા ગયા છે. ૧ સ્ત્રી વૃધ્ધ છે અને ભાઈના કુટુંબમાં જ વર્ષોથી રહે છે.

આધુનિક યુગમાં પણ અનાદિકાળથી ચાલી આવતી પુરુષની બહુસ્ત્રીગામિતા ટકી રહી છે. પત્ની હોવા છતાં પુરુષને જયારે બીજી સ્ત્રી સાથે સંબંધ બંધાય છે ત્યારે તેના દાંપત્યજીવન અને ગૃહસ્થીના પાયા હચમચી ઉઠે છે. મધ્યયુગની સ્ત્રી બહુપત્નીત્વ સ્વીકારી લેતી હતી. આજની સ્ત્રી તે સ્વીકારવા તૈયાર નથી. તેને જયારે પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધની જાણ થાય છે ત્યારે તે તેનો વિરોધ કરે છે. પતિનો કુટુંબમાં દરજજો ઉંચો હોવાથી અને પત્ની ઉપર તેનું આધિપત્ય હોવાથી પુરુષ પત્નીને તે ચલાવી લેવા જણાવે છે, જો પત્ની ન માને તો પતિ પત્નીને શારીરિક–માનસિક ત્રાસ આપવાનું શરૂ કરે છે અથવા ઘર છોડી જવાનું કહે છે. અને જો પત્ની શિક્ષિત હોય, સ્વાવલંબી હોય તો તે સરળતાથી, પતિને છોડી દે છે. પરંતુ જો સ્ત્રી અશિક્ષિત હોય અને આત્મનિર્ભર ન હોય તો તે પતિનો ત્રાસ સહન કર્યા કરે છે અને જયારે લાંબા સમય પછી તેનાથી તે ત્રાસ સહન નથી થતો ત્યારે ઘર છોડી દે છે.

ક્યારેક સાસરિયાઓ સ્ત્રીના પિતા પાસેથી વધારે ધન પ્રાપ્ત કરવા માગતા હોય છે તેથી સ્ત્રીને પિયરમાં પાછી મોકલી દે છે.

આમ, સ્ત્રીના ત્યકતા થવા પાછળના અનેક કારણોમાં પતિ અને સાસરિયા તરફથી અપાતો શારીરિક–માનસિક ત્રાસ, પતિના લગ્નેતર સંબંધો અથવા બીજા લગ્ન, સ્ત્રીના પિતા પાસેથી વધારે ધન મેળવવાની લાલચ વગેરે જવાબદાર છે. જેનું નિરૂપણ નવલિકાઓમાં કરવામાં આવ્યુ છે. સ્ત્રીની ત્યકતા અવસ્થા તેના નિમ્ન સામાજિક દરજજાની દ્યોતક છે.

## (૫) છૂટાછેડા :

અભ્યાસ હેઠળની નવલિકાઓમાં ૩ સ્ત્રી પાત્રો છૂટાછેડા લીધેલા છે. નવલિકાઓમાં છૂટાછેડાના કારણોમાં પતિના લગ્નેતર સંબંધો મુખ્ય છે. ૧ સ્ત્રીનો પતિ વર્ષો પહેલા સાધુમંડળી સાથે ભાગી ગયો છે.

ખૂબ ધનવાન અને શિક્ષિત કુટુંબમાં પતિના અન્ય સ્ત્રી સાથેના લગ્નેતર સંબંધો સહન ન થતાં સ્ત્રી પાત્ર છૂટાછેડા લે છે. કારણ કે સ્ત્રી પણ ધનવાન અને શિક્ષિત હોય તો તે પતિનું આધિપત્ય કે અત્યાચાર જરાપણ સહન ન કરે. 'મારી નીની' નવલિકામાં નંદિતાની માતા તેના પતિથી છૂટી થઈ ગઈ છે અને બન્ને પતિ–પત્ની પુત્રીનો કબજો મેળવવા કોર્ટમાં ગયા છે. જયારે માતાપિતા વચ્ચે ઝઘડા થતા હોય, બન્ને છૂટા પડી ગયા હોય ત્યારે બાળકની અવદશા થાય છે; બાળકના વ્યકિતત્વ ઉપર તેની વિપરિત અસર પડે છે.

પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધો સહન ન થતાં 'દરિયામાં નાવ' નવલિકાની નાયિકા પૂર્વી પુત્રી પલાશને લઈને પતિનું ઘર છોડી ગઈ છે. તે શિક્ષિત છે તેથી નોકરી કરી સ્વમાનભેર જીવન જીવી રહી છે. પતિને તે કયારેય માફ કરી શકી નથી.

પતિ જયારે પત્નીના પ્રેમનો અને વિશ્વાસનો ભંગ કરે છે ત્યારે પત્નીનું પ્રેમાળ હૃદય ઊંડો આઘાત અનુભવે છે અને તે જિંદગીમાં કયારેય બેવફા પતિને માફ કરી શકતી નથી. નવલિકાઓના ત્રણેય સ્ત્રી પાત્રો સ્વમાની છે અને આત્મનિર્ભર છે.

'બટમોગરો' ની નાયિકા બાના પતિ વર્ષો પહેલા તેને મૂકીને સાધુમંડળી સાથે ઘરના ઘરેણાં લઈને ભાગી ગયા હતા. વર્ષો પછી પાછા આવ્યા હતા, બાએ તેને સાથે રાખવાની ચોખ્ખી ના પાડી દીધી. કપરા સંજોગોમાં બાએ પુત્રીને મોટી કરી છે, તેથી બા પતિને કોઈ રીતે માફ કરી શકે તેમ નથી.

પતિના લગ્નેતર સંબંધો અને પત્નીના તે કારણે છૂટાછેડાના મૂળમાં સ્ત્રીનો પત્ની તરીકેનો નિમ્ન સામાજિક દરજ્જો છે. પતિને ફાવે તેવું વર્તન કરવાની સમાજ સ્વતંત્રતા આપે છે. પુરુષના અન્ય સ્ત્રી સાથેના સંબંધો ને સમાજ ગંભીરતાથી જોતો નથી. પણ જો પત્ની પતિ જેવું વર્તન કરે તો સમાજમાં તેની ટીકા થાય છે. પુરુષ ધોરણભંગ કરી શકે પણ સ્ત્રીએ તો ધોરણોનું પાલન કરવાનું જ. ભારતીય સમાજના રચનાતંત્રમાં સદીઓથી પુરુષ પ્રધાનતા રહી છે. સમાજના માળખામાં સ્વતંત્ર સ્થાન ન મળવાના કારણે સ્ત્રી ગૌણ અને પડદા પાછળ રહી છે. જો કે સ્વતંત્રતા પ્રાપ્તિ પછી બંધારણ દ્વારા આપવામાં આવેલા મૂળ ભૂત અધિકારો અને સામાજિક કાયદાઓની મદદથી સ્ત્રીનું 'સ્વમાન' જાગૃત થયુ છે ખરુ. પરંતુ પોતાની ઓળખ ઉભી કરવા 'વ્યકિત' તરીકે સમાજમાં સ્થાન મેળવવા તેણે સ્વયં ઝઝૂમવુ પડે છે.

## I વ્યવસાય અને સ્ત્રીનો દરજ્જો :

આધુનિક સમયમાં શિક્ષણની તક વધી છે અને સ્ત્રીઓ શિક્ષિત થઈ શકે છે. ભારતના રાજયબંધારણે પણ દરેક નાગરિકને સમાન હક અને તકની ઘોષણા કરી છે, મૂળભૂત અધિકારો આપ્યા છે, તેના સંદર્ભમાં ઘણા સામાજિક કાયદાઓ થયા છે આ બધા પ્રયત્નોના કારણે મધ્યયુગમાં સ્ત્રીનું અને શુદ્રોનું સમાન રીતે ગુલામ જેવું સ્થાન હતું તેમાં કંઈક અંશે સુધારણા થઈ છે. સ્ત્રી આત્મનિર્ભર બની શકે છે.

અર્થોપાર્જનની જરૂરિયાત મોટા ભાગે મધ્યમવર્ગ તથા નિમ્નવર્ગની સ્ત્રીઓને ઘરની બહાર કામ કરવા લઈ જતું પ્રબળ પરિબળ છે. જો કે કામ કરતી સ્ત્રીઓની જિંદગી તણાવથી ભરપૂર છે. વ્યવસાય અને એકધારા જીવનની નીરસતા જીવનની વાસ્તવિકતા બની જાય છે. બહાર કામ કરતી સ્ત્રી ઘર તથા વ્યવસાય વચ્ચે ભીંસ તથા બાળકનું ધ્યાન ન રાખી શકવાની અપરાધની ભાવના અનુભવે છે. ઉચ્ચવર્ગની ધનાઢય સ્ત્રીઓ સામાજિક કાર્યના નામે નિરર્થક પાર્ટી, મીટીંગ, પીકનીક અને ફાલતુ 'ટાઈમપાસ' ની પ્રવૃત્તિઓમાં ગૂંથાયેલી રહે છે.

કયારેક વ્યવસાયનું કાર્ય સ્ત્રીને ગરિમા અને આત્મસંતોષ આપે છે, આત્મછબિ ઊજળી બનાવવામાં મદદ કરે છે.

અભ્યાસ હેઠળની નવલિકાઓમાં વ્યવસાય કરતી સ્ત્રીઓની માહિતી કોષ્ટક નંબર–૬ માંથી મેળવી શકાય :

## કોષ્ટક – ૬

## વ્યવસાય અને સ્ત્રીનો દરજ્જો

| ક્રમ | વ્યવસાયનું સ્વરૂપ | કામ કરતી સ્ત્રીઓની સંખ્યા | કુલ ૨૮ સ્ત્રીઓ વ્યવસાય કરે છે તેના સંદર્ભમાં ટકાવારી | આવકના સંદર્ભમાં | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ઉચ્ચકક્ષાનો વ્યવસાય | મધ્યમ કક્ષાનો વ્યવસાય | નિમ્નકક્ષાનો વ્યવસાય | નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રો છે તેના સંદર્ભમાં કામ કરતી સ્ત્રીઓની ટકાવારી |
| ૧ | શાળામાં શિક્ષિકાનો વ્યવસાય | ૩ | ૧૦.૭૨% | | 3 | | ૪.૬૨% |
| ૨ | કોલેજમાં વ્યાખ્યાતાનો વ્યવસાય | ૩ | ૧૦.૭૨% | 3 | | | ૪.૬૨% |
| ૩ | બેંકમાં ઓફીસરનો વ્યવસાય | ૧ | ૩.૫૭% | 3 | | | ૧.૫૩% |
| ૪ | સરકારી કચેરીમાં વ્યવસાય | ૩ | ૧૦.૭૨% | | 3 | | ૪.૬૨% |
| ૫ | એડવર્ટાઈઝની કંપનીમાં વ્યવસાય | ૧ | ૩.૫૭% | 3 | | | ૧.૫૩% |
| ૬ | સામાજિક સંસ્થામાં નોકરી | ૧ | ૩.૫૭% | | 3 | | ૧.૫૩% |
| ૭ | વકીલાતનો વ્યવસાય | ૧ | ૩.૫૭% | 3 | | | ૧.૫૩% |
| ૮ | પોતાની લેબોરેટરી | ૧ | ૩.૫૭% | 3 | | | ૧.૫૩% |
| ૯ | ટ્રસ્ટની હોસ્પીટલમાં સુપરવાઈઝર | ૧ | ૩.૫૭% | | 3 | | ૧.૫૩% |
| ૧૦ | સામાજિક પ્રવૃત્તિઓ– મહિલામંડળ | ૨ | ૭.૧૪% | | માનદ્ વેતનમાત્ર | | ૩.૦૮% |
| ૧૧ | છૂટક કામ–ખેતમજૂરી, પારકા ઘરના કામ | ૮ | ૨૮.૫૭% | | | 3 | ૧૨.૩૧% |
| ૧૨ | ટયૂશન વગેરે | ૧ | ૩.૫૭% | | | 3 | ૧.૫૩% |
| ૧૩ | ફિલ્મમાં આર્ટીસ્ટ તરીકે | ૨ | ૭.૧૪% | ૦૧ | | ૦૧ | ૩.૦૮% |
| | કુલ | ૨૮ | ૧૦૦% | ૦૮ | ૧૦ | ૧૦ | ૪૩.૦૪% |

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ હેઠળના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રી પાત્રો (૪૩.૦૪%) વ્યવસાય કરી રહયાં છે. તેમાંથી જે વ્યવસાયમાં આવક વધારે છે અને ઉચ્ચ શિક્ષણની આવશ્યકતા છે તેવા ઉચ્ચ કક્ષાના વ્યવસાયમાં ૦૮ સ્ત્રી પાત્રો જોડાયેલા છે. મધ્યમ આવક વાળા અને મધ્યમ શિક્ષણની જેમાં આવશ્યકતા છે તેવા મધ્યમ કક્ષાના વ્યવસાયમાં ૧૦ સ્ત્રી પાત્રો વ્યવસાય કરે છે. અને નિમ્ન કક્ષાની આવક આપતા વ્યવસાયો, કે જેમાં કાર્યની કોઈ સ્થિરતા નથી, આવકની સ્થિરતા નથી, ઓછી આવક છે, શારીરિક શ્રમના કાર્યો કરવાના રહે છે તેવા વ્યવસાયોમાં ૧૦ સ્ત્રી પાત્રો જોડાયેલા છે.

ઉચ્ચ કક્ષાનો વ્યવસાય કરતી સ્ત્રીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલું છે, અને આત્મગૌરવ તથા આત્મસન્માન જાળવી શકે છે. જો કે તે પ્રાપ્ત કરવા, સમાજમાં એક 'વ્યકિત' તરીકે પ્રસ્થાપિત થવા માટે તેઓને ઘણો જ સંઘર્ષ કરવો પડી રહયો છે. મોટાભાગે સમાજના લોકો તેઓને 'સ્ત્રી' તરીકે જ જોવા ટેવાયેલા છે તેથી સ્ત્રી તરીકે વ્યાવસાયિક કારકીર્દિ ઘડવામાં અનેક અવરોધો આવે છે.

મધ્યમ કક્ષાની આવક વાળા વ્યવસાયમાં મધ્યમ કક્ષાનું શિક્ષણ જરૂરી છે. ઓછી આવક, વ્યવસાયના કામનો બોજો અને ગૃહકાર્યની પરંપરાગત ભૂમિકાઓ ભજવવાની હોવાથી સ્ત્રીની ઉપર કામનું બેવડું ભારણ હોવાથી તે માનસિક તાણ–તંગદિલી અનુભવે છે. શારીરિક થાક અનુભવે છે. સામાજિક પ્રવૃત્તિઓ કરતા અને મહિલામંડળમાં કામ કરતાં ૨ સ્ત્રી પાત્રો પોતાના શિક્ષણનો સદુપયોગ કરીને સમાજસેવાની પ્રવૃત્તિઓ કરતાં મહિલામંડળોમાં મધ્યમ કક્ષાના માનદ્ વેતન સાથે કામ કરી રહયાં છે તેઓ તેમાં પોતાની રસ–રુચિને અનુરૂપ કામગીરી કરે છે. તેથી માનસિક તાણ અનુભવતા નથી.

નિમ્ન આવક વાળા વ્યવસાયોમાં જોડાયેલી સ્ત્રીઓને આવકની કોઈ સ્થિરતા નથી. બીજાના ઘરે ઘરકામ કરવું, ફિલ્મમાં એકસ્ટ્રા કલાકારની ભૂમિકા ભજવવી, ખેતમજૂરીએ જવું, વગેરે કાર્યોમાં સ્થિર આવક નથી હોતી. આ વ્યવસાયો કરતી મોટાભાગની સ્ત્રીઓ અશિક્ષિત છે.

ત્રણેય કક્ષાના વ્યવસાયમાં જોડાયેલી સ્ત્રીઓનો સામાજિક દરજ્જો પુરુષોના દરજ્જા કરતાં દ્વિતીય કક્ષાનો છે. ભારતીય સમાજના રચનાતંત્રમાં સ્ત્રીની પ્રધાન ભૂમિકા તો ગૃહકાર્ય અને બાળઉછેરની જ સ્વીકૃત થયેલી છે. સ્ત્રી સ્વવિકાસ માટે, કુટુંબની આર્થિક જરૂરીયાતમાં ટેકારૂપ થવા માટે કે સમય પસાર કરવા માટે વ્યવસાયમાં જોડાય છે તે તેની વધારાની ભૂમિકા છે. જેને ભારતીય સમાજના લોકો ઝડપથી સ્વીકારી શકતા નથી. વ્યવસાય તો પુરુષના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ છે તેથી પુરુષોને પણ સ્ત્રીઓ

વ્યવસાય કરે તે પસંદ નથી હોતુ. આવા સમાજના જડ વલણો, પુરુષની સત્તા અને આધિપત્ય, લોકોની રૂઢિચુસ્તતા અને પરંપરાને વળગી રહેવાનું વલણ વગેરે સ્ત્રીના વ્યાવસાયિક વિકાસ અને સ્વવિકાસમાં અવરોધક પરીબળ તરીકે ભાગ ભજવે છે. છતાં સ્ત્રીના વ્યવસાય પ્રવેશની માત્રા આધુનિક યુગમાં વધતી જાય છે તેને આશાસ્પદ પરિવર્તન ગણી શકાય.

## I ભૂમિકા–સંઘર્ષ અને સ્ત્રીઓનો દરજ્જો :

આધુનિક સમયમાં સ્ત્રીએ ઘર અને ઘરની બહારની દુનિયાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યુ છે. ગૃહિણી તરીકેનું કાર્ય તેને સંતોષ આપે છે પરંતુ તે પોતે પ્રાપ્ત કરેલા શિક્ષણનો યથોચિત ઉપયોગ કરવા સ્વવિકાસ સાધવા, સ્વાવલંબી બનવા અને માનસિક સંતોષ મેળવવા ઈચ્છે છે; તો કયારેક સમય અને સંજોગોને આધીન રહીને કુટુંબની નબળી આર્થિક સ્થિતિમાં ટેકારૂપ બનવા માટે પણ તેણે વ્યવસાય કરવો પડે છે.

સમાજની અને કુટુંબની અપેક્ષાઓ સંતોષવી અને સાથોસાથ બહાર વ્યવસાય કરવો એ પરિસ્થિતિ સ્ત્રી માટે ઘણીવાર બેવડા બોજ સમાન બની રહે છે. જેમાંથી ભૂમિકા–સંઘર્ષ ઉદ્‌ભવે છે. કુટુંબમાં પુત્રી, પત્ની, માતા કે પુત્રવધૂની ભૂમિકા ભજવવી અને વ્યવસાયમાં કર્મચારીની ભૂમિકા ભજવવી તે બન્ને ભૂમિકાઓને સમાન ન્યાય આપવો જયારે મુશ્કેલ બને છે ત્યારે તેમાંથી ભૂમિકા–સંઘર્ષ ઉત્પન્ન થાય છે.

ભારતીય સમાજમાં સ્ત્રીની પરંપરાગત ભૂમિકાને વધારે મહત્વ અપાય છે. તેથી જ નવલિકાઓના સ્ત્રી પાત્રો ગૃહકાર્ય – બાળઉછેર – પતિસંભાળ જેવી કૌટુંબિક ભૂમિકાઓ અને વ્યવસાયની ભૂમિકા ભજવતી વખતે ભૂમિકા–સંઘર્ષ અનુભવે છે કે નહીં તેનો આ સંશોધનમાં અભ્યાસ કરવામાં આવ્યો છે.

### કોષ્ટક – ૭
### ભૂમિકા–સંઘર્ષ અને સ્ત્રી પાત્રો

| ક્રમ | નવલિકાઓમાંના સ્ત્રી પાત્રોનો ભૂમિકા–સંઘર્ષ | સ્ત્રી પાત્રોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ભૂમિકા–સંઘર્ષ અનુભવે છે | ૨૩ | ૩૫.૩૮% |
| ૨ | ભૂમિકા–સંઘર્ષ નથી અનુભવતા | ૪૨ | ૬૪.૬૨% |
| | કુલ | ૬૫ | ૧૦૦% |

અભ્યાસ હેઠળની નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૩ સ્ત્રી પાત્રો (૩૫.૩૮%) એવા છે જેઓને ઘર, સામાજિક જીવન અને કર્મચારી તરીકેની ત્રિવિધ જવાબદારીઓ અને ત્રિવિધ ભૂમિકાઓ ભજવવી પડે છે અને તેથી આ સ્ત્રી પાત્રો ભૂમિકા–સંઘર્ષ અને માનસિક તાણ અનુભવે છે.

અભ્યાસ હેઠળની નવલિકાઓના ૪૨ સ્ત્રી પાત્રો (૬૪.૬૨%) ગૃહકાર્ય અને વ્યવસાય એમ બેવડી ભૂમિકા નથી ભજવતા. તેઓ મહદંશે સ્ત્રીઓની પરંપરાગત ભૂમિકા જ ભજવે છે તેવું નવલિકાઓમાંથી સ્પષ્ટ થાય છે. માટે તેઓને ભૂમિકા–સંઘર્ષ અનુભવવો પડતો નથી.

જે મહિલા પાત્રો ભૂમિકા–સંઘર્ષ અનુભવે છે તેઓમાંથી ૯ અશિક્ષિત છે અને છૂટક તથા અસંગઠિત વ્યવસાયો જેવા કે કોઈના ઘરે ઘરકામ કરવું, ફિલ્મમાં એકસ્ટ્રા કલાકારની ભૂમિકા ભજવવી, જાહેરમાં નૃત્ય કરી આજિવિકા મેળવવી, ગૃહઉદ્યોગ કરવો, ખેતમજૂરી કરવી, ટયૂશન કરવા વગેરે વ્યવસાયોમાં જોડાયેલા છે.

અને ૧૪ સ્ત્રી પાત્રો શિક્ષિત છે તથા ખાનગી અથવા સરકારી ક્ષેત્રમાં કર્મચારી તરીકે વ્યવસાય કરી રહયા છે. તેવા ક્ષેત્રોમાં પોતાની લેબોરેટરી, વકીલાત, શાળા–કોલેજમાં શિક્ષિકા તરીકે, જાહેર કે સરકારી કચેરીઓ, ખાનગી માલિકીની કચેરીઓ વગેરેનો સમાવેશ થાય છે.

વ્યવસાય અને ઘરસંભાળ બન્ને ભૂમિકા ભજવતી હોવા છતાં કુટુંબમાં સ્ત્રીઓનો દરજજો દ્વિતીય કક્ષાનો જ છે. તેઓ વ્યવસાય કરે છે છતાં પરંપરાગત ભૂમિકા તો તેણે ભજવવી જ પડે છે. આથી, સ્ત્રીને બેવડો ઘસારો પહોંચે છે છતાં કુટુંબને આર્થિક રીતે સહાયક થવા તે વ્યવસાય કરે છે.

સ્ત્રી વ્યવસાય કરે, આર્થિક રીતે કુટુંબને ટેકારૂપ બને, ઘરકામ પણ કરે, કુટુંબના સભ્યોની સેવા અને સંભાળનું કામ પણ કરે, બાળ ઉછેર કરે, આમ, અનેકવિધ ભૂમિકાઓ તે ભજવે છતાં તે કુટુંબમાં ગૌણ દરજજો ધરાવે. કુટુંબના સભ્યો તેની વ્યાવસાયિક કામગીરી અને આર્થિક ઉપાર્જનને પણ કોઈ જ મહત્વ ન આપે. તેમાં પણ જો સ્ત્રી પત્ની કે પુત્રવધૂ હોય તો તે ગમે તેટલી શિક્ષિત હોય, વ્યવસાય દ્વારા આવક મેળવતી હોય, તેની આવકથી કુટુંબના સભ્યોનું ભરણપોષણ થતુ હોય, તો પણ કુટુંબના સભ્યો તેને બે મીઠા શબ્દો પણ ન કહે, આશ્વાસન પણ ન આપે !

કુટુંબની યુવાન શિક્ષિત પુત્રી વ્યવસાય દ્વારા કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થતી હોય તો પણ તેના શિરે ગૃહકાર્ય–રસોઈની જવાબદારી તો રહે જ. ઉપરાંત તે જાણે કે 'ભારરૂપ' હોય તેમ અયોગ્ય પાત્ર સાથે ઝડપથી લગ્ન કરી લેવા માતા–પિતા દબાણ કર્યા કરે તેવું નવલિકાઓના અભ્યાસમાંથી જાણવા મળેલ છે.

આથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રી શિક્ષિત હોય, તે વ્યવસાય કરતી હોય તો પણ તેનો સામાજિક દરજ્જો દ્વિતીય કક્ષાનો અને નિમ્ન જ છે. તેને સમાજ કે કુટુંબના લોકો એક 'વ્યકિત' તરીકે નહીં પણ 'સ્ત્રી' તરીકે જ સ્વીકારે છે. આધુનિક યુગમાં પણ એ વલણ યથાવત્ જળવાઈ રહયુ છે તેવું શ્રી વર્ષાબહેનની નવલિકાઓમાંથી સ્પષ્ટ થાય છે. સમાજશાસ્ત્રીઓ આવા "Gender Discrimination" ના અભ્યાસો કરી રહયા છે.

## । પુરુષ દ્વારા સ્ત્રી પાત્રોની સાથે થતા વ્યવહારનું સ્વરૂપ અને સ્ત્રીઓનો દરજ્જો :

અભ્યાસની નવલિકાઓમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો દ્વિતીય કક્ષાનો છે તેવું સિધ્ધ થાય છે. સમાજ, કુટુંબ અને વ્યવસાયના ક્ષેત્રે સ્ત્રીઓ સાથે પુરુષો કેવા પ્રકારનો વ્યવહાર કરે છે ? શું પુરુષો દ્વારા સ્ત્રીનું જાતીય શોષણ થાય છે ખરું ? શું પુરુષો સ્ત્રીઓ સાથે માનભર્યો વ્યવહાર કરે છે ? આ પ્રશ્નોનો જવાબ કોષ્ટક નંબર–૮ દ્વારા આપી શકાય.

## કોષ્ટક – ૮

## પુરુષો દ્વારા સ્ત્રી પાત્રોની સાથે થતા વ્યવહારનું સ્વરૂપ અને સ્ત્રીનો દરજજો

| ક્રમ | પુરુષો દ્વારા સ્ત્રી પાત્રોની સાથે થતા વ્યવહારનું સ્વરૂપ | યોગ્ય | અયોગ્ય | સ્ત્રીનું જાતીય શોષણ | નવલિકાઓના સ્ત્રી પાત્રોને થતાં અનુભવોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | પતિ દ્વારા માનભર્યો વ્યવહાર, પ્રેમાળ વર્તન | 3 | – | – | ૧૨ | ૧૮.૪૬ |
| ૨ | પતિ દ્વારા શારીરિક–માનસિક ત્રાસ | – | 3 | – | ૦૭ | ૧૦.૭૭ |
| ૩ | પતિની અતિ કામુકતા અને પત્ની ઉપર બળાત્કાર (હિંસક જાતીય વર્તન) | – | 3 | 3 | ૦૩ | ૪.૬૨ |
| ૪ | પતિના લગ્નેતર સંબંધો | – | 3 | – | ૦૭ | ૧૦.૭૭ |
| ૫ | પતિ દ્વારા અપમાનિત થવુ | – | 3 | – | ૧૧ | ૧૬.૯૨ |
| ૬ | પતિ દ્વારા ઉપેક્ષા અને બેદરકારી | – | 3 | – | ૧૬ | ૨૪.૬૨ |
| ૭ | પતિ સિવાયના પુરુષો દ્વારા બળાત્કાર | – | 3 | 3 | ૦૬ | ૯.૨૩ |
| ૮ | વ્યવસાયના સ્થળે પુરુષો દ્વારા બળાત્કાર | – | 3 | 3 | ૦૪ | ૬.૧૫ |
| ૯ | સહકાર્યકર પુરુષો દ્વારા દ્વિઅર્થી સંવાદો, અડપલાં વગેરેનું વર્તન | – | 3 | આંશિક જાતીયશોષણ | ૦૪ | ૬.૧૫ |
| ૧૦ | પિતા, ભાઈ કે કાકા દ્વારા અપમાનિત થવું, સ્ત્રીવિકાસમાં અવરોધક બનવું | – | 3 | – | ૦૯ | ૧૩.૮૫ |
| ૧૧ | પિતા, ભાઈ કે અન્ય સગા દ્વારા પ્રેમાળ વર્તન, સર્વાંગી વિકાસમાં મદદરૂપ | 3 | – | – | ૧૧ | ૧૬.૯૨ |

ઉપરોકત કોષ્ટકમાં એક સ્ત્રી પાત્રને પતિ શારીરિક–માનસિક ત્રાસ આપતો હોય નં.–૨, પતિને લગ્નેતર સંબંધો હોય નં.–૪, પતિ દ્વારા અપમાનિત થવુ પડતુ હોય નં.–૫ અને પતિ દ્વારા ઉપેક્ષા તથા બેદરકારી રાખવામાં આવતી હોય નં.–૬, એમ એકી સાથે નં.–૨, નં.–૪, નં.–૫ અને નં.–૬ ના અનુભવો લાગુ પડતા હોય તેવા પણ સ્ત્રી પાત્રો અભ્યાસ હેઠળની નવલિકાઓમાં જોવા મળે છે.

સમગ્ર વર્ગીકરણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે નવલિકાઓના સ્ત્રી પાત્રોને પતિ દ્વારા માનભર્યા અને પ્રેમાળ વર્તનનો અનુભવ થતો હોય તેવા સ્ત્રી પાત્રોની સંખ્યા માત્ર ૧૨ જ છે (૧૮.૬૬%). અને પિતા, ભાઈ કે અન્ય સગા દ્વારા પ્રેમાળ વર્તન થતું હોય, તેઓ પુત્રીના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થતા હોય, તેવા સ્ત્રી પાત્રોની સંખ્યા માત્ર ૧૧ જ છે (૧૬.૯૨%). તેની તુલનામાં પતિ દ્વારા થતો અત્યાચાર, હિંસક જાતીયવર્તન, અપમાનિત થવુ, ઉપેક્ષા અને બેદરકારી, પતિના લગ્નેતર સંબંધો વગેરેની ટકાવારીનો સરવાળો ઘણો ઉંચો આવે છે.

વ્યવસાયના સ્થળોએ પુરુષ ઉપરી દ્વારા કે ગામના જમીનદાર દ્વારા, ઘરકામ કરવાના સ્થળે શેઠ દ્વારા, સ્ત્રી ઉપર બળાત્કારો થતા રહે છે. સ્ત્રીની આર્થિક લાચારી, તેની સુંદરતા, મજબૂરી, શારીરિક નબળાઈ (પુરુષ કરતાં), નિમ્ન જ્ઞાતિના અને નિમ્ન વર્ગના સભ્ય હોવું તે સ્ત્રી ઉપર થતા બળાત્કારના કારણ તરીકે નવલિકાઓમાંથી સ્પષ્ટ થાય છે.

શિક્ષિત અને વ્યવસાય કરતી સ્ત્રીને સહકાર્યકર પુરુષો દ્વારા દ્વિઅર્થી સંવાદો, અડપલાં, ગંદી મજાક, વિકૃત હાસ્ય વગેરેનો ભોગ બનવુ પડે છે છતાં તેમાંથી સ્ત્રી પોતાની જાતને બચાવીને સ્વવિકાસ માટે પ્રયત્નો કરતી જ રહે છે અને વ્યવસાયમાં ટકી રહે છે – પ્રગતિ સાધતી રહે છે. આમ, પુરુષો દ્વારા સ્ત્રીના આર્થિક–વ્યાવસાયિક વિકાસમાં અવરોધો ઉભા કરવામાં આવે છે, તેની પ્રગતિ અટકાવવાના પ્રયત્નો કરવામાં આવે છે તેમાં પુરુષનો સ્ત્રીને નિમ્ન રાખવાનો "અહં" દ્રષ્ટિગોચર થાય છે.

કુટુંબમાં અને સમાજમાં, સગાસંબંધીઓ દ્વારા, પતિના મિત્ર દ્વારા, સમાજની ઉંચી, પ્રતિષ્ઠિત અને સત્તાધારી જ્ઞાતિના પુરુષો દ્વારા; અનુક્રમે કુટુંબની સ્ત્રીઓ, મિત્રપત્ની કે નિમ્ન જ્ઞાતિ અને નિમ્નવર્ગની સ્ત્રીઓ ઉપર જાતીય હુમલાઓ અને બળાત્કારો આધુનિક યુગમાં પણ થતા રહે છે. તેમાં મોટાભાગે સ્ત્રીઓ તે જાતીય ત્રાસ, પોતાની અને કુટુંબની સામાજિક પ્રતિષ્ઠા જોખમાવાના ભયથી, ધનવાનોની જોહુકમીથી, આર્થિક લાલચથી અને અસુરક્ષાના ભયથી મુંગા મોઢે સહન કરી લે છે. કયારેક 'મુકત કારાગાર' નવલિકાની અવનિની જેમ ચારિત્ર્યના રક્ષણ માટે બળાત્કારીની હત્યા પણ કરી નાખે છે. પરંતુ આવા પ્રસંગો બહુ જૂજ જ હોય છે. મોટાભાગે સ્ત્રી બળાત્કારો અને જાતીય હુમલાઓ સહન કરી લેતી હોય છે અથવા તો તેને તે સહન કરવાની અન્ય લોકો દ્વારા ફરજ પાડવામાં આવતી હોય છે તેવું નવલિકાઓના અધ્યયનમાંથી સ્પષ્ટ થાય છે.

પિતા, ભાઈ કે અન્ય સગાઓ દ્વારા પુત્રી, બહેન કે અન્ય સ્ત્રી પાત્રનો સર્વાંગી વિકાસ અટકાવવાના પ્રયત્નો પણ સમાજમાં અને કુટુંબમાં થતા રહે છે. પુત્રીનો અભ્યાસ વચ્ચેથી છોડાવીને ગમે ત્યાં લગ્ન કરી દેવા; તેના શોખની પ્રવૃત્તિઓ જેવી કે નૃત્ય, સંગીત, ચિત્રકામ, રમત–ગમત વગેરેને અટકાવી દેવી; ઈચ્છા હોય કે ન હોય તો પણ ઝડપથી તેના લગ્નનું નકકી કરી નાખવું, તેની વિકાસાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન ન આપવું, 'સ્ત્રીએ તો ભવિષયમાં રસોડુ જ સંભાળવાનુંછે ને !' એમ કહીને એક ''વ્યકિત'' તરીકેના તેના વિકાસમાં વિવિક અવરોધો ઉભા કરવા. આવા સંકુચિત પુરુષ સગાઓ ભારતીય સમાજમાં અર્વાચીન યુગમાં પણ કુટુંબોમાં જોવા મળે છે.

## I શિક્ષણ અને સ્ત્રીનો દરજજો :

ભારતના પ્રાચીન ૠષિઓએ શિક્ષણનું મહત્વ સ્પષ્ટ કરતાં કહયુ છે કે, ''શિક્ષણથી વિકસેલી અને સંસ્કારાયેલી બુધ્ધિ આ જગતનું બળ છે.'' શિક્ષણ વગર માનવી પશુસમાન જ રહે છે. ડૉ. પ્રભુ કહે છે કે, ''શિક્ષણ એ સમાજ કે જૂથના હાથમાં રહેલું એક એવું શકિતશાળી સાધન છે જેના વડે જૂથ કે સમાજ વર્ષો સુધી એકત્ર કરેલી પોતાની સાંસ્કૃતિક પરંપરાઓ વ્યકિતને પ્રદાન કરે છે.'' તે રીતે શિક્ષણ વ્યકિતને સમાજના વિચારો અને આદર્શો સાથે અનુકૂલન સાધવા શકિતમાન બનાવે છે.

સ્વતંત્રતા પછી શિક્ષણનો વ્યાપ વધ્યો છે. આધુનિક યુગમાં તો કન્યાકેળવણી મફત છે. પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવાયુ છે. તેની અસર સ્ત્રી શિક્ષણ ઉપર થઈ છે. જેના કારણે સમાજમાં સ્ત્રીના સામાજિક દરજજામાં પરિવર્તન આવ્યુ છે.

અભ્યાસ હેઠળની નવલિકાઓના સ્ત્રી પાત્રોના શિક્ષણની કક્ષા તથા તેના કારણે તેના સામાજિક દરજજામાં આવેલું પરિવર્તન તપાસવાનો પ્રયત્ન આ મુદ્દામાં કરવામાં આવ્યો છે જે કોષ્ટક નંબર–૯ માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક – ૯**

**શિક્ષણ અને સ્ત્રીનો દરજજો**

| ક્રમ | શિક્ષણની કક્ષા | સ્ત્રી પાત્રોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ઉચ્ચ શિક્ષિત | ૩૬ | ૫૫.૩૮% |
| ૨ | મધ્યમ કે અર્ધ શિક્ષિત | ૦૬ | ૦૯.૨૩% |
| ૩ | અશિક્ષિત | ૨૩ | ૩૫.૩૯% |
| | કુલ | ૬૫ | ૧૦૦% |

શિક્ષણ વ્યકિતત્વના વિકાસમાં, રોજગારી મેળવી આપવામાં અને વ્યવસાયમાં ઉભા થતા પ્રશ્નોના ઉકેલ માટેની યોગ્ય સમજશકિત અને કેટલાક અંશે અનુકૂલન સાધવામાં મદદરૂપ થાય છે. શિક્ષણ એ જીવન જીવવાની તાલીમ છે. શિક્ષણ વ્યકિત બે રીતે મેળવી શકે છે, ઔપચારિક રીતે અને અનૌપચારિક રીતે.

પ્રસ્તુત અભ્યાસમાં નવલિકાઓના સ્ત્રી પાત્રોના ઔપચારિક શિક્ષણ અને તેના કારણે તેના દરજ્જામાં આવેલા પરિવર્તન બાબતે વિશ્લેષણ કરવામાં આવ્યુ છે.

અભ્યાસ હેઠળની નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી કુલ ૩૬ સ્ત્રી પાત્રો (૫૫.૩૮%) એ ઉચ્ચ શિક્ષણ મેળવ્યુ છે. તેવા પાત્રો પોતાના 'સ્વ' બાબતે સારી રીતે જાગૃત છે, સ્વમાની છે, મોટાભાગે અન્યાયનો સામનો કરનારા છે. દરેક પરિસ્થિતિને સારી રીતે સમજી તેમાં અનુકૂલન સાધી શકે છે. પતિ દ્વારા થતી ઉપેક્ષા કે અપમાન અથવા પતિના લગ્નેતર સંબંધોને ચલાવી લેતા નથી. શિક્ષિત સ્ત્રી પાત્રોમાંથી મોટાભાગના કોઈને કોઈ વ્યવસાય સાથે જોડાયેલા છે. પતિ ત્રાસ આપતો હોય કે પતિને લગ્નેતર સંબંધ હોય તો બહુ સરળતાથી પતિને છોડી દીધો હોય તેવા સ્ત્રી પાત્રો મહદંશે શિક્ષિત છે.

૬ સ્ત્રી પાત્રો (૯.૨૩%) અર્ધશિક્ષિત છે. એટલે કે તેઓએ માધ્યમિક સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યુ છે. તેમાંથી ૩ ગૃહિણીઓ છે, ૨ વ્યવસાય કરે છે, ૧ નો અભ્યાસ હજુ ચાલુ છે.

૨૩ સ્ત્રી પાત્રો (૩૫.૩૯%) અશિક્ષિત છે. તેમાંથી ૧૮ સ્ત્રી પાત્રો ગૃહિણીઓ છે, તે ૧૮ માંથી ૧૦ સ્ત્રી પાત્રો બા, સાસુ, ફોઈજી જેવો વડીલ સ્ત્રી તરીકેનો દરજ્જો ધરાવે છે; ૮ સ્ત્રી પાત્રો નાની ઉંમરની ગૃહિણીઓ છે. તેને શિક્ષણની તક મળી નથી. તેઓ નિમ્ન વર્ગની અને નિમ્ન જ્ઞાતિની છે. તેઓ ગૃહિણી ઉપરાંત ખેતમજૂરી, પારકા ઘરના કામ વગેરે છૂટક વ્યવસાયો કરે છે. ૨૩ અશિક્ષિત સ્ત્રી પાત્રોમાંથી ૫ યુવતીઓ છે અને અસંગઠીત વ્યવસાયો – ખેતમજૂરી, બીજાના ઘરના કામ વગેરેમાં જોડાયેલી છે.

શ્રી વર્ષાબહેનની નવલિકાઓના સ્ત્રી પાત્રો શિક્ષિત હોય કે અશિક્ષિત, પરંતુ તેઓ ખુમારીવાળા છે, પરિસ્થિતિ અને સંજોગોને આધીન રહીને તેઓ સમાયોજન સાધી શકે છે. દરેકના આંતરમનમાં સ્વવિકાસ સાધવાની મહેચ્છા છે. ગરીબ કે નિમ્ન વર્ગના સ્ત્રી પાત્રો પણ એવી આંતરસૂઝ ધરાવે છે કે

આપત્તિના સમયમાં પણ ટકી રહે છે. નઘરોળ પતિને સાચવે છે, શકય હોય ત્યાં સુધી તૂટતા ઘરસંસારને જાળવવા માટે જાત ઘસી નાખે છે અને જયારે અસહય પરિસ્થિતિ ઉભી થાય ત્યારે સ્વમાન અને આત્મગૌરવ માટે પતિ – કુટુંબને ખુમારીથી છોડી પણ જાય છે અથવા ત્રાસવાદી પતિને 'સ્વધામ' પહોંચાડતા પણ અચકાતા નથી.

## ૭.૨.૨ નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજજાનું આત્મલક્ષી પાસુ :

સ્ત્રીનું પોતાના દરજજા વિષેનું સ્વમૂલ્યાંકન એ તેના દરજજાનું આત્મલક્ષી પાસુ છે. જેની મદદ વડે સ્ત્રીનું સમાજમાં વર્તન, વ્યકિતત્વ અને જીવનશૈલી ઘડાય છે.

જો કે સ્ત્રીના દરજજાના આત્મલક્ષી પાસાના ઘડતરમાં સામાજિક વાતાવરણ, સંસ્કૃતિની ઢબ, સામાજિક ધોરણો, કૌટુંબિક પરિવેશ, આનુવંશિકતા, સાંસ્કૃતિક મૂલ્યો, સામાજિક કાયદાઓ, સામાજિક વલણો વગેરે પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

જેમ કે 'એક જાત અસ્ત્રીની' નવલિકાની નાયિકા લક્ષ્મી બીજી નાયિકા સ્મિતાને કહે છે, ''આપણી અસ્ત્રીની જાત. મીઠાની પૂતળી. નસીબમાં ઓગળવાનું !'' આ લક્ષ્મીની એક 'વ્યકિત' તરીકેની વેદના વ્યકત થઈ છે. પતિ ખૂબ ત્રાસ આપે છે, મારે છે, તેને મૂકીને ચાલ્યા જવાનું મન થાય છે. પણ જો તે સમાજમાં એકલી રહે તો બીજા પુરુષો તેને હેરાન કરશે તેવો તે ભય અનુભવે છે ! લક્ષ્મીના શબ્દોમાં કહીએ તો, ''એકલી જુએ તો બીજો કૂતરો લાળ ટપકાવતો વાંહે પડશે !'' લક્ષ્મી પોતે એક 'વ્યકિત' નહીં પણ એક 'સ્ત્રી' છે તેવું તે સતત અનુભવતી આવી છે માટે તેને ''આપણી અસ્ત્રીની જાત'' ની વાત અનિચ્છાએ પણ સ્વીકારવી પડે છે.

સ્ત્રીનો કુટુંબમાં બાળપણથી યોગ્ય ઉછેર થયો હોય, વ્યકિતત્વ વિકાસની સુયોગ્ય તક ઉપલબ્ધ થઈ હોય, તે ઉચ્ચ શિક્ષણ લઈ શકી હોય, લગ્ન માટે તેની ઈચ્છાને પિતા કે અન્ય કુટુંબીજનો માનતા હોય, તેની ઈચ્છાથી તે પસંદગીનો વ્યવસાય કરી શકતી હોય તેવું અનુકૂળ કૌટુંબિક વાતાવરણ ધરાવતી 'અનુરાધા' નામની નવલિકાની નાયિકા 'અનુરાધા', 'કોઈ અજાણ્યા પ્રદેશની સફર' ની રત્ના, 'સાતવારની હોડી' ની નાયિકા નંદિતા, 'લાંબી ધીમી તપતી બપોર' ના ભાવનાબહેન, 'રીતુ નામની એક છોકરી' ની નાયિકા રીતુ, 'બે સ્ત્રીઓ' નવલિકાની સુમતિ અને 'બટમોગરો' નવલિકાની શશી પોતાને પ્રતિષ્ઠિત અને ગૌરવાન્વિત અનુભવી શકે છે. તે દરેક સ્ત્રી પાત્રના વ્યકિતત્વનો વિકાસ એક 'વ્યકિત' તરીકે થઈ શકયો છે નહીં કે એક

'સ્ત્રી' તરીકે. તેથી તેઓ આત્મસન્માનથી જીવી રહી છે. તેઓ માનસિક રીતે સભાન છે કે તેઓનો દરજજો પુરુષોની સમકક્ષ છે નિમ્ન નથી. તેથી તેઓએ સ્વયં પોતાની વિશિષ્ટ જીવનશૈલી ગોઠવેલી છે. સમાજના કે કુટુંબીજનોના દબાણ હેઠળ તેઓ જીવન જીવતા નથી અને કોઈથી પણ તેઓ અભિભૂત થતાં નથી. સમાજના લોકો કંઈ પણ ટીકા કરે તો તેની તેઓ ઉપર કોઈ અસર થતી નથી, કારણ કે તેઓ જાણે છે કે સમાજ પરંપરાઓ અને રૂઢિઓને હજુ પણ વળગી રહેલો છે; ભારતીય સમાજમાં આવી રહેલું પરિવર્તન ઘણી ધીમી ગતિનું છે. આ સ્ત્રી પાત્રોને "Second Sex" નું લેબલ સ્વીકાર્ય નથી. તેઓ નવી પૂર્ણતા અને આત્મવિશ્વાસ સાથે બહાર આવેલી સ્ત્રીઓ છે. શ્રી વર્ષાબહેન આવા આધુનિક, વિચારવંત, બુધ્ધિશાળી અને પુરુષોની સમકક્ષ બનાવ પ્રયત્નશીલ સ્ત્રી પાત્રોનું સર્જન કરીને એમ જણાવવા ઈચ્છે છે કે સમાજમાં સ્ત્રીઓનો સામાજિક દરજજો સુધારણા પામી રહયો છે ખરો પણ તેની ગતિ ઘણી જ ધીમી છે.

'ગાંઠે બાંધ્યુ આકાશ' નવલિકાના રૂક્ષ્મણિબહેને આખી જિંદગી પતિના હુકમો, અપમાન અને ઉપેક્ષા સહન કર્યા છે. પતિના મૃત્યુ પછી પણ તેઓની માનસિકતા દબાયેલી–કચડાયેલી જ રહે છે. જેવી રીતે તેઓ પતિની ખડે પગે સેવા કરતા રહયા હતા તેવી જ રીતે પુત્ર અને પુત્રવધૂની સેવા કરતા રહે છે. પરંતુ પડોશી નયનાબહેન તેઓને એ કચડાયેલી માનસિકતામાંથી બહાર લાવ્યા. તેઓ પોતાની સાથે સ્ત્રીઓની એક સામાજિક સંસ્થામાં રૂક્ષ્મણિબહેનને લઈ જવા લાગ્યા. રૂક્ષ્મણિબહેન આખી જિંદગી પતિ પાસેથી 'ગમાર'નું બિરૂદ મેળવીને ઘરની ચાર દિવાલો વચ્ચે જ જીવતા રહયા હતા. સ્ત્રીઓની સામાજિક સંસ્થામાં જવા લાગતા તેઓમાં આત્મવિશ્વાસ અને આત્મગૌરવ જાગૃત થયુ અને પુત્ર તથા પુત્રવધૂની સેવા–ગુલામીમાંથી પોતાની જાતને મુકત કરી શકયા, પોતાને માટે તેઓ જીવતા શીખ્યા.

'કોઈઅજાણ્યા પ્રદેશની સફર' ની નાયિકા શીલાને તેની શિક્ષિત, વ્યાવસાયિક સખી રત્ના બીજાઓને માટે નહીં પરંતુ પોતાની જાત માટે જીવતા શીખવે છે. આજ સુધી શીલા અન્યોને માટે જ જીવી રહી છે. 'શાંતિ' નવલિકાની નાયિકા શાંતિ એ પણ આખા કુટુંબ માટે સતત જાત ઘસી નાખી છે. તે પોતાના હોવાપણાનો અહેસાસ પણ ખોઈ બેઠી છે પરંતુ 'સ્વમાન' જાગૃત થતા તે પોતાના અધિકારનો આનંદ મેળ વવા મથે છે.

મોટાભાગના સમાજના સભ્યો ચાર્લ્સ હોર્ટન કૂલે એ આપેલા 'દર્પણ–સ્વ–ત્વ ના સિધ્ધાંત અનુસાર સમાજને જ ધ્યાનમાં રાખીને વર્તન કરતા હોય છે, વિચારતા હોય છે અને વાણી વાપરતા હોય છે. ચાર્લ્સ

કૂલે કહે છે કે વ્યકિતનો 'સ્વ' સામાજિક પેદાશ છે. 'સ્વ' સામાજિક સંપર્કથી જ વિકસે છે. અન્ય વ્યકિતઓની લાગણીઓ, માન્યતાઓને અનુલક્ષીને વ્યકિત પોતાના વિશેની જે કલ્પનાઓ બાંધે છે તેમાંથી 'સ્વ' નો ઉદ્‌ભવ – વિકાસ થાય છે. અર્થાત્ વ્યકિત ઉપર અન્યના વિચારો અને વર્તનોની અસર થાય છે. તેથી કૂલે એ 'સ્વ' ને વ્યકિતગત નહીં પરંતુ સામાજિક ઘટના તરીકે ઓળખાયેલ છે, વિવિધ વ્યકિતઓની સાથેના સંપર્ક, સંબંધ અને આંતરૃક્રિયાથી વ્યકિતગત અને સામાજિક 'સ્વ' એક સાથે જ ઉદ્‌ભવે છે. માનવીની પોતાના વિશેની સભાનતા, આત્મગૌરવ કે લઘુતાગ્રંથિ, તેનું વ્યકિતત્વ, એ બધુ ખરેખર તો બીજાઓના મનની અંદર પોતાની જે છાપ છે તેની કલ્પના કરીને માનવીએ પ્રાપ્ત કરેલ હોય છે. વ્યકિતનો પોતાની જાત વિશેનો અર્થાત્, 'સ્વ' વિશેનો ખ્યાલ તેનો આગવો કે સ્વતંત્ર નથી, તે તેની પોતાની અંગત માન્યતા નથી. તે દ્રષ્ટિએ સ્ત્રીઓના દરજજાના આત્મલક્ષી પાસાં તરીકે સ્ત્રીઓને સમાજના જુદા–જુદા ક્ષેત્રોમાં જે માન કે અપમાન મળે, પુરુષ અને સ્ત્રી વચ્ચે ભેદભાવ હોય, સમાજમાં સ્ત્રીઓ વિશેના ખ્યાલો અને સ્ત્રી પોતાની જાતને પુરુષથી નીચી ગણે કે સમકક્ષ ગણે, તે દરેક અંગેની સ્ત્રીની માનસિક સભાનતામાં પણ સામાજિકતા ઉમેરાય છે. જેની સ્પષ્ટતા આપણે ઉદાહરણો દ્વારા મેળવી છે.

## I નવલિકાઓના સ્ત્રી પાત્રોની માનસિક સ્થિતિ :

ભારતીય સમાજમાં અને કુટુંબમાં સ્ત્રીઓની સુષુપ્ત શકિતઓને કુંઠિત કરતી પરિસ્થિતિઓ, નારીદમન અને તાબેદારી, સ્ત્રીની નબળાઈઓ, સમગ્ર પરિસ્થિતિ પ્રત્યે સ્ત્રીઓના અને સમાજના પ્રતિભાવો વગેરેની અસર તેમજ સ્ત્રીઓના પોતાના અરમાનો, ઈચ્છાઓ, મહત્વાકાંક્ષાઓ પૂર્ણ થઈ શકે છે કે નહીં તેને ધ્યાનમાં રાખીને અને સમગ્ર રીતે સ્ત્રી પાત્રો પોતાના જીવનથી સંતુષ્ટ છે કે અભાવાત્મક સ્થિતિ અનુભવી રહયાં છે તેની સ્પષ્ટતા નીચેના કોષ્ટક દ્વારા થાય છે.

### કોષ્ટક – ૧૦
### નવલિકાઓના સ્ત્રી પાત્રોની માનસિકતા

| ક્રમ | નવલિકાઓના સ્ત્રી પાત્રોની માનસિક સ્થિતિ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સ્ત્રી પાત્રો અભાવાત્મક સ્થિતિ અનુભવે છે / અસંતુષ્ટ છે | ૪૦ | ૬૧.૫૪% |
| ૨ | સ્ત્રી પાત્રો પોતાના જીવનથી અર્ધ સંતુષ્ટ છે | ૦૩ | ૦૪.૬૨% |
| ૩ | સ્ત્રી પાત્રો પોતાના જીવનથી  સંતુષ્ટ છે | ૨૨ | ૩૩.૮૪% |
| | કુલ | ૬૫ | ૧૦૦% |

અભ્યાસ હેઠળની નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૪૦ સ્ત્રી પાત્રો (૬૧.૫૪%) પોતાના જીવનમાં કોઈને કોઈ પ્રકારે અભાવ અનુભવી રહયાં છે. પતિ દ્વારા ઉપેક્ષા થતી હોય, પિતા રૂઢિચુસ્ત હોય, આર્થિક તંગી હોય, માતા–પિતા વચ્ચે અણબનાવ હોય, સમાજની નિમ્ન જ્ઞાતિના સભ્ય હોય, ઈચ્છા પ્રમાણે શિક્ષણ લઈ ન શકાયુ હોય, અરમાનો અને મહત્વાકાંક્ષાઓની વિરૂધ્ધની પરિસ્થિતિ વચ્ચે જીવન જીવવાનું હોય, કુટુંબના સભ્યો પાસે રાખેલી અપેક્ષાઓ અસંતુષ્ટ રહી ગઈ હોય તેવી અભાવાત્મક પરિસ્થિતિઓ વચ્ચે તેઓ જીવન જીવી રહયાં છે. જેના કારણે જીવનનો ઉત્સાહ અને ઉમંગ ન રહયો હોય પરંતુ માત્ર ફરજ ખાતર યંત્રવત્ જીવન જીવી રહયાં હોય તેવા સ્ત્રી પાત્રો શ્રી વર્ષાબહેનની નવલિકાઓમાં સૌથી વધારે છે. તેઓને પોતાના વર્તમાન સામાજિક દરજજા અને ભૂમિકાથી અસંતોષ જોવા મળે છે.

નવલિકાઓના ૦૩ સ્ત્રી પાત્રો (૦૪.૬૨%) ને પોતાના જીવનથી આંશિક સંતોષ છે. આર્થિક સ્થિતિ સારી હોય તો કુટુંબમાં માતા–પિતામાંથી કોઈ એક સભ્યની હાજરી ન હોય અથવા વર્તમાનમાં સંતુષ્ટ હોય તો ભૂતકાળમાં અભાવાત્મક સ્થિતિ અનુભવી હોય તેવા સ્ત્રી પાત્રોની સંખ્યા ઓછી છે.

પોતાના જીવનથી સંતુષ્ટ હોય, આશા, અરમાન, અપેક્ષા, મહત્વાકાંક્ષા પૂરી થઈ શકી હોય, આર્થિક સ્થિતિ સારી હોય, પતિ કે પિતા પ્રેમભર્યો વ્યવહાર કરતા હોય, કુટુંબ–સમાજમાં માન હોય તેવા સ્ત્રી પાત્રો ૨૨ (૩૩.૮૪%) છે.

સમગ્ર વર્ગીકરણમાંથી સ્પષ્ટ થાય છે કે નવલિકાઓના સ્ત્રી પાત્રો મહદંશે અભાવાત્મક પરિસ્થિતિમાં જીવન જીવી રહયાં છે અને સમાજ–કુટુંબ પાસે તેઓ જે અપેક્ષા રાખતા હોય તે સંતોષાઈ નથી, તેઓ પોતાના વર્તમાન જીવનથી અસંતુષ્ટ છે. એક 'વ્યકિત' તરીકે તેઓનો સ્વીકાર થાય તેવી તેઓની ઈચ્છા અસંતુષ્ટ રહી છે. તેઓના વ્યકિતત્વના વિકાસના માર્ગમાં અનેક અવરોધો છે.

## ૭.૩ સ્ત્રીના દરજજા અને ભૂમિકામાં આવેલું પરિવર્તન :

બ્રિટિશયુગ દરમ્યાન સ્ત્રીની નિમ્ન સામાજિક સ્થિતિ વિશે બૌધ્ધિકોનું ધ્યાન ખેંચાયુ હતું. ગાંધીયુગમાં સ્ત્રી ધીમે–ધીમે ઘરની ચાર દિવાલોની બહાર આવવા લાગી હતી. સ્ત્રી શિક્ષણની તકો વધતી ચાલી. સાહિત્યમાં પણ 'નારી ચેતના' અને 'નારી સંવેદના' ની અભિવ્યકિત થવા લાગી. સ્ત્રીઓના હકોના રક્ષણ માટે કાયદાઓ ઘડાવા લાગ્યા. સ્ત્રીનો નિમ્ન સામાજિક દરજજો અને ભૂમિકા સંબંધિત ભારતીય પરંપરાના કેટલાક પાસાં જેવા કે બહુપત્ની પ્રથા, દેવદાસી પ્રથા, બાળલગ્ન પ્રથા, સતી પ્રથા, બહુ પતિ પ્રથા, સામાજિક અલગતા ઊભી કરતી પરદા પ્રથા, વિધવા પુનર્લગ્નના નિષેધની પ્રથા, સ્ત્રીશિક્ષણના

નિષેધની પ્રથા, કન્યા જન્મે અને ઉછેરની અવગણના, વિધવાના જીવન ઉપરના પ્રતિબંધો, સ્ત્રીના જાતીય જીવન ઉપરના કડક નિયંત્રણની વિચારધારા, સ્વતંત્ર સામાજિક ઓળખનો અભાવ, મિલકતના અધિકારોથી વંચિતતા, પુરુષ (પતિ–પિતા–ભાઈ–પુત્ર) ને આધિન પરાવલંબી જીવન અને તાબેદારી, તેનું 'દાસીપણુ' સ્ત્રીની ગૃહિણીની પરંપરાગત ભૂમિકાનું મહત્વ વગેરેમાં ક્રમશઃ પરિવર્તનની શરૂઆત થઈ ચૂકી છે.

સંચાર સાધનોનો વિકાસ, શહેરીકરણ, ઔદ્યોગીકરણ, શિક્ષણનો વિકાસ, આયોજિત વિકાસના કાર્યક્રમો વગેરેની અસર સ્ત્રીના સામાજિક દરજ્જા અને પરંપરાગત ભૂમિકા ઉપર પડી રહી છે. વિશ્વમાં અને ભારતમાં શરૂ થયેલી નારીવાદી ચળવળના પરીણામે સ્ત્રીની કુટુંબ અને સમાજમાં શોષિત સ્થિતિ વિશે નીતિના ઘડવૈયાઓની અને સમાજ સુધારકોની આંખો ખૂલી છે.

છતાં વાસ્તવિક સમાજજીવનમાં હજુ સ્ત્રી–પુરુષ અસમાનતા પ્રવર્તે છે. જેનું આલેખન શ્રી વર્ષાબહેનની નવલિકાઓમાં જોવા મળે છે. ભારતના રાજય બંધારણ અને સામાજિક કાનૂનીકરણ દ્વારા સ્ત્રી–પુરુષ સમાનતાનો સૈધ્ધાંતિક સ્વીકાર થયો છે પરંતુ સ્ત્રી–પુરુષ સમાનતા, સ્ત્રી વિકાસ અને સ્ત્રી સ્વતંત્રતાના ક્ષેત્રે ભારતીય સમાજે હજુ ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે.

શ્રી વર્ષાબહેનની ૩૦ સ્ત્રી પ્રધાન નવલિકાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અધ્યયનમાંથી એ ફલિત થાય છે કે સ્ત્રીનો દ્વિતીય કક્ષાનો સામાજિક દરજ્જો આજે પણ જળવાઈ રહયો છે. ''સ્ત્રી સશકિતકરણ'' ના કાર્યક્રમો આજે પણ આપવા પડે છે તે એમ સાબિત કરે છે કે સ્ત્રીને 'સશકત થવા' ની અર્થાત્ 'સર્વાંગી વિકાસ' સાધવાની તક હજુ સમાજે આપી નથી. કુટુંબ, લગ્ન, વ્યવસાય અને શિક્ષણ ક્ષેત્રે સ્ત્રીના વિકાસમાં અવરોધક પરીબળો અને પરિસ્થિતિ આધુનિક યુગમાં પણ અસ્તિત્વમાં છે. સ્ત્રી પુરુષથી ઉતરતી કક્ષાનો – નિમ્ન દરજ્જો ધરાવે છે તે શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓમાંથી સ્પષ્ટ થાય છે.

સ્ત્રીની પરંપરાગત ભૂમિકાને આજે પણ સાર્વત્રિક રીતે પ્રાધાન્ય અપાય છે. જો કે સંઘર્ષ કરીને સ્ત્રીએ વ્યવસાય પ્રવેશ કર્યો છે ખરો, છતાં વ્યવસાયમાં પણ તેના વિકાસની આડે ઘણા અવરોધો તેણે પાર કરવાના રહે છે. મોટાભાગે સ્ત્રીનો વ્યવસાય પ્રવેશ કુટુંબની નબળી આર્થિક સ્થિતિમાં ટેકારૂપ થવા માટે હોય છે. માત્ર સ્વાશ્રયી બનવા, સ્વવિકાસ સાધવા અને સ્વતંત્ર રહીને જીવન જીવવા માટે વ્યવસાય પ્રવેશ કરતી હોય તેવી બહુ ઓછી સ્ત્રીઓ જોવા મળે છે.

શિક્ષણનો વ્યાપ વધ્યો છે ખરો પરંતુ હજુ તેટલી સ્ત્રી શિક્ષણની તકો પ્રાપ્ત થઈ શકી નથી. કુટુંબની નિમ્ન આર્થિક સ્થિતિ, રૂઢિચુસ્તતા તથા સ્ત્રીના લગ્નને અપાતું પ્રાધાન્ય સ્ત્રી શિક્ષણમાં અવરોધક સાબિત થાય છે. જેને સ્ત્રીના દરજજા અને ભૂમિકામાં પરિવર્તનનું અવરોધક બળ ગણી શકાય.

સ્ત્રી શિક્ષિત હોય તો પતિની જોહુકમી સહન કરી લેતી નથી. શિક્ષિત સ્ત્રી પતિ સાથે ભાવનાત્મક એકતાથી વધારે જોડાયેલી હોય છે, તેથી તે પતિના લગ્નેતર સંબંધને સહન કરી લેતી નથી અને 'સ્વમાન' ખાતર પતિને છોડતાં પણ અચકાતી નથી.

નવલિકાઓના સ્ત્રી પાત્રોની વ્યાવસાયિક આત્મનિર્ભરતા તથા શિક્ષિતાવસ્થા તેઓને કોઈપણ કૌટુંબિક–સામાજિક અવરોધો, અસમાનતા અને અન્યાય સામે અવાજ ઉઠાવવામાં મદદરૂપ બનતી જોવા મળી છે. જે સામાજિક પરિવર્તનનું એક શુભ ચિહ્ન ગણી શકાય. શ્રી વર્ષાબહેનના સમાજદર્શનની જેવું જ સમાજશાસ્ત્રી ડૉ. કે. એમ. કાપડિયા પણ જણાવે છે, "The rapid strids in higher education during the last twenty-five years have exercised their impact in two ways, first by creating conditions for a woman to be self-relaint and secondly by creating stronger emotional bonds between her and her husband."[૭]

## ૭.૪ સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની પ્રત્યક્ષ મુલાકાતના અંશો અને તેઓનો અભિપ્રાય :

શ્રી વર્ષા અડાલજાએ સ્ત્રી જીવનને લગતી વિવિધ સામાજિક સમસ્યાઓ વિષે સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક અભિગમથી ઘણી નવલિકાઓ લખી છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં તેઓની ૩૦ સ્ત્રી પ્રધાન નવલિકાઓના ૬૫ સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરવામાં આવેલ છે.

સંશોધન માટે સાહિત્યકારની પ્રત્યક્ષ મુલાકાતો પણ લેવામાં આવી છે. તેઓની મુલાકાતોના અંશો અને નવલિકાઓ વિષે તેઓનો અભિપ્રાય આ પ્રમાણે રજૂ કરી શકાય :

---

૭. V.V. Prakasa Rao and V. Nandini Rao, **Marriage, The Family and Women In India**, Heritage Publishers, New Delhi, 1982, Page No. 87.

સાહિત્યકૃતિઓમાં મોટાભાગે સૂર નીકળે છે કે સમાજની અડધી વસ્તી પછાત હોય તો સમાજનો સર્વાંગી વિકાસ કેવી રીતે થાય ? સ્ત્રીઓને પુરુષો સાથેઝઘડો નથી, પરંતુ જીવનમિત્ર તરીકે સાથે જવું છે.

(૧) 'અનુરાધા' નવલિકામાં સ્ત્રી અપરિણીત રહે અને સ્વવિકાસ સાધે તે તેની વ્યકિતગત બાબત છે. "Marriage is not the ultimate aim of life" તે બાબતનું આલેખન છે.

(૨) 'ભાગ્યનું લખત' નવલિકામાં સત્તાધારીઓ અને ધનવાનો દ્વારા સ્ત્રીઓ ઉપર બળાત્કારની ઘટના વર્ણવાઈ છે અને ભોગ બનેલી સ્ત્રીઓને બે સત્તાધારીઓ પ્યાદું બનાવવા માગે છે તેનું આલેખન છે. સ્ત્રીને પ્રાપ્ત કરવી તે 'પ્રેસ્ટીજ ઈસ્યુ' બને છે. એક આખી જ્ઞાતિને નીચી પાડવા તે જ્ઞાતિની સ્ત્રીઓ ઉપર બળાત્કાર કરીને બીજી જ્ઞાતિ વિજયી બનવા માટેનો દાવો કરે છે.

(૩) 'ગાંઠે બાંધ્યુ આકાશ' નવલિકામાં પતિના મૃત્યુ પછી સ્ત્રીની ભૂમિકા અને દરજ્જામાં આવેલું પરિવર્તન દર્શાવવામાં આવ્યું છે.

(૪) 'ઘંટી' નવલિકામાં સવારથી રાત્રી સુધી સંસાર ચક્ર ચાલે છે. સ્ત્રી ઊર્જા તરીકે સંસારચક્ર ચલાવવામાં ઉપયોગી થાય છે. સ્ત્રીનો એક સામાન્ય દિવસ પૂરો થાય છે અને પોતે કેટલી કાળના પ્રવાહમાં ઘસાતી જાય છે તે બાબત 'ઘંટી' ની નાયિકા દ્વારા દર્શાવવામાં આવી છે.

(૫) 'શાંતિ' નવલિકામાં કુટુંબમાં સ્ત્રીનું પ્રેમના નામે શોષણ થાય છે. તેણે કુટુંબના બધાને સાચવવા પડે છે. પરંતુ તેમાં પોતાનું જીવન અને રસ–રુચિનું શું ? તે વિશે તેને નવલિકાના અંતે સમજાય છે. 'માનવ અધિકાર' પ્રાપ્તિની જાગૃતિ નવલિકાની નાયિકા દ્વારા દર્શાવવામાં આવી છે.

(૬) 'બટમોગરો' નવલિકામાં માતા–પુત્રીના સંબંધોને જુદી રીતે જોવાની કોશિશ છે. પરંપરાગત માતૃત્વનું ગૌરવ અને માતાપુત્રીના સખીપણાની બાબત આલેખવામાં આવી છે.

(૭) 'શીરો' નવલિકા 'નારી ચેતના' ની નવલિકા છે. સમાજમાં પતિ પત્નીને મારવાનો હક ધરાવે છે તેને 'સવળીગંગા' કહેવાય પરંતુ પત્ની જો પતિને મારે તો તે 'અવળીગંગા' કહેવાય !! સમાજના સ્ત્રી પ્રત્યેના અસમાન વલણનું આલેખન છે.

આમ, શ્રી વર્ષા અડાલજા સાથેની પ્રત્યક્ષ મુલાકાત દરમ્યાન કેટલીક નવલિકાઓ વિશેના તેઓના અભિપ્રાયો અહીં પ્રસ્તુત કરવામાં આવેલ છે. સંશોધકનું સમાજશાસ્ત્રીય અધ્યયન પણ સાહિત્યકારના અભિપ્રાયો સાથે મળતું આવે છે.

## । ઉપસંહાર :

શ્રી વર્ષાબહેનની ૩૦ સ્ત્રી પ્રધાન નવલિકાઓનાં સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણ અને અધ્યયનનો આ પ્રકરણમાં સવિસ્તાર અહેવાલ આપવામાં આવ્યો છે. સમગ્ર અધ્યયનનો સાર એક વાકયમાં આપવો હોય તો એમ કહી શકાય કે, ''ભારતીય સમાજમાં અર્વાચીન યુગમાં પણ સ્ત્રીને પોતાના અધિકારો પ્રાપ્ત કરવા, પોતાનું સ્વમાન જાળવવા, એક 'વ્યકિત' તરીકે સમાજમાં પોતાનો દરજજો પ્રસ્થાપિત કરવા, સમાનતા અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવા, પોતાની ઈચ્છા અને આકાંક્ષાઓ સંતોષવા અનેક અવરોધોનો સામનો કરવો પડે છે. સ્વયં પ્રયત્ન કરવો પડે છે. સ્વયં ઝઝૂમવું પડે છે.''

ભારતીય સમાજમાં સદીઓથી દઢ થઈ ગયેલો સ્ત્રીનો દ્વિતીય કક્ષાનો દરજજો અને પરંપરાગત ભૂમિકામાં આમૂલ પરિવર્તન આવતા કદાચ સદીઓ લાગશે !

# પ્રકરણ – ૮

# શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન

। પ્રાસ્તાવિક

૮.૧ શ્રી વર્ષા અડાલજાની દસ સામાજિક નવલકથાઓનો સંક્ષિપ્ત પરિચય

૮.૨ નવલકથાઓના સ્ત્રી પાત્રોનો પરિચય અને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

૮.૨.૧ સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકાના સંદર્ભમાં નકકી કરવામાં આવેલા સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડો :

(A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક – માનસિક ત્રાસ (Domestic violence and wife battering)

(B) પરંપરાગત નિમ્ન દરજ્જો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયાં હોય

(C) પરંપરાગત નિમ્ન દરજ્જો અને ગુહિણીની ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો

(D) સ્ત્રીઓ દ્વારા અન્યાયનો, અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ

(E) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજ્જો

(F) પરંપરાગત દરજજો અને ભૂમિકાના કયા પાસામાં, કેટલું અને કયા પરિબળોની અસરથી પરિવર્તન આવ્યું છે.

(F1) પતિના લગ્નેતર સંબંધને ન સ્વીકારવો : દરજજાના આત્મલક્ષી પાસાંમાં આવેલું પરિવર્તન.

(F2) પોતાનું એક 'વ્યકિત' તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો

(F3) શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું

(F4) આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂવર્ક જીવન જીવવું.

(F5) શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય તેવા સ્ત્રી પાત્રના વિજાતીય પાત્ર પ્રત્યેના વલણમાં પરિવર્તન

૮.૨.૨ સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડોમાં સમાવિષ્ટ થતાં પ્રતિનિધિ સ્ત્રી પાત્રોનો પરિચય તથા વિશ્લેષણ

૮.૩ નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણ

૮.૩.૧ નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજજાનું વસ્તુલક્ષી પાસુ

I કુટુંબમાં સ્ત્રીનો દરજજો

(૧) માતા તરીકે કુટુંબમાં દરજજો

(૨) પુત્રી તરીકે કુટુંબમાં દરજજો

(૩) પત્ની તરીકે કુટુંબમાં દરજજો

(૪) પુત્રવધૂ તરીકે કુટુંબમાં દરજજો

(૫) સાસુ તરીકે કુટુંબમાં દરજજો

(૬) ફોઈબા તરીકે કુટુંબમાં દરજજો

(૭) બહેન તરીકે કુટુંબમાં દરજજો

। લગ્ન અને સ્ત્રીનો દરજજો

(૧) અપરિણીતાવસ્થા

(૨) પરિણીતાવસ્થા

(૩) વિધવા અવસ્થા

(૪) છૂટાછેડા

(૫) ત્યકતા અવસ્થા

। વ્યવસાય અને સ્ત્રીનો દરજજો

। શિક્ષણ અને સ્ત્રીનો દરજજો

। સ્ત્રી પાત્રોના લગ્નેતર સંબંધ દર્શાવતુ વિશ્લેષણ

। પુરુષ દ્વારા થતા વ્યવહારનું સ્વરૂપ અને સ્ત્રીનો દરજજો

। આર્થિક સ્થિતિ અને સ્ત્રીનો દરજજો

૮.૩.૨ નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજજાનું આત્મલક્ષી પાસું

। નવલકથાઓના સ્ત્રી પાત્રોની માનસિક સ્થિતિ

૮.૪ સ્ત્રીના દરજજા અને ભૂમિકામાં આવેલું પરિવર્તન

૮.૫ સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની પ્રત્યક્ષ મુલાકાતના અંશો અને તેઓનો અભિપ્રાય

। ઉપસંહાર

# પ્રકરણ – ૮
# શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન

**પ્રાસ્તાવિક :**

'સાહિત્યના સમાજશાસ્ત્ર' માં કરવામાં આવેલા આ અધ્યયનમાં શ્રી વર્ષા અડાલજાની કલમે લખાયેલી ૨૧ નવલકથાઓમાંથી ૧૦ સામાજિક નવલકથાઓ પસંદ કરવામાં આવી છે. પસંદ કરેલી નવલકથાઓ નગરીય પશ્ચાદ્ ભૂમિકા ધરાવે છે; અને તે દરેક નાયિકા પ્રધાન છે. નવલકથાઓમાં આધુનિક ભારતીય સમાજનું પ્રતિબિંબ જોઈ શકાય છે. તેઓની નવલકથાઓમાં ધનિક, મધ્યમ, ગરીબ એમ ત્રણેય વર્ગના સામાજિક જીવન અંગેનું ચિત્રણ જોવા મળે છે. તેમાં પરિવર્તિત થઈ રહેલા ભારતીય સમાજનું આલેખન છે. સ્ત્રી–શિક્ષણનો વધેલો વ્યાપ તથા કુટુંબના લોકશાહીકરણની ઝલક જોવા મળે છે.

સ્ત્રીજીવન અનેક સંઘર્ષો, યાતનાઓ, વિટંબણાઓથી ભરેલુ હોય છે. સ્ત્રી સામાન્ય રીતે આ બધુ સહન કરી લે છે, પરંતુ જયારે તે અસહય બને છે ત્યારે તેનો વિરોધ કરે છે. શ્રી વર્ષાબહેન સ્ત્રી સ્વતંત્રતા અને સમાનતાના હિમાયતી છે; તેઓ સ્ત્રીને એક 'વ્યકિત' તરીકે જીવન જીવવા મળે તેવું ઈચ્છે છે. તેઓની નવલકથાઓના સ્ત્રી પાત્રોમાં આ બાબત પ્રતિબિંબિત થતી દેખાય છે. તેઓના સ્ત્રી પાત્રોમાં ખુમારી પણ દેખાય છે અને સમાધાનવૃત્તિ પણ દેખાય છે. સ્ત્રીઓ માથાભારે બને એમ તેઓ નથી ઈચ્છતા પણ સ્ત્રીઓએ માથું ઉંચું રાખવુ જોઈએ એવો આગ્રહ જરૂર રાખે છે, જેનું પ્રતિબિંબ તેઓના સ્ત્રી પાત્રોમાં પડેલુ છે. સમાજની પુરુષપ્રધાન કુટુંબ–વ્યવસ્થા અને સ્ત્રી–પુરુષ અસમાનતા તેઓની નવલકથાઓમાં આલેખિત થઈ છે.

"Novel is an instrument of social reform." નવલકથાના માધ્યમ વડે સાહિત્યકાર સામાજિક વાસ્તવિકતાઓનું આલેખન કરે છે અને પોતે જે પ્રકારની સામાજિક સુધારણા ઈચ્છે તેને અસરકારક રીતે સાહિત્યના માધ્યમ વડે સમાજ સમક્ષ રજૂ કરે છે. શ્રી વર્ષાબહેન પણ નવલકથાઓમાં સ્ત્રીઓને થતા સામાજિક અને કૌટુંબિક અન્યાયો રજૂ કરી સ્ત્રી પાત્રો દ્વારા અવાજ ઉઠાવે છે. આમ, તેઓએ પોતાની નવલકથાઓમાં નારીચેતનાની અસરકારક અભિવ્યકિત કરી છે. તેઓએ એ પણ જણાવ્યુ છે કે સ્ત્રીની નાજુક ઊર્મિઓ અને સંવેદનાઓ ઉપર સંજોગોના કારણે તથા કુટુંબના સભ્યોના

શુષ્ક અને ક્રૂર વ્યવહારના સ્વરૂપે થતા કુઠારાઘાતો સ્ત્રીના વ્યકિતત્વને છિન્ન–ભિન્ન કરી મૂકે છે. અમુક હદ સુધી સહન કર્યા પછી જયારે તે કષ્ટ અસહય બને છે ત્યારે સ્ત્રીનું સમગ્ર ઊર્મિતંત્ર ખળભળી ઉઠે છે અને તે મનોરોગી બની જાય છે. સમાજમાં જોવા મળતા માનસિક બિમાર લોકોના હિંસક અને અસભ્ય વયવહાર માટે સમાજ અને કુટુંબ જ જવાબદાર છે તેવું નવલકથાઓમાંથી સ્ફુટ થાય છે.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારતીય સમાજમાં આવેલા સામાજિક પરિવર્તનનું દર્શન શ્રી વર્ષાબહેનની નવલકથાઓમાં થાય છે. ''પતિ પરમેશ્વર''ની સદીઓ જૂની મૂલ્યપરંપરાનું પ્રભુત્વ ઓસરી ગયુ છે. સ્ત્રીએ સમજી લીધુ છે કે તે ન તો પુરુષના પગની જૂતી છે અને ન તો દાસી છે. પુરુષ અને સ્ત્રીના 'વાઘ–બકરી વાળા' સંબંધોને તેણે પડકાર્યા છે. પત્નીને ઘરમાંથી કાઢી મૂકવાનો જન્મસિદ્ધ પુરુષીય એકાધિકાર હવે ઘટી ગયો છે. આર્થિક સ્વાવલંબન તથા શિક્ષણની તકના કારણે તેના કાર્યક્ષેત્રની લક્ષ્મણ રેખાનો સીમા વિસ્તાર થયો છે. અત્યાચારોના નરકમાંથી બહાર આવવાનો તે સ્વયં પ્રયત્ન કરી રહી છે. તેની નિર્ણય શકિત દઢ બની છે. જો તે નિમ્નવર્ગની હોય તો બીજાના ઘરે કામ કરે છે; મધ્યમવર્ગની હોય અને શિક્ષિત હોય તો સરકારી કે ખાનગી સંસ્થામાં નોકરી કરે છે અને આત્મવિશ્વાસથી જીવન જીવે છે; ઘર અને વ્યવસાયની બેવડી ભૂમિકા ભજવવા છતાં તે ઘરને તૂટવા નથી દેતી. તેનું 'સ્વમાન' જાગૃત થઈ ચૂકયુ છે. સ્ત્રી બદલાઈ રહી છે. પરંતુ પુરુષ નથી બદલાયો. પુરુષનું પરંપરાગત માનસ યથાવત્ જ છે. તેણે વ્યાવસાયિક સ્ત્રીની સીમા, સામર્થ્ય અને સમસ્યાઓ પ્રત્યે આંખો બંધ કરી દીધી છે. જેના કારણે સ્ત્રી જીવન સાથે સંકળાયેલી સામાજિક સમસ્યાઓમાં કોઈ બહુ મોટો ફેરફાર નથી થઈ શકયો. આ બાબતનું સચોટ દર્શન શ્રી વર્ષાબહેનની નવલકથાઓમાં થાય છે. તેઓએ સ્ત્રી જીવન સાથે સંકળાયેલી પીડાઓ, સમસ્યાઓ અને બેચેનીઓને અસરકારક રીતે પોતાની કૃતિઓના સ્ત્રી પાત્રો દ્વારા રજૂ કરી છે.

વીસમી સદીના ઉત્તરાર્ધથી શરૂ કરીને એકવીસમી સદીની ભારતીય સ્ત્રીએ દીનતાથી રડવાનું પ્રાયઃ બંધ કરી દીધું છે. તેનું સ્થાન જીવનસંઘર્ષોએ લઈ લીધું છે. 'બીચારાપણું' બદલો અને વિદ્રોહમાં પરિવર્તિત થઈ ગયુ છે. બદલો લેવામાં તે હવે હિંમત દાખવી શકે છે. હવે લગ્નજીવનમાં પતિ–પત્ની વચ્ચે નિભાવી ન શકાય તેવા મતભેદો સર્જાય તો બન્ને પક્ષ છૂટા થવાનું નકકી કરી દુઃખી દાંપત્યજીવનનો સરળતાથી અંત લાવી દે છે, સ્ત્રી હવે પતિનો એકાધિકાર સ્વીકારી લેતી નથી. જે ભારતીય સ્ત્રીના જીવનમાં આવેલું પરિવર્તન છે અને તેનું આલેખન શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓમાં થયેલું જોવા મળે છે.

તેઓની નવલકથાઓમાં આધુનિક યુગમાં સ્ત્રીઓ ઉપર જે અમાનવીય અત્યાચારો થઈ રહયા છે તેનું આલેખન પણ થયુ છે. નવલકથાઓના સ્ત્રી પાત્રો દ્વારા પુરુષની દ્રષ્ટિએ સ્ત્રીનું ભોગ્યા સ્વરૂપ આજે પણ યથાવત્ જ છે તેની રજૂઆત પણ થયેલી જોવા મળે છે.

એ રીતે અર્વાચીન ભારતીય સમાજનું વાસ્તવિક જીવનદર્શન શ્રી વર્ષાબહેનની નવલકથાઓમાં થયુ છે. પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં તેઓની નવલકથાઓમાંથી વ્યકત થતો ભારતીય સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા ઉપરાંત તેઓના પ્રશ્નો, પડકારો તથા પરિવર્તનોને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી તપાસવામાં આવ્યા છે.

હવે પછીના મુદ્દા નં. ૮.૧માં પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન માટે શ્રી વર્ષા અડાલજાની પસંદ કરવામાં આવેલી દસ સામાજિક નવલકથાઓનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવેલ છે.

## ૮.૧ શ્રી વર્ષા અડાલજાની દસ સામાજિક નવલકથાઓનો સંક્ષિપ્ત પરિચય :

યુગોથી વિશ્વભરની ભાષાઓના સાહિત્યમાં સ્ત્રીનું આલેખન થતું રહયું છે. મોટા–મોટા સાહિત્યકારોની અમરતામાં તેઓએ સર્જેલા ઉત્તમ નારી ચરિત્રોનો ફાળો વિશેષ રહયો છે. વાલ્મીકિએ સીતાનું સર્જન કર્યું, મહર્ષિ વેદવ્યાસે દ્રૌપદીનું, મહાકવિ કાલિદાસે શકુંતલાનું, શેકસપિયરે ડૅસ્ડિમોના અને અન્ય અનેક નારીપાત્રો તથા તૉલ્સ્તૉયે ઍનાકેરેનિનાનું સર્જન કર્યું. આમ, નારી પાત્રોએ કલાકારો અને લેખકોની સર્જક–ચેતનાને સંકોર્યા કરી છે, તેઓની પ્રેરણાનો સ્રોત નારી જ છે તેમ કહી શકાય.

એ રીતે જોઈએ તો સાહિત્યમાં કે કલાજગતમાં નારીનું આલેખન પુરુષ–સર્જકો દ્વારા થયું છે, એ સર્જકો તેઓની અદ્‌ભુત સર્જકતા અને કલ્પનાથી નારીના મનના ઊંડાણો, આંતર્દ્વન્દ્વો તથા એષણાઓના આલેખનમાં સફળ થયા છે – પરંતુ છેવટે તો એ એક પુરુષ–ચેતનાનું પરિણામ છે.

પૂર્વમાં કે પશ્ચિમમાં, સમાજ મોટાભાગે પુરુષશાસિત છે, પુરુષના 'હૃદય' ઉપર ભલે કોઈ નારીનું શાસન ચાલતું હશે. પણ પિતૃસત્તાક સમાજમાં નારીનું સ્થાન સદીઓથી દ્વિતીય કક્ષાનું રહયું છે. નારીનું સ્થાનક ઘર છે, કુટુંબ છે. જનની બનીને તેણે વંશવેલો વધારવાનો છે. કાર્યેષુ મંત્રી, કરણેષુ દાસી, ભોજયેષુ માતા તથા શયનેષુ રંભા – એમ કહીને નારીના વિવિધ સ્વરૂપોની વ્યાજસ્તુતિ કરવામાં આવી છે, પરંતુ નારીનો પોતાનો અવાજ મનુષ્યસમાજે ઓછો જ સાંભળ્યો છે. પુરુષશાસિત સમાજમાં આદર્શ નારી માટે પુરસ્કૃત મૂલ્યો પણ પુરુષોએ આરોપિત કર્યા છે, અને નારી સમાજે તે સ્વીકારેલાં છે.

ભારતીય સમાજે તો 'પતિવ્રતા' કે 'સતી' જેવી સંજ્ઞાઓ ઘડી આપી છે. ''જનનાન્તરેડપિ ત્વમેવ ભર્તા' ની ભાવના નારીનો આદર્શ બની રહયો છે, જે આદર્શ આપ્યો છે પુરુષોએ.

સદીઓથી એમ જ ચાલતું રહયું છે, પરંતુ પુરુષોની આ 'સત્તા' પ્રત્યે સ્ત્રીસમાજ તરફથી છેલ્લા બે સૈકાઓથી વિરોધના સૂર ઊઠયા છે. સ્ત્રીના બંધનોની અને એ બંધનોમાંથી મુકિતની વાત ઈબ્સન જેવા (પુરુષ) સર્જકોએ 'ઢીંગલી ઘર' નાટકમાં કરી હતી. ગૃહત્યાગ માટે ઉંબર બહાર ડગ મૂકવા જતી નોરાને તેનો પતિ જુદી–જુદી રીતે રોકવા મથે છે. છેવટે એને પત્ની–માતા તરીકેના કર્તવ્યની યાદ અપાવે છે, ત્યારે નોરા કહે છે – 'કઈ ?' 'મારી જાત પ્રત્યેની ફરજ ?'

ઈબ્સને નોરાને મુખે જે વાત કહેવડાવી છે, તે વાત નારી હવે સ્વયં કહેવા લાગી છે. સ્ત્રી હવે પોતાની આત્મઓળખ, પોતાનું સ્થાન, પોતાની સત્તા, અને સ્વતંત્રતાની, પોતાની જાત પ્રત્યેની ફરજની વાત કહેવા આગળ આવી રહી છે.

ભારતમાં કનૈયાલાલ માણેકલાલ મુનશીએ સ્ત્રીનો વિકાસ થાય અને તે પોતાના પરંપરાગત દરજજો અને ભૂમિકામાંથી બહાર આવી જાહેર ક્ષેત્ર અથવા આર્થિક ક્ષેત્રે નવી ભૂમિકા ભજવી સફળ થાય તેના માટે 'પુરુષ સમોવડી' શબ્દ આપ્યો છે. સમાનતા અને સ્વતંત્રતા તેનો પાયો છે. કવીવર શ્રી રવીન્દ્રનાથ ટાગોરે તેમની 'માનસી' નામની કવિતામાં નારીનો મહિમા કરતાં કહયું છે કે, ''હે નારી ! તું માત્ર વિધાતાનું સર્જન નથી, પુરુષે તારામાં પોતાના અંતરનું સૌંદર્ય સંચારીને ઘડી છે, કવિઓએ સોનાનાં ઉપમાસૂત્રોથી તારાં વસ્ત્રો વણ્યાં છે ..... તારે માટે સમુદ્રમાંથી મોતી, ખાણમાંથી સોનું આવ્યાં છે, વસંત વનમાંથી તારે માટે પુષ્પો લઈને આવે છે ..... વગેરે. અંતે કવિ કહે છે કે નારી, તું અર્ધી માનુષી છે, અર્ધી કલ્પના છે.'' (તેનું અંગ્રેજી છે : One Half woman and one half dream)

નારી વિષેનો કવિનો આ અભિનંદનીય લાગતો રોમાંટિક ઉદ્ગાર આજના કોઈપણ નારીવાદીને સંક્ષુબ્ધ કરી દેશે. નારીને કલ્પનામૂર્તિ તરીકે નહીં, એક પૂર્ણ સ્ત્રી તરીકે જ જોવી ઘટે, એવી સ્ત્રી જે પોતાનું સ્ત્રીત્વ રાખીને પણ પુરુષ જેવી સત્તા અને સ્વતંત્રતાની અધિકારી બની રહે.[૧]

---

૧. 'શબ્દ સૃષ્ટિ', સંપાદક – હર્ષદ ત્રિવેદી, વર્ષ–૧૯, અંક–૧૧–૧૨, સળંગ અંક–૨૩૦–૨૩૧, નવેમ્બર–ડિસેમ્બર, ૨૦૦૨.

પરંતુ ભારતીય સમાજમાં છેક પ્રાચીનકાળથી સ્ત્રી ન તો સત્તાની અધિકારિણી છે ન તો તેને સ્વતંત્રતા કે સમાનતાપૂર્વક જીવન જીવવા મળે છે. એક વ્યકિત તરીકે તે સદીઓથી કચડાયેલી, દબાયેલી અને શોષિત છે. તેમા સ્વતંત્રતા પ્રાપ્તિ પછી આંશિક પરિવર્તન આવ્યું છે ખરું. પરંતુ તે અપૂરતું ગણી શકાય.

આમ તો ભારતમાં પ્રાચીનકાળથી શકિત ઉપાસના થતી રહી છે. 'યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા' કે 'યા દેવી સર્વભૂતેષુ શકિતરૂપેણ સંસ્થિતા નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ।' ના મંત્રોનું ઉચ્ચારણ થતું રહે છે, દુર્ગાપૂજા કે ચંડીપૂજા થતી રહે છે, સ્ત્રીને દેવી સ્વરૂપે જોવી જોઈએ તેવું એક સાંસ્કૃતિક મૂલ્ય છે ખરું પરંતુ તેનું લોકો કેટલું પાલન કરે છે તે પ્રશ્ન છે. જો ભારતમાં સ્ત્રીને માતા, શકિત કે દેવીરૂપે ખરા અર્થમાં ગણવામાં આવતી હોત તો સ્ત્રી વિષયક જઘન્ય અપરાધો આ દેશમાં બનતા જ ન હોત !

નવરાત્રીનું, વિશ્વમાં સૌથી લાંબુ નવ દિવસોનું, શકિત ઉપાસનાનું પર્વ આ ભારતમાં જ ઉજવવામાં આવે છે. પરંતુ કરુણતા એ છે કે આધુનિક યુગમાં નવરાત્રી ઉત્સવ દરમ્યાન જ સ્ત્રીના જાતીય શોષણના અપરાધોનું પ્રમાણ ઘણું વધેલું જોવા મળે છે. ભારતમાં સ્ત્રી વિષયક સામાજિક વલણો અને વ્યવહારોમાં જોવા મળતા આવા વિરોધાભાસોને સાહિત્યકારોએ પોતાની સાહિત્યકૃતિઓમાં અચૂક રજૂ કર્યા જ છે.

શ્રી વર્ષા અડાલજાએ પણ ભારતીય સ્ત્રી જીવનની વાસ્તવિકતાઓનું આલેખન પોતાની નવલકથાઓમાં કર્યું છે. પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન માટે પસંદ કરવામાં આવેલી તેઓની દસ સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન તથા વિશ્લેષણ દર્શાવતાં પહેલાં નવલકથાઓ વિષે પ્રાથમિક સમજૂતી મેળવવી જરૂરી છે. જે આ પ્રમાણે દર્શાવી શકાય :

û અર્વાચીન ભારતીય સમાજનું તેઓની નવલકથાઓમાં પ્રતિબિંબ પડેલું જોવા મળે છે.

û પસંદ કરવામાં આવેલી દસ સામાજિક નવલકથાઓની પશ્ચાદભૂમિકા નગરીય છે.

û પસંદ કરવામાં આવેલી દસ નવલકથાઓ સ્ત્રી પ્રધાન છે.

û ઈ.સ. ૧૯૬૯ થી ઈ.સ. ૨૦૦૪ ના સમયગાળા દરમ્યાન આ નવલકથાઓની રચના થઈ છે.

û તેઓની દસેય નવલકથાઓમાં મુખ્ય સૂર 'સ્ત્રી જીવન' અને તેની સાથે જોડાયેલી અનેકવિધ સામાજિક સમસ્યાઓ જેવી કે સ્ત્રીનું પછાતપણું, તેની મનોવેદના, જીવનસંઘર્ષ, પુરુષો દ્વારા થતું જાતીય શોષણ, ઘરેલુ હિંસા, વેશ્યા વ્યવસાય, સ્ત્રીની કુટુંબમાં શોષિત સ્થિતિ, માતાની ભૂમિકા અને મંદબુદ્ધિનું બાળક, પતિની જોહુકમી અને શારીરિક–માનસિક અત્યાચારો, સ્ત્રીનાં વિદ્રોહિણી બનવા પાછળના કારણો, સ્ત્રીનું સ્વમાન અને જાગૃતિ, પતિના લગ્નેતર સંબંધો અને પત્નીની માનસિકતા, સ્ત્રીની પ્રેમઝંખના અને નિઃસંતાનપણું, વગેરે જોવા મળે છે.

û લેખિકાએ નવલકથાઓમાં સ્ત્રીનો દ્વિતીય કક્ષાનો દરજજો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકાનું આલેખન કર્યું છે.

û નવલકથાઓમાં 'સ્ત્રી જીવન' સાથે સંકળાયેલી હકીકતોની સાથે–સાથે કજોડાં લગ્ન, પુરુષ પ્રધાનતા અને સત્તા, ગરીબ તથા નિમ્ન વર્ગની દયનીય–શોષિત સ્થિતિ, મુંબઈ મહાનગરીની ઝૂંપડપટ્ટી અને ત્યાં રહેતા લોકોની કફોડી સ્થિતિ, ધનવાન લોકોનો પ્રતિષ્ઠાનો અહમ્, સ્ત્રીની પ્રણય ભગ્નતા, બેવડી ભૂમિકા, ફિલ્મ ઉદ્યોગ તથા મોડેલીંગ ક્ષેત્રે સ્ત્રીનું થતું જાતીય શોષણ, દહેજ–મૃત્યુ, આત્મહત્યા, દારૂ–જુગારનું વ્યસન અને કૌટુંબિક ઝઘડા, સ્ત્રીની નિરક્ષરતા અને લાચારી–પરાવલંબન, Fondle-Child ની સમસ્યા, માનવીની જાતીયવૃત્તિ પર ધાર્મિક નિયંત્રણ અને ધાર્મિક અંધશ્રધ્ધા વગેરે અનેક સામાજિક પાસાં ઉપર પ્રકાશ પાડવામાં આવેલ છે.

û નવલકથાઓનો મુખ્ય પરિવેશ : નગરીય વાતાવરણમાં સમાજના જુદા–જુદા વર્ગોની સ્ત્રીઓનો અર્વાચીન યુગમાં સામાજિક દરજજો દર્શાવવાની સાથે સ્ત્રીઓ તે દરજજો બદલાવવાના કેવા પ્રયત્નો કરે છે : તેમાં શિક્ષણની તક, સ્ત્રીનો વ્યવસાય પ્રવેશ તથા વિભકત કુટુંબોનાં વિભકત વસવાટોની શું અસર છે તે દર્શાવવાની સાથે ભારતીય સમાજની અનેકવિધ સામાજિક સમસ્યાઓ અને સ્ત્રી જીવનનું આલેખન થયેલું જોવા મળે છે.

## ૮.૨ નવલકથાઓના સ્ત્રી પાત્રોનો પરિચય અને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ :

### કોષ્ટક – ૧

### 'પસંદ કરેલી નવલકથાઓ અને તેના સ્ત્રી પાત્રોની સંખ્યા

| ક્રમ | પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન માટે પસંદ કરવામાં આવેલી દસ સામાજિક નવલકથાઓનું નામ અને પ્રકાશન વર્ષ | | મુખ્ય સ્ત્રી પાત્રો | સહાયક મુખ્ય સ્ત્રી પાત્રો | ગૌણ સ્ત્રી પાત્રો | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | તિમિરના પડછાયા | (૧૯૬૯) | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૪ |
| ૨ | મારે પણ એક ઘર હોય | (૧૯૭૧) | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૩ |
| ૩ | રેત પંખી | (૧૯૭૪) | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૪ |
| ૪ | ખરી પડેલો ટહુકો | (૧૯૮૩) | ૦૧ | – | ૦૩ | ૦૪ |
| ૫ | એક કારાગાર | (૧૯૮૩) | ૦૧ | ૦૧ | – | ૦૨ |
| ૬ | આનંદ ધારા | (૧૯૮૪) | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૬ |
| ૭ | એની સુગંધ | (૧૯૮૭) | ૦૧ | – | ૧૨ | ૧૩ |
| ૮ | માટીનું ઘર | (૧૯૯૧) | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૬ |
| ૯ | ત્રીજો કિનારો | (૨૦૦૧) | ૦૧ | ૦૫ | ૦૪ | ૧૦ |
| ૧૦ | શગ રે સંકોરું | (૨૦૦૪) | ૦૩ | ૦૩ | ૦૧ | ૦૭ |
| | કુલ સ્ત્રી પાત્રો | | ૧૨ | ૧૫ | ૩૨ | ૫૯ |

કોષ્ટક–૧માં દર્શાવ્યા પ્રમાણે ૧૦ સામાજિક નવલકથાઓમાં ૧૨ સ્ત્રી પાત્રો મુખ્ય છે, ૧૫ સહાયક મુખ્ય સ્ત્રી પાત્રો છે અને ૩૨ સ્ત્રી પાત્રો ગૌણ છે. કુલ ૫૯ સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરીને ભારતીય સમાજમાં આધુનિક યુગમાં સ્ત્રીનો સામાજિક દરજ્જો અને ભૂમિકા તપાસવામાં આવેલ છે.

શ્રી વર્ષા અડાલજા આધુનિક યુગના સાહિત્યકાર છે. તેઓ પોતાની નવલકથાઓમાં સ્ત્રીનો ભારતીય સમાજમાં આધુનિક યુગમાં દરજ્જો કેવો છે અને તેની પરંપરાગત ભૂમિકાંમાં કોઈ પરિવર્તન આવ્યું છે કે નહીં તે દર્શાવવાનો પ્રયત્ન કરી રહયા છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં ૧૦ સામાજિક નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ નીચે પ્રમાણે ૬ માપદંડોને આધારે આપવામાં આવેલ છે.

## ૮.૨.૧ સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકાના સંદર્ભમાં નક્કી કરવામાં આવેલા સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડો :

(A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic violence and wife battering)

(B) પરંપરાગત નિમ્ન દરજ્જો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય.

(C) પરંપરાગત નિમ્ન દરજ્જો અને ગૃહિણીની ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો.

(D) સ્ત્રીઓ દ્વારા અન્યાયનો, અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ.

(E) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય હુમલા અને સ્ત્રીનો નિમ્ન દરજ્જો.

(F) પરંપરાગત દરજ્જો અને ભૂમિકાના કયા પાસામાં, કેટલું અને કયા પરિબળોની અસરથી પરિવર્તન આવ્યું છે.

(F1) પતિના લગ્નેતર સંબંધને ન સ્વકારવો : દરજ્જાના આત્મલક્ષી પાસાંમાં આવેલું પરિવર્તન.

(F2) પોતાનું એક 'વ્યકિત' તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(F3) શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું.

(F4) આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવન જીવવું.

(F5) શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય તેવા સ્ત્રી પાત્રના વિજાતીય પાત્ર પ્રત્યેના વલણમાં પરિવર્તન.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન સમાજશાસ્ત્રના 'રચના–કાર્યવાદી સિધ્ધાંત' ને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. ઉપરાંત સાહિત્યના સમાજશાસ્ત્રના સિધ્ધાંતો 'પ્રતિચ્છાયા સિધ્ધાંત' અને 'સમાજવાદી યથાર્થવાદ' ના સિધ્ધાંતની પણ આ સંશોધનમાં સહાય લેવામાં આવી છે. આ સિધ્ધાંતોની છણાવટ પ્રકરણ–૨માં ''સૈધ્ધાંતિક માળખુ'' એ મુદ્દામાં કરવામાં આવી છે.

સંશોધન માટે જે હેતુઓ નકકી કરવામાં આવ્યા છે તથા જે ઉપકલ્પનાઓ ઘડવામાં આવી છે તેને ધ્યાનમાં રાખીને નવલકથાઓના સ્ત્રી પાત્રોનો પરિચય તથા વિશ્લેષણના પાયામાં 'સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકા' ને રાખવામાં આવેલ છે; અને તે માટે ૬ માપદંડો નકકી કરી તેનો આધાર લેવામાં આવેલ છે.

આ રીતે પ્રકરણ–૮ માં શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન બે તબકકામાં કરવામાં આવ્યું છે :

પ્રથમ તબકકામાં ૬ માપદંડોના પરિઘમાં આવતા નવલકથાઓના સ્ત્રી પાત્રોનો પરિચય તથા તેનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરવામાં આવેલ છે, જે વર્ણનાત્મક તથા સમીક્ષાત્મક છે.

બીજા તબકકામાં કુલ ૫૯ સ્ત્રી પાત્રોનું દરજજાના વસ્તુલક્ષી અને આત્મલક્ષી પાસા તથા ભૂમિકા–સંઘર્ષના સંદર્ભમાં આંકડાકીય વિશ્લેષણ તથા વર્ગીકરણ કરીને સમાજશાસ્ત્રીય અધ્યયન પ્રસ્તુત કરવામાં આવેલ છે.

આ સમાજશાસ્ત્રીય કાર્ય માટે શ્રી વર્ષા અડાલજાની પસંદ કરેલી દસ સામાજિક નવલકથાઓનું વારંવાર વાંચન કરવામાં આવ્યુ છે તથા અનેક સંદર્ભ પુસ્તકોનું વાંચન કરવામાં આવ્યું છે; ઉપરાંત લેખિકા પોતે પોતાની કૃતિઓ વિશે શું કહેવા માગે છે તે જાણવા તેઓની પ્રત્યક્ષ મુલાકાતો લેવામાં આવી છે.

પ્રસ્તુત પ્રકરણ–૮ માં નવલકથાઓના સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ દર્શાવતી વખતે તે અતિ લંબાણપૂર્વકનું ન થઈ જાય તે ધ્યાનમાં રાખવું આવશ્યક લાગતાં પ્રકરણ–૭ માં નવલિકાઓના સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણની જે વિસ્તૃત પેટર્ન પસંદ કરી હતી તે અહીં થોડા પ્રમાણમાં બદલવામાં આવી છે કારણ કે નવલકથાઓનું સ્વરૂપ તથા વિસ્તાર નવલિકાઓની તુલનામાં વિશાળ હોય છે. તે બાબત ધ્યાનમાં રાખીને સંશોધનના હેતુઓ જળવાઈ રહે તે રીતે વિશ્લેષણ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

સ્ત્રીનો દરજજો અને ભૂમિકાના સંદર્ભમાં સ્ત્રી પાત્રોનો પરિચય અને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ નીચે પ્રમાણે ૬ માપદંડોને આધારે દર્શાવવામાં આવેલ છે.

# કોષ્ટક – ૨

## 'નવલકથાઓના સ્ત્રી પાત્રો અને સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડો :'

| ક્રમ | નવલકથાનું નામ | સ્ત્રી પાત્રનું નામ | સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડોમાં સમાવેશ પામતા સ્ત્રી પાત્રો |
|---|---|---|---|
| ૧ | તિમિરના પડછાયા | માનબાઈ | (A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic Violence and Wife-battering) |
| | | | (E) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજજો |
| ૨ | તિમિરના પડછાયા | સવિતા | (A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ |
| ૩ | તિમિરના પડછાયા | માલતી | (B) પરંપરાગત નિમ્ન દરજજો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય |
| | | | (C) પરંપરાગત નિમ્ન દરજજો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો |
| | | | (F1) પરંપરાગત દરજજો અને ભૂમિકા : પરિવર્તન પતિના લગ્નેતર સંબંધને ન સ્વીકારવો : દરજજાના આત્મલક્ષી પાસામાં આવેલું પરિવર્તન |
| | | | (F2) પોતાનું એક 'વ્યકિત' તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો |
| ૪ | મારે પણ એક ઘર હોય | લીના | (F4) આર્થિક સ્વાવલંબનની મદદથી ખૂમારીપૂર્વક જીવન જીવવું |
| ૫ | રેતપંખી | તારા | (D) સ્ત્રીઓ દ્વારા અન્યાયનો, અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ |
| | | | (E) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજજો |
| ૬ | આનંદધારા | રાણી | (F2) પોતાનું એક વ્યકિત તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો |
| | | | (F4) આર્થિક સ્વાવલંબનની મદદથી ખૂમારીપૂર્વક જીવન જીવવું |
| | | | (E) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજજો |

કોષ્ટક–૨ ચાલુ .....

કોષ્ટક–૨ ચાલુ .....

| ક્રમ | નવલકથાનું નામ | સ્ત્રી પાત્રનું નામ | સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નક્કી કરવામાં આવેલા માપદંડોમાં સમાવેશ પામતા સ્ત્રી પાત્રો |
|---|---|---|---|
| ૭ | ખરી પડેલો ટહુકો | વૃંદા | (B) પરંપરાગત નિમ્ન દરજ્જો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય |
| ૮ | એક કારાગાર | વિશાખા | (A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic Violence and Wife-battering) |
| ૯ | એક કારાગાર | આશા | (F3) શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું |
| ૧૦ | એની સુગંધ | રમીલા | (C) પરંપરાગત નિમ્ન દરજ્જો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો |
| | | | (F3) શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું |
| | | | (F4) આર્થિક સ્વાવલંબનની મદદથી ખૂમારીપૂર્વક જીવન જીવવું |
| | | | (F5) શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય તેવા સ્ત્રી પાત્રના વિજાતીય પાત્ર પ્રત્યેના વલણમાં પરિવર્તન |
| ૧૧ | આનંદધારા | જેની | (F2) પોતાનું એક વ્યકિત તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો |
| | | | (F3) શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું |
| ૧૨ | માટીનું ઘર | લતા | (A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic Violence and Wife-battering) લતા અહીં પિતા દ્વારા ત્રાસનો ભોગ બની છે. |
| | | | (C) પરંપરાગત નિમ્ન દરજ્જો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો |
| | | | (D) સ્ત્રીઓ દ્વારા અન્યાયનો, અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ |
| ૧૩ | માટીનું ઘર | કુંજબાળા | (A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic Violence and Wife-battering) |

કોષ્ટક–૨ ચાલુ .....

કોષ્ટક–૨ ચાલુ .....

| ક્રમ | નવલકથાનું નામ | સ્ત્રી પાત્રનું નામ | સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડોમાં સમાવેશ પામતા સ્ત્રી પાત્રો |
|---|---|---|---|
| ૧૪ | માટીનું ઘર | નીના | (A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic Violence and Wife-battering) નીના તેના પિતા તથા સાસરિયાઓના ત્રાસનો ભોગ બની છે. |
| | | | (E) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજજો |
| ૧૫ | માટીનું ઘર | નીરૂફોઈ | (F4) આર્થિક સ્વાવલંબનની મદદથી ખૂમારીપૂર્વક જીવન જીવવું |
| | | | (D) સ્ત્રીઓ દ્વારા અન્યાયનો, અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ |
| ૧૬ | એની સુગંધ | સુનીતા | (E) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજજો |
| ૧૭ | ત્રીજો કિનારો | અશુમી | (B) પરંપરાગત નિમ્ન દરજજો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય |
| | | | (C) પરંપરાગત નિમ્ન દરજજો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો |
| | | | (F1) પતિના લગ્નેતર સંબંધને ન સ્વીકારો : દરજજાના આત્મલક્ષી પાસામાં આવેલું પરિવર્તન |
| | | | (F2) પોતાનું એક વ્યકિત તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો |
| | | | (F3) શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું |
| | | | (F4) આર્થિક સ્વાવલંબનની મદદથી ખૂમારીપૂર્વક જીવન જીવવું |
| ૧૮ | ત્રીજો કિનારો | મનુબા | (B) પરંપરાગત નિમ્ન દરજજો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય |
| ૧૯ | ત્રીજો કિનારો | સિંધુ કામવાળી | (A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic Violence and Wife-battering) |

કોષ્ટક–૨ ચાલુ .....

કોષ્ટક–૨ ચાલુ .....

| ક્રમ | નવલકથાનું નામ | સ્ત્રી પાત્રનું નામ | સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડોમાં સમાવેશ પામતા સ્ત્રી પાત્રો |
|---|---|---|---|
| ૨૦ | ત્રીજો કિનારો | ઉષ્મા | (A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic Violence and Wife-battering) |
| ૨૧ | ત્રીજો કિનારો | કાદંબરી | (C) પરંપરાગત નિમ્ન દરજ્જો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો |
| | | | ($F_3$) શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું |
| | | | (D) સ્ત્રીઓ દ્વારા અન્યાયનો, અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ |
| ૨૨ | શગ રે સંકોરું | વસંત | (B) પરંપરાગત નિમ્ન દરજજો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય |
| | | | (C) પરંપરાગત નિમ્ન દરજજો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો |
| | | | (F2) પોતાનું એક 'વ્યકિત' તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો |
| ૨૩ | શગ રે સંકોરું | અમી | (D) સ્ત્રીઓ દ્વારા અન્યાયનો, અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ |
| ૨૪ | ત્રીજો કિનારો | નીમા | (F5) શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય તેવા સ્ત્રી પાત્રના વિજાતીય પાત્ર પ્રત્યેના વલણમાં પરિવર્તન |

**હવે પછી કોષ્ટક નંબર–૨ માં દર્શાવેલા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે પસંદ કરવામાં આવેલાં ૬ માપદંડોની સમજૂતી આપ્યા બાદ તે માપદંડોમાં સમાવિષ્ટ થતાં નવલકથાઓના સ્ત્રી પાત્રોનો પરિચય તથા વિશ્લેષણ આપવામાં આવેલ છે. આમ, ૮.૨ મુદ્દામાં બે તબકકામાં સમજૂતી આપવામાં આવેલ છે : જેમાં ૮.૨.૧ માં માપદંડોની વિસ્તૃત સમજૂતી આપવામાં આવી છે તથા ૮.૨.૨ માં માપદંડોમાં સમાવિષ્ટ થતાં સ્ત્રી પાત્રોનો પરિચય તથા વિશ્લેષણ આપવામાં આવેલ છે.**

## I સ્ત્રીનો દરજજો અને ભૂમિકાના સંદર્ભમાં નકકી કરવામાં આવેલાં સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડોની સમજૂતી નીચે પ્રમાણે આપવામાં આવી છે :

### (A) ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ (Domestic violence and wife battering) :

ઘરેલુ હિંસા કૌટુંબિક વિઘટન અને વિસંવાદિતા સૂચવતી પરિસ્થિતિ છે. તેની અસરથી કુટુંબના સભ્યો માનસિક અશાંતિ, તાણ અને તંગદિલી અનુભવે છે. તેઓ હતાશા, બેચેની, ક્રોધ, આવેશ અને બદલાની લાગણી અનુભવે છે. શારીરિક સ્વાસ્થ્ય ઉપર પણ ઘરેલુ હિંસાની વિપરિત અસર પડે છે. કુટુંબના સભ્યોની વ્યકિતમત્તામાં ઘરેલું હિંસાના કારણે ખળભળાટ પેદા થાય છે. વ્યકિત સારાસાર, વિવેકબુદ્ધિ, સગપણસંબંધ, જવાબદારી અને ફરજની ભાવના, સમાજના ધોરણો અને મૂલ્યો ચૂકી જાય છે અને હિંસાના આચરણ તરફ દોરાય છે.

કુટુંબની સ્ત્રીઓ કે જે પહેલેથી જ દબાયેલી હોય છે તેઓને પતિ, પુત્ર, ભાઈ, પિતા કે સાસરિયા પક્ષના અન્ય પુરુષ સભ્યો શારીરિક–માનસિક ત્રાસ આપે છે.

કુટુંબના પુરુષ સભ્યો દ્વારા સ્ત્રી સભ્યોની ઉપર આચરવામાં આવતી 'ઘરેલુ હિંસા' ના કારણોમાં બેકારી, ગરીબી, દારૂનું વ્યસન, જુગારની લત, ખરાબ સોબત તથા પુરુષ સભ્યના વ્યકિતત્વની કોઈક પ્રકારની ક્ષતિ ભાગ ભજવતી હોય છે; તો કયારેક ''ધોકે ડોબું દોવા દે, ધોકે છોકરાં છાના' રે અને ધોકે નાર પાંસરી'' અને તળપદી ઉકિત અનુસાર ઘરના સ્ત્રી–બાળકોને શારીરિક શિક્ષા કરવાથી જ તેઓ કાંઈ બોલે નહીં – 'સીધા રહે' તેવું સમાજમાં સ્વીકૃત થયેલું વલણ છે. ઉપરાંત સમાજમાં બધા જ ક્ષેત્રોમાં હાર પામેલો પુરુષ પોતાનો 'અહં' સંતોષવા માટે ઘરમાં પત્ની, પુત્રી, બહેન, માતા કે નાના બાળકો ઉપર શારીરિક–માનસિક અત્યાચાર ગુજારતો રહે છે.

પુરુષપ્રધાન સમાજવ્યવસ્થામાં પિતૃસત્તાક કુટુંબોમાં સ્ત્રીઓ અને બાળકો કુટુંબના વડીલ પુરુષ – પિતા કે પતિ – ના આશ્રયે રહેતા જોવા મળે છે. સ્વીકૃત થયેલા સામાજિક મૂલ્ય અનુસાર મહદંશે પુરુષનું કાર્ય કુટુંબના સભ્યોનું ભરણપોષણ કરવાનું છે, તે માટે તે આર્થિક પ્રવૃત્તિ કરતો રહે છે. તે કુટુંબના સભ્યોનું ભરણપોષણ કરે છે તેથી કુટુંબના સભ્યો તેને માન આપે છે. તે કુટુંબની કમાનારી વ્યકિત હોવાથી

કુટુંબમાં તેની સત્તા સર્વોપરિ હોય છે. પોતાની આ સત્તાનો દુરુપયોગ પુરુષ ઘણી વખત કરતો હોય છે અને કુટુંબના સભ્યો ઉપર જોહુકમી, દાદાગીરી અને અપમાનજનક વાણી–વર્તન દાખવતો જોવા મળે છે. ઉપરાંત સ્ત્રીઓ અને બાળકો કરતાં શારીરિક રીતે પુરુષ વધારે મજબૂત અને બળવાન હોય છે. આમ, શારીરિક બળ તથા આર્થિક પ્રવૃત્તિની તાકાતના કારણે પુરુષ ઘરના સભ્યો સાથે હિંસાત્મક આચરણ કરવા લાગે છે, તે એમ માનવા લાગે છે કે કુટુંબના સભ્યો ઉપર તેની માલિકી છે અને તે ઈચ્છે તેવો વ્યવહાર તેઓ સાથે કરી શકવા માટે સમર્થ છે, સર્વેસર્વા છે, મુખત્યાર છે અને તેને તેમ કરતો કોઈ અટકાવી શકે તેમ નથી.

કુટુંબની સ્ત્રી, કે જે ઘરેલુ હિંસાનો ભોગ બનતી હોય છે તે મહદંશે આર્થિક રીતે પરાવલંબી હોય છે તેથી અત્યાચાર સહન કરવો પડતો હોવા છતાં તે કુટુંબને છોડી શકતી નથી. કારણ કે તે પોતાનું ગુજરાન કરી શકે તેવા પ્રકારનું તેનું આર્થિક સ્વાવલંબન નથી હોતું. ઉપરાંત સ્ત્રી લાગણીના તંતુથી કુટુંબના અન્ય સભ્યો સાથે જોડાયેલી હોય છે. તેનો પતિ કે કુટુંબના અન્ય સભ્યોનો અત્યાચાર સહન કરતી હોવા છતાં તેઓની પ્રત્યે સ્ત્રીનો પ્રેમ જળવાઈ રહે છે. તેથી તે અત્યાચારનો સામનો કરતી નથી. તે ઉપરાંત ભારતીય સમાજમાં પરંપરાગત રીતે એક સ્વીકૃત વલણ રહયું છે કે સ્ત્રી તો સહનશીલતા અને ત્યાગની મૂર્તિ છે. સંસ્કારી અને ખાનદાન સ્ત્રીથી ઘરની વાત બહાર ન થાય, જે મુંગા મોં એ અત્યાચારો સહન કરતી રહે તે સંસ્કારી સ્ત્રી ગણાય !! ભારતીય સમાજે વર્તનના અનેક નિયંત્રણો સ્ત્રીઓ ઉપર લાદયા છે. તેનું પ્રતિબિંબ ભારતના દરેક રાજયની શિષ્ટ કૃતિઓ, લોક સાહિત્યની કૃતિઓ તથા લોકગીતોમાં પડેલું જોવા મળે છે. આમ, ઘરેલુ હિંસાનું દૂષણ વિશ્વવ્યાપી છે. યુગે–યુગે સાહિત્યકારોએ તેને સાહિત્યકૃતિઓ મારફત સમાજ સમક્ષ રજૂ કર્યુ છે.

શ્રી વર્ષા અડાલજાએ પણ પોતાની નવલકથાઓમાં ઘરેલુ હિંસા અને પતિ દ્વારા તથા સાસરિયા દ્વારા શારીરિક–માનસિક અત્યાચારો સહન કરતા સ્ત્રી પાત્રોનું આલેખન કરીને આધુનિક યુગમાં પણ સ્ત્રીનો દરજજો દ્વિતીયકક્ષાનો છે તે દર્શાવ્યું છે. તેઓની દસ નવલકથાઓમાંના આ અભ્યાસ હેઠળના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૮ સ્ત્રી પાત્રો – 'તિમિરના પડછાયા' નવલકથાની માનબાઈ અને સવિતા, 'માટીનું ઘર' નવલકથાની – કુંજબાળા, લતા તથા નીના, 'ત્રીજો કિનારો' નવલકથાની – સિંધુ કામવાળી તથા ઉષ્મા, તથા 'એક કારાગાર' નવલકથાની વિશાખા – કુટુંબમાં અત્યાચાર, શારીરિક–માનસિક ત્રાસ, આક્રમક જાતીય વ્યવહાર વગેરેનો ભોગ બનતાં જોવા મળ્યાં છે.

ઉપરોકત ૮ સ્ત્રી પાત્રો પતિ અને કુટુંબના સગાઓ – પિતા, સાસરિયા વગેરેથી ત્રસ્ત છે. ૮ માંથી ૬ સ્ત્રી પાત્રો પતિ દ્વારા થતા શારીરિક–માનસિક અત્યાચારોથી પીડિત છે, ૨ સ્ત્રી પાત્રો પિતાના અને તેમાંથી ૧ સ્ત્રી પાત્ર પિતા તથા સાસરિયાના ત્રાસથી પીડિત છે. તે બધાં ઉપર અસહય શારીરિક – માનસિક અત્યાચારો થાય છે. તેઓ શકય હોય ત્યાં સુધી સહન કર્યા કરે છે. જયારે ન્યાય મેળવવા માટે કશું બોલે છે ત્યારે તેઓને દબાવી દેવામાં આવે છે.

માનબાઈ, સવિતા, લતાની માતા કુંજબાળા, નીના, લતા, વિશાખા, સિંધુ કામવાળી અને ઉષ્મા એ ભારતીય સમાજની આધુનિક યુગની એવી સ્ત્રીઓની પ્રતિનિધિઓ છે કે જેઓની ઉપર 'ઘરેલુ હિંસા' આચરવામાં આવે છે. એ હિંસાની ઘટનાઓનો ભોગ બનનારી સ્ત્રીઓના મન–મગજ ઉપર એક ન ભૂંસી શકાય તેવી પીડા અને વ્યથા અંકિત થઈ જાય છે. સ્ત્રીઓ ઉપર થતાં અત્યાચારો સમાજમાં સ્ત્રીનો નિમ્ન દરજજો સૂચિત કરે છે. સ્ત્રી કરતાં પુરુષ ચડિયાતો છે, સ્ત્રીનું કુટુંબમાં કોઈ માન કે મહત્વ નથી તે બાબત ઘરેલુ હિંસા અને પતિની મારકૂટના બનાવોથી સાબિત થાય છે.

'પુરુષપ્રધાનતા' ના કારણે પત્નીને દબાવી દઈ શકાય, તેનું શોષણ કરી શકાય અને તેને મારી પણ શકાય તે બાબતો 'સવળી ગંગા' તરીકે સમાજમાં સ્વીકૃત થયેલી છે. 'પતિ તો મારે' એમ દરેક પરિણીત સ્ત્રીએ સ્વીકારી લેવાનું હોય છે. સ્ત્રી પત્ની તરીકે પતિનો માર ખાઈ શકે પરંતુ પતિને મારી ન શકે ! તેવું સદીઓથી ભારતીય સમાજમાં બનતુ જોવા મળે છે.

ઉપરાંત સ્ત્રીને જાહેરમાં કે કુટુંબના અન્ય સભ્યોની હાજરીમાં હડધૂત કરી શકાય, અપમાનિત કરી શકાય, તે અણઆવડત વાળી છે, ગમાર છે, ફુવડ છે, અકકલ વિનાની છે, ચારિત્ર્યહીન છે એમ કહી શકાય અને તે રીતે તેને માનસિક ત્રાસ આપી શકાય તેવા સામાજિક વલણ અને વ્યવહાર ભારતીય સમાજમાં પરંપરાગત રીતે સ્વીકૃત થયેલા જોવા મળે છે તે સ્ત્રીનો સમાજમાં નિમ્ન કે દ્વિતીય કક્ષાનો દરજજો સૂચવે છે.

ઘરેલુ હિંસાના પરીણામે સ્ત્રીની સમગ્ર વ્યકિતમત્તા વેરણછેરણ થઈ જાય છે. કયારેક તે આવા અત્યાચારોથી ત્રાસ પામીને આત્મહત્યા દ્વારા જિંદગીનો અંત લાવે છે, કયારેક તે માનસિક રીતે અસ્થિર બની જાય છે અથવા તો વિદ્રોહીણી બની જાય છે, આક્રમક બની જાય છે, ત્યારે સમાજમાં સમસ્યાઓ ઉત્પન્ન થાય છે.

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી સમાજના સર્વાંગી વિકાસ માટે અને સ્ત્રીઓના ઉત્કર્ષ માટે ભારત સરકાર દ્વારા અનેક કાયદાઓ ઘડવામાં આવ્યા છે. અનેક કલ્યાણ–કાર્યક્રમોનું આયોજન થાય છે. છતાં સ્ત્રીઓ ઉપર આચરવામાં આવતી 'ઘરેલુ હિંસા' નું પ્રમાણ ઘટતુ નથી.

સ્ત્રીઓ ઉપરના અત્યાચારોનું પ્રમાણ તો જ ઘટી શકે જો સમાજનો પુરુષવર્ગ પોતાની પરંપરાગત સત્તાની ઈચ્છા છોડે, સમાનતા અને સ્વતંત્રતાના મૂલ્યોનો સ્વયં સ્વીકાર કરે અને સ્ત્રી વર્ગના ઉત્કર્ષમાં સમાજનો સર્વાંગી વિકાસ સમાવિષ્ટ છે તે બાબત સમજે, પોતાનો 'પુરુષ–અહમ્' છોડે અને સમાધાનકારી, સમયોજનકારી વલણ અપનાવે. જો કે આ ઉપાયો સહેલા નથી. કારણ કે સદીઓથી પુરુષ–માનસ પ્રભુત્વ ભોગવવાની ટેવવાળુ છે. અને કાર્લમાર્ક્સના મતે માનવસમાજના ઈતિહાસમાં યુગે–યુગે હંમેશા બે વર્ગો રહયાં જ છે – એક શાસક વર્ગ અને બીજો શાસિત વર્ગ. જેમાં પુરુષવર્ગ શાસકવર્ગ તરીકે સ્ત્રીવર્ગ – શાસિત વર્ગ – ઉપર શાસન – પ્રભુત્વ કરતો રહયો છે.

આધુનિક યુગમાં ઘણા સામાજિક પરિવર્તનો આવી રહયાં છે પરંતુ સ્ત્રીનો દરજજો અને ભૂમિકા યથાવત્ નિમ્ન જ રહયાં છે તે બાબતનું નિરૂપણ નવલકથાઓના સ્ત્રી પાત્રોની મદદથી કરવામાં આવ્યું છે.

ભારતમાં દર ચાર મિનિટે કોઈ ને કોઈ મહિલા અત્યાચારનો ભોગ બને છે જેમાં પતિ કે અન્ય સગાઓ દ્વારા ત્રાસ ગુજારવાની ઘટના બને છે. આવા અત્યાચારોનો ભોગ બનેલી અનેક સ્ત્રીઓ ફરિયાદ પણ નોંધાવી શકતી નથી. ભારતમાં સ્ત્રીની સ્થિતિ માનવતા, પ્રગતિ, લોકશાહી અને સમાજવાદી દ્રષ્ટિકોણથી જોતાં 'દયાજનક' ગણાય છે. સ્ત્રીની આવી સ્થિતિ પેદા કરવામાં સ્ત્રીજીવન અંગેની પરંપરાગત વિચારસરણી, સંસ્થાકીય વ્યવહારો અને સામાજિક ધોરણોએ નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. સામાજીકરણની પ્રક્રિયા દ્વારા આ પ્રકારના લૈંગિક ભેદભાવ અને સ્ત્રી–પુરુષ અસમાનતા ટકી રહી છે. આ માપદંડમાં સમાવિષ્ટ થતાં ૮ સ્ત્રી પાત્રોનો પરિચય તથા વિશ્લેષણ ૮.૨.૨ મુદ્દામાં આપવામાં આવેલું છે.

## (B) પરંપરાગત નિમ્ન દરજજો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય :

શ્રી વર્ષા અડાલજાની દસ સામાજિક નવલકથાઓના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૪૫ સ્ત્રી પાત્રો પરંપરાગત ગૃહિણીની ભૂમિકામાં બાળપણથી તાલીમ પામેલા છે અને ગૃહિણીના દરજજા અનુસાર ભૂમિકા ભજવી રહયાં છે. ૬ સ્ત્રી પાત્રો માત્ર વ્યવસાય કરે છે અને એકલાં – સ્વતંત્ર રહે છે. ૭ સ્ત્રી પાત્રો

અભ્યાસ કરી રહયાં છે અને અપરિણીત છે. ૧ સ્ત્રી પાત્ર અપરિણીત છે અને વ્યવસાય પણ નથી કરતું. ભાઈ–ભાભીની સાથે રહે છે.

૬ સ્ત્રી પાત્રો મુંબઈમાં રહીને વ્યવસાય કરે છે તેઓ સ્વતંત્ર જીવન જીવી રહયા છે. તેમાંથી ર સ્ત્રી પાત્રોને આડોશ–પાડોશના લોકોની ટીકાનો ભોગ બનવું પડે છે પણ તેને તેઓ ધ્યાનમાં લેતા નથી.

સ્ત્રીનો પરંપરાગત નિમ્ન દરજજો અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા યથાવત્ રહયા હોય તેવા પ્રતિનિધિત્વ પૂર્ણ ૫ સ્ત્રી પાત્રો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે પસંદ કરવામાં આવેલ છે.

જેમાં 'તિમિરના પડછાયા' નવલકથાની માલતી, 'ખરી પડેલો ટહુકો' નવલકથાની 'વૃંદા', 'ત્રીજો કિનારો' નવલકથાની અશુમી તથા મનુબા અને 'શગ રે સંકોરું' નવલકથાની વસંતનો સમાવેશ થાય છે.

આમ, કુલ–૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૫ સ્ત્રી પાત્રો પ્રસ્તુત માપદંડ માટે પસંદ કર્યા છે કારણ કે આ પાંચ સ્ત્રી પાત્રો પરંપરાગત ગૃહિણીની ભૂમિકા અને પરંપરાગત નિમ્ન દરજજાની બંધબેસતી લાક્ષણિકતાઓ ધરાવે છે. (Typical, perfect and appropriate characteristics of a house wife)

આ પાંચ ગૃહિણીઓ ઘરસંભાળ અને પતિ સંભાળની જવાબદારી અદા કરે છે. તેઓના પતિઓની સત્તાની ઈજારાશાહી તથા પત્નીઓની તાબેદારી–નિમ્ન દરજજો જોવા મળે છે તેઓ પતિથી દબાયેલી રહેતી જોવા મળે છે. તેઓનું એક સ્વતંત્ર વ્યકિત તરીકે કોઈ જ અસ્તિત્વ નથી. તેઓને ઘરમાં વિચાર અભિવ્યકિતની કે વાણીની સ્વતંત્રતા નથી. તેઓએ પતિસેવામાં ખડેપગે હાજર રહેવું પડે છે. તેઓના સ્ત્રી તરીકેના અરમાનો, ઈચ્છાઓ, મનોરથો અને આકાંક્ષાઓ જિંદગીભર અતૃપ્ત જ રહયાં છે.

સ્ત્રીનું કાર્યક્ષેત્ર અને ભૂમિકા પ્રાચીનકાળથી ગૃહિણી તરીકેના રહયાં છે. ભારતીય ધર્મશાસ્ત્રોમાં પત્નીને પતિની 'સહધર્મચારિણી' કહેવામાં આવી છે. જેનો અર્થ થાય છે 'પતિની ઈચ્છા મુજબ ચાલનારી અને પતિ જે કાર્ય કરે તેમાં સાથ આપનારી !' તે બાબત સાબિત કરે છે કે પત્નીનો દરજજો પતિ કરતાં ઉતરતો અને દ્વિતીયકક્ષાનો છે. તે પ્રમાણે પ્રસ્તુત અભ્યાસ હેઠળના સ્ત્રી પાત્રોનો દરજજો પણ નિમ્ન અને પુરુષના દરજજા કરતાં દ્વિતીય કક્ષાનો છે.

૧૯મી સદીની સુધારણા ચળવળ અને ત્યાર પછી સ્વતંત્ર ભારતમાં સ્ત્રીના વિકાસ માટે અનેક કલ્યાણ કાર્યક્રમો, વિકાસ કાર્યક્રમો તથા અનેક સામાજિક કાયદાઓ ઘડવામાં આવ્યાં છે છતાં સ્ત્રીઓના સામાજિક સ્થાનમાં કોઈ ફેરફાર નથી થયો. પ્રસ્તુત માપદંડ–B માં સમાવિષ્ટ થતાં માલતી, વૃંદા, અશુમી, મનુબા અને વસંત – એમ પાંચ સ્ત્રી પાત્રોમાંથી ચાર શિક્ષિત છે પરંતુ વ્યવસાય નથી કરતાં. તે પાંચેય સ્ત્રીઓના પતિઓ ઉચ્ચ વ્યવસાયો કરી રહયાં છે, સમાજમાં ઉચ્ચ દરજજો ધરાવે છે; તેઓની તુલનામાં ગૃહિણી તરીકે માત્ર સંતાનો અને ઘર–કુટુંબને સંભાળતી તેઓની પત્નીઓનો દરજજો નિમ્ન કક્ષાનો છે.

ભારતીય સમાજમાં સ્ત્રીઓના દરજજા અને ભૂમિકામાં પરિવર્તન તો જ આવી શકે જો લોકોના માનસમાં, વિચારોમાં અને સ્ત્રી વિષયક પરંપરાગત વલણમાં આમૂલ પરિવર્તન આવે. અને તો જ સ્ત્રીનો સર્વાંગી વિકાસ થઈ શકે અને તો જ સ્ત્રીનો દરજજો પુરુષની સમકક્ષ થઈ શકે અન્યથા નહીં.

આ માપદંડ–B માં જે સ્ત્રી પાત્રોનો સમાવેશ થાય છે તેઓનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ ૮.૨.૨ મુદ્દામાં આપવામાં આવ્યું છે.

## (C) પરંપરાગત નિમ્ન દરજજો અને ગૃહિણીની ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્ત્રીના સ્વયં પ્રયત્નો :

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં શ્રી વર્ષા અડાલજાની પસંદ કરવામાં આવેલી ૧૦ સામાજિક નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોનો અભ્યાસ કરવામાં આવેલ છે. તેમાંથી પ્રસ્તુત માપદંડ–C ના પરિઘમાં 'તિમિરના પડછાયા' નવલકથાની માલતી, 'એની સુગંધ' નવલકથાની રમીલા, 'માટીનું ઘર' નવલકથાની લતા, 'ત્રીજો કિનારો' નવલકથાની અશુમી તથા કાદંબરી અને 'શગ રે સંકોરું' નવલકથાની વસંત, એ ૬ સ્ત્રી પાત્રોનો સમાવેશ થાય છે. કારણ કે તેઓ સ્ત્રી તરીકેનો પરંપરાગત દરજજો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના સ્વયં પ્રયત્નો કરી રહયાં છે અને પોતાના સર્વાંગી વિકાસ માટે ઝઝૂમી રહયાં છે.

ઉપરોકત ૬ સ્ત્રી પાત્રો પોતાનો પરંપરાગત નિમ્ન દરજજો અને ગૃહિણીની ભૂમિકાની બહાર પગ મૂકે છે ત્યારે તેઓએ સમાજના રૂઢિચુસ્ત અને પરંપરાગત વિચારો ધરાવતા લોકોનો સામનો કરવો પડે છે. તે માટે સ્ત્રીએ હિંમતવાન તથા સક્ષમ બનવું પડે તેમજ ધીરજ અને કુનેહથી પરિસ્થિતિનો સામનો કરવો પડે તો જ તે 'વ્યકિત' તરીકે સર્વાંગી વિકાસ સાધી શકે. તેઓ સમાનતા તથા સ્વંતત્રતા મેળવવા, એક 'વ્યકિત' તરીકે સન્માન મેળવવા અને સામાજિક ઓળખ મેળવવા તથા સ્ત્રી તરીકેનો ગૌણ દરજજો

બદલાવવાના તેઓ પ્રયત્નો કરે છે. સમાજે સ્ત્રી માટે નકકી કરેલા ધોરણો, મર્યાદા, પરંપરા અને મૂલ્યોના નિશ્ચિત ચોકઠાંમાંથી બહાર નીકળી સ્વવિકાસના પ્રયત્નો તેઓ કરે છે. આ માપદંડ–C માં જે સ્ત્રી પાત્રોનો સમાવેશ થાય છે તેઓનો પરિચય તથા સમાજ શાસ્ત્રીય વિશ્લેષણ મુદ્દા નં. ૮.૨.૨ માં આપવામાં આવેલું છે.

## (D) સ્ત્રીઓ દ્વારા અન્યાયનો, અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહ :

શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓના સ્ત્રી પાત્રો ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન એમ ત્રણેય વર્ગોમાંથી લેવામાં આવેલાં છે. અભ્યાસ હેઠળના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રી પાત્રો પોતાની વર્તમાન સ્થિતિથી અસંતુષ્ટ છે અને શકય હોય ત્યાં અસમાનતા અને અન્યાયનો વિરોધ કરે છે. તેમાંથી અત્યાચારનો અને અપમાનનો ઉગ્ર સામનો કે વિરોધ કરતાં હોય તેવા પાંચ પ્રતિનિધિપૂર્ણ સ્ત્રી પાત્રોને આ માપદંડ અંતર્ગત તપાસવામાં આવેલાં છે.

અભ્યાસ હેઠળની નવલકથાઓમાં પિતા દ્વારા તથા ભાઈ દ્વારા શારીરિક–માનસિક ત્રાસ આપવામાં આવતો હોય, પિતા પોતાની પુત્રીનો તેના જન્મથી તિરસ્કાર કરતાં હોય, સમાજના દંભી પુરુષો પત્ની સિવાયની બીજી સ્ત્રી મળી જાય તો તેનો લાભ લેવા તૈયાર હોય, પિતાએ બાળકોને કદી પ્રેમ કર્યો ન હોય, ભાઈને બહેનના કરતા વધારે સવલતો તથા શિક્ષણની તક મળતી હોય, સ્ત્રીનું કુટુંબમાં અપમાન થતું હોય, વગેરે પ્રકારની સામાજિક અસમાનતા ભરેલી વર્તણૂંકોનું આલેખન કરવામાં આવેલું છે. તેવા અન્યાય, અત્યાચાર કે અપમાનની સામે બળવો કરતાં સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ મુદ્દા નં. ૮.૨.૨ માં કરવામાં આવેલ છે. જેમાં 'રેતપંખી' નવલકથાની તારા, 'માટીનું ઘર' નવલકથાની લતા તથા નીરૂફોઈ, 'ત્રીજો કિનારો' નવલકથાની કાદંબરી તથા 'શગ રે સંકોરું' નવલકથાની અમીનો સમાવેશ કરવામાં આવેલ છે.

સ્ત્રી ઉપર આચરવામાં આવતી હિંસાના કારણે તેનું સમગ્ર ઊર્મિતંત્ર ખળભળી ઉઠે છે અને તે વિક્ષુબ્ધ વ્યકિતમત્તા ધરાવતી થઈ જાય છે, કયારેક તીવ્ર માનસિક બિમારીનો ભોગ બને છે અને આક્રમક બની જાય છે. આધુનિક યુગમાં પણ સ્ત્રીઓની સાથે અપમાનજનક વર્તન થાય છે, અત્યાચાર અને અન્યાયયુકત વ્યવહાર થાય છે તેવું નવલકથાઓના અભ્યાસમાંથી તારણ મળે છે. પરંતુ સ્ત્રી શિક્ષિત થવા લાગી હોવાથી તેનું સ્વમાન જાગૃત થયુ છે અને તેથી પોતાની પૂરી શકિતથી તે કુટુંબ કે સમાજના અન્યાયી વર્તન સામે ઝઝૂમે છે, વિદ્રોહ કરે છે. સ્ત્રીને ન્યાય માટે ઝઝૂમવું પડે છે તે જ સાબિત કરે છે કે સમાજમાં સ્ત્રીનો દરજજો પુરુષ કરતાં દ્વિતીય કક્ષાનો છે.

સ્વતંત્રતા પછી સ્ત્રીને આપવામાં આવેલા મૂળભૂત અધિકારો અને બદલાયેલા સામાજિક વાતાવરણના કારણે ભારતીય સ્ત્રીના વિચારો અને વલણમાં પરિવર્તન આવ્યુ છે. મધ્યયુગમાં સ્ત્રી મૂંગામોઢે અત્યાચારો અને અન્યાય સહન કરતી–કરતી મૃત્યુ પામતી; આધુનિક યુગની સ્ત્રી શોષણ સામે અવાજ ઉઠાવે છે, બંડ પોકારે છે અને સ્વમાન જાળવવા લડત આપે છે.

## (E) પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજ્જો :

પુરુષપ્રધાન સમાજવ્યવસ્થામાં સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં ઉતરતી કક્ષાનો હોય છે, પુરુષ સ્ત્રીને પોતાના ઉપભોગની વસ્તુ સમજે છે. તે સ્ત્રી સાથે ઉપેક્ષાભર્યું અને અપમાનજનક વર્તન કરી શકે છે, સ્ત્રી ઉપર થતાં જાતીય હુમલાઓ અને શોષણ સ્ત્રીના નિમ્ન દરજ્જાના દ્યોતક છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન માટે પસંદ કરવામાં આવેલી શ્રી વર્ષા અડાલજાની કુલ દસ સામાજિક નવલકથાઓના અભ્યાસ હેઠળના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૫ સ્ત્રી પાત્રો ઉપર પતિ સિવાયના પુરુષો દ્વારા જાતીય શોષણ અને અત્યાચારો થતાં જોવા મળ્યા છે. જેમાં 'તિમિરના પડછાયા' નવલકથાની માનબાઈ, 'આનંદધારા' નવલકથાની રાણી, 'રેતપંખી' નવલકથાની તારા, 'માટીનું ઘર' નવલકથાની નીના, 'એની સુગંધ' નવલકથાની સુનીતાનો સમાવેશ થાય છે. જેનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ મુદ્દા નં. ૮.૨.૨ માં આપવામાં આવેલ છે.

આ પાંચ પાત્રોના અભ્યાસ ઉપરથી એવું તારણ મળે છે કે પુરુષ જયારે પણ તક મળે ત્યારે સ્ત્રીનું જાતીય શોષણ કરતાં અચકાય નહીં. સ્ત્રી ઉપર થતો બળાત્કાર એ જઘન્ય અપરાધ છે. તેના કારણે સ્ત્રીનું વ્યકિતત્વ છિન્ન–ભિન્ન થઈ જાય છે. સ્ત્રી મનોવિકૃતિનો ભોગ બને છે. અસહય માનસિક પીડાના કારણે તે કયારેક આત્મહત્યા કરે છે અથવા તો વેશ્યાવૃત્તિ તરફ વળી જાય છે. જાતીય હુમલા તથા શોષણના કારણે સ્ત્રીને જીવન પ્રત્યે નિરસતા તથા ધૃણા ઉત્પન્ન થઈ જાય છે. સ્ત્રી ઉપર જાતીય હુમલો થાય ત્યારે સ્ત્રી જો તેનો સામનો કરે તો સ્ત્રીની હત્યા પણ કરવામાં આવતી હોય છે. આમ આધુનિક યુગમાં પણ સ્ત્રી પતિ સિવાયના પુરુષ દ્વારા થતાં જાતીય હુમલાનો અને શોષણનો ભોગ બને છે તે દર્શાવે છે કે સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતા ઉતરતી કક્ષાનો છે.

## (F) પરંપરાગત દરજ્જો અને ભૂમિકાના કયા પાસામાં, કેટલું અને કયા પરિબળોની અસરથી પરિવર્તન આવ્યુ છે :

શ્રી વર્ષા અડાલજા આધુનિક સાહિત્યકાર છે. તેઓએ નવલકથાઓનું સર્જન સમાજનો અભ્યાસ કર્યા પછી કર્યું છે, કારણ કે તેઓએ સમાજશાસ્ત્ર વિષય સાથે એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

તેઓએ આધુનિક યુગમાં ભારતીય સમાજમાં સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકામાં આવેલું પરિવર્તન દર્શાવ્યું છે અને તે માટે જવાબદાર પરિબળોનું આલેખન પણ પોતાની નવલકથાઓમાં કર્યુ છે.

ભારતમાં બ્રિટિશ રાજય અમલ દરમ્યાન સામાજિક સુધારણાના શ્રીગણેશ થયાં છે. સ્વતંત્રતા પછી ભારતના બંધારણના આમુખમાં જાહેરાત કરવામાં આવી છે કે, 'ભારતના બધાં જ નાગરિકો માટે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વૈચારિક અભિવ્યકિત, માન્યતાઓ, શ્રધ્ધા અને ધર્મની સ્વતંત્રતા, દરજ્જા અને તકની સમાનતા, વ્યકિતગત માનમોભો જાળવવાની ભાઈચારાની, અને દેશની સાર્વભૌમ સત્તાની જાળવણીની તથા એકતાની જાળવણી માટે બંધારણ બાંહેધરી આપે છે.'

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી તરત જ સ્ત્રીઓ રાષ્ટ્રીયજીવનમાં મુકતપણે સક્રિય ભાગ લઈ શકે તેવું વાતાવરણ ઉભું કરવાનો પ્રયત્ન થયો છે. બંધારણીય જોગવાઈઓ વડે તેમજ કેટલાક કાયદાઓ વડે ટેકો આપીને સ્ત્રીઓનો દરજ્જો ઊંચો લાવવાના પ્રયત્નો થયા છે. આ પ્રયત્નોની અસર વધતી ઓછી માત્રામાં આજે આપણે જોઈ શકીએ છીએ. જો કે આ અસર શહેરી ઉપલા અને મધ્યમવર્ગની સ્ત્રીઓ પર વધારે દેખાય છે. પરંતુ છેલ્લા ત્રણ દાયકામાં બંધારણ અને કાયદાનો આશ્રય લઈ વિવિધ સ્તરની સ્ત્રીઓ પોતાના અધિકારો મેળવવા બહાર આવી છે અને ન્યાય માટે લડતી થઈ છે. કેટલીક વખત આ પ્રયત્નો વ્યકિતગત લડતના હોય છે; તો કેટલીક વખત તે સંગઠીત સ્વરૂપે જૂથ માટેના પ્રયત્નો હોય છે. આમ, આઝાદીના અનેક વર્ષો પછી બંધારણમાં આપેલા રક્ષણ અને હકો માટે સ્ત્રીઓ જાગૃત બની ઝઝૂમતી થઈ છે.

બંધારણીય જોગવાઈઓ, કાયદાઓ અને શિક્ષણ ઉપરાંત સમૂહસંદેશાના અને સંપર્કના માધ્યમોનો ઝડપી વિકાસ, આધુનીકરણ, શહેરીકરણ, સ્ત્રીનો વ્યવસાય પ્રવેશ, સ્ત્રી કલ્યાણના કાર્યક્રમો વગેરેના કારણે સ્ત્રીના પરંપરાગત દરજ્જા અને ભૂમિકામાં પરિવર્તન આવેલું દેખાય છે. સ્ત્રી સંઘર્ષ કરતાં શીખી છે અને 'સ્વવિકાસ' તથા 'સ્વમાન' પરત્વે જાગૃત થઈ છે. લગ્ન જો ત્રાસરૂપ–બંધનરૂપ લાગે તો તેમાંથી મુકત થઈ જતાં શીખી ગઈ છે. પ્રસ્તુત માપદંડના પરિઘમાં જુદા–જુદા પાસાંઓ, આવરી લેવામાં આવ્યા છે. જેમ કે,

(F1) પતિના લગ્નેતર સંબંધને ન સ્વીકારવો : દરજજાના આત્મલક્ષી પાસામાં આવેલું પરિવર્તન.

(F2) પોતાનું એક 'વ્યકિત' તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(F3) શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું.

(F4) આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવન જીવવું.

(F5) શિક્ષિણ અને આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય તેવા સ્ત્રી પાત્રના વિજાતીય પાત્ર પ્રત્યેના વલણમાં પરિવર્તન.

ઉપરોકત માપદંડ – F અંતર્ગત આવરી લેવામાં આવેલાં F1 થી F5 સુધીના પાંચ પાસાંઓની સમજૂતી આ પ્રમાણે આપવામાં આવેલ છે.

## (F1) પતિના લગ્નેતર સંબંધને ન સ્વીકારો : દરજજાના આત્મલક્ષી પાસાંમાં આવેલું પરિવર્તન :

શ્રી વર્ષા અડાલજાની, પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન માટે પસંદ કરવામાં આવેલી, **દસ** સામાજિક નવલકથાઓની પશ્ચાદ્‌ભૂમિકા **નગરીય** છે. તેથી નવલકથાઓના અભ્યાસ હેઠળના **૫૯** સ્ત્રી પાત્રોનું વિશ્લેષણ કરતી વખતે જાણવા મળ્યું છે કે એ મહાનગરીય સામાજિક વાતાવરણની સીધી અસર સ્ત્રી પાત્રોના જીવન ઉપર, તેઓના વ્યકિતત્વ ઉપર અને તેઓના સામાજિક–કૌટુંબિક સંબંધો ઉપર પડેલી જોવા મળે છે.

અભ્યાસ હેઠળના **૫૯** સ્ત્રી પાત્રોમાંથી **૨૫** સ્ત્રી પાત્રો શિક્ષિત છે, **૨૨** સ્ત્રી પાત્રોએ મધ્યમ કક્ષાનું શિક્ષણ મેળવ્યું છે અને **૧૨** સ્ત્રી પાત્રો અશિક્ષિત છે. અર્થાત્ શિક્ષણની કક્ષા અને તેઓ પ્રસાર–વ્યાપ નગરમાં વધારે હોય છે તેમ સાબિત થાય છે. અને શિક્ષિત સ્ત્રી પોતાના અધિકારો પ્રત્યે જાગૃત હોય તેમજ અન્યાય, શોષણ, અત્યાચાર, અવહેલના, ઉપેક્ષા તથા અપમાન સામે અવાજ ઉઠાવે તે સ્વાભાવિક છે.

૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૫ સ્ત્રી પાત્રોના પતિઓ લગ્નેતર સંબંધો ધરાવે છે. તેમાંથી **૩** સ્ત્રી પાત્રો પતિના લગ્નેતર સંબંધનો વિરોધ કરે છે અને તેમાંથી **૨** સ્ત્રી પાત્રોએ પતિના ઘરનો ત્યાગ કરીને ખુમારીથી જીવન જીવવાનો નિર્ણય કર્યો છે.

'એની સુગંધ' નવલકથાના ભાવનાબહેન, 'ખરી પડેલો ટહુકો' નવલકથાની વૃંદા, અને 'ત્રીજો કિનારો' નવલકથાની ઉષ્મા પતિના લગ્નેતર સંબંધનો વિરોધ કરે છે પરંતુ તેઓ પતિને કશુ જ કહી શકે તેમ નથી. કારણ કે ત્રણેય સ્ત્રી પાત્રો આર્થિક રીતે પતિ ઉપર આધારિત છે, આત્મનિર્ભર નથી. તે કારણે સ્વમાનના ભોગે તેઓને પતિનો લગ્નેતર સંબંધ સ્વીકાર્ય ન હોવા છતાં નિભાવવો પડે છે.

જયારે 'તિમિરના પડછાયા' નવલકથાની માલતી અને 'ત્રીજો કિનારો' નવલકથાની અશુમીએ પતિના લગ્નેતર સંબંધને કારણે સ્વમાન જાળવવા પતિનું ઘર છોડી દીધું છે. બીજું કારણ એ છે કે માલતી અને અશુમી બન્ને શિક્ષિત છે તથા નિઃસંતાન છે. જયારે ભાવનાબહેન, ઉષ્મા તથા વૃંદા આર્થિક રીતે પરાવલંબી હોવા ઉપરાંત સંતાનની તેઓ ઉપર જવાબદારી છે. તેથી તેઓને પતિના લગ્નેતર સંબંધનો વિરોધ હોવા છતાં તેઓ પતિનુ ઘર છોડી જતાં નથી.

આધુનિક યુગની શિક્ષિત સ્ત્રી પતિના લગ્નેતર સંબંધનો વિરોધ કરે છે. અને જો પતિ તેવો સંબંધ ચાલુ જ રાખે તો સ્ત્રી પતિનું ઘર ખુમારીપૂર્વક છોડી દે છે. પછી ભલે તેને જીવનમાં એકલા અનેક સંઘર્ષોનો સામનો કરવો પડે. આ બાબત આધુનિક સ્ત્રીના વિચારમાં આવેલું પરિવર્તન દર્શાવે છે. પ્રાચીન તથા મધ્યયુગમાં સ્ત્રી પતિના બહુપત્નીત્વને સહજતાથી સ્વીકારી લેતી હતી. પરંતુ આધુનિક યુગમાં સ્વતંત્રતા પછી બહુપત્ની કે લગ્નેતર સંબંધો કાયદા દ્વારા પણ અપરાધ ગણાય છે અને પત્ની પણ તેને સ્વીકારતી નથી.

સ્ત્રી શ્રધ્ધા અને વિશ્વાસથી અજાણ્યા પુરુષ સાથે લગ્નગ્રંથિથી જોડાઈને તેની પત્ની તરીકે તેના જીવનમાં પ્રવેશે છે. જયારે સ્ત્રીનો પતિ તેની સાથે વિશ્વસઘાત કરે છે ત્યારે સ્ત્રીનું 'સ્ત્રીત્વ' હણાય છે. 'સ્વમાન' ને ઠેસ પહોંચે છે. અને ત્યારે તે પતિ પ્રત્યે ગમે તેટલો પ્રેમ હોય તો પણ પતિને છોડી દે છે.

આધુનિક યુગમાં સ્ત્રીના વિચારોમાં પરિવર્તન આવ્યું છે. તે 'સ્વ' પ્રત્યે જાગૃત બની છે. છતાં સમાજમાં પત્ની તરીકેનો તેનો દરજજો તો દ્વિતીય કક્ષાનો જ છે. કારણ કે પતિ ગમે ત્યારે બીજી સ્ત્રી સાથે સંબંધ શરૂ કરીને પત્નીની ઉપેક્ષા અને અવહેલના કરી શકે છે. અને તેવી ઘટનાઓ સમાજમાં બનતી જ રહે છે. પુરુષના બહુગામીપણાના કારણે સ્ત્રીનો પત્ની તરીકેનો દરજજો સતત અસલામત રહે છે.

આમ, લેખિકાએ એક પત્ની હોવા છતાં બીજી સ્ત્રી સાથેના સંબંધની વાત નવલકથાઓમાં રજૂ કરીને ભારતીય સમાજમાં સ્ત્રીનો પત્ની તરીકેનો દરજજો ગૌણ તથા નિમ્ન છે તેમ દર્શાવ્યું છે.

ભારતીય સમાજમાં મોટાભાગે પત્ની આર્થિક રીતે પતિ ઉપર આધારિત હોય છે. પરંતુ જો સ્ત્રી શિક્ષિત હોય અને આર્થિક રીતે આત્મનિર્ભર બની શકે તેમ હોય તો 'માલતી' અને 'અશુમી' ની જેમ પતિનું કોઈપણ ગેરવર્તન સ્વીકારી લેતી નથી. 'સ્વમાન' સાચવવા પતિથી તે છૂટી પડી જાય છે અને સ્વતંત્ર રીતે ગૌરવભેર જીવન જીવે છે.

સ્ત્રીના વિચારોમાં આવેલું આ પરિવર્તન ભારતીય લગ્નસંસ્થાની રચના અને કાર્યમાં પરિવર્તન સૂચવે છે, તેમજ તેને સ્ત્રીના દરજ્જાના આત્મલક્ષી પાસામાં અને ભૂમિકામાં આવેલું પરિવર્તન ગણી શકાય.

માપદંડ–F ના પાસા નં.–F1 માં સમાવિષ્ટ થતાં બે સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ ૮.૨.૨ મુદ્દામાં આપવામાં આવેલ છે.

## (F2) પોતાનું એક 'વ્યકિત' તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો :

શ્રી વર્ષા અડાલજાના સ્ત્રી પાત્રોમાં ખુમારીની સાથે એક 'વ્યકિત' તરીકેની જીવવાની ઈચ્છા જોવા મળે છે. સામાન્ય રીતે સ્ત્રીના લગ્ન થાય પછી તે પતિ, સંતાનો, કુટુંબ, ઘરસંભાળ વગેરેમાં એવી તો ગૂંથાઈ જતી હોય છે કે તેને પોતાના માટે જીવન જીવવાનો સમય મળતો નથી હોતો. તેની ઉપર, તેના વિચારો ઉપર, તેના સમય ઉપર અને તેના સમગ્ર અસ્તિત્વ ઉપર કુટુંબના સભ્યોની માલિકી હોય છે. સ્ત્રી આખી જિંદગી બીજાઓને માટે જીવતી રહે છે અને તેવી સ્ત્રીને 'ત્યાગની મૂર્તિ' કહીને સમાજના લોકો પ્રશંસા કરતા રહે છે. સ્ત્રીનું કુટુંબ માટેનું 'સમર્પણ' અને 'ન્યોછાવર થઈ જવું' એ સ્ત્રીનું ઉમદા લક્ષણ ગણાય છે. તેવી સ્ત્રીને 'સંસ્કારી' ગણવામાં આવે છે.

પરંતુ આધુનિક સ્ત્રી તેના માટે સમાજે નકકી કરી રાખેલાં નિશ્ચિત ધોરણો, મૂલ્યો અને આદર્શોમાંથી બહાર આવવા ઈચ્છે છે, તેણે શા માટે જન્મ થી મૃત્યુ સુધી બીજાઓને માટે જ જીવવું જોઈએ ? એ પ્રશ્ન આધુનિક સ્ત્રીના મનમાં ઉઠે છે અને તેનો પડઘો શ્રી વર્ષા અડાલજાના સ્ત્રી પાત્રોમાં પણ પડેલો જોવા મળે છે.

ફ્રેંચ લેખિકા અને વિચારક સિમોન–દ–બુવાએ ઈ.સ. ૧૯૪૯ માં એક ગ્રંથ પ્રગટ કર્યો હતો, 'The Second Sex.' એમણે Female અને Feminine જેવા ભેદ સ્પષ્ટ કરતાં કહયું કે સ્ત્રી હોવું

એ એક જૈવિક હકીકત છે, પરંતુ તેનું સ્ત્રીત્વ મહદંશે સાંસ્કૃતિક અને સામાજિક છે. તેઓએ કહયું કે, 'સ્ત્રી જન્મ પામતી નથી તેને સ્ત્રી બનાવવામાં આવે છે !'[૨] પિતૃસત્તાક સમાજરચનામાં પુરુષ સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. સ્ત્રી માટેની જીવનશૈલી પુરુષ દ્વારા ઘડાતી આવી છે. સ્ત્રીને તેના કુદરતસહજ વાસ્તવિક સ્વરૂપમાં બહાર આવવા દેવાને બદલે સમાજે 'આદર્શ નારી' નું એક ચોકઠું તૈયાર કર્યું છે. જેમાં સમાજ હંમેશા સ્ત્રીને બંધ બેસાડતો આવ્યો છે. જે સ્વભાવ, ભાવનાઓ, ઊર્મિઓ, વ્યવહાર અને વલણ 'સ્ત્રીસહજ' ગણાય છે, તે જન્મસિદ્ધ નથી; સૈકાઓથી પિતૃસત્તાના મૂલ્યો આત્મસાત્ કરવાનું તે પરીણામ છે, પિતૃપ્રધાન સમાજે તૈયાર કરેલી જીવનની રૂપરેખામાં જ મહદંશે સ્ત્રીઓ જીવે છે અને સ્ત્રીઓને એ જ રીતે જોવામાં, તપાસવામાં કે નિરૂપિત કરવામાં આવે છે. આમ, સમાજના માળખામાં સ્વતંત્ર સ્થાન ન મળવાને પરીણામે સ્ત્રી ગૌણ અને પછીતમાં રહી છે. તેની ઉપર ચોકકસ લક્ષણો અને ગુણોનું આરોપણ કરવામાં આવ્યું છે અને એ ગુણો ન ધરાવતી સ્ત્રી સમાજના લોકોનો 'ઉપહાસ' અને 'ટીકા' નો ભોગ બને છે. સ્ત્રીઓને 'સ્ત્રી' બનાવતાં અને રાખતાં આ લક્ષણોમાં 'આજ્ઞાંકિતપણું' અને 'પરાવલંબનનો' સમાવેશ થાય છે. પુરુષપ્રધાન સમાજરચનામાં પુરુષોની અપેક્ષામાંથી જન્મેલાં આ લક્ષણો જૈવિક નથી. આવા લક્ષણોથી સ્ત્રીનું શોષણ કરવાનું કામ સરળ બને છે; અને આ પ્રકારે થતા શોષણ અંગે સ્ત્રીની સભાનતા નહીંવત્ હોય છે; કારણ કે આ લક્ષણોને કહેવાતાં 'સ્ત્રીત્વ' સાથે જોડી દેવામાં આવ્યાં છે અને તેની ગેરહાજરીથી સ્ત્રીને પોતાની ઓળખ ગુમાવી દેવાનો ભય રહે છે. આમ એવી સ્થિતિનું સર્જન થયું છે કે જેમાં સ્ત્રીને વિચારતી કરવાનું અને પોતાની અવદશામાંથી બહાર નીકળવા તૈયાર કરવાનું કામ ઘણું કપરું બની જાય છે.

પરંતુ ૧૯૬૦ પછી વિશ્વભરમાં સ્ત્રી પુરુષ કરતાં કોઈ પણ રીતે ઊતરતી હોવાના રૂઢ થયેલા ખ્યાલ સામે વિરોધનો સૂર પ્રગટ થયો છે. પિતૃસત્તાક સંસ્કૃતિમાં નગણ્ય સ્થાન ધરાવતી સ્ત્રીએ પોતે વ્યકત થવાનું પસંદ કર્યુ. અને તે અભિવ્યકિતની સાથે વણસ્પર્શ્યા રહી ગયેલા અનેક વિષયોને અવાજ મળ્યો. આ 'નારીચેતના' અને 'નારી સંવેદના' નો પ્રભાવ સાહિત્યમાં પણ જોવા મળ્યો છે.

શ્રી વર્ષા અડાલજા 'નારીચેતના' એટલે કે સ્ત્રીની જીવન શકિત અને સમજ શકિત તથા પોતાના અસ્તિત્વ સંબંધી સભાનતા અને જાગૃતિનું નિરૂપણ પોતાની સાહિત્યકૃતિઓમાં કરી રહયાં છે.

---

૨. सीमोन-द-बुवा, **स्त्री : उपेक्षित** (अनुवादक-प्रभा खेतान). सरस्वती विहार, दिल्ली, १९९०.

પ્રસ્તુત પાસાં નં. F2 સાથે કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૫ પાત્રો બંધબેસતા થાય છે. જેમાં 'તિમિરના પડછાયા' નવલકથાની માલતી, 'ત્રીજો કિનારો' નવલકથાની અશુમી, 'શગ રે સંકોરું' નવલકથાની વસંત, 'આનંદધારા' નવલકથાની રાણી તથા જેનીનો સમાવેશ થાય છે. તેઓનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ મુદ્દા નંબર ૮.૨.૨ માં આપવામાં આવેલ છે.

તેઓ એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરી રહયાં છે અને તેઓના તે પ્રયત્નમાં લગ્નનું બંધન જો અવરોધક બનતું લાગે તો તેને સરળતાથી તોડી નાખતા તેઓ અચકાયા નથી. આ પાંચ સ્ત્રી પાત્રોની મદદથી લેખિકાએ આધુનિક સ્ત્રીના વિચારોમાં આવેલું પરિવર્તન દર્શાવ્યું છે.

## (F3) શિક્ષણની મદદથી એક વ્યકિત તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું :

શ્રી વર્ષા અડાલજાની દસ સામાજિક નવલકથાઓના કુલ ૫૯ સ્ત્રી પાત્રોના આ સમાજશાસ્ત્રીય અધ્યયન દરમ્યાન જાણવા મળેલ છે કે તેમાંથી **૨૫** સ્ત્રી પાત્રોએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે, **૨૨** સ્ત્રી પાત્રોએ મધ્યમ કક્ષાનું શિક્ષણ મેળવેલ છે અને માત્ર **૧૨** સ્ત્રી પાત્રો અશિક્ષિત છે.

તેના ઉપરથી કહી શકાય કે અભ્યાસ હેઠળના **૪૭** સ્ત્રી પાત્રોની ઉપર શિક્ષણની પ્રભાવક અસર છે. તેઓ શિક્ષણની મદદથી જીવનના સંઘર્ષોનો સામનો કરી શકે છે, આર્થિક સ્વાવલંબન મેળવીને પોતાનો પરંપરાગત નિમ્ન દરજ્જો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરી શકે છે. સ્વતંત્રતા પ્રાપ્તિ પછી સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધ્યો છે. તેની સાથે સ્ત્રીઓના વિચારોમાં અને વલણોમાં પરિવર્તન આવ્યું છે. માતા પિતા પોતાની પુત્રીનો ઉછેર એક 'વ્યકિત' તરીકે કરતાં થયાં છે. અને પુત્રી શિક્ષણ મેળવી આર્થિક રીતે આત્મનિર્ભર બને તેમાં સહકાર આપતાં થયાં છે; તે પુત્રીના પરંપરાગત નિમ્ન દરજ્જામાં આવેલું પરિવર્તન ગણી શકાય.

જો કે કુટુંબમાં પુત્રીના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થતાં હોય તેવા માતાપિતા કે અન્ય સગાંઓ અભ્યાસ હેઠળની નવલકથાઓના કુલ **૫૯** સ્ત્રી પાત્રોમાંથી **૧૧** સ્ત્રી પાત્રોને જ પ્રાપ્ત થયાં છે. તે હકીકતથી સાબિત થાય છે કે કુટુંબમાં સ્ત્રીના સર્વાંગી વિકાસની બાબતમાં હજુ ખૂબ પ્રયત્નો કરવા પડે તેમ છે.

શિક્ષણ સમાજનો વિકાસ અને પ્રગતિની પારાશીશી છે. સમાજની વિકસિતતાનું માપદંડ, તે સમાજમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે અને તેમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ કેટલું છે તે છે. શિક્ષણ પરિવર્તનને

આવકારવાનું, નવા વિચારો અને નવા મૂલ્યોને આત્મસાત્ કરવાનું અગત્યનું સાધન હોવા ઉપરાંત તે વ્યકિતની સામાજિક–આર્થિક ગતિશીલતાનું પણ સાધન છે. 'એક શિક્ષિત માતા સો શિક્ષકની ગરજ સારે છે' તે કહેવતમાં સ્ત્રી–શિક્ષણનું કાર્યાત્મક મહત્વ વ્યકત થાય છે.

નવી પેઢીનું સામાજીકરણ કરવાનું એટલે કે નવી પેઢીમાં સમાનતા, સ્વતંત્રતા, બિનસાંપ્રદાયિકતા, નાના કુટુંબનું ધોરણ વગેરે આધુનિક વિચારો અને મૂલ્યોનું સિંચન કરવાનું કાર્ય કુટુંબની સ્ત્રીઓ દ્વારા અનૌપચારિક ઢબે થયા કરતું હોય છે. શિક્ષિત સ્ત્રી કુટુંબમાં અનેક રીતે સહાયક થઈ શકે છે; તે ગૃહિણી અને માતા તરીકેની ભૂમિકા પણ વધારે અસરકારક રીતે ભજવી શકે છે.

પ્રસ્તુત સંશોધન હેઠળની નવલકથાઓના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૪૭ સ્ત્રી પાત્રો ઉપર શિક્ષણની અસર છે. તેમાંથી પ્રતિનિધિરૂપ **૫** સ્ત્રી પાત્રો કે જેઓ શિક્ષણની મદદથી પોતાનું એક 'વ્યકિત' તરીકે અસરકારક વ્યકિતત્વ ઉભું કરી શકયા છે અને તેઓના વ્યકિતત્વનો સુયોગ્ય વિકાસ થઈ શકયો છે. તેમાં 'આનંદધારા' નવલકથાની જેની, 'એક કારાગાર' નવલકથાની આશા, 'એની સુગંધ' નવલકથાની રમીલા અને 'ત્રીજો કિનારો' નવલકથાની અશુમી તથા કાદંબરીનો વિગતવાર પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ પ્રસ્તુત અભ્યાસમાં મુદ્દા નં. ૮.૨.૨માં આપવામાં આવેલ છે. કારણ કે તેઓએ શિક્ષણ મેળવીને પોતાના સર્વાંગી વિકાસ માટે શિક્ષણનો મહત્તમ ઉપયોગ કરેલો જોવા મળેલ છે. તેઓ શિક્ષિત હોવાથી સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રી સમાનતા માટે ઝઝૂમી રહયાં છે, એક 'વ્યકિત' તરીકે પોતાનું અલગ અસ્તિત્વ ઉભું કરવાનો સઘન પ્રયત્ન કરી રહયાં છે.

### (F4) આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવન જીવવું :

સામાન્ય રીતે ભારતીય સમાજમાં સ્ત્રી–પુરુષની ભૂમિકાઓને બહુ ચુસ્ત રીતે પરંપરાગત મૂલ્યો અને માન્યતાઓ પ્રમાણે વિભાજિત કરવામાં આવેલાં છે. તે પ્રમાણે કુટુંબ માટે આર્થિક ઉપાર્જનનું કાર્ય પુરુષ કરે અને સ્ત્રીએ કુટુંબના સભ્યોની સંભાળ, બાળસંભાળ તથા ગૃહકાર્ય કરવું તે પ્રમાણે ભૂમિકા વિભાજન થયેલું છે. આ કાર્યવિભાજન સાથે સ્ત્રી–પુરુષનો દરજજો અને પ્રતિષ્ઠા જોડાયેલા છે. સ્ત્રીના કાર્યોની મહત્તા પુરુષના કાર્યોની મહત્તા કરતાં ઓછી આંકવામાં આવે છે. અને સ્ત્રી ઘરબહારની આર્થિક પ્રવૃત્તિ કરે તો તેની ઉપર પણ સામાજિક વલણો અને ધોરણોની અસર પડે છે. સ્ત્રીનો દરજજો દ્વિતીય કક્ષાનો ગણાય છે તેથી તેની આર્થિક પ્રવૃત્તિ પણ પુરુષની આર્થિક પ્રવૃત્તિ કરતાં ઓછું મહત્વ ધરાવે છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી સ્ત્રી શિક્ષણની તક વધી છે તેથી શિક્ષિત સ્ત્રીઓ આર્થિક રીતે આત્મનિર્ભર બનવા લાગી છે. આર્થિક સ્વાવલંબન સ્ત્રીમાં આત્મવિશ્વાસ જાગૃત કરે છે, તે પોતાના જીવનની સમસ્યાઓનો સામનો કરી શકે છે, તે કોઈની જોહુકમી કે ત્રાસ સહન કરી લેતી નથી, અને પોતાનું સ્વમાન જાળવવા તે ત્રાસદાયક કુટુંબીજનોને છોડી પણ શકે છે. આમ, આર્થિક આત્મનિર્ભરતા સ્ત્રીને ખુમારીપર્વક જીવન જીવવામાં મદદરૂપ થાય છે.

આધુનિક સમયમાં સ્ત્રીએ શિક્ષણ મેળવીને જે–જે વ્યવસાયોના ક્ષેત્રોમાં પ્રવેશ કર્યો છે ત્યાં તેણે પોતાની શ્રેષ્ઠ કાર્યક્ષમતા અને લાયકાત પુરવાર કરી બતાવી છે. આથી, સ્ત્રીની ભૂમિકા માત્ર ઘરની ચાર દિવાલોમાં જ સીમિત છે તેવો પરંપરાગત ખ્યાલ અર્વાચીન યુગમાં બદલાવા લાગ્યો છે.

પ્રસ્તુત સંશોધન હેઠળની નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી આ **F4** પાસામાં બંધબેસતા થતાં હોય તેવા ૦૫ પ્રતિનિધિપૂર્ણ સ્ત્રી પાત્રોમાં 'આનંદધારા' નવલકથાની રાણી, 'એની સુગંધ' નવલકથાની રમીલા, 'ત્રીજો કિનારો' નવલકથાની અશુમી, 'માટીનું ઘર' નવલકથાના નીરૂફોઈ તથા 'મારે પણ એક ઘર હોય' નવલકથાની લીનાનો વિસ્તૃત પરિચય અને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ મુદ્દા નં. ૮.૨.૨ માં આપવામાં આવેલ છે.

## (F5) શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય તેવા સ્ત્રી પાત્રના વિજાતીય પાત્ર પ્રત્યેના વલણમાં પરિવર્તન :

શિક્ષણ તથા આર્થિક આત્મનિર્ભરતાને કારણે સ્ત્રીઓ સ્વતંત્ર રીતે વિચારી શકે છે, જૂના રૂઢિવાદી મૂલ્યોને છોડીને આધુનિક મૂલ્યો અપનાવી શકે છે. પુરુષની સત્તા, પતિસેવા, વગેરે પરંપરાગત મૂલ્યોના બદલે સ્વતંત્રતા, સમાનતા, ઉદારમતવાદ, સ્વપસંદગીના લગ્ન, પુખ્ત વયે લગ્ન, લગ્ન વિના સહજીવન વગેરે આધુનિક મૂલ્યો સ્વીકારી શકે છે. પુરુષ મિત્ર સાથે મિત્રતા રાખવામાં તેને કોઈ સંકોચ રહેતો નથી. ભારતીય સમાજમાં આ બધાં આધુનિક મૂલ્યોનો આંશિક પ્રસાર મહાનગરોમાં થયેલો જોવા મળે છે ખરો પરંતુ ભારતની મોટા ભાગની વસ્તી ગ્રામીણ છે અને ગ્રામ સમુદાયોમાં આધુનિક યુગમાં પણ રૂઢિચુસ્ત, પરંપરાગત મૂલ્યોનું પ્રભુત્વ લોકજીવન ઉપર જોવા મળે છે. શહેરી સમુદાયોમાં પણ મોટા ભાગના લોકો પરંપરાગત મૂલ્યોની અસર હેઠળ જીવન જીવે છે. તેનું પ્રતિબિંબ શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓના સ્ત્રી પાત્રોના વર્તનમાં પડેલું જોવા મળે છે. તેથી આ અભ્યાસ હેઠળના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી માત્ર ૦૨ જ સ્ત્રી પાત્રો – 'એની સુગંધ' નવલકથાની રમીલા અને 'ત્રીજો કિનારો' નવલકથાની

નીમા શિક્ષિત છે, આર્થિક રીતે આત્મનિર્ભર છે અને મોટી ઉંમર સુધી અપરિણીત છે, તે બન્નેએ પરિણીત પુરુષો સાથે લગ્નેતર સંબંધ રાખ્યો છે અને લગ્ન વિના તેઓ સહજીવન જીવે છે પરીણામે ગર્ભવતી બને છે.

આમ, પ્રસ્તુત અભ્યાસ હેઠળના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૨ સ્ત્રી પાત્રો – એ પ્રમાણ લગભગ નહીવત્ ગણાય. તેનાથી સાબિત થાય છે કે ભારતીય સમાજમાં આધુનિક યુગમાં પણ સ્ત્રીઓ શિક્ષિત હોય, આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય છતાં વિજાતીય પાત્ર પ્રત્યેનું તેઓનું વલણ રૂઢિચુસ્ત મૂલ્યોને વળગી રહેવાનું અને જાતીય પવિત્રતા જાળવી રાખવાનું જોવા મળે છે.

આમ, સમગ્ર માપદંડ–F ની અંતર્ગત **પાંચ** પાસાંમાં નવલકથાઓના સ્ત્રી પાત્રોની મદદથી સ્ત્રીનો દરજજો અને ભૂમિકામાં કયાં, કેટલા પ્રમાણમાં અને કયા પરિબળોની અસરથી પરિવર્તન આવ્યું છે તે દર્શાવવામાં આવ્યું છે.

અભ્યાસ હેઠળના સ્ત્રી પાત્રો આધુનિકરણ અને લોકશાહીની પ્રક્રિયાની આંશિક અસર પામેલા જણાય છે. નગરીય પશ્ચાદ્ભૂમિકામાં આલેખિત કરવામાં આવેલી નવલકથાઓમાંના સ્ત્રી પાત્રો પોતાની સમસ્યાની રજૂઆત તથા પોતાની ઈચ્છાઓ તેમ જ આકાંક્ષાઓ બીજી વ્યકિતને જણાવી શકે છે. મોટાભાગના સ્ત્રી પાત્રો અર્ધશિક્ષિત અને શિક્ષિત છે તેથી સમાનતા અને સ્વતંત્રતાની ઈચ્છા ધરાવે છે. અભ્યાસ હેઠળ ની નવલકથાઓમાં મોટાભાગના ઉચ્ચ અને મધ્યમવર્ગના સ્ત્રી પાત્રો પતિ સાથે દરેક બાબતની ચર્ચા કરી શકે છે. જો કે પતિ તેને સમાનતાપૂર્વક સ્વીકારવા તૈયાર થતો હોય તેવા સ્ત્રી પાત્રો બહુ જૂજ છે. છતાં સ્ત્રી પોતાના અસ્તિત્વની ઓળખ તેના પતિને આપવા પ્રયત્નશીલ છે તેવું સ્ત્રી પાત્રોના વિશ્લેષણ ઉપરથી જોવા મળે છે.

આર્થિક રીતે સ્વાવલંબી હોય અને કુટુંબના અન્ય સભ્યોનું ભરણપોષણ કરતા હોય તેવા સ્ત્રી પાત્રો પણ નવલકથાઓમાં છે. ઘણા સંઘર્ષના અંતે સ્ત્રીઓને વ્યવસાય મળ્યો હોય અને તેમાં તેઓ સ્વપ્રયત્નથી પ્રગતિ કરતાં હોય તેવું અભ્યાસમાં જોવા મળ્યું છે.

પ્રસ્તુત સંશોધન હેઠળની નવલકથાઓના સ્ત્રી પાત્રો મોટાભાગે વિભકત વસવાટવાળા કુટુંબોમાં રહેતાં જોવા મળ્યા છે. તેથી પતિ સાથે પત્ની ચર્ચા–વિચારણા કરી શકે છે, ઘરકામનું ભારણ તેઓની ઉપર ઓછું જોવા મળ્યું છે, વડીલોનું નિયંત્રણ લગભગ નહીંવત્ છે. તેથી તેઓ પોતાના મનની ઈચ્છાઓ

પ્રેમ, લાગણી અને સહચારની ઝંખના પતિ પાસે વ્યકત કરી શકે છે. તેને સ્ત્રીની પરંપરાગત વિચારધારામાં આવેલું નોંધનીય પરિવર્તન ગણી શકાય. જેમ કે 'તિમિરના પડછાયા' ની 'માલતી', 'શગ રે સંકોરું' ની 'વસંત' તથા 'ત્રીજો કિનારો' નવલકથાની 'અશુમી' તથા 'કાદંબરી' ના પાત્રોમાં લેખિકાએ આ પરિવર્તન દર્શાવ્યું છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પહેલા ભારતીય સમાજમાં ગ્રામીણક્ષેત્રે સંયુકત કુટુંબોમાં વસવાટ કરતી સ્ત્રી પત્ની કે પુત્રવધૂ તરીકે દબાયેલી અને શોષિત રહેલી જોવા મળે છે. વડીલોની હાજરીમાં પરદાપ્રથાના કારણે પતિ સાથે વાત કરવાનું પણ દિવસે લગભગ અશકય રહેતું, તેથી શબ્દો કે વર્તન દ્વારા લાગણી વ્યકત કરવાનું તો કયાંથી શકય હોય ? ! સ્ત્રીની ઈચ્છા શું છે, તેના પત્ની, પુત્રી કે પુત્રવધૂ તરીકે કેવા અરમાનો છે, તે પતિ પાસેથી અને કુટુંબના અન્ય સભ્યો પાસેથી શું અપેક્ષા રાખે છે. તે વ્યકત કરવાની તેને કોઈ જ તક મળતી નહીં. ઉપરાંત તેના વિષે વિચારવાની કુટુંબના બીજા સભ્યોને પણ જરૂર લાગતી નહીં. પરંતુ આધુનિક યુગમાં અનેક કાયદાઓ થયાં, રાજય બંધારણે સ્વતંત્રતા અને સમાનતાના મૂળભૂત અધિકારો દરેક નાગરિકને આપ્યાં, શિક્ષણનો વ્યાપ વધ્યો, સ્ત્રીએ વ્યવસાય પ્રવેશ કર્યો, શહેરોમાં વિભકત કુટુંબોના વસવાટો વધ્યાં અને પુત્રીઓનો લોકશાહી ઢબે ઉછેર થવા લાગ્યો, તેના કારણે ભારતીય સમાજની લગ્ન, કુટુંબ અને જ્ઞાતિ જેવી પાયાની સંસ્થાઓની રચના અને કાર્યોમાં પરિવર્તન આવી રહયું છે અને તેની અસરથી સ્ત્રીઓની ભૂમિકા અને દરજજામાં આંશિક પરિવર્તન આવ્યું છે તેવું નવલકથાના સ્ત્રી પાત્રોના અભ્યાસ દ્વારા ફલિત થાય છે.

આમ, શ્રી વર્ષા અડાલજાએ એક સાહિત્યકાર તરીકે નવલકથાઓના સ્ત્રી પાત્રોની મદદ વડે ભારતીય સમાજની સ્ત્રીઓના દરજજાના આત્મલક્ષી અને વસ્તુલક્ષી પાસાઓમાં શિક્ષણ, વ્યવસાય, આત્મનિર્ભરતા, સમાનતા–સ્વતંત્રતાની ઈચ્છા, પોતાની જાત પ્રત્યેની જાગૃતિ અને આત્મસન્માન જેવા પાસાંઓમાં પરિવર્તન આવેલું દર્શાવ્યું છે.

જો કે સ્ત્રીઓ સમાનતા અને સ્વતંત્રતા ઝંખે છે, તે માટેના બનતા પ્રયત્નો પણ કરે છે છતાં સમાજ હજુ તેને તે અધિકારો આપવા નથી ઈચ્છતો એવું નવલકથાઓના સ્ત્રી પાત્રોના અભ્યાસમાંથી તારણ મળે છે.

સ્ત્રીનું જાતીય શોષણ આજે પણ થાય છે, કુટુંબીજનો તથા પતિ દ્વારા બેરહેમીથી શારીરિક–માનસિક ત્રાસ પણ આપવામાં આવે છે; કજોડાં લગ્નો પણ થાય છે, કુટુંબમાં પુરુષ સભ્યો

કરતાં સ્ત્રીઓનો દરજ્જો આજે પણ દ્વિતીય કક્ષાનો છે, પુરુષો લગ્નેતર સંબંધો રાખે છે અને પત્નીઓને તે સ્વીકારી લેવા ફરજ પણ પાડે છે, અને જો તેઓની પત્નીઓ લગ્નેતર સંબંધો રાખે તો પતિઓ સહજતાથી સ્વીકારી શકતા નથી.

આમ, પ્રસ્તુત મુદ્દા નંબર ૮.૨.૧ માં સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકાના સંદર્ભમાં નકકી કરવામાં આવેલા માપદંડોની વિસ્તૃત સમજૂતી આપવામાં આવી. હવે પછીના મુદ્દા નં. ૮.૨.૨ માં તે ૬ માપદંડોના પરિઘમાં સમાવિષ્ટ થતાં પ્રતિનિધિ સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરવામાં આવેલ છે.

## ૮.૨.૨ સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડોમાં સમાવિષ્ટ થતાં પ્રતિનિધિ સ્ત્રી પાત્રોનો પરિચય તથા વિશ્લેષણ :

**(૧) માનબાઈ :** 'તિમિરના પડછાયા' નવલકથામાં સહાયક મુખ્ય પાત્ર તરીકે 'માનબાઈ' નો સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડ A અને E ના પરિઘમાં સમાવેશ થાય છે.

અર્થાત્ માનબાઈ ઘરેલુ હિંસા અને પતિ દ્વારા આપવામાં આવતા શારીરિક–માનસિક ત્રાસનો ભોગ બની છે અને પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણનો ભોગ પણ બની છે.

માનબાઈ જે ધનિક શેઠના ઘરે ચોવીસ કલાકની કામવાળી તરીકે ઘરકામ કરતી હતી, તે શેઠનો યુવાન પુત્ર કે જે બહારગામ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતો હતો તે રજાઓમાં ઘરે રોકાયો હતો. એક દિવસ કુટુંબના બધાં સભ્યો બહાર ગયા હતા, તે યુવક ઘરમાં એકલો જ હતો, માનબાઈ તેને રાત્રે દૂધનો ગ્લાસ આપવા તેના ઓરડામાં ગઈ ત્યારે તેને ભોળવીને બળજબરીથી તેની અનિચ્છાએ તે યુવકે તેની સાથે જાતીય સંબંધ બાંધ્યો હતો. ત્યાર પછી તે યુવક શહેરમાં ચાલ્યો ગયો, માનબાઈ સાથેની ઘટના ભૂલી ગયો, અભ્યાસ પૂરો કરીને તે ન્યાયાધીશ બન્યો.

માનબાઈ અપરિણીતાવસ્થામાં શેઠના પુત્રએ બાંધેલા જાતીય સંબંધથી ગર્ભવતી બની તેથી તેના શેઠે તેને દારૂડિયા માળી સાથે પરણાવી દીધી. તે કાળુ નામનો માનબાઈનો પતિ તેને દરરોજ દારૂ પીને મારતો, ભૂખી રાખતો અને તે કોનાથી ગર્ભવતી થઈ છે તે જાણવા પ્રશ્નો પૂછતો.

આમ, ધનવાન યુવકે બળજબરીથી માનબાઈ સાથે જાતીય સંબંધ બાંધ્યો તેના કારણે તે અપરિણીતાવસ્થામાં સગર્ભા બની તેના કારણે તેણે જિંદગીમાં અનેક કષ્ટો સહન કરવા પડયા.

અહીં પતિ કાળુ દ્વારા આપવામાં આવતા અમાનુષી શારીરિક–માનસિક ત્રાસનો ભોગ માનબાઈ બને છે તથા આધુનિક યુગમાં પણ પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણનો ભોગ સ્ત્રી બને છે તેનું નિરૂપણ માનબાઈના પાત્ર દ્વારા કરવામાં આવ્યું છે. ઉપરાંત ઉચ્ચ–ધનવાન વર્ગના લોકો નિમ્ન વર્ગના લોકોનું અને તેમની સ્ત્રીઓનું શોષણ કરવાનો જાણે કે અબાધિત અધિકાર ધરાવતા કેમ હોય ! તેવો અપમાનકારક વ્યવહાર તેઓ ગરીબ લોકો સાથે કરતા જોવા મળે છે તેનું આલેખન કરવામાં આવેલ છે.

(૨) **સવિતા :** 'તિમિરના પડછાયા' નવલકથાના ગૌણપાત્ર તરીકે સવિતાનો પ્રસ્તુત સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડોમાંથી A માપદંડના પરિઘમાં સમાવેશ થાય છે.

સવિતા માનબાઈની નજીકની ઝૂંપડીમાં રહે છે. તેનો પતિ તેની ઉપર અસહય શારીરિક–માનસિક ત્રાસ ગુજારે છે.

સવિતાને પાંચ બાળકો છે. કુટુંબમાં સાસુ સહિત સાત માણસો છે, સવિતાનો પતિ જે કારખાનામાં મજૂરી કરે છે ત્યાં હડતાળ ચાલતી હોવાથી બેકારી અને ગરીબીના કારણે કુટુંબના સભ્યોના ગુજરાનમાં તેને મુશ્કેલી પડી રહી છે તેથી તે તેના મગજ ઉપરનો કાબૂ અવારનવાર ગુમાવી બેસે છે, ગુસ્સે થઈ જાય છે. માનસિક તાણ અને તંગદિલીના કારણે તે પત્ની સવિતા ઉપર 'હાથ ઉપાડે' છે.

એક દિવસ તો સવિતાને પતિએ અસહય માર માર્યો તેથી જીવ બચાવવા તે માનબાઈની ઝૂંપડીએ દોડી ગઈ પરંતુ ઉંબરામાં પહોંચે ત્યાં જ તે માથામાં થયેલી ઈજાના કારણે બેભાન થઈ ગઈ. માનબાઈએ તેના મોઢા ઉપર પાણી છાંટયુ અને જયારે તે ભાનમાં આવી ત્યારે પૂછયું કે,

"શું થ્યું'તું આજ એવડું બધું સવિતા ? કે જાનવરની જેમ તને વરે ફટકારી ?" (પાના નં.–૧૧૬)

તેના જવાબમાં સવિતાએ પતિ સાથે થયેલી બોલાચાલી માંડ–માંડ કહી સંભળાવી, તેને માથામાંથી વહી ગયેલા લોહીથી અતિશય અશકિત આવી ગઈ હતી.

આમ, સવિતા 'ઘરેલુ હિંસા' તથા પતિ દ્વારા આપવામાં આવતા શારીરિક–માનસિક ત્રાસનો ભોગ બની છે.

(૩) **માલતી :** 'તિમિરના પડછાયા' નવલકથાના મુખ્ય પાત્ર તરીકે માલતીનો પ્રસ્તુત સમાજશાસ્ત્રીય અભ્યાસ માટે નકકી કરવામાં આવેલા B, C, F1 અને F2 માપદંડોના પરિઘમાં સમાવેશ થાય છે.

માલતીના પતિ દિનકરરાય ન્યાયાધીશ છે. તેઓ બધું સમયસર અને નિયમ મુજબ જ થવું જોઈએ તેના આગ્રહી છે. ઘરમાં પત્ની સાથે પણ તેઓ ઔપચારિક પ્રેમ, સત્તા અને કડક વ્યવહાર રાખે છે. લગ્નજીવનના અઢાર વર્ષોમાં તેઓએ કયારેય પત્ની માલતી સાથે હળવાશથી, સ્નેહથી ઉષ્માસભર વ્યવહાર–વાણી વાપર્યા નથી. સતત પ્રતિષ્ઠા, દમામ અને કડક વ્યવહારનું પડ આખા ઘરમાં છવાયેલું રહે છે.

ઈબ્સનના નાટક 'ડોલ્સ હાઉસ' માં 'નોરા' ના પાત્રની જેમ માલતીના પતિ તેને જે જોઈએ તે ભૌત્તિક ચીજવસ્તુ લાવી આપે છે, ઈચ્છા થાય ત્યારે તેની સાથે ભોગ ભોગવી લે છે, બધું જ પૈસાના બળ ઉપર પ્રાપ્ત કરી શકાય છે તેવું તેઓ માને છે. પતિ ઘરમાં હોય ત્યારે માલતી ખડે પગે પતિની સેવામાં હાજર રહે છે. આમ, માલતી પ્રતિષ્ઠિત ન્યાયાધીશની પત્ની તરીકે પરંપરાગત નિમ્ન દરજજો તથા ગૃહિણીની ભૂમિકા ભજવે છે. તેનું સ્વતંત્ર કોઈ જ અસ્તિત્વ નથી, તેને વિચાર અભિવ્યકિતની કે વાણીની સ્વતંત્રતા નથી. તે પતિથી દબાયેલી રહે છે, તેણે પતિની 'હા માં હા' કરવી પડે છે. તે પોતાના મનની વાત પતિને કહી શકતી નથી. આમ, માપદંડ–B માં માલતીનો સમાવેશ થાય છે.

ત્યાર બાદ માપદંડ–C, F1 અને F2 માં સમાવેશ થાય છે. માલતી લગ્નજીવનના અઢાર વર્ષો સુધી ન્યાયાધીશ પતિની સત્તા, પ્રતિષ્ઠા અને દમામના કોચલામાં એક સાદી ગૃહિણી તરીકે પુરાયેલી રહી. પરંતુ ધીમે–ધીમે તેને પોતાના માટે, પોતાના સ્વતંત્ર અસ્તિત્વ માટે, જીવન જીવવાના વિચારો આવવા લાગ્યા.

જયારે પતિના વિદ્યાર્થી અવસ્થાના જાતીય સ્ખલન વિષે તેણે જાણ્યુ ત્યારે પતિથી સદાયે દબાયેલી અને ડરતી રહેતી માલતીએ પતિને ઉંચા અવાજે કહી દીધું કે 'આજ સુધી હું ઊંઘી રહી હતી હવે જાગી ગઈ છું. તમારી સત્તા, પ્રતિષ્ઠા અને ધનસંપત્તિના બોજા નીચે હું ગુંગળામણ અનુભવતી હતી, મારે મુકત હવા અને મુકત પ્રેમ જોઈતો હતો જે તમે મને કદી આપ્યો નથી'.

તેણે કામવાળી માનબાઈ સાથે તેની અનિચ્છાએ જાતીય સંબંધ બાંધીને પછી તેને ભૂલી ગયેલા પતિને આકરા શબ્દોમાં ઠપકો આપ્યો. પતિને જુટ્ટો દંભ કરનાર, જડ, ક્રૂર અને કાયર કહીને તેની અસલિયત ખુલ્લી કરી દીધી. નવલકથાના અંતમાં તેણે પતિ દિનકરરાયનું ઘર છોડી દઈને પોતાની રીતે વિકાસ સાધવા પ્રયાણ કર્યું.

આમ, વર્ષો સુધી માલતી પતિથી દબાયેલી રહેલી અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા ભજવતી રહેલી, પતિનો લગ્નેતર સંબંધ કે જે લગ્નપૂર્વેનો હતો જેનાથી તે અજાણ હતી તે જાણ્યા પછી, અને પતિના દંભી વર્તનથી અસંતુષ્ટ રહેલી હતી. તેથી સ્વતંત્ર રીતે પોતાની જાત માટે જીવન જીવવા, પોતાના સ્વતંત્ર વ્યકિતત્વના વિકાસ માટે પતિથી છૂટા થઈ જવાનો નિર્ણય કરી તેણે પતિનું ઘર છોડી દીધું.

'માલતી' ના પાત્ર દ્વારા સ્ત્રીના 'સ્વમાનની જાગૃતિ' તથા પરંપરાગત નિમ્ન દરજ્જામાંથી બહાર આવવાના સ્વયં પ્રયત્નો, તેમજ એક વ્યકિત તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરતી સ્ત્રી દર્શાવી આધુનિક યુગમાં ભારતની શિક્ષિત સ્ત્રીમાં આવેલું પરિવર્તન દર્શાવવામાં આવ્યું છે. ભારતની મોટાભાગની સ્ત્રીઓ ગૃહિણી તરીકે આખી જિંદગી 'પતિ' નામની ધરીની આસપાસ ગોઠવાયેલી જિંદગી જીવતી હોય છે. જયારે તેણે પતિમાં મૂકેલી શ્રધ્ધા તથા વિશ્વાસનો ભંગ થતો જણાય ત્યારે આધુનિક સ્ત્રી 'સ્વ–વિકાસ' માટે સભાન બની જાય છે અને તે માટે પ્રયત્ન કરવા લાગે છે.

(૪) **લીના :** 'મારે પણ એક ઘર હોય' નવલકથાની લીનાનો સમાવેશ સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા ૬ માપદંડોમાંથી F માપદંડના F4 પાસામાં થાય છે.

નવલકથાના મુખ્ય પાત્રમાં રહેલી 'લીના' ના પિતાને પક્ષઘાત થયો છે, માતા મૃત્યુ પામી છે અને નાની બહેન સુરેખાને 'સ્કિઝોફ્રેનિયા' નામની માનસિક બિમારી છે. આવી વિપરિત કૌટુંબિક પરિસ્થિતિમાં તેણે અધવચ્ચેથી કોલેજનું શિક્ષણ છોડી દેવું પડયું અને એક ખાનગી ઓફીસમાં ટાઈપીસ્ટ તરીકે નોકરી સ્વીકારવી પડી.

તે પોતાના પગારમાંથી ખુમારીપૂર્વક કુટુંબમાં પોતાનું, બિમાર પિતા અને બિમાર નાની બહેનનું ગુજરાન ચલાવવા લાગી. તેને જોઈને સગાવહાલાં અને પડોશી લોકો કહેતાં, ''કેવી હિંમતવાળી છોકરી છે ! દીકરી દેજો તો આવી દેજો. ઈશ્વરે લક્ષ્મીબહેનને દીકરી નહીં દીકરો જ દીધો. આખા ઘરને તેણે કેવું પાંખમાં લઈ લીધું છે. નોકરી કરીને કેવું મજાનું ઘર ચલાવે છે !'' ('મારે પણ એક ઘર હોય', પાના નં. ૨૧ અને ૩૦)

આમ, માપદંડ F ના F4 પાસાંમાં આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવન જીવતી શિક્ષિત સ્ત્રીઓના વર્તનમાં આવેલું પરિવર્તન દર્શાવી આધુનિક ભારતમાં સ્ત્રીઓના વ્યવસાય પ્રવેશના કારણે તેઓના દરજ્જા અને ભૂમિકામાં જે પરિવર્તન આવી રહયું છે તે આલેખિત કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

(૫) **તારા :** 'રેતપંખી' નવલકથાના સહાયક મુખ્ય પાત્રમાં તારા છે. સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડ D અને E માં તેનો સમાવેશ થાય છે.

તે એક ટ્રક ડ્રાઈવરની સાથે તરૂણાવસ્થામાં ભાગી ગઈ હતી અને તેની સાથે તેણે લગ્ન કર્યા હતાં. પરંતુ પ્રેમલગ્નના થોડા જ વખતમાં તેનો પતિ ટ્રક અકસ્માતમાં મૃત્યુ પામ્યો. તારા એકલી, અસહાય અને નિરાધાર બની ગઈ. તેના પતિનો ભાઈબંધ તેને સહાય કરવાના બહાને દિલ્હી લઈ ગયો અને તેને એક વેશ્યાગારમાં વેંચી દીધી.

વેશ્યાગારમાં તારાની પાસે વેશ્યાવૃત્તિ કરાવવા માટે દબાણ કરવામાં આવ્યું. શરૂઆતમાં તારાએ તેનો પ્રતિકાર કર્યો પરંતુ દિવસો સુધી તેને ભૂખી–તરસી રાખવામાં આવી, શારીરિક–માનસિક ત્રાસ આપવામાં આવ્યો, અંતે ભૂખ–તરસની પીડા સહન ન થતાં તારાએ અનિચ્છાએ વેશ્યા વ્યવસાય સ્વીકારી લીધો.

આમ, અસહાય તારાનો ગેરલાભ તેના મૃત પતિના પરિચિત પુરુષે લીધો. તારાના જીવનમાં સર્જાયેલી કરુણતા અને અનિચ્છાએ કરવા પડતા વેશ્યાવ્યવસાયના કારણે તેને પોતાના જીવન પ્રત્યે અણગમો અને ઘૃણા ઉત્પન્ન થઈ ગઈ, તે દુઃખ ભૂલવા દારૂ અને સિગારેટની વ્યસની બની ગઈ.

તારાને ભારતીય સમાજના કહેવાતા ઉચ્ચ અને સભ્ય સમાજના દંભી પુરુષો પ્રત્યે નફરત અને આક્રોશ છે, તે માને છે કે પુરુષોને બે ઘડી મોજ માણવા, ગમ્મત મેળવવા બીજી સ્ત્રી મળે તો તેઓને કશો વાંધો હોતો નથી, પરંતુ તેઓ વેશ્યા સાથે લગ્ન કરવા કદી તૈયાર ન થાય, 'સ્ત્રી એક ઉપભોગની વસ્તુ છે અને ખરીદી–વેંચી શકાય છે' તેવું માનીને પુરુષો સ્ત્રી સાથે તેવું વર્તન કરે છે, તે સ્ત્રીનો સમાજમાં નિમ્ન દરજ્જો છે તેવું સૂચિત કરે છે.

તારાને થયેલા પુરુષોના કડવા અનુભવોને કારણે તથા તેની ઉપર વેશ્યાગારમાં થયેલા શારીરિક–માનસિક અત્યાચારોના કારણે તેનું મન કુંઠિત થઈ ગયું, તેને જીવન પ્રત્યે મોહ ન રહયો, તે પોતાની જાત પ્રત્યે બેદરકાર બની ગઈ, નવલકથાના અંતે માનસિક તાણ અને સમાજ પ્રત્યેના વિદ્રોહ તેમજ આક્રોશના પરીણામે તારા સ્કિઝોફેનિયા નામની તીવ્ર માનસિક બિમારીનો ભોગ બની ગઈ.

આમ, સંશોધન માટે નકકી કરેલા માપદંડ D – સ્ત્રી દ્વારા અત્યાચારનો વિદ્રોહ અને E – પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજ્જો, એ બે માપદંડોમાં 'તારા' ના પાત્રનો સમાવેશ થાય છે.

(૬) **રાણી :** 'આનંદધારા' નવલકથાના મુખ્ય સ્ત્રી પાત્ર તરીકે રાણીનો પ્રસ્તુત સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડોમાંથી F માપદંડના F2 અને F4 પાસામાં તથા E માપદંડમાં સમાવેશ થાય છે. તેનો પરિચય આ પ્રમાણે દર્શાવી શકાય.

'રાણી' ના જીવનની યાત્રા ઝૂંપડપટ્ટીથી આલિશાન બંગલા સુધીની છે. તે બાળપણમાં જ અનાથ બની ગઈ, તે મુંબઈની ઝૂંપડપટ્ટીમાં જ જન્મી અને મોટી થઈ. પરંતુ તેની આંખોમાં જીવનમાં કશુંક પ્રાપ્ત કરવાનું, સફળતા મેળવવાનું સ્વપ્ન બાળપણથી તે જોતી આવી. તેના સંપર્કમાં માનસ નામનો સજજન ફોટોગ્રાફર આવ્યો અને તેણે રાણી સાથે લગ્ન કર્યા. તેને શિક્ષણ

આપવા ઘરે એક શિક્ષિકા રાખી, રાણીને ફોટોગ્રાફી અને મોડેલીંગના ક્ષેત્રે વ્યવસાય અપાવ્યો. રાણી પણ પૂરા આત્મવિશ્વાસ સાથે મોડેલીંગના ક્ષેત્ર પ્રગતિ કરતી રહી. પરંતુ એક તબકકે તેને પતિનું પરંપરાગત પતિપણું, એકાધિકાર, અહમ્, પતિની શીખામણ વગેરે પોતાની વ્યાવસાયિક કારકીર્દિમાં અવરોધરૂપ લાગવા લાગ્યુ તેથી બન્ને પરસ્પર સંમતિથી છૂટા પડી ગયા. રાણી પોતાના વ્યવસાયમાં પદ, પ્રતિષ્ઠા, તથા ભૌતિક સંપત્તિ પ્રાપ્ત કરવાના ધ્યેયમાં પ્રગતિ કરતી ગઈ. આમ, રાણી જેમ–જેમ વ્યાવસાયિક પ્રગતિ કરતી ગઈ તેમ–તેમ તેનામાં આત્મવિશ્વાસ વધતો ગયો તે આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવન જીવવા લાગી અને એક 'વ્યકિત' તરીકેનું પોતાનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરતી રહી.

રાણીએ અત્યંત ગરીબ પરિસ્થિતિમાંથી ફિલ્મની અભિનેત્રી સુધીની સફળ યાત્રા કરી. પરંતુ જીવનમાં પતિ સિવાયના અનેક પુરુષોએ તેની સાથે જાતીય સંબંધ બાંધીને તેનું જાતીય શોષણ કરેલુ જોવા મળે છે. રાણી જે ઝૂંપડપટ્ટીમાં રહેતી હતી ત્યાં બાળપણનો તેનો મિત્ર રતન રાણી સાથે લગ્ન કરવા ઈચ્છતો હતો તેણે રાણીની સાથે જાતીય સંબંધ બાંધ્યો હતો. રાણીએ યુવાન ફોટોગ્રાફર માનસ સાથે લગ્ન કર્યા હતા તેની સાથે છૂટાછેડા લઈને તે સ્વતંત્ર રીતે પોતાની કારકીર્દિ – મોડેલીંગ તથા ફિલ્મક્ષેત્રે – બનાવવાનો પ્રયત્ન કરતી હતી ત્યારે તે વ્યવસાયોમાં કામ અપાવવામાં મદદ કરનાર મિ. મહેતાએ તેનું જાતીય શોષણ કર્યું હતું. રાણીના સેક્રેટરી મનોજે પણ તેની ઉપર બળાત્કારનો પ્રયત્ન કર્યો હતો. મનોજની ઈચ્છા તેણે પૂરી ન કરી તેથી મનોજે તેને આર્થિક નુકસાનીમાં ડૂબાડી દીધી. જયારે તેની પાસે કશું જ બચ્યું નહીં ત્યારે એક નાના ફિલ્મ પ્રોડયુસરની સાથે સામાન્ય ફિલ્મ માટેનો તેણે કરાર કર્યો, તે પ્રોડયુસરે પણ પોતાના મિત્રો સાથે રાણી સાથે અનેક વખત જાતીય સુખ માણ્યુ અને ફિલ્મના એક દ્રશ્યમાં રાણીની જાણ બહાર તેનું નગ્ન દ્રશ્ય ઝડપી લીધું. તેણે ફિલ્મના કરાર પ્રમાણે રાણીને પૈસા પણ નહોતા આપ્યા. આમ, રાણીની સાથે ફિલ્મ અને મોડેલિંગના વ્યવસાયમાં અવારનવાર જાતીય શોષણના બનાવો બન્યા હતા, જેના કરણે તે સ્કિઝોફ્રેનિયા નામની તીવ્ર માનસિક બિમારીનો ભોગ બની ગઈ, ખૂબ દારૂ પીવા લાગી અને આત્મહત્યાનો પ્રયત્ન પણ કર્યો. રાણીના અનેક પુરુષોએ કરેલા જાતીય શોષણના આધારે કહી શકાય કે આધુનિક યુગમાં પણ સ્ત્રી ગમે તેટલી આર્થિક રીતે આત્મનિર્ભર હોય છતાં પુરુષો સ્ત્રીને ઉપભોગની વસ્તુ સમજે છે અને તેનું જાતીય શોષણ, તક મળે તો કરતા અચકાતા નથી તે બાબત સમાજમાં સ્ત્રીનો નિમ્ન દરજજો છે તે સાબિત કરે છે.

આમ, 'રાણી' નું પાત્ર માપદંડ F ના F2 અને F4 પાસામાં તથા માપદંડ E ના પરીઘમાં સમાવિષ્ટ છે.

(૭) **વૃંદા :** 'ખરી પડેલો ટહુકો' નવલકથાના મુખ્ય પાત્રમાં વૃંદા છે તે પ્રસ્તુત સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરેલા માપદંડ B ના પરીઘમાં સમાવેશ પામે છે.

તે પરંપરાગત ગૃહિણીની ભૂમિકા અને નિમ્ન દરજજાના માપદંડ પ્રમાણે પતિ અનંત નામની ધરીની આસપાસ પોતાનું જીવનચક્ર ગોઠવીને જીવતી હતી. તેનું પોતાનું સ્વતંત્ર 'વ્યકિત' તરીકેનું કોઈ જ અસ્તિત્વ ન હતું.

લગ્નજીવનના શરૂઆતના વર્ષોમાં પતિ અનંત સાથે મુંબઈની નાનકડી ઓરડીમાં મધ્યમવર્ગના વિસ્તારમાં તેનો ઘરસંસાર શરૂ થયો ત્યારે તેને પતિનો પ્રેમ મળતો હતો પરંતુ જેમ–જેમ તેના પતિને વ્યવસાયમાં સફળતા મળતી ગઈ તેમ–તેમ વ્યવસાય માટે પતિને વધુને વધુ બહારગામ રહેવાનું થવા લાગ્યુ, પહેલાના જેટલી ફુરસદ મળતી બંધ થઈ. તેથી વૃંદા પતિના જીવનમાંથી દૂર–દૂર ફેંકાઈ ગઈ હોય તેવું અનુભવવા લાગી, એકલતા અનુભવવા લાગી.

વૃંદાને એક મંદબુદ્ધિની બાળકી જન્મી ત્યાર પછી તો તે બાળકીની સંભાળમાં પોતાનો મોટાભાગનો સમય પસાર કરવા લાગી અને પતિની પૈસા પ્રાપ્તિની દોડમાં પતિથી કયાંય પાછળ રહી ગઈ.

આમ, વૃંદા પરંપરાગત નિમ્ન દરજજો ધરાવતી ગૃહિણી તરીકે અનંતનું ઘર સંભાળતી હતી અને બાળકોને મોટાં કરતી હતી. એક 'સ્વતંત્ર' વ્યકિત તરીકે તેનું કોઈ જ અસ્તિત્વ ન હતું.

(૮) **વિશાખા :** 'એક કારાગાર' નવલકથાની વિશાખા 'ઘરેલુ હિંસા' અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતા શારીરિક–માનસિક ત્રાસના માપદંડ A માં સમાવેશ પામે છે.

તેનો પતિ પહેલા તો સારો હતો પરંતુ બેકારી, આર્થિક તંગી અને અન્ય કોઈ પણ વ્યવસાય કરવાની અણઆવડતવાળો હોવાથી ખરાબ મિત્રોની સોબતના કારણે દારૂ અને જુગારનો વ્યસની બની ગયો.

તે પત્ની વિશાખાને અપમાનજનક શબ્દોથી તિરસ્કૃત કરતો અને મારકૂટ કરતો રહયો હોવાથી વિશાખાની વ્યકિતમત્તા છિન્ન–ભિન્ન થઈ ગઈ, પતિના કડવા વચનોથી તેને માનસિક રીતે હતાશા વ્યાપી છે અને જાણે કે લાંબી બિમારીમાંથી ઉઠી હોય તેવી અશકિત અનુભવવા લાગી.

આમ, શારીરિક અને માનસિક એમ બન્ને પ્રકારના ત્રાસથી જીવનનો ઉત્સાહ ઓસરી જાય છે, નિરાશા વ્યાપે છે અને તે બાબતનું આલેખન વિશાખાના પાત્ર દ્વારા કરવામાં આવેલ છે.

(૯) **આશા :** 'એક કારાગાર' નવલકથામાં સહાયક મુખ્ય સ્ત્રી પાત્ર તરીકે આશા છે. તે શિક્ષિત છે. આફ્રિકાથી ભારતમાં ફરવા આવી છે. તેના દાદાના જૂના મિત્રના પૌત્રના ઘરમાં થોડા દિવસ રહે છે. તે જેના ઘરે રહી તે ભાઈ કશો વ્યવસાય કરતા ન હતા અને બેકાર હોવાથી દારૂ–જુગારના વ્યસની બની ગયા હતા. તેથી ઘરનું ગુજરાન માંડ ચાલતુ હતુ. તેઓ બન્ને પતિ–પત્ની સમાજથી ડરીને ઘરમાં પૂરાઈ રહેતા અને જેમ–તેમ જિંદગીના દિવસો વિતાવતા હતાં. આશાએ તેઓના ઘરમાં આવીને ઉમંગ, ઉત્સાહ અને જીવન જીવવાની નવી દ્રષ્ટિ આપી.

આમ, શિક્ષિત આશાએ પોતાનું સ્વતંત્ર 'વ્યકિત' તરીકે એક અસ્તિત્વ તો ઉભુ કર્યું જ છે અને સાથે–સાથે તે જેના ઘરમાં જેની સાથે થોડા દિવસો રહી તેઓના નિરુત્સાહી જીવનમાં પણ નવસંચાર તથા પ્રાણ પૂર્યા. આથી, આશાના પાત્રનો આ સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડોમાંથી F માપદંડના F3 – શિક્ષણની મદદથી એક વ્યકિત તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું – એ પાસાંમાં સમાવેશ થાય છે.

(૧૦) **રમીલા :** 'એની સુગંધ' નવલકથામાં રમીલા મુખ્ય સ્ત્રી પાત્ર તરીકે છે. પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડોમાંથી માપદંડ C માં તથા માપદંડ F ના F3, F4 અને F5 પાસાંના પરીઘમાં 'રમીલા' ના પાત્રનો સમાવેશ થાય છે. જેની સમજૂતી આ પ્રમાણે આપી શકાય.

રમીલા સુરેન્દ્રનગરથી ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ આવી હતી. ગામના ધનવાન શેઠે તે માટે તેને શિષ્યવૃત્તિ આપી હતી. અભ્યાસ પૂર્ણ કરીને તે મુંબઈમાં જ રહેવા લાગી કારણ કે વતનમાં માત્ર એક પિતા હતા તેનું મૃત્યુ થઈ ગયું તેથી વતનમાં રહેવાનું કોઈ પ્રયોજન ન હતું.

રમીલાએ બી.એ.ની ડિગ્રી મેળવીને નોકરી શોધવાના પ્રયત્નો કર્યા. ઘણી જગ્યાએ અરજીઓ કરી તેમાં એક મહિલામંડળમાં નાનકડી નોકરી મળી તેના આધારે તેનું ગુજરાન ચાલતુ હતું.

તે સુંદર હતી અને અપરિણીત હતી તેથી તેની મધ્યમવર્ગની ચાલીની ઓરડીની આસપાસના યુવકો તરફથી તેને કનડગત થતી રહેતી, તે વહેલી–મોડી બહારથી આવે ત્યારે પડોશીઓના પ્રશ્નોના તેણે જવાબો આપવા પડતાં. જો કે તે બધાંનો હિંમતપૂર્વક સામનો કરતી અને કોઈથી ડરતી નહીં.

તે હકીકતથી સાબિત થાય છે કે ભારતીય સમાજમાં આજે પણ રૂઢિચુસ્તતા યથાવત્ જળવાઈ રહી છે. સ્ત્રીનો દરજજો અને ભૂમિકા તેના લગ્ન–પતિ–સાથે જોડાયેલા છે. અપરિણીત યુવતી વિશે લોકો સતત શંકાશીલ દ્રષ્ટિએ જોવા ટેવાયેલા હોય છે. વર્તન–વાણીના બંધનો માત્ર સ્ત્રી માટે જ હોય છે. પુરુષને પૂર્ણ સ્વતંત્રતા ભારતીય સમાજમાં છે. તેનાથી સ્ત્રીનો નિમ્ન દરજજો છે તે સાબિત થાય છે.

રમીલાને એક સારા પુરુષનો પરિચય થયો. તેઓ બન્નેએ સાથે મળીને એક ખાનગી 'જાસૂસી એજન્સી' શરૂ કરી. ધીમે–ધીમે રમીલાએ તેમાં હિંમત, બહાદૂરી, કુનેહ, ચપળતા અને બુદ્ધિના બળથી ઘણી સફળતા મેળવી. એક સ્ત્રી જાસૂસ તરીકે તેણે ઘણાં કપરાં અને અટપટાં કિસ્સાઓનો નિવેડો આણ્યો. જાસૂસીના વ્યવસાયમાં કેટલીક વખત એક પુરુષ પણ ન કરી શકે તેવા અઘરાં કાર્યો પણ રમીલાએ કરી બતાવ્યાં.

'એની સુગંધ' નવલકથામાં 'રમીલા'ના પાત્ર દ્વારા સ્ત્રીના પરંપરાગત ગૃહિણીના દરજજા અને ભૂમિકાની બહારના વિશાળ ક્ષેત્રમાં સ્ત્રી પોતાનો સ્વતંત્ર વ્યકિત તરીકે વિકાસ સાધી શકે છે તે દર્શાવવામાં આવ્યું છે. ઉપરાંત તે જયારે ઘરની ચાર દિવાલોની બહાર પગ મૂકે છે ત્યારે તેણે સમાજના રૂઢિચુસ્ત અને પરંપરાગત વિચારો ધરાવતા લોકોનો સામનો કરવો પડે છે તે પણ નવલકથામાં દર્શાવવામાં આવ્યું છે. રમીલાના માર્ગમાં પણ ઘણા અવરોધો આવ્યા, તેણે ઘણો સંઘર્ષ કર્યો, છતાં તે પોતાના નિશ્ચયમાંથી ચલિત ન થઈ અને અંતે તે આર્થિક રીતે સંપન્ન થઈ શકી અને સમાજમાં પ્રતિષ્ઠા મેળવી શકી.

તેણે આર્થિક સ્વાવલંબનની મદદથી તથા શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે ખુમારીપૂર્વક પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ઉભું કર્યું.

રમીલાએ આર્થિક રીતે આત્મનિર્ભર બનવામાં પોતાની યુવાનીના ઘણા વર્ષો ગુમાવી દીધા. તે ઈચ્છતી હતી કે કોઈ પુરુષનો પ્રેમ તેને મળે. તેને એકલતા સતાવતી હતી. તેથી એક બીજી જાસૂસી સંસ્થાનો માલિક કે જે પરિણીત હતો, જેને પોતાની પત્ની સાથે વિચારભેદ હતો અને તેથી તે પત્ની સાથે છૂટાછેડા લેવા માગતો હતો, તેને છૂટાછેડા મળે તે પહેલા રમીલા તેની સાથે પ્રેમસંબંધથી જોડાઈ ગઈ. આમ, શિક્ષિત અને આત્મનિર્ભર રમીલા મુંબઈ મહાનગરમાં રહેતી હોવાથી પોતાના જીવનના બધા જ નિર્ણયો લેવા માટે સ્વતંત્ર હોઈ સ્વેચ્છાએ પરિણીત પુરુષ સાથે લાગણીના સંબંધથી જોડાઈ ગઈ.

આ હકીકતથી સ્પષ્ટ થાય છે કે આર્થિક આત્મનિર્ભરતાને પરીણામે સ્ત્રી સ્વતંત્ર રીતે વિચારી શકે છે, જૂના રૂઢિવાદી મૂલ્યો છોડી આધુનિક મૂલ્યો અપનાવી શકે છે. પુરુષની સત્તા, પતિસેવા વગેરે મૂલ્યોના બદલે સ્વતંત્રતા, સમાનતા, ઉદારમતવાદ, સ્વપસંદગીના લગ્ન, પુખ્તવયે લગ્ન વગેરે આધુનિક મૂલ્યો સ્વીકારવા સામે શહેરી શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર સ્ત્રીને વાંધો હોતો નથી. પુરુષમિત્ર સાથે મિત્રતા રાખવામાં હવે તેને કોઈ સંકોચ રહયો નથી. સ્ત્રીના વલણમાં આવેલું આ પરિવર્તન ગણી શકાય. પરંતુ પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન હેઠળના **૫૯** સ્ત્રી પાત્રોમાંથી માત્ર **૨** સ્ત્રીઓ – રમીલા અને નીમા જ લગ્ન કર્યા વિના પરિણીત પુરુષ સાથે મિત્રતા અને સહજીવન ધરાવતી જોવા મળી છે. આ પ્રમાણ નહિવત્ છે. તેથી સાબિત થાય છે કે ભારતીય સમાજમાં આધુનિક યુગમાં પણ રૂઢિચુસ્તતા જળવાઈ રહી છે તથા સ્ત્રીનું વિજાતીય મૈત્રીનું પ્રમાણ પણ નહિવત્ છે. નવલકથાની રમીલા અને નીમા બન્નેનું અંતિમ ધ્યેય પણ તેઓના પુરુષ મિત્રો સાથે લગ્નનું જ જોવા મળે છે લગ્ન વિનાના કાયમી સહજીવનનો ખ્યાલ હજુ સુધી આધુનિક યુગમાં પણ ભારતમાં સ્વીકાર્ય બન્યો નથી.

આમ 'રમીલા' નો સમાવેશ માપદંડ C તથા F3, F4 અને F5 માં થાય છે.

**(૧૧) જેની :** 'આનંદધારા' નવલકથામાં સહાયક મુખ્ય પાત્ર તરીકે જેની છે. તે શિક્ષિત છે. અને સ્વતંત્ર રીતે નૃત્યના વર્ગો ચલાવીને આર્થિક રીતે આત્મનિર્ભર છે. જેનીએ લગ્ન કર્યા હતાં. તેનો

પતિ આકર્ષક, હસમુખો અને શ્રીમંત હતો. જેનીને તે પ્રેમ પણ કરતો હતો પરંતુ જેની પતિના પ્રેમથી ગૂંગળાઈ જવા લાગી કારણ કે તે માત્ર 'પતિ' જ બની શકયો 'સાથીદાર' ન બની શકયો. જેનીને પોતાનું અલગ અસ્તિત્વ હોય, શ્વાસ લેવાની મોકળાશ હોય તેવું વાતાવરણ જોઈતું હતું. તેથી જેનીએ પતિ સાથે છૂટાછેડા લઈ લીધા હતા. જેની માનતી હતી કે માત્ર પતિની સેવા કરવી, તેની પ્રતિષ્ઠામાં રાચવું, તેના બાળકો પેદા કરવા, તેઓને ઉછેરવાં અને છેલ્લે બધાંને સુખી જોઈને આંખ મીંચી દેવી – પ્રેમિકા, પત્ની, માતા એ બધામાં એક 'વ્યકિત' તરીકેનું પોતાનું અસ્તિત્વ કયાં રહે ? માતા બનવું સ્ત્રીના વ્યકિતત્વનું એક જ પાસું છે, પ્રેમાળ માતા અને વહાલસોયી પત્ની બનીને રહેવામાં જ સ્ત્રીના જીવનનું સાફલ્ય છે એ વાત ખોટી છે, સ્ત્રી એટલે ત્યાગની મૂર્તિ, આર્યનારી, વગેરે ઘણી બાબતો ભારતીય સમાજે સ્ત્રી માટે નકકી કરી છે જે જેનીને સ્વીકાર્ય ન હતી. તેથી પતિ પ્રેમાળ હતો છતાં તેની સાથે છૂટાછેડા લઈને જેની 'સ્વ'ના અસ્તિત્વની જાળવણી માટે એકલી રહીને પોતાના શિક્ષણની મદદથી આર્થિક રીતે આત્મનિર્ભર બનીને જીવન જીવતી હતી. તેને ત્યાગ–સમર્પણ વાળી ગૃહિણીની જિંદગી જીવવાની ઈચ્છા ન હતી.

આ રીતે 'જેની' નું પાત્ર સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપંદડોમાંથી F માપદંડના પાસાં F2 અને F3 – પોતાનું એક વ્યકિત તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો અને શિક્ષણની મદદથી એક વ્યકિત તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવું – એવા સ્ત્રીના–દરજજા–ભૂમિકા વિષયક પરિવર્તન દર્શાવતા બે પાસામાં સમાવિષ્ટ છે.

(૧૨) **લતા :** 'માટીનું ઘર' નવલકથાના મુખ્ય પાત્ર તરીકે લતા છે. અને તે પ્રસ્તુત વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડોમાંથી A, C અને D માં સમાવિષ્ટ છે. તેનો પરિચય અને વિશ્લેષણ આ પ્રમાણે છે.

લતા બાળપણથી ક્રૂર અને દારૂડીયા–જુગારી પિતાની ક્રૂરતાનો ભોગ બનતી રહી છે. બાળપણમાં નવરાત્રીમાં ગરબો ગાવા જવા બદલ તેના પિતાએ તેની હથેળીમાં ધગધગતા ચીપિયાનો ડામ આપ્યો હતો. કારણ કે તેને પિતાએ ના પાડી હતી છતાં તે ગરબા ગાવા ગઈ હતી. આમ, લતા બાળપણમાં વેદના, અપમાન, તિરસ્કાર, ક્રૂર સજાથી ઘરેલુ હિંસાનો ભોગ બની હતી.

લતાની માતાનું મૃત્યુ થયુ ત્યારે તેણે પરંપરા ચાતરીને માતાની ચિતાને અગ્નિદાહ આપ્યો હતો. સામાન્ય રીતે સ્ત્રીઓ સ્મશાનમાં જતી નથી હોતી; ત્યારે લતા દ્વારા અગ્નિદાહ આપવાનું કાર્ય પરંપરાગત દરજ્જો અને પરંપરાગત ભૂમિકામાં પરિવર્તનના લતાના સ્વયં પ્રયત્નો ગણી શકાય.

તેના પિતાની કડક મનાઈ હતી છતાં તેણે પ્રેમલગ્ન કરી લીધા અને પિતાની જોહુકમી તથા અત્યાચારમાંથી છૂટવા પિતાના ઘરનો ત્યાગ કરી દીધો.

લતાની માતા અને મોટી બહેન નીનાના અપમૃત્યુથી લતાને ક્રૂર પિતા પ્રત્યે ભારોભાર રોષ છવાયો હતો. તે પિતાને મારી નાખીને વેર લેવા માગતી હતી. તેણે પિતાનું ઘર છોડી દીધું હોવા છતાં તેના પતિ સાથે તે જયાં રહેતી હતી ત્યાં અડધી રાત્રે પિતા પહોંચી ગયા અને લતાના પતિએ તેની ઉપર દયા લાવીને પોતાના ઘરમાં રાખ્યા. તેથી લતા પિતાને જોઈને ખુન્નસ અનુભવવા લાગી અને અંતે તિવ્ર માનસિક વિકૃતિ – સ્કિઝોફેનિયા–નો ભોગ બની ગઈ, અને પિતાને મારી નાખવાના બદલે પતિની હત્યા કરી દીધી.

આમ, પિતાની ક્રૂરતા તથા અન્યાયનો બદલો લેવાની આગમાં લતા માનસિક વિકૃતિનો ભોગ બની ગઈ.

આમ, 'લતા' નું પાત્ર માપદંડ–A ઘરેલુ હિંસા, માપદંડ–C પરંપરાગત દરજ્જો–ભૂમિકામાં પરિવર્તનના સ્ત્રીના સ્વયં પ્રયત્નો તથા માપદંડ–D સ્ત્રી દ્વારા અન્યાયનો, અત્યાચારનો અને અપમાનનો સામનો કે વિદ્રોહમાં સમાવિષ્ટ થાય છે.

(૧૩) **કુંજબાળા :** 'માટીનું ઘર' નવલકથામાં લતાની માતાના પાત્રમાં કુંજબાળા સહાયક મુખ્ય પાત્રમાં છે. તેનો આ અભ્યાસ માટે નકકી કરવામાં આવેલા માપદંડોમાંથી A – ઘરેલુ હિંસા તથા પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસના માપદંડમાં સમાવેશ થાય છે. તેનો પરિચય આ પ્રમાણે છે.

કુંજબાળાનો પતિ મંગળદાસ દારૂડિયો અને જુગારી છે. તે કુટુંબમાં પત્ની–પુત્રીઓ પ્રત્યે બેજવાબદાર અને બેદરકાર છે, તે લઘુતાગ્રંથિથી પીડાઈ રહયો છે, તે ખરાબ મિત્રોની

સોબતમાં પોતાનો આખો પગાર જુગાર–દારૂમાં વેડફી નાખે છે. ઘરમાં એક પૈસો પણ આપતો નથી. જુગારમાં હારી જવાના કારણે તેણે પત્નીના સોનાના તમામ ઘરેણાં વેંચી નાખ્યા છે. તે પત્ની કુંજબાળાને અપમાનિત કરતાં શબ્દો કહે છે અને અમાનુષી શારીરિક ત્રાસ તથા જાતીય વ્યવહાર કરે છે.

પત્ની કુંજબાળા આર્થિક રીતે પરાવલંબી છે અને તેને બે પુત્રીઓ હોવાથી લાચાર બનીને દારૂડિયા–જુગારી પતિના ત્રાસ સહન કર્યા કરે છે. પતિએ મોટી પુત્રી નીનાના લગ્ન જુગારના દેવામાંથી મુકત થવા એક ધનવાન કુટુંબના નપુંસક માણસ સાથે કરી નાખ્યા કારણ કે તે માણસનો મોટોભાઈ જુગારની કલબમાં મંગળદાસ સાથે જુગાર રમતો હતો. થોડા વખતના લગ્નજીવનમાં જ નીના બળીને મૃત્યુ પામી તેથી કુંજબાળાએ ક્રોધમાં આવીને પતિને કહયું કે તમે તમારી પુત્રીની સોદાબાજી કરીને ભૂખ્યા વરુને સોંપી દીધી, આવી ઉગ્ર બોલાચાલીમાંથી પતિ–પત્ની ઝપાઝપી ઉપર ઉતરી પડયા અંતે મંગળદાસે પત્નીના વાળ પકડી વરંડાની દિવાલ સાથે માથુ અફાળ્યું, પત્નીનું માથુ ફૂટી ગયુ અને તે મૃત્યુ પામી. આમ, માપદંડ–Aમાં ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતા શારીરિક–માનસિક ત્રાસમાં પત્ની કુંજબાળાનું મૃત્યુ પતિના હાથે જ થયુ. ભારતમાં આજે પણ આવા અત્યાચારો સ્ત્રીઓ ઉપર થાય છે.

(૧૪) **નીના :** 'માટીનું ઘર' નવલકથામાં લતાની મોટી બહેન નીનાનો સમાવેશ માપદંડ–A ઘરેલુ હિંસા તથા માપદંડ–E પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીય શોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજજો એ બે માં થાય છે. તે નવલકથાનું સહાયક મુખ્ય પાત્ર છે.

નીનાએ બાળપણથી સતત ક્રૂર અને નિર્દયી પિતા મંગળદાસનો માતા સાથેનો અત્યાચારી વ્યવહાર જોયા કર્યો છે. તેથી તે સાવ મૂંગી રહે છે. તેના પિતાએ તેના લગ્ન એક ધનવાન કુટુંબના નપુંસક માણસ સાથે કર્યા ત્યારે પણ તે પોતાની અનિચ્છા દર્શાવી શકી ન હતી. લગ્ન પછી તેના ચહેરા ઉપરનું નૂર ઉડી ગયુ અને તે કરમાઈ ગઈ તેથી તેની માતાએ તેને અનેક વખત પૂછવા છતાં તેણે કશું જ જણાવ્યું નહીં. તેના સાસરિયાઓએ તેને સળગાવી દીધી અને હોસ્પીટલમાં આખા શરીરે દાઝેલી હાલતમાં દાખલ કરી નીનાના માતાપિતાને જાણ કરી ત્યારે મૃત્યુ વખતનું મરણોન્મુખ નિવેદન પણ તે આપી ન શકી. આમ, જીવનમાં કે મૃત્યુ વખતે નીના કશું જ બોલી ન શકી. સતત દબાયેલી જ રહી.

નીનાના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેને ત્રણ મહિનાનો ગર્ભ હતો તેવું નિદાન થયું. નીનાની માતાને ખબર હતી કે તેનો પતિ નપુંસક છે તો પછી કોનાથી ગર્ભ રહયો હોય ? નીનાની માતા એ તારણ ઉપર આવી કે નીના ગરીબ પિતાની પુત્રી હતી તેથી ધનવાન લોકો તેની ઉપર ઉપકાર કરતા હોય તેમ પરણીને લઈ ગયા અને સાસરિયાનો કોઈ પુરુષ તેની ઉપર જાતીય અત્યાચાર કરતો રહેતો હશે, નીના કામવાળી તરીકે આખા ઘરનું કામ કરતી રહેતી હતી. નીનાએ સહન થાય ત્યાં સુધી કર્યુ હશે અને જયારે કશો પ્રતિકાર કરવાની કોશિશ કરી હશે ત્યારે બધા સાસરિયાઓએ ભેગા થઈને તેને બાળી નાખી.

આમ, પુત્રી, પત્ની કે પુત્રવધૂ એમ ત્રણેય ભૂમિકા વખતે નીના કશુ જ બોલી શકી નથી એમ નવલકથામાંથી જાણવા મળે છે. આ બાબતથી એમ સાબિત થાય છે કે આધુનિક યુગમાં પણ ભારતીય સમાજમાં સ્ત્રીનો પુત્રી, પત્ની કે પુત્રવધૂ તરીકેનો દરજજો નિમ્ન કક્ષાનો છે.

**(૧૫) નીરૂફોઈ :** 'માટીનું ઘર' નવલકથામાં ગૌણ સ્ત્રી પાત્ર તરીકે નીરૂફોઈ છે. તેનો સમાવેશ માપદંડ F ના F4 પાસામાં અને માપદંડ D માં થાય છે. તેનો પરિચય આ પ્રમાણે છે.

નીરૂફોઈ શિક્ષિત છે અને આર્થિક રીતે સ્વાવલંબી છે. તેના ભાઈ મંગળદાસને દારૂ–જુગારની ટેવ છોડી દેવા તે સમજાવે છે પણ મંગળદાસ તેની વાત માનતો નથી. તે આખો પગાર દારૂ–જુગારમાં વાપરી નાખીને પછી પત્ની સાથે ઝઘડો કરતો રહે છે તેથી કંટાળી જઈને નીરૂફોઈએ મુસ્લિમ ધર્મના શિક્ષક સાથે મોટી ઉંમરે લગ્ન કરી લીધા અને ભાઈનું અશાંતિવાળુ ઘર છોડી દીધું. કારણ કે ભાઈ નીરૂફોઈ સાથે પણ ઝઘડો કરતો રહેતો હતો.

સામાન્ય રીતે સ્ત્રી અન્યાય અને અપમાનને સહન કર્યા કરે. પરંતુ જયારે તેની હદ આવે ત્યારે તે ક્ષેત્ર છોડી દે; તે પણ વિદ્રોહ કે વિરોધનું જ એક સ્વરૂપ છે.

ભાઈની જોહુકમી અને ત્રાસમાંથી નીરૂફોઈએ લગ્ન કરીને મુકિત મેળવી લીધી. તેનું કારણ એ કે નીરૂફોઈ શિક્ષિત હતાં અને આર્થિક રીતે આત્મનિર્ભર હતાં તેથી સ્વતંત્ર રીતે લગ્નનો નિર્ણય લઈને ખુમારીથી ભાઈનું ઘર છોડી દઈ શકયા, જયારે તેના ભાભી અશિક્ષિત હતા તેથી

પતિનો અત્યાચાર સહન કરતાં રહીને, અપમાન સહન કરતાં રહીને, તેઓને અનિચ્છાએ પતિ સાથે રહેવું પડતું હતું.

આર્થિક સ્વાવલંબન સ્ત્રીમાં આત્મવિશ્વાસ અને ખુમારી ઉત્પન્ન કરે છે, તે કોઈની જોહુકમી કે ત્રાસ સહન કરી લેતી નથી, પોતાનું સ્વમાન જાળવવા તે ત્રાસદાયક કુટુંબીજનોને છોડી શકે છે. આમ, આધુનિક યુગમાં સ્ત્રીએ શિક્ષણ મેળવીને જે–જે વ્યવસાયોમાં પ્રવેશ કર્યો છે ત્યાં તેણે કુશળતા દર્શાવી છે અને આર્થિક સ્વાવલંબને સ્ત્રીને અન્યાય તથા અત્યાચારનો સામનો કરવાનું બળ આપ્યું છે.

(૧૬) **સુનીતા :** 'એની સુગંધ' નવલકથામાં ગૌણ પાત્ર તરીકે સુનીતા છે. તે કોલેજમાં અભ્યાસ કરતી યુવતી હતી. તેને કોઈ યુવક સાથે પ્રેમ થયો હતો. તે યુવક તેને કીંમતી ભેટો આપતો રહેતો તથા ફિલ્મો જોવા લઈ જતો. સુનીતાના લગ્ન તેના માતાપિતાએ ઉચ્ચ–શ્રીમંત કુટુંબના યુવક સાથે નકકી કર્યા તેથી સુનીતા લગ્નના અઠવાડિયા પહેલા તેના પ્રેમી યુવક સાથે ભાગી ગઈ.

પરંતુ સુનીતાએ જે યુવકને પ્રેમ કર્યો હતો તે તેને ભગાડીને મુંબઈની ઝૂંપડપટ્ટીમાં લઈ આવ્યો ત્યાં તેના હાથપગ બાંધીને તેને ગોંધી રાખી અને તેની ઉપર જાતીય હુમલા કર્યા. સુનીતાનો પ્રેમી યુવક પરિણીત હતો, તેણે સુનીતાના ધર્મના ભાઈ સાથે સુનીતાનો પંદર હજાર રૂપીયામાં સોદો કર્યો હતો અને તેની પાસે વેશ્યા વ્યવસાય કરાવવા ખરીદી હતી.

ભારતીય સમાજમાં નવલકથાની સુનીતાની જેમ ઘણી યુવતીઓને ફસાવવામાં આવે છે. તેઓ સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાત કરીને, પ્રેમનું નાટક કરીને, વેશ્યાગારમાં વેંચી દેવામાં આવે છે. ખાસ કરીને ભારતના મહાનગરોમાં આવી અસામાજિક પ્રવૃત્તિઓ વધારે ચાલતી હોય છે. તેનું આલેખન લેખિકાએ નવલકથામાં કર્યું છે.

સુનીતાના પાત્ર દ્વારા સ્પષ્ટ થાય છે કે સ્ત્રીને 'વ્યકિત' તરીકે નહીં પરંતુ પુરુષના ઉપભોગની 'વસ્તુ' તરીકે ગણવામાં આવે છે, તેનું ખરીદ–વેંચાણ થઈ શકે તે પ્રકારનું વલણ સમાજમાં જોવા મળે છે. જેના વડે સ્ત્રીનો સામાજિક દરજજો નિમ્ન છે તેમ સાબિત થાય છે.

આમ, સ્ત્રી પાત્રોના વિશ્લેષણ માટેના માપદંડોમાંથી E માપદંડ – પતિ સિવાયના પુરુષ દ્વારા જાતીયશોષણ અને સ્ત્રીનો નિમ્ન દરજજો–માં સુનીતાનો સમાવેશ થાય છે.

**(૧૭) અશુમી :** 'ત્રીજો કિનારો' નવલકથામાં મુખ્ય સ્ત્રી પાત્ર તરીકે અશુમી છે. તેનો પ્રસ્તુત સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરવામાં આવેલા માપદંડો B, C અને F માપદંડના F1, F2, F3 અને F4 પાસામાં સમાવેશ થાય છે. તેનો પરિચય આ પ્રમાણે છે.

અશુમીએ બી.એ. સુધી અભ્યાસ કરીને બહેનપણીના ભાઈ નીલાંબર સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. તેનો પતિ પૈસા, પ્રતિષ્ઠા અને સત્તાને પ્રાધાન્ય આપતો હતો. દાંપત્યજીવનના શરૂઆતના બે વર્ષો સુધી અશુમીએ પરંપરાગત ગૃહિણીની ભૂમિકા ભજવી. પતિ ઘરમાં હોય ત્યારે ખડેપગે તેણે ઉભા રહેવું પડે. પતિને ટાઈ, બૂટ, કપડાં, રૂમાલ, ચા–નાસ્તો, ભોજન વગેરે સમયસર તૈયાર કરીને આપવાનું રહે. આમ, પતિ નીલ અશુમીને પતિ તરીકે ઘરમાં સતત દોડાવતો રહેતો. તે પત્ની અશુમીને વાનગીઓના અને સુશોભનના વર્ગમાં જઈ ઘર સુશોભન અને સ્વાદિષ્ટ વાનગીઓ શીખવાનું કહેતો.

નીલને બે વર્ષના લગ્નજીવન પછી બીજી યુવતી સાથે લગ્નેતર સંબંધો સ્થપાયા. ત્યાર પછી તે યુવતી સાથે નીલ સતત બહારગામ રહેવા લાગ્યો અને ઘરમાં અશુમી એકલી પતિની રાહ જોયા કરતી.

આમ, પુરુષ પત્નીને કહયા વગર ઘરની બહાર ગમે તેટલા દિવસો રહે, ગમે તે સ્ત્રી પાત્ર સાથે લગ્નેતર સંબંધો રાખી શકે, પોતાને પસંદ આવે તેવી પ્રવૃત્તિ કરી શકે. તે બધું જ તેની પત્નીએ સ્વીકારી લેવાનું રહે. પત્નીએ પોતાની પસંદ–નાપસંદ વિષે વિચારવાનું જ નહીં. આ બાબત પુરુષની સત્તાની ઈજારાશાહી અને પત્નીની તાબેદારી તથા નિમ્ન દરજજો સૂચવે છે. આધુનિક યુગમાં પણ આ વલણમાં નહિવત્ પરિવર્તન આવ્યું છે. આમ, માપદંડ B મુજબ 'અશુમી' લગ્નજીવનના બે વર્ષો સુધી પરંપરાગત નિમ્ન દરજજો ધરાવતી રહી અને પરંપરાગત ગૃહિણીની ભૂમિકા ભજવતી રહી.

પરંતુ અશુમીને જયારે પતિના લગ્નેતર સંબંધ વિશે જાણ થઈ ત્યારે તેનું સ્વમાન ઘવાયું. તેને પતિ નીલ પ્રત્યે તિરસ્કાર થયો. શરૂઆતમાં તે પતિથી દબાયેલી રહેતી હતી. પરંતુ ધીમે–ધીમે તેણે પતિના લગ્નેતર સંબંધનો વિરોધ કરવાનું શરૂ કર્યું. લગ્નજીવનમાં પ્રેમ અને વિશ્વાસ ન હોય તો એવા નિર્જીવ સંબંધનો ભાર વેંઢારીને શા માટે જીવવું જોઈએ તેમ વિચારી

તેણે પતિ નીલના ગૃહનો ત્યાગ કરી દીધો, પતિથી રહેલા ગર્ભનો ગર્ભપાત કરાવી લીધો, પતિની નિશાનીરૂપ મંગળસૂત્ર કાઢી નાખ્યુ, અને પતિની દયા, ઉપકાર કે સહાનુભૂતિ ઉપર લાચાર અને બિચારી સ્ત્રી તરીકે, પતિના લગ્નેતર સંબંધને મૂંગા મોંએ સ્વીકારી લઈને, પતિની આશ્રિત તરીકે તે રહી નહીં પરંતુ તેણે 'સ્વમાન' ખાતર ખુમારીથી પતિને છોડી દીધો.

પતિનું ઘર છોડી દીધા પછી આર્થિક રીતે પગભર થવા માટે એક શિક્ષણ સંસ્થામાં નોકરી સ્વીકારી લીધી. તે શિક્ષિત હોવાથી આત્મનિર્ભરતા દ્વારા એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ જાળવવા અને સ્વતંત્ર ઓળખ ઉભી કરવા તે ઝઝૂમતી રહી. તે નોકરીમાં પણ માત્ર 'અશુમી' તરીકે જ રહી, પોતાની પાછળ પતિનું નામ ન લગાડયુ. તે થોડા વખતમાં જ કુશળતાથી અઘરાં કાર્યો શીખી ગઈ. ત્યાં તેણે આર્થિક ગોટાળાની પુરાવાસહિતની વિગતોની ફરિયાદ સંસ્થાના ટ્રસ્ટીઓને હિંમતપૂર્વક કરી, તેના વિરોધીએ તેના ચારિત્ર્ય ઉપર આક્ષેપ કર્યો ત્યારે તેનો ત્વરિત અને સણસણતો જવાબ આપી હિંમત દાખવી.

સૌથી પહેલો પગાર તેના હાથમાં આવ્યો ત્યારે આત્મવિશ્વાસપૂર્વક પોતાની માતાના હાથમાં તેણે આપ્યો. તે શરૂઆતમાં નોકરીમાં ભય અને કંટાળો અનુભવતી હતી. પરંતુ પછી ગમે તેવી મુશ્કેલીનો સામનો કરીને પણ નોકરીમાં ચાલુ રહેવા કૃતનિશ્ચયી બની.

આમ, પરંપરાગત નિમ્ન દરજજો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના અશુમીના સ્વયં પ્રયત્નોમાં તેને શિક્ષણ અને આર્થિક આત્મનિર્ભરતાએ મદદ કરી. તે ખુમારીપૂર્વક એક સ્વતંત્ર વ્યકિત તરીકે જીવન જીવવા લાગી. જે આધુનિક સ્ત્રીમાં આવેલું પરિવર્તન ગણી શકાય.

**(૧૮) મનુબા :** 'ત્રીજો કિનારો' નવલકથામાં ગૌણ સ્ત્રી પાત્ર તરીકે અશુમીના સાસુ મનુબા છે. તેઓના લગ્ન સાડા તેર વર્ષની નાની ઉંમરે થઈ ગયા હતા. તેઓના પતિ સરકારી ખાતામાં ઉચ્ચ હોદ્દા ઉપર હતા.

પતિએ નાનકડી પત્ની મનુબાને સાસુ–સસરા સાથે નાના ગામમાં રહેવા દઈને આખી જિંદગી મોટા વૈભવશાળી આવાસોમાં એકલા રહીને જિંદગી કાઢી નાખી. પત્નીને તેઓએ કદી પોતાની સાથે રાખી નહીં. પત્ની મનુબા જિંદગી આખી પતિ વિના સાસુ–સસરાની સેવા કરતા રહયાં.

તેઓના સાસુ મનુબા પાસે આખા ઘરનું કામ કરાવે અને જો કામમાં કોઈ ખામી રહી જાય તો મહેણાં મારે. વર્ષમાં એકાદ વાર જ મનુબાના પતિ ગામ આવે !

આમ, મનુબા આખી જિંદગી કડક સાસુ–સસરાની સાથે પતિ વિના દુઃખમાં જીવ્યા. તેઓ અશિક્ષિત હતાં તેથી સાસરિયાનું કષ્ટ વેઠયા કર્યું.

આમ, પ્રસ્તુત વિશ્લેષણના માપદંડ–B–'સ્ત્રીની પરંપરાગત ગૃહિણીની ભૂમિકા અને પરંપરાગત નિમ્ન દરજજો'માં 'મનુબા' નું પાત્ર સમાવિષ્ટ છે. મનુબાના સ્ત્રી તરીકેના અરમાનો, ઈચ્છાઓ, મનોરથો અને આકાંક્ષાઓ જિંદગભર અતૃપ્ત રહેલાં જોવા મળે છે.

(૧૯) **સિંધુ કામવાળી :** 'ત્રીજો કિનારો' નવલકથામાં 'સિંધુ કામવાળી' નું પાત્ર પ્રસ્તુત સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડ–A 'ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ' માં સમાવિષ્ટ છે. તેનો પરિચય આ પ્રમાણે છે.

નવલકથાનું આ ગૌણ પાત્ર મુંબઈની ઝૂંપડપટ્ટીમાં રહે છે. તેની સાસુને પૌત્રની ઈચ્છા છે તેથી તે પુત્રવધૂ સિંધુને મહેણાં માર્યા કરે છે. સિંધુનો પતિ પણ દારૂ પીને તેને ખૂબ માર મારે છે. સિંધુ પારકા ઘરના કામકાજ કરીને થોડી ઘણી રોજી મેળવે છે અને કુટુંબનું ગુજરાન ચલાવવામાં પતિને મદદરૂપ થાય છે છતાં પતિ તેને કોઈપણ વસ્તુના છૂટ્ટા ઘા કરીને દારૂના નશામાં મારતો રહે છે.

આમ, ''પતિ પત્નીને મારે'' ને આધુનિક યુગમાં પણ બનતી ઘટના છે તેવું લેખિકા જણાવવા માટે છે.

(૨૦) **ઉષ્મા :** 'ત્રીજો કિનારો' નવલકથામાં ઉષ્માનું ગૌણ પાત્ર છે. તે પણ માપદંડ–A 'ઘરેલુ હિંસા અને પતિ દ્વારા પત્નીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ' – માં સમાષ્ટિ છે. તેનો પરિચય આ પ્રમાણે છે.

'ઉષ્મા' અશુમીના પતિ નીલની કચેરીમાં સાથે કામ કરતા 'પ્રદીપ'ની પત્ની છે. તેના પતિને લગ્નેતર સંબંધ હોવાથી ઉષ્મા તેનો વિરોધ કરે છે તેથી તેનો પતિ તેને શારીરિક–માનસિક

ત્રાસ આપે છે. ઉષ્મા આર્થિક રીતે પરાવલંબી હોવાથી તેણે પતિનો લગ્નેતર સંબંધ સ્વીકારવો પડયો છે અને પતિનો ત્રાસ સહન કરતા રહેવો પડે છે.

આમ, 'ઉષ્મા' માપદંડ–A માં સમાવિષ્ટ છે.

**(૨૧) કાદંબરી :** 'ત્રીજો કિનારો' નવલકથામાં 'કાદંબરી' સહાયક મુખ્ય પાત્ર તરીકે છે. તે પ્રસ્તુત સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડો–C, F નું પાસુ F3 અને D માં સમાવિષ્ટ છે. તેનો પરિચય આ પ્રમાણે છે.

કાદંબરી સ્ત્રીના પરંપરાગત દરજ્જો અને ભૂમિકામાં પરિવર્તન લાવવાના પ્રયત્નો કરતી જોવા મળે છે. તે સ્ત્રી સ્વતંત્રતા અને સમાનતાની હિમાયતી છે.

કાદંબરીની માતાએ સાસુ–સસરાની સાથે પતિ વિના આખી જિંદગી વિતાવી દીધી હતી અને સાસુનો ઘણો ત્રાસ સહન કર્યો હતો તે બાબતે કાદંબરીને પિતા પ્રત્યે રોષ છે અને માતા પ્રત્યે અનુકંપા છે. બાળપણમાં કુટુંબમાં તેના પ્રત્યે અને ભાઈ નીલ પ્રત્યે વડીલો જે ભેદભાવ રાખતા હતાં તેનો તેણે વિરોધ કર્યો હતો. ભાઈની જેમ પોતાને પણ ઉચ્ચ શિક્ષણનો અધિકાર છે તે બાબતે તેણે વડીલો પાસે જિદ કરી હતી અને તેમાં વિજયી થઈને હોસ્ટેલમાં રહીને કોલેજનું ઉચ્ચ શિક્ષણ તેણે મેળવ્યું હતું.

તેણે આંતર્‌રાજય અને આંતરજ્ઞાતીય લગ્ન સ્વપસંદગીથી કર્યા હતાં. તેનો પતિ કાદંબરીને પૂર્ણ સ્વતંત્રતા આપે તેવો તથા તેની સાથે સમાનતા પૂર્વક વર્તન કરતો જોવા મળ્યો છે. લેખિકાએ સ્ત્રીના વ્યકિત સ્વાતંત્ર્યની વાત કાદંબરીના પાત્રથી દર્શાવી છે. સ્ત્રીના લગ્ન સ્ત્રીના વ્યકિતત્વના વિકાસને અટકાવી દે તેવા ન હોવા જોઈએ તે બાબત કાદંબરીના પાત્રથી સ્પષ્ટ થાય છે.

કાદંબરી 'વ્યકિત' તરીકે બુદ્ધિશાળી અને ન્યાયી છે. ભાઈ નીલના લગ્નેતર સંબંધની જયારે તેને જાણ થઈ ત્યારે તેણે તેને પતિ તરીકે પત્નીને વફાદાર રહેવું જોઈએ તેમ કહયું અને ભાભી અશુમીને સલાહ આપી કે, ''જો નીલ તેની પ્રેયસી નીમાને ન છોડે તો અશુમીએ નીલને છોડી દેવો.''

કાદંબરીના પતિના એક સંગીતકાર મિત્ર વાતવાતમાં પોતાની પત્ની વિષે અપમાનજનક શબ્દો બોલતા હતાં તેની કાદંબરીએ સખત શબ્દોમાં ઝાટકણી કાઢીને પત્ની વિષે ખરાબ બોલતાં તેને બંધ કરી દીધા હતા.

આમ, કાદંબરી એક આધુનિક શિક્ષિત સ્ત્રી છે. તે સ્ત્રી સમાનતા અને સ્વતંત્રતાની હિમાયતી છે. અહીં સ્ત્રીની ઉન્નતિ, તેના પરંપરાગત દરજ્જામાં પરિવર્તન લાવવું, તેની પરંપરાગત ભૂમિકા બદલવી વગેરે ઈચ્છા કાદંબરીના પાત્ર દ્વારા વ્યકત થાય છે. તેને પોતાને સ્ત્રી હોવાનો ગર્વ છે પરંતુ કુટુંબમાં જ સ્ત્રીઓને જયારે અન્યાય થાય છે ત્યારે તે અવાજ ઉઠાવે છે. કાદંબરીના સદ્‌ભાગ્યે તેના પતિ તેનું એક વ્યકિત તરીકે સન્માન જાળવે છે, તેઓના સહકારથી જ કાદંબરીના વ્યકિતત્વના વિકાસની પ્રક્રિયા ચાલુ રહી શકી છે.

કાદંબરી શિક્ષિત હોવાથી તેણે પોતાના લગ્નજીવન વિષે સ્વતંત્ર નિર્ણય લીધો; તેનું પ્રસન્ન દાંપત્યજીવન લોકશાહીના મૂલ્યો ઉપર વિકાસ પામી રહયું છે.

(૨૨) **વસંત :** 'શગ રે સંકોરું' નવલકથાના મુખ્ય સ્ત્રી પાત્ર તરીકે વસંત છે. તે પ્રસ્તુત સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરેલા માપદંડોમાંથી B, C અને F ના F2 પાસામાં સમાવિષ્ટ છે.

વસંત કૃષ્ણકાંતભાઈની પત્ની છે. શરૂઆતના સુખી દાંપત્યજીવન પછી તેના પતિએ ગુરુજી પાસેથી બ્રહ્મચર્ય વ્રતની કઠોર પ્રતિજ્ઞા અને મંત્રદિક્ષા લીધી, પત્ની વસંતની કોઈ જ સંમતિ વિના લીધેલી આ પ્રતિજ્ઞાના કારણે પતિ પત્નીથી દૂર રહેવા લાગ્યા, અને સતત પૂજાપાઠ કરવા લાગ્યા.

પરંતુ વસંત એ કારણે પતિસુખથી વંચિત રહી જવાથી પતિનો પ્રેમ, સહચાર અને જાતીય સંતોષની ઈચ્છામાં ઝૂરતી રહે છે, તરફડતી રહે છે; પરંતુ પતિની પાસે સામેથી પોતાની ઈચ્છા પ્રગટ કરી શકતી નથી. કારણે કે તે પતિથી હંમેશા ડરતી રહે છે.

પતિ–પત્નીની દિનચર્યા જુદી–જુદી હોવા છતાં અને પતિના બ્રહ્મચર્યવ્રતના લીધે તે પતિના જીવનમાંથી દૂર થઈ ગઈ હોવા છતાં ઘરના બધાં સભ્યોની જરૂરીયાતો પૂરી કરવાની ગૃહિણીની જવાબદારીમાંથી તે મુકત નથી થઈ શકી. તેની જિંદગી ઘરની ચાર દિવાલોની અંદર

પસાર થઈ રહી છે. અનેક પ્રકારના ગૃહકાર્યોમાં તે ગૂંથાયેલી રહે છે. આમ, 'વસંત' એક દબાયેલી અને પરંપરાગત નિમ્ન દરજજો ધરાવતી, પરંપરાગત ગૃહિણીની ભૂમિકા ભજવતી સ્ત્રી છે. સ્ત્રી તરીકેની તેની ઈચ્છાઓ અને અરમાનો અતૃપ્ત જ રહયાં છે.

જો કે વસંત સ્વમાની અને શિક્ષિત સ્ત્રી છે તેથી પતિ બ્રહ્મચર્યવ્રતના કારણે તેનાથી દૂર રહે છે, તેની અવહેલાના કરે છે, તેના પ્રત્યે બેદરકારી દાખવે છે, એ કારણે અપમાનિત ન થવું પડે તે માટે પતિસુખની ઈચ્છા પતિ પાસે તે કદી પણ વ્યકત કરતી નથી, પતિ પાસે પ્રેમ કે સહાનુભૂતિની ભીખ માગતી નથી.

નવલકથાના અંતમાં વસંત સ્વમાનપૂર્વક, સ્વતંત્ર રહીને શેષ જીવનનો નિર્ણય કરે છે અને પતિને કહી દે છે કે, ''હવે સાથે રહેવાનો કોઈ જ અર્થ નથી. તન–મનથી તો વર્ષોથી અલગ છીએ જ. તમારી સાથે એક જ ઘરમાં હવે મને ગુંગળામણ થાય છે. અમારા મા–દીકરીઓના જીવનમાંથી તમે ચાલ્યા જાઓ કારણ કે આપણી પ્રકૃતિ અને જીવનદ્રષ્ટિમાં ખૂબ મોટો તફાવત છે. આખી જિંદગીના અમૂલ્ય વર્ષો મેં એકલતામાં કાઢયાં છે. તમે મને સલામતી અને સગવડો આપી પરંતુ મારા જીવનમાં જે ખાલીપો રહી ગયો તેનું શું ? તમે ઘરમાંથી વૃંદાવન સંકુલના આશ્રમમાં કે બીજે કયાંય ચાલ્યા જાઓ. અમારા મા–દીકરીઓ માટે પૈસાની વ્યવસ્થા કરી આપજો. આ મકાનમાં તો અમે રહીશું. આપણો આ ભવનો ઋણાનુબંધ પૂરો થયો.''

('શગ રે સંકોરું', પાના નં.–૨૯૦)

આમ, વર્ષો સુધી એક છત્ર નીચે રહેવા છતાં બન્ને પતિ–પત્ની યોજનો દૂર હતાં તેથી વાસ્તવિક રીતે છૂટા પડી જવાનો આકરો નિર્ણય વસંતે લઈ લીધો અને પોતાની પરંપરાગત ગૃહિણીની ભૂમિકા તથા નિમ્ન દરજજામાંથી બહાર આવીને એક સ્વતંત્ર વ્યકિત તરીકે જીવન જીવવાનો પ્રયત્ન વસંતે કર્યો.

આધુનિક યુગમાં જે સ્ત્રીઓ શિક્ષિત બની શકે છે, જેઓનો ઉછેર એક વ્યકિત તરીકે થયો હોય છે, તેઓ પતિ કે કુટુંબના અન્ય સભ્યોની જોહુકમી તથા સત્તા લાંબા સમય સુધી સહન કરી લેતી નથી. તેઓ એક 'વ્યકિત' તરીકે મુકત હવામાં શ્વાસ લેવા ઈચ્છે છે. સ્વવિકાસ માટે, વ્યકિતત્વના વિકાસ માટે, પોતાની જાત માટે જીવન જીવવા માટે પ્રયત્ન કરે છે.

(૨૩) **અમી :** 'શગ રે સંકોરું' નવલકથામાં 'અમી' નું પાત્ર મુખ્ય છે. તેનો પ્રસ્તુત સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે નકકી કરેલા માપદંડોમાંથી D માપદંડમાં સમાવેશ થાય છે.

અમીના પિતાએ યુવાનીમાં બ્રહ્મચર્યવ્રત લીધુ હતું, પરંતુ તેની પત્નીએ એક વખત પતિસુખની ઈચ્છા વ્યકત કરી અને તેઓના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થઈ ગયો તેના કારણે તેઓ મનમાં અપરાધભાવ અનુભવવા લાગ્યા. તેઓ 'અમી' ને પત્નીની 'વાસનાનું ફળ' સમજતા હતા તેથી અમીની સતત ઉપેક્ષા અને અવહેલના કરતા હતા. અમી હંમેશા પિતૃપ્રેમથી વંચિત રહી હતી. અમીની મોટી બહેન મેઘનાને પિતા પ્રેમ કરતાં પણ અમીને નહોતા કરતા. તેથી અમી પિતા સાથે રહેતી હોવા છતાં પોતે અનાથ છે તેવી લાગણી અનુભવતી હતી. અમીએ જયારે પોતાના જન્મની વાત જાણી ત્યારે તે અપમાન અને રોષથી પિતા પ્રત્યે તિરસ્કાર ધરાવતી થઈ ગઈ.

અમીને પિતાની ધાર્મિક અંધશ્રધ્ધા અને આડંબરવાળી પ્રવૃત્તિ અને ગુરુજીની સેવા ચાકરી પ્રત્યે ભારે નફરત હતી. તે શિક્ષિત અને બુદ્ધિશાળી હોવાથી તેના પિતાને અનેક પ્રકારની બૌદ્ધિક દલીલોથી હરાવી શકતી હતી. તેથી પિતા તેને 'ઉધ્ધત' અને 'બગડી ગયેલી' માનતા હતા.

અમીએ તેના પિતાને એક વખત કહયું કે ઘરે કોઈની પધરામણી કરવી નહીં. ત્યારે પિતાએ તેને કહયું કે, ''આ મારું ઘર છે અને તેમાં હું ઈચ્છુ તે જ થશે.'' ત્યારે અમીએ કહયું કે, ''માત્ર તમારું ઘર નહીં આ ઘર મારું અને મમ્મીનું પણ છે. મારો જન્મનો અધિકાર છે. મને તમે વાસનાનું જંતુ માનતા હો તો પણ તમારી દીકરી તો ખરી ને ? ગુરુજીને પૂછજો કે સંતાનનો જન્મ એ પાપ હોય તો કોનું પિતાનું કે સંતાનનું ?''

('શગ રે સંકોરું', પાના નં.–૪૩)

આમ પિતાને જડબાતોડ જવાબ આપીને તે એક શિક્ષિત યુવતી તરીકે કુટુંબમાં સમાનતા અને સ્વતંત્રતા માટે પિતાને લડત આપે છે. પિતા તરફથી પોતાને અને માતાને થતા અન્યાય અને થઈ રહેલી ઉપેક્ષા સામે અમીએ પિતા સામે વિદ્રોહ ચાલુ રાખ્યો છે, દલીલો ચાલુ રાખી છે, તે પિતાને પિતા તથા પતિ તરીકેની, ગૃહસ્થી તરીકેની, ફરજોનું ભાન કરાવે છે.

આમ, અમી પિતાની સામે અન્યાય તથા અપમાનની સામે વિદ્રોહ કરે છે. ત્યારે કહી શકાય કે આધુનિક યુગમાં પણ સ્ત્રીનો દરજજો દ્વિતીય કક્ષાનો છે તેથી પોતાનું વ્યકિત તરીકેનું અસ્તિત્વ જ જોખમમાં હોય ત્યારે સ્ત્રીએ ઝઝૂમવું પડે છે, અધિકાર માટે લડત આપવી પડે છે તેને સમાજ અને કુટુંબીજનો તરફથી સતત દબાવી રાખવામાં આવે છે ત્યારે અન્યાય, અત્યાચાર અને અપમાન સામે તે વિદ્રોહિણી બને છે.

(૨૪) **નીમા :** 'ત્રીજો કિનારો' નવલકથામાં 'નીમા' નું પાત્ર અશુમીના પતિ નીલ પંડયાની સાથે લગ્નેતર સંબંધ ધરાવે છે. નીલની પત્ની અશુમીને પતિનો લગ્નેતર સંબંધ સ્વીકાર્ય નથી તેથી તેણે પતિનું ઘર છોડી દીધુ છે. તેથી નીલ તેની પ્રેમિકા નીમાની સાથે લગ્ન વિના સહજીવન જીવે છે. તેના કારણે નીમા લગ્ન વિના જ ગર્ભવતી બની છે. આમ, પ્રસ્તુત અભ્યાસના F માપદંડના F5 પાસાંમાં નીમાનું પાત્ર સમાવિષ્ટ છે.

સ્વતંત્રતા પછી સ્ત્રીને આપવામાં આવેલાં મૂળભૂત હકો અને બદલાયેલા સામાજિક વાતાવરણના કારણે ભારતીય સ્ત્રીના વિચારો અને વલણોમાં પરિવર્તન આવ્યું છે એ માટે વિભકત કુટુંબના વસવાટો પણ મદદરૂપ થાય છે. ઉપરાંત સ્ત્રી શિક્ષણમાં થયેલા વધારાને કારણે આધુનિક શિક્ષિત સ્ત્રી શોષણ સામે અવાજ ઉઠાવે છે, બંડ પોકારે છે, સ્વમાન જાળવવા લડત આપે છે.

આમ, ભારતીય સમાજમાં આધુનિક યુગમાં 'સ્ત્રીનો દરજજો પુરુષના દરજજા કરતાં નિમ્ન કક્ષાનો છે' તે જુદા–જુદા માપદંડોના આધારે શ્રી વર્ષા અડાલજાની દસ સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોનો પરિચય તથા સમાજશાસ્ત્રીય વિશ્લેષણ ઉપરથી સાબિત થાય છે.

માપદંડ F ના જુદા–જુદા પાસાંઓ દ્વારા સ્ત્રીના વલણ–વર્તનમાં આધુનિક યુગમાં કેવું પરિવર્તન આવ્યું છે અને તેના પરંપરાગત દરજજા–ભૂમિકામાં શું પરિવર્તન આવ્યુ છે તે દર્શાવવાનો પ્રયત્ન પણ કરવામાં આવેલ છે.

હવે પછીના મુદ્દા નં.–૮.૩માં નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન તથા આંકડાકીય વિશ્લેષણ આપવામાં આવેલ છે.

## ૮.૩ નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણ :

પ્રસ્તુત મુદ્દામાં નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજ્જા અને ભૂમિકાને લક્ષ્યમાં રાખીને સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણ આપવામાં આવેલ છે જે આ પ્રમાણે છે.

### ૮.૩.૧ નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાનું વસ્તુલક્ષી પાસુ :

દરજ્જો વસ્તુલક્ષી અને આત્મલક્ષી એમ બે પાસાં ધરાવે છે. સ્ત્રીના દરજ્જાના વસ્તુલક્ષી પાસામાં સ્ત્રીનું શિક્ષણ, વ્યવસાય, કુટુંબમાં સ્થાન, હકો, આર્થિક બાબતો, શારીરિક–માનસિક વિકાસની સહાયક અને અવરોધક પરિસ્થિતિઓ વગેરેનો સમાવેશ થાય છે.

સાહિત્ય દ્વારા સમાજનું જયારે આલેખન થાય છે ત્યારે તેમાં સામાજિક દરજ્જાના બન્ને પાસાંનું ચિત્રણ કરવામાં આવે છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં શ્રી વર્ષા અડાલજાની દસ સામાજિક નવલકથાઓ પસંદ કરવામાં આવી છે. તેમાં કુલ ૫૯ સ્ત્રી પાત્રો છે. આ સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરતી વખતે સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકાને કેન્દ્રમાં રાખ્યા હોવાથી સ્ત્રીના દરજ્જાનું વસ્તુલક્ષી પાસુ આ પ્રમાણે તપાસવામાં આવેલ છે :

### I કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો :

કુટુંબસંસ્થા વિશ્વના દરેક માનવસમાજમાં અસ્તિત્વમાં છે. માનવસમાજની સ્થિરતા, સાતત્ય અને વ્યવસ્થા જાળવવા માટે, સમાજના સભ્યોના વર્તનને નિયંત્રિત કરવા માટે અને સભ્યતા તથા સંસ્કૃતિના વિકાસ, વહન અને પ્રસરણ માટે કુટુંબ નામની સંસ્થાનું મહત્વ છે.

કુટુંબ સંસ્થામાં લગ્ન, લોહી તથા દત્તકના સંબંધોથી જોડાયેલી વ્યકિતઓ વચ્ચેના સંબંધો સ્થિર, ટકાઉ, મોઢામોઢના પ્રત્યક્ષ અને લાંબાગાળાના હોય છે. કુટુંબસંસ્થાના સભ્યો વચ્ચે હક અને ફરજની નિશ્ચિત ઢબ હોય છે, તેઓ પરસ્પર આંતર્ક્રિયા અને આંતર્સંબંધોથી જોડાયેલા હોય છે.

ભારતમાં મોટાભાગે પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે, તેથી કુટુંબમાં પુત્રસંતાનની તુલનામાં પુત્રીનો દરજ્જો નિમ્ન કક્ષાનો ગણાય છે. ઉપરાંત પતિ કરતાં પત્નીનો દરજ્જો નિમ્ન ગણાય છે. આધુનિક યુગમાં ભારતની પરંપરાગત કુટુંબ વ્યવસ્થામાં થોડા ઘણા પરિવર્તનો આવ્યા છે. ભારતના

શહેર સમુદાયમાં વસતા કુટુંબોમાં સ્ત્રી શિક્ષણની તકમાં થયેલો વધારો સ્ત્રીનો વ્યવસાય પ્રવેશ અને વિભક્ત વસવાટના કારણે સ્ત્રીનો પુત્રી તરીકે તથા પત્ની તરીકેનો દરજ્જો ગ્રામીણ સમુદાયના કુટુંબોની તુલનામાં ઉંચો આવ્યો છે.

શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓમાં, કુટુંબજીવનને લગતા આલેખનોમાં કુટુંબના પ્રશ્નો, પ્રવાહો અને સામાજિક વાસ્તવિકતાઓનું હકીકતલક્ષી ચિત્રણ જોવા મળે છે. પ્રસ્તુત મુદ્દામાં તેઓની નવલકથાઓમાં કુટુંબમાં સ્ત્રીનો માતા, પુત્રી, પત્ની, પુત્રવધૂ, સાસુ, ફઈબા અને બહેન તરીકેનો દરજ્જો કેવો છે તેની ચર્ચા આંકડાકીય વિશ્લેષણના આધારે કરવામાં આવી છે.

## કોષ્ટક – ૩
## કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો

| ક્રમ | નવલકથાઓમાંના સ્ત્રી પાત્રોનો કુટુંબમાં દરજ્જો | ઉચ્ચ | મધ્યમ | નિમ્ન |
|---|---|---|---|---|
| | | ગૌરવવંતો, માનવંતો દરજ્જો ધરાવતા સ્ત્રી પાત્રોની સંખ્યા આંકડામાં અને ટકાવારી | દરજ્જો ધરાવતા સ્ત્રી પાત્રોની સંખ્યા આંકડામાં અને ટકાવારી | શોષિત, ઉપેક્ષિત, કચડાયેલો દરજ્જો ધરાવતા સ્ત્રી પાત્રોની સંખ્યા આંકડામાં અને ટકાવારીમાં |
| ૧ | માતા તરીકે કુટુંબમાં દરજ્જો | ૦૨ / ૩.૩૯% | ૧૦ / ૧૬.૯૫% | ૦૧ / ૧.૬૯% |
| ૨ | પુત્રી તરીકે કુટુંબમાં દરજ્જો | ૧૧ / ૧૮.૬૪% | ૦૪ / ૬.૭૮% | ૦૭ / ૧૧.૮૬% |
| ૩ | પત્ની તરીકે કુટુંબમાં દરજ્જો | ૨૧ / ૩૫.૫૯% | ૦૪ / ૬.૭૮% | ૧૦ / ૧૬.૯૫% |
| ૪ | પુત્રવધૂ તરીકે કુટુંબમાં દરજ્જો | ૦૧ / ૧.૬૯% | ૦૩ / ૫.૦૮% | ૦૩ / ૫.૦૮% |
| ૫ | સાસુ તરીકે કુટુંબમાં દરજ્જો | ૦૪ / ૬.૭૮% | – | – |
| ૬ | ફઈબા તરીકે કુટુંબમાં દરજ્જો | ૦૨ / ૩.૩૯% | – | – |
| ૭ | બહેન તરીકે કુટુંબમાં દરજ્જો | ૦૧ / ૧.૬૯ | ૦૧ / ૧.૬૯ | |

અભ્યાસ હેઠળની સામાજિક નવલકથાઓમાં આવતાં ૫૯ સ્ત્રી પાત્રોમાંથી કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે .....

**(૧) માતા તરીકે કુટુંબમાં દરજ્જો :**

મધ્યમ કક્ષાનો વધારે જોવા મળે છે. માતાનું સ્થાન કુટુંબમાં પિતાની પછીનું હોય છે. આ અભ્યાસ હેઠળની નવલકથાઓમાં સંતાનો માતા પ્રત્યે પૂરેપૂરો આદર અને પ્રેમ ધરાવતા હોવા છતાં કુટુંબમાં પિતાના દરજ્જાની તુલનામાં માતા તરીકેનો દરજ્જો ઉતરતી કક્ષાનો છે. **૧૦ માતાઓ** એટલે કે **૧૬.૯૫%** માતાઓનો દરજ્જો મધ્યમ કક્ષાનો છે, **૨** માતાઓનો દરજ્જો ઉચ્ચ કક્ષાનો છે અને **૧** માતાનો દરજ્જો નિમ્ન કક્ષાનો જોવા મળેલ છે.

**(૨) પુત્રી તરીકે કુટુંબમાં દરજ્જો :**

અભ્યાસ હેઠળની દસ નવલકથાઓમાં નગરીય પશ્ચાદ્ ભૂમિકા છે. મોટા ભાગના સ્ત્રી પાત્રો વિભકત વસવાટવાળા કુટુંબોમાં રહે છે. નગરીય વસવાટ, શિક્ષણની તકમાં થયેલી વૃદ્ધિ અને માતા–પિતા તરફથી મળતી સમાન તકના કારણે અભ્યાસ હેઠળના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી કુટુંબમાં પુત્રી તરીકેનો ઉચ્ચ દરજ્જો ધરાવતા સ્ત્રી પાત્રોની સંખ્યા વધારે છે. **૧૧** (૧૮.૬૪%) પુત્રીઓ ઉચ્ચ દરજ્જો ધરાવે છે, મધ્યમ દરજ્જો ધરાવતી પુત્રીઓની સંખ્યા **૪** (૬.૭૮%) છે અને કુટુંબમાં નિમ્ન દરજ્જો ધરાવતી પુત્રીઓની સંખ્યા **૭** (૧૧.૮૬%) છે. **૪** પુત્રીઓ મધ્યમ કક્ષાનો અને **૭** પુત્રીઓનો દરજ્જો નિમ્ન, શોષિત, કચડાયેલો અને દબાયેલો જોવા મળ્યો છે. તેઓને પિતા તરફથી ઉપેક્ષા, અવહેલના અને ત્રાસ અપાતો જોવા મળ્યો છે. પિતાની જોહુકમીથી તેઓ દબાયેલી રહી છે. ઘરના બધાં જ કાર્યો કરવા પડે અને સાથે વ્યવસાય કરવો પડતો હોય તેવું એક 'લીના' નું પાત્ર છે. આમ, અર્વાચીન યુગમાં પણ **૫૦%** પુત્રીઓનો કૌટુંબિક દરજ્જો મધ્યમ અને નિમ્ન કક્ષાનો જોવા મળેલ છે.

**(૩) પત્ની તરીકેનો કુટુંબમાં દરજ્જો :**

કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે નવલકથાઓના સૌથી વધારે **૨૧** સ્ત્રી પાત્રો પત્ની તરીકે કુટુંબમાં ઉચ્ચ, ગૌરવવંતો અને માનવંતો દરજ્જો ધરાવે છે. **૦૪** સ્ત્રી પાત્રો મધ્યમકક્ષાનો દરજ્જો ધરાવે છે અને માત્ર **૧૦** સ્ત્રી પાત્રો પત્ની તરીકે નિમ્ન, શોષિત, ઉપેક્ષિત અને કચડાયેલો દરજ્જો ધરાવે છે.

અભ્યાસ હેઠળની સામાજિક નવલકથાઓમાં નગરીય પશ્ચાદ ભૂમિકા છે અને વિભકત વસવાટવાળા કુટુંબોની સંખ્યા ઘણી વધારે છે, ઉપરાંત મહાનગરની આધુનીકરણ, શહેરીકરણ અને કુટુંબના લોકશાહીકરણની પ્રક્રિયાની અસરરૂપે પત્ની તરીકે કુટુંબમાં ઉચ્ચ દરજજો ધરાવતા સ્ત્રી પાત્રોની ટકાવારી (૩૫.૫૯%) સૌથી વધારે જોવા મળી છે. ભારતમાં આધુનિક યુગમાં સ્ત્રી–વિષયક થયેલા કાયદાઓ, સ્ત્રીનો વ્યવસાય પ્રવેશ, શિક્ષણની તકોમાં થયેલી વૃદ્ધિ અને સમાનતા–સ્વતંત્રતાના હકો મળવાથી સ્ત્રી કુટુંબમાં પોતાના વિચારોની અભિવ્યકિત મુકત રીતે કરી શકે છે. પતિ કુટુંબના અગત્યના નિર્ણયો લેતી વખતે પત્નીનો અભિપ્રાય ધ્યાનમાં લે છે. આઝાદીના **૫૭** વર્ષો પછી ભારતીય સ્ત્રીનો કૌટુંબિક દરજજો ધીમે–ધીમે ઊંચો આવતો જાય છે તેમ સંશોધન ઉપરથી કહી શકાય.

જો કે Wife battering અને ઘરેલુ હિંસાનો ભોગ સ્ત્રીઓ આજે પણ કુટુંબમાં બની રહી છે. અભ્યાસ હેઠળની નવલકથા 'માટીનું ઘર' માં ઘરેલુ હિંસાની ઘટનાઓ સતત બનતી જોવા મળે છે અને કુટુંબમાં પિતા–પતિ તરીકે મંગળદાસ પોતાની પત્ની તથા પુત્રીઓ ઉપર અત્યાચાર ગુજારતો રહે છે. ભારતમાં આજે પણ સ્ત્રી કુટુંબમાં જુદા–જુદા પ્રકારના હિંસાત્મક વ્યવહારો અને 'મહેણાંટોણાં' નો ભાગ બનતી રહે છે. અભ્યાસ હેઠળના **૧૦** સ્ત્રી પાત્રો (૧૬.૯૫%) પત્ની તરીકે દબાયેલા અને શોષિત છે.

અભ્યાસ હેઠળના કુલ **૫૯** સ્ત્રી પાત્રોમાંથી **૨૫** સ્ત્રી પાત્રોએ ઉચ્ચ અભ્યાસ કર્યો છે, **૨૨** સ્ત્રી પાત્રો અર્ધશિક્ષિત છે. આ બધી સ્ત્રીઓ પોતાના અધિકારો અને સ્વમાન પ્રત્યે જાગૃત છે. તેથી પુત્રી, પત્ની અને માતા તરીકે સ્ત્રી કુટુંબમાં ધીમે–ધીમે સ્વપ્રયત્નથી પોતાનું નિમ્ન સ્થાન ઉંચું આવે તે માટે સક્રિય જોવા મળી છે.જયાં પોતાના અધિકારને અને આત્મગૌરવને ઠેસ પહોંચે ત્યાં તે વિદ્રોહ કરે છે, બહિષ્કાર કરે છે, દલીલ કરે છે અને કુટુંબમાં પતિ કે પિતાને કુટુંબના સભ્ય તરીકેના પોતાના અસ્તિત્વની જાણકારી આપે છે.

### (૪) પુત્રવધૂ તરીકે કુટુંબમાં દરજજો :

પુત્રવધૂ તરીકે ઉચ્ચ દરજજો ધરાવતી માત્ર **૧** સ્ત્રી છે, મધ્યમ અને નિમ્ન કક્ષાનો દરજજો ધરાવતી **૩–૩** પુત્રવધૂઓ અભ્યાસ હેઠળની નવલકથાઓમાં જોવા મળી છે. તેનો અર્થ એ થયો કે ભારતીય સમાજમાં આધુનિક યુગમાં સ્ત્રીના પુત્રવધૂ તરીકેના કૌટુંબિક દરજજામાં

કોઈ સુધારો નથી થયો. પુત્રવધૂના દરજજાના વર્ગીકરણથી સાબિત થાય છે કે સ્ત્રીને સાસરિયામાં પુત્રવધૂ તરીકે પૂર્ણ સ્વતંત્રતા અને સમાનતા પ્રાપ્ત થયા નથી. તે દબાયેલી અને શોષિત રહી છે. તેને પોતાના રસ–રુચિ, પસંદ–નાપસંદ, ગમા–અણગમા, બિમારી, થકાવટ, ઈચ્છાઓ, અરમાનો વગેરે પ્રત્યે દુર્લક્ષ્ય જ સેવવાનું હોય, અને બીજાઓને માટે આખી જિંદગી ખર્ચી નાખવાની. આમ, ભારતીય સમાજમાં કુટુંબમાં પુત્રવધૂનો દરજજો સંપૂર્ણ ઉંચો આવે તે મધુર કલ્પના સાકાર થવામાં અનેક દસકાઓ વીતી જાય તેમ લાગે છે.

**(૫) સાસુ તરીકે કુટુંબમાં દરજજો :**

પતિની માતા તરીકે સાસુનો દરજજો ધરાવતા **૪** સ્ત્રી પાત્રો નવલકથાઓમાં છે. તેઓ સાસુ તરીકે કુટુંબમાં ઉચ્ચ, ગૌરવવંતો અને માનવંતો દરજજો ધરાવે છે.

**(૬) ફોઈબા તરીકે કુટુંબમાં દરજજો :**

નવલકથાઓમાં **૨** સ્ત્રી પાત્રો ફોઈબા તરીકે ઉચ્ચ, માનવંતો અને ગૌરવવંતો દરજજો કુટુંબમાં ધરાવે છે. ફોઈબા તરીકે તેઓ ભાઈ–ભાભી અને તેના સંતાનોની સાથે રહે છે.

**(૭) બહેન તરીકે કુટુંબમાં દરજજો :**

કુટુંબમાં બહેન તરીકે **૧** સ્ત્રી પાત્ર અભ્યાસ હેઠળની નવલકથાઓમાં ઉચ્ચ, માનવંતો અને ગૌરવવંતો દરજજો ધરાવે છે અને **૧** સ્ત્રી પાત્ર મધ્યમ કક્ષાનો દરજજો ધરાવે છે.

'માટીનું ઘર' નવલકથામાં "નીરૂફોઈ" ને ભત્રીજીઓ અને ભાભી માન આપે છે પરંતુ નીરૂફોઈ દારૂડિયા–જુગારી ભાઈને સન્માર્ગે વળવા માટે સલાહ આપે છે તેથી ભાઈની સાથે તેઓને ઉગ્રચર્ચા થાય છે. ભાઈએ બહેનના ભાગે આવતી વારસાગત મિલકત જુગારમાં વેડફી નાખી છે અને બહેનને કશુ જ આપ્યુ નથી. આમ, ભાઈ કરતાં બહેનનો કૌટુંબિક દરજજો ઉતરતી કક્ષાનો છે એ સાબિત થાય છે.

સમગ્ર આંકડાકીય વિશ્લેષણના અંતે કહી શકાય કે કુટુંબમાં સ્ત્રીનો દરજજો આંશિક રીતે સુધર્યો છે. પુરુષની સમકક્ષ ઉંચો નથી આવ્યો. તે દ્રષ્ટિએ કુટુંબમાં સમાનતા અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે સ્ત્રીએ હજુ ઘણી લાંબી મજલ કાપવાની રહે છે.

## । લગ્ન અને સ્ત્રીનો દરજ્જો :

લગ્ન સંસ્થા વિશ્વના દરેક સમાજમાં અસ્તિત્વમાં છે. કુટુંબ અને લગ્ન સંસ્થા પરસ્પર એક સિકકાની બે બાજુની જેમ જોડાયેલી સંસ્થાઓ છે. લગ્ન સંસ્થા દ્વારા સમાજના સભ્યોના જાતીય વર્તનનું નિયંત્રણ થાય છે અને જાતીય સ્વેચ્છાચારના પરીણામે સર્જાતી સામાજિક અરાજકતાને અટકાવી શકાય છે. લગ્ન સંસ્થાની મદદથી સમાજનું સાતત્ય પ્રજનન અને બાળઉછેર દ્વારા ટકાવી શકાય છે.

શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓમાં લગ્ન સંસ્થા સાથે સંકળાયેલી ઘણી બાબતોનું આલેખન થયું છે. લગ્નજીવનને સ્પર્શતા પ્રશ્નો અને સામાજિક વાસ્તવિકતાઓનું નિરૂપણ થયેલું છે. પ્રસ્તુત મુદ્દામાં તેઓની નવલકથાઓમાં સ્ત્રીનો પરિણીત, અપરિણીત, વિધવા, ત્યકતા અને છૂટાછેડા લીધા હોય તે સંદર્ભમાં સામાજિક દરજ્જો દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

### કોષ્ટક – ૪
### લગ્ન અને સ્ત્રીનો દરજ્જો

| ક્રમ | સ્ત્રીનો લગ્નવિષયક દરજ્જો | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | અપરિણીત | ૧૫ | ૨૫.૪૨% |
| ૨ | પરિણીત | ૩૫ | ૫૯.૩૨% |
| ૩ | વિધવા | ૦૬ | ૧૦.૧૭% |
| ૪ | ત્યકતા | – | – |
| ૫ | છૂટાછેડા | ૦૩ | ૫.૦૯% |
| | કુલ | ૫૯ | ૧૦૦% |

### (૧) અપરિણીતાવસ્થા :

અભ્યાસ હેઠળની નવલકથાઓમાં આવતા ૫૯ સ્ત્રી પાત્રોમાંથી કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે ૧૫ સ્ત્રી પાત્રો (૨૫.૪૨%) અપરિણીત છે. સમાજમાં સ્ત્રી માટે લગ્ન એક મહત્વનું 'જીવનધ્યેય' ગણાય છે. સ્ત્રીના ઉછેર દરમ્યાન બાળપણથી જ તેના લગ્નને પ્રાધાન્ય આપવામાં આવતું હોય છે.

પરંતુ પ્રસ્તુત સંશોધનમાં પસંદ કરવામાં આવેલી દસ સામાજિક નવલકથાઓમાં નગરની પશ્ચાદ્ ભૂમિકામાં સ્ત્રીનો ઉછેર પુત્રી તરીકે સ્વતંત્રતા અને સમાનતા વાળા કૌટુંબિક

વાતાવરણમાં થયો છે, પુત્રી ઉચ્ચ શિક્ષણ મેળવી શકે છે અને પસંદગીના વ્યાવસાયિક કાર્યક્ષેત્રને અપનાવી શકે છે. કુલ અપરિણીત સ્ત્રી પાત્રોમાંથી **૯** સ્ત્રી પાત્રોની લગ્નની ઉંમર નથી થઈ અથવા તેના કુટુંબીજનો યોગ્ય જીવનસાથીની શોધ ચલાવી રહયા છે તેવા છે. **૪** સ્ત્રી પાત્રો ઉચ્ચ પસંદગીનો વ્યવસાય કરે છે અને લગ્ન વિષે હજુ સુધી તેઓએ વિચાર્યુ નથી. **૨** સ્ત્રી પાત્રો મોટી ઉંમર સુધી ફરજીયાત અપરિણીત રહયા છે અને પસંદગીનો યુવક નથી મળ્યો તેથી એકલતા અનુભવી રહયા છે. તેઓની ઉપર પોતાના અને કુટુંબના સભ્યોના ભરણપોષણની જવાબદારી છે. તેઓને શારીરિક જરૂરીયાતની ઈચ્છા પીડા આપે છે, કોઈ પુરુષ તેને પ્રેમ કરે તેવું તેઓ ઈચ્છે છે. આવા સંજોગોમાં તેઓ માનસિક–શારીરિક જરૂરિયાત સંતોષવા માટે પરિણીત પુરુષ સાથે મિત્રતા શરૂ કરે છે.

અપરિણીત સ્ત્રી જયાં રહેતી હોય અને જયાં વ્યવસાય કરતી હોય ત્યાં ખૂબ સાવચેત અને સતર્ક રહેવું પડે છે કારણ કે તેઓની સાથે મિત્રતા માટે અને લગ્ન–પ્રેમ માટે પુરુષો આતુર અને ઈચ્છુક હોય છે. અથવા સ્ત્રીની એકલતાનો લાભ લેવા આતુર હોય છે. 'એની સુગંધ' નવલકથાની કુસુમની સાથે તે જયાં વ્યવસાય કરતી હતી તેના માલિકના યુવાન પુત્રએ થોડો સમય બનાવટી પ્રેમ કર્યો અને તેનું શોષણ કરી તરછોડી દીધી. અને તે નવલકથાના મુખ્ય પાત્રમાં રહેલી ''રમીલા'' ની પડોશમાં રહેતા બે–ત્રણ યુવકો તેની સાથે તેની ઈચ્છા ન હોવા છતાં લગ્ન કરવા ઈચ્છે છે અને તેની દિનચર્યા ઉપર ચાંપતી નજર રાખે છે.

**(૨) પરિણીતાવસ્થા :**

પ્રસ્તુત સંશોધન હેઠળની દસ સામાજિક નવલકથાઓના **૫૯** સ્ત્રી પાત્રોમાંથી **૩૫** સ્ત્રી પાત્રો પરિણીત છે. જેમાંથી સુખી દાંપત્ય જીવન જીવતા સ્ત્રી પાત્રો **૨૦** છે. પતિથી અસંતુષ્ટ અને દબાયેલા સ્ત્રી પાત્રો **૧ ૩** છે અને પતિથી સંતુષ્ટ પરંતુ સાસરિયાની સેવામાં અને ઘરકામમાં આખો દિવસ પસાર થઈ જતો હોય તેવા સ્ત્રી પાત્રો **૦૨** છે.

પતિ બેકાર હોય, દારૂડિયો–જુગારી હોય, રોજ ત્રાસ આપતો હોય તો પણ સ્ત્રી ઘરને ભાંગતુ બચાવી લે છે. બધું જ સહન કરીને કારમી તંગીમાં પણ પોતે મજૂરી કરીને કે બીજાના ઘરે કામ કરીને પરિવારના સભ્યોનું ભરણપોષણ કરે છે.

પરિણીત સ્ત્રી સાથે પતિ અન્યાયી વર્તન–વ્યવહાર કરે છતાં સ્ત્રી કુટુંબની વાત બહાર ન જાય તેવી રીતે જીવન જીવતી રહે છે. જેમ કે 'માટીનું ઘર' નવલકથામાં કુંજબાળાને તેનો પતિ મંગળદાસ અસહય ત્રાસ આપે છે છતાં તે ઘર કે પતિને છોડીને ચાલી ન જતાં બધું જ સહન કરતી રહે છે અને તેનું મૃત્યુ પણ પતિના હાથે જ માર ખાવાથી થાય છે છતાં મૃત્યુપર્યંત તે પતિના ત્રાસની વાત કોઈને પણ કરતી નથી. 'તિમિરના પડછાયા' નવલકથામાં સવિતા ઝૂંપડપટ્ટીમાં રહે છે. તેનો પતિ તેને બેભાન બની જાય ત્યાં સુધી માર મારે છે, માનબાઈને પણ તેનો પતિ અસહય શારીરિક ત્રાસ તથા અપમાનજનક શબ્દોથી માનસિક ત્રાસ આપે છે; 'ત્રીજો કિનારો' નવલકથામાં સિંધુ કામવાળી સ્ત્રીનો પતિ દારૂ પીને અસહય કષ્ટ આપે છે, 'એની સુગંધ' નવલકથામાં ભાવનાબહેનના પતિને સેક્રેટરી રોઝી સાથે લગ્નેતર સંબંધ છે છતાં તેઓ પતિને કંઈ કહી શકતા નથી. મનુબાના પતિ તો આખી જિંદગી મનુબાને સાસુ–સસરાની સેવા કરવામાં રાખીને એકલા જ વૈભવી જીવન જીવ્યા છે, વસંતના પતિ બ્રહ્મચર્યનું વ્રત લઈને પત્નીની ઈચ્છાઓ અને અરમાનો પ્રત્યે ઉપેક્ષા સેવે છે, ઉષ્માના પતિ પ્રદીપને કુનિકા નામની સ્ત્રી સાથે લગ્નેતર સંબંધ છે છતાં ઉષ્મા તેના પતિને અટકાવી શકતી નથી, લાચાર બનીને તેણે તે સહન કરી લેવું પડે છે. નવલકથાઓની જે પરિણીત સ્ત્રીઓ દબાયેલી અને શોષિત છે તેઓનો સમાજમાં નિમ્ન દરજ્જો છે.

પરંતુ જે સ્ત્રી પાત્રો નવલકથાઓમાં સુખી દર્શાવાયા છે, તેઓનું દાંપત્યજીવન સંતુષ્ટ જોવા મળે છે તેઓમાંથી મોટાભાગની સ્ત્રીઓનું પત્ની તરીકે કુટુંબમાં સ્થાન માનભર્યું જોવા મળ્યુ છે; તેનાં કારણ તરીકે નગરીય વસવાટ તેમજ શિક્ષિત સ્ત્રીઓનું ઉંચુ પ્રમાણ ગણી શકાય. નવલકથાઓની શિક્ષિત સ્ત્રી પત્ની તરીકે પોતાના અધિકારો અને સ્વમાન પ્રત્યે જાગૃત જોવા મળી છે. પતિની સમકક્ષ દરજ્જો હોય તે માટે તે સક્રિય પ્રયત્ન કરે છે, પરંતુ તે સ્ત્રીની પોતાની જાગૃતિના કારણે છે. સમાજ તથા કુટુંબના અન્ય સભ્યોનું વલણ આધુનિક યુગમાં પણ સ્ત્રીને પુરુષથી નિમ્ન–ઉતરતા–દરજ્જાની ગણવા તરફનું જ મહદંશે જોવા મળે છે. પતિ સરળતાથી પત્નીનો પોતાની સમકક્ષ દરજ્જો સ્વીકારી શકતો જ નથી તે માટે સ્ત્રીએ સંઘર્ષ કરવો પડે છે. કુટુંબમાં મહત્વના નિર્ણયો વખતે સ્ત્રી સભ્યોના અભિપ્રાયને ઓછુ મહત્વ આપવામાં આવે છે. સુશિક્ષિત અને ઉચ્ચ વર્ગમાં પણ પતિનો દરજ્જો પત્નીના દરજ્જાની તુલનામાં ઉંચો જોવા

મળે છે. જેમ કે 'ત્રીજો કિનારો' નવલકથામાં નીલની પત્ની અશુમી શિક્ષિત છે. નીલ તેની પત્નીને પોતાની સમકક્ષ દરજ્જાની સ્વીકારી શકતો જ નથી. અશુમીએ નીલની સેવા ખડેપગે કરતા રહેવી પડે છે, પતિ નીલની ઈચ્છાને અશુમીએ સ્વીકારવી પડે છે. તેવી જ રીતે 'શગ રે સંકોરુ' નવલકથામાં પત્ની વસંત શિક્ષિત છે છતાં પતિ કૃષ્ણકાંતભાઈની સત્તા અને ઈચ્છા કુટુંબમાં સર્વોપરિ ગણાય છે, કુટુંબના સર્વે સભ્યોએ તેને સ્વીકારવી પડે છે. એટલું જ નહીં પરંતુ જો પતિ પત્નીની પાસે જાતીય ઈચ્છા વ્યકત કરે તો તે સહજ ગણાય પરંતુ નવલકથાની 'વસંત' ની જેમ જો પત્ની પતિની પાસે જાતીય ઈચ્છા વ્યકત કરે તો તે 'અશોભનીય', 'નીંદનીય' અને 'પાપ' ગણાય ! આ બાબત સ્ત્રીના પત્ની તરીકેના નિમ્ન દરજ્જાની ધોતક છે. જેમાં આધુનિક યુગમાં પણ કોઈ જ ફેરફાર થયો નથી.

આમ, કુટુંબમાં લગ્ન વિષયક દરજ્જાના આંકડાકીય વિશ્લેષણ અનુસાર નવલકથાઓના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી પરિણીત સ્ત્રીઓ ૩૫ છે. તેમાંથી કુટુંબમાં પત્ની તરીકે ઉચ્ચ દરજ્જો ધરાવતી સ્ત્રીઓની ટકાવારી ૩૫.૫૯% છે અને નિમ્ન, શોષિત, દબાયેલો અને કચડાયેલો દરજ્જો ધરાવતી સ્ત્રીઓની ટકાવારી ૧૬.૯૫% છે.

### (૩) વિધવા અવસ્થા :

પ્રસ્તુત સંશોધન હેઠળના **૫૯** સ્ત્રી પાત્રોમાંથી **૦૬** સ્ત્રીઓ વિધવા છે. જેમાંથી **૦૨** સ્ત્રીઓ વ્યવસાય કરે છે **૦૨** સ્ત્રીઓ ઘરમાં જ રહીને જ શેષ જીવન વિતાવી રહી છે. અને **૦૨** સ્ત્રીઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે વેશ્યા વ્યવસાય કરી રહી છે.

### (૪) છૂટાછેડા :

અભ્યાસ હેઠળની નવલકથાઓમાં **૦૩** સ્ત્રીઓએ છૂટાછેડા લીધા છે. નવલકથાઓમાં **૦૧** સ્ત્રી પાત્રના છૂટાછેડાના કારણોમાં પતિનો લગ્નેતર સંબંધ મુખ્ય છે. 'ત્રીજો કિનારો' નવલકથામાં પત્ની 'અશુમી' ને જયારે પતિ 'નીલ' ના 'નીમા' સાથેના લગ્નેતર સંબંધની જાણ થઈ ત્યારે સ્વમાની અશુમીએ પતિનું ઘર છોડી દીધુ અને નોકરી સ્વીકારી સ્વાશ્રયી જીવન શરૂ કર્યું.

'આનંદધારા' નવલકથામાં 'જેની' પતિનું અતિ માલિકીપણું અને અતિપ્રેમથી જેલ જેવું બંધિયાર વાતાવરણ અનુભવતી હતી, તે પોતાની જાત માટે જીવવાનો પણ સમય મેળવી શકતી ન હતી, તેથી મુંઝવણ અનુભવતી જેનીએ પતિની સાથે છૂટાછેડા લઈ લીધા. જેની શિક્ષિત અને સ્વતંત્ર વિચાર ધરાવતી સ્ત્રી હોવાથી તે ઈચ્છતી હતી કે તેનો પતિ તેનો 'સાથીદાર' બની રહે; અને તેને પોતાનું આખુ અસ્તિત્વ જ અલગ જોઈતુ હતુ, માત્ર પતિની સેવામાં દિનરાત પસાર કરવાનું તેને પસંદ ન હતું તેથી તે પતિથી છુટી પડી ગઈ.

'આનંદધારા' નવલકથામાં 'રાણી' મુખ્ય પાત્ર તરીકે છે. તેણે 'માનસ' નામના ફોટોગ્રાફર સાથે લગ્ન કરેલા છે. 'રાણી' એ લગ્ન પછી મોડેલીંગ અને ફિલ્મ ક્ષેત્રે વ્યાવસાયિક કારકીર્દિ સ્વીકારી હતી. મોડેલીંગ માટે દિવસમાં ઘણો સમય ઘરની બહાર રહેવું પડતું તેથી ઘરસંભાળ તથા પતિસંભાળનું પત્ની તરીકેનું કાર્ય તે કરી શકતી ન હતી. તે ખૂબ મહત્વાકાંક્ષી સ્ત્રી હોવાથી પતિના કહેવા મુજબ વર્તન કરવા ઈચ્છતી ન હતી. તેને પોતાની વ્યાવસાયિક કારકીર્દિના વિકાસમાં લગ્નજીવન બંધનરૂપ લાગવા માંડયું તેથી 'રાણી' અને 'માનસ' પરસ્પર સંમતિથી છૂટા પડી ગયા.

આમ, અભ્યાસ હેઠળની નવલકથાઓમાં ૦૩ સ્ત્રી પાત્રોએ છૂટાછેડા લીધા છે તેના કારણો તપાસતા જાણવા મળે છે કે આધુનિક યુગની શિક્ષિત સ્ત્રી મહત્વાકાંક્ષી બની છે. તે સ્વવિકાસમાં બાધારૂપ બનતા લગ્નના બંધનને તોડી નાખતા અચકાતી નથી. તે સ્વમાની બની છે અને આર્થિક આત્મનિર્ભરતા તેને ખુમારીથી જીવન જીવવામાં સહાયક બને છે. પતિ જયારે પત્નીના પ્રેમ અને વિશ્વાસનો ભંગ કરી અન્ય સ્ત્રી સાથે લગ્નેતર સંબંધ વિકસાવે છે ત્યારે શિક્ષિત સ્ત્રી આત્મગૌરવ ખાતર પતિને છૂટાછેડા આપી દેતા અચકાતી નથી. આ બધા આધુનિક યુગમાં ભારતીય શહેરી સમાજમાં રહેતી શિક્ષિત સ્ત્રીઓમાં આવેલાં પરિવર્તનો કહી શકાય.

**(૫) ત્યકતાવસ્થા :**

પતિએ ત્યજી દીધી હોય તેવી એક પણ સ્ત્રી અભ્યાસ હેઠળની નવલકથાઓમાં નથી જોવા મળી.

## I વ્યવસાય અને સ્ત્રીનો દરજજો :

સ્ત્રીઓના દરજજા વિષયક સમિતિના અહેવાલમાં નોંધ્યા અનુસાર સ્ત્રીઓનો આર્થિક દરજજો આર્થિક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓના હકો, ભૂમિકાઓ તેમ જ સહભાગીપણા માટેની તકો ઉપર અવલંબે છે. પુરુષની સરખામણીમાં સમાજમાં તેના વ્યવસાયને – આર્થિક પ્રવૃત્તિને અપાતું મહત્વ એ સ્ત્રીનો આર્થિક – વ્યાવસાયિક – દરજજો છે.

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી સ્ત્રી શિક્ષણનો પ્રસાર, નારી વિકાસના કાર્યક્રમો, સ્ત્રીઓ માટે વ્યાવસાયિક તાલીમ, સ્ત્રીઓ માટે સ્વરોજગાર માટેની ધિરાણ યોજનાઓ, કામ કરતી સ્ત્રીઓને કાનૂની રક્ષણ, પ્રસૂતિ તથા બાળસંભાળ માટેના લાભોની સુવિધા જેવા પગલાંઓથી વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોમાં સ્ત્રીએ પ્રવેશ કર્યો છે. તેના કારણે સ્ત્રી આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત કરવા લાગી છે. જો કે સ્ત્રીઓના આર્થિક સહભાગીપણાનો દર – વ્યવસાય પ્રવેશની માત્રા – પુરુષો કરતા નીચો છે. એટલે કે, સ્ત્રીનો આર્થિક અને વ્યાવસાયિક દરજજો હજુ પુરુષ સમકક્ષ નથી બન્યો. અભ્યાસ હેઠળની નવલકથાઓમાંથી પણ આ હકીકત સ્પષ્ટ થાય છે.

પ્રસ્તુત સંશોધન હેઠળની નવલકથાઓના સ્ત્રી પાત્રોના વ્યવસાયની વિગતો તથા આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ નીચેના કોષ્ટક નં.–૫ માંથી મેળવી શકાય.

## કોષ્ટક – ૫
## વ્યવસાય અને સ્ત્રીનો દરજજો

| ક્રમ | વ્યવસાયનું સ્વરૂપ | વ્યવસાય કરતી સ્ત્રીઓની સંખ્યા | અભ્યાસ હેઠળના કુલ ૫૯ સ્ત્રી પાત્રોના સંદર્ભમાં ટકાવારી | કુલ ૨૫ વ્યવસાય કરતી સ્ત્રીઓના સંદર્ભમાં ટકાવારી | આવકના સંદર્ભમાં | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ઉચ્ચ કક્ષાનો વ્યવસાય | મધ્યમ કક્ષાનો વ્યવસાય | નિમ્ન કક્ષાનો વ્યવસાય |
| ૧ | શિક્ષિકા તરીકે | ૦૨ | ૦૩.૩૯% | ૦૮.૦૦% | | 3 | |
| ૨ | ખાનગી સંસ્થા/ કચેરીમાં કારકૂન | ૦૬ | ૧૦.૧૭% | ૨૪.૦૦% | | 3 | |
| ૩ | મોડેલીંગ ક્ષેત્રે | ૦૨ | ૦૩.૩૯% | ૦૮.૦૦% | 3 | | |
| ૪ | ફોટોગ્રાફી/કલાક્ષેત્રે | ૦૧ | ૦૧.૬૯% | ૦૪.૦૦% | 3 | | |
| ૫ | જાસૂસી એજન્સી | ૦૧ | ૦૧.૬૯% | ૦૪.૦૦% | 3 | | |
| ૬ | મહિલામંડળમાં હોદ્દેદાર | ૦૩ | ૦૫.૦૮% | ૧૨.૦૦% | | 3 માનદ વેતન | |
| ૭ | ખાનગી કંપનીમાં સેક્રેટરી | ૦૧ | ૦૧.૬૯% | ૦૪.૦૦% | | 3 | |
| ૮ | અભિનેત્રી તરીકે | ૦૧ | ૦૧.૬૯% | ૦૪.૦૦% | 3 | | |
| ૯ | વેશ્યા વ્યવસાય કરતી | ૦૩ | ૦૫.૦૮% | ૧૨.૦૦ | | | 3 |
| ૧૦ | કામવાળી/ઘરકામ કરનાર તરીકે | ૦૫ | ૦૮.૪૭% | ૨૦.૦૦% | | | 3 |
| | કુલ વ્યાવસાયિક સ્ત્રીઓ | ૨૫ | ૪૨.૩૪% | ૧૦૦% | ૦૫ | ૧૨ | ૦૮ |

નવલકથાઓના કુલ સ્ત્રી પાત્રો **૫૯** છે તેમાંથી **૨૫** (૪૨.૩૪ ટકા) સ્ત્રી પાત્રો વ્યવસાયમાં જોડાયેલા છે. તેનો અર્થ એ થયો કે બાકીના ૫૭.૬૬% સ્ત્રી પાત્રો વ્યવસાય કરતા નથી.

સ્ત્રીઓને વ્યવસાય પ્રત્યે અભિમુખ બનાવતા પરિબળોમાં મહદંશે કુટુંબની નબળી આર્થિક સ્થિતિમાં ટેકારૂપ બનવાની ઈચ્છા રહેલી હોય છે. વ્યવસાય કરતી સ્ત્રીઓ જિંદગીમાં ઘર અને વ્યવસાય વચ્ચે ભીંસ અનુભવતી હોય છે.

ઉચ્ચવર્ગની–ધનવાન–સ્ત્રીઓ સામાજિક કાર્યના નામે મંડળોમાં જોડાય છે અને મીટીંગ, પીકનીક કે પાર્ટીમાં સમય પસાર કરતી હોય છે. તો કયારેક સ્ત્રી વ્યવસાય કરતી હોવાથી આત્મસન્માનપૂર્વક ખુમારીથી જીવન જીવી શકતી હોય છે.

કોષ્ટક નંબર–૫ માંથી સ્પષ્ટ થાય છે કે ઉચ્ચ કક્ષાની આવક ધરાવતા વ્યવસાયમાં **૦૫** સ્ત્રીઓ જોડાયેલી છે. જેમાંથી **૦૨** મોડેલીંગનો વ્યવસાય કરે છે, **૦૧** ફોટોગ્રાફી તથા નૃત્યના વર્ગ ચલાવે છે, **૦૧** સ્ત્રીને પોતાની જાસૂસી એજન્સી છે અને **૦૧** સ્ત્રી અભિનેત્રી તરીકે સારી આવક પ્રાપ્ત કરી રહી છે. આ પાંચ સ્ત્રીઓ ખુમારીપૂર્વક આવક પ્રાપ્ત કરે છે. જો કે મોડેલીંગ અને અભિનયક્ષેત્રે – ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલી **૦૩** સ્ત્રીઓને પુરુષો દ્વારા જાતીય સતામણી થતી રહે છે જે સ્ત્રીનો દરજજો પુરુષથી ઉતરતી કક્ષાનો છે તે સાબિત કરે છે.

કોષ્ટકમાંથી સ્પષ્ટ થાય છે કે મધ્યમ આવક વાળા વ્યવસાયમાં **૧૨** સ્ત્રીઓ જોડાયેલી છે. મોટાભાગની મધ્યમવર્ગની સ્ત્રીઓ છે. તેઓ કુટુંબની મધ્યમ આવકમાં સહાયરૂપ બનવા માટે વ્યવસાય કરી રહી છે. તેઓ ગૃહકાર્ય અને વ્યવસાય એમ બન્ને ભૂમિકા ભજવતી હોવાથી ભૂમિકા સંઘર્ષ અનુભવે છે. તેઓ શિક્ષિત હોવાથી આત્મગૌરવપૂર્વક સ્વાવલંબી બની શકી છે. **૦૩** સ્ત્રીઓ મહિલામંડળમાં હોદ્દેદારો છે. તેઓના પતિઓ આર્થિક રીતે સંપન્ન હોવા છતાં સમાજસેવા દ્વારા આ ત્રણ સ્ત્રીઓ પોતાના સમયનો ઉપયોગ કરી રહી છે. તેઓ માત્ર માનદ્ વેતન મેળવતી હોવાથી મધ્યમ કક્ષાના વ્યવસાયમાં તેઓની આવક ગણી છે. **૦૧** સ્ત્રી મોટી કંપનીના માલિકની સેક્રેટરી છે. તેની આવક પણ મધ્યમ કક્ષાની ગણી શકાય. તેના શેઠને તેની સાથે લગ્નેતર સંબંધ છે.

નવલકથાઓમાં નિમ્ન આવક ધરાવતી **૦૮** સ્ત્રીઓમાંથી **૦૩** સ્ત્રીઓ વેશ્યા વ્યવસાય સાથે સંકળાયેલી છે. અને **૦૫** સ્ત્રીઓ ધનવાન લોકોના ઘરે કામ કરનારી નોકર બાઈ તરીકેનો વ્યવસાય કરે છે. તેઓની આવક નિમ્ન કક્ષાની છે. આ સ્ત્રીઓ અશિક્ષિત છે અને કુટુંબના સભ્યોનું ભરણપોષણ કરવા ઘરકામની તથા વેશ્યા વ્યવસાયની આર્થિક પ્રવૃત્તિ કરી રહી છે.

સ્ત્રીઓના વ્યવસાયના આંકડાકીય વિશ્લેષણ ઉપરથી કહી શકાય કે ઉચ્ચ, મધ્યમ તથા નિમ્ન આવક ધરાવતા વ્યવસાયોમાં નવલકથાઓના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૨૫ સ્ત્રી પાત્રો જોડાયેલા છે. તેઓનો દરજજો પુરુષોના સામાજિક દરજજા કરતા નિમ્ન કક્ષાનો જોવા મળ્યો છે. સ્ત્રી હોવાથી તેઓએ

જુદા–જુદા પ્રકારની પુરુષો દ્વારા થતી સતામણીનો સામનો કરવો પડે છે અથવા ભોગ બનવું પડે છે. છતાં આ બધી સ્ત્રીઓ સ્વમાનપૂર્વક જીવન જીવવાનો પ્રયત્ન કરી રહેલી જોવા મળી છે.

## I શિક્ષણ અને સ્ત્રીનો દરજ્જો :

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં પસંદ કરવામાં આવેલી દસ સામાજિક નવલકથાઓ નગરીય પશ્ચાદ્‌ભૂમિકા વાળી છે. નવલકથાઓમાંના કુલ ૫૯ સ્ત્રી પાત્રોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવામાં આવેલ છે.

શિક્ષણની વધેલી તકો અને નગરીય વિભકત કુટુંબોના વસવાટની મદદથી સ્ત્રી સમાનતા તથા સ્વતંત્રતાના અધિકારો પ્રત્યે જાગૃત થઈ રહી છે. અભ્યાસ હેઠળના મોટાભાગના સ્ત્રી પાત્રો સ્વમાની અને ખુમારીવાળા છે. તેઓ અન્યાયનો સામનો કરવામાં પીછેહઠ કરતા નથી.

જો કે કૌટુંબિક વાતાવરણમાં પુરુષની પતિ કે પિતા તરીકેની સત્તા આધુનિક યુગમાં પણ સદીઓથી જે પ્રકારે પ્રભુત્વવાળી હતી તેવી જ યથાવત્ જળવાઈ રહેલી જોવા મળે છે. પુરુષનો દરજ્જો સ્ત્રી કરતા ઉંચો છે. સ્ત્રી સ્વપ્રયત્નથી પોતાનો દરજ્જો ઉંચો લાવવા પ્રયત્ન કરી રહી છે પરંતુ તેમાં તેને હજુ સુધી આંશિક સફળતા જ મળી છે.

છતાં મધ્યયુગ કરતાં વર્તમાન ભારતમાં સ્ત્રીની સ્થિતિ કંઈક આશાસ્પદ બની છે. તેમાં શિક્ષણનો ફાળો સવિશેષ છે. પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં સ્ત્રી પાત્રોના શિક્ષણની કક્ષા અંગેનું કોષ્ટક નંબર–૬માં આંકડાકીય વિશ્લેષણ આપવામાં આવેલ છે.

**કોષ્ટક – ૬**

**શિક્ષણ અને સ્ત્રીનો દરજ્જો**

| ક્રમ | શિક્ષણની કક્ષા | સ્ત્રી પાત્રોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ઉચ્ચ શિક્ષિત | ૨૫ | ૪૨.૩૭% |
| ૨ | અર્ધ / મધ્યમ શિક્ષિત | ૨૨ | ૩૭.૨૯% |
| ૩ | અશિક્ષિત | ૧૨ | ૨૦.૩૪% |
| | કુલ | ૫૯ | ૧૦૦% |

અભ્યાસ હેઠળના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી **૨૫** સ્ત્રી પાત્રો ઉચ્ચ શિક્ષિત છે, **૨૨** સ્ત્રી પાત્રો મધ્યમ કક્ષાનું શિક્ષણ મેળવેલા છે. માત્ર **૧૨** સ્ત્રી પાત્રો જ અશિક્ષિત છે. નગરીય વસવાટના કારણે ૫૯ સ્ત્રી પાત્રોમાંથી કુલ ૪૭ સ્ત્રી પાત્રો શિક્ષિત છે. (૭૯.૬૬%) તેઓ પોતાના સ્ત્રી તરીકેના પરંપરાગત નિમ્ન દરજજાથી અસંતુષ્ટ છે અને દરજજો ઉંચો લાવવા પ્રયત્નશીલ છે. **૧૨** સ્ત્રીઓ સંપૂર્ણ અશિક્ષિત છે છતાં તેઓ પણ પોતાની સ્ત્રી તરીકેની વર્તમાન સ્થિતિથી સંતુષ્ટ નથી. પરંતુ કૌટુંબિક તથા સામાજિક વાતાવરણમાં તેઓએ પતિ કે પિતાની સત્તાને સ્વીકારવી પડે છે તેઓ અશિક્ષિત હોવાથી પોતાની શોષિત અવસ્થામાંથી બહાર આવવા અસમર્થ છે.

શ્રી વર્ષાબહેનની નવલકથાઓના સ્ત્રી પાત્રો શિક્ષિત હોય કે અશિક્ષિત હોય પરંતુ તેઓ બધાં પોતાના વર્તમાન દરજજામાંથી અને દબાયેલી–શોષિત અવસ્થામાંથી બહાર આવવા પ્રયત્નશીલ છે, સંઘર્ષ કરી રહેલા જોવા મળ્યા છે.

## I સ્ત્રી પાત્રોના લગ્નેતર સંબંધ દર્શાવતું વિશ્લેષણ :

નવલકથાઓમાં અભ્યાસ હેઠળના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી કેટલાક સ્ત્રી પાત્રો લગ્નેતર સંબંધ ધરાવતા જોવા મળ્યા છે તેઓનું આંકડાકીય વિશ્લેષણ કોષ્ટક નં.–૭માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક – ૭**

| ક્રમ | લગ્નેતર સંબંધ | સ્ત્રી પાત્રોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | લગ્નેતર સંબંધ છે | ૧૩ | ૨૨.૦૩% |
| ૨ | લગ્નેતર સંબંધ નથી | ૪૬ | ૭૭.૯૭% |
| | કુલ | ૫૯ | ૧૦૦% |

અભ્યાસમાં આવરી લેવાયેલા **૫૯** સ્ત્રી પાત્રોમાંથી માત્ર ૨૨.૦૩% (૧૩ સ્ત્રીઓ) જ લગ્નેતર જાતીય સંબંધ કે અન્ય પુરુષ પાત્ર સાથે પ્રેમસંબંધ ધરાવે છે. ૪૬ સ્ત્રી પાત્રોને કોઈ જ લગ્નેતર સંબંધ નથી. (૭૭.૯૭%)

તે દર્શાવે છે કે અભ્યાસ હેઠળના મોટાભાગના સ્ત્રી પાત્રો ગૃહસ્થીમાં પતિ પ્રત્યે નિષ્ઠા ધરાવે છે. તેઓ ખુમારીવાળા અને સ્વમાની હોવાથી કુટુંબ અને સમાજમાં પુરુષની સમકક્ષ સ્થાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે, એક વ્યકિત તરીકે જીવન જીવવા પ્રયત્નશીલ છે.

જે ૧૩ સ્ત્રીઓ લગ્નેતર સંબંધ ધરાવે છે તેમાંથી ૨સ્ત્રીઓ વેશ્યાવ્યવસાય સાથે સંકળાયેલી છે. તેમાંથી ૧ સ્ત્રી ગરીબી, અસહાયતા, નિરક્ષરતા, બેકારીના કારણે અનિચ્છાએ વ્યવસાય કરે છે. ૧ સ્ત્રીને તેની અનિચ્છાએ એક પુરુષ દ્વારા વેશ્યાગારમાં વેંચી દેવામાં આવી હતી. ૧ સ્ત્રી પુરુષોને પ્રેમ અને લગ્નની જાળમાં ફસાવીને પૈસા પડાવવાની પ્રવૃત્તિ કરે છે. ૧ સ્ત્રી ખાનગી કંપનીમાં સેક્રેટરી છે અને તેણે નોકરીમાં ટકી રહેવા તેના 'બોસ' ની ઈચ્છાને માન આપવું પડે ! બાકીની ૯ સ્ત્રીઓમાંથી ૧ અભિનેત્રી છે, ૨ સ્ત્રીઓ મોડેલીંગના વ્યવસાયમાં છે, અન્ય ૧ સ્ત્રી ભૂતકાળમાં 'બારગર્લ' હતી, ૨ સ્ત્રીઓને પ્રેમસંબંધ છે. જે તેઓનો સ્વેચ્છાએ સ્વીકારેલો સંબંધ છે. ૧ સ્ત્રી સાથે તે જેના ઘરે કામ કરતી હતી તે શેઠે બળજબરીથી જાતીય સંબંધ બાંધ્યો હતો.

સમગ્ર સમજૂતી ઉપરથી એમ કહી શકાય કે અભ્યાસ હેઠળની સ્ત્રીઓમાંથી સ્વચ્છાએ લગ્નેતર સંબંધ રાખનારી સ્ત્રીઓનું પ્રમાણ નહીંવત્ છે. પરંતુ પરિસ્થિતિ અને સંજોગોએ તેને લગ્નેતર સંબંધ રાખવા ફરજ પાડી છે.

ભારતીય સમાજમાં આધુનિક યુગમાં સ્ત્રીએ દરેક ક્ષેત્રે અને જીવનના દરેક તબકકે પુરુષની લોલુપતાનો ભોગ બનવામાંથી બચવા સતત જાગૃત રહેવું પડે છે. અથવા તો હિંમતથી સામનો કરતા રહેવો પડે છે. પરંતુ સ્ત્રીની આર્થિક લાચારીનો લાભ સમાજના પુરુષો લેતા હોય છે. એવું શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓના સ્ત્રી પાત્રોનો અભ્યાસ કરતા સાબિત થયુ છે. જે સ્ત્રીનો સમાજમાં નિમ્ન દરજજો સૂચિત કરે છે.

## I પુરુષો દ્વારા સ્ત્રી પાત્રોની સાથે થતા વ્યવહારનું સ્વરૂપ અને સ્ત્રીનો દરજ્જો :

### કોષ્ટક – ૮

| ક્રમ | પુરુષો દ્વારા સ્ત્રી પાત્રોની સાથે થતા વ્યવહારનું સ્વરૂપ | યોગ્ય | અયોગ્ય | સ્ત્રીનું જાતીય શોષણ | નવલકથાઓના સ્ત્રી પાત્રોને થતા અનુભવોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | પતિ દ્વારા માનભર્યો વ્યવહાર અને પ્રેમાળ વર્તન | 3 | | | ૨૨ | ૩૭.૨૯% |
| ૨ | પતિ દ્વારા શારીરિક–માનસિક ત્રાસ | | 3 | | ૦૬ | ૧૦.૧૭% |
| ૩ | પતિની અતિ કામુકતા (હિંસક જાતીય વર્તન) | | 3 | 3 | ૦૩ | ૦૫.૦૮% |
| ૪ | પતિના લગ્નેતર સંબંધો | | 3 | | ૦૫ | ૦૮.૪૭% |
| ૫ | પતિ દ્વારા અપમાનિત થવું | | 3 | | ૧૪ | ૨૩.૭૩% |
| ૬ | પતિ દ્વારા ઉપેક્ષા અને બેદરકારી | | 3 | | ૧૪ | ૨૩.૭૩% |
| ૭ | પતિ સિવાયના પુરુષ દ્વારા બળાત્કાર | | 3 | 3 | ૦૬ | ૧૦.૧૭% |
| ૮ | વ્યવસાયના સ્થળે પુરુષ દ્વારા બળાત્કાર | | 3 | 3 | ૦૪ | ૦૬.૭૮% |
| ૯ | સહકાર્યકર પુરુષ દ્વારા દ્વિઅર્થી સંવાદ અડપલાં | | 3 | 3 | ૦૪ | ૦૬.૭૮% |
| ૧૦ | પિતા અને ભાઈના દ્વારા અપમાનિત થવું | | 3 | | ૦૬ | ૧૦.૧૭% |
| ૧૧ | પિતા અને ભાઈના દ્વારા શારીરિક–માનસિક ત્રાસ | | 3 | | ૦૪ | ૦૬.૭૮% |
| ૧૨ | પિતા, ભાઈ કે અન્ય સગાં દ્વારા પ્રેમાળ વર્તન, સર્વાંગી વિકાસમાં મદદરૂપ | 3 | | | ૧૧ | ૧૮.૬૪% |

આ સમાજશાસ્ત્રીય સંશોધનમાં શ્રી વર્ષા અડાલજાની દસ સામાજિક નવલકથાઓના કુલ ૫૯ સ્ત્રી પાત્રોના અભ્યાસ દ્વારા સિદ્ધ થાય છે કે તેઓનો સામાજિક દરજ્જો દ્વિતીય કક્ષાનો છે. સમાજ, કુટુંબ અને વ્યવસાયના ક્ષેત્રે સ્ત્રીઓ સાથે પુરુષો કેવા પ્રકારનો વ્યવહાર કરે છે ? શું પુરુષો દ્વારા સ્ત્રીનું જાતીય શોષણ થાય છે ખરું ? શું સ્ત્રીઓ પ્રત્યે પુરુષો માનભર્યો વ્યવહાર કરે છે ? આ પ્રશ્નોનો જવાબ કોષ્ટક–૮ દ્વારા આપી શકાય.

અહીં એ સ્પષ્ટતા કરવી જોઈએ કે કોષ્ટક–૮ માં એક સ્ત્રી પાત્રને પતિ શારીરિક–માનસિક ત્રાસ આપતો હોય (નં.–૨), પતિને લગ્નેતર સંબંધ હોય (નં.–૪), પતિ દ્વારા અપમાનિત થવું પડતું હોય (નં.–૫), પતિ દ્વારા ઉપેક્ષા તથા બેદરકારી રાખવામાં આવતી હોય (નં.–૬), એમ એક સાથે નં.–૨, નં.–૪, નં.–૫ અને નં.–૬ ના અનુભવો લાગુ પડતા હોય તેવા પણ સ્ત્રી પાત્રો અભ્યાસ હેઠળની નવલકથાઓમાં જોવા મળે છે; તેથી તે રીતે આંકડાકીય વિશ્લેષણ આપવામાં આવ્યું છે.

કોષ્ટક નં.–૮ ના સમગ્ર વર્ગીકરણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે નવલકથાઓના સ્ત્રી પાત્રોને પતિ દ્વારા માનભર્યો અને પ્રેમાળ વર્તનનો અનુભવ થતો હોય તેવા સ્ત્રી પાત્રો ૨૨ છે (૩૭.૨૯%). તેનું કારણ એ છે કે નવલકથાઓમાં વિભકત કુટુંબમાં રહેતા હોય તેવા કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૪૩ સ્ત્રી પાત્રો છે. અભ્યાસ હેઠળની બધી જ દસ નવલકથાઓમાં નગરીય વાતાવરણ છે. કુલ સ્ત્રી પાત્રોમાંથી ૪૭ સ્ત્રી પાત્રો (૭૯.૬૬%) અર્ધશિક્ષિત કે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા છે. તેથી શિક્ષણ, વિભકત વસવાટો અને નગરીય ઉદારવાદી વલણની અસરથી કુટુંબમાં પુરુષ પાત્રો દ્વારા સ્ત્રીઓ સાથે લોકશાહીના મૂલ્યો – સમાનતા અને સ્વતંત્રતા – અનુસાર પ્રેમાળ અને માનભર્યો વ્યવહાર થતો જોવા મળ્યો છે.

પતિ દ્વારા થતો અત્યાચાર, હિંસક જાતીય વર્તન, અપમાનિત થવું, ઉપેક્ષા તથા બેદરકારી, પતિના લગ્નેતર સંબંધો વગેરે વ્યવહારોની ટકાવારી અનુક્રમે ૧૦.૧૭%, ૦૫.૦૮%, ૦૮.૪૭% તથા ૨૩.૭૩% જોવા મળી છે. આ આંકડો કુટુંબમાં પતિ કરતાં સ્ત્રીનો નિમ્ન દરજજો સૂચવે છે.

આધુનિક સમાજમાં વ્યવસાયના સ્થળોએ પુરુષ ઉપરી અધિકારી કે માલિક દ્વારા સ્ત્રી ઉપર બળાત્કારો થતા રહે છે. સ્ત્રીની આર્થિક લાચારી, તેની સુંદરતા, પુરુષ કરતા શારીરિક તાકાત ઓછી હોવી, નિમ્ન જ્ઞાતિના અને નિમ્ન વર્ગના હોવું, એ દરેક પરિબળ સ્ત્રી ઉપર થતા બળાત્કારના કારણ તરીકે નવલકથાઓમાંથી સ્પષ્ટ થાય છે. અભ્યાસના **૦૬** સ્ત્રી પાત્રો ઉપર પતિ સિવાયના પુરુષો તથા વ્યવસાયના સ્થળે **૦૪** સ્ત્રીઓ ઉપર પુરુષો દ્વારા બળાત્કારો થતાં જોવા મળ્યા છે. સહકાર્યકર પુરુષ દ્વારા વ્યવસાયના સ્થળોએ દ્વિઅર્થી સંવાદો તથા અડપલાં અભ્યાસ હેઠળની **૦૪** સ્ત્રીઓ સાથે થતા જાણવા મળ્યા છે. આધુનિક યુગમાં સ્ત્રીઓ જયાં વ્યવસાય કરતી હોય છે ત્યાં તેની કાર્યકુશળતા તથા આવડતથી પ્રગતિ કરતી રહે છે તેથી સાથી પુરુષ કાર્યકરોને સ્ત્રીની ઈર્ષા થવાથી તેને ઉતારી પાડવા માટે, તે પુરુષથી ઉતરતી કક્ષાનો દરજજો ધરાવે છે તેનું તેને ભાન કરાવવા માટે તથા પોતાની વિકૃત માનસિક ઈચ્છાઓના સંતોષ

માટે, દ્વિઅર્થી સંવાદો, ગંદી મજાક, વિકૃત હાસ્ય, અડપલાં વગેરે દ્વારા તેઓ સ્ત્રીને કનડગત કરતા રહે છે. પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રી પુરુષથી વધારે ઝડપથી પ્રગતિ કરે તે પુરુષોથી સહન નથી થતુ હોતું તેનું પ્રતિબિંબ અભ્યાસ હેઠળની નવલકથાઓમાં પડેલું જોવા મળે છે. છતાં સ્ત્રી પોતાની જાત બચાવીને સ્વવિકાસ સાધી પોતાનો સામાજિક દરજજો ઉંચો લાવવા પ્રયત્ન કરતી રહે છે, વ્યવસાયમાં ટકી રહે છે – પ્રગતિ સાધતી રહે છે. આમ, પુરુષો દ્વારા સ્ત્રીના આર્થિક–વ્યાવસાયિક તેમજ વ્યકિતત્વના વિકાસમાં અવરોધો ઉભા કરવામાં આવે છે, સ્ત્રીની પ્રગતિ અટકાવવાના પ્રયત્નો કરવામાં આવે છે તેમાં પુરુષનો સ્ત્રીને પોતાનાથી નિમ્ન રાખવાનો 'અહમ્' રહેલો જોવા મળે છે.

કુટુંબમાં પિતા, ભાઈ કે અન્ય સગાઓ દ્વારા પુત્રી, બહેન કે અન્ય સ્ત્રી પાત્રનો સર્વાંગી વિકાસ અટકાવવાના પ્રયત્નો પણ સમાજમાં થતા રહે છે. પિતા કે ભાઈ અપમાન કરતાં હોય કે શારીરિક–માનસિક ત્રાસ આપતા હોય તેવા નવલકથાઓના ૦૬ સ્ત્રી પાત્રોને કડવા અનુભવો થાય છે. પુત્રી કે બહેનને મુકત રીતે હરવા–ફરવા ઉપર પ્રતિબંધો લાદવા, તેના ગમે ત્યાં લગ્ન કરી દેવા, તેની વિકાસાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન ન આપવું, વગેરે અનેક પ્રકારની અવરોધક ભૂમિકા આધુનિક યુગમાં પિતા કે ભાઈ ભજવતા જોવા મળે છે. તેઓ પુત્રી કે બહેનના સર્વાંગી વિકાસમાં વિવિધ અવરોધો ઉભા કરે છે. આવા સંકુચિત અને પુરુષપ્રધાન સત્તાત્મકતા વાળા માનસ ધરાવતા પુરુષ સગાં ભારતીય સમાજમાં આધુનિક યુગમાં પણ ઠેર–ઠેર જોવા મળે છે તેનું ચિત્રણ નવલકથાઓમાં સુપેરે થયેલું છે.

આ સમગ્ર આંકડાકીય વિશ્લેષણ ઉપરથી સાબિત થાય છે કે પરિણીત સ્ત્રી પતિ દ્વારા અપમાન કે ઉપેક્ષા અનુભવતી હોવાથી જીવનમાં એકલતા કે નિરસતા અનુભવે છે. પત્ની પતિ કરતાં નિમ્ન દરજજો ધરાવે છે તે પતિના બેદરકારી ભર્યા વર્તનથી સાબિત થાય છે. સંશોધન હેઠળની મોટાભાગની સ્ત્રીઓ ગૃહિણીઓ છે અને 'પતિ' નામની ધરીની આસપાસ તેઓના જીવનનું ચક્ર ચાલતુ રહે છે. સ્ત્રીની આર્થિક પરાધીનતાના કારણે સ્ત્રી અનિચ્છાએ પતિના લગ્નેતર સંબંધોને સ્વીકારી લઈને બાકીની જિંદગી દુઃખી થઈને પૂરી કરે છે.

ઉપરાંત જયારે સ્ત્રી ઉપર બળાત્કાર કે અડપલાં–દ્વિઅર્થી સંવાદોની કનડગત થાય ત્યારે તે પ્રકારનું વર્તન સ્ત્રીત્વનું હડહડતું અપમાન તથા નૈત્તિક રીતે–આંતરિક રીતે સ્ત્રીને ભાંગી નાખનારું નીવડે છે. સ્ત્રીનું શિયળભંગ ભારતીય સમાજમાં સ્ત્રી માટે આઘાતજનક ઘટના ગણાય છે. એવા કડવા અનુભવના

કારણે સ્ત્રી વિક્ષિપ્ત બને છે અને આત્મહત્યા કરે છે; અથવા માનસિક રીતે હતાશ બને, પાગલ થઈ જાય, વિદ્રોહી બની જાય કે આક્રમક બનીને હત્યા પણ કરી બેસે છે; અથવા વારંવારના બળાત્કારના પરીણામે સ્ત્રી વેશ્યા વ્યવસાય સ્વીકારીને સમાજના પુરુષો ઉપર વેર વાળવાની વૃત્તિ ધરાવતી થઈ જાય એવું અનેક સમાજશાસ્ત્રીય સંશોધનોમાંથી તારણો પ્રાપ્ત થયાં છે. પ્રસ્તુત અધ્યયનમાં પણ બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓમાંથી તારા વેશ્યા બનીને અંતે પાગલ બની છે, માનબાઈએ જિંદગી આખી ઘણું દુઃખ સહન કર્યું છે, રાણી પણ સ્કિઝોફ્રેનિયા નામની માનસિક વિકૃતિનો ભોગ બની છે અને નીનાએ બળી જઈને મૃત્યુ વહોરી લીધું છે અથવા તેની હત્યા કરી નંખાઈ છે.

કુટુંબમાં પુત્રી કે બહેનનો દરજ્જો પણ ગૌણ ગણાય છે. નવલકથાઓમાં **૦૪** સ્ત્રીઓ પુત્રી કે બહેન તરીકે પિતા કે ભાઈનો શારીરિક–માનસિક ત્રાસ સહન કરે છે, કાં તો એ ત્રાસમાંથી છૂટવા ઘર છોડી ચાલી જાય છે અને સ્વ પસંદગીના લગ્ન કરી લે છે અથવા તો આક્રમક કે વિદ્રોહી બને છે. તેવું સંશોધન દ્વારા જાણવા મળે છે.

સમગ્ર સમાજશાસ્ત્રીય અધ્યયન તથા આંકડાકીય વિશ્લેષણના આધારે કહી શકાય કે કુટુંબ તેમજ સમગ્ર સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો પુરુષો કરતાં નિમ્ન તથા દ્વિતીય કક્ષાનો છે. સ્ત્રીની આર્થિક પરાધીનતા તથા નાજુક શારીરિક રચના તેને પુરુષની જોહુકમી, અપમાન તથા ત્રાસનો ભોગ બનાવવામાં કારણભૂત બને છે. આધુનિક સમયમાં અનેક સામાજિક પરિવર્તનો આવી રહયાં છે પરંતુ સ્ત્રીના દરજ્જામાં જોઈએ તેવો સુધારો થયો નથી.

જો કે એટલું ચોકકસ કહી શકાય કે આધુનિક યુગમાં ભારતની કુટુંબ અને લગ્ન સંસ્થા ઉપર લોકશાહીના મૂલ્યો – સમાનતા અને સ્વતંત્રતા–ની આંશિક અસર થઈ છે ખરી. પિતા, ભાઈ કે અન્ય સગાં દ્વારા પ્રેમાળ વર્તન થતુ હોય તથા કુટુંબના સ્ત્રી સભ્યોના સર્વાંગી વિકાસમાં તેઓ મદદરૂપ થતાં હોય તેવા અનુભવો નવલકથાઓના **૧૧** સ્ત્રી પાત્રોને થાય છે. અર્થાત્ સ્ત્રી કુટુંબની મહત્વની વ્યકિત છે અને તેને પણ પોતાનું આત્મગૌરવ, ઈચ્છાઓ અને અરમાનો હોઈ શકે, તે પણ મહત્વાકાંક્ષા ધરાવી શકે તેવું ઉદારતાપૂર્વકનું વલણ તથા વર્તન આધુનિક યુગમાં કુટુંબના પુરુષ પાત્રો દ્વારા હવે થતુ જોવા મળે છે. તે સમાજમાં આવેલું પરિવર્તન ગણાય. તેવી જ રીતે પતિ પત્ની પ્રત્યે પ્રેમાળ વર્તન કરતો હોય તેવા સુખદ અનુભવો નવલકથાઓના સ્ત્રી પાત્રોને થાય છે; જો કુટુંબની આર્થિક સ્થિતિ સંતોષકારક હોય અને પતિ નિર્વ્યસની હોય તો તે પત્ની સાથે 'સત્તા–તાબેદારી' ના બદલે 'સાથી સ્વરૂપે' પ્રેમાળ વર્તન કરે છે. પ્રસ્તુત

સમાજશાસ્ત્રીય વિશ્લેષણમાં કુલ **૫૯** સ્ત્રીઓમાંથી **૩૫** પરિણીત સ્ત્રીઓ છે અને તેમાંથી **૨૨** સ્ત્રીઓ પ્રત્યે પતિ સહાનુભૂતિપૂર્ણ પ્રેમાળ વર્તન કરે છે. જેને સ્ત્રીના દરજ્જામાં સુધારો સૂચવતી પરિસ્થિતિ ગણી શકાય. જો કે આ તારણ નગરીય વાતાવરણમાં વિભકત કુટુંબોમાં વસવાટ કરતાં લોકો અંગેનું છે. પરંપરાઓને વળગી રહેનારા ગ્રામીણ વિસ્તારોમાં તેનાથી કંઈક જુદુ ચિત્ર પણ જોવા મળે તેવું બની શકે.

## I આર્થિક સ્થિતિ અને સ્ત્રીનો દરજ્જો :

**કોષ્ટક – ૯**

**આર્થિક સ્થિતિ અને સ્ત્રીનો દરજ્જો**

| ક્રમ | સ્ત્રી પાત્રોની આર્થિક સ્થિતિ | સ્ત્રી પાત્રોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ધનવાન – ઉચ્ચવર્ગ | ૧૨ | ૨૦.૩૪% |
| ૨ | ઉચ્ચ – મધ્યમ વર્ગ | ૧૭ | ૨૮.૮૧% |
| ૩ | મધ્યમ આવક – મધ્યમ વર્ગ | ૨૨ | ૩૭.૨૯% |
| ૪ | ગરીબ – નિમ્ન વર્ગ | ૦૮ | ૧૩.૫૬% |
| | કુલ | ૫૯ | ૧૦૦% |

નવલકથાઓમાંના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી **૧૨** સ્ત્રી પાત્રો ધનવાન છે. અતિ ધનિક આ સ્ત્રીઓ પણ કુટુંબમાં કોઈક પ્રકારની અભાવાત્મક સ્થિતિ અનુભવે છે. સ્ત્રી તરીકે તેઓનો દરજ્જો પુરુષ કરતાં દ્વિતીય કક્ષાનો જ છે.

ઉચ્ચ–મધ્યમવર્ગની સ્ત્રીઓ **૧૭** છે. તેઓના પતિઓ ખૂબ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત છે અને સમાજમાં પ્રતિષ્ઠિત અધિકારીઓ તરીકે કંપનીઓમાં મેનેજરો તરીકે કે નાના ઉદ્યોગપતિઓ તરીકેનો દરજ્જો ધરાવે છે. પરંતુ તેઓની પત્નીઓ પતિની ગેરહાજરીમાં એકલતા અનુભવે છે અને મોટાભાગનો સમય કીટ્ટીપાર્ટી, પત્તાં રમવાની કલબ, પાર્ટી–પિકનિક અને હરવા–ફરવામાં પસાર કરે છે. પતિઓની તુલનામાં પત્નીઓનો દરજ્જો નિમ્ન કક્ષાનો છે.

મધ્યમ આવક ધરાવતા કુટુંબની **૨૨** સ્ત્રીઓ છે. તેઓ કુટુંબનું ગુજરાન બાંધી – મર્યાદિત – આવકમાં ચલાવે છે. તેઓને મુંબઈની મધ્યમવર્ગની સામાન્ય વસાહતોમાં રહેવું પડે છે. તેમાંથી **૦૯** સ્ત્રીઓ ખાનગી કંપનીઓમાં કલાર્કની કે સેક્રેટરીની નોકરીઓ કરે છે અથવા ફોટોગ્રાફી અને નૃત્યના વર્ગો

ચલાવે છે, શિક્ષિકા તરીકે અને ટાઈપીસ્ટ તરીકે નોકરી કરે છે. તેઓની મહેચ્છાઓ તથા મહત્વાકાંક્ષાઓ પૂરી નથી થઈ શકતી કારણ કે ગુજરાન માટે તેઓ મધ્યમ આવક મેળવી શકે છે. બાકીની **૧૩** સ્ત્રીઓ આર્થિક રીતે પરાવલંબી છે અને પતિની મર્યાદિત આવકમાં વ્યવહાર ચલાવે છે.

નિમ્ન વર્ગની **૦૮** સ્ત્રીઓ છે. તેઓ મુંબઈની ઝૂંપડપટ્ટીમાં રહે છે. તથા ધનવાન લોકોના ઘરે ઘરકામ કરીને આવક મેળવે છે.

દરજજાની દ્રષ્ટિએ બધા જ વર્ગોની સ્ત્રીઓનો દરજજો પુરુષોના દરજજા કરતાં નિમ્ન કક્ષાનો છે તેવું અભ્યાસમાંથી તારણ મળે છે. છતાં પણ નવલકથાઓના સ્ત્રી પાત્રો ખુમારીવાળા છે. તેઓ શિક્ષિત હોય કે અશિક્ષિત, વ્યવસાય કરતાં હોય કે માત્ર ગૃહિણીઓ હોય, પરિસ્થિતિ અને સંજોગોને આધીન રહીને સમાયોજન સાધી શકે છે. દરેકના આંતરમનમાં વિકાસ સાધવાની મહેચ્છા છે. ગરીબ કે નિમ્નવર્ગના સ્ત્રી પાત્રો પણ એવી આંતર્‌સૂઝ ધરાવે છે કે આપત્તિના સંજોગો વખતે ટકી શકે છે, ઝઝૂમે છે. બેદરકાર અને ખરાબ સ્વભાવવાળા પતિને સાચવે છે, શકય હોય ત્યાં સુધી તૂટતી ગૃહસ્થીને ટકાવી રાખવા માટે જાત ઘસી નાખે છે. જયારે પરિસ્થિતિ દુઃસહ બને ત્યારે જ આત્મગૌરવ માટે પતિ–કુટુંબને ખુમારીથી છોડી જાય છે.

## ૮.૩.૨ નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજજાનું આત્મલક્ષી પાસુ :

દરજજાનું આત્મલક્ષી પાસુ એટલે સમાજના જુદા–જુદા ક્ષેત્રોમાં સ્ત્રીઓને જે માન, પ્રતિષ્ઠા, ગૌરવ મળે કે ન મળે, પુરુષ અને સ્ત્રી વચ્ચે ભેદભાવ હોય, સમાજમાં સ્ત્રીઓ વિષેના ખ્યાલો અને સ્ત્રી પોતાની જાતને પુરુષથી નીચી ગણે કે સમકક્ષ ગણે તે દરેક અંગેની સ્ત્રીની માનસિક સભાનતાની લાગણી એ સ્ત્રીના દરજજાના આત્મલક્ષી પાસાં છે. સ્ત્રીનું પોતાના દરજજા વિષેનું સ્વમૂલ્યાંકન એ તેના દરજજાનું આત્મલક્ષી પાસુ છે. જે સ્ત્રીનું વર્તન, વ્યકિતત્વ અને જીવનશૈલી ઘડવામાં અગત્યનો ભાગ ભજવે છે.

સ્ત્રીના દરજજાના આત્મલક્ષી પાસાંના ઘડતરમાં સામાજિક–કૌટુંબિક વાતાવરણ, સંસ્કૃતિની ઢબ, સામાજિક–સાંસ્કૃતિક ધોરણો અને મૂલ્યો, કાયદાઓ, સામાજિક વલણો, આનુવાંશિકતા વગેરે બાબતો મહત્વની ભૂમિકા ભજવે છે.

જો સ્ત્રીનો કુટુંબમાં યોગ્ય ઉછેર થયો હોય, વ્યકિતત્વ વિકાસની સુયોગ્ય તક મળી હોય, તે ઉચ્ચ શિક્ષણ લઈ શકી હોય, લગ્ન માટે તેની પસંદગીને કુટુંબમાં માન્યતા મળતી હોય, તે ઈચ્છા પ્રમાણે વ્યવસાય

કરી શકતી હોય, તો તેવી સ્ત્રીઓ પોતાની જાત માટે આત્મગૌરવ અનુભવી શકે છે. નવલકથાઓમાં ૦૮ સ્ત્રી પાત્રો પોતાના ''સ્ત્રી હોવા'' બાબતે ગૌરવ અનુભવે છે અને તેઓના વ્યકિતત્વનો યોગ્ય વિકાસ થઈ શકયો છે. તેઓ કોઈનાથી અભિભૂત થતાં નથી, પોતાના જીવન વિષે સ્વયં નિર્ણયો લે છે, તેઓએ પોતાની જીવનશૈલી સ્વયં ગોઠવેલી છે, સમાજના કે કુટુંબીજનોના દબાણ હેઠળ તેઓ જીવન જીવતા નથી. સમાજના લોકો ટીકા કરે તો તેની અસર તેઓ ઉપર થતી નથી. તેઓને સ્ત્રી સમાજને લાગેલું 'Second Sex' નું લેબલ સ્વીકાર્ય નથી. તેઓ નવી પૂર્ણતા અને આત્મવિશ્વાસ સાથે બહાર આવેલી સ્ત્રીઓ છે. જેમાં 'રેતપંખી' નવલકથાની અમલા, 'આનંદધારા' ની જેની, 'એક કારાગાર' ની આશા, 'એની સુગંધ' ની રમીલા, 'ત્રીજો કિનારો' નવલકથાની કાદંબરી તથા અશુમી, તેમજ 'શગ રે સંકોરું' નવલકથાની અમી તથા ચૌલાનો સમાવેશ થાય છે. શ્રી વર્ષાબહેન અડાલજા આવા આધુનિક, વિચારવંત, બુદ્ધિશાળી અને પુરુષોની સમકક્ષ બનવા પ્રયત્નશીલ સ્ત્રી પાત્રોનું સર્જન કરીને સમાજમાં સ્ત્રીઓનો સામાજિક દરજજો સુધારણા પામી રહયો છે ખરો પરંતુ તેની ગતિ ઘણી જ ધીમી છે એમ જણાવવા ઈચ્છે છે.

'ત્રીજો કિનારો' નવલકથાના 'મનુબા' આખી જિંદગી સાસુ–સસરાની સેવા કરતા રહયાં અને તેઓના પતિ મોટા શહેરોમાં વૈભવશાળી મકાનોમાં એકલા આરામની જિંદગી જીવતા રહયા. 'મનુબા' એ કદી પણ પોતાની શોષિત સ્થિતિ વિષે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. આ જ નવલકથામાં ગૌણ પાત્ર તરીકે રહેલી સિંધુ કામવાળી આખા કુટુંબનું ભરણપોષણ પારકા ઘરે કામ કરીને કરતી હોવા છતાં તેની સાસુ સિંધુને પુત્ર ન થતો હોવાથી અવાર–નવાર એ અંગે મહેણાં મારતી રહે છે અને તેનો પતિ દારૂ પીને પત્ની સિંધુને માર મારતો રહે છે. તે પણ પોતાના 'સ્ત્રી તરીકેના અવતાર' થી કંટાળી ગઈ છે. સમાજમાં તથા કુટુંબમાં નિમ્ન દરજજાના કારણે એક વ્યકિત તરીકે સારી રીતે જીવન જીવી શકાતુ ન હોવાથી સિંધુ નામની ગરીબ સ્ત્રી પણ મનમાં અજંપો અનુભવે છે પરંતુ તેની પાસે તેનો કોઈ જ ઉપાય નથી.

'માટીનું ઘર' નવલકથામાં મંગળદાસ પતિ તરીકે દારૂડિયો અને જુગારી છે અને પત્ની કુંજબાળાને તથા પુત્રીઓને સતત શારીરિક–માનસિક ત્રાસ આપે છે છતાં કુંજબાળા પાસે તે નર્ક યાતનામાંથી છૂટવાનો કોઈ ઉપાય ન હોવાથી મૃત્યુપર્યંત પતિનો ત્રાસ તેણે સહન કર્યા કર્યો છે. સમાજના લોકો શું માનશે ? તેમ વિચારીને કુંજબાળા મુંગા મોંઢે સહન કરતી રહી છે. તે પણ સ્વમાની સ્ત્રી છે પરંતુ આર્થિક રીતે સ્વાવલંબી અને આત્મનિર્ભર ન હોવાથી પતિના આશ્રયે તેને રહેવું પડે છે અને દુઃખ તથા ત્રાસ સહન કરતા રહેવા પડે છે.

આમ, 'ત્રીજો કિનારો' નવલકથાના મનુબા તથા સિંધુ કામવાળી અને 'માટીનું ઘર' નવલકથાની લતાની માતા કુંજબાળા કુટુંબના સભ્યો માટે સતત જીવન જીવતા રહે છે. તેઓએ પોતાનો સ્ત્રી તરીકેનો નિમ્ન દરજજો સ્વીકારી લીધો છે કારણ કે આર્થિક રીતે તેઓ મહદંશે પરાવલંબી છે અને અશિક્ષિત છે.

ભારતમાં લોકો સામાજિક રચનાતંત્રના પ્રસ્થાપિત રિવાજો અને ધોરણો–મૂલ્યોને યંત્રવત્ પેઢી દર પેઢી સ્વીકારતા રહે છે. સામાજિક પરંપરાઓને વળગી રહે છે તેથી સામાજિક પરિવર્તનની પ્રક્રિયા ધીમી રહી છે. ચાર્લ્સ હોર્ટન કૂલે એ આપેલા દર્પણ–સ્વત્વના સિદ્ધાંત અનુસાર સમાજના સભ્યો મોટાભાગે સમાજને ધ્યાનમાં રાખીને વર્તન કરે છે અને વિચારે છે. વ્યકિતનો 'સ્વ' સામાજિક સંપર્કથી વિકસે છે. સમાજના અન્ય લોકોની લાગણીઓ, માન્યતાઓ તથા વિચાર–વર્તનને ધ્યાનમાં રાખીને વ્યકિત પોતાના વિશેની કલ્પનાઓ રચે છે તેમાંથી તેના 'સ્વ' નો વિકાસ થાય છે. પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં પણ આ સિદ્ધાંત અનુસાર નવલકથાઓના સ્ત્રી પાત્રોના વ્યકિતત્વનો વિકાસ થયેલો જોવા મળે છે. બાળપણથી સ્ત્રી–સંતાનનો ઉછેર ભારતીય કુટુંબોમાં પુત્ર–સંતાન કરતા ઓછા મહત્વ સાથે થતો રહે છે. પુત્રી કરતાં પુત્રની ઉપર વધારે ધ્યાન આપવામાં આવે છે. તેથી સ્ત્રીઓ બાળપણથી જ સ્વીકારી લે છે કે તેઓના કરતાં પુરુષો ચડીયાતા છે અને મહત્વના છે. તેથી જ મોટાભાગની ભારતીય ગૃહિણીઓ પતિઓની પહેલા ભોજન નથી કરતી અને પતિની સેવા કરતી રહે છે. તે પોતાની જાતને પતિથી સ્વાભાવિક રીતે જ ઉતરતી કક્ષાની સ્વીકારી લે છે.

આમ, દર્પણ–સ્વ–ત્વના સિદ્ધાંત અનુસાર સ્ત્રીના દરજજાના આત્મલક્ષી પાસાં તરીકે સ્ત્રીઓ પોતાનો નિમ્ન સામાજિક દરજજો, સ્ત્રી–પુરુષ ભેદભાવ, વગેરેને સ્વીકારી લે છે. જો કે આધુનિક યુગમાં સ્ત્રીને શિક્ષણ અને વ્યવસાય પ્રવેશની તક વધી છે તેથી શિક્ષિત સ્ત્રીઓ પોતાના નિમ્ન સામાજિક દરજજાને સ્વીકારતી નથી તે સંઘર્ષ કરીને પુરુષોની સમકક્ષ દરજજાની બનવા પ્રયત્નશીલ છે તે હકીકતની રજૂઆત પણ શ્રી વર્ષા અડાલજાએ પોતાની નવલકથાઓમાં કરી છે.

## I નવલકથાઓના સ્ત્રી પાત્રોની માનસિક સ્થિતિ :

આધુનિક ભારતીય સમાજમાં અને કુટુંબમાં સ્ત્રીઓની શકિતઓને કુંઠિત કરતી પરિસ્થિતિઓ, નારીદમન અને તાબેદારી, સ્ત્રીની નબળાઈઓ, સમગ્ર પરિસ્થિતિ પ્રત્યે સ્ત્રીઓના અને સમાજના પ્રતિભાવો વગેરેની અસરથી તેમજ સ્ત્રીઓના પોતાના અરમાનો, ઈચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓ પૂર્ણ થઈ શકે છે કે

નહીં ? તેને ધ્યાનમાં રાખીને અને સમગ્ર રીતે નવલકથાઓના સ્ત્રી પાત્રો પોતાના જીવનથી સંતુષ્ટ છે કે અભાવાત્મક સ્થિતિ અનુભવી રહયાં છે તેની સ્પષ્ટતા નીચેના કોષ્ટક દ્વારા કરવામાં આવી છે.

## કોષ્ટક – ૧૦
## નવલકથાઓના સ્ત્રી પાત્રોની માનસિકતા

| ક્રમ | સ્ત્રી પાત્રોની માનસિક સ્થિતિ | સ્ત્રી પાત્રોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સ્ત્રી પાત્રો અભાવાત્મક સ્થિતિ અનુભવે છે / પોતાના જીવનથી અસંતુષ્ટ છે. | ૨૮ | ૪૭.૪૬% |
| ૨ | સ્ત્રી પાત્રો પોતાના જીવનથી અર્ધ સંતુષ્ટ છે. | ૧૧ | ૧૮.૬૪% |
| ૩ | સ્ત્રી પાત્રો પોતાના જીવનથી સંતુષ્ટ છે. | ૨૦ | ૩૩.૯૦% |
| | કુલ | ૫૯ | ૧૦૦% |

ઉપરોકત આંકડાકીય વિશ્લેષણ દર્શાવતા કોષ્ટક નં. ૧૦ના આધારે એમ કહી શકાય કે દસ સામાજિક નવલકથાઓમાંના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ (૪૭.૪૬%) પોતાના જીવનમાં કોઈને કોઈ પ્રકારનો અભાવ અનુભવી રહયાં છે. પોતાના જીવનથી અસંતુષ્ટ છે. તેના કારણો અનેક છે, જેવા કે નિઃસંતાનપણું, પતિની સત્તા, પ્રતિષ્ઠા અને બાહય દમામના કારણે ઘરમાં પણ પતિ હળવાશ ન અનુભવે, પ્રેમાળ વર્તન ન દાખવે, સતત ઘરની બહાર રહેતા હોય, માનસિક સાંત્વન મળે તેવા મીઠા શબ્દો ન કહેતા હોય, પતિને અન્ય સ્ત્રી સાથે લગ્નેતર સંબંધ હોય, પતિ શંકા–કુશંકા કરીને મહેણાં મારતા હોય, પતિની મોટી ઉંમર હોય તેથી યુવાન પત્નીની ઉત્કટ પ્રેમની ઝંખના અતૃપ્ત રહેતી હોય, પતિ બીજ વર હોય (કજોડાં લગ્ન) અને સાવકાં સંતાનો સાથે અનુકૂલન સાધી શકાતુ ન હોય, કુટુંબમાં ગરીબી–બેકારી હોય, પતિ અતિશય શારીરિક–માનસિક અત્યાચાર ગુજારતો હોય, પતિ જુગારી અને દારૂડિયો હોય, પતિ અતિ ધાર્મિકતાના બહાને બ્રહ્મચર્ય વ્રત લઈને બેઠો હોય અને પત્નીની સહચાર તથા પ્રેમની ઝંખના અતૃપ્ત રહેતી હોય, પતિ પત્નીની મહત્વાકાંક્ષા તથા અરમાનો પૂરા કરી શકતો ન હોય, માતા તરફથી પ્રેમ ન મળતો હોય અને માતા તિરસ્કૃત કરતી હોય, પિતા તિરસ્કાર કરતા હોય અને પ્રેમ ન કરતા હોય, માતા–પિતા બેમાંથી કોઈ એકનું અવસાન થયુ હોય, આ બધાંમાંથી કોઈ પણ કારણસાર નવલકથાઓમાનાં અભ્યાસ હેઠળના સ્ત્રી પાત્રો અભાવાત્મક સ્થિતિ અનુભવે છે. જેના કારણે જીવનનો ઉત્સાહ અને ઉમંગ ન રહયો હોય પરંતુ માત્ર યંત્રવત્ જીવન જીવી રહયાં હોય તેવા અથવા તો આક્રમક કે વિદ્રોહી બન્યા હોય તેવા સ્ત્રી પાત્રો અભ્યાસ

હેઠળની નવલકથાઓમાં જોવા મળ્યા છે. તેઓને પોતાના વર્તમાન સામાજિક દરજજા અને ભૂમિકાથી અસંતોષ છે.

ઉપરાંત શિક્ષિત અને સ્વતંત્ર વિચાર ધરાવતા સ્ત્રી પાત્રો પોતાના કુટુંબ અને સમાજમાં પુરુષ કરતાં દ્વિતીય કક્ષાના દરજજાથી અસંતુષ્ટ જોવા મળે છે. તેઓ કુટુંબમાં એક 'વ્યકિત' તરીકેનું પોતાનું અસ્તિત્વ છે તે પ્રતિપાદિત કરવાના પ્રયત્નો કરે છે. પિતા, ભાઈ કે પતિની જોહુકમી સહન કરતાં નથી, સામનો કરે છે અથવા દલીલો કરતા જોવા મળ્યાં છે. તેઓને પોતાનો વર્તમાન સામાજિક દરજજો સ્વીકાર્ય નથી તેથી તેઓ અધિકાર પ્રાપ્તિ માટે સંઘર્ષ કરતાં જોવા મળ્યાં છે, શ્રી વર્ષા અડાલજા એ પોતાની નવલકથાઓમાં સર્જેલા મોટાભાગના સ્ત્રી પાત્રો સ્ત્રી તરીકે, 'વ્યકિત' તરીકે આત્મસન્માન વાળા છે અને અન્યાય સામે ઝઝૂમનારા છે.

ગૃહિણીની પરંપરાગત ભૂમિકા પ્રત્યે અણગમો પણ ઘણા સ્ત્રી પાત્રો ધરાવે છે. તેથી તેઓ આર્થિક રીતે સ્વાવલંબી બનીને પડકારરૂપ વ્યાવસાયિક ભૂમિકાઓ સ્વીકારે છે. જેમ કે 'એની સુગંધ' નવલકથાના મુખ્ય સ્ત્રી પાત્ર તરીકે રમીલા છે. તે ભાગીદારીમાં એક પુરુષ સાથે જાસૂસી એજન્સી શરૂ કરે છે અને સફળતા મેળવે છે.

નવલકથાઓના ૧૧ સ્ત્રી પાત્રો પોતાના જીવનથી અર્ધસંતુષ્ટ છે. એટલે કે તેઓને જે સ્થિતિમાં રહેવું પડે તેમાં તેઓ બાહય રીતે સરસ અનુકૂલન સાધી લેતા હોય છે પરંતુ તેમના મનમાં આકાંક્ષાઓ, અરમાનો અને મહત્વાકાંક્ષાઓ સંતુષ્ટ થયા વિનાની રહી ગઈ હોય છે. જેમ કે 'રેતપંખી' નવલકથાની સુનંદાને મુંબઈના ધનવાન અને મોટી ઉંમરના બીજવરની સાથે પરણાવી દેવામાં આવી છે તેથી તેની પ્રેમની ઈચ્છા તથા જાતીયવૃત્તિ અસંતુષ્ટ રહે છે. તે સાવકા પુત્રના યુવાન મિત્ર પ્રત્યે આકર્ષાય છે. પરંતુ તેને તે મનમાં પાપ ગણે છે. આમ, સુનંદા મોટી ઉંમરના પતિ સાથે પણ આનંદિત નથી રહી શકતી અને મનગમતા યુવાન પુરુષ સાથે સંબંધ પણ રાખી શકતી નથી. તેણે બાહય રીતે સુંદર અનુકૂલન સાધી લીધુ છે પરંતુ મનથી તે અતૃપ્ત તથા અસંતુષ્ટ રહી છે. આમ, પૈસેટકે સુખી હોવા છતાં, પતિ તેની સારી રીતે સંભાળ રાખતા હોવા છતાં તે પોતાના જીવનથી અર્ધ સંતુષ્ટ છે.

અભ્યાસ હેઠળની ૨૦ સ્ત્રીઓ પોતાના જીવનથી સંતુષ્ટ છે. તેને કુટુંબ સુખ મળેલું હોય, અથવા ગુજરાન સારી રીતે ચાલી શકે તેટલી આવક કે ધન હોય અથવા પતિ પ્રેમાળ હોય તેવા બધા કારણોસર

સ્ત્રીને થોડો ઘણો અભાવ હોય તો પણ પોતાના જીવનથી તેઓ સંતુષ્ટ છે. જેમ કે 'તિમિરના પડછાયા' નવલકથાની ચંપા ગરીબ છે, બીજાના ઘરે ઘરકામ કરીને કુટુંબનું ગુજરાન ચાલવે છે, ઝૂંપડપટ્ટીમાં રહે છે છતાં પોતાના કુટુંબના સભ્યો–સંતાનો–પતિ–વગેરેની સાથે સંપીને હૂંફમાં જીવન વિતાવી રહી છે તે પોતાના જીવનથી સંતુષ્ટ છે. એવી જ રીતે 'ખરી પડેલો ટહુકો' નવલકથાની સંતુબાઈ પણ બીજાના ઘરે કામ કરે છે છતાં પોતાના કુટુંબજીવનથી સંતુષ્ટ છે. તેને આર્થિક અભાવ પણ સાલતો નથી.

સમગ્ર વર્ગીકરણથી સ્પષ્ટ થાય છે કે નવલકથાઓના સ્ત્રી પાત્રો મહદંશે અભાવાત્મક સ્થિતિમાં જીવન જીવી રહયાં છે. સમાજ કે કુટુંબ પાસે તેઓ જે અપેક્ષાઓ રાખી રહયાં છે તે સંતોષાઈ નથી, તેઓ પોતાના વર્તમાન જીવનથી અસંતુષ્ટ છે. એક 'વ્યકિત' તરીકે તેઓનો સ્વીકાર થાય તેવી તેઓની ઈચ્છા અસંતુષ્ટ રહી જવા પામી છે. તેઓના વ્યકિતત્વના વિકાસના માર્ગમાં અનેક અવરોધો છે.

## ૮.૪ સ્ત્રીના દરજજા અને ભૂમિકામાં આવેલું પરિવર્તન :

દરેક સમાજ અગણિત આંતર્ક્રિયાઓ અને આંતરસંબંધો ઉપર રચાયેલો છે. સમાજના સભ્યો વચ્ચે સતત આતંર્ક્રિયાઓ થતી રહે છે. અને તેઓ અનેકવિધ ભૂમિકાઓ ભજવતાં રહે છે. આ ભૂમિકા લોકોને સમાજમાં સ્થાન આપવા અને ઓળખવા માટે મહત્વનો આધાર પૂરો પાડે છે. બીજી બાજુ ઉંમર, જાતિ, જન્મ, લિંગ, વંશ અને વ્યકિતની જૈવિક તથા બંધારણીય લાક્ષણિકતાઓ વ્યકિતનો દરજજો નકકી કરવાના સામાન્ય માપંદડો છે. જો કે દરજજો સામાજિક ઘટના છે, વ્યકિતની અંતર્ગત લાક્ષણિકતા નથી. એક સામાજિક સ્થાનને અન્ય સામાજિક સ્થાનના સંદર્ભમાં જ મૂલવવામાં આવે છે. સમાજ પરિવર્તનશીલ હોય છે. આ પરિવર્તનની દિશા નકકી કરવામાં નવી શોધો વૈજ્ઞાનિક–યંત્રવૈજ્ઞાનિક વિકાસ, શિક્ષણનો પ્રસાર, તથા આયોજિત પરિવર્તનના કાર્યક્રમો મહત્વનો ભાગ ભજવે છે. ભારતમાં સ્ત્રીઓના દરજજા અને ભૂમિકામાં ૧૯૭૦ સુધી સ્પષ્ટ પરિવર્તન નોંધી શકાયુ ન હતું. ૧૯૭૫ના "આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ" તથા "૧૯૭૫ થી ૧૯૮૫ના મહિલા દશક" ના કારણે સ્ત્રીઓના દરજજા અને ભૂમિકામાં આવેલા પરિવર્તનો સ્પષ્ટ જોઈ શકાયા. 'સ્ત્રીઓના અભ્યાસો' માં પણ વૃદ્ધિ થઈ. ઉપરાંત 'નારીવાદી પરિપ્રેક્ષ્ય' થી પણ સ્ત્રીઓના અભ્યાસો શરૂ થયાં. સ્ત્રીઓના સંજોગો, સ્ત્રીનો દરજજો અને ભૂમિકા, સ્ત્રીના સમાજ સાથેના સંબંધો, નારી દમન, સ્ત્રી પ્રત્યે રાખવામાં આવતો ભેદભાવ, સ્ત્રીઓમાં સભાનતા તથા જાગૃતિ લાવવી વગેરે બાબતો 'સ્ત્રી અભ્યાસો' ના મુખ્ય પાસાંઓ ગણાયા.

'સ્ત્રી અભ્યાસો' ના જે તારણો મળ્યાં તેમાં અનેક વખત સાબિત થયું કે સમાજ સુધારણાના ભાગરૂપે સ્ત્રીઓના દરજજાને ઊંચે લાવવાના અનેક પ્રયત્નો થવા છતાં, સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધ્યો હોવા છતાં, સ્ત્રીનો વ્યવસાય પ્રવેશ તથા આર્થિક સ્વાવલંબનનું પ્રમાણ વધ્યું હોવા છતાં, સ્ત્રીઓનો પરંપરાગત દરજજો અને ભૂમિકા જડબેસલાક યથાવત્ જ રહયા છે. સમાજમાં શ્રમવિભાજન લિંગ આધારિત છે. પરીણામે કુટુંબમાં, કારખાનામાં કે ખેતરમાં શ્રમના વિભાજનનો જૂનો નિયમ થોડા–ઘણા ફેરફારો સાથે ચાલુ રહયો છે. તેથી આધુનિક યુગમાં પણ સ્ત્રી–પુરુષના ઉછેરમાં, સ્ત્રી–પુરુષના શિક્ષણની તરેહમાં તથા ધંધા–વ્યવસાયની પસંદગીમાં સામાજિક મૂલ્યો મહદંશે ફેરફાર પામ્યા વિનાના જોવા મળે છે. અર્થાત્, ભારતમાં સામાન્ય રીતે સ્ત્રીઓ માતા અને ગૃહિણીની ભૂમિકાના વિકલ્પમાં અન્ય કોઈ ભૂમિકા અપનાવવાનું હજુ સુધી વિચારી શકતી નથી. સ્ત્રીઓની પરંપરાગત ભૂમિકા જ આધુનિક સમયમાં સ્ત્રીઓની મુખ્ય ભૂમિકા તરીકે ચાલુ છે. પ્રસ્તુત સમાજશાસ્ત્રીય અભ્યાસ હેઠળની દસ સામાજિક નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી **૬** નાની અપરિણીત યુવતીઓને બાદ કરતા તથા **૬** માત્ર વ્યવસાય કરતા સ્ત્રી પાત્રોને બાદ કરતા **૪૭** સ્ત્રીઓ ગૃહિણી તરીકે જોવા મળી છે. તેમાંથી **૧૨** સ્ત્રીઓ વ્યવસાય તથા ગૃહિણી તરીકે એમ બન્ને પ્રકારની ભૂમિકાઓ ભજવી રહી છે. અને બેવડો ભાર વહન કરી રહી છે. એટલું જ નહીં જે કિસ્સામાં કુટુંબના ભરણપોષણની જવાબદારી ફકત સ્ત્રીને માથે જ હોય ત્યાં પણ સ્ત્રીના દરજજામાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી. કારણ કે પિતૃસત્તાક સમાજમાં કુટુંબના વડા અને ભરણપોષણ કરનાર તરીકે પુરુષને પ્રસ્થાપિત કરાયો છે. પરીણામે જે કિસ્સાઓમાં પુરુષ પોતાની ભૂમિકા ભજવવામાં નિષ્ફળ જાય તો પણ તેનો દરજજો નીચો નથી ઊતરતો અને સ્ત્રીઓ બેવડી ભૂમિકા ભજવે તો પણ એમનો દરજજો ઊંચો નથી જતો. સામાજિક મૂલ્યો અને ધોરણો અસરકારક રીતે કામ કરતા હોય છે. તેના કારણે જ આધુનિક યુગની સ્ત્રીઓ પણ પરંપરાગત ભૂમિકા છોડી શકતી નથી. જો કે થોડા ઘણા પરિવર્તનો તેમાં જરૂરી જોવા મળે છે. જેમ કે સ્ત્રીઓ તેમની પરંપરાગત ભૂમિકાની સાથે–સાથે અને અનુકૂળ હોય તેવા કિસ્સાઓમાં બહાર વ્યવસાય કરવા જઈ શકે છે, મુકત રીતે હરીફરી શકે છે, તેને પોતાનો વિકાસ સાધવાની થોડી ઘણી તક સાંપડે છે અને આ રીતે તે મુકત વાતાવરણમાં બહાર આવી શકે છે પરંતુ તેનું પ્રમાણ અતિ અલ્પ છે.

બીજી બાજુએ કેટલીક સ્ત્રીઓએ શિક્ષણ અને કારકીર્દિના ક્ષેત્રે બતાવી આપ્યું છે કે તેઓને જો તક આપવામાં આવે તો તેઓ પુરુષો જેટલાં જ કારકીર્દિના શિખરો સર કરી શકે છે. સ્વતંત્રતા પછી ધીમે–ધીમે સ્ત્રીઓને માટે શિક્ષણ તથા વ્યવસાયના ક્ષેત્રો ખુલતા ગયાં છે. ૧૯૭૦ના દાયકા પછી તો

સ્ત્રીઓ માટે અનેક તકો ઉપલબ્ધ બની છે. ઉપરાંત સમગ્ર વિશ્વમાં 'નારી મુકિત આંદોલનો' વેગીલા બન્યા છે. તેથી જે કેટલીક સ્ત્રીઓ શિક્ષિત થઈ શકી છે તેઓ જાગૃત થઈ છે. પોતાને થતાં અન્યાયો સામે તે સભાન છે. તેની સામે અવાજ ઉઠાવવા તૈયાર છે, પરંતુ આવી સ્ત્રીઓનું પ્રમાણ ઘણુ ઓછું છે. ભારતીય સમાજે સ્ત્રી–પુરુષ સમાનતા, સ્ત્રી વિકાસ અને સ્ત્રી સ્વતંત્રતાના ક્ષેત્રે હજુ સઘન પ્રયત્નો કરવા પડે તેમ છે, તથા સમાજના ધોરણો અને મૂલ્યો બદલવા પડે તેમ છે.

શ્રી વર્ષા અડાલજાની ૧૦ સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અધ્યયનમાંથી એ ફલિત થાય છે કે સ્ત્રીનો દ્વિતીય કક્ષાનો દરજજો આજે પણ યથાવત્ જળવાઈ રહયો છે. ભારતમાં 'સ્ત્રી સશકિતકરણના કાર્યક્રમો' તથા 'Gender Discrimination' ના અભ્યાસો આજે પણ થાય છે તે સાબિત કરે છે કે સ્ત્રી પુરુષ કરતાં જૈવિક–શારીરિક રીતે – ભિન્ન હોવાથી અનેક સામાજિક અન્યાયોનો સામનો કરતી રહી છે અને તેને 'અબળા' માંથી 'સશકત' – 'સબળા' બનવાની તક હજુ સુધી સમાજે આપી નથી. લગ્ન, કુટુંબ, શિક્ષણ અને વ્યવસાય ક્ષેત્રે સ્ત્રીના વિકાસમાં અવરોધક પરીબળો અને પરિસ્થિતિ આધુનિક યુગમાં પણ અસ્તિત્વમાં છે.

સ્ત્રીએ સંઘર્ષ કરીને વ્યવસાય પ્રવેશ કર્યો છે ખરો પરંતુ તેમાં પણ તેના વિકાસની આડે ઘણા અવરોધો તેણે પાર કરવાના રહે છે. મોટાભાગે સ્ત્રી કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિમાં ટેકારૂપ બનવા માટે વ્યવસાય કરતી જોવા મળે છે. માત્ર સ્વાવલંબન માટે કે આત્મનિર્ભર બનવા માટે વ્યવસાય સ્વીકાર્યો હોય તેવી સ્ત્રીઓ ઓછી જોવા મળે છે.

શિક્ષણનો વ્યાપ વધ્યો છે ખરો પરંતુ કુટુંબની નિમ્ન આર્થિક પરિસ્થિતિ, રૂઢિચુસ્તતા તથા સ્ત્રીના લગ્નને અપાતુ મહત્વ સ્ત્રી શિક્ષણમાં અવરોધક સાબિત થાય છે.

નવલકથાઓમાંના સ્ત્રી પાત્રોના અભ્યાસ ઉપરથી એ સ્પષ્ટ થયું છે કે સ્ત્રી શિક્ષિત હોય તો પતિની જોહુકમી સહન કરી લેતી નથી. શિક્ષિત સ્ત્રી પતિ સાથે ભાવનાત્મક એકતાથી વધારે જોડાયેલી હોય છે તેથી તે પતિના લગ્નેતર સંબંધને સહન કરી લેતી નથી અને 'સ્વમાન' ખાતર પતિને છોડતાં પણ અચકાતી નથી.

નવલકથાઓના સ્ત્રી પાત્રોની વ્યાવસાયિક આત્મનિર્ભરતા તથા શિક્ષિતાવસ્થા તેઓને કોઈપણ કૌટુંબિક–સામાજિક અવરોધો, અસમાનતા તથા અન્યાય સામે અવાજ ઉઠાવવામાં મદદરૂપ બને છે. જે સામાજિક પરિવર્તનનું એક શુભ ચિહ્ન ગણી શકાય.

સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની જેમ જ સમાજશાસ્ત્રી ડૉ. નીરા દેસાઈ જણાવે છે કે, ''નૂતન નારી સામે નવી પરિસ્થિતિ, નવી જવાબદારી, નવા પ્રશ્નો અને નવી તકો ઉત્પન્ન થઈ છે. હજુ ઘણા ચઢાણો ચઢવાના બાકી છે અને ભારતીય સ્ત્રી આ પડકારોને પરિપૂર્ણ કરશે એવી આશા છે.''[૩]

## ૮.૫ સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની પ્રત્યક્ષ મુલાકાતના અંશો અને તેઓનો અભિપ્રાય :

શ્રી વર્ષા અડાલજાએ સ્ત્રી જીવનને આવરી લેતી અનેક નવલકથાઓ સમાજશાસ્ત્રીય – મનોવૈજ્ઞાનિક અભિગમથી લખી છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં તેઓની ૧૦ સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોનું અધ્યયન કરવામાં આવેલ છે.

આ સંશોધન માટે શ્રી વર્ષાબહેનની પ્રત્યક્ષ મુલાકાતો લેવામાં આવી છે. તેઓની મુલાકાતોના અંશો અને નવલકથાઓ વિષે તેઓનો અભિપ્રાય આ પ્રમાણે રજુ કરી શકાય.

તેઓની નવલકથાઓનો મુખ્ય સૂર એ છે કે સમાજમાં સ્ત્રીઓનો દરજજો પુરુષો કરતા ઉતરતી કક્ષાનો છે. જો સમાજની ૫૦% વસ્તી પછાત હોય તો સર્વાંગી વિકાસ કેવી રીતે સાધી શકાય ? સ્ત્રી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ સ્વીકાર્ય બને તેમ ઈચ્છે છે, તે શોષણ અને અન્યાયમાંથી બહાર આવવા ઝંખે છે, તે માટે તે સ્વયં પ્રયત્નશીલ બની છે.

(૧) 'તિમિરના પડછાયા' નવલકથામાં માલતીના પતિ દિનકરરાય ન્યાયાધીશ છે. 'માનબાઈ' કહે છે કે, 'તેના પુત્રએ તેના પાલકપિતાનું ખૂન કર્યું છે તેમાં નૈત્તિક રીતે બધાંનો હાથ છે. તેનો પુત્ર એકલો જ અપરાધી નથી.' માનબાઈએ ન્યાયધીશ દિનકરરાયને ૨૦ વર્ષ પહેલાનો ભૂતકાળ યાદ અપાવ્યો અને કહયું કે તેનો ખૂની પુત્ર દિનકરરાયનો જ પુત્ર છે; દિનકરરાય ભૂતકાળનું બધું જ ભૂલી ગયાં અને માનબાઈની જિંદગીમાં દુઃખ સિવાય કશું ન રહયું. કોઈ વ્યકિત ગુનો આચરે ત્યારે તેની પાછળ દેખીતા કારણ સિવાય બીજા ઘણા કારણો જવાબદાર હોય છે.

---

૩. ડૉ. દેસાઈ નીરા, **ભારતીય સમાજમાં સ્ત્રી જીવન**. આર. આર. શેઠની કંપની, મુંબઈ–૨, ૧૯૭૪, પાના નં.–૩૫૬.

(૨) 'મારે પણ એક ઘર હોય' નવલકથામાં બે બહેનોના પ્રેમ અને ધિક્કાર વચ્ચે ઝોલા ખાતાં એક નાજુક સંબંધની વાત છે. કોઈ સ્ત્રી પાસે વધારે પડતી અપેક્ષા રાખવામાં આવે, નાની બહેન માટે બધું જ જતું કરતા જઈને મોટી બહેન 'લીના' અભાવાત્મક સ્થિતિ અનુભવ્યા કરે છે. તેણે એક હદ નકકી કરી લેવી જોઈતી હતી.

(૩) 'રેતપંખી' નવલકથામાં નવી માતા અને સાવકી પુત્રીના મૈત્રી સંબંધોનો નવો જ ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે. મોટેભાગે સમાજમાં ઓરમાન માતા અને સંતાનો વચ્ચે વૈમનસ્ય જ જોવા મળતું હોય છે. તે દ્રષ્ટિએ બીજવરને પરણાવેલી સુનંદાનું પાત્ર સાવકી માતા તરીકે આદર્શરૂપ રજૂ થયું છે.

(૪) 'આનંદધારા' નવલકથામાં ઝૂંપડપટ્ટીથી ફિલ્મી દુનિયા સુધી પ્રગતિ કરનાર 'મેરેલીન મનરો' કે જેણે ૨૮માં વર્ષે આત્મહત્યા કરી હતી તેની કથા ઉપરથી 'રાણી' નું પાત્રસર્જન કરવામાં આવ્યું છે. કલાના ક્ષેત્રમાં સ્ત્રીને 'સોનાનું ઈંડુ મૂકતી મરઘી' ગણવામાં આવતી હોય છે અને ઘરના બધા સભ્યો શોષણ કરતાં હોય છે. નવલકથામાં 'રાણી' નો સેક્રેટરી મનોજ પણ 'રાણી' ઉપર જાતીય હુમલો કરે છે અને તેને આર્થિક રીતે નુકસાનીમાં ઉતારી દે છે.

(૫) 'ખરી પડેલો ટહુકો' નવલકથામાં માનસિક ખોડખાંપણવાળું છોકરું અને માતા વચ્ચેના અજબ નાજુક સંબંધની વાત છે. પિતા તો 'બ્રેડ વીનર' છે, ઓફીસમાં ચાલ્યો જાય છે; તેને થાય છે કે આ છોકરું 'ગુડ ઈન્વેસ્ટમેન્ટ' નથી તેના કરતા સાજા દીકરા ઉપર વધારે ધ્યાન આપવું. જયારે માતા તો ખોડખાંપણ વાળા બાળકનું જ વધારે ધ્યાન આપ્યા કરે છે; તે બાળક માતાને વધારે બાંધે છે, પિતાના કરતાં. આવા વખતે પિતા અને સ્વજનો વગેરે માતાની વિરૂધ્ધ થઈ જતાં જોવા મળે છે, બીજી સ્ત્રી સાથે પતિ સંબંધ રાખવા લાગે છે અને તે મંદબુદ્ધિના બાળક પ્રત્યે પૈસા ખર્ચવા પણ નથી ઈચ્છતો. શ્રી વર્ષા અડાલજાએ મુંબઈની મંદબુદ્ધિના બાળકોની સંસ્થામાં જઈને આ બાબતનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો છે, તથા નિરીક્ષણ–મુલાકાત દ્વારા હકીકતો એકત્ર કરી છે.

(૬) 'માટીનું ઘર' નવલકથામાં 'Atrocity Against Woman' ની ઘટનાઓનું આલેખન છે.

(૭) 'ત્રીજો કિનારો' નવલકથામાં other woman નો ખ્યાલ લઈને આધુનિક સ્ત્રીના જીવનમાં તેને જે જુદા–જુદા પ્રશ્નોનો સામનો કરવો પડે છે જેમ કે 'ઘરબાર' છોડીને જાય ત્યારે વ્યવસાયના સ્થળે તેને કેવા અનુભવો થાય છે ? છૂટાછેડાના કારણો શું હોઈ શકે ? વગેરેની મનોવૈજ્ઞાનિક અસરો તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ઉપરાંત આધુનિક માતા–પુત્રીનો સંબંધ, સ્ત્રીનો બદલાતો દરજ્જો, વગેરેનું આલેખન છે. સ્ત્રીના જીવનમાં બે કિનારા તો છે જ – એક જન્મથી ઈશ્વરે આપ્યો છે બીજો તે પોતાના લગ્નથી મેળવે છે અને છતાં તેની નદીના ઘૂઘવતા જળને ત્રીજા કિનારાની શોધ છે જે પોતાનો જ હોય, જયાં તેનું સ્વમાન અને આત્મગૌરવયુકત જીવન પસાર થઈ શકે. આમ, 'ત્રીજો કિનારો' નવલકથા સ્ત્રીના આત્મસન્માન અને આત્મનિર્ભરતાની શોધ છે.

(૮) 'શગ રે સંકોરું' નવલકથામાં સ્ત્રીની જાતીય સંતોષની ઈચ્છાની વાત રજૂ કરવામાં આવી છે. પતિ અને પત્ની બેમાંથી પત્ની સામેથી જાતીય સુખની ઈચ્છા વ્યકત કરે તો તે ઘણું જ ખરાબ કહેવાય. પતિ બ્રહ્મચર્ય વ્રત પાલનની પ્રતિજ્ઞા કરે છે તેથી જાતીય વૃત્તિનો સંતોષ, કે જે જીવનની પાયાની જરૂરીયાત છે તેની મનાઈ કરવામાં આવે છે. પતિ–પત્ની એક જ ઘરમાં, એક જ છત નીચે રહેતા હોવા છતાં દૂર–દૂર રહે છે અને તેના કારણે પત્નીના જીવનમાં જે અતૃપ્તિ રહી જાય, તે જે રીતે પતિના સહવાસ માટે ઝૂરતી રહે તેનું આલેખન છે. 'Sex is a basic force of life' અને તેનાથી જ દૂર ભાગતા રહેવાની વૃત્તિ કે જે ધર્મના નામે પ્રતિજ્ઞા દ્વારા ઉત્પન્ન થઈ હોય છે તે યોગ્ય નથી એમ લેખિકા જણાવવા ઈચ્છે છે. પતિ જાતીય સંતોષની ઈચ્છા વ્યકત કરે તે સ્વાભાવિક ગણાય પરંતુ જો પત્ની તેમ કરે તો તે પાપ અને વાસના ગણાય !! સમાજમાં પત્નીનો નિમ્ન–દ્વિતીય કક્ષાનો– દરજ્જો છે તેથી સ્ત્રી પોતાની ઈચ્છા વ્યકત ન કરી શકે તેણે મર્યાદામાં રહેવું જોઈએ.

આમ, શ્રી વર્ષા અડાલજા સાથેની પ્રત્યક્ષ મુલાકાતો દરમ્યાન કેટલીક નવલકથાઓ વિશેના તેઓના અભિપ્રાયો અહીં પ્રસ્તુત કરવામાં આવેલ છે. સંશોધકનું સમાજશાસ્ત્રીય અધ્યયન પણ સાહિત્યકારના અભિપ્રાયો સાથે મળતું આવે છે.

## ।  ઉપસંહાર :

શ્રી વર્ષાબહેન અડાલજાની ૧૦ સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણ અને અધ્યયનનો આ પ્રકરણમાં સવિસ્તાર અહેવાલ આપવામાં આવ્યો છે. સમગ્ર અધ્યયન ઉપરથી એમ કહી શકાય કે આધુનિક યુગમાં પણ ભારતની સ્ત્રીને પોતાના અધિકારો માટે, સ્વમાન, આત્મગૌરવ, સમાનતા તથા સ્વતંત્રતા માટે સ્વયં ઝઝૂમવં પડે છે. તેના વ્યકિતત્વના વિકાસમાં અનેક અવરોધોનો સામનો તેણે કરવો પડે છે.

ભારતીય સમાજમાં સ્ત્રીનો દરજ્જો દ્વિતીય કક્ષાનો છે અને તેની પરંપરાગત ભૂમિકામાં કોઈ જ ફેરફાર નથી થયો. જો સમાજના વલણો અને મૂલ્યો બદલાય તો જ તેમાં આમૂલ પતિવર્તન આવી શકે.

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી વર્ષા અડાલજાની નવલકથાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અધ્યયન અને વિશ્લેષણના આધારે અર્વાચીન ભારતીય સમાજમાં સ્ત્રીના દરજ્જા અને ભૂમિકાને તપાસવામાં આવેલ છે. જેમાં શિક્ષણ, વ્યવસાય, આર્થિક સ્થિતિ, કુટુંબમાં દરજ્જો, લગ્ન આધારિત દરજ્જો, ગૃહિણી તરીકેની ભૂમિકા, પુરુષોનો સ્ત્રીઓ સાથેનો વ્યવહાર અને સ્ત્રીઓનો દરજ્જો વગેરે પાસાઓના સંદર્ભમાં આંકડાકીય વિશ્લેષણ કરી તપાસવામાં આવેલ છે. તેના કુટુંબના કદ અને પ્રકારનો સંદર્ભ પણ જોવામાં આવ્યો છે. જુદા–જુદા માપદંડોના આધારે સ્ત્રી પાત્રોના દરજ્જા અને ભૂમિકાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને તેના આધારે આધુનિક સ્ત્રીના દરજ્જા અને ભૂમિકામાં આવેલું પરિવર્તન તપાસવામાં આવેલ છે.

પ્રકરણ નં.–૭ અને પ્રકરણ નં.–૮ ના આધારે હવે પછીના પ્રકરણમાં સમગ્ર સંશોધનના તારણો આપવાનો પ્રયાસકરવામાં આવેલ છે.

# પ્રકરણ – ૯
# સંશોધનની ફલશ્રુતિ

| પ્રાસ્તાવિક

૯.૧ શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રી પ્રધાન નવલિકાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અભ્યાસના તારણો

૯.૧.૧ સ્ત્રીનો દરજજો અને ભૂમિકાના સંદર્ભમાં નવલિકાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડોના આધારે આપવામાં આવેલા તારણો

૯.૧.૨ નવલિકાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણના આધારે આપવામાં આવેલાં તારણો

(i) નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજજાના વસ્તુલક્ષી પાસાં અંગે આપવામાં આવેલાં તારણો

(ii) નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજજાના આત્મલક્ષી પાસાં અંગે આપવામાં આવેલાં તારણો

૯.૨. શ્રી વર્ષા અડાલજાની સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અભ્યાસના તારણો

૯.૨.૧ સ્ત્રીનો દરજજો અને ભૂમિકાના સંદર્ભમાં નવલકથાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડોના આધારે આપવામાં આવેલા તારણો

૯.૨.૨ નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણના આધારે આપવામાં આવેલાં તારણો

(i) નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાના વસ્તુલક્ષી પાસાં અંગે આપવામાં આવેલાં તારણો

(ii) નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાના આત્મલક્ષી પાસાં અંગે આપવામાં આવેલાં તારણો

૯.૩ ઉપકલ્પનાઓની ચકાસણી અને તારણો

૯.૪ સમગ્રદર્શી તારણો

૯.૫ ભારતીય સમાજમાં સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકામાં સુધારણા અંગેના સૂચનો

૯.૬ આ સંશોધનની મર્યાદા

૯.૭ ભવિષ્યમાં કરવા જેવા સંશોધનો અંગે સૂચનો

। સમાપન

# પ્રકરણ – ૯
# સંશોધનની ફલશ્રુતિ

**પ્રાસ્તાવિક :**

'Literature is a mirror of Society' એ કથન અનુસાર સમાજના સામાજિક, આર્થિક કે રાજકીય પ્રવાહો, વલણો, ધોરણો, મૂલ્યો તથા પરંપરાઓ જે–તે સમયના સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે. તેથી સાહિત્યની મદદથી સમાજ સુધારણાનો દાવો પણ કરાય છે અને સાહિત્યને સમાજ પરિવર્તનનું સાધન ગણવામાં આવ્યું છે. આમ, સાહિત્ય અને સમાજનો સંબંધ પરસ્પરના વ્યવહારનો છે. ભારતીય સાહિત્યમાં સ્ત્રીજીવનની છબીનું કેવું સ્વરૂપ અંકિત કરવામાં આવે છે તે તપાસનો વિષય છે. કારણ કે મહદંશે 'સ્ત્રી' નું ચિત્રણ અપેક્ષિત રૂપરેખામાં જ થયેલું જોવા મળે છે. નારીત્વની ગરિમા જળવાય તેવા નારીકેન્દ્રી અભિગમ વડે શું આપણી સાહિત્યકૃતિઓ લખાઈ છે ખરી ? સ્ત્રીઓનો સંઘર્ષ, તેઓની આંતરિક શકિત, આગવી સૂઝબૂઝ વગેરે સાહિત્યમાં ધારદાર રીતે રજૂ થયાં છે ખરાં ? ગુજરાતી સાહિત્ય કૃતિઓનો નારી પ્રત્યેના વલણ અને મૂલ્યોમાં પરિવર્તન લાવી તેને એક સ્વતંત્ર સહજ વ્યકિત તરીકે ઉપસાવવામાં કેટલો ફાળો છે ? આવા અનેક પ્રકારના પ્રશ્નોના જવાબો મેળવવા માટે 'સાહિત્યના સમાજશાસ્ત્ર' માં સમાજશાસ્ત્રીય અભિગમ વડે સંશોધનો થાય છે. પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં રજૂ થયેલા સ્ત્રી પાત્રોના અભ્યાસ દ્વારા અર્વાચીન યુગના ભારતના સ્ત્રી સમાજનો દરજજો અને ભૂમિકા તપાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સ્વતંત્રતા પછી ભારતના આર્થિક, સામાજિક અને રાજકીય જીવન ક્ષેત્રે પરિવર્તનો આવી રહયાં છે. તેની અસર ભારતના 'સ્ત્રી સમાજ' ઉપર પણ પડેલી છે. સ્ત્રીઓને આ પરિવર્તનોએ હકો અપાવ્યા છે, સ્ત્રીઓ જાગૃત બની રહી છે, શિક્ષિત બનીને આત્મનિર્ભર બની રહી છે; છતાં તેના દ્વિતીયકક્ષાના સામાજિક દરજજામાં કોઈ પરિવર્તન આવ્યું નથી. ભારતીય સ્ત્રી સમાજના સર્વાંગી વિકાસ માટે હજુ ઘણા સક્રિય અને જાગૃત પ્રયત્નોની આવશ્યકતા છે.

સંશોધન એ જ્ઞાન–શોધની યાત્રા છે. જેમ તેનો પ્રારંભ હોય તેમ તેનો અંત કે ઘણીવખત કામચલાઉ મુકામ પણ હોય છે. તે સમાપન પ્રસંગે સંશોધક પોતાના સંશોધનની ફલશ્રુતિ શું ? સંશોધનમાંથી શું મેળવ્યું ? તેનો વિચાર જરૂર કરે છે.

પ્રસ્તુત સંશોધન યાત્રાનો અંત એટલે તેનું અંતિમ પ્રકરણ નં.–૯ – 'સંશોધનની ફલશ્રુતિ' છે. આ પ્રકરણમાં સમગ્ર સંશોધન કાર્ય દરમ્યાન પ્રાપ્ત થયેલી હકીકતો અંગે તારણો દર્શાવવામાં આવ્યાં છે તથા સંશોધનશાસ્ત્રીઓ જેને "સંશોધનનો આત્મા" કહે છે તેવી આ સંશોધનની ઉપકલ્પનાઓ અને તેની યથાર્થતા વિશે વિચારણા કરી છે. ઉપરાંત કેટલાક સમગ્રદર્શી તારણો, ભારતીય સમાજમાં સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકામાં સુધારણા અંગેના સૂચનો, સંશોધનની મર્યાદાઓ અને ભવિષ્યમાં કરવા જેવા સંશોધનો અંગે સૂચનો આપવામાં આવેલાં છે.

સંશોધનના તારણો રજૂ કરતી વખતે શ્રી વર્ષા અડાલજાની પ્રસ્તુત સંશોધન હેઠળની નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રો અંગે પ્રાપ્ત થયેલી હકીકતો ૯.૧ અને ૯.૨ માં રજૂ કરવામાં આવેલી છે; અને તેના આધારે ૯.૩, ૯.૪ અને ૯.૫ મુદ્દાઓ આપવામાં આવ્યાં છે. જે આ પ્રમાણે છે :

## ૯.૧ શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રી પ્રધાન નવલિકાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અભ્યાસના તારણો :

### ૯.૧.૧ સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકાના સંદર્ભમાં નવલિકાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડોના આધારે આપવામાં આવેલા તારણો :

(૧) અભ્યાસ હેઠળની ૩૦ સ્ત્રી પ્રધાન નવલિકાઓમાંના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૭ સ્ત્રી પાત્રો (૧૦.૭૭%) તીવ્ર શારીરિક–માનસિક ત્રાસ–અત્યાચાર, આક્રમક જાતીય વ્યવહાર તથા 'ઘરેલુ હિંસા' નો ભોગ બનતા જોવા મળ્યા છે.

સ્વતંત્રતા મળી તેને ૫૭ વર્ષો થઈ ગયાં છતાં ભારતની સ્ત્રી સ્વતંત્રતા અને સમાનતાના મૂળભૂત અધિકારોનો ભોગવટો નહીંવત્ કરી શકે છે. આધુનિક યુગમાં પણ જોવા મળતી 'ઘરેલુ હિંસા' ની ઘટનાઓ સ્ત્રીનો નિમ્ન દરજ્જો સૂચવે છે.

(૨) અભ્યાસ હેઠળના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૬૨ (૯૫.૩૮%) સ્ત્રી પાત્રો ગૃહિણીની પરંપરાગત ભૂમિકાની તાલીમ બાળપણથી પામ્યા છે. માત્ર ૦૩ સ્ત્રી પાત્રો (૪.૬૨%) જ આધુનિક–વ્યાવસાયિક મહિલા તરીકે પ્રગતિ કરીને આર્થિક રીતે આત્મનિર્ભર થયેલા જોવા મળ્યા છે.

આધુનિક યુગમાં પણ ભારતમાં સ્ત્રીને માટે લગ્ન અને ગૃહસ્થી જ મુખ્ય જીવનધ્યેય ગણાય છે; તેમાં નહીંવત્ પરિવર્તન આવ્યું છે. તેથી સ્ત્રી શિક્ષિત હોય, વ્યવસાય કરતી હોય તો પણ તેણે ગૃહિણી તરીકેની પરંપરાગત ભૂમિકા તો ભજવવી જ પડે છે તેથી ઘણીવખત સ્ત્રીને 'બેવડી ભૂમિકા' નો બોજ વહન કરવો પડે છે. છતાં સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં નિમ્ન જ ગણાય છે. એવું નવલિકાઓના સ્ત્રી પાત્રોનો અભ્યાસ કરતાં તારણ મળેલ છે.

(૩) પોતાનો સ્ત્રી તરીકેનો પરંપરાગત નિમ્ન દરજ્જો અને ગૃહિણીની ભૂમિકામાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરતાં અભ્યાસ હેઠળના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૦૪ (૬.૧૫%) સ્ત્રી પાત્રો જોવા મળ્યાં છે.

આ ચાર સ્ત્રી પાત્રો ઉચ્ચ શિક્ષણ લઈને આધુનિક વિકાસવાદી વિચારધારાને સ્વીકારી શકયા છે. તેઓ પોતાના સર્વાંગી વિકાસ માટે સમાજે સ્ત્રીઓ ઉપર મૂકેલા નિયંત્રણો, મર્યાદા તથા ધોરણોના ચોકઠાંમાંથી બહાર આવીને પોતાની ઈચ્છા પ્રમાણે સ્વ–વિકાસ સાધવાના પ્રયત્નો કરી રહયાં છે.

જો કે સમાજના લોકો તેઓના આ પ્રયત્નોમાં બાધારૂપ બને છે છતાં તેઓ પોતાની રીતે જીવન જીવતાં રહે છે. પરંતુ આવાં સ્ત્રી પાત્રોનું પ્રમાણ નહીંવત્ છે.

(૪) અભ્યાસ હેઠળની ૩૦ નવલિકાઓમાંના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૭ સ્ત્રી પાત્રો (૧૦.૭૭%) પતિના લગ્નેતર સંબંધને સ્વીકારતાં નથી. પતિનું ઘર છોડી દઈને ખુમારીથી સ્વતંત્ર જીવન જીવતાં ૬ સ્ત્રી પાત્રો છે અને ૧ સ્ત્રી પાત્ર પતિ સાથે રહેતા હોવા છતાં સ્વમાનપૂર્વક જીવન જીવે છે. ૬ સ્ત્રી પાત્રોને એકલા જીવન જીવવામાં અનેક કષ્ટો તથા આર્થિક સંઘર્ષ વેઠવો પડે છે, છતાં સ્વમાન ગુમાવીને લાચારીથી પતિના લગ્નેતર સંબંધને તેઓ સ્વીકારતાં નથી.

(૫) અભ્યાસ હેઠળના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૦૪ સ્ત્રી પાત્રો (૬.૧૫%) આત્મસન્માન જાગૃત થતાં અધિકારપૂર્વક જીવન જીવવાનો પ્રયત્ન કરતાં જોવા મળ્યાં છે.

આખી જિંદગી પતિ અને સાસરિયાઓથી દબાયેલા અને શોષિત–ઉપેક્ષિત રહેલાં આ સ્ત્રી પાત્રો મકકમ મનોબળ કેળવી કુટુંબમાં પોતાનું પણ અસ્તિત્વ છે તેનો બીજાઓને ખ્યાલ

આવે તેવું વર્તન કરતાં થયાં. આમ, હિંમતપૂર્વક પોતાની શોષિત સ્થિતિમાંથી બહાર આવવાનો તેઓએ પ્રયત્ન કર્યો છે.

જયારે સ્ત્રીની સહનશીલતાની હદ આવી જાય ત્યારે તે હિંમતપૂર્વક પરિસ્થિતિનો સામનો કરવા કટિબદ્ધ બનીને સ્વમાનપૂર્વક જીવન જીવવા પ્રયત્ન કરે છે તેને આધુનિક યુગમાં ભારતની સ્ત્રીઓમાં આવેલું પરિવર્તન ગણી શકાય; જો કે આ પ્રમાણ નહીંવત્ છે.

(૬) અભ્યાસ હેઠળની નવલિકાઓમાંના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૦૫ સ્ત્રી પાત્રો (૭.૬૯%) શિક્ષણની મદદથી એક 'વ્યકિત' તરીકે પોતાનું અસ્તિત્વ ઉભું કરવાનો પ્રયત્ન કરતાં જોવા મળ્યાં છે. તેઓ કુટુંબના સભ્યોના સહકારથી શિક્ષિત થઈ શકયાં છે અને તેઓના વ્યકિતત્વનો યથોચિત વિકાસ થઈ શકયો છે. શિક્ષણની મદદથી પ્રગતિ કરી શકાય તે અંગે સ્ત્રીને કુટુંબના સભ્યો સહકાર અને પ્રોત્સાહન આપતાં હોય તેવું આધુનિક યુગમાં જોવા મળે છે. તે સ્ત્રીના દરજજા અને ભૂમિકામાં આવેલું પરિવર્તન સૂચવે છે. જો કે તેનું પ્રમાણ નહીંવત્ છે છતાં આશાસ્પદ ગણી શકાય.

(૭) અભ્યાસ હેઠળના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રી પાત્રો વ્યવસાય કરી રહયાં છે તેમાંથી ૧૨ સ્ત્રી પાત્રો આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવન જીવી રહયાં છે. બાકીના ૧૬ સ્ત્રી પાત્રો કુટુંબની આર્થિક મુશ્કેલીમાં મદદરૂપ થવા માટે વ્યવસાય કરી રહયાં છે.

સ્ત્રીના આર્થિક સ્વાવલંબનથી તેનામાં આત્મવિશ્વાસ જન્મે છે. તે સ્વમાનપૂર્વક પોતાનું જીવન જીવી શકે છે. પોતાને થતાં અન્યાયોનો મુકાબલો કરવા સમર્થ બની શકે છે અને તાબેદારીમાંથી મુકત થઈ શકે છે. પરંપરાગત વિચાર ધરાવતા વડીલો અને સમાજના લોકોને તે પોતાને 'વ્યકિત' તરીકે સ્વીકારવા સમજાવી શકે છે. ભારતીય સ્ત્રી–સમાજ માટે તેને આશાસ્પદ પરિવર્તન ગણી શકાય.

(૮) અભ્યાસ હેઠળના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૦૧ સ્ત્રી પાત્ર મોટી ઉંમર સુધી અપરિણીત હોવાથી પોતાની વિજાતીય સંગની ઈચ્છા સંતોષવા તેણે સાથી કર્મચારી પુરુષ સાથે મૈત્રી સ્વીકારી છે આ સ્ત્રી પાત્ર શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર છે. તેથી પોતાના રૂઢિચુસ્ત વિચારોમાં તેણે પરિવર્તન સ્વીકાર્યુ છે. ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૦૧ એ પ્રમાણ નહીંવત્ કહેવાય.

આધુનિક યુગમાં સ્ત્રી શિક્ષણની તકો વધી છે, ભારતના બંધારણે દરેક નાગરિકને સ્વતંત્રતા અને સમાનતાના હકો આપ્યા છે. છતાં સ્ત્રી અને પુરુષ માટેના સામાજિક નિયંત્રણોમાં તફાવત છે. ભારતીય સમાજમાં પુરુષો માટે જાતીયવૃત્તિના સંતોષ માટેના તથા વિજાતીય મૈત્રી માટેના સામાજિક નિયંત્રણો હળવા છે, જયારે સ્ત્રી પાસે સમાજ જાતીય પવિત્રતાની અપેક્ષા રાખે છે. તેથી સ્ત્રીઓ શિક્ષિત હોય, આર્થિક રીતે સ્વાવલંબી હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય છતાં મહદંશે જાતીય પવિત્રતાનું પાલન કરે જ છે.

(૯) આ સંશોધન હેઠળની ૩૦ નવલિકાઓના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૦૪ સ્ત્રી પાત્રો (૬.૧૫%) અત્યાચાર, શોષણ અને અપમાન સામે વિદ્રોહી બનતા જોવા મળ્યાં છે. જેમાંથી ૦૩ સ્ત્રી પાત્રોએ અતિ શારીરિક–માનસિક ત્રાસ આપનારા પતિઓની હત્યા કરી છે; ૦૧ સ્ત્રી પાત્ર એ બળાત્કારનો પ્રયત્ન કરનાર પતિના મિત્રના હુમલામાંથી છૂટવા સ્વબચાવમાં તેની હત્યા કરી છે. ૦૬ સ્ત્રી પાત્રો (૯.૨૩%) એ પતિ દ્વારા થતાં અપમાન, ઉપેક્ષા, અન્યાય અને પતિના લગ્નેતર સંબંધોના કારણે થતાં માનસિક ત્રાસમાંથી મુકિત મેળવવા પતિનું ઘર છોડી દીધુ છે. તેઓ છૂટાછેડા લઈને સ્વતંત્ર રીતે સ્વમાનપૂર્વક જીવન જીવી રહયાં છે. આમ, 'સ્ત્રીત્વ' ના અપમાન સામે નવલિકાઓના સ્ત્રી પાત્રો લડત આપતા જોવા મળે છે. જો કે આધુનિક યુગમાં પણ સ્ત્રી અપમાન અને અત્યાચારો સહન થઈ શકે ત્યાં સુધી કરે છે, અવાજ ઉઠાવતી નથી પરંતુ જયારે તેની સહનશીલતાની હદ આવી જાય ત્યારે તે નાછૂટકે વિદ્રોહ કરવા તૈયાર થાય છે.

સ્વતંત્રતા પછી સ્ત્રીને માટે શિક્ષણ અને વ્યવસાયની તકો વધી છે તેના કારણે સ્ત્રી સ્વમાની અને આત્મવિશ્વાસવાળી બની શકે છે અને તેને થતાં અન્યાય અને અત્યાચારનો સામનો કરી શકે છે, વિદ્રોહ કરી શકે છે, શોષણ સામે અવાજ ઉઠાવી શકે છે, બંડ પોકારી શકે છે. જે આધુનિક યુગમાં ભારતીય સ્ત્રીમાં આવેલું પરિવર્તન કહી શકાય. જો કે તે પ્રમાણ નહીંવત્ હોવાથી સ્ત્રી સમાજે હજુ ઘણા જાગૃત બનવાની આવશ્યકતા છે.

(૧૦) આ અધ્યયનમાં અભ્યાસ હેઠળના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૩ સ્ત્રી પાત્રો (૩૫.૩૮%) ભૂમિકા–સંઘર્ષ અનુભવે છે. જયારે ૪૨ સ્ત્રી પાત્રો (૬૪.૬૨%) મહદંશે ગૃહિણીની ભૂમિકા ભજવતાં હોવાથી ભૂમિકા–સંઘર્ષ અનુભવતાં નથી.

ભૂમિકા–સંઘર્ષનું પ્રમાણ વ્યવસાય કરતી સ્ત્રીઓમાં વધારે છે. શિક્ષિત મહિલાઓમાં પણ ભૂમિકા–સંઘર્ષનું પ્રમાણ વધારે જોવા મળ્યું. કારણ કે શિક્ષિત મહિલા પોતાની ભૂમિકાથી સજાગ હોવાથી જયારે ગૃહિણી તરીકે તથા વ્યવસાયના સ્થળે કર્મચારી તરીકેની ભૂમિકાને યોગ્ય ન્યાય આપી શકતી નથી ત્યારે તેઓ માટે તે પરિસ્થિતિ ભૂમિકા–સંઘર્ષ સર્જનાર બની રહે છે.

ભૂમિકા–સંઘર્ષ અનુભવતી સ્ત્રીઓ માનસિક તંગદિલી અનુભવે છે જે તેઓની કાર્યક્ષમતા માટે અવરોધક બને છે. સંશોધન હેઠળની ૨૩ સ્ત્રીઓ કે જેઓ ભૂમિકા સંઘર્ષ અનુભવે છે તેમાંથી પણ ૦૩ સ્ત્રી પાત્રો તીવ્ર ભૂમિકા–સંઘર્ષ અનુભવતાં જોવા મળ્યાં છે. તેઓ બેવડી ભૂમિકાના બોજા નીચે ચગદાઈ ગયાં છે અને શારીરિક–માનસિક તાણ, અનારોગ્ય, અશાંતિ અને ગુસ્સો અનુભવતાં જોવા મળ્યાં છે.

(૧૧) અભ્યાસ હેઠળની ૩૦ નવલિકાઓમાંના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૦૬ સ્ત્રી પાત્રો (૯.૨૩%) ઉપર પતિ સિવાયના પુરુષો દ્વારા બળાત્કાર થયેલો જોવા મળે છે. જે આધુનિક યુગમાં સ્ત્રીનો નિમ્ન સામાજિક દરજજો સૂચવે છે.

દલિત સ્ત્રીઓ ભારતમાં આજે પણ સવર્ણ પુરુષોના જાતીય શોષણનો ભોગ બની રહી છે. ઉપરાંત નિમ્નવર્ગની સ્ત્રીઓ તથા ફિલ્મ ઉદ્યોગમાં કામ કરતી સ્ત્રીઓનું જાતીય શોષણ તથા તેઓની ઉપર બળાત્કારો થતાં રહે છે તેમ નવલિકાઓમાંથી જાણવા મળે છે.

આધુનિક યુગમાં અનેક સામાજિક પરિવર્તનો આવી રહયાં છે પરંતુ સ્ત્રીઓનું જાતીય શોષણ થતું અટકયું નથી. વ્યવસાયના સ્થળે સહકર્મચારી પુરુષો દ્વારા દ્વિઅર્થી સંવાદો, અડપલાં, અશ્લિલ વાતો વગેરે દ્વારા સ્ત્રી કર્મચારીઓને માનસિક યાતના આપવામાં આવતી હોય છે. ઉપરી અધિકારી કે માલિક પુરુષો પણ સ્ત્રીની આર્થિક લાચારીનો ગેરલાભ લેતા હોય છે. સ્ત્રી–સમાજની આ સમસ્યા વિશ્વવ્યાપી છે અને તેના વડે પુરુષ કરતાં સ્ત્રીનો દરજજો નિમ્ન છે તે બાબત સત્ય સાબિત થાય છે.

પ્રસ્તુત સંશોધન માટે નકકી કરવામાં આવેલા માપદંડોના આધારે ઉપરોકત તારણો તારવવામાં આવેલા છે.

## ૯.૧.૨ નવલિકાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણના આધારે આપવામાં આવેલાં તારણો :

## (i) નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાના વસ્તુલક્ષી પાસાં અંગે આપવામાં આવેલાં તારણો :

### ૧ કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો :

કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો માતા, પુત્રી, પત્ની, બહેન, ફઈબા, સાસુ, પુત્રવધૂ વગેરે અનેક પ્રકારનો હોય છે. પ્રસ્તુત સંશોધન હેઠળની નવલિકાઓના ૬૫ સ્ત્રી પાત્રોનો કુટુંબમાં દરજ્જો તપાસ્યા પછી જાણવા મળ્યું છે કે માતા તરીકે કુટુંબમાં ઉચ્ચ અને મધ્યમ કક્ષાનો દરજ્જો ધરાવતા સ્ત્રી પાત્રોની સંખ્યા ૯ ની છે. ભારતીય સમાજમાં માતાનું સ્થાન આદરણીય ગણાય છે તેથી નિમ્ન દરજ્જો ધરાવતું એક પણ સ્ત્રી પાત્ર જોવા મળ્યુ નથી.

પુત્રી તરીકેનો દરજ્જો પ્રગતિશીલ–શિક્ષિત કુટુંબોમાં ઉચ્ચ કક્ષાનો અને માનભર્યો જોવા મળે છે, રૂઢિચુસ્ત કુટુંબોમાં પુત્રી કરતાં પુત્રનું મહત્વ વધારે હોવાથી તેવા કુટુંબોમાં પુત્રીનો દરજ્જો મધ્યમ અને નિમ્ન કક્ષાનો જોવા મળ્યો. ઉચ્ચ દરજ્જો ધરાવતાં ૦૮, મધ્યમ દરજ્જો ધરાવતાં ૦૭ અને નિમ્ન દરજ્જો ધરાવતાં ૦૭ સ્ત્રી પાત્રો નવલિકાઓમાં જોવા મળ્યાં.

પત્ની તરીકે કુટુંબમાં ઉચ્ચ દરજ્જો ધરાવતાં ૦૨, મધ્યમ દરજ્જો ધરાવતાં ૦૪ અને શોષિત, ઉપેક્ષિત તથા નિમ્ન દરજ્જો ધરાવતાં ૧૬ સ્ત્રી પાત્રો જોવા મળ્યાં છે. આ આંકડા સાબિત કરે છે કે આધુનિક યુગમાં પણ પત્નીનો દરજ્જો કુટુંબમાં મહદંશે ઉપેક્ષિત, શોષિત, કચડાયેલો તથા પતિના કરતા નિમ્ન કક્ષાનો છે.

પુત્રવધૂ તરીકે કુટુંબમાં ઉચ્ચ દરજ્જો ધરાવતાં ૦૨, મધ્યમ દરજ્જો ધરાવતાં ૦૨ અને નિમ્ન દરજ્જો ધરાવતાં ૦૬ સ્ત્રી પાત્રો જોવા મળ્યાં. જે દર્શાવે છે કે કુટુંબમાં પુત્રવધૂ તરીકેનો દરજ્જો આજે પણ નિમ્ન કક્ષાનો છે. જે ૦૬ સ્ત્રી પાત્રો નવલિકાઓમાં પુત્રવધૂ તરીકે નિમ્ન દરજ્જો ધરાવે છે તેઓ ઉપેક્ષિત, દબાયેલા અને શોષિત સ્થિતિમાં જીવન જીવી રહયાં છે. તેઓનો એક 'વ્યકિત' તરીકે કુટુંબમાં સ્વીકાર થવાના બદલે સમગ્ર કુટુંબના સભ્યોની સેવા–ચાકરી કરનારી ગુલામ સ્ત્રી જેવું તેઓનું સ્થાન જોવા મળે છે. તેઓને પોતાની ઈચ્છા,

અરમાન કે મહત્વાકાંક્ષા હોય જ નહીં, તેઓનો સમગ્ર સમય તથા જીવન કુટુંબના સભ્યો માટે જ હોય તેવું લાગે છે.

સાસુ તથા ફોઈબા તરીકે કુટુંબમાં ઉચ્ચ દરજ્જો ધરાવતાં ૧–૧ સ્ત્રી પાત્રો છે. ફઈજી તરીકે ૧ સ્ત્રી પાત્ર મધ્યમ કક્ષાનો દરજ્જો ધરાવે છે. પતિની માતાનું સ્થાન સ્વાભાવિક રીતે જ કુટુંબમાં ગૌરવપૂર્ણ હોય છે અને પિતાના બહેન કે પતિના ફોઈબાનું સ્થાન પણ કુટુંબમાં મધ્યમ કક્ષાનું હોય છે. સંયુકત કુટુંબમાં ફોઈબાનું માન બધાં નાની ઉંમરના ભત્રીજા–ભત્રીજીઓ રાખતા હોય છે.

એકંદરે સ્ત્રી પાત્રોનો કુટુંબમાં દરજ્જો મધ્યમ અને નિમ્ન કક્ષાનો વધારે જોવા મળ્યો. સાંપ્રતકાલીન વિકાસ અને પરિવર્તનની અસર હેઠળ કુટુંબમાં કેટલાક સ્ત્રી પાત્રો ઉચ્ચ દરજ્જો ધરાવતા જોવા મળ્યાં પરંતુ તે પ્રમાણ ઓછુ છે.

## l લગ્ન અને સ્ત્રીનો દરજ્જો :

પ્રસ્તુત અભ્યાસ હેઠળના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૩ (૩૫.૩૯%) સ્ત્રી પાત્રો અપરિણીત છે, ૩૦ (૪૬.૧૫%) સ્ત્રી પાત્રો પરિણીત છે, ૦૪ (૬.૧૫%) સ્ત્રી પાત્રો વિધવા છે, ૦૫ (૭.૬૯%) સ્ત્રી પાત્રો ત્યકતા છે અને ૦૩ (૪.૬૨%) સ્ત્રી પાત્રોએ છૂટાછેડા લીધા છે.

૨૩ અપરિણીત સ્ત્રી પાત્રોમાંથી ૧૧ સ્ત્રી પાત્રો વ્યવસાય કરી રહયાં છે. તે ૧૧ સ્ત્રી પાત્રોમાંથી ૦૮ સ્ત્રી પાત્રો ખુમારીપૂર્વક વ્યવસાય કરે છે અને ૦૩ સ્ત્રી પાત્રોને આર્થિક લાચારીના કારણે વ્યવસાય કરવો પડે છે.

૨૩ અપરિણીત સ્ત્રી પાત્રોમાંથી ૦૩ સ્ત્રી પાત્રોને કુટુંબીજનો જેવું મળે તેવા પાત્ર સાથે ગોઠવાઈ જવા દબાણ કરે છે; ૦૪ સ્ત્રી પાત્રોની હજુ લગ્નની ઉંમર થઈ નથી, ૦૮ સ્ત્રી પાત્રો અભ્યાસ કરી રહયાં છે અને કુટુંબીજનો તેમના માટે યોગ્ય પાત્રની શોધ ચલાવી રહયાં છે.

૩૦ પરિણીત સ્ત્રી પાત્રોમાંથી ૧૨ સ્ત્રી પાત્રોનું દાંપત્યજીવન સુખી છે, ૦૭ સ્ત્રી પાત્રો પતિથી સંતુષ્ટ હોવા છતાં સાસરિયાની સેવામાં આખો દિવસ કામનો ઢસરડો કરતાં રહે છે, પતિ દ્વારા દબાયેલા ૦૮ સ્ત્રી પાત્રો છે, ૦૩ સ્ત્રી પાત્રો પતિનો ત્રાસ અને અત્યાચાર,

અતિકામુકતા વગેરેને સતત સહન કરી રહયાં છે. ૦૮ સ્ત્રી પાત્રો પરંપરાગત ગૃહિણીની ભૂમિકા ઉપરાંત વ્યવસાય પણ કરે છે. તેઓ બેવડી ભૂમિકાથી થાક અનભુવે છે.

કુલ ૩૦ પરિણીત સ્ત્રી પાત્રોનો દરજ્જો પતિના દરજ્જા કરતાં ગૌણ જોવા મળ્યો છે. પત્ની વ્યવસાય કરતી હોય તો તેની આવક અને વ્યવસાય પતિની આવક અને વ્યવસાયના સંદર્ભમાં ઓછું મહત્વ ધરાવે છે, ગૌણ ગણાય છે.

કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૦૪ વિધવા સ્ત્રીઓ છે. તેમાંથી ૦૨ સ્ત્રીઓ માતા તરીકે કુટુંબમાં ઉંચો દરજ્જો ધરાવે છે, ૧ સ્ત્રી પાત્ર જેલમાં છે, ૧ વિધવા પુત્રવધૂ સાસરિયાની સેવામાં પોતાના હોવાનો અહેસાસ પણ ખોઈ બેઠી હતી પરંતુ સ્વમાન જાગૃત થતાં સ્વાધિકાર માટે પ્રયત્નો શરૂ કરે છે.

અભ્યાસ હેઠળની નવલિકાઓમાં ૦૫ સ્ત્રી પાત્રો ત્યકતા છે. જેમાંથી ૦૩ સ્ત્રી પાત્રોના પતિને લગ્નેતર સંબંધ છે, તેથી ત્રણમાંથી બે સ્ત્રીઓએ સ્વમાન જાળવવા પતિનું ઘર સ્વેચ્છાએ છોડી દીધું છે. ૧ સ્ત્રી વૃદ્ધ છે અને ભાઈના કુટુંબમાં વર્ષોથી રહે છે, ૧ સ્ત્રીને સાસરિયાઓ પિતાના ઘરે મૂકી ગયાં છે, ૧ સ્ત્રીને પતિ લગ્નેતર સંબંધના કારણે શારીરિક–માનસિક ત્રાસ આપતો હતો તેથી પતિ એ કાઢી મૂકવાના કારણે તેણે પોતાના સંતાનો સાથે વર્ષોથી પતિનું ઘર છોડી દીધુ છે અને એકલા સંઘર્ષ કરીને બાળકોને મોટાં કર્યા છે.

સ્ત્રીના ત્યકતા થવા પાછળના કારણોમાં પતિ–સાસરિયાઓનો ત્રાસ, પતિના લગ્નેતર સંબંધો અથવા બીજા લગ્ન, સાસરિયાઓની ધનલાલસા વગેરે જોવા મળે છે.

અભ્યાસ હેઠળના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૦૩ સ્ત્રી પાત્રોએ છૂટાછેડા લીધાં છે. છૂટાછેડાના કારણોમાં પતિના લગ્નેતર સંબંધો મુખ્ય છે. ૧ સ્ત્રીનો પતિ વર્ષો પહેલાં સાધુમંડળી સાથે ભાગી ગયો છે.

આમ, આધુનિક યુગમાં ભારતીય સમાજમાં "લગ્ન અને સ્ત્રીનો દરજ્જો" તપાસતાં સ્ત્રીનો દરજ્જો પુરુષ પાત્રો કરતાં ઊતરતી કક્ષાનો જોવા મળ્યો છે. સ્ત્રીએ સમાજમાં અધિકાર પ્રાપ્તિ માટે સતત સંઘર્ષ કરતા રહેવો પડે છે તેવું જોવા મળેલ છે. જો કે શિક્ષણની તક મળતાં

સ્ત્રી વ્યવસાય કરતી થઈ છે તે અપરિણીત હોય કે પરિણીત હોય, વિધવા હોય, ત્યકતા હોય કે છૂટાછેડા લીધેલા હોય જો તે સ્વાવલંબી હોય, આત્મનિર્ભર હોય તો ખુમારીથી જીવન જીવી શકે છે. જો કે અનેક અવરોધોનો તેણે જિંદગીભર સામનો કરતા રહેવો પડે છે.

## l વ્યવસાય અને સ્ત્રીનો દરજ્જો :

પ્રસ્તુત અભ્યાસ હેઠળની નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રી પાત્રો (૪૩.૦૪%) વ્યવસાય કરી રહયાં છે. તેમાંથી ઉચ્ચ કક્ષાની આવકવાળા વ્યવસાયોમાં ૦૮ સ્ત્રી પાત્રો છે, મધ્યમ આવકવાળા અને મધ્યમ શિક્ષણની જેમાં આવશ્યકતા છે તેવા વ્યવસાયોમાં ૧૦ સ્ત્રી પાત્રો છે અને નિમ્ન આવક આપતાં ઓછી સ્થિરતા વાળા અસંગઠિત ક્ષેત્રોમાં ૧૦ સ્ત્રી પાત્રો કામ કરી રહયાં છે.

ત્રણેય પ્રકારના વ્યવસાયોમાં જોડાયેલા સ્ત્રી પાત્રોનો સામાજિક દરજ્જો પુરુષોના દરજ્જા કરતાં દ્વિતીય કક્ષાનો જોવા મળેલ છે. ભારતીય સમાજમાં સ્ત્રીની મુખ્ય ભૂમિકા ગૃહકાર્ય અને બાળઉછેરની જ ગણાય છે. સ્ત્રી સ્વવિકાસ માટે કે કુટુંબની આર્થિક જરૂરીયાતમાં મદદરૂપ થવા માટે વ્યવસાય સ્વીકારે તે તેની વધારાની ભૂમિકા ગણાય છે. કારણ કે વ્યવસાય પુરુષના કાર્યક્ષેત્રમાં આવે છે. તેથી પુરુષોને પણ સ્ત્રી વ્યવસાય કરે તે પસંદ નથી હોતુ. સમાજના આવા જડ વલણો, પુરુષની સત્તા અને આધિપત્ય, પરંપરાને વળગી રહેવાનું લોકોનું વલણ વગેરે સ્ત્રીના વ્યાવસાયિક વિકાસ અને સ્વવિકાસમાં અવરોધક પરીબળ તરીકે ભાગ ભજવે છે. છતાં સ્ત્રીઓના વ્યવસાય પ્રવેશની માત્રા આધુનિક યુગમાં વધતી જાય છે તેને આશાસ્પદ પરિવર્તન ગણી શકાય.

## l ભૂમિકા–સંઘર્ષ અને સ્ત્રીનો દરજ્જો :

અભ્યાસ હેઠળની નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૩ સ્ત્રી પાત્રો (૩૫.૩૮%) એવા છે જેઓને ઘર, સામાજિક જીવન અને કર્મચારી તરીકેની ત્રિવિધ જવાબદારીઓ અને ત્રિવિધ ભૂમિકાઓ ભજવવી પડે છે અને તેથી આ સ્ત્રી પાત્રો ભૂમિકા–સંઘર્ષ અને માનસિક તાણ અનુભવે છે.

અભ્યાસ હેઠળની નવલિકાઓના ૪૨ સ્ત્રી પાત્રો (૬૪.૬૨%) પરંપરાગત ભૂમિકા જ ભજવે છે તેથી તેઓને ભૂમિકા–સંઘર્ષ અનુભવવો પડતો નથી.

સ્ત્રી વ્યવસાય કરે, આર્થિક રીતે કુટુંબને મદદરૂપ થાય, ગૃહકાર્ય કરે, બાળઉછેર કરે, કુટુંબના સભ્યોની સેવા કરે, આમ, અનેકવિધ ભૂમિકાઓ તે ભજવે છતાં તે કુટુંબમાં ગૌણ દરજજો ધરાવે તેવું નવલિકાઓના અધ્યયનમાંથી જાણવા મળેલ છે.

## l પુરુષ દ્વારા સ્ત્રીઓની સાથે થતા વ્યવહારનું સ્વરૂપ અને સ્ત્રીઓનો દરજજો :

નવલિકાઓના સ્ત્રી પાત્રોને પતિ દ્વારા માનભર્યા અને પ્રેમાળ વર્તનનો અનુભવ થતો હોય તેવા સ્ત્રી પાત્રોની સંખ્યા માત્ર ૧૨ (૧૮.૬૬%) જ છે. અને પિતા, ભાઈ કે અન્ય સગા દ્વારા પ્રેમાળ વર્તન થતું હોય, તેઓ પુત્રીના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થતા હોય તેવા સ્ત્રી પાત્રોને થતા અનુભવોની સંખ્યા ૧૧ (૧૬.૯૨%) જ છે.

જયારે પતિ દ્વારા શારીરિક–માનસિક ત્રાસના અનુભવો અધ્યયનની નવલિકાઓમાં ૦૭ છે, પતિ દ્વારા અપમાનિત થવું અને ઉપેક્ષા કે બેદરકારીના અનભુવો અનુક્રમે ૧૧ અને ૧૬ છે. પતિ સિવાયના પુરુષો દ્વારા બળાત્કારના અનુભવો ૦૬ છે, સહકાર્યકર પુરુષો દ્વારા દ્વિઅર્થી સંવાદો, અડપલાં વગેરેના ૦૪ અનુભવો જોવા મળ્યાં છે, પતિના લગ્નેતર સંબંધોના કારણે અભ્યાસ હેઠળના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૦૭ સ્ત્રી પાત્રો અપમાનિત અને દુઃખી થય છે અથવા તો તેઓને પતિનું ઘર છોડી દેવું પડયું છે.

આધુનિક ભારતીય સમાજમાં પણ પતિ દ્વારા શારીરિક–માનસિક ત્રાસનો ભોગ સ્ત્રીઓ બને છે, વ્યવસાયના સ્થળે દ્વિઅર્થી સંવાદો વડે અપમાનિત થાય છે, નિમ્ન જ્ઞાતિઓ તથા નિમ્ન વર્ગની સ્ત્રીઓ સવર્ણ પુરુષના જાતીય શોષણનો ભોગ આજે પણ બને છે, વ્યવસાયના સ્થળે પુરુષ ઉપરી અધિકારી, ગામના જમીનદાર કે ઘરકામ કરવાના સ્થળે પુરુષો સ્ત્રીની આર્થિક લાચારી, સુંદરતા અને પુરુષ કરતાં સ્ત્રી ઓછી શકિતશાળી હોવાના કારણે બળાત્કાર કરવા પ્રેરાય છે.

છતાં તે બધાં જ અવરોધક પરિબળોનો સામનો કરીને અને પોતાની જાતને બચાવીને આધુનિક સ્ત્રી સ્વવિકાસ માટે પ્રયત્નો કરતી જ રહે છે અને શિક્ષિત બનીને વ્યવસાયમાં પ્રગતિ સાધતી રહે છે. જો કે અમુક શિક્ષિત અને સંસ્કારી કુટુંબોમાં સ્ત્રીને પુત્રી, પત્ની કે પુત્રવધૂ તરીકે વિકાસની અને શિક્ષણની તક અપાય છે. જે પરિવર્તનની આશા ઉત્પન્ન કરે છે.

## ι શિક્ષણ અને સ્ત્રીનો દરજ્જો :

અભ્યાસ હેઠળની નવલિકાઓના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૩૬ (૫૫.૩૮%) સ્ત્રી પાત્રોએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે, ૦૬ (૦૯.૨૩%) સ્ત્રી પાત્રોએ મધ્યમ કક્ષાનું શિક્ષણ મેળવેલ છે અને ૨૩ (૩૫.૩૯%) સ્ત્રી પાત્રો અશિક્ષિત જોવા મળ્યાં છે.

નવલિકાઓના શિક્ષિત સ્ત્રી પાત્રોમાંથી મોટાભાગના સ્ત્રી પાત્રો કોઈ ને કોઈ વ્યવસાય સાથે જોડાયેલાં છે. ગૃહિણીની ભૂમિકા ઉપરાંત વ્યાવસાયિક જવાબદારીઓ પણ તેઓ નિભાવે છે.

મહદંશે નગરીય વાતાવરણમાં રચાયેલી નવલિકાઓના સ્ત્રી પાત્રોમાં ઉચ્ચ શિક્ષણની ટકાવારી ૫૫.૩૮% છે. તેનો અર્થ એ થયો કે આધુનિક યુગમાં શહેરોમાં સ્ત્રીઓને શિક્ષણની તક સારી મળે છે. શિક્ષિત સ્ત્રી 'સ્વમાન' બાબતે જાગૃત બનીને અન્યાય તથા શોષણનો સામનો કરી શકે છે. પતિ કે સાસરિયા દ્વારા થતી ઉપેક્ષા, અપમાન કે પતિના લગ્નેતર સંબંધોની સામે અવાજ ઉઠાવે છે. આત્મગૌરવની રક્ષા માટે પતિ કે કુટુંબને છોડવા પડે તો છોડી પણ શકે છે. આમ, શિક્ષણની તક મળતાં આધુનિક સ્ત્રી આત્મનિર્ભર બનીને સ્વવિકાસ સાધી શકે છે, તેવું નવલિકાઓના અધ્યયનમાંથી જાણવા મળેલ છે.

નવલિકાઓમાં ૨૩ (૩૫.૩૯%) સ્ત્રી પાત્રો અશિક્ષિત છે. છતાં તેઓ અસંગઠિત વ્યવસાયો જેવાં કે ખેતમજૂરી અને બીજાના ઘરના કામો કરીને આર્થિક રીતે પતિને કુટુંબનું ગુજરાન ચલાવવામાં મદદરૂપ થઈ રહી છે.

## (ii) નવલિકાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાના આત્મલક્ષી પાસાં અંગે આપવામાં આવેલા તારણો :

નવલિકાઓના સ્ત્રી પાત્રો 'વ્યકિત' તરીકે વિકાસ સાધવા ઈચ્છે છે પરંતુ તેમાં તેઓને અનેક અવરોધોનો સામનો કરવો પડે છે. ''આપણે સ્ત્રીની જાત'' ની વાત તેઓએ અનિચ્છાએ પણ સ્વીકારવી પડે છે; સ્ત્રી પુરુષ કરતાં ઉતરતી છે, નિમ્ન દરજજો ધરાવે છે તેવું સતત અનુભવતી રહે છે. તે માટે ભારતીય કૌટુંબિક અને સામાજિક વાતાવરણ પણ જવાબદાર છે.

નવલિકાઓના મોટાભાગના સ્ત્રી પાત્રો પતિ, પિતા કે કુટુંબના અન્ય વડીલ પુરુષ સભ્યોથી દબાયેલા અને કચડાયેલા જોવા મળેલ છે. લગ્ન પછી સાસરિયાઓ પણ સ્ત્રી ઉપર સત્તા ધરાવતા હોય તેવું જોવા મળેલ છે. પુત્રવધૂ કે પત્ની તરીકે પોતાના "હોવાપણાનો અહેસાસ" પણ ખોઈ બેઠાં હોય અને સતત કુટુંબના અન્ય સભ્યો માટે જીવન જીવતાં હોય તેવા સ્ત્રી પાત્રોનું જયારે 'સ્વમાન' જાગૃત થાય, તેઓ આત્મવિશ્વાસપૂર્વક ઘરની ચાર દિવાલોની બહાર આવે ત્યારે પોતાના ખોવાયેલા અસ્તિત્વને પુનઃ પ્રાપ્ત કરવા જાગૃત પ્રયત્નો કરવા લાગે છે તેવું નવલિકાઓમાંથી જાણવા મળેલ છે.

કેટલાંક કુટુંબોમાં સ્ત્રીઓના વ્યકિતત્વના વિકાસની સુયોગ્ય તક મળતી હોઈ તેઓ ઉચ્ચશિક્ષણ લઈને વ્યવસાય સ્વીકારી આત્મનિર્ભર બની શકે છે. તેઓનો વિકાસ એક 'વ્યકિત' તરીકે થઈ શકયો છે. આત્મસન્માનપૂર્વક જીવી રહયાં હોય તેવા ખુમારીવાળા સ્ત્રી પાત્રો પણ નવલિકાઓમાં છે; તેઓને 'Second Sex' નું લેબલ સ્વીકાર્ય નથી; તેઓ કુટુંબના સભ્યોની મદદથી નવી પૂર્ણતા અને આત્મવિશ્વાસ સાથે બહાર આવેલી સ્ત્રીઓ છે. જો કે સમાજમાં સ્ત્રીઓનો સામાજિક દરજજો દર્શાવ્યા પ્રમાણે સુધારણા પામી રહયો છે ખરો પરંતુ તેની ગતિ ઘણી જ ધીમી છે.

## ૧ નવલિકાઓના સ્ત્રી પાત્રોની માનસિક સ્થિતિ :

અભ્યાસ હેઠળની નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૪૦ સ્ત્રી પાત્રો (૬૧.૫૪%) પોતાના જીવનમાં કોઈને કોઈ પ્રકારે અભાવ અનુભવી રહયાં છે. પતિ દ્વારા ઉપેક્ષા થતી હોય, પિતા રૂઢિચુસ્ત હોય, આર્થિક તંગી હોય, માતા–પિતા વચ્ચે અણબનાવ હોય, ઈચ્છા પ્રમાણે શિક્ષણ લઈ શકાયું ન હોય, અરમાનો અને મહત્વાકાંક્ષાઓની વિરૂદ્ધની પરિસ્થિતિ વચ્ચે અભાવાત્મક સ્થિતિમાં તેઓ જીવન જીવી રહયાં છે. તેઓને પોતાના વર્તમાન સામાજિક દરજજા અને ભૂમિકાથી અસંતોષ છે.

નવલિકાઓના ૦૩ સ્ત્રી પાત્રોને (૦૪.૬૨%) પોતાના જીવનથી આંશિક સંતોષ છે. એટલે કે આર્થિક સ્થિતિ સારી હોય તો કુટુંબમાં માતા–પિતામાંથી કોઈ એક સભ્યની હાજરી ન હોય અથવા વર્તમાનમાં સંતુષ્ટ હોય તો ભૂતકાળમાં દુઃખી હોય. એમ જીવનનું એકાદ પાસું નબળું હોય તેવા સ્ત્રી પાત્રોની સંખ્યા ઓછી છે.

પોતાના જીવનથી સંતુષ્ટ હોય, આશા અને અપેક્ષા પૂરી થઈ શકી હોય તેવા સ્ત્રી પાત્રો ૨૨ (૩૩.૮૪%) છે. તેઓના કુટુંબની આર્થિક સ્થિતિ સારી હોવાથી, પતિ કે પિતા પ્રેમભર્યો વ્યવહાર કરતા હોવાથી, કુટુંબ અને સમાજમાં માન મળતું હોવાથી, જીવન પ્રત્યે કોઈ જ અભાવ તેઓ અનુભવતા નથી.

આમ, સમગ્ર વર્ગીકરણમાં મહદંશે સ્ત્રી પાત્રો અભાવાત્મક પરિસ્થિતિમાં અને અપેક્ષાઓ–આશાઓ વણસંતોષાયેલી રહી હોય તેવા જોવા મળેલ છે; તેઓના વ્યકિતત્વના વિકાસના માર્ગમાં અનેક અવરોધો છે; એક 'વ્યકિત' તરીકે તેઓનો સ્વીકાર થાય તેવી ઈચ્છા અસંતુષ્ટ રહેલી જોવા મળે છે.

## ૯.૨ શ્રી વર્ષા અડાલજાની સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય અભ્યાસના તારણો :

શ્રી વર્ષા અડાલજાની કુલ ૧૦ સામાજિક નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરવા માટે કેટલાંક માપદંડો નકકી કરી તેના આધારે સ્ત્રી પાત્રોના દરજજા અને ભૂમિકાના સંદર્ભમાં સમાજશાસ્ત્રીય વિશ્લેષણ આપવામાં આવેલ છે. તેના તારણો આ પ્રમાણે છે :

### ૯.૨.૧ સ્ત્રીનો દરજજો અને ભૂમિકાના સંદર્ભમાં નવલકથાઓના સ્ત્રી પાત્રોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણના માપદંડોના આધારે આપવામાં આવેલા તારણો :

(૧) અભ્યાસ હેઠળની ૧૦ સામાજિક નવલકથાઓમાંના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૮ સ્ત્રી પાત્રો (૧૩.૫૬%) તીવ્ર શારીરિક–માનસિક ત્રાસ–અત્યાચાર, આક્રમક જાતીય વ્યવહાર તથા 'ઘરેલુ હિંસા' નો ભોગ બનતા જોવા મળ્યા છે.

૦૮ સ્ત્રી પાત્રોમાંથી ૦૬ સ્ત્રી પાત્રો પતિ દ્વારા થતાં શારીરિક–માનસિક અત્યાચારોથી પીડિત છે, ૦૨ સ્ત્રી પાત્રો પિતાના અને તેમાંથી ૦૧ સ્ત્રી પાત્ર પિતા તથા સાસરિયાના ત્રાસથી પીડિત છે.

તેઓ શકય હોય ત્યાં સુધી સહન કર્યા કરે છે. જયારે ત્રાસ અસહય બને ત્યારે ન્યાય મેળવવા માટે કશું બોલે છે ત્યારે તેઓને દબાવી દેવામાં આવે છે.

'ઘરેલુ હિંસા' નું દૂષણ પ્રાચીનકાળથી વિશ્વવ્યાપી છે. યુગે–યુગે સાહિત્યકારોએ તેને પોતાની કૃતિઓ દ્વારા સમાજ સમક્ષ રજૂ કર્યું છે.

'પુરુષ પ્રધાનતા' ના કારણે પત્ની અને સંતાનોને દબાવી દઈ શકાય, શોષણ કરી શકાય, મારી પણ શકાય, તે બાબતો ભારતીય સમાજમાં સદીઓથી 'સવળી ગંગા' તરીકે સ્વીકૃત થયેલી છે. 'પતિ મારે' તે બાબત દરેક પરિણીત સ્ત્રીએ સ્વીકારી લેવાનું હોય છે.

પત્ની કે પુત્રવધૂ ને અપમાનિત કરી શકાય એવું વલણ ભારતીય સમાજમાં પરંપરાગત રીતે સ્વીકૃત થયેલું છે. તે સ્ત્રીનો નિમ્ન કે દ્વિતીય કક્ષાનો દરજજો સૂચવે છે. ઘરેલુ હિંસાના કારણે સ્ત્રીની સમગ્ર વ્યકિતમત્તા છિન્નભિન્ન થઈ જાય છે. કયારેક તે ત્રાસમાંથી છૂટવા આત્મહત્યા કરી બેસે છે, તો કયારેક માનસિક રીતે અસ્થિર બની જાય છે, અથવા તો આક્રમક તથા વિદ્રોહિણી બની જાય છે ત્યારે સમાજમાં અનેક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે.

(૨) અભ્યાસ હેઠળની નવલકથાઓમાંના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૪૫ સ્ત્રી પાત્રો (૭૬.૨૭%) પરંપરાગત ગૃહિણીની ભૂમિકામાં બાળપણથી તાલીમ પામ્યાં છે; ૦૬ સ્ત્રી પાત્રો (૧૦.૧૭%) જ આધુનિક–વ્યાવસાયિક મહિલા તરીકે પ્રગતિ કરીને આર્થિક રીતે આત્મનિર્ભર થયાં છે. આ વ્યવસાયી મહિલાઓને સમાજના લોકોની ટીકાનો ભોગ બનવું પડે છે કારણ કે તેઓ એકલા અને સ્વતંત્ર રહે છે. છતાં તેઓ પોતાનો સ્વવિકાસ સાધવા પ્રયત્નશીલ છે.

સ્ત્રીનું કાર્યક્ષેત્ર અને ભૂમિકા પ્રાચીનકાળથી ગૃહિણી તરીકેના રહયાં છે. ''પતિની ઈચ્છા પ્રમાણે ચાલનારી'' અને ''સહધર્મચારિણી'' ના સંબોધનોમાં પણ સ્ત્રીની ગૃહસંભાળ અને પતિસંભાળની ભૂમિકા વ્યકત થાય છે. સ્ત્રી માટે 'લગ્ન સંસ્કાર' નું આધુનિક યુગમાં પણ મહત્વ છે. સ્ત્રી જો શિક્ષિત હોય અને વ્યવસાય કરતી હોય તો પણ તેણે ગૃહિણીની પરંપરાગત ભૂમિકા તો ભજવવી જ પડે છે. તેથી બેવડી ભૂમિકાના બોજ હેઠળ સ્ત્રી ચગદાઈ જતી જોવા મળે છે છતાં તેનો દરજજો પુરુષ કરતાં ઊતરતી કક્ષાનો જ ગણાય છે તેવું નવલકથાઓના સ્ત્રી પાત્રોના અભ્યાસમાંથી જાણવા મળેલ છે.

(૩) પોતાનો સ્ત્રી તરીકેનો પરંપરાગત નિમ્ન દરજજો અને ગૃહિણીની ભૂમિકામાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરતાં અભ્યાસ હેઠળના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૬ (૧૦.૧૭%) સ્ત્રી પાત્રો જોવા મળ્યાં છે.

આ ૦૬ સ્ત્રી પાત્રો સમાજે સ્ત્રી માટે નકકી કરેલા ધોરણો, મર્યાદા, પરંપરા અને મૂલ્યોના નિશ્ચિત ચોકઠામાંથી બહાર નીકળી સ્વવિકાસના પ્રયત્નો કરે છે, સર્વાંગી વિકાસ માટે ઝઝૂમી રહયાં છે. તેઓ જયારે તે માટે પ્રયત્નો કરે છે ત્યારે સમાજના રૂઢિચુસ્ત અને પરંપરાગત વિચારો ધરાવતાં લોકોનો તેઓએ સામનો કરવો પડે છે. આમ, સ્ત્રીનો દરજજો સમાજમાં પુરુષથી નિમ્ન ગણાય છે અને તેમાં પરિવર્તન લાવવા માટે સ્ત્રીએ સ્વયં પ્રયત્નો કરવા પડે છે. આવા સ્ત્રી પાત્રોનું પ્રમાણ નહીંવત્ છે.

(૪) અભ્યાસ હેઠળની ૧૦ સામાજિક નવલકથાઓમાંના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રી પાત્રો પોતાની વર્તમાન સ્થિતિથી અસંતુષ્ટ છે. અને શકય હોય ત્યાં અસમાનતા અને અન્યાયનો વિરોધ કરે છે. તેમાંથી અત્યાચારનો અને અપમાનનો ઉગ્ર સામનો કે વિરોધ કરતાં હોય તેવા ૦૫ સ્ત્રી પાત્રો (૮.૪૭%) છે.

સ્ત્રી ઉપર આચરવામાં આવતી હિંસાના કારણે તેનું સમગ્ર ઊર્મિતંત્ર ખળભળી ઉઠે છે. સ્ત્રીનું જાતીયશોષણ પણ સ્ત્રીને વિદ્રોહિણી બનાવવા પાછળ કારણભૂત છે, કુટુંબમાં અપમાન, તિરસ્કાર કે ઉપેક્ષાના કારણે પણ સ્ત્રી વિદ્રોહિણી બને છે, તેવું નવલકથાઓના સ્ત્રી પાત્રોના અભ્યાસ ઉપરથી જાણવા મળેલ છે.

પરંતુ સ્ત્રી શિક્ષિત તથા આર્થિક રીતે આત્મનિર્ભર થવા લાગી હોવાથી તેનું સ્વમાન જાગૃત થયું છે તેથી તે પોતાની પૂરી શકિતથી કુટુંબ કે સમાજના અન્યાયી વર્તન સામે ઝઝૂમે છે, વિદ્રોહ કરે છે.

સ્ત્રીને ન્યાય મેળવવા માટે ઝઝૂમવું પડે છે તે બાબતથી સાબિત થાય છે કે સમાજમાં સ્ત્રીનો દરજજો પુરુષ કરતાં નિમ્ન કક્ષાનો છે.

(૫) પુરુષ પ્રધાન સમાજવ્યવસ્થામાં સ્ત્રીનો દરજજો પુરુષ કરતાં ઉતરતી કક્ષાનો હોય છે, પુરુષ સ્ત્રીને પોતાના ઉપભોગની વસ્તુ સમજે છે. સમગ્ર વિશ્વમાં 'પુરુષ સત્તા' સદીઓથી જોવા મળે છે. પુરુષ સ્ત્રી સાથે ઉપેક્ષાભર્યું અને અપમાનજનક વર્તન કરી શકે છે, સ્ત્રી ઉપર થતાં જાતીય હુમલા અને શોષણ સ્ત્રીના નિમ્ન દરજજાના દ્યોતક છે.

અભ્યાસ હેઠળની દસ સામાજિક નવલકથાઓમાંના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૫ સ્ત્રી પાત્રો (૮.૪૭%) ઉપર પતિ સિવાયના પુરુષો દ્વારા જાતીય શોષણ અને હુમલા થતાં જોવા મળ્યા છે.

આધુનિક યુગમાં પણ પુરુષ તક મળે તો સ્ત્રીનું જાતીય શોષણ કરતા અચકાતો નથી. પોતાની ઉપર થતાં જાતીય હુમલાના કારણે સ્ત્રીનું વ્યકિતત્વ છિન્નભિન્ન થઈ જાય છે. સ્ત્રી મનોવિકૃતિનો ભોગ બને છે અને અસહય માનસિક યાતનાના કારણે તે કયારેક આત્મહત્યા કરવા પ્રેરાય છે અથવા વેશ્યાવૃત્તિ તરફ વળી જાય છે.

(૬) અભ્યાસ હેઠળની ૧૦ સામાજિક નવલકથાઓમાંના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૫ સ્ત્રી પાત્રો (૮.૪૭%) ના પતિઓ લગ્નેતર સંબંધ ધરાવે છે. તેમાંથી ૦૩ સ્ત્રી પાત્રો પતિના લગ્નેતર સંબંધનો માત્ર વિરોધ કરે છે કારણ કે તેઓ પતિ ઉપર આધારિત છે. જયારે ૦૨ સ્ત્રી પાત્રોએ પતિના ઘરનો ત્યાગ કરીને, ખુમારીથી સ્વતંત્ર રહીને, આત્મનિર્ભર બનીને જીવન જીવવાનો નિર્ણય કર્યો છે. તેઓને એકલાં જીવન જીવવામાં અનેક કષ્ટો તથા આર્થિક સંઘર્ષ વેઠવો પડે છે છતાં સ્વમાન ગુમાવીને લાચારીથી પતિના લગ્નેતર સંબંધને તેઓ સ્વીકારતા નથી. સ્ત્રીના વિચાર અને વલણમાં આવેલું આ પરિવર્તન નહીંવત્ છે.

(૭) અભ્યાસ હેઠળના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૫ સ્ત્રી પાત્રો (૮.૪૭%) એક 'વ્યકિત' તરીકેનું અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરી રહયાં છે. તેઓના એ પ્રયત્નમાં લગ્નનું બંધન જો અવરોધક બનતું લાગે તો તેને સરળતાથી તોડી નાખતા તેઓ અચકાયા નથી. તેઓમાં ખુમારી જોવા મળે છે.

સામાન્ય રીતે લગ્ન પછી પતિના આશ્રયે રહેલી સ્ત્રી પતિ અને ગૃહસંભાળમાં ગૂંથાઈ જાય છે, તેને પોતાના માટે જીવન જીવવાનો સમય જ મળતો નથી. પતિ નામની ધરીની આસપાસ તેનું જીવનચક્ર ગોઠવાયેલું હોય છે. તેની જાત ઉપર, તેના સમય ઉપર અને તેના સમગ્ર વિચારો ઉપર તેના પતિ કે કુટુંબના સભ્યોની માલિકી હોય છે. સ્ત્રી આખી જિંદગી બીજાઓને માટે જીવતી રહે છે. તેથી જ સ્ત્રીને સમાજ 'ત્યાગની મૂર્તિ' ગણે છે. પરંતુ આધુનિક યુગમાં સ્ત્રીના આ વલણમાં પરિવર્તન આવી રહયું છે અને તે પોતાના 'સ્વ' બાબતે સભાન બનતી જાય છે. જો

કે ૮.૪૭% એ પ્રમાણ ઘણુ જ અલ્પ છે છતાં પરિવર્તનની શરૂઆત તો થઈ ચુકી છે તેવું નવલકથાઓના સ્ત્રી પાત્રોના અભ્યાસમાંથી તારણ મળે છે.

(૮) અભ્યાસ હેઠળના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૪૭ સ્ત્રી પાત્રો ઉપર શિક્ષણની પ્રભાવક અસર છે. તેમાંથી ૦૫ સ્ત્રી પાત્રો (૮.૪૭%) શિક્ષણની મદદથી પોતાનું એક 'વ્યકિત' તરીકે અસરકારક વ્યકિતત્વ ઉભું કરી શકાય છે. તેઓના વ્યકિતત્વનો સર્વાંગી વિકાસ થઈ શકયો છે.

શિક્ષણ વ્યકિતના વિકાસમાં મદદરૂપ બનતું પરિબળ છે તેવું આધુનિક યુગની સમાજવ્યવસ્થાને તપાસતાં માલૂમ પડે છે. અભ્યાસ હેઠળના સ્ત્રી પાત્રો ઉપર પણ શિક્ષણની પ્રભાવક અને વિધાયક અસર જોવા મળે છે. તેની મદદથી સ્ત્રીઓ 'વ્યકિત' તરીકે વિકાસ સાધવાના પ્રયત્નો કરી શકે છે. જે સ્ત્રીના વિચાર–વલણમાં આવેલું પરિવર્તન ગણી શકાય. તેના સંદર્ભમાં સ્ત્રીની ભૂમિકા અને દરજજામાં પણ પરિવર્તન આવી રહયું છે તેવું નવલકથાઓના સ્ત્રી પાત્રોના અભ્યાસ ઉપરથી જાણવા મળે છે.

(૯) પ્રસ્તુત અભ્યાસ હેઠળના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૫ સ્ત્રી પાત્રો (૮.૪૭%) આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવી રહયાં છે. જે સ્ત્રીની ભૂમિકામાં આવેલું પરિવર્તન દર્શાવે છે.

સામાન્ય રીતે ભારતીય સમાજમાં સ્ત્રીની પરંપરાગત ભૂમિકા ગૃહિણી તરીકેની ગણાય છે અને પુરુષની ભૂમિકા અર્થોપાર્જનની ગણાય છે. ગૃહસંભાળ, બાળજન્મ અને ઉછેર, પતિ–સાસરિયાની સેવા અને સંભાળ વગેરે પરંપરાગત ભૂમિકા ભજવતી સ્ત્રી જયારે શિક્ષણની મદદથી આર્થિક રીતે સ્વાવલંબી બને, વ્યવસાય સ્વીકારે ત્યારે તેના વિચાર–વલણમાં આમૂલ પરિવર્તન આવે છે; તેનું સ્વમાન અને આત્મગૌરવ પણ જાગૃત થાય છે; તે પોતાના જીવનની સમસ્યાઓનો સામનો કરી શકે છે; તે કોઈની જોહુકમી કે ત્રાસ સહન કરી લેતી નથી. જો કુટુંબના સભ્યો તેને ત્રાસ આપતાં હોય તો આર્થિક આત્મનિર્ભરતાની મદદથી તે ત્રાસદાયક કુટુંબીજનોને છોડીને ખુમારીપૂર્વક સ્વતંત્ર રહીને જીવન જીવી શકે છે. આધુનિક ભારતીય સમાજમાં આર્થિક સ્વાવલંબનની મદદથી ખુમારીપૂર્વક જીવતી સ્ત્રીઓનું પ્રમાણ નહીંવત્ રીતે વધ્યુ છે છતાં તેને આશાસ્પદ પરિવર્તન ગણી શકાય.

(૧૦) અભ્યાસ હેઠળની દસ સામાજિક નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૨ સ્ત્રી પાત્રો મોટી ઉંમર સુધી અપરિણીત હોવાથી પોતાની વિજાતીય સંગની ઈચ્છા સંતોષવા તેઓએ પરિણીત પુરુષ સાથે લગ્નેતર સંબંધ રાખ્યો છે અને લગ્ન વિના તેઓ ગર્ભવતી બની છે. આ સ્ત્રી પાત્રો શિક્ષિત અને આર્થિક રીતે આત્મનિર્ભર છે તેથી પોતાના રૂઢિચુસ્ત વિચારોમાં તેઓએ પરિવર્તન સ્વીકાર્યું છે. ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૨ સ્ત્રી પાત્રોનું પ્રમાણ નહીંવત્ ગણાય.

શિક્ષણ તથા આર્થિક આત્મનિર્ભરતાના કારણે સ્ત્રી સ્વતંત્ર રીતે વિચારી શકે છે, જૂના પરંપરાગત મૂલ્યો અને ધોરણોને છોડીને નવા મૂલ્યો અપનાવી શકે છે. પરંતુ ભારતની મોટાભાગની વસ્તી ઉપર રૂઢિગત પરંપરાઓનું પ્રભુત્વ જોવા મળે છે. શહેરોમાં પણ લોકો ઉપર પરંપરાગત મૂલ્યોની અસર જોવા મળે છે. તેથી જ પ્રસ્તુત અભ્યાસ હેઠળની સામાજિક નવલકથાઓના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી માત્ર ૦૨ સ્ત્રી પાત્રો જ લગ્ન વિના પરિણીત પુરુષ સાથે સહજીવન જીવતાં જોવા મળ્યાં છે. તેનાથી સાબિત થાય છે કે ભારતીય સમાજમાં આધુનિક યુગમાં પણ સ્ત્રીઓ શિક્ષિત હોય, આર્થિક રીતે આત્મનિર્ભર હોય અને મોટી ઉંમર સુધી અપરિણીત હોય છતાં વિજાતીય પાત્ર પ્રત્યેનું તેઓનું વલણ રૂઢિચુસ્ત મૂલ્યોને વળગી રહેવાનું અને જાતીય પવિત્રતા જાળવી રાખવાનું જોવા મળે છે.

## ૯.૨.૨ નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન અને આંકડાકીય વિશ્લેષણના આધારે આપવામાં આવેલા તારણો :

## (i) નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાના વસ્તુલક્ષી પાસાં અંગે આપવામાં આવેલાં તારણો :

### ૧ કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો :

અભ્યાસ હેઠળની નવલકથાઓમાંના સ્ત્રી પાત્રોનો કુટુંબમાં દરજ્જો તપાસતાં જાણવા મળેલ છે કે માતા તરીકે ઉચ્ચ દરજ્જો ધરાવતા સ્ત્રી પાત્રોની સંખ્યા ૦૨ છે. ભારતીય સમાજમાં માતાનું સ્થાન આદરપાત્ર ગણાય છે તેથી નિમ્ન દરજ્જો ધરાવતું ૦૧ જ સ્ત્રી પાત્ર જોવા મળેલ છે. કુટુંબમાં પિતાનો દરજ્જો માતા કરતાં ઉંચો ગણાતો હોવાથી માતાનો દરજ્જો પિતા કરતાં દ્વિતીય અને ગૌણ ગણાય છે તેથી ૧૦ સ્ત્રી પાત્રો મધ્યમ કક્ષાનો દરજ્જો ધરાવતા જોવા મળ્યાં છે.

પુત્રી તરીકેનો દરજ્જો પ્રગતિશીલ–શિક્ષિત કુટુંબોમાં ઉચ્ચકક્ષાનો અને માનભર્યો જોવા મળે છે. અભ્યાસ હેઠળની નવલકથાઓમાં ૧૧ સ્ત્રી પાત્રો પુત્રી તરીકે ઉચ્ચ અને ગૌરવવંતો દરજ્જો ધરાવે છે, ૦૪ સ્ત્રી પાત્રો મધ્યમકક્ષાનો દરજ્જો ધરાવે છે અને ૦૭ સ્ત્રી પાત્રો કુટુંબમાં પુત્રી તરીકે નિમ્ન, ઉપેક્ષિત અને કચડાયેલી સ્થિતિ ધરાવે છે.

પત્ની તરીકે કુટુંબમાં ઉચ્ચ દરજ્જો ધરાવતાં ૨૧ સ્ત્રી પાત્રો છે; ૦૪ સ્ત્રી પાત્રો મધ્યમ દરજ્જો ધરાવે છે; ૧૦ સ્ત્રી પાત્રો કુટુંબમાં નિમ્ન દરજ્જો ધરાવે છે. આ આંકડાથી સાબિત થય છે કે આધુનિક શિક્ષિત કુટુંબોમાં અને શહેરી સમુદાયોમાં વિભકત કુટુંબોમાં વસવાટ કરતાં દંપતિ વચ્ચે "સાથી સ્વરૂપ" ના સંબંધો વિકસતા થાય છે. પતિ–પત્ની વચ્ચે અમુક અંશે સમાનતા જોવા મળે છે. પત્ની પોતાના વિચારો અને અભિપ્રાયો રજૂ કરી શકે છે.

પુત્રવધૂ તરીકે હજુ પણ ભારતીય સમાજના સંયુકત કુટુંબોમાં સ્ત્રીની સ્થિતિ નિરાશાજનક છે. માત્ર ૦૧ સ્ત્રી પાત્ર જ કુટુંબમાં પુત્રવધૂ તરીકે ઉચ્ચ અને ગૌરવવંતો દરજ્જો ધરાવે છે. ૦૩–૦૩ સ્ત્રી પાત્રો મધ્યમ અને નિમ્ન, ઉપેક્ષિત, કચડાયેલો દરજ્જો ધરાવે છે. પુત્રવધૂ તરીકે સ્ત્રીને કુટુંબમાં એક 'વ્યકિત' તરીકે સ્વીકાર થવાના બદલે તેણે કુટુંબના બધા સભ્યોની સેવા–ચાકરી કરવાની હોય છે. તેનાથી પોતાની ઈચ્છા, અરમાન કે મહત્વાકાંક્ષા પ્રમાણે કોઈ કાર્ય કરી શકાય નહીં. તેના સમગ્ર અસ્તિત્વ ઉપર કુટુંબના સભ્યોની સત્તા ચાલતી હોય તેવી પરિસ્થિતિ આધુનિક યુગમા પણ ભારતીય સંયુકત કુટુંબોમાં મહદંશે જોવા મળે છે.

સાસુ તરીકે ૦૪ સ્ત્રી પાત્રો કુટુંબમાં ઉચ્ચ, ગૌરવવંતો અને માનવંતો દરજ્જો ધરાવતા જોવા મળ્યાં છે; ૦૨ સ્ત્રી પાત્રો ફઈબા તરીકે કુટુંબમાં ઉચ્ચ દરજ્જો ધરાવે છે, બહેન તરીકે ૦૧ સ્ત્રી પાત્ર ઉચ્ચ અને ૦૧ સ્ત્રી પાત્ર મધ્યમ કક્ષાનો દરજ્જો ધરાવતા જોવા મળેલ છે.

એકંદરે સ્ત્રી પાત્રો કુટુંબમાં મહદંશે ઉચ્ચ અને માનવંતો દરજ્જો ધરાવતાં જોવા મળ્યાં છે. મધ્યમ અને નિમ્ન દરજ્જો ધરાવતાં સ્ત્રી પાત્રો ઉચ્ચ દરજ્જો ધરાવતાં સ્ત્રી પાત્રો કરતાં ઓછી સંખ્યામાં છે. આધુનિક ભારતીય સમાજમાં સામાજિક પરિવર્તન તથા શિક્ષણની તકોમાં થયેલી વૃદ્ધિના કારણે ભારતીય કુટુંબોમાં પત્ની, પુત્રી, માતા, સાસુ, ફઈબા તથા બહેન તરીકેનો દરજ્જો ધીમે–ધીમે સુધરતો જાય છે. જો કે પુત્રવધૂ તરીકે સ્ત્રીની સ્થિતિ હજુ યથાવત્ નિમ્ન અને શોષિત જ છે.

જો કે સમગ્ર આંકડાકીય વિશ્લેષણના અંતે કહી શકાય કે કુટુંબમાં સ્ત્રીનો દરજજો આંશિક રીતે સુધર્યો છે; પુરુષની સમકક્ષ ઉંચો નથી આવ્યો. તે દ્રષ્ટિએ કુટુંબમાં સમાનતા અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે સ્ત્રી સમાજે હજુ ઘણો પ્રયત્ન કરવાનો બાકી છે.

## લગ્ન અને સ્ત્રીનો દરજજો :

અભ્યાસ હેઠળની નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૧૫ (૨૫.૪૨%) સ્ત્રી પાત્રો અપરિણીત છે, જેમાંથી ૦૯ સ્ત્રી પાત્રોની લગ્નની ઉંમર થઈ હોવાથી કુટુંબીજનો યોગ્ય જીવનસાથીની શોધ ચલાવી રહયાં છે. તેમાંથી ૦૩ સ્ત્રી પાત્રો વ્યવસાય કરી રહયાં છે. ૦૬ સ્ત્રી પાત્રોની લગ્નની ઉંમર પસાર થઈ ગઈ છે તેમાંથી ૦૫ સ્ત્રી પાત્રો વ્યવસાય કરી રહયાં છે. ૧૫માંથી ૧૪ સ્ત્રી પાત્રોએ ઉચ્ચ શિક્ષણ મેળવેલું છે અને ૦૧ સ્ત્રી પાત્ર એ મધ્યમ કક્ષાનું શિક્ષણ મેળવેલું છે. ૦૨ સ્ત્રી પાત્રોની પસંદગીનો યુવક ન મળતાં મોટી ઉંમર સુધી અપરિણીત રહેવું પડયું છે, તેઓની ઉપર કુટુંબના સભ્યોના ભરણપોષણની જવાબદારી છે. તેઓને કોઈ પુરુષ પ્રેમ કરે તેવું તેઓ ઈચ્છે છે. આવા સંજોગોમાં તેઓએ શારીરિક–માનસિક જરૂરિયાત સંતોષવા માટે પરિણીત પુરુષ સાથે લગ્નેતર સંબંધો રાખેલા જોવા મળે છે.

અપરિણીત સ્ત્રીઓ સ્વતંત્ર રહીને વ્યવસાય કરતી હોય ત્યારે તેઓએ ખૂબ સાવચેત રહેવું પડે છે કારણ કે તેઓની સાથે મિત્રતા કરવા માટે તથા લગ્ન કે પ્રેમ માટે પુરુષો આતુર અને ઈચ્છુક હોય છે.

અભ્યાસ હેઠળના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૩૫ (૫૯.૩૨%) સ્ત્રી પાત્રો પરિણીત છે. જેમાંથી ૨૦ સ્ત્રી પાત્રોનું દાંપત્યજીવન સુખી છે, ૧૩ સ્ત્રી પાત્રોનું દાંપત્યજીવન દુ:ખી છે, તેઓ પતિથી અસંતુષ્ટ અને દબાયેલા છે. ૦૨ સ્ત્રી પાત્રો પતિથી સંતુષ્ટ પરંતુ સાસરિયાની સેવામાં અને ઘરકામમાં આખો દિવસ પસાર થઈ જતો હોય તેવા છે. જે સ્ત્રી પાત્રો દુ:ખી છે તેઓના પતિ શારીરિક–માનસિક ત્રાસ આપે છે, લગ્નેતર સંબંધ ધરાવે છે અને લાચાર બનીને તેઓએ તે સહન કરતા રહેવું પડે છે. જે સ્ત્રીઓ સુખી છે તેઓમાંથી મોટાભાગની સ્ત્રીઓનું પત્ની તરીકે કુટુંબમાં માનભર્યું સ્થાન છે. તેના કારણ તરીકે નગરીય વસવાટ તેમજ શિક્ષિત સ્ત્રીઓનું ઉંચુ પ્રમાણ ગણી શકાય. શિક્ષિત સ્ત્રી પત્ની તરીકે પોતાના અધિકારો અને સ્વમાન પ્રત્યે જાગૃત જોવા મળી છે, પતિની સમકક્ષ દરજજો હોય તે માટે તે સક્રિય પ્રયત્ન કરે છે. પરંતુ

તે સ્ત્રીના પોતાના પ્રયત્નો છે, સમાજ તથા કુટુંબના અન્ય સભ્યોનું વલણ તો સ્ત્રીને પુરુષથી ઉતરતી કક્ષાની ગણવા તરફનું જ મહદંશે જોવા મળે છે. કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૩૫ સ્ત્રીઓ પરિણીત છે તેમાંથી કુટુંબમાં પત્ની તરીકે ઉચ્ચ દરજજો ધરાવતી ૩૫.૫૯% સ્ત્રીઓ છે અને નિમ્ન, શોષિત, દબાયેલો અને કચડાયેલો દરજજો ધરાવતી સ્ત્રીઓ ૧૬.૯૫% છે.

કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૬ સ્ત્રી પાત્રો વિધવા છે. તેમાંથી ૦૨ સ્ત્રીઓ વ્યવસાયી છે, ૦૨ સ્ત્રીઓ ઘરમાં રહીને જ જીવન વિતાવી રહી છે, ૦૨ સ્ત્રીઓ પોતાનું ગુજરાન ચલાવવા વેશ્યા વ્યવસાય કરી રહી છે.

૦૩ સ્ત્રીઓએ છૂટાછેડા લીધાં છે. તેમાંથી ૦૧ સ્ત્રી પાત્રએ પતિના લગ્નેતર સંબંધના કારણે છૂટાછેડા લીધાં છે અને ૦૨ સ્ત્રી પાત્રોએ વ્યકિતગત વિકાસ, કારકીર્દિ તથા વ્યાવસાયિક વિકાસ અને સ્વતંત્ર અસ્તિત્વ જળવાઈ રહે તે માટે પોતાના પ્રેમાળ પતિઓ સાથે છૂટાછેડા લીધા છે. અભ્યાસ હેઠળના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી એક પણ સ્ત્રી પાત્ર ત્યકતા નથી.

## l વ્યવસાય અને સ્ત્રીનો દરજજો :

અભ્યાસ હેઠળના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૨૫ સ્ત્રી પાત્રો (૪૨.૩૪%) વ્યવસાયો કરી રહયાં છે. તેનો અર્થ એ થયો કે બાકીના ૫૭.૬૬% સ્ત્રી પાત્રો વ્યવસાય કરતાં નથી.

નવલકથાઓમાંથી જાણવા મળેલ છે કે સ્ત્રીઓને વ્યવસાય પ્રત્યે અભિમુખ બનાવતા પરિબળોમાં મહદંશે કુટુંબની નબળી આર્થિક સ્થિતિમાં ટેકારૂપ બનવાની ઈચ્છા રહેલી હોય છે. વ્યવસાય કરતી સ્ત્રીઓ ઘર અને વ્યવસાયની જવાબદારીઓ વચ્ચે ભીંસ અનુભવતી જોવા મળી છે.

ઉચ્ચવર્ગની–ધનવાન–સ્ત્રીઓ સામાજિક કાર્યના નામે મંડળોમાં જોડાય છે અને મીટીંગ, પીકનીક કે પાર્ટીમાં સમય પસાર કરતી હોય છે. તો કયારેક સ્ત્રી વ્યવસાય કરતી હોવાથી આત્મસન્માનપૂર્વક ખુમારીથી જીવન જીવી શકે છે.

અભ્યાસ હેઠળના ૨૫ વ્યવસાય કરતાં સ્ત્રી પાત્રોમાંથી ઉચ્ચ કક્ષાની આવક ધરાવતા વ્યવસાયોમાં ૦૫ સ્ત્રીઓ છે, મધ્યમ કક્ષાની આવક ધરાવતા વ્યવસાયોમાં ૧૨ સ્ત્રીઓ છે અને નિમ્ન આવક વાળા વ્યવસાયોમાં ૦૮ સ્ત્રીઓ છે.

ઉચ્ચ આવક વાળા વ્યવસાયોમાં જોડાયેલી સ્ત્રીઓ મોડેલીંગ, ફોટોગ્રાફી, નૃત્યના વર્ગો તથા ફિલ્મ ક્ષેત્રમાં અભિનેત્રીનું કામ કરે છે. તેઓ આવક સારી મેળવે છે પરંતુ ૦૩ સ્ત્રીઓ કે જેઓ મોડેલીંગ તથા ફિલ્મ ઉદ્યોગમાં છે તેઓને પુરુષો દ્વારા જાતીય સતામણી થતી રહે છે. જેનાથી સ્ત્રીનો દરજ્જો પુરુષથી ઉતરતી કક્ષાનો છે તે સાબિત થાય છે.

મધ્યમ આવક વાળા વ્યવસાયોમાં જે સ્ત્રીઓ છે તેઓ મોટાભાગે મધ્યમ વર્ગની છે. તેઓ કુટુંબમાં પિતા કે પતિની મધ્યમ આવકમાં સહાયરૂપ થવા માટે વ્યવસાય કરે છે. તેઓ ગૃહકાર્ય અને વ્યવસાય એમ બેવડી ભૂમિકા ભજવતી હોવાથી ભૂમિકા–સંઘર્ષ અનભુવે છે.

નિમ્ન આવક વાળા વ્યવસાયોમાં જે સ્ત્રીઓ છે તેઓ અશિક્ષિત છે, કુટુંબના સભ્યોના ભરણ પોષણની તેઓની ઉપર જવાબદારી છે, તેઓમાંથી ૦૫ સ્ત્રીઓ ધનવાન લોકોના ઘરે કામ કરે છે અને ૦૩ સ્ત્રીઓ વેશ્યા વ્યવસાય સાથે સંકળાયેલી છે.

વ્યવસાય કરતા ૨૫ સ્ત્રી પાત્રોના આંકડાકીય વિશ્લેષણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રીઓ મહદંશે આર્થિક જરૂરીયાતના કારણે વ્યવસાય કરે છે. વ્યવસાય કરતી હોવા છતાં તેઓનો દરજ્જો પુરુષોના દરજ્જા કરતાં નિમ્ન કક્ષાનો હોય છે. 'સ્ત્રી' હોવાથી તેઓએ પુરુષો દ્વારા થતી જુદા–જુદા પ્રકારની જાતીય સતામણીનો ભોગ બનવું પડે છે. છતાં આ બધી સ્ત્રીઓ સ્વમાનપૂર્વક જીવવાનો પ્રયત્ન કરી રહી છે.

## ૮ શિક્ષણ અને સ્ત્રીનો દરજ્જો :

અભ્યાસ હેઠળના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૨૫ સ્ત્રી પાત્રોએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે, ૨૨ સ્ત્રી પાત્રોએ મધ્યમ કક્ષાનું શિક્ષણ મેળવ્યું છે અને ૧૨ સ્ત્રી પાત્રો જ અશિક્ષિત છે. આમ, એકંદર શિક્ષિત સ્ત્રીઓની સંખ્યા ૫૯ માંથી ૪૭ (૭૯.૬૬%) છે જે પ્રમાણ ઘણું સારુ કહેવાય. આ શિક્ષિત સ્ત્રીઓ પોતાના સ્ત્રી તરીકેના પરંપરાગત નિમ્ન દરજ્જાથી અસંતુષ્ટ છે અને દરજ્જો ઉંચો લાવવા પ્રયત્નશીલ છે. ૧૨ અશિક્ષિત સ્ત્રી પાત્રો પણ પોતાની સ્ત્રી તરીકેની વર્તમાન સ્થિતિથી સંતુષ્ટ નથી. પરંતુ કૌટુંબિક અને સામાજિક વાતાવરણમાં તેઓએ પતિ કે પિતાની સત્તાને સ્વીકારવી પડે છે કારણ કે તેઓ અશિક્ષિત હોવાથી આર્થિક રીતે પરાવલંબી છે તેથી પોતાની શોષિત અને કચડાયેલી સ્થિતિમાંથી બહાર આવવા અસમર્થ છે.

નવલકથાઓના એકંદરે સ્ત્રી પાત્રો, પછી તેઓ શિક્ષિત હોય કે અશિક્ષિત હોય, પરંતુ તેઓ બધાં પોતાની વર્તમાન દબાયેલી અને નિમ્ન અવસ્થામાંથી બહાર આવવા ઈચ્છે છે અને તે માટે સંઘર્ષ કરી રહેલાં જોવા મળે છે.

અભ્યાસ હેઠળની દસ સામાજિક નવલકથાઓ નગરીય પશ્ચાદભૂમિકામાં રચાઈ હોવાથી નગરમાં મળતી શિક્ષણની વિપુલ તકો તથા વિભકત કુટુંબોમાં વસવાટના કારણે અભ્યાસ હેઠળના સ્ત્રી પાત્રો સમાનતા અને સ્વતંત્રતાના અધિકારો પ્રત્યે જાગૃત થઈ રહેલા જોવા મળ્યાં છે.

## l સ્ત્રી પાત્રોના લગ્નેતર સંબંધ દર્શાવતું વિશ્લેષણ :

અભ્યાસમાં આવરી લેવામાં આવેલાં ૫૯ સ્ત્રી પાત્રોમાંથી માત્ર ૧૩ (૨૨.૦૩%) સ્ત્રી પાત્રો લગ્નેતર સંબંધ કે અન્ય પુરુષ પાત્ર સાથે પ્રેમસંબંધ ધરાવે છે. ૪૬ સ્ત્રી પાત્રોને (૭૭.૯૭%) કોઈ જ લગ્નેતર સંબંધ નથી.

તે દર્શાવે છે કે અભ્યાસ હેઠળના મોટા ભાગના સ્ત્રી પાત્રો ગૃહસ્થીમાં પતિ પ્રત્યે નિષ્ઠા ધરાવે છે. તેઓ ખુમારીવાળા અને સ્વમાની હોવાથી કુટુંબ અને સમાજમાં પુરુષની સમકક્ષ સ્થાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે, એક વ્યકિત તરીકે જીવન જીવવા પ્રયત્નશીલ છે.

જે ૧૩ સ્ત્રીઓએ લગ્નેતર સંબંધ રાખેલ છે તેમાંની સ્વેચ્છાએ લગ્નેતર સંબંધ રાખનારી સ્ત્રીઓ ૦૨ જ છે. જે પ્રમાણ નહીંવત્ છે. જયારે પરિસ્થિતિ અને સંજોગોએ જેઓને લગ્નેતર સંબંધ રાખવા ફરજ પાડી છે તેવા સ્ત્રી પાત્રો ૧૧ છે.

## l પુરુષ દ્વારા થતા વ્યવહારનું સ્વરૂપ અને સ્ત્રીનો દરજજો :

અભ્યાસ હેઠળના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૨૨ (૩૭.૨૯%) સ્ત્રી પાત્રોને પતિ દ્વારા માનભર્યા અને પ્રેમાળ વર્તનનો અનુભવ થઈ રહયો છે. તેનું કારણ એ છે કે અભ્યાસ હેઠળની બધી જ દસ નવલકથાઓમાં નગરીય વાતાવરણ છે અને કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૪૩ સ્ત્રી પાત્રો વિભકત કુટુંબોમાં રહે છે, ૪૭ સ્ત્રી પાત્રો ઉચ્ચ શિક્ષિત કે અર્ધ શિક્ષિત છે. આમ, શિક્ષણ, વિભકત વસવાટો અને નગરીય ઉદારવાદી વલણની અસરથી કુટુંબમાં પુરુષ પાત્રો દ્વારા સ્ત્રીઓ સાથે લોકશાહીના મૂલ્યો – સમાનતા અને સ્વતંત્રતા – અનુસાર પ્રેમાળ અને માનભર્યો વ્યવહાર થતો જોવા મળ્યો છે.

ઉપરાંત પતિ દ્વારા થતો અત્યાચાર ૧૦.૧૭%, અતિકામુકતા અને હિંસક જાતીય વર્તન ૫.૦૮%, પતિના લગ્નેતર સંબંધોના કારણે દુઃખી થવું ૦૮.૪૭%, પતિ દ્વારા અપમાનિત થવું ૨૩.૭૩% વગેરે આંકડાઓ કુટુંબમાં પતિ કરતાં સ્ત્રીનો નિમ્ન દરજ્જો સૂચવે છે.

આધુનિક યુગમાં સ્ત્રી શિક્ષિત બનીને વ્યવસાય સ્વીકારવા લાગી છે. વ્યવસાયના સ્થળે પુરુષ ઉપરી અધિકારી કે માલિક દ્વારા સ્ત્રી કર્મચારીનું જાતીય શોષણ થતું જોવા મળે છે. તેમાં સ્ત્રીની આર્થિક લાચારી, તેની સુંદરતા, પુરુષ કરતાં શારીરિક તાકાત ઓછી હોવી, નિમ્ન જ્ઞાતિના કે નિમ્ન વર્ગના હોવું એ દરેક પરિબળ સ્ત્રી ઉપર થતાં બળાત્કારના કારણ તરીકે નવલકથાઓમાંથી સ્પષ્ટ થાય છે. ૦૬ સ્ત્રી પાત્રો ઉપર પતિ સિવાયના પુરુષો તથા વ્યવસાયના સ્થળે ૦૪ સ્ત્રી પાત્રો ઉપર પુરુષ શેઠ કે માલિક દ્વારા બળાત્કાર થતો જોવા મળેલ છે.

સહકાર્યકર પુરુષ દ્વારા વ્યવસાયના સ્થળોએ દ્વિઅર્થી સંવાદો તથા અડપલાં અભ્યાસ હેઠળના ૦૪ સ્ત્રી પાત્રો સાથે થતાં જાણવા મળેલ છે. આધુનિક યુગમાં સ્ત્રીઓ જયાં વ્યવસાય કરતી હોય છે ત્યાં તેની કાર્યકુશળતા તથા આવડતથી પ્રગતિ કરતી રહે છે તેથી સાથી પુરુષ કાર્યકરોને સ્ત્રી કર્મચારીની ઈર્ષા થવાથી તેને ઉતારી પાડવા માટે, તે પુરુષથી ઉતરતી કક્ષાનો દરજજો ધરાવે છે તેનું તેને ભાન કરાવવા માટે તથા પોતાની વિકૃત માનસિક ઈચ્છાઓના સંતોષ માટે દ્વિઅર્થી સંવાદો, ગંદી મજાક, વિકૃત હાસ્ય, અડપલાં વગેરે દ્વારા તેઓ સાથી સ્ત્રી કર્મચારીને કનડગત કરતા રહે છે. પુરુષ પ્રધાન સમાજવ્યવસ્થામાં સ્ત્રી પુરુષથી ચડિયાતી સાબિત થાય તે પુરુષોથી સહન નથી થતુ હોતું. તેનું પ્રતિબિંબ અભ્યાસ હેઠળની નવલકથાઓમાં પડેલું જોવા મળે છે.

કુટુંબમાં પિતા, ભાઈ કે અન્ય પુરુષ સગાઓ દ્વારા સ્ત્રી સભ્યોનો વિકાસ અટકાવવાના પ્રયત્નો પણ થતાં હોય છે. પિતા કે ભાઈ અપમાન કરતાં હોય, શારીરિક–માનસિક ત્રાસ આપતા હોય તેવા નવલકથાઓના ૦૬ સ્ત્રી પાત્રોને કડવા અનુભવો થાય છે. તેઓ પુત્રી કે બહેનના સર્વાંગી વિકાસમાં અવરોધક ભૂમિકા ભજવતા જોવા મળ્યાં છે. આવા સંકુચિત અને પુરુષ પ્રધાન સત્તાત્મકતા વાળું માનસ ધરાવતા પુરુષ સગાંઓ આધુનિક યુગમાં પણ અનેક કુટુંબોમાં જોવા મળે છે.

પિતા, ભાઈ કે અન્ય પુરુષ સગાંઓ કુટુંબના સ્ત્રી સભ્યોના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થતાં હોય તેવા અનુભવો નવલકથાઓના ૧૧ સ્ત્રી પાત્રોને થાય છે; તેઓના સર્વાંગી વિકાસમાં કુટુંબના પુરુષ સગાંઓ મદદરૂપ થાય છે. જે સ્ત્રીના દરજજામાં આવેલું હકારાત્મક પરિવર્તન છે.

સમગ્ર આંકડાકીય વિશ્લેષણ ઉપરથી સાબિત થાય છે કે જો કુટુંબની આર્થિક સ્થિતિ સંતોષકારક હોય અને પતિ નિર્વ્યસની હોય તો તે પત્ની સાથે 'સત્તા–તાબેદારી' ના બદલે 'સાથી સ્વરૂપે' પ્રેમાળ વર્તન કરે છે. કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૩૫ સ્ત્રીઓ પરિણીત છે અને તેમાંથી ૨૨ સ્ત્રીઓ પ્રત્યે પતિ સહાનુભૂતિપૂર્ણ પ્રેમાળ વર્તન કરે છે જેને સ્ત્રીના દરજજામાં સુધારો સૂચવતી પરિસ્થિતિ ગણી શકાય.

જો કે આ તારણ નગરીય વાતાવરણમાં તથા વિભકત કુટુંબોમાં વસવાટ કરતાં લોકોનું છે. પરંપરાઓને વળગી રહેનારા ગ્રામીણ વિસ્તારોમાં કંઈક જુદુ ચિત્ર પણ જોવા મળે તેવું બની શકે.

## ૧ આર્થિક સ્થિતિ અને સ્ત્રીનો દરજજો :

પ્રસ્તુત અભ્યાસ હેઠળના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૧૨ (૨૦.૩૪%) સ્ત્રી પાત્રો ધનવાન–ઉચ્ચ વર્ગના છે. અતિ ધનિક એવા આ સ્ત્રી પાત્રો પણ કુટુંબમાં કોઈને કોઈ પ્રકારે અભાવ અનુભવે છે; સ્ત્રી તરીકે તેઓનો દરજજો પુરુષ કરતાં નિમ્નકક્ષાનો જ છે.

ઉચ્ચ–મધ્યમવર્ગની સ્ત્રીઓ ૧૭ (૨૮.૮૧%) છે. તેઓ પણ જીવનમાં અભાવ અનુભવે છે કારણ કે તેઓના પતિઓ ધંધા વ્યવસાય અર્થે સતત ઘરની બહાર રહેતા હોવાથી તેઓ પતિની ગેરહાજરીમાં એકલતા અનુભવે છે અને મોટા ભાગનો સમય કીટ્ટી પાર્ટીઓ, પત્તાં રમવાની ક્લબ, પાર્ટી–પીક્નીક અને હરવા–ફરવામાં પસાર કરે છે. તેઓનો દરજજો પણ પતિઓની તુલનામાં દ્વિતીય કક્ષાનો છે.

મધ્યમ આવક ધરાવતી ૨૨ (૩૭.૨૯%) સ્ત્રીઓ છે. તેઓ કુટુંબનું ગુજરાન મર્યાદિત આવકમાં ચલાવે છે. તેમાંથી ૦૯ સ્ત્રી પાત્રો ખાનગી નોકરી કરે છે. ઓછી આવકના કારણે

તેઓની મહેચ્છાઓ અધૂરી રહી જાય છે. બીજી ૧૩ સ્ત્રીઓ પતિની મર્યાદિત આવકમાં વ્યવહાર ચલાવે છે તેઓ આર્થિક રીતે પરાવલંબી છે.

નિમ્ન વર્ગની ૦૮ (૧૩.૫૬%) સ્ત્રીઓ છે. તેઓ મુંબઈની ઝૂંપડપટ્ટીમાં રહે છે અને ધનવાન લોકોના ઘરે ઘરકામ કરીને આવક મેળવે છે.

દરજ્જાની દ્રષ્ટિએ બધા જ વર્ગોની સ્ત્રીઓનો દરજ્જો પુરુષોના દરજ્જા કરતાં નિમ્ન કક્ષાનો છે. છતાં તેઓ ખુમારીવાળી છે, તેઓ પરિસ્થિતિ અને સંજોગોને આધિન રહીને સમાયોજન સાધી શકે છે. ગરીબ અને નિમ્ન વર્ગની સ્ત્રીઓ પણ આપત્તિના સંજોગો વખતે ટકી રહેવાય તેવી આંતર્સૂઝ ધરાવે છે.

## (ii) નવલકથાઓના સ્ત્રી પાત્રોના દરજ્જાના આત્મલક્ષી પાસાં અંગે આપવામાં આવેલાં તારણો :

જો કુટુંબોમાં સ્ત્રીનો યોગ્ય ઉછેર થયો હોય, વ્યકિતત્વ વિકાસની સુયોગ્ય તક મળી હોય, તે ઉચ્ચ શિક્ષણ લઈ શકી હોય, લગ્ન માટે તેની પસંદગીને કુટુંબમાં માન્યતા મળતી હોય, તે ઈચ્છા પ્રમાણે વ્યવસાય કરી શકતી હોય તો તેવી સ્ત્રીઓ પોતાની જાત માટે આત્મગૌરવ અનુભવી શકે છે. નવલકથાઓમાં ૦૮ સ્ત્રી પાત્રો પોતાના "સ્ત્રી હોવા" બાબતે ગૌરવ અનુભવે છે અને તેઓના વ્યકિતત્વનો યોગ્ય વિકાસ થઈ શકયો છે. તેઓ કોઈનાથી અભિભૂત થતાં નથી, પોતાના જીવન વિષે સ્વયં નિર્ણયો લઈ શકે છે, તેઓએ પોતાની જીવનશૈલી સ્વયં ગોઠવેલી છે. સમાજના કે કુટુંબીજનોના દબાણ હેઠળ તેઓ જીવન જીવતા નથી. સમાજના લોકો ટીકા કરે તો તેની અસર તેઓ ઉપર થતી નથી. તેઓને સ્ત્રી સમાજને લાગેલું 'Second Sex' નું લેબલ સ્વીકાર્ય નથી. તેઓ નવી પૂર્ણતા અને આત્મવિશ્વાસ સાથે બહાર આવેલી સ્ત્રીઓ છે.

શ્રી વર્ષાબહેન અડાલજા આવા આધુનિક, વિચારવંત, બુદ્ધિશાળી અને પુરુષોની સમકક્ષ બનવા પ્રયત્નશીલ સ્ત્રી પાત્રોનું સર્જન કરીને આધુનિક ભારતીય સમાજમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો સુધારણા પામી રહયો છે ખરો પરંતુ તેની ગતિ ઘણી જ ધીમી છે એમ જણાવવા ઈચ્છે છે.

કેટલાક સ્ત્રી પાત્રોએ પતિ–સાસરિયાના ત્રાસ વચ્ચે જીવન પસાર કર્યું છે છતાં તેઓ એક શબ્દ પણ ઉચ્ચારતા નથી કારણ કે તેઓએ સ્ત્રી તરીકેનો નિમ્ન દરજ્જો સ્વીકારી લીધો છે. તેઓ આર્થિક રીતે પરાવલંબી અને અશિક્ષિત છે.

ભારતીય સમાજમાં સદીઓથી લોકો પરંપરાને વળગી રહેતા જોવા મળે છે. તેઓ પુત્ર–પુત્રીના ઉછેરમાં તફાવત રાખે છે અને મોટાભાગની સ્ત્રીઓ બાળપણથી જ સ્વીકારી લે છે કે તેઓના કરતા પુરુષો ચડીયાતા છે. ભારતીય ગૃહિણીઓ મહદંશે પોતાની જાતને પતિથી સ્વાભાવિક રીતે જ ઉતરતી કક્ષાની સ્વીકારી લે છે.

આમ, દરજ્જાના આત્મલક્ષી પાસાં તરીકે સ્ત્રીઓ પોતાનો નિમ્ન સામાજિક દરજ્જો, સ્ત્રી–પુરુષ ભેદભાવ, વગેરેને સ્વીકારી લે છે. જો કે આધુનિક યુગમાં સ્ત્રી શિક્ષિત થઈને વ્યવસાય સ્વીકારે છે અને સ્ત્રી તરીકેના નિમ્ન સામાજિક દરજ્જાને સ્વીકારતી નથી. પરંતુ સંઘર્ષ કરીને પુરુષોની સમકક્ષ દરજ્જો મેળવવા પ્રયત્નશીલ છે. તેવું નવલકથાઓના સ્ત્રી પાત્રોના અભ્યાસ ઉપરથી જાણવા મળે છે.

## l નવલકથાઓના સ્ત્રી પાત્રોની માનસિક સ્થિતિ :

અભ્યાસ હેઠળની નવલકથાઓના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રી પાત્રો (૪૭.૪૬%) પોતાના જીવનમાં કોઈને કોઈ પ્રકારે અભાવ અનુભવી રહયાં છે. પતિ દ્વારા ત્રાસ અપાતો હોય, ઉપેક્ષા થતી હોય, પિતા રૂઢિચુસ્ત હોય, આર્થિક તંગી હોય, માતાપિતા વચ્ચે અણબનાવ હોય, ઈચ્છા પ્રમાણે શિક્ષણ લઈ શકાયુ ન હોય, ઈચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓની વિરૂદ્ધની પરિસ્થિતિ વચ્ચે અભાવાત્મક સ્થિતિમાં તેઓ જીવન જીવી રહયાં છે. તેઓને પોતાના વર્તમાન સામાજિક દરજ્જા અને ભૂમિકાથી અસંતોષ છે.

નવલકથાઓના ૧૧ સ્ત્રી પાત્રો (૧૮.૬૪%) ને પોતાના જીવનથી આંશિક સંતોષ છે. એટલે કે આર્થિક સ્થિતિ સારી હોય તો કુટુંબમાં માતા–પિતામાંથી કોઈ એક સભ્યની હાજરી ન હોય અથવા બેમાંથી કોઈ એક પ્રેમ–વાત્સલ્ય દર્શાવતું ન હોય; ઉપેક્ષા–અપમાન કરતું હોય અથવા વર્તમાનમાં પોતાના જીવનથી સંતુષ્ટ હોય તો ભૂતકાળમાં દુઃખી હોય, એ રીતે જીવનનું એકાદ પાસું નબળું હોય તેવા સ્ત્રી પાત્રોને અર્ધસંતુષ્ટ ગણ્યાં છે.

પોતાના જીવનથી સંતુષ્ટ હોય, આશા અને અરમાનો પૂરા થઈ શકયા હોય તેવા સ્ત્રી પાત્રો ૨૦ (૩૩.૯૦%) છે. તેઓના કુટુંબની આર્થિક સ્થિતિ સારી હોવાથી, પતિ કે પિતા પ્રેમભર્યો વ્યવહાર કરતાં હોવાથી, કુટુંબ અને સમાજમાં માન મળતું હોવાથી, જીવન પ્રત્યે કોઈ જ અભાવ તેઓ અનુભવતાં નથી.

આમ, સમગ્ર વર્ગીકરણમાં મહદંશે સ્ત્રીઓ અભાવાત્મક પરિસ્થિતિમાં અને અપેક્ષા–આશા વણસંતોષાયેલી રહી હોય તેવી જોવા મળેલ છે. તેઓના જીવન વિકાસના માર્ગમાં અનેક અવરોધો છે; એક વ્યકિત તરીકે તેઓનો સ્વીકાર થાય તેવી ઈચ્છા અસંતુષ્ટ રહેલી જોવા મળે છે.

## ૯.૩ ઉપકલ્પનાઓની ચકાસણી અને તારણો :

લુન્ડબર્ગ નામના વિદ્વાનના મતે, ''ઉપકલ્પનાનું અન્વેષણ આપણે કવિતા, સાહિત્ય, દર્શનશાસ્ત્ર, સમાજશાસ્ત્રના અનેકવિધ સિદ્ધાંતો, માનવવંશશાસ્ત્ર, વગેરેના સંદર્ભમા કરી શકીએ છીએ.[૧]

ઉપકલ્પના એ સંશોધનની મુખ્ય ધરી છે તેમ જ સંશોધનનું પરિણામ પણ ઉપકલ્પનાના આધારે ચકાસવામાં આવે છે, કારણ કે ઉપકલ્પના સંશોધનનો આધાર બનીને સંશોધનને દિશાસૂચન કરતી હોય છે. જેમ–જેમ શોધકાર્ય આગળ વધતુ જાય છે તેમ–તેમ પ્રાપ્ત થયેલી હકીકતો તથા તથ્યોની મદદથી ઉપકલ્પનાઓની સત્યાસત્યતા સ્પષ્ટ થાય છે.

પ્રસ્તુત ''સાહિત્યના સમાજશાસ્ત્ર'' ના અધ્યયનમાં સંશોધનના પ્રારંભમાં કેટલીક ઉપકલ્પનાઓની રચના કરવામાં આવી છે જેની મદદથી નવલિકાઓ અને નવલકથાઓમાં વર્ણિત વિષય વૈવિધ્યને સીમિત કરીને સંશોધનને નિશ્ચિત દિશા આપી શકાઈ છે. આ ઉપકલ્પનાઓ 'સાહિત્યના સમાજશાસ્ત્ર' ના મહત્વપૂર્ણ સિદ્ધાંત 'સમાજવાદી યથાર્થવાદ' તથા સમાજશાસ્ત્રના 'રચના–કાર્યવાદી સિદ્ધાંત' ના આધારે ઘડવામાં આવેલ છે, તે સંશોધનના હેતુઓને સ્પષ્ટ કરે છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન અર્વાચીન ગુજરાતી સાહિત્યકાર શ્રી વર્ષા અડાલજાની સ્ત્રીપ્રધાન નવલિકાઓ અને સામાજિક નવલકથાઓના માધ્યમથી અર્વાચીન ભારતીય સમાજમાં સ્ત્રીઓના દરજ્જા

---

૧. G.A. Lundberg, **Social Research**, Longmans, Green and Co., New York, 1951, Page-9.

અને ભૂમિકા સંબંધી વસ્તુનિષ્ઠ અધ્યયન છે. તેમાંથી પ્રાપ્ત તથ્યોના આધારે કરવામાં આવેલી ઉપકલ્પનાઓની ચકાસણી તથા તેના તારણો મહત્વપૂર્ણ હકીકતો ઉપર પ્રકાશ પાડે છે. જેની રજૂઆત પ્રસ્તુત મુદ્દામાં કરવામાં આવી છે.

(૧) પ્રસ્તુત અભ્યાસની પ્રથમ ઉપકલ્પના છે કે, "સ્વતંત્રતા પ્રાપ્તિ પછી ભારતના રાજય બંધારણ દ્વારા કોઈ પણ જાતના ભેદભાવ વિના દરેક નાગરિકને મૂળભૂત અધિકારો આપવામાં આવ્યાં છે છતાં સમાજમાં સ્ત્રીઓ તે અધિકારો નહીંવત્ ભોગવી શકે છે."

એકત્ર કરાયેલા તથ્યોના સામાન્યીકરણના આધારે આ ઉપકલ્પના સત્ય પ્રમાણિત થઈ છે. મૂળભૂત અધિકારોમાં સ્વતંત્રતા–સમાનતાના અધિકારો, શોષણ સામેના રક્ષણનો અધિકાર, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર તથા મૂળભૂત અધિકારો ભોગવી શકાય તે માટેનો બંધારણીય ઈલાજનો અધિકાર સમાવિષ્ટ છે. આ અધિકારોની મદદથી વ્યકિત પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે છે. પરંતુ પુરુષપ્રધાન ભારતીય સમાજ વ્યવસ્થામાં કુટુંબ, લગ્ન, ધર્મ, રાજય, વ્યવસાય વગેરે દરેક સામાજિક સંસ્થામાં પુરુષોની સત્તા હોવાથી સ્ત્રીઓ બંધારણે આપેલા મૂળભૂત અધિકારોનો ભોગવટો નહિવત્ કરી શકે છે.

ઉચ્ચ શિક્ષણ મેળવીને વ્યવસાય દ્વારા આત્મનિર્ભર બનીને ખુમારીપૂર્વક જીવન જીવતાં સંશોધન હેઠળની નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૧૭ સ્ત્રી પાત્રો જ (૨૬.૧૫%) છે તથા નવલકથાઓના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૦૬ (૧૦.૧૭%) છે. અન્ય વ્યવસાયી સ્ત્રી પાત્રો કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિમાં સહાયક થવા માટે વ્યવસાય કરે છે તેથી માનસિક તાણ અનુભવે છે.

નવલિકાઓ તથા નવલકથાઓમાં પુરુષ દ્વારા જાતીય શોષણ થતું હોય તેવા સ્ત્રી પાત્રોની સંખ્યા અનુક્રમે ૦૬–૦૬ (૧૦.૧૭%) છે. કુટુંબમાં માતા, પત્ની, પુત્રી, પુત્રવધૂ તરીકે દબાયેલી તથા કચડાયેલી અવસ્થાવાળા સ્ત્રી પાત્રો નવલિકાઓમાં ૬૫માંથી ૨૯ (૪૪.૬૨%) છે; નવલકથાઓમાં ૫૯ માંથી ૨૧ (૩૫.૫૯%) છે; તેમાં પિતા કે પતિ દ્વારા શારીરિક–માનસિક ત્રાસ, અપમાન, ઉપેક્ષા; પિતા કે ભાઈ દ્વારા સર્વાંગી વિકાસમાં અવરોધક બનવું, વગેરે વર્તનનો સમાવેશ થાય છે.

આમ, સ્ત્રીઓનો દરજજો પુરુષોથી નિમ્ન છે અને તેઓ બંધારણના મૂળભૂત હકો નહીંવત્ ભોગવી શકે છે.

(૨) બીજી ઉપકલ્પના છે કે, ''સ્ત્રીઓ પ્રત્યેના પરંપરાગત વલણો નહીંવત્ બદલાયા છે.''

પ્રાપ્ત હકીકતોના આધારે કહી શકાય કે આ ઉપકલ્પના યથાર્થ સાબિત થઈ છે. કારણ કે નવલિકાઓના ૬૫ સ્ત્રી પાત્રો માંથી ૬૨ સ્ત્રી પાત્રો (૯૫.૩૮%) અને નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૪૫ સ્ત્રી પાત્રો (૭૬.૨૭%) પરંપરાગત ગૃહિણીની ભૂમિકામાં બાળપણથી તાલીમ પામેલાં છે.

નવલિકાઓના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રી પાત્રો તથા નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૨૫ સ્ત્રી પાત્રો વ્યવસાયમાં જોડાયેલા છે પરંતુ સ્વવિકાસ માટે, આત્મનિર્ભરતા માટે, ખુમારીપૂર્વક સ્વતંત્ર રહીને જીવન જીવતાં અને માત્ર 'વ્યવસાયી મહિલા' તરીકે નવલિકાઓમાં ૦૩ અને નવલકથાઓમાં ૦૪ સ્ત્રી પાત્રો જ જોવા મળ્યા છે. તેઓને સમાજના રૂઢિચુસ્ત વિચારો ધરાવતા કુટુંબીજનો તથા આડોશ–પાડોશના લોકોની ટીકાઓનો ભોગ બનવું પડે છે.

સ્ત્રની મુખ્ય ભૂમિકા ગૃહસંભાળ તથા બાળઉછેરની છે તેવું પરંપરાગત વલણ આધુનિક યુગમાં પણ જળવાઈ રહયું છે. લગ્ન એ સ્ત્રીના જીવનનું મુખ્ય ધ્યેય આજે પણ ગણાય છે. જો સ્ત્રી શિક્ષિત થઈને વ્યવસાય સ્વીકારે તો પણ તેનો વ્યવસાય અને તેની આવક કુટુંબના પુરુષ સભ્ય કરતાં ગૌણ ગણાય છે. જો સ્ત્રી પરિણીત હોય તો તેણે પતિસેવા, ઘરકામ અને બાળઉછેરની ભૂમિકાને પ્રાધાન્ય આપવું પડે છે અને તેના વ્યવસાયની ભૂમિકા કુટુંબમાં ગૌણ ગણાય છે. આમ સમગ્ર ભારતમાં ''સ્ત્રીઓ પ્રત્યેના પરંપરાગત વલણો નહીંવત્ બદલાયા છે'' તે બાબત સત્ય સાબિત થાય છે.

(૩) ત્રીજી ઉપકલ્પના છે કે, ''સ્ત્રીઓનો ગૌણ દરજજો યથાવત્ જળવાઈ રહયો છે.'' આ ઉપકલ્પના સત્ય સાબિત થઈ છે.

નવલિકાઓના ૬૫ અને નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોનો જુદા–જુદા માપદંડોના આધારે અભ્યાસ કર્યા પછી એ બાબત સાબિત થઈ છે કે સ્ત્રીનો દરજજો પુરુષના દરજજા

કરતાં નિમ્ન અને ગૌણ ગણાય છે. આધુનિક યુગમાં અનેક સામાજિક પરિવર્તનો આવી રહયાં છે છતાં પુરુષ પ્રધાનતાનું વર્ચસ્વ સમાજમાં યથાવત્ જળવાઈ રહયું છે.

કુટુંબમાં માતા, પુત્રી, પત્ની, પુત્રવધૂ, બહેન વગેરે દરજજો ધરાવતાં સ્ત્રી પાત્રો કુટુંબના પુરુષ સભ્યો કરતાં ગૌણ દરજજો ધરાવે છે. કુટુંબોમાં પુરુષ સભ્યો–પતિ, પિતા, ભાઈ, પુત્ર વગેરે સ્ત્રી સભ્યો ઉપર વર્ચસ્વ ભોગવતાં જોવા મળ્યાં છે.

વ્યવસાય ક્ષેત્રે પણ પુરુષ સહકાર્યકરો, ઉપરી અમલદાર, બોસ, શેઠ કે માલિકો દ્વારા સ્ત્રી કર્મચારીઓને વિવિધ રીતે દબાવી દેવાય છે તેવું તારણ મળેલ છે. સ્ત્રીઓનું જાતીય શોષણ, શારીરિક–માનસિક ત્રાસ, દ્વિઅર્થી સંવાદો, વગેરે દ્વારા સ્ત્રીઓ પુરુષોથી ઉતરતી કક્ષાની છે તેનું સતત તેઓને ભાન કરાવવામાં આવતું હોય છે.

કુટુંબમાં પુત્ર–પુત્રીના શિક્ષણમાં તફાવત જોવા મળે છે. પુત્રીને અધવચ્ચેથી ભણતર છોડાવીને ઝડપથી તેના લગ્ન કરી નાખવામાં આવે છે. પુત્રીની ઈચ્છા પ્રમાણે શિક્ષણ લેવા દેવામાં આવતું નથી. પુત્રીની આંતરિક શકિતનો સર્વતોમુખી વિકાસ કુટુંબના વડીલો દ્વારા થવા દેવામાં આવતો નથી.

પત્ની કે પુત્રવધૂએ કુટુંબના સભ્યોની સતત સેવાચાકરી કરતા રહેવાની હોય છે. તેઓએ પોતાના અરમાનો, અપેક્ષાઓ, ઈચ્છાઓ કે મહત્વાકાંક્ષાઓને કચડી નાખવા પડે છે અને તેઓએ કુટુંબ માટે ન્યોછાવર થઈ જવાનું હોય છે.

આધુનિક યુગમાં અનેક વિકાસ કાર્યક્રમો થઈ રહયાં છે, સ્ત્રી કલ્યાણ માટે કાયદાઓ થયાં છે છતાં સમગ્ર ભારતમાં સ્ત્રીઓનો ગૌણ દરજજો યથાવત્ જળવાઈ રહયો છે. એ બાબત પ્રસ્તુત અધ્યયન દ્વારા સાર્થક સાબિત થઈ છે.

(૪) ચોથી ઉપકલ્પના છે કે, "સ્ત્રીઓએ પોતાનો દરજજો ઉંચો લાવવા, પોતાની સ્વતંત્ર ઓળખ ઉભી કરવા ઝઝૂમવુ પડે છે."

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત તથ્યોના આધારે કહી શકાય કે આ ઉપકલ્પના યથાર્થ પ્રમાણિત થઈ છે.

નવલિકાઓના ૬૫ અને નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી મોટાભાગના સ્ત્રી પાત્રો સંઘર્ષ ટાળવા માટે સ્ત્રીની પરંપરાગત ગૃહિણીની ભૂમિકા અને નિમ્ન–ગૌણ દરજ્જો સ્વીકારી લે છે. બહુ થોડા સ્ત્રી પાત્રો અન્યાય સામે, પુરુષની સમકક્ષ અધિકારોની પ્રાપ્તિ માટે, શોષણ સામે, સ્વતંત્ર 'વ્યકિત' તરીકેની ઓળખ ઉભી કરવા માટે ઝઝૂમે છે.

સ્ત્રીને મહદંશે સમાજ 'સ્ત્રી તરીકે' જ સ્વીકારે છે; એક 'વ્યકિત' તરીકેની ઓળખ ઉભી કરવા સ્ત્રીએ સ્વયં સંઘર્ષ કરવો પડે છે.

સમાજ કે કુટુંબમાં પુરુષોની સમકક્ષ સ્ત્રીઓનો સ્વીકાર થતો જ નથી. મહામહેનતે સ્ત્રી પોતાની વિશિષ્ટ લાયકાત, આવડત, શિક્ષણ અને કુશળતાની મદદથી કુટુંબ, વ્યવસાય કે શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી શકે છે. તેના એ પ્રયત્નોમાં પણ કુટુંબ તથા સમાજના સભ્યો દ્વારા અનેક અવરોધો ઉભા કરવામાં આવે છે. તે બધા અવરોધો પાર કરતાં–કરતાં બહુ ઓછા સ્ત્રી સભ્યો ઉંચો દરજ્જો અને સ્વતંત્ર ઓળખ ઉભી કરી શકે છે. મોટાભાગના સ્ત્રી સભ્યો થાકી–હારીને 'પુરુષ સત્તા' નો સ્વીકાર કરી લેતા હોય છે.

આધુનિક યુગમાં ભારતમાં "સ્ત્રી સશકિતકરણના કાર્યક્રમો" તથા "Gender Discrimination" ના અભ્યાસો થાય છે તે બાબત જ સાબિત કરે છે કે સ્ત્રીને સ્વતંત્ર વિકાસની તક હજુ સમાજ આપતો નથી. અને સ્ત્રી–પુરુષ ભેદભાવો આધુનિક યુગમાં પણ યથાવત્ છે.

(૫) પાંચમી ઉપકલ્પના છે કે, "સ્ત્રીએ પોતાની સમસ્યાઓના નિરાકરણ માટે સ્વયં પ્રયત્નો કરવા પડે છે."

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનના અંતે આ ઉપકલ્પના સાચી ઠરી છે. નવલિકાઓના ૬૫ અને નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોને પોતાની સમસ્યાઓના નિરાકરણ માટે સ્વયં ઝઝૂમવું પડે છે.

પતિ દ્વારા શારીરિક–માનસિક ત્રાસ અપાતો હોય, પતિ લગ્નેતર સંબંધ રાખતો હોય, કુટુંબમાં માતા–પિતા પુત્ર–પુત્રીના ઉછેર કે શિક્ષણમાં ભેદભાવ રાખતા હોય, વ્યવસાયના

સ્થળે પુરુષો દ્વારા જાતીય શોષણ થતું હોય, ગૃહિણી તથા વ્યવસાયી મહિલા તરીકેની બેવડી ભૂમિકાનો ભાર વહન કરવો પડતો હોય, સ્વાસ્થ્ય સારું ન હોય છતાં પતિ અને અન્ય સાસરિયા સ્ત્રી પાસેથી ખૂબ ઘરકામ કરાવતા હોય, સ્ત્રી પ્રત્યે કુટુંબના સભ્યો બેકાળજી કે બેદરકારી દાખવતા હોય, સ્ત્રીની ઈચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓ અધૂરી રહી જતી હોય, અધૂરુ શિક્ષણ રખાવીને કજોડાં લગ્ન કરી દેવામાં આવ્યાં હોય, માતા–પિતાના અવસાન પછી એકલા રહીને વ્યવસાય કરીને ગુજરાન ચલાવવાનું હોય, બેકારીમાંથી બહાર આવવા નોકરી કે વ્યવસાય શોધવાનો હોય, આવી અનેક સમસ્યાઓનો સામનો પ્રસ્તુત અભ્યાસ હેઠળના સ્ત્રી પાત્રો કરી રહયાં છે. તેમાં તેઓ સ્વયં તે પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયત્ન કરતાં જોવા મળ્યાં છે. તેઓને કુટુંબના સભ્યો મદદ કરતા જોવા મળ્યાં નથી. અભ્યાસ હેઠળના સ્ત્રી પાત્રો ખુમારીવાળા છે અને પોતાની સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે છે.

(૬) છટ્ઠી ઉપકલ્પના છે કે, ''સ્ત્રીઓના વ્યકિતત્વના વિકાસમાં અનેક સામાજિક–કૌટુંબિક પરિસ્થિતિઓ અવરોધક બને છે.''

આ ઉપકલ્પના પણ સત્ય ઠરી છે. નવલિકાઓના ૬૫ અને નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોના વ્યકિતત્વના સર્વતોમુખી વિકાસમાં અનેક સામાજિક–કૌટુંબિક પરિસ્થિતિઓ અવરોધક બનેલી જોવા મળી છે.

કુટુંબમાં બાળપણથી જ સામાજીકરણની પ્રક્રિયા દરમ્યાન પુત્રીનો ઉછેર 'સ્ત્રી' તરીકે કરવામાં આવે છે એક 'વ્યકિત' તરીકે નહીં. સમાજે સ્ત્રી માટે સદીઓથી નકકી કરેલા વર્તન–વ્યવહારના ચોકકસ ચોકઠાંમાં પુત્રી બંધબેસતી થાય તેવો તેનો ઉછેર કરવામાં આવે છે.

લગ્ન સ્ત્રી માટેનું અતિ મહત્વનું જીવન ધ્યેય ગણાય છે તેથી અપરિણીત રહીને સ્વતંત્ર રીતે વ્યવસાય કરતા સ્ત્રી પાત્રોને સમાજના લોકો તથા કુટુંબીજનોની ટીકાનો ભોગ બનવું પડે છે.

પરિણીત સ્ત્રીઓ વ્યવસાય સ્વીકારે તો બેવડી ભૂમિકા ભજવવી પડતી હોવાથી શારીરિક–માનસિક થાક અનુભવે છે તેની અસર તેઓના શારીરિક–માનસિક સ્વાસ્થ્ય ઉપર પડે છે. છતાં કુટુંબીજનો તેનો વ્યવસાય તથા તેની આવકને મહત્વ આપતાં નથી.

સ્ત્રીની ગૃહિણી તરીકેની ભૂમિકાને બિનઉત્પાદક ગણીને સ્ત્રીને કુટુંબમાં પુરુષ કરતા ઉતરતો દરજજો અપાય છે.

પતિ કે પિતા શારીરિક–માનસિક ત્રાસ આપતા હોય અને અપમાનિત કરતાં હોય તેવા સ્ત્રી પાત્રો અભ્યાસ હેઠળની નવલિકાઓ અને નવલકથાઓમાં જોવા મળ્યાં છે. કુટુંબમાં અત્યાચાર–ઘરેલુ હિંસાનો ભોગ બનતાં સ્ત્રી પાત્રોના વ્યકિતત્વનો વિકાસ રૂંધાઈ જાય છે, તેઓનો આત્મવિશ્વાસ ઓછો થઈ જાય છે. તેથી તેઓ ત્રાસ સહન કર્યા કરે છે.

વ્યવસાય કરતી અને એકલી રહેતી સ્ત્રીના ચારિત્ર્ય વિશે આડોશ–પાડોશના લોકો શંકા કર્યા કરે છે તેના કારણે તે સ્ત્રીને માનસિક યાતના વેઠવી પડે છે. તેને સલામતીના પ્રશ્નો પણ નડે છે.

આમ, ભારતીય સમાજમાં લૈંગિક ભેદભાવ સાર્વત્રિક હોવાથી આધુનિક યુગમાં પણ સ્ત્રીઓના વ્યકિતત્વના વિકાસમાં અનેક સામજિક–કૌટુંબિક પરિસ્થિતિઓ અવરોધક બને છે.

(૭) સાતમી ઉપકલ્પના એ છે કે,"અશિક્ષિત, ગરીબ (નિમ્ન વર્ગની) અને પછાત સમુદાયની સ્ત્રીઓનું જીતય શોષણ આજે પણ થાય છે."

નવલિકાઓ અને નવલકથાઓમાંથી એકત્ર કરવામાં આવેલી હકીકતોના આધારે આ ઉપકલ્પના સત્ય પ્રમાણિત થઈ છે.

આ સંશોધન હેઠળની નવલિકાઓમાંના ૦૬ સ્ત્રી પાત્રો અને નવલકથાઓમાંના ૦૬ સ્ત્રી પાત્રો કે જેઓ અશિક્ષિત, ગરીબ અને પછાત સમુદાયના છે; તેઓનું જાતીય શોષણ તેઓને નોકરીમાં રાખનાર શેઠ, બોસ કે ગામના સવર્ણજ્ઞાતિના જમીનદારે કરેલું જોવા મળે છે.

ધનવાન લોકોના ઘરે ઘરકામ કરતી સ્ત્રીની લાચારી અને ગરીબાઈનો લાભ લઈને ઘરનો શેઠ કામવાળી ઉપર બળાત્કાર કરે, ફિલ્મમાં કામ અપાવવાના બદલામાં ફિલ્મ બનાવનાર બોસ સ્ત્રી કલાકારને ખાસ મળવા બોલાવી બળાત્કાર કરે તથા ગામનો ધનવાન અને સત્તાવાન મોટો જમીનદાર કે જે સવર્ણ જ્ઞાતિનો હોય તે પોતાના માણસો દ્વારા ગામની પછાત જ્ઞાતિની સ્ત્રીઓને પકડી મંગાવે અને તેની ઉપર બળાત્કાર કરે, પોલીસ સ્ટેશનમાં પોલીસો બળાત્કાર કરે, ગરીબ કુટુંબની દીકરી સાથે લગ્ન કરીને સાસરિયામાં તેની ઉપર બળાત્કાર થાય, એ રીતે

અશિક્ષિત, ગરીબ અને પછાત જ્ઞાતિની સ્ત્રીઓ ઉપર આધુનિક યુગમાં ભારતીય સમાજમાં જાતીય અત્યાચારો તેમજ જાતીય શોષણ થાય છે તે ઉપકલ્પના અભ્યાસના આધારે સત્ય સાબિત થાય છે.

(૮) આઠમી ઉપકલ્પના છે કે, ''પુરુષ પ્રધાન સમાજની સ્ત્રીઓ પ્રત્યેની પરંપરાગત વર્તણૂંક અને રૂઢિચુસ્ત વિચારધારામાં અલ્પ પરિવર્તન આવ્યું છે.''

પ્રાપ્ત તથ્યોના આધારે આ ઉપકલ્પના સત્ય પ્રમાણિત થાય છે.

ભારતમાં પ્રાચીન કાળથી પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા છે. તેથી પુત્ર–પુત્રીના ઉછેરમાં પણ ભેદભાવ રાખવામાં આવે છે. પુરુષના હાથમાં સર્વસત્તા હોવાથી તે પોતાની ઈચ્છા પ્રમાણે સ્ત્રીઓ માટેના આચાર–વિચારના નિયમો બનાવે છે અને તે નિયમો સ્ત્રીસમાજ ઉપર લાદે છે. આમ, પુરુષ સત્તાત્મકતા દ્વારા સ્ત્રીઓ માટે નકકી કરવામાં આવેલા ધોરણો–મૂલ્યો અને આદર્શોના ચોકઠામાં સદીઓથી પુરુષપ્રધાન સમાજ સ્ત્રીને બંધબેસાડતો આવ્યો છે.

પતિ કે પિતા તરીકે પુરુષની જોહુકમી, ત્રાસ, અપમાન અને અવહેલનાનો સમાજમાં વિરોધ થતો નથી. 'સ્ત્રીએ સહન કરવું જોઈએ' એવું મૂલ્ય પુરુષપ્રધાન ભારતીય સમાજમાં સ્વીકૃત છે.

'સ્ત્રીનો દરજજો પુરુષથી ઉતરતી કક્ષાનો છે તેથી પુરુષ સ્ત્રી સાથે પોતાની ઈચ્છા મુજબ વર્તન–વ્યવહાર કરી શકે' તે બાબત ભારતીય સમાજમાં પ્રાચીનકાળથી સ્વીકાર્ય છે. જેનું પ્રતિબિંબ અભ્યાસ હેઠળની નવલિકાઓ અને નવલકથાઓમાં પડેલું જોવા મળે છે.

આધુનિક યુગમાં પણ મોટાભાગના કુટુંબોમાં 'સ્ત્રીઓની મુખ્ય ભૂમિકા ગૃહિણીની છે' એ બાબત ને મહત્વ અપાય છે. તેથી સ્ત્રીએ શિક્ષિત બનીને વ્યવસાય કરવાની જરૂર નથી તેવું મોટાભાગના કુટુંબોમાં સ્વીકારાયેલું જોવા મળે છે.

આમ, ભારતીય પુરુષપ્રધાન સમાજની સ્ત્રીઓ પ્રત્યેની પરંપરાગત વર્તણૂંક અને રૂઢિચુસ્ત વિચારધારામાં અલ્પ પરિવર્તન આવેલું જોવા મળે છે. તેથી જ સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીના વ્યવસાય કે રાજકારણ ક્ષેત્રે પ્રવેશનું પ્રમાણ પણ અલ્પ જોવા મળે છે.

(૯) નવમી ઉપકલ્પના છે કે, " સ્ત્રીઓને પોતાની ઈચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓને કુટુંબના સભ્યો માટે કચડી નાખવી પડે છે."

આ ઉપકલ્પના સાચી ઠરી છે.

સ્ત્રીનું બાળપણથી સામાજીકરણ જ એવી રીતે થાય છે કે તેણે સહનશીલ બનવું જોઈએ અને કુટુંબના સભ્યો માટે ત્યાગ કરતા શીખવું જોઈએ.

કુટુંબમાં બહેન અને ભાઈના ઉછેર દરમ્યાન બહેનને શીખવવામાં આવે છે કે ભાઈને માટે તેણે પોતાનો હક જતો કરવો. એવી જ રીતે પત્નીએ પતિ તથા સંતાનોના હિત માટે પોતાનો સ્વાર્થ છોડી દેવો. આવું સ્ત્રીને નાનપણથી શીખવવામાં આવે છે.

અભ્યાસ હેઠળની નવલિકાઓ અને નવલકથાઓમાં પત્ની તરીકે, પુત્રવધૂ તરીકે તથા માતા તરીકે સ્ત્રી કુટુંબમાં પતિ માટે, સાસરિયાઓ માટે તથા સંતાનો માટે પોતાના સુખ, સ્વાર્થ, ઈચ્છા, અરમાન, મહત્વાકાંક્ષા વગેરેનો ભોગ આપતી જોવા મળેલ છે. આ સ્ત્રી પાત્રોના સમગ્ર અસ્તિત્વ ઉપર તથા તેઓના સમય ઉપર કુટુંબીજનોનો અધિકાર જોવા મળે છે. તેઓ પોતાનું એક સ્વતંત્ર વ્યકિત તરીકેનું અસ્તિત્વ પણ ભૂલી ગયાં છે; તેઓ સતત બીજાને માટે કામ કરતાં રહે છે બીજાને માટે જીવતાં રહે છે. તેઓ પોતાના શારીરિક કષ્ટ અને થાકને પણ અવગણે છે.

આમ, સ્ત્રીઓને પોતાની ઈચ્છાઓ અને મહત્વાકાક્ષાંઓને કુટુંબના સભ્યો માટે કચડી નાખવી પડે છે.

(૧૦) દસમી ઉપકલ્પના એ છે કે, "સ્ત્રીઓ સંઘર્ષોનો સામનો કરી આત્મગૌરવપૂર્વક જીવન જીવવા પ્રયત્ન કરે છે."

પ્રાપ્ત તથ્યોના આંકડાઓના આધારે આ ઉપકલ્પના સત્ય સાબિત થઈ છે.

અભ્યાસ હેઠળની નવલિકાઓના ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૩૧ સ્ત્રી પાત્રો (૪૭.૬૯%) અને નવલકથાઓના ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૩૪ સ્ત્રી પાત્રો (૫૭.૬૩%) જીવનમાં આવતાં અનેક સંઘર્ષોનો સામનો કરી આત્મગૌરવપૂર્વક જીવન જીવવાના પ્રયત્નો કરતાં જોવા મળેલ છે.

કુટુંબના સભ્યો દ્વારા સ્ત્રી સભ્યોનું અપમાન અને ઉપેક્ષા થતી હોય, પરિણીત સ્ત્રી જો વ્યવસાય કરતી હોય તો પણ તેને ગૃહકાર્યમાં રાહત આપવામાં આવતી ન હોય તે સ્ત્રી બેવડી ભૂમિકાથી શારીરિક–માનસિક તાણ અને થાક અનુભવતી હોવા છતાં કુટુંબના સભ્યો તેને માટે સહાનુભૂતિના બે શબ્દો પણ ન કહે, સ્ત્રીની પાસે તેની શકિત ઉપરવટ કામ લેવામાં આવે, પતિને લગ્નેતર સંબંધ હોય અને તેની પત્ની વિરોધ કરે તો તેની ઉપર શારીરિક–માનસિક અત્યાચાર આચરવામાં આવે, સ્ત્રીએ પતિના ઘરનો ત્યાગ કર્યો હોય અને તે આર્થિક રીતે આત્મનિર્ભર રહેવા સંઘર્ષ કરતી હોય, આવા અનેક સ્ત્રી પાત્રો અભ્યાસ હેઠળની નવલિકાઓ અને નવલકથાઓમાં જોવા મળેલ છે. તેઓ સંઘર્ષોનો સામનો કરી આત્મગૌરવપૂર્વક જીવન જીવવાનો પ્રયત્ન કરે છે.

(૧૧) અગિયારમી ઉપકલ્પના છે કે, "શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રો વ્યકિતગત અને મનોવૈજ્ઞાનિક અભાવાત્મક સ્થિતિ અનુભવતા જોવા મળે છે; જે સમાજની અડધી વસતીની દયનીય સ્થિતિ દર્શાવે છે."

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય અધ્યયન દ્વારા પ્રાપ્ત હકીકતોની ચકાસણી કરતાં આ ઉપકલ્પના સાચી ઠરી છે.

નવલિકાઓ અને નવલકથાઓમાં નગરીય વસવાટ મહદંશે જોવા મળે છે. ઉચ્ચ શિક્ષિત અને મધ્યમ શિક્ષિત સ્ત્રીઓનું પ્રમાણ નવલિકાઓમાં ૬૫ માંથી ૪૨ (૬૪.૬૨%) અને નવલકથાઓમાં ૫૯ માંથી ૪૭ (૭૯.૬૬%) છે. જે ઘણું ઉંચુ પ્રમાણ કહી શકાય.

શિક્ષિત સ્ત્રીઓ સ્વતંત્ર રીતે વિચારી શકે છે, 'સ્વમાન' બાબતે જાગૃત હોય છે. તેથી તેઓના સર્વાંગી વિકાસમાં અવરોધક બનતા કુટુંબના સભ્યોના વલણોથી તેઓ અસંતોષ અનુભવતા જોવા મળેલ છે. અભ્યાસ હેઠળના સ્ત્રી પાત્રો પોતાના વર્તમાનના પરંપરાગત નિમ્ન દરજજા અને ભૂમિકાથી અસંતુષ્ટ છે. તેઓ દબાયેલી–કચડાયેલી સ્થિતિમાંથી બહાર આવવા ઝંખે છે. તેઓને કુટુંબના સભ્યો માટે પોતાની ઈચ્છાઓ, મહત્વાકાંક્ષાઓ અને અરમાનો કચડી નાખવા પડે છે તેથી તેઓ જીવનમાં અભાવાત્મક સ્થિતિ અનુભવે છે.

અભ્યાસ હેઠળની નવલિકાઓના કુલ ૬૫ સ્ત્રી પાત્રોમાંથી ૪૦ સ્ત્રી પાત્રો (૬૧.૫૪%) અભાવાત્મક સ્થિતિ અનુભવે છે અને પોતાના જીવનથી અસંતુષ્ટ છે; અભ્યાસ હેઠળની નવલકથાઓના કુલ ૫૯ સ્ત્રી પાત્રોમાંથી ૨૮ સ્ત્રી પાત્રો (૪૭.૪૬%) પોતાના જીવનમાં અભાવાત્મક સ્થિતિ અનુભવતા જોવા મળ્યાં છે. અને ૧૧ સ્ત્રી પાત્રો (૧૮.૬૪%) પોતાના જીવનથી અર્ધસંતુષ્ટ છે.

આમ, પોતાના જીવનથી અસંતોષ અનુભવતા સ્ત્રી પાત્રો કોઈ ને કોઈ પ્રકારે અભાવ અનુભવી રહયાં છે. જેમ કે પતિ દ્વારા ઉપેક્ષા થતી હોય, પિતા રૂઢિચુસ્ત હોય, આર્થિક તંગી હોય, માતા–પિતા વચ્ચે અણબનાવ હોય, સમાજની નિમ્ન જ્ઞાતિના સભ્ય ઈચ્છા પ્રમાણે શિક્ષણ ન લઈ શકયા હોય, ઉત્કટ પ્રેમની ઝંખના અતૃપ્ત રહી ગઈ હોય, ઘરના સભ્યો સહકાર ન આપતા હોય, સહાનુભૂતિ ધરાવતા ન હોય, સ્ત્રી પોતે નિઃસંતાનપણાનું દુઃખ અનુભવતી હોય, પતિને લગ્નેતર સંબંધ હોય, પતિ ધંધા–વ્યવસાય માટે સતત ઘરની બહાર રહેતા હોય, કુટુંબમાં ગરીબી–બેકારી હોય, પતિ અને કુટુંબના અન્ય સભ્યો શારીરિક–માનસિક અત્યાચાર ગુજારતા હોય, પતિ શંકા–કુશંકા કરી મહેણા મારતો હોય, પતિ અતિ ધાર્મિકતાના બહાને બ્રહ્મચર્ય વ્રત લઈને બેઠો હોય અને પત્નીની સહચાર તથા પતિ પ્રેમની ઝંખના અતૃપ્ત રહેતી હોય, માતા અથવા પિતા તિરસ્કાર કરતા હોય, પ્રેમ ન કરતા હોય, માતા–પિતા બેમાંથી કોઈ એકનું અવસાન થયું હોય, પતિ તેની પત્નીની ઈચ્છા અને અરમાનો પૂરા કરી શકતો ન હોય, વગેરે અનેક કારણોસર અભ્યાસ હેઠળના સ્ત્રી પાત્રો વ્યકિતગત અને મનોવૈજ્ઞાનિક અભાવાત્મક સ્થિતિ અનુભવતા જોવા મળેલ છે.

જુદા–જુદા સાહિત્ય સ્વરૂપો દ્વારા સાહિત્યકારો સમાજનું દર્શન કરાવતા હોય છે. શ્રી વર્ષા અડાલજાએ પણ પોતાની નવલિકાઓ અને નવલકથાઓ દ્વારા આધુનિક યુગમાં ભારતીય સમાજમાં સ્ત્રીઓના સામાજિક દરજજાનું પ્રતિબિંબ પાડયું છે. જેના વડે સ્ત્રીઓનો નિમ્ન અને દ્વિતીય કક્ષાનો દરજજો અને દયનીય સ્થિતિનો પરિચય મળે છે.

માહિતી આધારિત તારણો અને ઉપકલ્પનાઓની ચકાસણી બાદ કેટલાક સમગ્રદર્શી તારણો આ પ્રમાણે દર્શાવી શકાય.

## ૯.૪ સમગ્રદર્શી તારણો :

સમગ્ર સંશોધનના આધારે આ પ્રમાણે કેટલાક સમગ્રદર્શી સારાંશરૂપ તારણો રજૂ કરી શકાય :

- સ્ત્રી કોઈ પણ દેશ–કાળની હોય, તેની સમસ્યાઓ સમાન હોય છે.
- સ્ત્રીઓ માટે બેવડા સામાજિક ધોરણો રહેલા છે.
- સ્ત્રીઓ પોતાને મળેલા ન્યાયિક, બંધારણીય કે કાયદાકીય અધિકારો ભોગવી શકતી નથી.
- સ્ત્રીઓની યોગ્યતાનું મૂલ્યાંકન લૈંગિકતા (Gender) ના આધારે થાય છે. જેમાં તેઓને મહદંશે અન્યાય થતો જોવા મળે છે.
- સ્ત્રીઓ પ્રત્યેના ભારતીય સમાજના લોકોના વલણો આધુનિક યુગમાં પણ પરંપરાઓ અને રૂઢિઓથી પ્રભાવિત થયેલા જોવા મળે છે.
- આજે પણ "સ્ત્રી સશકિતકરણ" ના કાર્યક્રમોનું આયોજન કરવું પડે છે, તે અંગે ચર્ચા–વિચારણા અને પરિસંવાદો યોજાય છે તેનાથી સાબિત થાય છે કે સ્ત્રી હજુ સશકત થઈ શકી નથી, ભારતીય સમાજમાં વાસ્તવિક રીતે સ્ત્રીઓનો દરજજો પુરુષોથી નિમ્ન કક્ષાનો જ છે, સ્ત્રી સમાજ આધુનિક યુગમાં પણ દબાયેલો–કચડાયેલો જ છે.
- કુટુંબ સંસ્થામાં પુત્ર અને પુત્રીનો દરજજો, પતિ અને પત્નીનો દરજજો, પુત્રવધૂ અને કુટુંબની અન્ય સ્ત્રીઓનો દરજજો ભિન્ન અને અસમાન છે. વિધવા સ્ત્રીનું કુટુંબમાં ઉતરતુ સ્થાન જોવા મળે છે.
- અભ્યાસ હેઠળની મોટા ભાગની સ્ત્રીઓએ "House-wife" ની પરંપરાગત ભૂમિકા સહજ રીતે સ્વીકારી લીધેલી જોવા મળે છે, કારણ કે તેઓનું સામાજીકરણ જ એવી રીતે થયું હોય છે કે જેમાં સ્ત્રીને માટે પતિ, કુટુંબ, બાળકો અને વડીલોની સેવા મહત્વની અને જન્મજાત ફરજ ગણાય છે.
- સ્ત્રીઓએ પોતાના અધિકારો પ્રાપ્ત કરવા માટે ઝઝૂમવું પડે છે, સંઘર્ષ કરવો પડે છે.

- સ્ત્રીઓએ પોતાની સ્વતંત્ર ઓળખ ઉભી કરવા, આત્મસન્માનથી જીવન જીવવા, રૂઢ થયેલી પરંપરાગઓ તોડવા દઢ મનોબળવાળા બનવું પડે છે. અન્યથા તેઓને રૂઢિ અનુસાર જ નિશ્ચિત ધોરણોના ચોકઠાંમાં જીવવું પડે છે.

- સ્ત્રીઓએ પોતાની સમસ્યાઓના નિવારણ માટે સ્વયં પ્રયત્નો કરવા પડે છે.

- સ્ત્રીઓને તેઓના વ્યકિતત્વનો વિકાસ સાધવામાં કુટુંબમાં માતા–પિતા, પતિ અને અન્ય સગાઓ નહીંવત્ મદદરૂપ થાય છે.

- બહુ ઓછા કુટુંબોમાં પુત્રીનો ઉછેર એક "વ્યકિત" તરીકે થાય છે; મોટાભાગે પુત્રીને 'સ્ત્રી' તરીકે જ ઉછેરવામાં આવે છે.

- મધ્યમવર્ગના કુટુંબોમાં સ્ત્રી પુત્રી તરીકે અને પત્ની તરીકે આજીવિકા મેળવવામાં મદદરૂપ થાય છે છતાં તેની પરંપરાગત ગૃહિણીની ભૂમિકામાંથી તે મુકત થઈ શકતી નથી. આ બેવડી ભૂમિકાથી તે શારીરિક–માનસિક થાક અને તાણ અનુભવે છે.

- સ્ત્રીની વ્યાવસાયિક ભૂમિકા સંપૂર્ણપણે સમાજમાન્ય બની નથી તેથી તેમાંથી સ્ત્રી માટે સામાજિક અને માનસિક અનુકૂલનની સમસ્યા વધુ જટિલ બને છે

- બહુપત્નીપ્રથા ઉપર કાનૂની પ્રતિબંધ હોવા છતાં કેટલાક પુરુષો અન્ય સ્ત્રીઓ સાથે સંબંધ રાખીને કે બીજી પત્ની કરતા હોવાના કિસ્સા આધુનિક યુગના ભારતીય સમાજમાં જોવા મળે છે તેના કારણે પ્રથમ પત્નીની સ્થિતિ કફોડી બનતી જોવા મળે છે.

- કુટુંબજીવનમાં સ્ત્રીઓ હજી સ્વંતત્ર રીતે નિર્ણયો લઈ શકવા શકિતમાન બની નથી. તેણે પતિ, પિતા કે કુટુંબના અન્ય પુરુષ સભ્યોને આધીન રહેવું પડે તેવી પરિસ્થિતિ પ્રવર્તે છે.

- સ્ત્રીનાં આરોગ્ય, પોષણ અને ખોરાક પ્રત્યે પુરુષ જેટલું ધ્યાન અપાતું નથી. તે પરત્વે હજુ દુર્લક્ષ સેવાય છે.

- ત્યકતા, વિધવા કે છૂટાછેડા લીધેલી ઘણી સ્ત્રીઓએ સ્ત્રી–સંસ્થાઓનો અથવા નારી સંરક્ષણ ગૃહોનો આશ્રય લેવો પડે છે, જે એમ સૂચવે છે કે સ્ત્રીને હજુ પૂરતી સામાજિક અને આર્થિક સલામતી મળી નથી.

- સ્ત્રીઓ સામેના વિવિધ ગુનાઓ જેવા કે અપહરણ, બળાત્કાર, અત્યાચાર, ઘરેલુ હિંસા, વ્યવસાયના સ્થળે જાતીય શોષણ, અનિચ્છાએ વેશ્યા વ્યવસાયમાં ધકેલી દેવી, સ્ત્રીનું વેંચાણ કરવું વગેરે આધુનિક યુગમાં પણ બનતા જોવા મળે છે; જે સ્ત્રીનો નિમ્ન દરજજો સૂચિત કરે છે અને ભારતીય સમાજની રુગ્ણતા તથા પછાતપણું દર્શાવે છે.

આધુનિક સ્ત્રીનું બદલાયેલું ચિત્ર અને સામાજિક પરિસ્થિતિનો નિર્દેશ આપતા કેટલાક અન્ય તારણો આવા પણ જોવા મળ્યા છે, જે ઉપરોકત તારણોથી જુદાં છે. ઉપરાંત પરંપરાગત પરિસ્થિતિમાંથી બદલાઈ રહેલી વર્તમાન પરિસ્થિતિનો પણ ખ્યાલ આપે છે.

- આધુનિક શિક્ષિત સ્ત્રીઓ પતિની જોહુકમી, શારીરિક–માનસિક ત્રાસ અને પતિના અન્ય સ્ત્રી સાથેના લગ્નેતર સંબંધોને કારણે 'સ્વમાન' ખાતર પતિનું ઘર છોડી દેતાં અચકાતી નથી, તે સ્વતંત્ર રહીને, આર્થિક રીતે આત્મ નિર્ભર બની ખુમારીપૂર્વક બાકીનું જીવન પસાર કરે છે.

- સ્ત્રી પતિના કે અન્ય પુરુષના અસહય જાતીય શોષણ અને શારીરિક–માનસિક ત્રાસમાંથી છૂટવા રણચંડી બનીને ત્રાસ આપનાર પતિની કે શોષણ કરનાર અન્ય પુરુષની હત્યા કરતા પણ અચકાતી નથી, તેવું સ્ત્રી પાત્રોના અભ્યાસમાંથી જાણવા મળેલ છે.

- ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ અને નિમ્નવર્ગની સ્ત્રીઓના સામાજિક દરજજામાં અસમાનતા જોવા મળે છે; તેમ છતાં બન્નેનો દરજજો 'પુરુષ વર્ગ' કરતાં તો નિમ્ન જ છે.

- ભારતીય સમાજમાં આવી રહેલા પરિવર્તનો તથા આર્થિક ક્ષેત્રે ઉદ્‌ભવેલી વિપુલ તકોના કારણે તેમ જ વર્ગ–વ્યવસ્થાના વધતા જતાં મહત્વના કારણે એક 'Neo-Rich Class' ઉદ્‌ભવ્યો છે. મધ્યમવર્ગના લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો થતાં તેઓ ઉચ્ચ વર્ગનો દરજજો મેળવે છે. આ રીતે ઝડપથી ધનવાન થયેલાં લોકોની એક વિશિષ્ટ સંસ્કૃતિ ઉદ્‌ભવી છે; તેને "Neo-Rich Class Culture" કહે છે. પ્રસ્તુત અભ્યાસ હેઠળની નવલિકાઓ અને નવલકથાઓમાં પણ આવા 'Neo-Rich Class' ના સ્ત્રી પાત્રો જોવા મળેલા છે. તેઓને શ્રીમંતાઈનો કેફ ચડેલો જોવા મળ્યો છે. તેવા સ્ત્રી પાત્રો મહદંશે મોજશોખ, વૈભવવિલાસ અને આરામયુકત જીવન જીવે છે. તેઓને વ્યકિતત્વ વિકાસ કે સાચા અર્થમાં સમાજને ઉપયોગી પ્રવૃત્તિમાં રસ નથી હોતો. તેઓને વિપુલ ફુરસદ મળતી હોવાથી તે સમય બ્યુટીપાર્લર, હેલ્થક્લબ, ડ્રાઈવીંગ, ક્લબ, પ્રવાસ–પિકનિક, કીટ્ટીપાર્ટી, મહિલામંડળો, ડીનર અને ડાન્સના કાર્યક્રમો, વગેરેમાં પસાર કરે

છે. આવી શ્રીમંત સ્ત્રીઓ એકઠી થાય ત્યારે કિંમતી ચીજ–વસ્તુઓ, સાડી અને મૂલ્યવાન આભૂષણોની ખરીદી, વર્લ્ડટૂર, રસોઈ અને નવી–નવી સ્વાદિષ્ટ વાનગીઓ વગેરેની વાતો કરે છે. આવી શ્રીમંત સ્ત્રીઓ ગરીબ નોકર કે કામવાળી સ્ત્રી પ્રત્યે તિરસ્કારયુકત અને શોષણયુકત વ્યવહાર કરતી જોવા મળે છે.

- સ્ત્રી શિક્ષણનું પ્રમાણ મધ્યમ અને ઉચ્ચવર્ગમાં વધેલું જોવા મળે છે. નિમ્નવર્ગમાં નહીંવત્ છે.
- સ્ત્રી શિક્ષિત બનીને આર્થિક રીતે આત્મનિર્ભર થાય છે તો તેનામાં આત્મવિશ્વાસ કેળવાય છે અને જીવનના સંઘર્ષો સામે ઝઝૂમી શકે છે.
- આધુનિક શિક્ષિત સ્ત્રીએ અનેક પ્રકારના વ્યાવસાયિક ક્ષેત્રોમાં પદાર્પણ કર્યું છે તેમાં તે પોતાની કુશળતાના બળે ઉચ્ચસ્તરે પહોંચેલી જોવા મળે છે. જે ભારતીય સ્ત્રીમાં આવેલું પરિવર્તન છે.
- શિક્ષિત અને વ્યાવસાયિક સ્ત્રી ખુમારીપૂર્વક જીવન જીવી શકે છે.

## ૯.૫ ભારતીય સમાજમાં સ્ત્રીઓના દરજજા અને ભૂમિકામાં સુધારણા અંગેના સૂચનો :

- બંધારણીય જોગવાઈઓના સંદર્ભમાં સ્ત્રીકલ્યાણ અંગે ઘડવામાં આવેલા કાયદાઓની જાણકારી આમ જનતાને આપવી જોઈએ, કાયદાઓના અસરકારક અમલ માટે સમાજમાં અને કુટુંબોમાં 'સ્ત્રીતરફી' વાતાવરણ ઉભુ થવું જોઈએ તો જ સ્ત્રીનો એક 'વ્યકિત' તરીકે વિકાસ સંભવી શકે.
- રાષ્ટ્રની કુલ વસ્તીની અડધી વસ્તી જયારે સ્ત્રીઓની હોય ત્યારે ન્યાયપૂર્વક તેને સમાન તક અને હક આપવા જોઈએ તથા તેનો ભોગવટો તે કરી શકે તેવું સમાજ અને કુટુંબમાં સ્વસ્થ વાતાવરણ ઉભું થવું જોઈએ.
- સ્ત્રીની વ્યાવસાયિક ભૂમિકાનો સમાજમાં યોગ્ય સ્વીકાર થવો જોઈએ જેથી કરીને સ્ત્રી સ્વતંત્રતાથી આર્થિક રીતે આત્મનિર્ભર બની સ્વવિકાસ સાધી શકે.
- લગ્ન એ સ્ત્રીના જીવનનું મહત્વનું ધ્યેય છે પરંતુ તે તેના સર્વાંગી વિકાસમાં અવરોધક ન બને તે રીતે પ્રથમ સ્ત્રીને શિક્ષિત બનવા દેવી, જો તે આર્થિક રીતે આત્મનિર્ભર બનવા ઈચ્છતી હોય તો તે માટે સાનુકૂળ વલણ અપનાવવું અને ત્યાર બાદ જ કુટુંબના વડીલોએ તેની ઈચ્છા અનુસાર લગ્ન બાબતે પ્રયત્ન કરવો જોઈએ.

સ્ત્રીના શિક્ષણ અને કારકીર્દિના ભોગે અધવચ્ચેથી શિક્ષણ છોડાવીને ફરજીયાત લગ્ન કરી દેવા ન જોઈએ.

- સ્ત્રી જો ગૃહિણી ઉપરાંત વ્યવસાયી મહિલા પણ હોય તો તેની પરંપરાગત ગૃહિણીની ભૂમિકાઓ – ગૃહસંભાળ, બાળઉછેર, પતિ સેવા, કુટુંબીજનોની સેવા – વગેરેમાં કુટુંબીજનોએ અને પતિએ સહાયક થવું જોઈએ, સહકાર આપવો જોઈએ જેથી તે સ્ત્રી ભૂમિકા–સંઘર્ષ ન અનભવે.

- સ્ત્રીની વ્યાવસાયિક ભૂમિકામાં સમાન કામ માટે પુરુષોની સમકક્ષ વેતન મળવું જોઈએ. તો જ સ્ત્રી–પુરુષ આર્થિક સમાનતા સ્થાપી શકાશે.

- સ્ત્રીઓને પુરુષોથી ઉતરતી કક્ષાની બુદ્ધિ તથા શારીરિક શકિત ધરાવવાના સમાજના વલણમાં બદલાવ આવવો જોઈએ. સ્ત્રી 'અબળા' નથી પણ 'સબળા' છે તેવું વિજ્ઞાને પણ સ્વકાર્યું છે તેથી સમાજમાં તો અંગેનું વલણ કેળવાવું જોઈએ.

- ધર્મશાસ્ત્રના ગ્રંથોમાં અને આદર્શોમાં "યત્ર નાર્યસ્તુ પુજયન્તે રમન્તે તત્ર દેવતા" નો સ્વીકાર થયો છે પરંતુ વાસ્તવિકતામાં તેનો સ્વીકાર થતો નથી. કુટુંબોમાં આ મૂલ્યનો સ્વીકાર થાય તો સ્ત્રીસમાજને સ્પર્શતી મોટાભાગની સમસ્યાઓનું શમન થઈ જાય અને સમાજની અડધી વસ્તી કે જે સદીઓથી કચડાયેલી છે તેને નવજીવન પ્રાપ્ત થઈ શકે; અને દેશનો સર્વાંગી વિકાસ પણ તો જ થઈ શકે.

- પરંપરાગત જ્ઞાતિપ્રથા, લગ્નસંસ્થા અને કુટુંબસંસ્થાના રૂઢિચુસ્ત રિવાજો અને પ્રથાઓમાં આમૂલ પરિવર્તન લાવવું જોઈશે તો જ સ્ત્રી–પુરુષ સમાનતા સાચા અર્થમાં વ્યવહારમાં સ્થાપી શકાશે.

## ૯.૬ આ સંશોધનની મર્યાદાઓ :

સામાજિક વિજ્ઞાનોના અભ્યાસોમાં પ્રાકૃતિક વિજ્ઞાનોના સંશોધનો જેટલી તટસ્થતા અને પ્રમાણભૂતતા જળવાતી નથી. કારણ કે સામાજિક વિજ્ઞાનોનો સંબંધ મોટે ભાગે માનવીની આંતર્‌ક્રિયાઓ અને આંતર્‌સંબંધો સાથે રહેલો છે. સમાજવિજ્ઞાનોના અભ્યાસના ક્ષેત્રો અપરિવર્તનશીલ અને ચોકકસ માપી શકાય તેવા હોતા નથી, તેથી પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનની પણ કેટલીક મર્યાદાઓ છે. જે આ પ્રમાણે છે :

(૧) પ્રસ્તુત સંશોધનમાં શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રોનું સમાજશાસ્ત્રીય અધ્યયન કરવામાં આવ્યું છે. તેના તારણોના આધારેસમગ્ર ભારતના સ્ત્રી–સમાજના દરજ્જાને મૂલવી શકાય કે કેમ ? તે એક પ્રશ્ન છે. કારણ કે દરેક પ્રદેશ–પ્રાંતના ભૌગોલિક સંદર્ભો, સંસ્કૃતિની ઢબ અને વિકાસની તરાહ ભિન્ન–ભિન્ન હોય છે.

(૨) આ સામાજિક સંશોધન સાહિત્યના સમાજશાસ્ત્રમાં કરવામાં આવ્યું છે. તેમાં ગ્રંથાલય પદ્ધતિ અને ગૌણ કે દસ્તાવેજી માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે, તેથી પ્રાથમિક માહિતી તેમ જ ક્ષેત્રકાર્ય ઉપર આધારિત સંશોધન પદ્ધતિની મદદથી થતાં સંશોધનો કરતાં પ્રસ્તુત સંશોધન કાર્યમાં સાહિત્ય સર્જકે રજૂ કરેલા સમાજજીવનના શબ્દચિત્રની મદદ લેવામાં આવી હોવાથી સર્જકની આત્મલક્ષિતાની અસર રહી જવાનો સંભવ છે. આવી માહિતીમાં કચાશ કે ઉણપ રહી ગઈ હોય તે શકય છે.

(૩) એક જ સ્ત્રી સાહિત્યકારની નવલિકાઓ અને નવલકથાઓમાંના સ્ત્રી પાત્રોનું અધ્યયન કરી ભારતીય સ્ત્રી સમાજના દરજ્જા–ભૂમિકા સંબંધી આ વિશ્લેષણ કરવામાં આવેલ છે. અન્ય સાહિત્યકારો કઈ રીતે ભારતીય સ્ત્રીસમાજનું ચિત્ર રજૂ કરે છે, તેઓ કઈ રીતે સ્ત્રીસમાજનો દરજ્જો–ભૂમિકા તેમ જ અન્ય પરિસ્થિતિનું અર્થઘટન કરે છે તેને ધ્યાનમાં લેવામાં આવ્યું નથી. તેથી આ અભ્યાસ એકાંગી બની રહે તેવી શકયતા છે.

(૪) પ્રસ્તુત અભ્યાસમાં, નવલિકાઓ અને નવલકથાઓના સ્ત્રી પાત્રોના અભ્યાસમાં સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી અમુક જ પાસાંઓનો અભ્યાસ કરાયો છે.

આમ, સંશોધક પોતાના સંશોધન કાર્યને પૂર્ણતા આપવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. પરંતુ 'પૂર્ણતા' એ એક આદર્શ પરિસ્થિતિ છે, જયારે દરેક કાર્યમાં કંઈક તો બાકી રહી જ જાય છે. જે સંશોધનની મર્યાદા બની રહે છે. પ્રસ્તુત સંશોધનમાં પણ ઉપરોકત મર્યાદાઓ રહેલી જોવા મળી છે.

## ૯.૭ ભવિષ્યમાં કરવા જેવા સંશોધનો અંગે સૂચનો :

(૧) પ્રસ્તુત સંશોધન કાર્યમાં શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાંના સ્ત્રી પાત્રોના દરજ્જા–ભૂમિકા સંબંધી સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી વિશ્લેષણાત્મક અભિગમ વડે અધ્યયન કરવામાં આવ્યું છે; તેવી જ રીતે સમાજજીવનના અન્ય પાસાંઓ જેવાં કે સામાજિક પરિવર્તન,

સામાજિક સંસ્થાઓ, સામાજિક સમસ્યાઓ, ગ્રામ, નગર કે આદિવાસી સમુદાયનું લોકજીવન કે સ્ત્રીજીવન વિષે સાહિત્યની મદદથી સંશોધન થઈ શકે.

(૨) અન્ય સાહિત્યકારો દ્વારા રચિત સાહિત્યનાં વિવિધ સ્વરૂપો જેવાં કે નવલકથાઓ, નવલિકાઓ, નાટકો, કાવ્યો, પ્રવાસવર્ણનો વગેરેનું પણ સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી અધ્યયન કરી શકાય.

(૩) શ્રી વર્ષા અડાલજાએ નવલિકાઓ તથા નવલકથાઓ ઉપરાંત વિવિધ લેખો, વર્તમાનપત્રોમાં આવતી કોલમો વગેરે વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે જે સમાજજીવનના વિવિધ પાસાંઓ ઉપર પ્રકાશ પાડે છે, તેનું પણ સમાજશાસ્ત્રીય અધ્યયન થઈ શકે.

(૪) એક જ સમયગાળાના બે સાહિત્યકારોની નવલિકાઓ અને નવલકથાઓમાંના સ્ત્રી પાત્રોના દરજ્જા–ભૂમિકા સંબંધી તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

(૫) બે જુદા–જુદા સમયના સાહિત્યકારો (ગાંધીયુગ અને અર્વાચીન યુગ વગેરે...) ની નવલિકાઓ, નવલકથાઓ, કાવ્યો વગેરેમાંના સ્ત્રી પાત્રો કે સમાજજીવનના અન્ય પાસાંઓનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

(૬) ''સાહિત્યના સમાજશાસ્ત્ર'' માં 'Gender Discrimination', 'Gender Justice', 'Gender Perspective', કે 'Gender Relations' ના સંદર્ભમાં સાહિત્યકૃતિઓનો અભ્યાસ થઈ શકે.

(૭) અન્ય સાહિત્યકારો દ્વારા રચિત સાહિત્યકૃતિઓમાં આવતાં પુરુષ પાત્રોનું પણ સમાજશાસ્ત્રીય સંશોધન થઈ શકે.

l **સમાપન :**

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધન 'સાહિત્યના સમાજશાસ્ત્ર' માં કરવામાં આવેલ છે. જેમાં શ્રી વર્ષા અડાલજાની કેટલીક સ્ત્રીપ્રધાન નવલિકાઓ અને સામાજિક નવલકથાઓનું સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી વિશ્લેષણાત્મક અભિગમ વડે અધ્યયન કરવામાં આવતાં તેના દ્વારા અર્વાચીન યુગમાં ભારતીય સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા, પ્રશ્નો અને પડકારો તેમ જ તેમાં આવી રહેલાં પરિવર્તનોને જાણી શકાયા છે.

ભારતીય સમાજના સર્વાંગી વિકાસ માટે સ્ત્રી અને પુરુષ બન્ને સ્વતંત્ર વ્યકિત તરીકે સમાનતાથી જીવે તે જરૂરી છે. પરંતુ સ્ત્રીના સર્વાંગી વિકાસમાં અનેક પરીબળો અવરોધક બને છે. તે માટે સમગ્ર વર્તમાન સામાજિક વ્યવસ્થામાં ધરમૂળથી પરિવર્તનની આવશ્યકતા છે. સ્ત્રી–પુરુષ સહ–અસ્તિત્વની સમજદારી દરેક વ્યકિત કેળવશે તો જ રાષ્ટ્રનું નવનિર્માણ અને તેની સાથે વિશ્વનું નવનિર્માણ થઈ શકશે. આપણે ઈચ્છી શકીએ, પ્રાર્થી શકીએ કે કયારેક આવા સમાજનું નિર્માણ પણ થશે અને ત્યારે 'Literature is a mirror of Society' એ ઉકિત પ્રમાણે સાહિત્યરૂપી દર્પણમાં પણ સ્ત્રી–પુરુષ સમાનતા અને સહ–અસ્તિત્વનું પ્રતિબિંબ પડશે, કારણ કે ત્યારે નીચે દર્શાવ્યા પ્રમાણેના અંગ્રેજી કાવ્યમાં રજૂ થયેલી સ્ત્રીની વિશેષતાઓને સમાજ યોગ્ય રીતે સમજી શકતો હશે :

*A Woman !*
*As a daughter,*
*She is the dream of her parent's eyes,*
*For them, her happiness, she will sacrifice;*
*As a sister,*
*Her love is beyond compare,*
*She is always willing to care and share;*
*As a wife,*
*She is her husband's best friend,*
*His lover,*
*His companion till life's end;*
*As a mother,*
*She is unfailing in her duty,*
*She nurturs,*
*She loves and gives security;*
*There is no end to her,*
*Endurance, Her family is the essence,*
*Of her existence !*

# પરિશિષ્ટ – ૧

# પરિશિષ્ટ – ૧

# સંદર્ભ ગ્રંથ સૂચિ – ૧

## શ્રી વર્ષા અડાલજાના નવલિકા સંગ્રહો તથા પસંદગીની નવલકથાઓની સૂચિ


l **નવલિકા સંગ્રહોની સૂચિ :**

(૧) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૭૯ :** "એ", આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૨) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૮૩ :** સાંજને ઉંબરે, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૩) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૮૯ :** એંધાણી, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૪) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૯૪ :** બિલીપત્રનું ચોથું પાન, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૫) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૯૮ :** ગાંઠે બાંધ્યું આકાશ, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૬) **શ્રી વર્ષા અડાલજા, ૨૦૦૩ :** અનુરાધા, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

l **પસંદગીની નવલકથાઓની સૂચિ :**

(૧) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૬૯ :** તિમિરના પડછાયા, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૨) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૭૧ :** મારે પણ એક ઘર હોય, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૩) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૭૪ :** રેતપંખી, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૪) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૮૩ :** ખરી પડેલો ટહુકો, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૫) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૮૩ :** ખેક કારાગાર, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૬) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૮૪ :** આનંદધારા, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૭) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૮૭ :** એની સુગંધ, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૮) **શ્રી વર્ષા અડાલજા, ૧૯૯૧ :** માટીનું ઘર, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૯) **શ્રી વર્ષા અડાલજા, ૨૦૦૧ :** ત્રીજો કિનારો, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૧૦) **શ્રી વર્ષા અડાલજા, ૨૦૦૪ :** શગરે સંકોરૂં, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

# સંદર્ભ ગ્રંથ સૂચિ – ૨

# અન્ય ગુજરાતી સંદર્ભ ગ્રંથો


(૧) **આનંદ મુલ્કરાજ અને ઈકબાલસિંહ, ૧૯૪૬ :** (સંપાદકો), ભારતની ટુંકી વાર્તાઓ.

(૨) **કોઠારી જયંત (સંપાદક), ૧૯૭૭ :** ટુંકી વાર્તા અને ગુજરાતી ટુંકીવાર્તા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

(૩) **જોશી રમણલાલ, ૧૯૭૪ :** ભારતીય નવલકથા, ભાગ–૧, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ – ૬.

(૪) **જોશી વિદ્યુતભાઈ, ૧૯૯૭ :** પારિભાષિક કોષ : સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ – ૬.

(૫) **દેસાઈ નીરા, ૧૯૭૪ :** ભારતીય સમાજમાં સ્ત્રી જીવન, આર. આર. શેઠની કંપની, મુંબઈ–૨.

(૬) **દેસાઈ નીરા, ૧૯૮૩ :** ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ – ૬.

(૭) **પટેલ ભોળાભાઈ, ૧૯૭૩ :** ભારતીય ટુંકી વાર્તા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ – ૬.

(૮) **પટેલ વિભૂતિ :** ભારતમાં સ્ત્રીની તાસીર, લોકાયન, ગુજરાત.

(૯) **પાઠક રામનારાયણ વિશ્વનાથ :** સાહિત્ય વિમર્શ.

(૧૦) **પેટલીકર ઈશ્વર, ૧૯૮૧ :** સ્ત્રી સમાનતાની સમસ્યા, નવજાગૃતિ સમાજમાળા, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૧૧) **મેકાઈવર અને પેજ, ૧૯૬૪ :** ''સમાજ'', રતન પ્રકાશન મંદિર, આગરા.

(૧૨) **વ્યાસ યોગેન્દ્ર ધીરૂભાઈ, ૧૯૭૫ :** ભાષા, સમાજ અને સાહિત્ય, આદર્શ પ્રકાશન, અમદાવાદ.

(૧૩) **શાહ કલ્પના અને પટેલ વિભૂતિ, ૧૯૮૭ :** નારી સમાનતા : પ્રશ્નો અને પડકારો, સેન્ટર ફોર સોસ્યલ સ્ટડીઝ, સૂરત.

(૧૪) **શાહ કલ્પના, ૧૯૯૭ :** સાહિત્યમાં નારી ચેતના, સેન્ટર ફોર સોસ્યલ સ્ટડીઝ, સૂરત.

(૧૫) **શાહ કલ્પના, ૧૯૯૭ :** સ્ત્રીનો બદલાતો દરજજો અને ભૂમિકા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ – ૬.

(૧૬) **શાહ કલ્પના, ૨૦૦૦ :** સ્ત્રીઓ અને વિકાસ : સ્ત્રી અભ્યાસ શ્રેણી, સંપાદકો – ડો. નીરા દેસાઈ અને ડો. ઉષા ઠકકર, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

(૧૭) **શાહ વી. પી., ૧૯૭૮ :** સંશોધન ડિઝાઈન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ – ૬.

(૧૮) **શેલત હિમાંશી, ૨૦૦૦ :** ગુજરાતી કથા સાહિત્યમાં નારીચેતના : સ્ત્રી અભ્યાસ શ્રેણી, સંપાદકો – ડો. નીરા દેસાઈ અને ડો. ઉષા ઠકકર, આર. આર. શેઠની કંપની, મુંબઈ.

# સંદર્ભ ગ્રંથ સૂચિ – ૩

# હિન્દી સંદર્ભ ગ્રંથો


(१) **किम्बाल यंग और मेक रेमंड, १९६२ :** समाजशास्त्रके सिध्धांत, युरेशिया पब्लिशिंग हाउस, (प्रा.) लिमिटेड, रामनगर, नई दिल्ली ।

(२) **गजानन माधव मुक्ति बोध, १९७१ :** समाज और साहित्य, (संक.), नये साहित्यका सौंदर्यशास्त्र, राधाकृष्ण प्रकाशन, दिल्ली ।

(३) **डो. गाबा ओमप्रकाश :** समाजविज्ञान कोश, बी. आर. पब्लिशींग कोर्पोरेशन, दिल्ली ।

(४) **गुप्ता वी. डी., १९७९ :** उपन्यास का समाजशास्त्र, श्री पब्लिशींग हाउस, नई दिल्ली ।

(५) **गुप्ता वी. डी., १९८० :** ग्रामीण समाजशास्त्र, साहित्यके परिप्रेक्षमें, सीता प्रकाशन, हाथरस ।

(६) **गुप्ता वी. डी., १९८२ :** साहित्यका समाजशास्त्र, अवधारणा सिध्धांत एवं पध्धति, सीता प्रकाशन, हाथरस ।

(७) **गुलाबराय, १९५४ :** काव्य के रूप, प्रतिभा प्रकाशन, दिल्ली ।

(८) **जोनसन हेरी एम., १९७० :** समाजशास्त्र, अनुवादक योगेश अटल, कल्याणी पब्लिशर्स, लुधियाना ।

(९) **तिलारा कुंवरसिंह जायसवाल, १९७३ :** सामाजिक अनुसंधान एवं

सांख्यिकी, प्रकाशन केन्द्र, न्युबिल्डिंग्स, अमीनाबाद, लखनउ ।

(१०) **डो. त्रिगुणायत गोविन्द, १९६८** : साहित्य और समाज, नवीन साहित्यिक निबन्ध ।

(११) **तोमर रामबिहारीसिंह, १९७०** : सामाजिक सर्वेक्षण, श्री राम मेहरा एण्ड कंपनी, आगरा ।

(१२) **द्विवेदी महावीरप्रसाद, १९७३** : साहित्यकी महत्ता, (संक.), गद्यमुक्ताहार, शुक्ला प्रकाशन, ईलाहाबाद ।

(१३) **द्विवेदी हजारीप्रसाद, १९५७** : साहित्यका साथी, राष्ट्रभाषा प्रचार समिति, वर्धा ।

(१४) **पिपुल्स पब्लिशींग हाउस, १९५८** : दर्शन, साहित्य और आलोचना ।

(१५) **प्रेमचन्द, १९७३** : कुछ विचार, सरस्वती प्रेस, ईलाहाबाद ।

(१६) **बाजपाई एस. आर., १९६६** : सामाजिक अनुसंधान तथा सर्वेक्षण, किताब घर, कानपुर ।

(१७) **भट्ट बालकृष्ण, १९६९** : साहित्य जन समूह के हृदयका विकास है (संकलित) हिन्दी गद्यकुसुम, आगरा विश्व विद्यालय प्रकाशन ।

(१८) **मेकाईवर और पेज, १९६४** : समाज (अनुवादक), रतन प्रकाशन मंदिर, आगरा ।

(१९) **मेहरोत्रा श्री राम, १९७०** : साहित्यका समाजशास्त्र, मान्यता और स्थापना, रचना प्रकाशन, वाराणसी ।

(२०) **डो. मिश्र रामदरश, १९६८** : हिन्दी उपन्यास एक अंतर्यात्रा, राजकमल प्रकाशन, दिल्ली ।

(२१) **रावत हरिकृष्ण, १९९८** : समाजशास्त्र विश्वकोश, रावत पब्लिकेशन, जयपुर ।

(२२) **रैल्फ फ़ोक्स, १९५७** : उपन्यास और लोकजीवन, पीपुल्स पब्लिशींग हाउस, नई दिल्ली ।

(२३) **रीचर्ड होगर्ट, १९७३** : साहित्यिक कल्पना और समाजशास्त्रीय कल्पना, आलोचना (अप्रैल - जून) ।

(२४) **वर्मा धीरेन्द्र, (संपादक), २०२० संवत** : हिन्दी साहित्य कोश, ज्ञान मण्डल लि., वाराणसी ।

(२५) **डो. वर्मा रामकुमार, १९५६** : साहित्यशास्त्र, भारतीय विद्या भवन, ईलाहाबाद ।

(२६) **वात्स्यायन, १९६०** : भारतीय समाज और संस्थायें, केदारनाथ रामनाथ, मेरठ ।

(२७) **व्होरा आशारानी, १९८३** : भारतीय नारी : दशा और दिशा, नेशनल पब्लिशींग हाउस, नई दिल्ली ।

(२८) **डो. विद्यार्थी ललितप्रसाद, १९८०** : आमुख - उपन्यासका समाजशास्त्र, गुप्ता वी. डी., सीता प्रकाशन, हाथरस ।

(२९) **सीमोन-द-बुवा, १९९०** : स्त्री : उपेक्षित (अनुवादक प्रभाखेतान), सरस्वती विहार, दिल्ली ।

(३०) **डो. सूरी योगेशकुमार, २०००** : यशपाल के उपन्यासों में नारी जीवनकी समस्याएँ, चंद्रलोक प्रकाशन, कानपुर ।

(३१) **डो. श्यामसुंदर दास, १९६५** : साहित्यालोचना, इण्डियन प्रेस पब्लिकेशन्स प्रा. लि., प्रयाग ।

(३२) **डो. श्रीनारायण अग्निहोत्री, १९६१** : हिन्दी उपन्यासका शास्त्रीय विवेचन, सरस्वती सदन, आगरा ।

(३३) **शुक्ल रामचंद्र, संवत २०२२** : हिन्दी साहित्यका ईतिहास, नागरी प्रचारणी सभा, काशी ।

(३४) **शुक्ल रामचंद्र, १९५८** : कला और आधुनिक प्रवृत्तियाँ, प्रकाशन शाखा, सूचना विभाग, उत्तर प्रदेश ।

(३५) **शुक्ल रामचंद्र, १९६३** : कविता क्या है, संकलन चिन्तामणि, (प्रथम भाग), ईन्डियन प्रेस पब्लिकेशन्स प्रा. लि., प्रयाग ।

# સંદર્ભ ગ્રંથ સૂચિ – ૪

# અંગ્રેજી સંદર્ભ ગ્રંથો


(1) **Abbi B. L., 1969 :** Urban Family In India, contributions to Indian Sociology.

(2) **Aber Crombie L., 1958 :** Principles of Literary criticism, Vora & Co., Bombay.

(3) **Ackoff R. L., 1955 :** Design of Social Research, Chicago University Press, Chicago.

(4) **Alan Swinge Wood and Diana Laurenson, 1971 :** The Sociology of Literature, MacGibbon and Kee, London.

(5) **Albrecht Milton C, James H. Barnett and Mason Griff, 1982 (Ed.) :** The Sociology of Art and Literature : A Reader, Gerald Duckworth & Co. Ltd., (Second Edition), London.

(6) **Alex Inkeles, 1971 :** What is Sociology ?, Prentice - Hall of India, New Delhi.

(7) **Allen W., 1949 :** reading a Novel, Phonix House, London.

(8) **Allen W., 1954 :** The English Novel, Phonex House, London.

(9) **Alterkar A. S., 1938 :** The Position of Women In Hindu Civilization, The Culture Publication House, Banaras Hindu University, Banaras.

(10) **A. Lunacharsky, 1973 :** On Literature and Art, Progress Publishers, Moscow.

(11) **Anderson C. Arnold and Bowman Mary J. (Ed.), 1965 :** Education and Economic Development, Aldine, Chicago.

(12) **Augustine S. (Ed.), 1982 :** Indian Family In Transition, Vikas Publishing House, New Delhi.

(13) **Baker E. F., 1924 :** The History of the English Novels, Vol. - 1st, London.

(14) **Barnett James H. and Rhoda Greum, 1948 :** Recent American Divorce Novels : 1938-45 - A Study in Sociology of Literature, Social Forces, Vol. - 26.

(15) **Baur John J. H., 1951 :** Revolution and Tradition in Modern American Art, Harvard.

(16) **Bernard Myers S., 1957 :** Problems of the Younger American Artist, New York.

(17) **Bierstedt R. L. (Ed.), 1959 :** The Making of Society, The Modern Library, New York.

(18) **Bierstedt Robert, 1970 :** The Social order, Tata Macgraw Hill.

(19) **Biswas Diptikumar, 1974 :** Sociology of Major Bengali Novels, The Academic Press, Haryana.

(20) **Bogardus Emory S., 1952 :** Social Distance In Poetry : Sociology and Social Research, Vol. - 36.

(21) **Bogardus Emory S., 1954 :** Sociology, MacMillan Co., New York.

(22) **Bogardus Emory S., 1964 :** The Development of Social Thought, Allied Pacific Pvt. Ltd., Bombay. (Indian Edition)

(23) **Bonald Louis De, 1796 :** Literature as Expression of Society, Paris.

(24) **Caton A. R., 1930 :** Key of Progress : A Surveys of The Status and Conditions of Women In India, Oxford University Press, London.

(25) **Chattopadhyaya Kamladevi, 1939 :** The Awakening of Indian Women, Everyman's Press, Madras.

(26) **Chekki D. A., 1974 :** Modernization and Social Change - The Family and Kin Network In Urban India, In George Kurian (Ed.), Family In India, A

regional view, Mouton, Hague.

(27) **Claire Selltiz and others, 1960 :** Research Methods In Social Relations, Henry Holt.

(28) **Clark T. W., 1970 :** Novel In India : It's Birth and Development, London.

(29) **Cooley C. H., 1902 :** Human Nature and the Social Order, New York.

(30) **David Daiches, 1959 :** Critical Approach to Literature, Longman's Green and Co., London.

(31) **David L. Sills, 1968 :** International Encyclopaedia of the Social Sciences, Vol. - 9, MacMillan company and Free Press.

(32) **Dayaram Gidumal, 1889 :** Status of Women In India, Navajivan Publishing House, Ahmedabad.

(33) **Denis Stuart, 1936 :** Modern French Literature, London.

(34) **Desai I. P., 1965 :** Some Aspects of Family In Mahuva, Asia Publishing House, Bombay.

(35) **Desai Neera A., 1957 :** Women In Modern India, M. K. Vora Private Ltd., Bombay.

(36) **Desai Neera and Patel Vibhuti, 1985 :** Indian Women : Change and Challenge in the International Decade (1975 - 1985), Popular Prakashan, Bombay.

(37) **Desai Neear and Maithreyi Krishnaraj, 1987 :** Women and Society In India, Ajanta Publications, New Delhi.

(38) **Despande S. R., 1953 :** Economic and Social Status of Women Workers In India, Ministry of Labour, New Delhi.

(39) **Devis Kingsley, 1965 :** Human Society, The MacMillan Company, New York.

(40) **Diana Laurenson, 1971 :** The Writer and Society, In the Sociology of Literature, MacGibben and Kee, London.

(41) **Dinkel Robert M., 1947 :** The Influence of Child Development, Sociology and social Research, Vol. - 31.

(42) **Don Martindale, 1960 :** Nature and Types of Sociological Theory.

(43) **Dongerkerry S. R., 1946 :** Education of Women In Modern India, Aundh Publishing Trust, Aundh.

(44) **Downer Alan S., 1951 :** Fifty years of American Drama, Chicago.

(45) **Dube Leela, 1974 :** Sociology of Kinship : An Analytical Survey of Literature, Popular Prakashan, Bombay.

(46) **Duncan H. D., 1953 :** Language and Literature In Society, University of Chicago Press, Chicago.

(47) **Earnest Pick, 1971 :** Translator's Note, In Sociology of Literature, Robert Escarpit Frank Cass and Co. Ltd.

(48) **Edmund Wilson, 1952 :** The Triple Thinkers, London.

(49) **Edwin R. A. Seligman (Ed.) :** encyclopaedia of Social Sciences, Vol. 12, MacMillan Company and Free Press.

(50) **Elizabeth and Tom Burns, 1973 :** Sociology of Literature and Drama, Penguin Books Ltd., U.S.A.

(51) **Emile Durkheim, 1969 :** The Rules of Sociological Method, The Free Press, New York.

(52) **Epstein Cynthia F., 1971 :** Woman's Place : Options an Limits In Professional Careers, The University of California Press, Perkeley.

(53) **Escarpit Robert, 1958 :** Sociology of Literature, Frank Cass & Co. Ltd.

(54) **Escarpit Robert, 1971 :** Sociology and Literature, Frank Cass and Co. Ltd.

(55) **Everett Jana, 1979 :** Women and Social Change In India, Heritage Publishers, New Delhi.

(56) **Fairchild H. P. :** Dictionary of Sociology, Vision Press Ltd., London, MCMLV III.

(57) **Fletcher Ronald, 1971 :** The Making of Sociology.

(58) **Fogarty Michael P., Rhona Rapoport and Robert N. Rapoport, 1971 :** Sex, Career and Family, T. And A. Constable, Edinburgh.

(59) **Fox Ralph, 1964 :** The Novel and The People, Foreign Language Publishing House, Moscow.

(60) **Fraser G. S., 1964 :** The Modern Writer and His World, London.

(61) **Gandhi M. K., 1942 :** Women and Social Injustice, Navajivan Publishing House, Ahmedabad.

(62) **George A. Theodorson and Achilles G. Theodorson :** A Modern Dictionary of Sociology, Barnes and Noble Books, A Division of Harper and Row Publishers, New York.

(63) **Gittler Joseph B., 1957 :** Review of Sociology, New York.

(64) **G. Lukacs, 1962 :** The Historical Novel, Merlin Press, London.

(65) **Goode and Hatt, 1952 :** Methods in social Research, McGraw Hill Book Co., Tokyo.

(66) **Goode Willam J., 1963 :** World Revolution and Family Patterns, Free Press, New York.

(67) **Gopal M. S., 1964 :** An Introduction to Research Procedure, Asian Publishing House, Bombay.

(68) **Gore M. S., 1969 :** Urbanisation and Family Change, Popular Prakashan, Bombay.

(69) **Gupta Giri Raj, 1976 :** (Ed.), Family and Social Change In Modern India, (Main Currents In Indian Sociology - II), Vikas Publishing House Pvt. Ltd., New Delhi.

(70) **Guyau Jean Marie, 1926 :** Art From the Point of View of Sociology, Paris.

(71) **Gupta V. D., 1980 :** Rural Sociology : In the Context of Literature, Sita Publicatins, Hathras.

(72) **Gupta, Vishwambhar Dayal, 1982 :** Sociology of Literature, Sita Publications, Hathras.

(73) **Gupta Vishwambhar Dayal, 1983 :** Objective Analysis of Literature, Sita Publications, Hathras.

(74) **Ghurye G. S., 1961 :** Caste, Class and Occupation, Popular Book Depot, Bombay.

(75) **Hall Oswald, 1964 :** Gender and the Division of Labour, In Implications of Traditional Divisions Between Men's Work and Women's Work, The Women's Bureau, Department of Labour, 12 March, Ottawa.

(76) **Harcourt Brace, 1948 :** The foundation of Literary Judgement, New York.

(77) **Harry Levin, 1966 :** Towards a Sociology of the Novel, New York.

(78) **Harry Levin, 1973 :** Literature as an Institution, In Sociology of Literature and Drama, (Ed.), Elizabeth and Tom Burns, Penguin Books Ltd., England.

(79) **Hate Chandrakala A., 1948 :** The Hindu Woman and Her Future, P.F. Dinshaw, Bombay.

(80) **Hate Chandrakala A., 1969 :** Changing Status of Women in Post - Independence India, Allied Publishers, Bombay.

(81) **Hoffman Frederick J., 1951 :** The Modern Novel In America (1900 - 1950), Chicago.

(82) **Hoggart Richard, 1966 :** Literature and Society, American Scholar.

(83) **Huaco George A., 1965 :** The Sociology of Film Art, Basic Book's, New York.

(84) **Hudson W. H., 1958 :** An Introduction to the Study of Literature, George

G. Harper and Co. Ltd., London.

(85) **Indra M. A., 1940 :** The Status of Women In India, Minerva Book Shop, Lahore.

(86) **Jain Devika, 1975 :** Indian Women, Government of India, New Delhi.

(87) **Jain Devaki and Bannerjee Nirmala, 1985 :** (Ed.), Women In Poverty : The Tyranny of the House Hold, Vikas Publicatins, New Delhi.

(88) **James Scott R. A., 1962 :** The Making of Literature, Seeker and Wartburg, London.

(89) **Johnson Harry M., 1963 :** Sociology : A Systematic Introduction, Roufledge and Kegar Paul Ltd., London.

(90) **Johnson Harry M., 1966 :** Sociology, Allied Publishers Pvt. Ltd, Bombay.

(91) **Jones, 1975 :** Basic Sociological Principles, Inington Publishers Inc., New York.

(92) **Joshi Rama J., 1972 :** Contemporary Changes In The Socio-economic Role of Women In India - Its Impact on Family Life, In K. Bhasin The Position of Women In India, Leslie Sawbury Programme of Training For Democracy, Bombay.

(93) **Kannan C. T., 1963 :** Intercaste and Intercommunity Marriage In India, Bombay.

(94) **Kapadia K. M., 1966 :** Marriage and Family In India, 3rd Ediction, Oxford Unviersity Press, Bombay.

(95) **Kapur Promilla, 1970 :** Marriage and the Working Women In India, Vikas Publishing House, New Delhi.

(96) **Kapur Promilla, 1974 :** The Changing Status of The Working Woman In India, Vikas Publishing House, New Delhi.

(97) **Karve Irawati, 1965 :** Kinship Organization In India, Asia Publishing House, Second revised Edition, Bombay.

(98) **Kenneth Clark, 1970 :** Art and Society, in the Sociology of Art and Literature, M. C. Albrecht and others, (Ed.), Gerald Duck Worth and Co. Ltd., London.

(99) **Kolenda Pauline M., 1968 :** Region, Caste and Family Structure : A comparative Study of the Indian Society, In Milton Singer and Bernard S. Cohen (Eds.), Structure and Change In Indian Society, Aldine Publishing Company, Chicago.

(100) **Lane Cooper, 1940 :** Methods and Aims In the Study of Literature, Cornell University Press, New York.

(101) **Lewis Coser, 1902 :** (Ed.), Sociology Through Literature, Prentice Hall, London.

(102) **Lewis Coser, 1971 :** Masters of Sociological Thought, London.

(103) **L. Goldman, 1975 :** Towards a Sociology of the Novel, Tavistock Publications, London.

(104) **Lowenthal Leo, 1957 :** Literature and the Image of Man, Boston.

(105) **Lucien Gold mann, 1970 :** The Sociology of Literature : Status and Problems of Method ; in the Sociology of Art and Literature (ed.) by Albrecht M. C., and others, Gerald Duck Worth and Company Ltd., London.

(106) **Lundberg G. A., 1951 :** Social Research, Longman's, Green and Co., New York.

(107) **Madan T. N., 1976 :** The Hindu Woman At Home, In B. R. Nanda, Indian Women : From Purdah to Modernity, Vikas Publishing House, New Delhi.

(108) **Mair G. H. and Ward A. C., 1960 :** Modern English Literature, Oxford University Press, London.

(109) **Maithreyi Krishna Raj, 1986 :** Women's Studies In India : Some Perspectives, Ajanta Publication, New Delhi.

(110) **Malvin Vincent, 1946 :** Fiction Merriors, The War, Sociology and Social Research, Vol. - 30.

(111) **Marx and Engels, 1902 :** The Communist Manifesto, Kerr, Chicago.

(112) **Marx and Engels, 1956 :** Literature and Art, Current Book House, Bombay.

(113) **Max Weber, 1949 :** The Methodology of the Social Sciences, Free Press, Glencoe.

(114) **Mehta Rama, 1970 :** The Western Educated Hindu Women, Bombay.

(115) **Mehta Sushila, 1968 :** Revolution and Status of Women In India, Pub. B. V. Gupta Metropolitan Book Co., Netaji Subhas Marg, New Delhi.

(116) **Merton Robert K., 1965 :** Sociology Today : Problems and Prospects, Vol. - 1, New York.

(117) **M. Jahoda, S. W. Cook and Others, 1966 :** Research Methods in Social Relations, Methuen and Co. Ltd., New Fetter Lane, E.C. 4.

(118) **M. Richard and C. F. Richard, 1941 :** Some Aspects of a Theory of Social problems, American Sociological Review.

(119) **Mozer and Kalton, 1971 :** Survey Methods In Social Investigation, Heine Mann Education Book Ltd., London.

(120) **Mukerji D. P., 1958 :** Sociology of Indian Literature : In Diversities, Peoples Publishing House, New Delhi.

(121) **Mukerji D. P., 1979 :** Sociology of Indian Culture, (2nd Ed.), Rawat Publishers, Jaipur.

(122) **Mukerji Radhakamal, 1951 :** The Social Function of Art, Hind Kitab Ltd, Bombay.

(123) **Myrdal Alva and Kleinviola, 1957 :** Woman's Two Roles, Home and Work.

(124) **Nadel S. F., 1957 :** The Theory of Social Structure, London.

(125) **Nanda B. R., 1976 :** Indian Women : From Purdah to Modernity, Vikas Publishing House, New Delhi.

(126) **Ogburn and Nimkoff, 1960 :** A Hand Book of Sociology, Routledge and Kegan Paul Ltd., London.

(127) **Parsons Talcott and Robert F. Bales, 1955 :** Family, Socialization and the Interaction Process, The Free Press, Glencoe.

(128) **Parsons Talcott, 1961 :** Theories of Society : Foundations of Modern Sociological Theory, The Free Press, New York.

(129) **Parsons Talcott, 1964 :** The Social System, Routledge and Kegan Paul Ltd., London.

(130) **Parsons Talcott, 1968 :** The Structure of Social Action, Free Press, New York.

(131) **Parsons Talcott, 1971 :** The System of Modern Societies, Prentice Hall, Engle wood Cliffs, New Jersee.

(132) **Patel Tara and Vimal Shah, 1969 :** Family In India, In Jeffery K. Hadden and Marie I. Borgatta (Eds.), Marriage and The Family, F. E. Peacock Publishers, Itaska, Illionois.

(133) **Pitrim Sorokin, 1937 :** Social and Cultural Dynamics, Vol. - II, American Book Co., New York.

(134) **Pitrim Sorokin, 1948 :** Society, Culture and Personality, Harper and Bros. New York.

(135) **Pitrim Sorokin, 1963 :** Sociological Theory, Values and Sociocultural Change : Essays, Edited by Edward A. Tiryakin, The Free Press of MacMillan Ltd., London.

(136) **Plekhanov George V., 1899 :** 1953, Art and Social Life, London : Lawrence and Wishart - A Collectin of Plekhanov's Principal Writings

on art and Society, First Published in Russian.

(137) **Prabhu P. H., 1954 :** Hindus Social Organization, Popular Prakashan, Bombay.

(138) **Rao V. V. Prakasa and Rao V. Nandini, 1982 :** Marriage, the Family and Women In India, Heritage Publishers, New Delhi.

(139) **Redman L. V. and A. V. H. Mory, 1932 :** The Romance of Research.

(140) **Reed Evelyn, 1976 :** Women's Evolution, Path Finder Press, New York.

(141) **Renewellek and A. Warren, 1970 :** Theory of Literature, London.

(142) **Richard W. Budd, Robert K. Thorp and Lewis Donohew, 1967 :** Content Analysis of Communications, MacMillan, New York.

(143) **Ross Aileen D., 1961 :** The Hindu Family In Its Urban Setting, University of Toronto Press, Toronto.

(144) **Sachchidananda and Ramesh Sinha, 1984 :** Women's Rights : Myth and Reality, Printwell Publishers, Jaipur.

(145) **Sangeetha Purshothaman, 1998 :** The Empowerment of Women In India : Grass Roots Women's Network and the state, Sage Publication, New Delhi.

(146) **Sartre Jean Paul, 1948 :** What is Literature ?, New York : Philosophical Library, First Published in French.

(147) **Savostyanov E. I., 1980 :** The Theory of Reflection and the Arts : Marxist Lenninist Aesthetics and Arts, Progress Publishers, Moscow.

(148) **Schucking Levin L., 1950 :** The Sociology of Literary Taste, Routledge and Kegan Paul Ltd., London.

(149) **Scott Wilbour, 1962 :** Five Approaches of Literary Criticism, New York.

(150) **Seligman Edwin R. A. and Johnson Alvin (Ed.), 1957 :** Selections from the Encyclopaedia of Social Sciences, MacMillan Co. Ltd., London.

(151) **Sen Gupta Padmini, 1960 :** Women Workers of India, Asia Publishing House, Bombay.

(152) **Shah A. M., 1974 :** The House hold Dimension of the Family In India, University of California Press, Berkeley.

(153) **Sharma Kumud, 1984 :** Women In Focus, Sangam Books, Hyderabad.

(154) **Singer M., 1971 :** Modernization or Traditionalization ?, Contributions to Indian Sociology : New Series (V), December.

(155) **Singh Yogendra, 1973 :** Modernization of Indian Tradition, Thomson Press (India) Ltd., Publication Division, Faridabad.

(156) **Slesinger Donald and Mary Stephenson, 1934 :** Encyclopaedia of Social Science, The MacMillan Company.

(157) **Spearman D., 1966 :** The Novel and Society, London.

(158) **Srinivas M. N., 1966 :** Social Change In Modern India, University of California Press, Berkeley.

(159) **Srinivas M. N., 1969 :** Principles of Hindu Low, (4th Edn.), in 3 Vols., Malik Et. al. Law Publishers, Allahabad.

(160) **Srinivas M. N., 1978 :** The Changing position of Indian Women, Oxford University Press, Bombay.

(161) **Sweter A. C., 1935 :** The Possibilities of a Sociology of Art, Social Review, Vol. - 27.

(162) **Taine Hippolyte, 1886 :** History of English Literature, Vol. - I, Henry Holt, New York.

(163) **Thomas Ford Hoult, 1977 :** Dictionary of Modern Sociology, A Little Field, Adams and Co., Totowa, New Jersey.

(164) **Thomas Munro, 1949 :** The Art and their Inter relations, New York.

(165) **Thomas Paul, 1939 :** Women and Marriage In India, George Allen and Unwin, London.

(166) **Thomas Paul, 1964 :** Indian Women Through The Ages, Asia Publishing House, Bombay.

(167) **Thoothi N. A., 1935 :** Methods of Social Research, Popular Prakashan, Bombay.

(168) **Unnithan T. K. N., Dev Indra and Singh Yogendra (Ed.), 1955 :** Towards a Sociology of Culture In India; An Essay of Egon E. Bergel Entitled, Prologomena to a Sociology of Art ; Prentice Hall of India Pvt. Ltd., New Delhi.

(169) **Watson George, 1961 :** The Study of Literature, London.

(170) **Watt Ian, 1963 :** The Rise of the Novel.

(171) **Wester Marck** : A Short History of Marriage.

(172) **Wilson Robert N., 1964 :** The Arts In Society, New York.

(173) **Wright James, 1959 :** Quoted by R. Wellek, A History of Modern Criticism, Jonathan Cape, London.

(174) **YMCA OF INDIA, 1971 :** The Educated Woman In Indian Society Today, Tata MacGraw-Hill Publishing Co., New Delhi.

(175) **Young and Mack, 1959 :** Sociology and Social life, American Book Company, New York.

(176) **Young and Mack, 1972 :** Systematic Sociology, Affiliated East - West Press Pvt. Ltd., New Delhi.

# પરિશિષ્ટ – ૨

# પરિશિષ્ટ – ૨


## ι REPORTS

(1) Towards Equality, Committee on the status of Women In India, **ICSSR Report**, New Delhi, 1972.

(2) **Govt. Of India, 1975 :** Report of the Committee on the Status of Women In India, Ministry of Education and Social Welfare, New Delhi.

(3) **Govt. Of India, 1985 :** Towards Equality : Report of the Committee on the Status of Women In India, New Delhi.

(૪) **ત્રિવેદી વિષ્ણુપ્રસાદ, ૧૯૬૧ :** કલકત્તા અધિવેશનનો હેવાલ, ગુજરાતી સાહિત્ય પરિષદ.

## ι પીએચ. ડી. નિબંધો :

(1) **Bhagvat S. R., 1940 :** Problems of Women's Education In India, Ph.D. Dissertation, Poona University, Poona.

(૨) **ઠાકર દક્ષા, ૧૯૮૬ :** શ્રી શરદબાબુની નવલકથાઓમાં સ્ત્રીઓનું સામાજિક સ્થાન, (પીએચ.ડી. મહાનિબંધ), ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૩) **ત્રિવેદી નયના, ૧૯૯૮ :** ચંદ્રકાંત બક્ષીની નવલિકાઓ અને નવલકથાઓમાં સ્ત્રી પાત્રો – એક સમાજશાસ્ત્રીય અધ્યયન, (પીએચ.ડી. મહાનિબંધ), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

(૪) **પટેલ માણેકલાલ, ૧૯૭૬ :** ગુજરાતી નવલકથામાં લગ્ન અને કુટુંબ ક્ષેત્રના આલેખનો, (પીએચ.ડી. મહાનિબંધ), ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, પુસ્તક રૂપે પ્રકાશન, ૧૯૮૩, આર. આર. શેઠની કંપની, અમદાવાદ.

(૫) **મોઢા રેખા, ૧૯૯૫ :** શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથાઓમાં નારી પાત્રોનું નિરૂપણ – એક સમાજશાસ્ત્રીય સંશોધન, (પીએચ.ડી. મહાનિબંધ), ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

## l JOURNALS, ARTICLES AND PAPERS :

(1) **Albrecht Milton C., 1953 :** The Relationship of Literature and Society, American Journal of Sociology, Vol. - 59.

(2) **Conklin George H., 1974 :** The Extended Family as an Independent Factor in Social Change : A Case From India, Journal of Marriage and the Family, Vol. - 36, (November), 798 - 804.

(3) **Conklin George H., 1976 :** The House Hold In Urban India, Journal of Marriage and the family, Vol. - 38, (November), 771 - 779.

(4) **Cousins Albert N., 1961 :** The Sociology of War Novel, Indian Journal of Social Research, July.

(5) **Forster P. G. and Kenneford Celia, 1973 :** Sociological Theory and Sociology of Literature, British Journal of Sociology, Vol XXIV, No. - 9, September.

(6) **Garza Joseph and Nandini Rao, 1972 :** Attitudes Towards Employment and Employment Status of Mothers in Hyderabad, India, Journal of Marriage and the Family, Vol. - 34, (February), 153 - 155.

(7) **Horoszowski P., 1971 :** Woman's status In Socialistic and Capitalistic Countries, International Journal Of Sociology of the Family, 2 September, 160 - 180.

(8) **Inglis Ruth, 1938 :** An objective approach to the Relatinships between Fiction and Society, American Sociological Review - 3 : 4.

(9) **Jacobson Doranne, 1976 :** Indian Women In Process of Development, Journal of Internatinal Affairs, 3 : 211 - 242.

(10) **Jones Connie A., 1980 :** Observations on the current status of women in India, International Journal of Women's Studies, 3 (January - February), 1 - 17.

(11) **Kapadia K. M., 1959 :** The Family In Transition, Sociological Bulletin, 9, (September).

(12) **Karve Irvati, 1975 :** The Indian Women In 1976, Indian Journal of Public Administration, 12 : 120 - 130.

(13) **Mahajan Amarjit, 1966 :** Women's Two Roles : A Study of Role Conflict, Indian Journal of Social Work, 26 (January) : 377 - 380.

(14) **Mandlekar B. R., 1970 :** Liability of a Hindu Husband For Maintenance of His wife, A. I. R. Journal, 115.

(15) **Moore K. D., 1971 :** Married - Women Their Attitude to Work, Personnel Practice Bulletin, 17 (March), 68 - 74.

(16) **Nye F. Ivan, 1958 :** Employment Status and recreational behavior of Mothers, Pacific Sociological Review I (Fall) : 69 - 72.

(17) **Ramadevi B., 1963 :** Indian Woman and Her Attitude To Traditional Values, Journal of Psychological Researches, 7 : 72 - 78.

(18) **Ranade S. N. and P. Ramachandran, 1970 :** Women and Employment, Tata Institute of Social Sciences, Series No. - 20, Bombay.

(19) **Rao V. Nandini and V. V. Prakasa Rao, 1973 :** An Analysis of the Employed Mother In India, International Journal of Sociology of the Family, 3 (September) : 169 - 178.

(20) **Roucek J. S., 1961 :** The Sociology of Literature, Indian Journal of Social Research, Vol. - II, No - 2, July.

(21) **Singh K. P., 1975 :** Career and Family Women's Two Roles, Indian Journal of Social Work, 36 (1975) : 217 - 281.

(22) **Tripathi H. J., 1967 :** Changing Attitudes of Woman in Post - Independent India, Journal of Gujarat Research Society, 19 (April) : 92 - 97.

(23) **Weller Robert H., 1968 :** The Employment of wives, dominance and Fertility, Journal of Marriage and the Family, 30 (August) : 437 - 446.

## l NATIONAL AND INTERNATIONAL CONFERENCES & PAPERS :

(1) **All India Women's Conference, 1946 :** Education of Women In Modern India, Aundh Publishing Trust, Aundh.

(2) **Haskar Nandita, 1984 :** Dominance, Suppression and the Law, A paper Presented at the Second National Conference on Women Studies.

(3) **Phadke S., 1967 :** Special Problems of the Education of Women, In M. S. Gore, I. P. Desai and S. Chitnis, (Eds.), Papers on the Sociology of Education In India, P. P. 173 - 94, National Council of Educational Research and Training, New Delhi.

(4) **Wadley Susan B., 1976 :** Women's Lib and Hinduism : Never the Twain Shall Meet ?, Paper Presented at the New York State Asian Studies Conference, Albany, New York.

## l MAGAZINES AND NEWS PAPERS : ARTICLES :

(1) **Economic and Political Weekly, 1994 :** Gender and Structural Adjustment : Vol. - 29, No. - 18, April, 30.

(2) **John Mary, 1996 :** Gender and Development In India, 1970s - 1990s, Some Feflectins on the Constitutive Role of Contexts, Economic and Political Weekly, November, 23.

(3) **Nath K., 1970 :** Female Work Participation and Economic Development, Economic and Political Weekly, 5 (May) : 1 - 4.

(4) **Ward L. P., 1902 :** Sociology is a science of society, Popular Science, Monthly, June.

(5) **Yadav Rajendra, 1971 :** Social Change and Indian Fiction, The Hindustan Times, Weekly, August.

## ૨ ગુજરાતી સામયિકો :

(૧) **"નારીમુક્તિ" :** સાહિત્ય વિશેષાંક, અંક – ૧૫–૧૬, (તંત્રી : ડો. નીરાદેસાઈ, સોનલ શુકલ, વિભૂતિ પટેલ)

(૨) **"પરબ", ૧૯૮૩ :** અંક – ૨ – ૩, વિભાગ – ૩ ના લેખો....

– પાઠક ઈલા, અર્વાચીન સાહિત્યમાં સ્ત્રી : નવકલથામાં

– મહેતા ઈલા આરબ : અર્વાચીન સાહિત્યમાં સ્ત્રી : નવલિકામાં

(૩) **"પરબ", "નારીવાદ વિશેષાંક", જૂલાઈ, ૧૯૯૦ :** અંક – ૭ (સંપાદક ડો. ચંદ્રકાંત ટોપીવાલા) તેમાં લેખો......

– પાઠક ઈલા : નારીવાદી સાહિત્ય અને સાત્યિમાં નારી.

– મહેતા જયા : મધ્યકાળથી આધુનિક કાળ સુધી ગુજરાતી સાહિત્યમાં બદલાતું આવતું નારી નિરૂપણ.

(૪) **"પરબ"**, જ્ઞાન સત્ર વિશેષાંક, ફેબ્રુઆરી, ૧૯૯૯, (સંપાદક : રમેશ ર. દવે), (નવલકથા – ૧૯૯૬–૯૭, ભરત મહેતા)

(૫) **ફાર્બસ ત્રૈમાસિક :** ઓકટોબર – ડિસેમ્બર, ૧૯૯૬, ("સંકુલ વેદના વિશ્વમાં સળગતાં નારીરૂપો" – જગદીશ ગૂર્જર)

(૬) **"શબ્દ સૃષ્ટિ" :** ઓગષ્ટ – સપ્ટેમ્બર, ૧૯૯૮, ("સ્વાતંત્ર્ય સુવર્ણ જયંતિ વિશેષાંક", સંપાદક – હર્ષદ ત્રિવેદી)

(૭) **"શબ્દ સૃષ્ટિ" :** ઓકટોબર, ૧૯૯૮, ("ગુજરાતી નવલકથામાં નારી સંવેદના", રવીન્દ્ર પારેખ)

(૮) **"શબ્દ સૃષ્ટિ" :** નવેમ્બર – ડિસેમ્બર, ૨૦૦૨, અંક – ૧૧–૧૨, સંપાદક – હર્ષદ ત્રિવેદી.